


ઘોડાની માવજત.

ઘોડાનાં દુઃખ દરદમાં અથવા ડાકટરની ગેરહાજરીમાં તેની સારવાર કરવાની રીત દેખાડનારૂં પુસ્તક.

રચનાર તથાં પ્રગટ કરનાર,

અરજોરજી સનતોકજી સનતોક.

મુંબઈ:

કયસરે હિન્દ સ્તીમ પ્રેસમાં છાપ્યું છે.

૧૮૮૮

પાલીતાણાના રાજકુંવર

શ્રી સામતસીંગજી સુરસીંગજી

જેવણે ઘોડાના સોખીન હોવા સાથ સનતોકજીનાં કુટુંબ તરફ

હમેશાં દીલસોજી અને મેહેરબાંની બતાવતા રહયા છે

તેવણને માન અને મોહોબતની નીશાની તરીકે

આ પુસ્તક

કર્તાએ અરપણ કર્યું છે.

૩૬૨૭

પ્ર સ્તા વ ના.

અમારા બેહેસ્તનશીન પીતાજી શેઠ સનતોકજી સોરાબજી દાદીસનતોકને જેઓ પીછાનતા હશે તેઓ કહી શકશે કે તેવણ પારસીઓમાં પોતાના વખતમાં એકલાજ ઘોડાની દવા કરનાર, તે સાથે એક ઘોડાના વેપારી અને અગત પડે ત્યારે ઘોડાના શરીર પર વાહાડકાપ કરી તેને સાજા કરનાર ઘોડાના ડાકટર અને શસ્ત્રવૈદ યાને વેતેરીનરી સરજીઅન તરીકે મુંબઈમાં વખાણાયલા હતા.

દાદી સનતોકનો અરબી ઘોડાઓ વેચવાનો તબેલો મુંબઈમાંજ નહી પણ આખાં હીંદુસ્તાનમાં તેવા તબેલાઓમાં સૌથી પુરાનો, મોભાવાલો અને પ્રખ્યાત હતો.

બ્રીટીશ હીંદુસ્તાનની સરકારને જયારે જયારે પણ લશ્કરને માટે અરબી ઘોડા જોઈતા હતા ત્યારે ઊંચી પદવીના લશ્કરી અમલદારોની મારફતે દાદી સનતોકના તબેલામાંથીજ તે ઘોડા ખરીદતી હતી. એ તબેલાના આગલા માલેકો જેઓ અમારા સનતોક ખાનદાનના વડીલો હતા, તેઓ ઉપર સરકારી અમલદારોનો એટલો બધો તો વીશ્વાસ હતો, કે જયારે તેઓના તબેલામાં ખરીદવા લાયક સઘલા ઘોડા સરકારને માટે સામટા ખરીદી લેવા પછી તે કરતાં વધુ સંખ્યાના ઘોડા ખરીદવાની અગત પડતી, ત્યારે તે પણ સનતોકના તબેલાના માલેકોની મારફતેજ બીજા તબેલાઓમાંથી પસંદ કરી ખરીદવામાં આવતા હતા. સીવીલ્યનો અને બીજા મોભાવાલા અમલદારો તેમજ યુરોપ્યન અને દેશી ઓધેદારો અને વેપારીઓ તેમજ હીંદી રાજા, અમીર અને ઉમરાવો એ તબેલામાંથીજ ઘોડા ખરીદવાને વધારે પસંદ કરતા હતા. કેટલાક સાહેબોનું એ તબેલાની સારી આંત અને ચોખા કારોબાર વીશે એટલું બધું ઊંચું મત હતું, કે તેઓ વરસો વરસ એ તબેલાના માલેકો ઉપર દુર દેશાવર ખાતેથી નાણ આગમજથી મોકલી આપતા હતા અને પોતાને લાયકના ઘોડા પસંદ કરી મોકલવાની મુનસફી અને કુલે અખત્યાર તે તબેલાના માલેકોનેજ સોંપતા હતા. હાલનો 'દીનશા સનતોક' ને નામે ચાલતો તબેલો જયારે સ્થાપવામાં આવ્યો ત્યારથી તે પોતાની જીંદગીના છેડા સુધી અમારા પીતાજી સનતોકજી તેમાં એક ભાગ્યા તરીકે જોડાયલા હતા. આ તબેલો પણ પોતાની સારી આંતથી લોકોમાં જાણીતો થયલો છે.

મુંબઈમાં વસી ગયલા કેટલાક ઈંગ્રેજ અમલદારોએ ઘોડાની દવા અને વાહાડકાપ વગેરે ઘોડાને લગતી બાબદોનાં પુસ્તકો રચ્યાં છે, જેમાં ઘોડાની દવા અને મલમ-

પતાને લગતા કેટલાક **અકસીર અરબી** નુસખાઓ અમારા વડીલો પાસેથી મેલવેલા છે.

અમારા વડીલો ઘોડાના ધંધાને લીધે વઉશપરંપરા થોડા યા ઘણા, ઘોડાના શરીરની વિદ્યા અને તેની દવા વગેરે બાબદોમાં માહેતગાર હતા. એવી કીસમનો અનુભવ અને માહીતગારી ધરાવનાર પીતાથી અમારા પીતા સનતોકજીએ ઘોડાની દવાની તાલીમ લીધી હતી. અનુભવ, અજમાએશ અને ખંતીપણાએ તે અભ્યાસને આગલ વધારી ઉપ્યોગમાં આવતો અને ભરોસો રાખવા લાયક બનાવ્યો હતો. આ હકીકત ખાસ ભાર મુકીને યાદ આપવાનો સબબ એટલોજ છે કે વાંચનાર સાહેબો જાણે, કે આ પુસ્તક કેટલું ભરોસો રાખવા લાયક છે.

માણસ જાતને સંસારમાં ઉપ્યોગી થઈ પડતાં પ્રાણીઓમાં **ઘોડો** એક ચહડતા વર્ગનું અને ઊંચી કીસમનું પ્રાણી છે. જોર અને હીંમત સાથ જોડાયલાં મોટાં મનને માટે જેમ જંગલી હેવાનોમાં **સીંહ** રાજા ગણાય છે; ખુદરતી પોશાગની જલેહ અને દબદબા સાથે જોડાયલા તોર અને બાદશાહી મરોર માટે **મોર** જેમ પંખેરાંનો રાજા ગણાય છે; તેમ સંસાર ઉપ્યોગી પ્રાણીમાં ઉપ્યોગ અને ઉદયોગ સાથે જોડાયલા દબદબા ભરયા દેખાવ અને ચાલાકી તેમજ તારીફ લાયક બહાદુરી અને વફાદારી માટે **ઘોડો** બુલંદ દરજ્જેનો **બાદશાહ** ગણાય છે. એવા એક ઉપ્યોગી, સદગુણી, દલેર, દબદબા-વાલા, ધર્મ અને તવારીખે જાબજા વખાંણેલા બાદશાહી દરજ્જેના **ગાજી મરદને** પોતાની માલેકીમાં રાખવા પછી, એવો કોણ નાકદર હશે કે જે તેને પોતાનાં બચ્ચાં મીસાલ ગણી ખરા દીલના પ્યાર, જતન, માવજત, અને મમતાથી તેને રાખવાને ખુશી નહી થાય ?

ઘોડાના માલેક માટે ઘોડાને લગતી એવી ઘણીક બાબદો છે, કે જેનું ફકત ઉપર તપકેનું જ્ઞાન વતીક અતી ઉપ્યોગી અને કીમતી થઈ પડે.

ચોકસ ઘોડાના શરીરનો બાંધા અને સ્વભાવની ખાસીએતોમાં શું શું ખુબી અને ખામી છે, તેની ઉમર કેટલી છે, તે સેહેજ તપાસમાં જાણી લેવું હોય; ઘોડો ખરીદવા પછી તેની માવજત કેમ કરવી, ચોકસ દરદો યા ખોડ ખાંપણ ઉત્પન કરે એવાં કારણોથી તેને કેવી સંભાલથી દુર રાખવો, તેની ખુબીઓ કેમ વધારવી અને ખામીઓ કેમ સુધારવી, તેનાં દુઃખદરદો કેમ પારખવાં, અને કેવા ઉપાયોથી ટાલવાં, અને તેને કેમ રાખવો, તેમજ ડાકટરની દવા કરતા હોય તો તેના કહેવા ઉપર કેવી રીતે અમલ કરવો, તે સેહેલી અને સરલ એબારતમાં તેની જરૂર જોગી સમજ સાથ ગુજરાતીમાં સમજાવનાર પુસ્તક આ પહેલુંજ છે.

પ્રસ્તાવના.

ફુયસરે હિન્દના સહાસીક માલેક મી૦ ફરામજી કાવસજી મેહેતા કે જેવાણના પ્રસીધ છાપખાનામાં આ પુસ્તક અમોએ છપાવ્યું છે તે શેઠનો આ ટકે અમો આભાર માણુયે છીયે, કારણકે તેઓએ દર વખતે અમોને એ પુસ્તકમાં કીમતી સલાહ આપી છે.

આ પુસ્તક માટે અમારા પીતાજીએ ટાંકી અને નોધી રાખેલી બાબદો, ફકરાઓ અને દવાના અકસીર નુસખાઓનો ગુજરાતી ભાશામાં સરસ અને સેહેલી એબારતમાં તરજુમો કરી, ઘટતી રીતે ગોઠવી આપવા માટે અમોને મુખ્ય મદદ કરનાર તરીકે— ગ્રાંટ મેડીકલ કાલેજના આગલા એક વીદ્યારથી અને મુંબઇની વેટેરીનરી કાલેજના અભ્યાસી અને એક અનુંભવી જાહેર લખનાર મી૦ સોરાબજી કાવસજી ડાકટરનો ખાસ આભાર માનતાં અમોને સંતોશ ઉપજે છે. હાલના વખતની જાનવરી વૈદાંની સઉથી વખાણાયલી ચોપડીઓ, જેવી કેઃ—

William's Veterinary Medicine and Surgery, Capt. Horace Hayes' Notes for Horse-owners, Fitzwygram's Horses and Stables, Flemingon shoeing, Strangeway's Veterinary Anatomy, Griffins Aid-de-Camp, Miles' Practical Farriery, વગેરે ચોપડીઓમાંની સઉથી અગત્યની બાબદો તારી કહાડીને એ ભાઇએ એ ચોપડીને ભારે ઉપયોગી બનાવવાની કોશેશ કરી છે.

આ પુસ્તકમાં ઘોડાના વૈદક શાસ્ત્રની બાબદો ઘટતી રચના મુજબ રચાવાથી એમાં પ્રથમ સમજ આપવાને અરથે કેટલીક બાબદો એવી સમાવવી પડી છે, કે જે શરૂઆતથી એ પુસ્તક વાંચનારને કદાચ રસકસ વગરની અને તેટલા માટે કંટાલા ભરેલી લાગશે, કારણ એ કાંઈ કાહાની કીસાની વાર્તા નથી; પણ જો પોતાને પસંદ પડતી બાબદો ચુંટી કહાડી, અથવા ઘોડાની માવજત કરતાં વખતે વખત જે બાબદો જાણવાની અગત્ય પડે તે તે બાબદો સોધી કહાડી જો કોઇબી સાહેબો વાંચશે તો અમો ખાત્રીથી કહીયે છીયે કે તેઓને એ પુસ્તક ખરેખર ઉપયોગી, કીમતી અને જરૂકના ઉપયોગમાં લેવાને લાયકનું જાણાશે.

બરજોરજી સનતોકજી સનતોક.

સાંકલીયું.

શરીરના બાંધામાં આવતી જુદી જુદી ચીજો.

શ્વાસોશ્વાસના માર્ગનાં દરદો.

મહોડાંનાં દરદો.

ખોરાક પચાવનારા માર્ગનાં દરદો.

પીશાબના માર્ગનાં દરદો.

આંખનાં દરદો.

ભેજાંનાં અને જ્ઞાનતંતુનાં દરદો.

લંગડાપણું અને પગનાં દરદો.

ચામડીનાં દરદો.

હાડકાંઓનું ભાંગવું.

હવામાં ઉડતાં ચોકસ ઝેરી બીયાંઓના સબબથી તેમજ બદનમાં બીજી રીતે દાખલ થતાં રોગોનાં બીયાંથી બદનના જુદાજુદા ભાગોમાં લાગુ પડતાં દરદો.

કેટલાક એલાજો લાગુ પાડવાની રીત.

બાલભમરાની નીશાનીઓ.

ઘોડાની માવજત

ઘોડાનાં શરીરના જુદા જુદા ભાગોનાં નામ.

ઘોડાનાં શરીરના જુદા જુદા ભાગો ઘણીક રીતે થઈ શકે છે અને શરીર વિદ્યાના અભ્યાસીઓ પોતાની સવલતાને કાજે ઘોડાનાં શરીરને પુશકલ ભાગોમાં વહેંચી નાખે છે. પણ સાધારણ અભ્યાસને અરથે ઘોડાનાં શરીરના દરેક જુદા જુદા બારીક ભાગને જુદાં નામ આપવાની જરૂર જણાતી નથી. આપણે સાધારણ ઘોડાનાં શરીરને માત્ર વીશ જુદા જુદા ભાગોમાં વહેંચી નાખીશું.

૧—હોઠથી તે જડબાંના અને કાનના પાછલા ભાગ સુધીના મોઢાં અને માથાંવાલા ભાગને **ડાકું** કરીને કહે છે.

૨—કાનની પાછલના ભાગથી તે જ્યાં તેની યાલ પુરી થાય છે ત્યાં સુધી તેમજ જડબાંની પાછલના ભાગથી તે જ્યાં તેની ઘાંટી બદનમાં ઉતરી જતી માલમ પડે છે ત્યાં સુધીના ભાગને **ગરદન** કહે છે.

૩—ગરદન જ્યાં બદન ઉપર ગોઠવાયલી છે ત્યાંથી પાછલ જતાં જ્યાં પાંસલીઓ પુરી થાય છે ત્યાં સુધીના બદનના ભાગને **છાતી** કહે છે.

૪—પાંસલીઓ જ્યાં પુરી થાય છે ત્યાંથી તે પાછલા પગોની વચે ગોલીઓ જ્યાં ચહોંટેલી જણાય છે ત્યાં સુધીના ભાગને **પેટ** કહે છે.

૫—યાલ જ્યાં પુરી થવા આવે છે અને બરડાના કાંડાનો ચડાવ શરૂ થાય છે ત્યાંથી તે એ ચડાવ પાછો ઢલાણ લઈ જ્યાં પુરો થાય છે ત્યાં સુધીના ટેકડાવાલા ભાગને **ખુંધ** કહે છે.

૬—ખુંધ જ્યાં પુરી થાય છે ત્યાંથી તે પાછલ જે સહેજ ચઢાણ ફરી શરૂ થાય છે ત્યાં સુધીના બરડાના ભાગને **પીઠ**નાં નામથી ઓલખવામાં આવે છે.

૭—એ પીઠનો ભાગ પુરો થઈ જ્યાં પાછું સહેજ ચઢાણ શરૂ થાય છે ત્યાંથી તે કુલાંનાં હાડકાંની બન્ને બાજુ નીકલી આવેલી અણીઓ દેખાય છે ત્યાં સુધીના બરડાના ભાગને **કમર** કહે છે.

૮—કમર જયાં પુરી થાય છે ત્યાંથી તે પુછડી સુધીના બરડાના ભાગને તેમજ તેની બન્ને બાજુ ઢલતા માંસના લાથાવાલા ભાગને **જાંગના થાપા**નાં નામથી ઓલખવામાં આવે છે.

૯—જાંગના થાપાના પાછલા ભાગ ઉપર પુછડીની નીચેથી બન્ને બાજુ પર ઉપસી નીકલતા માંસના લાથાઓને **જાંગ** કહે છે.

૧૦—ખુંધની નીચેથી થોડેક આંગલને તફાવતેથી તે આગલા પગો જયાં બદનને જોડાઈ જતા માલમ પડે છે ત્યાં સુધીના ભરેલા માંસવાલા ભાગને **ખભાં** કહે છે.

૧૧—ખભાંના આગલા ભાગ ઉપર જે અણી નીકલેલી જણાય છે તેને ખભાંની **ઘુંટી**નાં નામથી ઓલખવામાં આવે છે.

૧૨—આગલા પગો જયાં બદનને જોડાતા માલમ પડે છે ત્યાં પાછલથી જે અણીઆલો હાડકાંનો ભાગ દેખાય છે તેને **કોણી** કહે છે.

૧૩—એ કોણીની નીચેથી તે આગલા પગનાં ઘુંટણ સુધીનો ભાગ કોણીથી પહોંચી સુધીના માણસના હાથને મલતો આવે છે તે ઉપરથી તેને **આગલો હાથ** કરીને કહેવામાં આવે છે.

૧૪—હવે માણસના આગલા હાથ પછી જે સાંધો આવે છે તેને પહોંચીનો સાંધો કહેવામાં આવે છે, પણ ઘોડાનો આગલો હાથ પુરો થતાં જે સાંધો આવે છે તેને **ઘુંટણ**નાં નામથી ઓલખવામાં આવે છે.

૧૫—એ ઘુંટણના સાંધા પછી આવતા નીચે નીકલી આવતી નહાની ઘુંટી સુધીના પાતલા ભાગને **આગલા પગનો નલાવાલો ભાગ** એ નામ આપણે આપીશું.

૧૬—નલાવાલા ભાગને નીચલે છેડે જે ગોલ ઘુંટી છે તેને આપણે **નહાની ઘુંટી**ના નામથી ઓલખીશું.

૧૭—એ નહાની ઘુંટીથી તે ખડી સુધીના ભાગને **પાંચખડ**ના નામથી ઓલખીશું.

૧૮—જાંગના થાપા તેમજ જાંગ એ બંન્ને ભાગ પુરા થઈ પાછલા પગનો જે ઉપલો ભાગ શરૂ થાય છે તે ભાગ પાછલા પગની નીકલી આવેલા મોટી ઘુંટી સુધી લંબાય છે. આ ભાગને આપણે પગનાં **ટેટાં**ના નામથી ઓલખીશું.

૧૯—ટેટાંની હેઠલ પગના સાંધામાંથી જે મોટું હાડકું પાછલ નીકલી આવેલું છે તેને આપણે **મોટી ઘુંટી**નું નામ આપીશું.

૨૦—એ મોટી ઘુંટીની નીચેથી શરૂ થઈ નહાની ઘુંટી સુધી લંબાતા પાછલા પગના પાતલા ભાગને **પાછલા પગનો નલાવાલો ભાગ** કહીશું. અને ત્યાર પછી **નહાની ઘુંટીના** અને **પાંચખડના** ભાગો આગલા પગની માફકજ આવે છે, જેની નીચે ખડી અથવા સુમવાલો ભાગ નજર આવે છે.

શરીરના બાંધામાં આવતી જુદી જુદી ચીજો.

શરીરના બાંધાને માટે જુદી જુદી ખાસીએતો ધરાવનારી ચીજોની જરૂર છે, જેઓમાં મુખ્ય નીચે પ્રમાણે છેઃ—લોહી, હાડકાં, માંસના લોચા, માંસના લોચાના તંતુઓ, હાડકાંઓને એકેક સંગાતે જોડનારા ચીકાશવાલા પટાઓ, હાડકાંઓની વચે આવતી નરમ ગાદીઓ.

લો હી.

લોહી શરીરમાં ઘણોજ અગત્યનો ભાગ બજાવે છે. તે જુદા જુદા ભાગોને પુષ્ટીકારક ખોરાક પુરો પાડે છે, જુદા જુદા ભાગોમાંથી પેદા થતી વીચીત્ર પેદાશો લોહીમાંથીજ બને છે, જુદા જુદા ભાગોએ રદ કીધેલી વસ્તુઓને બહાર કહાડવામાં પણ લોહીજ કામે લાગે છે અને બદનની ગરમી પણ લોહીના ફરવાથીજ સચવાએલી રહે છે.

સુક્ષ્મદર્શક યંત્રવડે લોહીને તપાસતાં તે મુખ્ય બે તત્વોનું બનેલું માલમ પડે છે. એક તત્વ પ્રવાહી છે અને બીજું દાણાદાર છે. પ્રવાહી તત્વમાં એક મુખ્ય ગુણ એ છે કે, લોહી ફરતું બંધ થતાંજ તે તત્વ ગોળના ચાસ માફક ચીવટ બંધાઈ જાય છે. દાણાદાર તત્વમાં વલી બે જાત છે, જે રાતા દાણા અને સફેદ દાણાનું બનેલું છે. લોહીમાં જેમ રાતા દાણા વધારે તેમ તે વધારે સારૂં અને પુષ્ટીકારક ગણાય છે.

હા ડ કાં.

શરીરના બાંધાને ટેકાવવાને, તેને લંબાઈ પહોલાઈ, અને ઘેરાવો આપવાને, તેના જુદા જુદા ભાગોને જુદો જુદો આકાર આપવાને, ભેજાં, ફેફશાં, દીલ, ફુક્કા, ગુરદા, ગરભસ્થાન વગેરે શરીરના નરમ અવ્યવોને સાચવવાને અને શરીરના જુદા જુદા અવ્યવોને હીલાવનારા માંસના લોચાઓને ચીટકી શકાય એવી જગ્યા આપવાને અરથે હાડકાં સરજેલાં છે.

હાડકાં ઘણાંજ કઠણ અને ચીવટ હોય છે. શરીરના જુદા જુદા ભાગોને અનુસરતી રીતે તેઓ જુદો જુદો આકાર પકડે છે. પગ, હાથ એવા અવ્યવોમાં તેઓ લાંબાં, ગોલ અને નક્કર પદાર્થોનાં વધુ પ્રમાણથી મજબુત બનેલાં હોય છે. માથાંની ખોપરીમાં ભેજાંનું રક્ષણ કરવાને અર્થે યા પેડુમાંના નાજુક અવ્યવો સાચવવાને અર્થે તેઓ પહોલાં થઈ, વાસણ જેવો આકાર પકડે છે. જયાં ઘણીજ હીલચાલનું વારંવાર કામ પડે છે, ત્યાં

તેઓ કદમાં બહુજ નહાનાં થઈ ચપટાં બની જાય છે અને ત્યાં મોટી સંખ્યામાં. અકેક સંગાતે નરમ પણ ચીવટ પટાઓથી જોડાઈ જઈ ગતીનાં કામમાં બહુજ સહેલાઈ કરી આપે છે. હાડકાંઓની આવી રચનાનો ખ્યાલ લાવવાને ગરદનનાં, ઘુંટણનાં, અને પાછલા પગની મોટી ઘુંટીનાં હાડકાંઓની તપાસ ઠીક થઈ પડશે.

શરીરના બાંધામાં દાખલ થતી ચીજોમાં દાંત સીવાય હાડકાં સૌથી વધારે કઠણાઈ ધરાવે છે. હાડકાં મુખ્ય કરીને બે અકેકથી ઉલટી ખાસીએતો ધરાવનારી પદાર્થોનાં બનેલાં છે. જીલેતીન, ચરબી, વગેરે તેમાં આવતી પદાર્થો ઘણીજ પોચી છે અને જેમ એ પોચી પદાર્થો વધારે હોય છે તેમ હાડકું વધારે નરમ, ચીવટ અને સ્થીતીસ્થાપક ગુણ ધરાવનારૂં રહે છે. સોદા, ચુનો અને બીજા ખારો વગેરે પદાર્થો જે હાડકાંની બનાવટમાં મોટે ભાગે દાખલ થાય છે, તેઓથી કરીને હાડકાં વધારે મજબુત, વજનમાં ભારી અને કઠણ રહે છે. જો એ ખારવાલા ભાગો જોઈએ તે કરતાં મોટાં પ્રમાણમાં હોય છે તો હાડકાં કકડાં થઈ જલદીથી ભાંગી જાય એવાં બને છે.

હાડકાં જયારે પહેલ વહેલાં બંધાવા માંડે છે ત્યારે તેઓ બહુજ નરમ, મરડાઈ શકાય તેવાં, અને સ્થીતીસ્થાપક ગુણ ધરાવનારાં હોય છે. એવાં હાડકાંનો જો ખ્યાલ લાવવો હોય તો કાનનું હાડકું તપાસવું, જે હમેશ સુધી નરમ હાલતમાંજ રહે છે. કાનને હાથ લગાડતાં માલમ પડશે કે તેનું બહારનું હાડકું બહુજ નરમ છે, તેને મરડતાં તે મરડી શકાય છે, અને તેમ મરડયા પછી છોડી દેતાં તે પાછું પોતાનો અસલ આકાર પકડે છે. આવાં હાડકાંને આપણે કુમલાં હાડકાં કરીને કહીએ છીએ. દરેક હાડકું પહેલ વહેલાં એવીજ રીતે કુમલું હોય છે, પણ જેમ જેમ શરીરનો બાંધો પુખ્ત થતો જાય છે તેમ તેમ તે કુમલાં હાડકાંમાં ખારવાલા ભાગો વધારે ને વધારે ઉમેરાતા જાય છે. આ કારણનેજ લીધે બાળકનાં હાડકાં ભાંગી નથી જતાં પણ વલી જાય છે અને બુદ્દાંનાં હાડકાં જરાક પણ વધુ જોરમાં આંચકો લાગવાથી ભાંગી જાય છે.

લાંબાં હાડકાં ઘણું કરીને વચમાંથી પોકલ હોય છે, જે પોકલ ભાગમાં ગુર અથવા ગદ્દ ભરેલી હોય છે. ચપટાં અને પાતલાં હાડકાંઓની વચે પણ એજ પ્રમાણે ગદ્દનું પડ પંથરાયલું હોય છે, પણ તે પડ બહુજ પાતલું હોય છે. માથાંની ખોપરીનાં હાડકાંઓ વધારે પહોલાં થયલાં હોય છે અને તેમના પડની વચે હવા ભરવાને મોટા ખાંચાઓ કોરેલા છે. ઘણીજ હીલચાલવાલા સાંધાઓ અને બરડાની કરોડમાં આવતાં હાડકાંઓ ઘણાંજ જાલીદાર અને હલકાં હોય છે.

હાડકાંઓની આસપાસ એક બહુજ પાતલું ચામડી જેવું પડ ફરી વલેલું હોય છે. જીવતાં જનાવરમાં તેનો રંગ રાતો હોય છે પણ મરણ પામેલાંમાં તે સફેદ હોય છે. આ પડ બહુજ ચીવત અને ખેંચાઈ નહીં શકાય તેવું હોય છે, જેથી કરીને જયારે પણ હાડકું ફુલે છે ત્યારે એ પડ ખેંચાઈ નહીં શકાવાથી તેમાં દાખલ થતા જ્ઞાનતંતુઓ ઉપર ભારે દબાંણ થઈ સખત દુખારો પેદા કરે છે. આ પાતલી ચામડી જેવાં પડમાંથીજ હા-

ડકું જનમ પાંમે છે, અને જયાં સુધી એ પડ કાયમ હોય છે ત્યાં સુધી હાડકું જીવતું રહેવાની તેમજ તેના વધવાની આશા રહે છે.

લાંબા નલા જેવાં હાડકાંઓના છેડા સહેજ પહોલા અને ગોલ થાય છે, જે પહોલા અને ગોલ છેડા બીજા પાસેનાં હાડકાંમાં મલી આવતા પહોલા અને ગોલ ખાંચામાં બરોબર બંધ બેસે છે. એ રીતે ઘણી સરસ હીલચાલ સાથનો એક સાંધો બને છે. એવા એક સાંધામાં હીલચાલ કરતાં હાડકાંઓની સપાટી અકેક સંગાતે ઘસાઈ દુઃખ નહીં પેદા કરે એવી મતલબથી જેમ એક સંચ્ચાનાં ચક્રરોની વચે આપણે તેલ પુરીએ છઈએ તેમ એ હાડકાંઓની સાંધાવાલી સપાટી ઉપર એક એવી જાતની ચલકતી સુંવાલી પણ કઠણ વસ્તુનું પડ કરવામાં આવ્યું છે, કે જે વસ્તુમાંથી હમેશાં એક જાતનો ચીકણો પદાર્થ નીકલી હાડકાંની સાંધાવાલી સપાટીને ચીકાશથી સુંવાલી બનાવ્યા કરે છે. આ ચીકાશવાલી વસ્તુ નીકલવામાં જો કાંઈ પણ ખાંમી થાય છે તો હાડકાંઓની સામસામી સપાટી અકેક સાથ ઘસાઈ દુઃખ ભરેલાં દરદોને જનમ આપે છે.

જયાં ઘણાજ મોટા પાયા ઉપર હાડકાંઓની ચાલુ હીલચાલ થતી હોય ત્યાં એ ચીકાશ પેદા કરનારી વસ્તુમાં પાતલાં પડ ઉપ્રાંત ચોકસ ચીકાશથી ભરેલી ગાદીઓ પણ ગોઠવેલી હોય છે. આ ચીકાશવાલી ગાદીઓ જયારે મોટી થાય છે ત્યારે પાયફુક્કા વગેરે એબીએલ દરદને જનમ આપે છે. આ ગાદીઓમાં ભરેલી ચીકાશવાલી વસ્તુઓ ઘણું કરીને ઈંડાંની સપેતીને મલતી આવે છે.

હાડકાંઓને અકેક સંગાતે જોડાયલાં રાખવાને ચોકસ ચીકાશ સાથના, મજબુત, સફેદ, ચીવટ પટા હોય છે, જે પટાઓ હાડકાંઓને સાંધામાંથી ઉતરી પડતાં યા જોઈએ તે કરતાં વધારે ગતી લેતાં અટકાવી તેમને તેમની જગ્યાએ સ્થીર રાખે છે. આ પટાઓ વારંવાર જોખમાય છે, જે દરદને ટચક યા લચકના નામથી ઓલખવામાં આવે છે. ઘુંટણ અને મોટી ઘુંટી તેમજ બીજા એવા સાંધાઓની ચારે બાજુ ફરતું એ ચીવટ પટાઓનું પડ હોય છે, જેથી એ પુશકલ હીલચાલવાલા સાંધાઓ જોખમાવાની ઘણીજ થોડી ધાસ્તી રહે છે.

માંસના લોચા.

આપણે જેને સાધારણે જનાવરનું ગોસ્ત યા માંસનાં નામથી ઓલખીએ છઈએ તે ગોસ્ત યા માંસ જનાવરનાં બદન ઉપર કાંઈ અનુક્રમ યા કાયદા વગરજ ગોઠવી દીધામાં આવ્યું હોય એમ નથી. એ માંસ ગોઠવવામાં કુદરતે ચોકસ નીઅમો અને ચોકસ નેમો ધ્યાનમાં રાખીનેજ કામ લીધું છે. જે માંસ આપણને એક લાથામાં ગોઠવાયલું માલમ પડે છે તે લાથો કાંઈ એમનો એમજ બની ગયલો નથી, પણ તે લાથો કાંઈક હજારો બારીક શાખાઓનો બનેલો છે; કરોલીઆનાં જાલાંના જેવા પતલા તાંત આવે છે તેવા પતલા તાંતો અકેક સંગાતે સેંકડોના જુમખામાં ગોઠવાઈ જઈ માંસનો એક **શાખો** બને છે.

આવા સેંકડો શાખાઓ સાથે જોડાઈ જઈ માંસનો એક **લોચો** બનાવે છે. આ માંસના લોચાઓ ઘણું કરીને બે છેડા ધરાવે છે, જે બન્ને છેડે બે જુદાં જુદાં હાડકાંઓ ઉપર ચીટકેલા હોય છે. આ માંસના લોચાઓમાં એવો ગુણ છે કે જયારે પણ તેમનાં ભીત્તરમાં કાંઈક ફેરફાર થાય છે ત્યારે તેઓ પોતાની લંબાઈમાં ઘટી પહોલાઈમાં વધે છે. તેમની આ ખાસીએતને લીધે તેઓ એવી વેલાએ સંકોચાઈ જાય છે અને એ પ્રમાણે સંકોચાઈ જતાં જે છેડેથી તેઓ સંકોચાવાનું શરૂ કરે છે તેની ઉલટી બાજુના માંસના છેડાને તેઓ પહેલા છેડા તરફ ખેંચી જાય છે, અને તે બીજી બાજુનો છેડો જે હાડકાંમાં ચીવટ બેસી ગયલો હોય છે તે હાડકું પણ તેની જોડેજ પહેલા છેડા તરફ ખેંચાઈ જાય છે અને એ રીતે હાડકાંઓની હીલચાલ થાય છે. આ માસના લોચાઓનાં ભીત્તરમાં આવી રીતનો ફેરફાર જે ચીજથી થાય છે તેને **ઉશકેરનાર ચીજ** કરીને કહે છે. માંસના લોચાને આવી રીતે ઉશકેરનાર તહરેવાર ચીજો છે, જેમાં મુખ્ય ચીજ તે માંસના લોચામાં પેવસ થતી જ્ઞાનતંતુ છે. આ જ્ઞાનતંતુ સીધી રીતે યા આડકતરી રીતે ભેજા સાથે સંબંધ ધરાવે છે અને તે સંબંધને લીધે ભેજાની મરજી પ્રમાણે તે જ્ઞાનતંતુ માંસના લોચાને ઉશકેરે છે યા ઠંડો પાડે છે. વીજલી, ઝેરી કચુરો વગેરે આપણેથી ઉપયોગમાં લેવાઈ શકાય એવી ચીજો પણ માંસના લોચાને ઉશકેરી શકે છે, અને કલોરોફોરમ, કલોરલ હાઈદરેત, પોતાશ બરોમાઈદ વગેરે ચીજો માંસના લોચાઓને ઠંડા પાડી શકે છે. ઉપલી ચીજોના એ ગુણોને લીધે ચોકસ દરદો જેમાં માંસના લોચા ઠંડા પડી ગયા હોય યા ઘણા ઉશકેરાઈ ગયા હોય તેમાં આપણે તે ચીજ સંભાલથી વાપરતાં ઘણોજ ફાયદો કરી શકીએ છઈએ.

માંસના લોચા બે પ્રકારના છે. પહેલા પ્રકારવાલા માંસના લોચાના દરેક શાખા ઉપર આડા ચટાપટા હોય છે અને બીજી પ્રકારવાલા માંસના લોચાના શાખા તદન લીસા હોય છે. ચટાપટાવાલા માંસના લોચામાં આપણી મરજી પ્રમાણેની હીલચાલો પેદા કરી શકાય છે જયારે ચટાપટા વગરના માંસના લોચામાં આપણી મરજી પ્રમાણેની નહીં પણ તેમને ઉશકેરનારી ચોકસ જ્ઞાનગાંઠોની રૂચી પ્રમાણેની હીલચાલો પેદા થાય છે; આંખ, નાક, કાન, મહોડું, હાથ, પગ અને બદનના બીજા બહારના ભાગોના માંસના લોચાઓ આપણી મરજી પ્રમાણે હીલચાલ કરે છે, જયારે હોજરી, આંતરડાં વગેરે અવયવોના માંસના લોચા આપણી મરજી પ્રમાણે નહીં પણ તેઓપર કાબુ રાખનારી ચોકસ જ્ઞાનગાંઠોની મરજી પ્રમાણે હીલચાલ કરે છે.

આપણે આગલ જોયું કે માંસના લોચાઓ સેંકડો યા હજારો શાખાઓના સાથે જોડાઈ જવાથી બનેલા છે. હવે જો આ શાખાઓ એવીજ સંખ્યામાં આખાં બદનપર ફેલાયલા હોય તો બદન બહુજ ફુગી ગયલું દેખાય અને બદનના જુદા જુદા ભાગોની હીલચાલોમાં બહુજ અડચણ થઈ પડે. આ અડચણ ટાલવાને અરથે કુદરતે એવું કીધેલું છે કે માંસના લોચાઓની બાંધણીમાં આવતા આ સેંકડો યા હજારો શાખાઓને તેમના છેડા આગલ એકેક સંગાતે મજબુત ગુંદી લીધેલા છે અને જેમ સેંકડો શાખાઓ વણીને આપણે મજબુત દોરડું વણી શકીએ છઈએ તેમ આ માંસના લોચાઓ પોતાના છેડાઓ

તરફ એક મજબુત ગુંથેલાં દોરડાંનો આકાર પકડે છે. એથી બને છે શું કે બહુજ નહાની જગ્યા ઉપર હજારો માંસના શાખાઓ પોતાનું સામટું જોર વાપરી ગમે એવા ભારી અવયવોને સહેલાઈથી ખેંચી શકે છે, વાલી શકે છે, ઉપાડી શકે છે, યા ફેરવી શકે છે. આવી રીતે ગુંથાએલાં દોરડાંઓને આપણે **માંસતંતુ**ના નામથી ઓલખીશું.

આ માંસતંતુઓ જ્યારે એક હાડકાં ઉપરથી ઓલંગીને બીજા હાડકાં ઉપર જાય છે ત્યારે તેમની વચે અને હાડકાંની સપાટી વચે ભારે ઘસારો થવાનો સંભવ રહે છે. આવી જગ્યાઓ ઉપર થતો ભારે ઘસારો અટકાવવાને અરથે તેવાં હાડકાં અને માંસતંતુની વચે એક ચીકાશવાલી પેત્ચી કપ્પી ગોઠવવાને કુદરતે વાજબી વીચાર્યું છે. ઘણીક વેલા હાડકાંઓ ઉપરથી પસાર થઈ જતાં જુદા જુદા માંસના લોચાઓને એકજ જાતનું કામ કરવું પડે છે અને તે વેલા તેમની સઘલાંઓની અસર સામટી ઉપજાવવાને અરથે કુદરતે તે હાડકાંમાં તેમને જુદા જુદા ખાડા પાડી આપ્યા છે, તેમને દરેકને જુદી જુદી ચીકાશવાલી નલીઓ આપી છે, અને તેમને સઘલાને પોતપોતાની જગ્યાએ સ્થીર રાખવાને અરથે મજબુત ચીકણા પટાઓમાં સુરાખ પાડી તેમાંથી તેમને પસાર કીધા છે.

ઘોડાનું હાડ પીંજર.

એક ઘોડાનું હાડ પીંજર જુદાં જુદાં બસેં અને સુડતાલીશ હાડકાંઓનું બનેલું છે, જે નીચલા કોઠા ઉપરથી માલમ પડશે.

મહોડાંનાં હાડકાં...	૧૮
માથાંનાં હાડકાં...	૧૦
દાંત...	૪૦
કાનનાં અંદરનાં હાડકાં...	૮
જીભનાં હાડકાં ...	૫
ગરદન અને બરડાની કરોડનાં હાડકાં	૩૨
પાંસલીઓ...	૩૬
પાંસલીઓને જોડનારૂં સીપીનું હાડકું	૧

આગલા પગનાં હાડકાં

ખભાંનાં હાડકાં...	૨
બાજુનાં હાડકાં...	૨
કાંડીનાં હાડકાં...	૪
ઘુંટણનાં હાડકાં	૧૬
નલાવાલા ભાગનાં હાડકાં...	૬

નહાની ઘુંટી આગલનાં હાડકાં...	૪
પાંચખડનાં હાડકાં	૪
ખડીનાં હાડકાં...	૪
કુલ્લાંનાં હાડકાં	૨
પુછડીનાં હાડકાં...	૧૫
પાછલા પગનાં હાડકાં	
જાંગનાં હાડકાં...	૨
ટેટાંનાં હાડકાં...	૪
જાંગ અને ટેટાંનાં હાડકાં ઉપર આવતાં ટોપી જેવાં હાડકાં.	૨
મોટી ઘુંટીનાં હાડકાં...	૧૨
નલાવાલા ભાગનાં હાડકાં...	૬
નહાની ઘુંટી આગલનાં હાડકાં...	૪
પાંચખડનાં હાડકાં	૪
ખડીનાં હાડકાં...	૪
જુમલે...	૨૪૭

હાડપીંજરનાં જુદાં જુદાં હાડકાંઓ કેવાં છે, તેમનાં નામ શું છે વગેરે ત્યાં લંબાણથી દરશાવવાની કાંઈ પણ જરૂર નથી. હાડપીંજરને લગતા જે અગત્યના ભાગ છે તેમનુંજ ત્યાં ટુંકમાં વરણન આપવામાં આવશે.

હાડપીંજરમાં બરડાની કરોડ એ આપણનું પહેલું ધ્યાન ખેંચે છે. માતાનાં પેટમાં બંધાતાં બચ્ચાંનાં બદનને લગતો જે પહેલો ભાગ પેદા થાય છે તે પણ એ બરડાની કરોડજ છે. એ બરડાની કરોડ નહાનાં નહાનાં પુશકલ હાડકાંઓની બનેલી છે. તે દરેક હાડકાં જોકે એકેકથી જુદાં છે તોપણ એકેક સંગાતે મજબુત ચીકણા પટાઓથી જોડાયલાં છે. એ બરડાની કરોડનાં દરેક હાડકાં વચમાંથી પોકલ છે અને તે દરેક હાડકાં સાથે મલવા પછી તે વચમાંના પોકલ ભાગથી એક લાંબી નલી બની રહે છે, જે નલીમાં ભેજાંની સાથે સંબંધ ધરાવનારી ગદ્દૃ સચવાએલી રહે છે. બરડાની કરોડનાં દરેક નહાનાં હાડકાં એકેક સંગાતે એવી તો સીફતથી જોડેલાં છે કે એકગમથી જ્યારે તેઓ આણીગમ, પેલીગમ, ઉપર યા હેઠલ વલી શકે છે ત્યારે બીજી ગમથી તેઓ સંપુરણ રીતે તેમના સાહયામાં સોંપેલી નાજુક ગદ્દૃનું રક્ષણ કરી શકે છે. વળી આ નહાનાં નહાનાં હાડકાંઓનાં ડાલ પાંખરાંઓ એવી રીતે બનાવેલાં છે કે તે ડાલ પાંખરાંઓ ઉપર જુદા જુદા માસના લોચા ચીટકી બદનમાં પેદા પડતી તહરેવાર હીલચાલોને ઘણીજ સહેલાઈથી જનમ આપી શકે છે. વલી દરેક હાડકાંની વચે કુમલાં હાડકાંની અને ચીકાસવાલી ગાદીઓ મુકેલી

હોવાથી. ઝડપવાલી ચાલમાં પગને લાગતા ધબકારા ભેજાંને પુંગવા અગાઉ એ કમાનની ગરજ સારતાં હાડકાંઓમાંજ નાબુદ થઈ ભેજાંને અલવલ પહોંચાડી શકતા નથી.

બરડાની કરોડ માથાંના પાછલા ભાગથી તે કમર સુધીમાં એકત્રીસ હાડકાંની બનેલી છે, જેમાં સાત હાડકાં ગરદનનાં, છ હાડકાં કમરનાં અને બાકીનાં ખુંધ તથા પીઠનાં છે. ગરદનનાં હાડકાં ઘણાંજ લાંબાં છે, કમરનાં હાડકાં ઘણાંજ પહોલાં છે અને ખુંધનાં હાડકાંની ઉપલી બાજુએથી લાંબી અણીઆલી ડાંખલીઓ ઉપર ચહડી આખી કરોડમાં ખુંધને સઉથી ઊંચો દેખાવ આપે છે.

પીઠ અને ખુંધનાં ૧૮ હાડકાંઓમાંથી બદનની બંન્રે બાજુએથી અકેકી પાંસલી નીકલી મહેરાબદાર આકાર પકડે છે અને પોતાની અરધી લંબાઈએ પહોંચ્યા પછી વલ ખાઈ નીચે છાતીનાં યા સીપીનાં હાડકાં તરફ જઈ તેને સીધી યા આડકતરી રીતે મલે છે. બરડાની કરોડમાંથી પેદા પડી છાતીનાં હાડકાંને જઈ મલતાં અઢાર જમણી તરફની અને અઢાર ડાબી બાજુ તરફની મલી છત્રીસ પાંસલીઓ હાડકાંઓનો જે મહોટો મહેરાબ બનાવે છે, તે મહેરાબમાં જીંદગીને ઘણાંજ અવશયનાં અવ્યવો ફેફશાં, દીલ, ઘોરી નસો વગેરે ગોઠવેલાં છે. આ મોહટો મહેરાબ તેની મોટાઈનાં પ્રમાણમાં ઘણોજ હલકો છે અને પોતાની લંબાઈ પહોલાઈનાં પ્રમાણ પ્રમાણે તે મોટા તેમજ નહાના પુશકલ માંસના લોચાઓને ચીટકવાની જગ્યા આપે છે. આ માંસના લોચાઓ ઘણું કરીને ગરદનને લગતા અને આગલા પગને લગતા છે.

એ પાંસલીઓથી બનતા મહેરાબની બાજુએ આગલી તરફથી ખભાંનું હાડકું જોડાયલું છે, જે ઘણુંજ પહોલું છે અને મજબુત માંસના લોચાઓને ચીટકવાની જગ્યા આપે છે; પાંસલીઓ ઉપરથી આવતો એક મોહટો માંસનો લોચો આ હાડકાં ઉપર ચીટકીને બંન્ને બાજુથી ઝોલી બનાવે છે જે ઝોલીમાં ઘોડાનું બદન ગોયા એ આગલા પગોની વચે લટકેલું રહે છે. ખભાંનાં હાડકાંની નીચલી બાજુ એક મોટાં નલા જેવાં હાડકાં સંગાતે જોડાયલી છે, જે નલા જેવું હાડકું આપણી બાજુનાં હાડકાંને મલતું આવે છે. બાજુનાં હાડકાંનો નીચલો છેડો બીજા એક નલા જેવાં પણ પાછલથી સહેજ ચપટાં હાડકાંના ઉપલા છેડા સાથે જઈ મલે છે. આ હાડકાંની પાછલી ચપટી બાજુએ એક બીજું ત્રીકોણાકાર હાડકું ચીટકેલું હોય છે, જે ત્રીકોણાકાર હાડકું ચપટી બાજુવાલાં હાડકાંની ઉપર નીકલી આવી હાથની કોણીને અણીઆલો આકાર આપે છે. આ કોણીનું હાડકું ઘોડાનાં ખભાંના પાછલા ભાગ ઉપર અણીદાર નીકલી આવતું તરતજ માલમ પડી આવશે.

ઘુંટણનાં હાડકાંઓમાં સઉથી સરસ ધ્યાન આપવા જોગ એ છે કે, તેઓ ઘણાંજ નહાનાં કદનાં છે અને ઘુંટણ જેટલી નહાની જગ્યામાં તેઓ સઘળાં મલીને આઠ છે. એ નહાનાં નહાનાં હાડકાંઓની વચે ચીકાશવાલી ગાદીઓ હોય છે તેમજ તે સઘળાં હાડકાંઓને અકેક સંગાતે જોડવાને અર્થે ચીકણા પટાઓ મોટી સંખ્યામાં હોય છે. બેદરકા-

રીથી યા બીજાં કારણોને લીધે ઘણીક વેલા ઘોડો પોતાનું ઘુંટણ ભાંજે છે અને તેમ કરતાં જો આવો એક પટો તુટી અંદરની ચીકાશ પેદા કરતી ગાદીઓ ઊઘાડી પડે છે, તો જખમ રૂજ લાવવાનું કામ બહુ મુશકેલ થઈ પડે છે.

ઘુંટણના સાંધાનાં પાછલાં હાડકાં ઉપરથી આગલો પગ વાલનારો એક માંસનો તંતુ પસાર થતો હોવાથી એ હાડકાંનાં કદ ઉપર ઘોડાની ચાલનો ઘણોક આધાર રહે છે.

ઘુંટણના સાંધા પછી આગલા પગનો નલાવાલો ભાગ આવે છે, જે ત્રણ હાડકાંથી બનેલો છે. તેમાં એક હાડકું સઉથી મોટું અને નલા રોકું છે અને તે નલાવાલાં હાડકાંની બન્ને બાજુઓ ઉપર ઉપલે છેડે બે નહાનાં નહાનાં ત્રીકોણાકાર, ઉપરથી સહેજ પહોલાં પણ નીચેથી તદન પાતલાં હાડકાંઓ ચીટકી ગએલાં માલમ પડે છે. એ નલા રોકાં હાડકાંનો ઉપલો ભાગ અને તેની બંન્ને બાજુએ આવેલાં બે નહાનાં હાડકાં સુજવાથી ઘોડાને ઘણોજ દુઃખ ભરેલી રીતે લંગડો અને એબ્બાએલ બનાવે છે.

એ નલારોકાં હાડકાંને નીચે છેડે પાંયખડનું મોટું હાડકું જોડાય છે. આ નલા રોકુ હાડકું તથા પાંયખડનું મોટું હાડકું જયાં સાથે મલે છે ત્યાં પછવાડેથી બે નહાનાં ત્રીકોણાકાર હાડકાં ગોઠવાયલાં છે, જે ત્રીકોણાકાર હાડકાંઓને આપણે **માંસહરડીને** નામે ઓલખીશું. આ માંસ હરડીઓમાં વારંવાર સહોજે ચહડી ઘણાંજ દુઃખ ભરેલાં લંગડાપણાંને જનમ આપે છે. આ માંસહરડીઓ એક ઝડપી ચાલના ઘોડામાં વારંવાર જોખમાય છે.

પાંયખડનાં મોટાં હાડકાંને નીચલે છેડે પાંયખડનું નહાનું હાડકું જોડાય છે અને તે પાંયખડનું નહાનું હાડકું ખડીનાં મોટાં હાડકાં ઉપર ગોઠવાઈ બેસે છે.

આ ખડીનું મોટું હાડકું પુશકલ કાણાંઓવાલું, જાલીદાર, અને હલકું છે, અને એ સઘલાં કાણાંઓમાંથી લોહીના નેસોની મોટી સંખ્યા આરપાર પસાર થઈ તે હાડકાંની આસપાસ ગોઠવાયલી ઉત્તમ કારીગરીવાલી ખડીની રચનાને તનદરોસ્ત રાખે છે.

આ ખડીનાં હાડકાંની પાછલી બાજુએ એક ઊંડો ખાડો છે, જે ખાડામાં મછવાના આકારનું એક નહાનું હાડકું ગોઠવાયલું છે. આ હાડકાંને **નાવહરડીનાં** નામથી આપણે ઓલખીશું. આ હાડકું જોખમાયાથી ઘણીજ ખરાબ જાતનું લંગડાપણું લાગુ પડે છે.

ઘોડાનાં બદનના પાછલા ભાગ તરફ નજર કરતાં કુલાંનાં હાડકાં આપણું પહેલું ધ્યાન ખેંચે છે. આગલથી તેમજ ઉપરથી તેમની બે અણીઓ નીકલી આવતી જણાય છે, જે અણીઓ ઉપર બેદરકારીને લીધે ઘસારો થવાથી ઘણાંજ કદરૂપાં ચાહાં પડે છે. જાંગનું કુલ્લું મુખ્ય કરીને ત્રણ હાડકાંનું બનેલું છે, જેમાંનું એક ઉપલી બાજુએ ગોઠવાયલું છે, જે બરડાની કરોડનો કમરની પાછલથી લંબાતો ભાગ છે; બાકીનાં બે હાડકાં એક જમણી બાજુએ અને એક ડાબી બાજુએ એ પ્રમાણે ગોઠવાયલાં છે. આ બે હાડકાંઓ બહુ પહોલાં તેમજ બહુજ ઘાટઘટમ વગરનાં છે, જેથી એ હાડકાંઓને **નનામાં** હાડકાંના

નામથી ઓલખવામાં આવે છે. આ બન્ને હાડકાંઓ ઉપલી બાજુએ અકેકથી થોડેક તફા-વતે છુટાં પડેલાં છે. વચલે ભાગે તેઓ બહારની બાજુ તરફ વલાણ લેતાં હોવાથી અકે-કથી ઘણેજ છેટે તેઓ રહેલાં છે, પણ નીચે આવતાં તેઓ બન્ને અકેકની પાસે આવે છે અને આખરે અકેક સાથે જોડાઈ જઈ જાંગનાં કુલ્લાંની જમીન બનાવે છે. એ રીતે ત્યારે જાંગનું કુલ્લું એક વાંસણનો આકાર પકડે છે, જે વાસણનું મથાલું બરડાની કરોડના પા-છલ લંબાતા ભાગથી બનેલું છે, તેની બાજુઓ એ નનામાં હાડકાંઓનાં પહોલાં થવાથી બનેલા છે અને તેનું તલીઉં બન્ને નનામાં હાડકાંઓનાં મલી જવાથી બનેલું છે.

એ રીતે જાંગનાં કુલ્લાંની બનાવટ થયલી છે કે, જે કુલ્લાંમાં આંતરડાંનો સઉથી છેડે-નો ભાગ, પીશાબનો ફુક્કો અને માદા જનાવરમાં ગરભસ્થાન તેમજ તેની કોઠલીઓ વગેરે ઘણાજ અગત્યના અવ્યવો સમાએલા છે.

જાંગનાં કુલ્લાંનો બાંધો અભ્યાસને ખાસ લાયકનો છે, કારણકે પ્રસવ વેદનાની વેલાએ જો માદાનાં જાંગનાં કુલ્લાંની બરોબર સમજણ રાખી હોય છે તો એક દુઃખી થતાં જના-વરને આપણે ઘણી મદદ કરી શકીએ છઈએ. જો કુલ્લાંનાં હાડકાં બરોબર કુદરતી રીતે બંધાએલાં નહીં હોય તો બનતાં સુધી તેવી માદાઓને નરથી દુર રાખવામાંજ ફાએદો છે, કારણકે પ્રસવ વેદનાની વેલાએ બાલકને જો બરોબર માર્ગ નથી મલતો તો માતાનો જીવ ભારે જોખમમાં આવી પડે છે અને કુલ્લાંનાં હાડકાંની હાલત અગાઉથી નહીં નક્કી કરવા-ની સહેજ ખામીને લીધે ભારે ખોટ ખમવી પડે છે.

કુલ્લાંનું હાડકું જાંગનાં હાડકાંની સાથે જોડાયલું છે. આ હાડકું લાંબું, નલારોકું અ-ને ઘણુંજ મજબુત બાંધાવાલું છે.

આ હાડકાંનો નીચલો છેડો ટેટાંનાં હાડકાં ઉપર જઈને ઠરે છે. આ ટેટાંનું હાડકું પણ લાંબું, નલારોકું અને મજબુત બાંધાનું છે. તેની બહારની બાજુએથી એક બહુજ નહાનું અને પાતલું હાડકું જોડાયલું છે.

ટેટાંનું હાડકું અને જાંગનું હાડકું જયાં મલે છે ત્યાં એક નહાનું, ચપટું, ત્રીકોણા-કાર હાડકું ગોઠવાયલું છે, જે ગોયા એ સાંધાની ઉપર ટોપી પહેડાવી હોય તેવું લાગે છે. આ હાડકું વારંવાર ઉતરી પડે છે અને અરધે રસ્તે ઘોડાને લંગડાતો કરી મેલે છે.

આ ટેટાંનાં હાડકાંને નીચલે છેડે મોટી ઘુંટીવાલો સાંધો આવે છે. આ સાંધામાં સ-ઘલાં મલી છ હાડકાંઓ છે, જેમાંનું એક પાછલા ભાગ ઉપર બીજાં બધાંની ઉપર નીકલી આવી **મોટી ઘુંટીનું હાડકું** એવાં નામથી ઓલખાય છે. આ હાડકાંનાં કદ ઉપર જનાવ-રના પાછલા પગની હીલચાલોનો સઘલો આધાર રહે છે. એ હાડકાંની ઉપરથી એક મોટા માંસના લોચાનો તંતુ પસાર થતો હોવાથી તેની ઉપર ચીકાશવાલી ગાદી ગોઠવવામાં આ-વેલી છે, જે ગાદીના ફુલવાથી ફુગેલી ઘુંટીનું દરદ પેદા પડે છે. વલી એ હાડકાંની બન્ને

બાજુઓ ઉપર આવેલી ચીકાશવાલી માંસતંતુની ગાદીઓ ફુલી આવી.આરપાર ફુલ્લાઓને જનમ આપે છે.

મોટી ઘુંટીવાલા સાંધાની નીચે હવે જે હાડકાંઓ બાકી રહ્યાં છે તે સઘળાં આગલા પગનાં ઘુંટણના સાંધાની નીચેનાં હાડકાંઓને બરોબર મલતાં આવે છે. આગલા પગનાં એ હાડકાંઓમાં અને પાછલા પગનાં એ હાડકાંઓમાં ફરક માત્ર એટલોજ છે કે, તેમનામાંનાં કેટલાંક કદમાં, પહોલાઈમાં, લંબાઈમાં અને ગોલાઈમાં સહેજ ફેર ધરાવે છે.

એ રીતે તપાસતાં હવે માત્ર મહોડાંનાં, માથાંનાં, કાનનાં અને જીભનાં હાડકાં બાકી રહ્યાં છે, જેની ટુંકમાંજ તપાસ લઈ હાડકાંઓની બાબદ આપણે ખતમ કરીશું.

મહોડાંનાં હાડકાં સઘળાં મલીને અઢાર છે, જેમાં આંઠ હાડકાં જોડીઆં છે, એટલે જમણી અને ડાબી બાજુએ એકજ સરખી જાતનાં હાડકાં ગોઠવાએલાં હોવાથી તેઓ જોડીઆં ગણાય છે. આ જોડીઆં હાડકાંઓની આંઠ જોડ હોવાથી તેઓ સઘળાં મલીને સોલ હાડકાં બને છે. એમાં બે હાડકાં ઉપરના જડબાંનાં છે; જડબાંની આગલ આગલ આવેલાં બીજાં બે હાડકાં છે. નાકનાં હાડકાં પણ જોડે જોડ જમણી અને ડાબી બાજુએ એકેક સંગાતે વલગી ગયલાં છે. નાકની ઉપર અને આંખની નીચે અંદરનાં ખુણાંમાંથી એક હાડકાંની જોડ ગોઠવાએલી છે, જેને **આંસુહાડ** કરીને કહે છે કારણકે આંખમાંથી આંસુ ગલવાની જે નહેર છે તે નહેર એ હાડકાંમાંથી નાક તરફ પોતાનો રસ્તો લે છે. એ હાડકાંઓનીજ બાજુએ બહારથી બીજાં એક હાડકાંની જોડ છે, જે હાડકાં માણસના ગાલનાં ઢીચાંનાં હાડકાંની બરોબર છે. આ હાડકું ઘોડાનાં બદનમાં ગાલનું ઢીચું કહેવાતું નથી, પણ આંખની સહેજ નીચેથી અને બહારથી તે ઉપસી આવેલું જણાય છે. ઉપરનાં જડબાંની અંદરની બાજુએ આગલા દાંતોની પછવાડે લંબાતાં હાડકાંઓની એક જોડ છે, જે તાલવાંનાં હાડકાં છે. એ સઘલાં હાડકાંઓ ઘણાં મજબુત છે, પણ બાકીનાં જે બે હાડકાંઓની જોડ રહી તે બંન્ને હાડકાં ઘણાંજ નાજુક અને ચાલણી જેવાં છે. આ બન્ને હાડકાંની જોડ નાકના મારગમાં ગોઠવાયલી છે. તેમાંની એક જોડ છેક ઉપર છે અને બીજી તેથી સહેજ નીચી છે. નાકની વચલી ચાપકી અથવા નાકનું કુમલું હાડકું જે હાડકાં ઉપર ગોઠવાયું છે તેની જોડ નથી પણ તે એકલુંજ છે અને તે નાકના છેક નીચેના ભાગમાં આગલથી પાછલ સુધી લંબાય છે. ચહેરાનું માત્ર એકજ હાડકું હવે વરણવવાનું બાકી રહ્યું છે. આ હાડકું ઘણુંજ મોટું છે અને નીચેનું આખું જડબું તે એકજ હાડકાંથી બનેલું છે. આ હાડકું ઘણુંજ મજબુત છે અને તેની કીનારીઓમાં દાંત ગોઠવાયલા માલમ પડે છે. આ હાડકાંમાં જડાયલા દાંતો ઉપરનાં જડબાંનાં હાડકાંમાં જડેલા દાંતો સાથે બરોબર બંધ બેસે છે. આ નીચેનાં જડબાંનું હાડકું પછવાડેથી ઉપર લંબાય છે અને તેનો તે લંબાતો ભાગ કાનની પાસે આવેલાં માથાંમાંનાં એક હાડકાંના ખાડામાં જઈ ગોઠવાય છે. આ હાડકાંનો એ ભાગ ખોરાક ચાવતી વખતે બહુ હીલચાલ કરે છે અને જેમણે તે હીલચાલ તપાસવી હોય તેઓએ પોતાનાજ કાનની નીચે આગલી બાજુએથી બે આંગલાં દાબી ખોરાક ચાવવાની

હીલચાલ કરવી, એટલે તરત તેનો ખ્યાલ આવશે. ખોરાક ચાવતી વેલા એ નીચેનાં જડબાંનું હાડકુંજ આજુબાજુ, આગલ પાછલ અને ઊંચે નીચે હીલચાલ કરે છે, જયારે ઉપલાં જડબાંનાં તો સઘલાં હાડકાં સ્થીરજ રહે છે.

માથાંનાં હાડકાં સઘલાં મલીને દશ છે, જેમાં ત્રણ જોડ હાડકાં છે અને ચાર એકલાં છે. એમાં પહેલી જોડ કપાલનાં હાડકાંઓની છે. એ કપાલનાં હાડકાંઓ નીચેથી મહેરાબદાર છે અને તેથી કરીને આંખના ગોખલાનો ઉપરનો મહેરાબ બનાવવામાં તેઓ મદદ કરે છે. વલી એ કપાલનાં હાડકાંનો અંદરનો ભાગ નાકનું મથાલું બનાવવામાં કામે લાગે છે. અંદરથી એ હાડકું એક પાતલા પરદાથી બે ભાગમાં વહેંચાઈ જાય છે, જેમાંનો આગલો ભાગ નાક સાથે સંબંધ રાખે છે અને પાછલો ભાગ ભેજાંની ખોપરીની આગલી દેવાલ બનાવવામાં મદદ કરે છે. એ રીતે બે મોટા ભાગ બન્યા પછી તે ભાગોમાં વલી બીજા બહુજ પતલા હાડકાંના પરદાઓ ફરી વલી નહાના નહાના ખાંચાઓ બનાવે છે, જેમાંના થોડાક નાક સાથે સંબંધ રાખે છે અને થોડાક ભેજાંની ખોપરીના અંદરના ભાગ સાથે સંબંધ રાખે છે. આ રીતે બનતા નહાના નહાના ખાંચાઓની બાબદ ધ્યાનમાં રાખવા જોગ છે, કારણકે ભેજાંનાં તેમજ નાકનાં કેટલાંક દરદોની પરીક્ષા કરતી વેલા એ ખાંચાઓનાં જ્ઞાનની ઘણીજ અગત્ય પડે છે. એવાજ ખાંચાઓ ઉપલાં જડબાંના હાડકાંઓમાં પણ છે અને એ રીતે ઉપલાં જડબાં, નાક અને કપાલનાં હાડકાંઓ વચ્ચે દરદની વેલાએ ચાલતો સીધો યા આડકતરો સંબંધ ઘણોજ ધ્યાનમાં રાખવા જોગ છે.

એ કપાલનાં હાડકાંઓની બાજુએથી અને પછવાડેથી કાનનાં બહારનાં હાડકાંઓ આવેલાં છે. કાનનો નાજુક સુક્ષ્મીક સાંચો આ હાડકાંઓની દેવાલોમાં ગોઠવેલો છે અને તેથી કેટલાંક દરદોમાં એ હાડકાંનું જ્ઞાન ઘણીજ અગત્ય ધરાવે છે. એ હાડકાંઓનો અભીઆસ એક સાધારણ માણસને બહુજ કંટાલા ભરેલો હોવાથી તેનું લંબાંણ વીવેચણ ત્યાં છોડી દઈ આપણે આગળ ચાલીશું. વધારે પછવાડે જતાં માથાંની ખોપરીની બાજુ બનાવતાં બે હાડકાં આવે છે જે બંન્ને હાડકાંઓ માથાંની ઉપલી બાજુએ વચમાં મલી જઈ માથાંની ખોપરી ઉપરથી બંધ કરે છે. આ બંન્ને હાડકાં માથાંની ખોપરીનું છાપરું તેમજ બંન્ને બાજુની દેવાલો બનાવે છે. હવે માથાંની ખોપરીની એકજ બાજુ ખુલ્લી રહી ગઈ છે અને તે બાજુ પછવાડેની છે. આ પછવાડેની બાજુ બંધ કરનારૂં હાડકું એકજ છે; તે મોટું અને જાડું છે, અને નીચેથી તે વાંકું વલી પાછું ખોપરીના આગલા ભાગ તરફ જતું જણાય છે. એ રીતે ખોપરીની ભોંય બનાવવામાં પણ તે મદદ કરે છે. એ હાડકાંથી બનતી ખોપરીની ભોંયમાં એક મોટું કાણું નજરે પડે છે, જે કાણાંની મારફતે ભેજાંનો પાછલો ભાગ લંબાઈને બરડાની કરોડમાં આવેલી ગદ્દને જનમ આપે છે.

ખોપરીની ભોંયનો પાછલો ભાગ બનાવતાં હાડકાંની આગળ એક બીજું હાડકું છે, જે ડોકું છટકાવી નાખેલાં એક ઉડતાં પક્ષીનો આકાર ધરાવે છે. એ હાડકું પણ ભેજાંની ખોપરીની ભોંય બનાવવામાં કામે લાગે છે. એ હાડકાંની અંદર કેટલાંક નહાનાં મોટાં

કાણાંઓ જણાય છે, જેની અંદરથી ભેજાંના મોટા જ્ઞાન તંતુઓ બદનના જુદા જુદા ભાગોમાં જવાને બહાર નીકલે છે. આ હાડકાંની આગળ વળી એવુંજ એક બીજું હાડકું છે પણ તે વજનમાં બહુજ હલકું અને ચાલણી જેવાં કાણાંઓથી ભરપુર છે. આ હાડકું પણ ખોપરીની ભોંય બનાવવામાં મદદ કરે છે; તેની ઉપલી સપાટી ઉપર ભેજાંમાંથી નીકલતા નાકના જ્ઞાનતંતુઓનું મુલ ગોઠવાયલું છે અને તે જ્ઞાનતંતુ એ હાડકાંની માંહે પડેલાં ચાલણી સમાન કાણાંઓમાંથી બહાર નીકલી નાકના અંદરના ભાગ ઉપર હજારો સુક્ષ્મીક શાખાઓમાં પંથરાઈ વલે છે.

ઉપલાં એ સઘલાં હાડકાંઓ મલી નવ હાડકાં થયાં, હવે જે દશમું હાડકું રહ્યું તે બહુ નહાનું છે. એ હાડકું માથાંની ખોપરીની બાજુગી દેવાળ બનાવતાં બંને હાડકાંઓ અને પાછલથી ખોપરીને બંધ કરનારાં હાડકાંની વચ્ચે ગોઠવાયલું છે.

કાનનાં અંદરનાં હાડકાંઓમાં શીખવા જોગ ઘણું છે, પણ તેઓ એટલાં તો બારીક છે કે એક સાધારણ માણસને તેમનો ખ્યાલ આપતાં તે બહુજ કંટાલો ખાય એવું છે. એ કારણને લીધે એ હાડકાંઓનું વરણન શ્રવણ શક્તિનું વરણન કરીએ તેટલો વખત આપણે મુલતવી રાખીશું.

જીભનાં હાડકાંઓ પણ એક સાધારણ અભ્યાસીને મનસે તાહેલાં જેવાં હોવાથી તે પણ આ જગ્યાએ છોડી દેવાં પડે છે. તેમને માટે એટલુંજ કહેવું બસ થશે કે, જીભની અને ગલાંની ઘાંટીની હીલચાલોમાં તે હાડકાંઓ અને તેમની ઉપર ચીટકેલા માંસના લોચાઓ મુખ્ય ભાગ બજાવે છે.

હાડકાંઓના વરગમાં હવે દાંત બાકી રહ્યા છે, એક ઘોડાની ઉમર પારખવાને માટે દાંત ઘણાજ અગત્યના હોવાથી આ જગ્યાએ તેમનું ટુંક વરણન કરવાને બદલે બીજી જગ્યાએ તેમના સંબંધમાં લંબાણ બોલવાનું વાજબી વીચારી હાલ તરત દાંતની બાબદ પડતી નાંખયે છઈયે.

ઘોડાનાં બદનનાં હાડકાંઓનું ટુંક વરણન એ રીતે હ્યાં ખતમ કરી હવે માંસના લોચાઓને લગતાં ટુંક વરણનથી આપણે આગલ ચાલીશું.

ઘોડાના માંસના લોચાઓની ગોઠવણ.

ઘોડાનાં બદનમાં કુદરતે માંસના લોચાઓની જે ગોઠવણ કીધી છે તે જો આપણે બહુજ બારીકીથી તપાસીએ તો સાધારણ વાંચનારને તે કંટાલા ભરેલું થઈ પડે, માટે આપણે આ જગ્યાએ તે સઘલાઓની તપાસ ઉપર ટપકે કરી જઈશું. માથાં અને ગરદનના માંસના લોચાઓથી એ તપાસ આપણે શરૂ કરીશું.

માથાં અને ગરદનની હીલચાલો તહરેવાર તરાંહની હોવાથી એટલું જરૂરનું છે કે, તે સઘલી હીલચાલો પેદા કરવાને જુદા જુદા પ્રકારે ગોઠવાયલા માંસના લોચાઓ હોવા જોઈએ. ઘોડાનાં ભારી માથાંને ટેકાવવાને અરથે તેમજ તે ભારી માથાંની હીલચાલો પેદા કરવાને અરથે ઘણાક માંસના લોચાઓ છે, જેમાંના કેટલાક છેક પીઠ ઉપર વલગેલા છે અને કેટલાક ગરદન સુધીજ લંબાયલા છે. માથાંને ટેકાવનારા એટલે ઊંચું ને ઊંચું રાખનારા માંસના લોચાઓ થાકી નહીં જાય એવી મતલબથી તેમને મદદ કરવાને માટે ઘોડાનાં માથાંના પાછલા ભાગથી તે ગરદનના છેક પાછલા ભાગ સુધી એક મજબુત ચીવટ સ્થીતીસ્થાપક ગુણ ધરાવનારો પટો કુદરતે પુરો પાડયો છે. આ પટો માથાંની ખોપરીનાં પાછલાં હાડકાં ઉપરથી નીકલી બરડાની કરોડનું પહેલું હાડકું કુદાવી જઈ બીજા હાડકાં ઉપર ચીટકે છે, જયાંથી તે ગરદનનાં જુદાં જુદાં સઘલાં હાડકાંઓને ચીટકતો આગલ વધે છે. જયારે ઘોડો ઘાંસ ચરતો હોય છે ત્યારે માથું નીચું થવાથી આ પટો રબરની માફક લંબાય છે અને માથાંને પાછું ઊંચું ખેંચી લેવાને તઇયાર રહે છે. તે જનાવરની મરજીમાં જેવું આવ્યું કે માથું હવે ઊંચું કરવું કે તરતજ આ ખેંચાઈ રહેલો પટો પોતાના સ્થીતીસ્થાપક ગુણને લીધે જોરથી પાછો સંકોચાય છે અને તેના સંકોચાવાથી માંસના લોચાઓની કાંઈ ઘેણી મદદ વગર માથું પોતાની અસલી ઊંચાઈએ પાછું ઊંચકાય છે. એ રીતે ત્યારે એ પટો માથું ઊંચકનારા માંસના લોચાઓને કીમતી મદદ આપે છે.

માથાંને અને ગરદનને ઊંચકનારા માંસના લોચાઓ ગરદનની અને બરડાની ઉપલી બાજુએ છે, જયારે માથાંને અને ગરદનને નીચે કરનારા લોચાઓ ગરદનની અને છાતીની નીચલી બાજુએ ગોઠવાયલા છે. માથાંના અને ગરદનના એ લોચાઓ ધનુરવાનાં દરદમાં ઘણાખરા પહેલા સપડાય છે.

ઘોડાની આંખ ઊંઘાડ ઢાંક કરવાને અરથે માંસનાં લોચાઓની બે જોડ અગત્યની છે, જેઓમાંની એક જોડ આંખનાં ટોપચાંઓને બંધ કરે છે અને બીજી જોડ તેમને ઊંઘાડે છે.

ઘોડાની આંખને જુદી જુદી દીશાઓમાં ફેરવવાને કાજે છ જુદા જુદા લોચાઓ છે, જે સઘલા આંખના ડોલાને ફરતા ચીટકેલા છે. એ માહેલા ચાર સીધા પટાઓ સમાન છે, જેમાંનો એક ઉપર, એક નીચે, એક બહારની બાજુ અને એક અંદરની બાજુએ, એ પ્રમાણે ચીટકેલા છે. એ જુદા જુદા પટાઓના સંકોચાવાથી આંખ જુદી જુદી ચારે દીશાએ ફરી શકે છે. એ ચારે પટાઓ ભેગા બીજા બે પટાઓ છે, જે આંખને તેની ધરી ઉપર પઇડાંની માફક ફેરવવાને કામે લાગે છે. એ પ્રમાણે આંખના જે છ લોચાઓ છે તે ઉપ્રાંત આંખનો એક સાતમો લોચો છે, જે આંખના ડોલાને પાછલથી ચીટકેલો રહી જયારે કામ પડે છે ત્યારે આંખને અંદર ખેંચી લઈ તેનો બચાવ કરે છે. આ રીતે એ લોચાથી ઘોડાની આંખ જેવી અંદર ખેંચાઈ કે તરતજ આંખના ડોલાની પાછલ મુકેલી ચરબીની ગાદી દબાઈ તે ગાદી અંદરની બાજુએ ધસે છે. ચરબીની ગાદી એ પ્રમાણે અંદરની બાજુએ ધસવાથી ત્યાં આવેલાં આંખનાં ટોપચાં જેવાંજ એક છુપાયલાં ટોપચાં

ને તે બહાર ઢકેલે છે અને એ રીતે આંખની અંદરનાં ખુણામાંથી એક ત્રીજાં ટોપચા જેવો પરદો આંખની ઉપર ફરી વલી તેનું પુરેપુરૂં રક્ષણ કરે છે. ઘોડાની આંખ ઉપર અંદરની બાજુએ દબાણ કરવાથી આ ત્રીજું ટોપચું તરતજ બહાર નીકલી આવતું જણાશે.

નાકનાં ફીફ્રાંઓને પહોલાં સાંકડાં કરવાને માટે લોચાઓની ચાર જોડી છે, જે લોચાઓ ઘોડો જયારે ઘણોજ જોરમાં દોડતો હોય ત્યારે બહુજ ઝડપથી પોતાનું કામ બજાવી તેને જોઈતી હવા મોટા જથામાં પુરી પાડી શકે છે.

હોઠના લોચાઓ ઘણાખરા હોઠ ઉઘાડ ઢાંક કરવાને અને ઘાંસ દાણા વગેરે ખોરાક પકડવાને કામે લાગે છે. આ લોચાઓના લકવાથી ખોરાકની બાબદમાં ઘોડાને ઘણું ખમવું પડે છે.

ઉપરનું જડબું સ્થીર રહી જડબાંની ઉઘાડ ઢાંકમાં માત્ર નીચલુંજ જડબું કામ કરતું હોવાથી જડબાંને ઉઘાડ ઢાંક કરનારા માંસના લોચાઓ સઘલા નીચલાં જડબાંનેજ લગતા છે. નીચેનું જડબું બંધ કરવાને વાસ્તે જે માંસના લોચા છે તેમાંનો એક કાનનાં જે હાડકાં સાથે નીચલું જડબું જઈ મલે છે ત્યાંથી નીકલે છે, બીજો ઘોડાનો આખો ગાલ બહારથી રોકનારો જે માંસનો લોચો છે તે છે, અને ત્રીજો તેના ગાલની અંદરની બાજુએ છે. એ ઉપરાંત એક ચોથો છે, જે બંન્ને જડબાંની વચ્ચે અંદરથી દાઢોની આગલ ગોઠવાએલો છે. નીચલું જડબું ઉઘાડવાને માટે જે માંસના લોચાઓ છે તે ઘણાખરા જડબાંની હેઠલી બાજુએ આવેલા છે, જેમાંના કેટલાક ગરદનની બાજુએ રહી છેક છાતીનાં હાડકાં સુધી લંબાએ છે.

જીભ પોતેજ માંસના લોચાની બનેલી છે અને વલી એ માંસના લોચાને આગલ, પાછલ, ઉપર, નીચે, આજુબાજુ હીલાવવાને વલી બીજા કેટલાક ખાસ માંસના લોચા છે, જેમાંના ઘણાખરા જીભનાં હાડકાંને ચીટકેલા છે.

હવાની નલીનો ઉપરનો ભાગ પહોલો પેટારા જેવો છે અને તે પેટારો જુદાં જુદાં કુમલાં હાડકાંઓનો બનેલો છે. આ સઘલાં કુમલાં હાડકાંઓને તહરેવાર હીલચાલો આપવાને બહુ બારીક માંસના લોચાઓ છે, જેઓમાં સહેજ પણ ઠંડી લાગતાં દરદ પેદા પડે છે, અને હવા દમમાં લેતાં યા બહાર કહાડતાં તહરેવાર અવાજો નીકલે છે. આ લોચાઓમાં થતાં તાણથી ઘણીક વેલા જનાવર ગુંગલાઈને મરણ પામવાની ધાસ્તી રહે છે, જે વેલા તેની ઘાંટી બારીક હથીઆરે ઉઘાડી હવાને બીજો મારગ આપવાથી તેનો જીવ બંચાવી શકાય છે.

જે પ્રમાણે હવાની નલીનો ઉપરનો ભાગ પહોલો છે, તેજ પ્રમાણે ખોરાકની નલીનો પણ ઉપરનો ભાગ પહોલો છે. આ ભાગ પણ માંસના લોચાઓથી ભરપુર છે. આ માંસના લોચાઓ જુદા જુદા તબક્કામાં ગોઠવાએલા છે, અને તેઓ એવી રીતે ગોઠવાએલા છે કે જેથી ચવાએલો ખોરાક હોજરી તરફ આગલ વધે છે. ખોરાકની નલી પણ

એક માંસના લોચાની નલી હોય તે માફકજ છે, અને તેના માંસના લોચા ઉભા તેમજ ગોલ ગોઠવાયલા છે. એ લોચાઓ નલીના ઉપલા ભાગમાં ચટાપટાવાલા છે અને નીચલા ભાગમાં તે સઘલા ચટાપટા વગરના છે.

ઘોડાના કાનના માંસના લોચા ઘણીજ સરસ રીતે પુષ્ટ બનેલા છે. આ લોચાઓ કાનને આગલ પાછલ અને બાજુએ હીલાવે છે. ઘોડાની ચપલાઈનો આ કાનના લોચાઓની ઉપર મોટો આધાર રહે છે અને જે ઘોડાઓ કાનની હીલચાલના સંબંધમાં સુસ્તી બતાવે છે તેઓ ખમીરે પણ સુસ્ત અને દમ વગરના હોય છે.

ઘોડાની છાતીના માંસના લોચાઓ પુશકલ છે, પણ તેમનું હયાં વીગતવાર વરણન કરવાની કાંઈ પણ જરૂર નથી.

છાતી અને પેટ એ બંન્ને ભાગોને ભીત્તરમાંથી જુદા પાડનારો જે મોટો પરદો છે તે પરદો પણ એક માંસનો લોચોજ છે અને તે માંસનો લોચો દમ અંદર લેવાનાં અને દમ બહાર કહાડવાનાં કામમાં ઘણોજ અગત્યનો ભાગ બજાવે છે.

પેટના માંસના લોચા મુખ્ય કરીને પાંચ જોડીમાં વહેંચાઈ ગયલા છે. તેઓ સઘલા પેટની મધ્ય લીટીમાં આવીને મલે છે, જયાં એક સફેદ લીટી જણાય છે, તે સઘલા માંસના લોચા આંતરડાંઓનો ભાર ઝીલી રાખે છે, અને દમ લેવાનાં કામમાં તથા લીદ કરવાનાં કામમાં મદદ કરે છે.

પીઠ અને કમરના માંસના લોચાઓ મુખ્ય કરીને ચાર જોડીમાં વહેંચાએલા છે, જેમાંની પહેલી જોડી એટલી તો લાંબી છે કે તે છેક પાછલથી સફરા તરફનાં હાડકાંથી લંબાઈ આખી બરડાની કરોડ ઉપરથી પસાર થઈ કાનની બાજુએ આવેલાં હાડકાંઓને ચીટકે છે

ખભાંને તેમજ ઘુંટણ સુધીના આગલા પગના ભાગને હીલાવવાને તહરેવાર રીતે માંસના લોચાઓ ગોઠવાયલા છે, જે લોચાઓનું વીગતવાર વરણન કરવાની કાંઈપણ જરૂર નથી, પણ આગલા પગનાં ઘુંટણની નીચેના ભાગના માંસના લોચાઓનું ખાસ વરણન કરવાની ભારે અગત્યતા છે, કારણ કે લંગડાંપણાંના એ માંસના લોચાઓની લચક વગેરે દરદો મુખ્ય કારણો છે. એ ઘુંટણની નીચેના ભાગના જે માંસના લોચાઓ મુખ્ય કરીને લચકાએ છે તે માત્ર ચાર છે. તેમાંના બે પગની આગલના ભાગમાં છે અને બે પાછલના ભાગમાં છે. આગલના ભાગમાંના લોચા ખભાંના હાડકાંની સાથે જોડાતાં મોટા નલાવાલાં હાડકાંની આગલી સપાટી ઉપરથી નીકલી ઘુંટણ સુધી પહોલા માંસના લોચાઓના આકારમાં ઉતરે છે અને ઘુંટણ આગલ આવી પુગતાંજ તે માંસના લોચાઓ ગુંઠાઈ જઈ પાતલાં દોરડાંનો આકાર પકડે છે. આ પાતલાં દોરડાંઓને તેમની જગ્યાએ સાચવી રાખવાને તેમજ તેમની અને ઘુંટણની વચ્ચે ઘસારો થતો અટકાવવાને અરથે ઘુંટણ ઉપર એક મજબુત ચીવટ પટો જડી લીધેલો છે, જે પટામાં પાડેલાં કાણાંઓમાંથી

તે દોરડાં પસાર થઈ નીચલા નલાવાલાં હાડકાં ઉપર ઉતરે છે. હયાં એક લોચાનું દોર મોટાં પાંયખડનાં હાડકાંને ચીટકે છે અને બીજું દોરડું જે આગલાં દોરડાં કરતાં મોટું છે, તે આગલ વધી નહાનાં પાંયખડનાં હાડકાં ઉપરથી પસાર થઈ ખડીનાં મોટાં હાડકાંની આગલી સપાટી ઉપર ચીટકે છે. આ દોરડાંઓ અથવા માંસ તંતુઓ આગલો પગ લંબાવવાનું કામ કરે છે, જેમાંનો નહાનો માંસતંતુ મોટાં પાંયખડ સુધીનોજ ભાગ લંબાવે છે અને મોટો માંસતંતુ ખડી સુધીનો આંખો પગ લંબાવી શકે છે.

પાછલના ભાગમાં આવેલા જે બે માંસના લોચા વારેશ્વડીએ મોરચાય છે, તે માંસના લોચગોનું કામ પગના જુદા જુદા સાંધાઓને વાલવાનું છે. એ પાછલના ભાગના લોચાઓ પણ ખભાંનાં હાડકાંની સાથે જોડાતાં મોટાં નલાવાલાં હાડકાંની ઉપરથીજ નીકલે છે, પણ તેઓ તેની આગલી સપાટી ઉપરથી નીકલવાને બદલે પાછલી સપાટી ઉપરથી નીકલે છે. એઓ પણ ઘુંટણ સુધી માંસના લાથાના આકારમાં ઉતરે છે અને ઘુંટણ આગલ આવી પુગતાંજ તે માંસના લાથાઓ ગુંદાઈ જઈ પાતલાં દોરડાંનો આકાર પકડે છે. આ પાતલાં દોરડાંઓ પણ ઘુંટણ ઉપરના પેલા ચીવટ પટાથી પોતાની જગ્યા ઉપર મજબુત રહે છે. આ દોરડાંઓ હવે નીચલા નલાવાલાં હાડકાં ઉપર ઉતરે છે અને મોટાં પાંયખડના સાંધા સુધી આવતાંજ હવે તેઓ જુદો રસ્તો પકડે છે. એ દોરડાંઓમાંનું એક દોરડું જે નહાનું છે તેની એ મોટાં પાંયખડના સાંધા આગલ બે ફાડ થઈ જાય છે જે ફાડની વચેથી મોટું દોરડું પસાર થઈ આગલ વધે છે, અને નાહ્રહરડીની ઉપરથી પસાર થઈ ખડીનાં હાડકાંની પાછલી બાજુએ આવેલા ખાડાની સપાટીને ચીટકે છે.

પેલું નહાનું દોરડું બે ફાડમાં વહેંચાઈ જવા પછી સહેજ આગલ વધી નહાનાં પાંયખડનાં હાડકાંની બહારની તેમજ અંદરની બાજુને ચીટકે છે.

પગની પાછલના ભાગમાં આવેલા એ બે માંસના લોચાઓની જોડે જોડ એક ચીકાશવાલો પટો છે અને તે એ બંને લોચાના માંસતંતુઓની સાથે એટલો તો અતલગનો સંબંધ રાખે છે કે સાધારણ માણસો તેને પણ માંસતંતુના નામથીજ ઓલખે છે. આ ચીકાશવાલો પટો પણ બે માંસતંતુઓ ભેગો વારંવાર લચકાએ છે અને તેથી કરીને આ જગ્યાએ તેનું કાંઈક વરણુન કરવું વાજબી લાગે છે. આ ચીકાશવાલો પટો નહાનાં નલા વાલાં હાડકાંનાં માથાંના પાછલા ભાગમાંથી નીકલી પાંયખડ તરફ જાય છે, અને નહાનાં નલાવાલાં હાડકાંના નીચલા છેડા તરફ પુગતાં તેની બે ફાડ થાય છે, ત્યાંથી તેની બંન્ને ફાડ આગલ વધી મોટાં પાયખડનાં હાડકાંની પાછલ જે બે નહાનાં હાડકાં છે તે હાડકાંઓને મજબુટ ચીટકી બેસે છે.

જાંગના કુલ્લાંના લોચા, જાંગના થાપાના લોથા અને ટેટાંના લોચાઓનું વરણુન એક સાધારણ વાંચનારને તો ખરેજ કંટાલા ભરેલું થઈ પડે એવું છે. પાછલા પગની મોટી ઘુંટીની નીચેના ભાગના લોચાઓ ઘણાજ અગત્યના છે અને તેમનો અભીઆસ કરવો

જરૂરનો છે, પણ તેમની સઘલી રચના આગલા પગના ઘુંટણ નીચેના ભાગને બરોબર મલતીજ હોવાથી તેમનું હયાં ખાસ વરણન કરવાની કાંઈએ જરૂર નથી.

સફરાના, માદીની કાયાના તેમજ બદનની અંદરના બીજા માંસના લોચાઓનું હયાં વરણન કરવાની કાંઈ પણ જરૂર નથી. પણ આ લોચાઓનું વરણન પુરૂં કરીએ તે અગાઉ ચેહેરો, છાતી, ખભાં, પીઠ, અને પેટ સુધીની ચામડીને ધ્રુજાવનારા અને તેમાં કરચલી લાવનારા એક અગત્યનો ભાગ બજાવતા માંસના લોચાને આપણે ભુલી જવો જોઈતો નથી. એ માંસનો લોચો જુદાં જુદાં હાડકાંઓની સપાટી ઉપરથી નીકલી ચેહેરાની, છાતીની, ખભાંની, પીઠની, અને પેટની ચામડીમાં દાખલ થાય છે. એનું કામ ઝડપથી ચામડીને ધ્રુજાવવાનું અને તેની સપાટી ઉપર એકદમ કરચલી વાલવાનું છે. જનાવરના બદનના જુદા જુદા ભાગ ઉપર બેસતી માખો અને બીજા જીવડાઓને ઉરાડવાને તેમજ ધુલ વગેરે કચરો ખંખેરી નાખવાને એ માંસનો લોચો બહુજ કામનો છે.

ચામડી અને બાલ.

ચામડીનાં મુખ્ય કરીને બે પડ છે, જેમાંનું એક પડ ખરી ચામડી તરીકે અને બીજું ખોટી ચામડી તરીકે ઓલખાય છે. આપણા હાથને બહારથી જે ભાગ લાગે છે તે ખોટી ચામડી છે, એ ખોટી ચામડી તે ખરી ચામડીનોંજ એક ભાગ છે; ખોટી ચામડી અને ખરી ચામડી વચેનો ફરક એ છે કે ખરી ચામડીમાં બાલ પેદા કરવાની, પરસેવો કહાડવાની, ચોકસ પ્રવાહી જણસો ચુસી લેવાની, અને સ્પર્શ પીછાણવાની શક્તિ છે, જયારે ખોટી ચામડીમાં તેવું કાંઈએ નથી. વલી ખરી ચામડીમાંજ લોહીની નેસો છે જયારે ખોટી ચામડીમાં લોહીની નેસો મુદલ નથી. ખરી ચામડીમાં ચોકસ ચીકાશ કહાડનારી ગાંઠો મોટી સંખ્યામાં ગોઠવાયલી છે અને તેથી ચામડી સુંવાલી અને નરમ રહે છે. જયારે તાવ અને બીજા રોગોથી એક જનાવર દરદી બને છે ત્યારે આ ગાંઠો પોતાંનો ચીકાશ કહાડતી બંધ પડે છે અને તે વેલા તે જનાવરની ચામડી બહુજ ખડબચડી અને કઠણ બની તેની ઊપરના બાલ સુઈઆ જેવા ઉભા થાય છે. આ ચીકાશ કહાડનારી ગાંઠો બગલમાં, ઘુંટણમાં, પાછલા પગની મોટી ઘુંટીવાલા સાંધામાં અને ખડીની પછવાડેની ફાટમાં બહુજ મોટી સંખ્યામાં પંથરાયલી છે અને તેથી એ ભાગોની ચામડી ગમે એવી હીલચાલથી ઘસાઈ જવાને બદલે ચાલુ ચીકાશ પુરાયા કીધાથી સુંવાલી અને નરમ રહે છે: પણ જયારે ઘોડાવાલાની બેદરકારીથી એ ભાગો ઉપર ધુલ અને બીજો મેલ ચીટકી બેસે છે ત્યારે એ ચીકાશ કહાડનારી ગાંઠોની નલીનાં મુખ પુરાઈ જાય છે અને તેથી વધુ ચીકાશ નીકલતો બંધ પડે છે; એ રીતે ચીકાશ નીકલતો બંધ થવાથી એ સાંધાઓમાંની

ચામડીની સુકી થયલી કરચલીઓ અકેક સંગાતે ઘસાઈ સુકાં ખરપસાંને જનમ આપે છે, જે જો રહેવા દીધું તો આગલ જતાં વધારે દુખ પેદા કરી જનાવરની હીલચાલમાં ભારે હરકત કરે છે.

ખરી ચામડી જો એક વેલા નાસ પામી તો તે જલદીથી પાછી પેદા થતી નથી અને તેજ કારણને લીધે જીનની નીચે ઘસાતી ચામડીમાં ચાહાં પડી તે રૂજ આવતાં બહુ વખત લાગે છે. ચામડીને રૂજ આવતાં વખત લાગે છે એટલુંજ નહીં પણ અસલ ચામડી જેવી ચીવટ અને ખુબીવંતી એ નવી ચામડી હોતી નથી અને તેજ કારણને લીધે ત્યાં જલદીથી પાછો ઘસારો લાગુ પડે છે તેમજ ત્યાં આવતા નવા બાલો પણ પોતાનો અસલ રંગ ખોહી દે છે.

ખરી ચામડીમાંથી ચોકસ ભાગો ચાલુ બદનની બહારની સપાટી તરફ આવ્યા કરે છે અને જેમ જેમ તે ભાગો સપાટી તરફ આવતા જાય છે તેમ તેમ તેઓની જીવણશક્તિ ઓછી થતી જાય છે અને આખરે તેઓ મરણ પામે છે. ખોટી ચામડી જે છે તે ખરી ચામડીનો એ પ્રમાણે નીકલતો સઉથી બહારનો ભાગ છે અને તે બહારના ભાગની જીવણશક્તિ જયારે છેકજ મરણ પામે છે ત્યારે તે ભીંગડાંનાં યા ખોરાના આકારમાં ખરી પડે છે. આ રીતે ઘોડાની ચામડીનો બહારનો ભાગ હરરોજ ભીંગડાંના આકારમાં યા ખોરાના આકારમાં ખરતોજ જાય છે અને નીચેથી નવી ચામડીનું પડ સપાટી તરફ આવતુંજ જાય છે. એ ખોરો જો રોજ કહાડયો હોય તો તે તેના ખરા આકારમાં માલમ પડતો નથી, પણ જો ઘોડાનાં બદનને સાફ કીધા વગર બે ચાર દહાડા રહેવા દીધું હોય તો ખોરાથી તે ચીકાર ભરાઈ ગયલું માલમ પડે છે. આપણે આગલ જોયું કે ખરી ચામડી લોહીની નેસો, પરસેવાની ગાંઠો, અને બાલની નલીઓ વગેરેથી ભરાયલી છે, તેમજ તે ખરી ચામડી સ્પર્શશક્તિ પણ ઘણી ધરાવે છે. હવે જો એ ખરી ચામડીને બહારની હવાથી બંચાવી નહીં હોય તો એ લોહીની નેસો, પરસેવાની ગાંઠો તેમજ સ્પર્શશક્તિને માટે મુકેલા તંતુઓને ભારે જોખમ પહોંચે છે અને તેથી જનાવરને દરદ તેમજ દુખ થાય છે. આ સઘલી નાજુક ચીજોને બંચાવવાને અરથેજ તે કીરતારે બદનની બહારની સપાટી ઉપર ખોટી ચામડીનું પડ મેલ્યું છે, અને જો અકસ્માતથી તે પડ કોઈ વેલા નીકલી જઈ અંદરની ખરી ચામડી ઉઘાડી પડે છે તો તે જનાવરને ઘણીજ પીડા ખમવી પડે છે. જયારે બ્લીસ્તર મારવામાં આવે છે ત્યારે ખરી ચામડીની ઉપર તેની અસર થવાથી તે ચામડીમાંથી પુશકલ પાણી ઝરે છે, પણ તે પાણી સપાટી ઉપર આવતાં ખોટી ચામડીમાંથી તે પસાર નહીં થઈ શકવાથી ખોટી ચામડી ફુક્કાના આકારમાં ઉપસી આવે છે, જેને આપણે બ્લીસ્તર ઉઠયું એમ કહીએ છીએ.

ખરી ચામડીની અંદરથી એક પાતલી નલીની માફક બાલ બહાર નીકલે છે, તેનો નીચલો છેડો સેહેજ ફુલેલો છે, જેને બાલનું દડ કરીને કહે છે અને તેનો ઉપલો છેડો જે ખરી ચામડીમાંથી બહાર નીકલી ખોટી ચામડીમાંથી બહાર ફુટી નીકલે છે તે છેડે બહુ

અણીઆલો છે. ઘોડાનાં બદન ઉપર બાલ બે જાતના છે, જેમાં એક જાતના બાલો ઠંડીની અને ગરમીની મહોસમમાં બદલાએ છે અને બીજી જાતના બાલો હંમેશાં કાએમ રહે છે. માથાંના, ગરદનના અને પુછડીના બાલો કદી પણ બદલાતા નથી જયારે આખાં બદનના બાકીના બાલો જુદી જુદી મહોસમે બદલાએ છે, એટલે કે ગરમીની મહોસમમાં તેઓ વધુ સુવાલા અને ઠંડીમાં વધારે ખરબચડા તથા જાડા બને છે. જેમ ઘોડાની જાત ઊંચી તેમ તેના બાલની સફાઈ, સુંવાલીપણું, અને નરમાશ પણ ઉમદા હોય છે, અને જેમ તેની જાત હલકી તેમ તેના બાલની સફાઈ, સુંવાલાપણું, અને નરમાશ પણ ઉતરતી હોય છે.

ભેજું અને જ્ઞાનતંતુઓ.

આખાં બદનમાં પેદા થતી તરેહવાર હીલચાલોને જનમ આપતું નરમ, સફેદ, અને નાજુક ભેજું માથાંની ખોપરીની મજબુત દેવાલોની વચે સચવાએલું છે. ભેજાંની ઉપલી સપાટી સુંવાલી અને સહેજ ગોલાઈ ધરાવનારી છે, જયારે તેની નીચલી સપાટી ટેકડા ખાડાવાલી અને સહેજ ચપટી છે. ભેજું જે વસ્તુનું બનેલું છે તે જુદા જુદા બે રંગ ધરાવે છે; એક તદન સફેદ અને બીજો સહેજ કાલાશપર છે. એ બંન્ને રંગની વસ્તુ બહુજ નરમ અને નાજુક છે અને તેને સાચવવાને અરથે ભેજાંની આસપાસ જુદાં જુદાં ત્રણ ચીવટ પડો ફરી વલેલાં છે; એમાંનું એક પડ ઘણુંજ ચીવટ છે, બીજું ભેજાંની લોહીની નેસોને જાલીના આકારમાં વહેંચી નાખી પછી તેમને ભેજાંની વસ્તુ તરફ લઈ જવાનું કામ બજાવે છે, અને ત્રીજું પડ ચોકસ પ્રવાહીનો જથો ધરાવી ભેજાંની જુદી જુદી હાલત પ્રમાણે તે પ્રવાહીનો જથો વધારી યા ઘટાડી ભેજાંનું સમતોલપણું કાયમ રાખે છે.

ભેજું મુખ્ય કરીને ત્રણ ભાગનું બનેલું છે. તેમાંનો સઉથી મોટો ભાગ આગલ મુકેલો છે અને તેની વચમાં એક મોટો કાપ મુકેલો હોય તેમ જણાય છે. બીજો ભાગ ઘણોજ નહાનો છે અને તે પછવાડેથી મુકેલો છે. ત્રીજો ભાગ આગલથી પહોલો, પાછલથી સાંકડો, સહેજ ચપટો, અને ત્રીકોણાકાર છે તે બીજા ભાગની નીચે અને પહેલા ભાગની છેક પાછલ છે. આ ત્રણે ભાગો જુદાં જુદાં કામો બજાવે છે પણ તેની સમજ બહુ લંબાણ હોવાથી ત્યાં તે છોડી દેવાનું વાજબી લાગે છે. આ છેલો ભાગ માથાંની ખોપરીનાં પાછલાં હાડકાંમાં આવેલાં પેલાં મહોટાં કાણાં સુધી આવી પુગે છે અને ત્યાંથી તે ભાગ બરડાની ગદ્દ તરીકે લંબાઈ બરડાની કરોડનાં હાડકાંઓમાં દાખલ થાય છે. એ ઉપરથી તરતજ માલમ પડશે કે બરડાની કરોડમાં સમાયલી ગદ્દ તે સાધારણ હાડકાંઓમાં સમાયલી ગદ્દ જેવી નથી, પણ તે ભેજાંનો પાછલ લંબાતો પાતલો ભાગ છે, જે બરડાની કરોડનાં છેક છેડેનાં હાડકાંઓ સુધી પહોંચી વલે છે.

જાનવરી ઈચ્છાઓ, જાનવરી લાગણીઓ, અને જાનવરી હીલચાલો સઘલી ભેજાંની ઉપર આધાર રાખે છે. આ ઈચ્છાઓ પાર પાડવાને, આ લાગણીઓ જાણવાને, અને આ હીલચાલો પેદા કરવાને ભેજાં તરફથી નીકલીને બદનના જુદા જુદા ભાગોમાં સફેદ શાખાદાર અસંખ્ય તંતુઓ વહેંચાઈ જાય છે. એ તંતુઓની મદદથી ભેજું પોતાની ઈચ્છાઓ પાર પાડી શકે છે, પોતાની આસપાસે બનતા બનાવોનું અને બદનના જુદા જુદા ભાગોમાં થતા ફેરફારોનું જ્ઞાન મેલવી શકે છે અને તે મેલવેલાં જ્ઞાન મુજબ બદનના જુદા જુદા ભાગોની હીલચાલો પેદા કરવાને હોકમ કરી શકે છે. આ કારણને લીધે આ તંતુઓને **જ્ઞાનતંતુ**ના નામથી ઓલખવામાં આવે છે.

જ્ઞાનતંતુઓ તેમનાં જુદાં જુદાં કામ પ્રમાણે જુદાં જુદાં નામોથી ઓલખાય છે, પણ આપણે તેમને માત્ર બેજ જાતના તરીકે ઓલખીશું. એક જાતના જ્ઞાનતંતુ તે કે જેઓ ભેજાંની તરફથી બદનના કોઈ ચોકસ ભાગને ભેજાંનો કાંઈક હોકમ પહોંચાડે છે અને બીજી જાતના જ્ઞાનતંતુ તે કે જેઓ બદનના કોઈ ચોકસ ભાગની તરફથી ભેજાંને કાંઈક ચોકસ બનાવની ખબર પહોંચાડે છે. એ રીતે ભેજું ગોયાં બદન ઉપર રાજ ચલાવતો એક રાજા છે અને જ્ઞાનતંતુઓ તે ગોયા તેને ખબર પોંહચાડનારા અને તેની તરફથી થતા હોકમો લઈ જનારા કાસદો છે.

જેમ ભેજાંમાંથી જ્ઞાનતંતુઓ નીકલે છે અને જેમ તેની સાથે બદનના જુદા જુદા ભાગના જ્ઞાનતંતુઓ સંદેસા ચલાવે છે તેમજ ભેજાંના જુદા જુદા ભાગોમાંથી અને બરડાની ગદ્દદમાંથી પણ જ્ઞાનતંતુઓ નીકલી બદનના જુદા જુદા ભાગોને તેમના હોકમો પહોંચાડે છે અને બદનના જુદા જુદા ભાગોમાંથી આવતા જ્ઞાનતંતુઓ પણ તેમની સાથે ખબર વહેવાર ચલાવે છે.

જ્ઞાનતંતુઓને છેડા હોતો નથી કારણ કે તેઓ બદનના એક ભાગમાંથી નીકલી બીજા ભાગ સાથે જોડાઈ જાય છે. જ્ઞાનતંતુઓ એકેક સંગાતે ગુંથાઈ જઈ સેંકડો શાખાઓના આકારમાં વહેંચાઈ જાય છે, જેમ બનવાથી એક જ્ઞાનતંતુ કપાતાં બીજાં જ્ઞાનતંતુના શાખા સાથની તેની ગુંથણને લીધે બદનનો તે ભાગ પોતાની અસલ હાલત જાલવી રાખે છે. જ્ઞાનતંતુઓ કપાઈ ગયા પછી તેમના કપાએલા છેડાઓ તરફથી તેઓ નવેસરથી પેદા પડી તે કપાએલા છેડા થોડા વખતમાં પાછા જોડાઈ જઈ પોતાનું કામ બજાવી શકે છે.

ઉપર આપણે જે બે જાતના જ્ઞાનતંતુઓ કહ્યા તે ઉપરાંત એક ત્રીજી જાતના જ્ઞાનતંતુઓ પણ બદનમાં હસ્તી ધરાવે છે, જે જ્ઞાનતંતુઓ કલેજાં, હોજરી, દીલ, આંતરડાં, ગુરદાં વગેરે અવયવોની ઉપર અમલ કરી ભેજાંની મદદ વગર તેમનાં કામો કરાવ્યા જાય છે. આ જ્ઞાનતંતુઓ જોકે ભેજાંથી અને તેના જુદા જુદા ભાગોથી તદન એલાહેદા છે, તોપણ ભેજાંમાંથી નીકલતા તંતુઓ સંગાતે તેમની શાખાઓ એટલી બધીતો ગુંથાઈ

જાય છે કે ભેજાંની ઉપર થતી ખરાબ યા સારી અસર હોજરી, આંતરડાં, દીલ વગેરે અવ્યવો ઉપર થઈ શકે છે અને હોજરી, આંતરડાં, વગેરે અવ્યવોમાં થતી ખરાબ યા સારી અસર ભેજાંને લાગી શકે છે. એજ કારણને લીધે આંતરડાંમાં થતા કરમ ભેજાં ઉપર અસર કરી ચમક યા તાણને જનમ આપે છે અને અચબુચ ધાસ્તી યા બીજાં કારણને લીધે ભેજાં ઉપર થતી અસર હોજરી, આંતરડાં અને ગુરદાનાં કામોમાં એકદમ ધાસ્તી ભરેલી ખલલ કરે છે. એક સાધારણ માણસને જો કે આ સઘલી વાત પીંજણ જેવી લાગશે, તોપણ જુદાં જુદાં દરદોનાં મુલ સોધી કહાડવામાં આ બીના પક્કી ધ્યાનમાં રાખવાની ઘણીજ જરૂર છે. આપણા લોકોમાં સાધારણ કહેવત છે કે "દુખે પેટ ને કુટે માથું" તે કહેવત તદન ખરી છે, કારણ કે ઘણીક વેલા માથાંનો દુખારો હોજરીનાં દરદને લીધે હોય છે અને તે વેલા હોજરીનાં દરદની દવાઈ કરવાને બદલે માથું કુટયા કરવું એ પુરેપુરી બેવકુફી છે. એ હોજરીનાં દરદને લીધે માથું દુખે છે તેનું કારણ જેને જ્ઞાનતંતુઓને લગતી સમજ હશે તે તરત સમજી શકશે અને તરતજ તેના ઉપાયો લઈ શકશે. આ ચોપડીમાં જુદી જુદી બાબદો ઉપર જે સાધારણ માણસને સમજ પડે એવાં લખાણ કરવામાં આવ્યાં છે તેની મતલબજ એ કે, ઉટવઈદું કરવાને બદલે અક્કલથી સઘલાં દરદોના એલાજ કરવાને બની આવે.

ભેજાંમાંથી નીકલતા જ્ઞાનતંતુઓ સઘલા મલીને નવ જોડીમાં વહેંચાએલા છે. તેઓ જોડીમાં વહેંચાએલા છે તેનું કારણ એ કે, ભેજાંની જમણી બાજુએથી એક અને ડાબી બાજુએથી એક એ પ્રમાણે જોડ જ્ઞાનતંતુ નીકલે છે. એ જ્ઞાનતંતુઓની પહેલી જોડ નાકને વાસ લેવાની શક્તિ, બીજી જોડ આંખને જોવાની શક્તિ, ત્રીજી જોડ આંખને હાલચાલની શક્તિ પુરી પાડે છે અને એ પ્રમાણે જ્ઞાનતંતુઓની જુદી જુદી જોડ પોતાને નેમી આપેલાં જુદાં જુદાં કામો બજાવે છે; જેમ ભેજાંમાંથી જ્ઞાનતંતુઓની જોડી નીકલે છે તેમ તેના જુદા જુદા ભાગોમાંથી અને બરડાની ગદુદમાંથી પણ જ્ઞાનતંતુઓની જોડી બહાર નીકલી બદનના મુકરર કીધેલા ભાગોમાં વહેંચાઈ જાય છે.

ઉપર આપણે જે ત્રીજી જાતના જ્ઞાનતંતુઓ કહ્યા તે જ્ઞાનતંતુઓ બદનના જુદા જુદા અવ્યવોનાં ભીત્તરમાં યા તેમની પડોશમાં ગોઠવેલી જ્ઞાન ગાંઠોમાંથી નીકલે છે. દીલની અંદર, કલેજાંની નીચે, હોજરીની પડોશમાં અને એવીજ બીજી જુદી જુદી જગ્યાએ એ જ્ઞાન ગાંઠો ગોઠવાએલી છે અને તેમનામાંથી અસંખ્ય તંતુઓ બહાર નીકલી તેમની મુકરર કીધેલી જગ્યાએ જઈ પોત પોતાનું કામ બજાવે છે.

ભેજાંનું અને જ્ઞાનતંતુઓનું આ ટુંક વરણન હ્યાં પુરૂં કરી હવે એમાંના કેટલાક જ્ઞાનતંતુઓ જે અગત્યની શક્તિઓ પુરી પાડે છે તે શક્તિઓને લગતી ઈંદરીઓનું આપણે વરણન કરીશું.

ઇંદ્રીઓ.

આપણે આગલ જોઈ ગયા કે ભેજું જે છે તે બદનનો રાજા છે અને તેના હોકમો બદનના જુદા જુદા ભાગોમાં લઈ જવાને તેમજ બદનની અંદર તથા તેની આસપાસ બનતા બનાવોને લગતી ખબરો તેને પહોંચાડવાને જુદા જુદા જ્ઞાનતંતુઓ છે. હવે આ તંતુઓમાંના અમુક તંતુઓ અમુક કામોની ઉપરજ મુકરર કરેલા છે એમ પણ આપણે આગલ જાણી લીધું છે. હવે આપણે એ માંહેલા ચોકસ તંતુઓ જે ઇંદ્રીઓમાં જાય છે તે ઇંદ્રીઓની તપાસ લઈશું. ઇંદ્રીઓ સઘલી મલી પાંચ છે જેમાં એક જોવાની, બીજી સાંભલવાની, ત્રીજી સુંઘવાની, ચોથી સ્વાદ લેવાની અને પાંચમી સ્પર્શ કરવાની છે. એ જુદી જુદી ઇંદ્રીઓની ઉપર જુદા જુદા જ્ઞાનતંતુઓ મુકરર કીધેલા છે. એ ઇંદ્રીઓની મદદથીજ તે જ્ઞાનતંતુઓ જે ખબર મેલવવી જોઈએ તે મેલવી શકે છે અને જો તે ઇંદ્રીઓ નહી હોય તો તે જ્ઞાનતંતુઓ હોયલા પણ સરખા અને નહી હોયલા પણ સરખાજ છે. એટલુંજ નહીં, પણ જો તે ઇંદ્રીઓમાંના ચોકસ ભાગોને પણ અલવલ આવે છે તો જ્ઞાનતંતુઓનાં કામમાં ભારે હરકત થાય છે. દાખલા તરીકે જો આપણે આંખ બંધ કરીએ તો જોવાની શક્તી ઉપર મુકરર કીધેલો જ્ઞાનતંતુ પોતાનું કામ કરી શકતો નથી અને તેટલો વખત જોવાની શક્તિનો જ્ઞાનતંતુ હોવા છતાં તે પોતાને નેમી આપેલું કામ બજાવી શકતો નથી. ઇંદ્રીના ચોકસ ભાગમાં થતી ખલલના દાખલા તરીકે જો નાકનાં અંદરનાં પડ ઉપર સોહજો આવ્યો હોય છે અને તે પડ સુકું થઈ ગયું હોય છે તો તેટલો વખત સુંઘવાની શક્તિ ઉપર મુકરર કીધેલો જ્ઞાનતંતુ પોતાનું કામ કરી શકતો નથી. જેઓને સરકમ થયો હશે તેઓનો અનુભવ આ વાતની તેમને ખાતરી આપયા વીના રહેશે નહી. એથી ઉલટુંજ, જો ઇંદ્રીઓ સાબેત હોય પણ તેમના જ્ઞાનતંતુમાં કાંઈ દરદ થયું હોય તો તે ઇંદ્રીઓ પણ જે પોતે જાણે છે તેની ખબર ભેજાને પહોંચાડી શક્તિ નથી અને જેને આપણે દેખતી આંખે અંધાપો થયલો કહીએ છઈએ તેવી હાલત થઈ પડે છે, એટલે કે આપણને આંખનો બારીક બારીક બાંધો સઘલો તનદરોસત લાગે તે છતાં આંખની ઉપર મુકરર કીધેલો જ્ઞાનતંતુ દરદી થવાથી ભેજા સાથ તે વહેવાર ચલાવી શકતો નથી અને ખરેખરજ દેખતી આંખે અંધાપો આવે છે.

એ રીતે જોતાં માલમ પડે છે કે બદનની આસપાસ બનતા બનાવોની ખબર રાખવાને ખાતર માત્ર જ્ઞાનતંતુઓનીજ જરૂર નથી, પણ તે જ્ઞાનતંતુઓ તે ખબર મેલવી શકે એવી ચોકસ ઇંદ્રીઓની પણ જરૂર છે. જુદી જુદી ઇંદ્રીઓ જુદી જુદી ખબરો મેલવવાને માટેજ મુકરર કીધેલી છે અને તે જુદી જુદી ખબરો મેલવવાનાં સાંધણ તરીકે તે ઇંદ્રીઓને જુદી જુદી બનાવટો આપેલી છે. દાખલા તરીકે આંખ માત્ર જોવાનુંજ કામ બજાવી શકે છે અને કાન માત્ર સાંભલવાનીજ શક્તિ ધરાવે છે. એકની ઉપર માત્ર રોશનીનાંજ કીરણો અસર કરી શકે છે, જયારે બીજાની ઉપર માત્ર અવાજના

મોજાઓજ અસર કરી શકે છે. આંખ બંધ કરીઆ પછી કાનની મદદથી કાંઈ સુર્યનાં કીરણ જોવાઈ શકાવાનાં નથી, યા નાક બંધ કરી કાંઈ આંખની મદદથી મોગરાંનો મહેકાર સુંઘાઈ શકાવાનો નથી. એ સઘલાંનું કારણ એટલુંજ કે, જુદી જુદી ઈંદ્રીઓ જુદી જુદી બનાવટોથી બનેલી છે અને તે બનાવટોની તનદરોસત હાજરી ઉપરજ તે ઈંદ્રીઓની સંપુરણ શકિતનો આધાર રહે છે.

જોવાની ઈન્દ્રી—આંખ.

માથાંનાં અને ચહેરાનાં ચોકસ હાડકાંઓની મદદથી બનેલા એક ગોખલાની અંદર આંખનો ગોલો ગોઠવવામાં આવેલો છે. આ ગોલો ત્રણ પડનો બનેલો છે. તે ત્રણે પડોથી બનતા ગોલાનાં ભીત્તરમાં વલી ત્રણ જાતનાં રસ સમાવેલા છે અને તે ગોલાને હીલચાલ કરાવવાને અરથે તેની બહારની ગોલ સપાટી ઉપર સાત જુદા જુદા માંસના લોચાઓને ગોઠવી દીધા છે. ઘોડાની આંખનો બચાવ કરવાને તેને હાડકાંના ગોખલામાં ગોઠવી છે તેમજ તેને બે ટોપચાં અને પાંપણ ઉપરાંત એક ત્રીજું પણ ટોપચુ તે કીરતારે બખશયું છે. આંખના બાંધામાં એટલી બધી ચીજો આવે છે તે ચીજોમાંથી ટોપચાં અને પાંપણનું વરણન કરવાની કાંઈ અગત્ય નથી. તેનાં ત્રીજાં ટોપચાં વીશે તેમજ તેના ગોલાને હીલવનારા માંસના લોચાઓ વીશે આપણે આગલ બોલી ગયા છઈએ. હવે તે ગોલાનાં ત્રણ પડો વીશે અને તેના ભીત્તરમાં સમાએલા રસો વીશેજ ત્યાં આપણને બોલવાનું રહ્યું છે.

આંખના ગોલાનાં ત્રણ પડો તે એકેકની અંદર ગોઠવાએલાં છે. સઉથી બહારનું જે પડ છે તે બે ભાગમાં વહેંચાઈ શકાય છે. તે પડનો પોણો ભાગ જે આપણને કોઈ કોઈ વેળાજ નજરે પડે છે તે તદન સફેદ રંગનો છે અને અપારદર્શક છે. આ અપારદર્શક સફેદ રંગના પોણા ભાગમાં (જેમ ગજવામાં રાખવાનીં ઘડીઆલનો કાચ બેસાડયો હોય તેમ) એ પડનો બાકીનો પા ભાગ જે આપણને આગળથી દેખાય છે તે બેસાડેલો માલમ પડે છે. આ બાકીનો પા ભાગ પારદર્શક છે અને આંખ તરફ નજર કરતાં જે ઉપસી આવેલો કાચ જેવો ભાગ પહેલ વહેલો આપણી નજરે પડે છે તે એ છે. એ પ્રમાણે ત્યારે એ સઉથી બહારનું પડ પા પારદર્શક અને પોણું અપારદર્શક છે.

હવે એ પહેલાં પડની પછવાડે બીજું પડ ગોઠવાએલું છે. આ બીજું પડ રંગીન છે અને તે રંગ ઘણું કરીને કાળો હોય છે. આ રંગીન પડની અંદરથી વળી ખુલા લીલા રંગનું એક ભભુકદાર ચક્કર છે, જેને જગમગતા ગલીચાનાં નામથી ઓલખવામાં આવે છે. આ બીજાં પડના આગળા ભાગમાં એક ઘણોજ નાજુક પરદો તાંગવામાં આવેલો છે, જે પરદો સંકોચાઈ તેમજ પહોલો થઈ શકે છે. આ પરદાની ઝાલર એ પરદાના મધ્યબીંદુમાં એકઠી થવાથી ત્યાં એક બારીક કાણું માલમ પડે છે, જે કાણાંને આપણે આંખની કીકીનાં નામથી ઓલખીએ છઈએ. જેમ પેલો પરદો સંકોચાય છે

તેમ પેલી ઝાલર તે પરદાના મધ્યબીંદુમાંથી ખેંચાઈ જાય છે અને તેથી તેની વચમાંનું એ કાણું મોટું થાય છે, જેને આપણે કીકી મોટી થઈ એમ કહીએ છઈએ. ત્યારે આ પરદાની હીલચાલ ઉપર કીકીનાં નાહનાં મોટાં કદનો આધાર રહે છે.

એ બીજાં પડની પછવાડે ત્રીજું પડ છે, જે આંખના ગોલાના છેક પાછળા ભાગમાંથી પેવશ થઈ પંથરાઈ જતા આંખના જ્ઞાનતંતુ શીવાય બીજાં કશાંનું બનેલું નથી. આંખના જ્ઞાનતંતુના પંથરાઈ જવાથી બનતું એ ત્રીજું પડ બહુજ નાજુક છે અને જે સઘળી ચીજો દેખાય છે તે એ પડ ઉપર પડતાં આબેહુબ ચીત્રને લીધે છે.

આંખના ગોલાનાં એ ત્રણ પડ વરણવ્યા પછી હવે તે ગોલાની અંદર સમાએલા રસો આપણે તપાસીએ. જેમ ગોલાનાં પડ ત્રણ છે, તેમ તેમાં સમાએલા રસ પણ ત્રણ છે. તેમાંનો પહેલો તદન પાણી જેવો છે અને કીકીના પરદાની આગલી બાજુએ તેમજ પાછલી બાજુએ તે ફરી વલેલો છે એટલે ગોયા કીકીનો પરદો એ રસની અંદર તરતો તાંગેલો છે. એ રસ તદન પારદર્શક છે.

બીજો રસ કહણ છે અને તે એક આગીઆ કાચની માફક બંન્ને બાજુથી ઉપસેલો અને ગોલ છે, બચ્ચાંઓને ખાવાની નહાની લીંબુની પેપરમીંતને તે બરોબર મલતો આવે છે, પણ એટલું કે તે કાચની માફક તદન પારદર્શક છે.

ત્રીજો રસ જે છે તે પણ તદન પારદર્શક છે, પણ તે સહેજ બંધાએલી જેલી જેવો ઘટ છે અને તદન પારદર્શક જાલીની ગુંહણના એક પડમાં તે વીંટલાંએલો હોવાથી તેનાં ઘટપણાંમાં વધારો થાય છે. પેલો આગીઆ કાચ જેવો કહણ રસ ગોયા આ રસની વચોવચમાં બેસાડી દીધો હોય એવું લાગે છે.

આંખની તનદરોસ્તીને માટે એટલું અવસ્યનું છે કે તેનાં સઘળાં પડ અને તેના સઘળા રસો સારી હાલતમાં હોવા જોઈએ, તેના બાંધામાં થતી સહેજ પણ ખલલ દર્શણ શક્તિને મોટું નુકસાન પહોંચાડે છે. આગલાં પડો ઉપરનું કીકી આગળ આવતું એક પણ ધાબું ખરો ચીતાર આપવામાં હરકત કરે છે અને તેના રસોમાં આવતું સહેજ પણ ગદલાપણું ખરા ચીતારની ખુબીને થોડી યા ઘણી ઝાંખી કરી નાખવાને પુરતું છે. છારી, ફુલાં, અને મોતીઆ એ આંખનાં દરદો ઘણાંજ નજીવાં મુળમાંથી જનમ પામે છે, પણ આંખની ઈંદ્રીને રદ કરવાને તે પુરતાં છે. એજ પ્રમાણે પહેલાં પડની ગોળાઈ જો બરોબર રહેતી નથી યાને જો તે વધારે ચપટી થાય છે યા વધારે ગોળ થાય છે તો તેથી પણ એક ઘોડાની આંખ લગભગ નકામી થઈ પડે છે. એ દરદને માટે માણસો ચશમા પહેરીને કામ ચલાવી શકે છે, પણ ઘોડા જેવાં જનાવરને તેવી મદદ નહીં મલતી હોવાથી તે એટલી સહેજ ખાંમીને લીધે રદ જેવો ગણાય છે.

તબેલાની દેવાલોમાંનો યા કટેરામાંનો એકુ ખીલો, ઘાંસનું એકુ તણખું, ઘોડાના ધણીની એકુ લાકડી ચાબકાની ચીમકી, યા ઘોડાવાલાનો કહેર ભર્યો એકુ મહોડાં ઉપરનો

ફટકો એક કીમતી ઘોડાની આંખને રદ કરવાને પુરતાં છે, માટે એ સંબંધમાં જનાવરની જેટલી ચોકસાઈ રખાય એટલી થોડી કહેવાય.

સુંઘવાની ઈન્દ્રી—નાક.

ઘોડાનું નાક મુખ્ય બે કામો બજાવે છે, એક સુંઘવાનું અને બીજું હવાને રસ્તો આપવાનું. જોકે માણસમાં, કુતરાંમાં, બીલાડાંમાં અને બીજાં જનાવરોમાં પણ નાક એ બંન્ને કામો બજાવે છે તોપણ શ્વાસોશ્વાસને ખાતર તેમનું મહોડું પણ કામે લાગી શકે છે અને નાક બંધ હોય તો તેઓ મહોડાંવાટે દમ લઈ શકે છે, પણ ઘોડાની જાતનાં જનાવરોમાં શ્વાસોશ્વાસને માટે નાક સીવાય બીજો કોઈ પણ રસ્તો નથી. એ કારણને લીધે ઘોડાનાં નાકનાં ફીફરાં ઘણાંજ પહોલાં તેમજ તેનાં નસકોરાંની અંદરનો સઘળો માર્ગ ઘણોજ મોટો છે. તેનાં નાકનાં ફીફરાં જેમ પહોલાં તેમ તેની દમ લેવાની શક્તિ વધુ પુખ્ત થયલી ગણાય છે અને એક ઝડપી ચાલના ઘોડામાં પુરતી રીતે પુખ્ત થયલાં પહોલાં ફીફરાં તો ભારે અવસ્યનાં છે. જે ઘોડાનાં નાકનાં ફીફરાં પુખ્ત થયલાં નહી તેની દમ લેવાની શક્તિ ઘણીજ ઓછી સમજવી અને તેનાં ફેફસાં પણ તે ફીફરાંની પહોલાઈનાંજ પ્રમાણમાં ઓછાં પુખ્ત થયલાં માની લેવાં.

ઘોડાનાં નાકનાં બંન્ને નસકોરાં તેમની વચ્ચે આવેલાં એક કુમળાં હાડકાંથી છુટાં પડેલાં છે, અને તે નસકોરાંનો આખો મારગ બહુજ નાજુક ચામડી જેવાં પડથી રોકાયલો છે. આ નાજુક પાતલાં ચામડી જેવાં પડમાંથી હમેશાં ભીણાશ નીકળ્યા કરે છે, જે નસકોરાંની સપાટીને સદા ભીણીને ભીણી રાખે છે, જે ભીણાશ વગર સુંઘણ શક્તિ કામ કરી શકતીજ નથી. આ નાજુક પડ નસકોરાંમાંથી લંબાઈ કપાલનાં ઉપલાં જડબાંનાં વગેરે જે હાડકાંઓ નાકની સાથે સંબંધ રાખતાં આપણે આગળ જણાવી ગયા છઈએ તે હાડકાંઓની અંદરની સપાટી ઉપર પણ પંથરાય છે, અને માથાંની ખોપરીના નીચલા ભાગમાં આગળથી આવેલાં પેલાં જાલીદાર હાડકાંમાંથી સુંઘણશક્તિનો જ્ઞાનતંતુ પેવશ થઈ એ નસકોરાંનાં પાતલાં પડ ઉપર પંથરાઈ વલે છે. એ જ્ઞાનતંતુ પંથરાતી વેલાએ કાંઇકિ હજારો બારીક શાખાઓમાં વહેંચાઈ જાય છે અને નાકને તે સુંઘણશક્તિ પુરી પાડે છે. પોતાનો ખોરાક પસંદ કરવામાં ઘોડો આ સુંઘણશક્તિનો ઠીક ઉપયોગ કરે છે, અને તેજ સુંઘણશક્તિથી તે પોતાના ધણીને યા પારકાં માણસને પણ ઓલખી શકે છે.

સાંભલવાની ઈન્દ્રી—કાન.

સાંભલવાની ઇંદ્રીનો સાંચો ઘણીજ સીફતથી બનાવેલો છે અને તેનો અભ્યાસ તે કીરતારની કારીગરીની ખુબી દરશાવવાને પુરતો છે. કાનનાં દરદો બહારથી પારખવાં ઘણાંજ મુશકેલ છે અને તે દરદો વીશેનું જ્ઞાન એટલું તો થોડું છે કે કામનાં દરદો માત્ર આંગલી ઉપર ગણાય એટલાંજ જણાયલાં છે. એ રીતે કાનનાં દરદો એક સાધારણ મા-

ણસને અગત્યનાં નહીં હોવાથી અને કાનના સાંચાનો અભ્યાસ બહુજ બારીક અને મુશ્કેલ હોવાથી કાનની ઈંદ્રીનું ઘ્યાં લંબાણ વરણન કરવું વાજબી લાગતું નથી.

સ્વાદ પારખવાની ઈન્દ્રી—જીભ.

જીભ ઘણું કરીને માંસના લોચાઓની બનેલી છે. તે પોતે ગોયા એક માંસનો લાથો છે અને તે માંસના લાથાની ઉપર ફરી વલતી ચામડીમાં બારીક બારીક દાણા જેવી પુશકલ ગાંઠો ગોઠવાયલી છે, જે ગાંઠોનાં બદનમાં સ્વાદ પારખનારો ગ્નાનતંતુ પોતાની શાખાઓ દાખલ કરે છે. ત્યારે ખરૂં જોતાં જીભની સપાટી ઉપર, જે બારીક બારીક દાણાઓ છે તે દાણાઓમાં સ્વાદ પારખવાની શક્તિ સમાયલી છે. ખોરાકને પકડવાને, ખોરાકને મોંહમાં દાખલ કરવાને, ખોરાકને દાઢોની વચે અને મહોંમા જુદા જુદા ભાગોમાં ફેરવવાને, ચાવેલા ખોરાકને ખોરાકની નલી તરફ મોકલવાને, પાંણી પીવાને; અને જુદી જુદી ચીજોના સ્વાદ પારખવાને જીભ સરજેલી છે. જીભનાં આં કામમાં તેની સપાટી ઉપરના દાણાઓ, અને થુકની જુદી જુદી ગાંઠો મદદ કરે છે.

જીભની સપાટી ઉપરના દાણાઓ મુખ્ય કરીને ત્રણ જાતના છે અને તે દાણાઓમાં ચહડતો સહેજ પણ સોજો જીભની સ્વાદ શક્તિ બગાડી નાખવાને પુરતો છે. ગરમ ગરમ વસ્તુ મહોંમાં લેવાથી જેમની જીભ દાઝી ગઈ હશે તેમને એ બાતનો ઠીક અનુભવ હશે. વલી એ દાણાઓ પોતાનું કામ બરોબર કરી શકે એટલા માટે થુકની મદદની જરૂર છે અને જયારે પણ થુક નીકલતી બંધ પડી જીભ સુકી થાય છે ત્યારે ગમે એવી સ્વાદીષ્ટ ચીજ પણ બેસ્વાદ લાગે છે. સાધારણ તાવના પહેલા તબકામાં એ પ્રમાણે થુક નીકલતી બંધ થાય છે અને તે વેલા સઘલી સ્વાદીષ્ટ ચીજો બેસ્વાદ લાગે છે તેનો સૌ કોઈને સારો અનુભવ હોવો જોઈએ.

એ રીતે જોતાં ત્યારે સ્વાદશક્તિને માટે થુક એ ઘણીજ અગત્યની ચીજ છે અને તે પુરી પાડવાને અરથે કુદરતે પુશકલ થુકની ગાંઠો ઘોડાનાં મુખમાં ગોઠવી દીધી છે. એમાંની એક ગાંઠ ઘણીજ મોટી છે, જે નીચલું જડબું જયાં કાનનાં હાડકાં સાથે જોડાય છે ત્યાં જમણી અને ડાબી બાજુએ અકેકી આવેલી છે અને ત્યાંથી તે ગાંઠ આગલ પાછલ અને હેઠલ લંબાય છે. આ ગાંઠમાં વારંવાર સોજો ચહડી આવે છે યા ઘડગુમડાં થાય છે માટે એ ગાંઠની જગ્યા ધ્યાનમાં રાખવાની જરૂર છે. આ ગાંઠ બહુજ મોટી છે અને તે વલી સેંકડો બારીક ગાંઠો થુક પેદા કરે છે અને દરેકમાંથી નહાની નહાની નલીઓ નીકલી ત્યાર પછી એક મોટી નલી બને છે, જે નલી ત્રીજી દાઢ આગલ મહોડાંની અંદરના ભાગમાં ઉઘડે છે, જયાંથી થુકનો મોટો જથો મહોંમાં દાખલ થાય છે.

થુકની બીજી ગાંઠ જે આગલી કરતાં નહાની છે, તે નીચેનાં જડબાંના પાછલા અને હેઠલા ભાગમાં આંવેલી છે; એ પણ એક જમણી અને બીજી ડાબી બાજુએ છે. સ્તરે-

નગલસ, ગલાનદરસ અને એવાં બીજાં દરદોમાં એ ગાંઠ બહુજ મોટી થઈ આવે છે. એ ગાંઠોની નલીઓ જીભ જયાં આગલથી મહોડાંને ચીટકેલી છે અને જે જીભદોરને નામે ઓલખાય છે, તે જીભદોરની બન્ને બાજુએ ઊઘડે છે. આગલા દાંતોની પછવાડે આસરે બે ઈંચ દુર જીભદોરની બન્ને બાજુએ નજર કરતાં એ નલીઓના ઉપસી આવેલા છેડા તરતજ નજરે પડશે. આ છેડા સ્તરેનગલસ અને એવાંજ બીજાં દરદો પછી સુજેલાજ રહે છે અને અજ્ઞાન ઊંટવૈદો તેને મોટાં દરદ તરીકે લેખી તેમને બાલી યા કાપી નાખવાની તજવીજ કરે છે.

થુકની ત્રીજી ગાંઠ જે બીજી કરતાં પણ નહાની છે તે કાંઈક અસંખ્ય ભાગોમાં વહેંચાઈ જઈ મહોડાંની જમણી અને ડાબી બાજુએ ઊઘડે છે. એની નલીઓના છેડા બારીક દાણા જેવા દેખાય છે અને જયારે સોજો ચહડવાથી તેઓ મોટા થાય છે ત્યારે ઊંટવૈદો તેમને પણ બાલી નાખવાની યા કાપી નાખવાનીજ તજવીજ કરે છે.

આ ત્રણ મુખ્ય ગાંઠો ઉપ્રાંત હોઠોમાં, અવાળુમાં, તાળુમાં અને મહોડાંની અંદરનાં પડના જુદા જુદા ભાગોમાં બીજી પુશકલ ગાંઠો છે, જે રાત ને દહાડો થુક ગેરવ્યા કરી મહોડાંને ભીણું ને ભીણુંજ રાખે છે.

માણસ જાતની સ્વાદશક્તિમાં મહોડાંનું તાળુ પણ મુખ્ય ભાગ બજાવે છે, પણ ઘોડાનાં તાળુમાં તે શક્તિ છે કે નહીં તે આપણ કાંઈ કહી શકતા નથી. તોપણ ખોરાક ચાવવામાં એ તાળુ ઠીક મદદ કરે છે એમાં તો કાંઈ પણ શક નથી અને તેનાં તાળુની કઠણ સપાટી ઉપર આગલથી પાછલ સુધી લંબાતી ઉપસી આવેલી કટેરા જેવી લીટીઓ તે કામ સારી રીતે બજાવી શકે છે. આ કટેરા જેવી ઉપસી આવેલી લીટીઓમાં ઘણી વાર સોજો ચહડે છે અને સઘલી વાતે પુરવીન બનેલા ઊંટવૈદો ધગધગતાં લોખંડ હાથમાં લઈ તરતજ તેનો એલાજ કરવા બહાદુરીથી બહાર પડે છે !

સ્પર્શ કરવાની ઈન્દ્રી—ચામડી.

આખાં બદન ઉપરની ચામડી સ્પર્શ કરવાની ઈંદ્રી તરીકે કામ કરે છે. ચામડીને લગતું વરણુન આગલ કરવામાં આવ્યું છે એટલે તે ત્યાં ફરીથી વરણુવવાની જરૂર નથી. સ્પર્શશક્તિને લગતા જ્ઞાનતંતુઓ ખરી ચામડીની સંપાટી ઉપર બહુજ સુક્ષમીક દાણાઓમાં ગોઠવાયલા છે. જો ખરી ચામડી ઊઘાંડી પડે છે તો આ સુક્ષમીક દાણાઓ ઉપરનું પડ જતું રહેવાથી જનાવરની શક્તિ બહુજ નાજુક બની જાય છે અને સાધારણ હવાનો સપાટો પણ ભારે દુઃખ પેદા કરે છે. હોઠોની ચામડીમાં એ જ્ઞાનતંતુઓ બહુજ મોટી સંખ્યામાં ગોઠવાયલા છે અને મુખ્ય કરીને ઉપલા હોઠોમાં તેઓ પુશકલ છે. આ કારણને લીધેજ ઘોડાના હોઠો ચીમટવાથી તેને ભારે દુઃખ થાય છે અને ગમે એવું હઠીલું જનાવર એક નજીવા ચીમટાને તાબે થઈ જાય છે. ઘોડાના ઉપલા હોઠમાં આ સ્પર્શ-

શક્તિ એટલી તો નાજુક છે કે જુદી જુદી ચીજોની ખાસીએત પણ તે એ સ્પર્શશક્તિથી પીછાણી શકે છે અને ખોરાક પસંદ કરવામાં તે પોતાના ઉપલા હોઠની ઘણી મદદ લે છે. ઘોડાની ખડીમાં પણ એ સ્પર્શશક્તિ સમાયલી છે, જેથી તે સુંવાલી યા ખડબચડી જમીન ઉપર જેવી રીતે જોઈએ તેવી રીતે પોતાના પગો ટેકવી શકે છે.

લોહીને ફેરવનારો સંચો-હૃદય અથવા દીલ.

લોહીને ફેરવનારા સંચામાં મુખ્ય ચાર બનાવટો કામેં લાગે છે. એક તો હૃદય અથવા દીલ, બીજી ધોરી નેસો યાને લોહીની તે નલીઓ કે જે સ્વચ્છ રાતા રંગનાં લોહીને હૃદયમાંથી બદનના જુદા જુદા ભાગોમાં લઈ જાય છે; ત્રીજી બનાવટ બહુજ સુક્ષમીક નેસનાં ગુંછલાંઓ કે જે ગુંછલાંઓમાં ધોરી નેસોનો અંત આવે છે અને જયાંથી કાલી નેસો શરૂ થાય છે. ચોથી બનાવટ કાલી નેસો છે, જેઓ બદનમાં લોહીનો પુષ્ટીકારક ભાગ ચુસાઈ જવા પછી બાકી વધેલો બદનનો કચરો લઈને આવતાં બગડેલાં કાલા રંગનાં લોહીને હૃદય તરફ પાછું લઈ જાય છે.

બાગમાં ઝાડોને પાણી સીંપવાને અરથે જેમ આપણે એક બંબો વાપડયે છઈએ તેમ બદનમાં જોશથી લોહી ફેરવવાને અરથે દીલ અથવા હૃદય એક બંબા તરીકે કામ કરે છે. હૃદય એ એક માંસની કોઠલી છે જે જમણા અને ડાબા એ રીતે બે ભાગમાં વહેંચાયલી છે. આ જમણા અને ડાબા ભાગના વલી ઉપલા અને નીચલા એ પ્રમાણે બે ભાગો કરી હૃદયને સઘલા મલી ચાર ભાગોમાં વહેંચી નાખ્યું છે. હૃદય દર પલે સંકોચાંય છે અને મોટું થાય છે, તેથી લોહીને બદનના જુદા જુદા ભાગોમાં તે બંબાની માફક મોકલી શકે છે. જેવું હૃદય સંકોચાય છે કે તેના નીચલા ડાબા ભાગમાંથી લોહી ત્યાં આવેલી મોટી ધોરી નેસમાં જોશ સાથે દાખલ થાય છે અને ત્યાંથી તે હૃદયના ચાલુ ધબકારાથી પાછલ આવતા બીજા લોહીના મોજાને લીધે આગલ વધતુંજ જાય છે. અને એ રીતે તે બારીકે બારીક ધોરી નેસમાં પુગી વલે છે. જ્યાંથી તે સુક્ષમીક નેસનાં ગુંછલાંઓમાં દાખલ થાય છે, જે સુક્ષમીક નેસો બદનના જુદા જુદા ભાગોના માવા સાથે ઘણોજ અંગત સંબંધ ધરાવતી હોવાથી બદનના જુદા જુદા ભાગો પોતપોતાને જોઈતો ખોરાક લોહીમાંથી ચુસી લઈ પોતાની તરફથી તેના બદલામાં પોતાનો કચરો બાકી વધેલાં લોહીમાં હુમેરે છે, જે કચરા સાથનું બગડેલું લોહી ત્યાંથીજ પેદા પડતી કાલી નેસોમાં દાખલ થાય છે, જે કાલી નેસો તે બગડેલાં લોહીને હૃદય તરફ લઈ જઈ હૃદયના ઉપલા જમણા ભાગમાં રેડે છે. આ ઉપલા જમણા ભાગમાંથી તે બગડેલું લોહી નીચલા જમણા

ભાગમાં જાય છે, જે નીચલો જમણો ભાગ ચોકસ નેસોની મારફતે તે બગડેલાં લોહીને ફેફસાંમાં મોકલી આપે છે. ફેફસાંમાં તે લોહી સ્વચ્છ થઈ ફેફસાંની ચોકસ નેસોની મારફતે હૃદયના ઉપલા ડાબા ભાગમાં આવે છે, જ્યાંથી તે સ્વચ્છ થયલું લોહી હૃદયના નીચલા ડાબા ભાગમાં જઈ આપણે આગલ જોઈ ગયા તેમ ધોરી નેસોમાં દાખલ થાય છે. એ રીતે ત્યારે લોહી આખાં બદનમાં ફરે છે. ધોરી નેસોમાં એ રીતે લોહીનો ચાલુ ધસારો થતો હોવાથી હૃદયમાંથી આવતા દરેક મોજા સાથે તે નેસો ઉછલયા કરે છે, જે ઉછાલા યા ધપકારાને આપણે નાડીનું ધડકવું કરીને કહીએ છીએ. ઘોડો જયારે તનદરોસ્ત હાલતમાં હોય છે ત્યારે એ નાડી એક મીનીટમાં છત્રીશથી તે ચાલીશ વખત ધપકે છે. તેથી ઓછા વધતા ધપકારા તે દરદની નીશાની છે; ઘોડો જયારે તનદરોસ્ત હાલતમાં હોય છે ત્યારે એ નાડી આપણાં આંગલાં ઉપર જેવી અસર કરે છે તેવીજ અસર જયારે તે જનાવર દરદી હોય છે ત્યારે થતી નથી; અને તે વાતનો લાભ લઈ જુદાં જુદાં દરદ પારખવામાં નાડીની મુખ્ય મદદ લેવામાં આવે છે. તનદરોસ્ત નાડીના ધપકારાથી પુરતી રીતે માહીતગાર થયલો એક શખસ દરદી નાડી તરતજ પીછાણી શકે છે, એટલુંજ નહી પણ તે નાડીની ચાલમાં પડતા જુદા જુદા તફાવત ઉપરથી તે જુદાં જુદાં દરદોની ખાશયત પણ જાણી શકે છે. એ કારણને લીધે તનદરોસ્ત નાડીનો તેમજ જુદી જુદી જાતનાં દરદની નાડીનો અભ્યાસ કરવામાં ઘણો ફાયદો છે. નીચલું જડબું જયાં ગાલનો પાછલો તથા હેઠલો ભાગ બનાવે છે, ત્યાં ઘોડાની નાડી હમેશાં લેવામાં આવે છે, કારણકે ત્યાંની નાડી મોટી છે તેમજ હાડકાંની સપાટી ઉપર આવેલી છે. કાનપટી, બગલ, જાંગ વગેરેની નાડીઓ પણ ગણાઈ શકાય છે, તોપણ જડબાંની નાડી માફક તેમનો ઉપયોગ કરવામાં આવતો નથી.

શ્વાસોશ્વાસનો સાંચો—ફેફસાં.

શ્વાસોશ્વાસના સાંચામાં ફેફસાં મુખ્ય ભાગ બજાવે છે. ઉપલી બાજુએ બરડાની કરોડથી તથા પાંસલીઓથી, આજુબાજુએ ગોળ પાંસલીઓના મહેરાબથી, અને નીચલી બાજુએ પાંસલીઓ, પાંસલીનાં કુમલાં હાડકાંઓ અને છાતીનાં હાડકાંથી બનેલા તેમજ માંસના લોચાઓથી ઢંકાયલા પેટારામાં ફેફસાં સાચવીને ગોઠવેલાં છે. ફેફસાં બે છે, એક જમણું અને એક ડાબું. એ બન્ને ફેફસાંઓની વચે પણ બદનની ડાબી બાજુ તરફથી હૃદય ગોઠવાયલું છે. ફેફસાં તે ગોયા એ મોટી ધમણની ગરજ સારે છે અને તે ધમણ ફુંકવાને અરથે છાતીના પેટારા ઉપર ગોઠવાયલા તહરેવાર માંસના લોચાઓ કામે લાગેલા છે, જે કામમાં છાતીના અને પેટના અવ્યવોને જુદા પાડનારો પેટનો પરદો આપણે આ-

ગલ જોઈ ગયા તેમ મુખ્ય મદદ કરે છે. છાતીના પેટારાના સંકોચાવા અને પહોલા થવા સાથે ફેફસાં પણ સંકોચાય છે અને પહોલાં થાય છે અને ફેફશાં પાણી ચુસી લેનારાં વાદલાં જેવાં ખાણાં ખાણાંવાલાં હોવાથી તેઓના સંકોચાવાથી તેમનામાંની હવા નીકલી જાય છે અને પહોલાં થવાથી તેમનામાં તાજી હવા ભરાય છે. એ રીતે ફેફસાં એક મીનીટમાં દશથી બાર વખત સંકોચાય ~~છે~~ અને પાછાં પહોલાં થાય છે.

પણ ફેફસાં કાંઈ બદનની બહાર નહીં હોવાથી ફેફસાં તરફ હવા લઈ જવાને અને ફેફસાંમાંથી હવા બહાર કહાડવાને બદનના બીજા કેટલાક ભાગોની જરૂર પડે છે. એમાં નાકનાં ફીફરાં અને નાકનાં નસકોરાં પહેલાં છે. તેમને માટે આપણે આગલ બોલી ગયલા હોવાથી ત્યાં વધુ બોલવાની કાંઈ જરૂર નથી. નાકનાં નસકોરાં જ્યાં પુરાં થાય છે ત્યાં આગલથી પહોલો અને પાછલથી સાંકડો થતો એક પેટારો છે જે પેટારો કુમલાં હાડકાંઓની સીફત ભરેલી ગોઠવણથી બનેલો છે. આ પેટારાના પાછલના સાંકડા ભાગમાંથી એક નલી શહરૂ થાય છે, જે કુમલાં હાડકાંઓની કડીઓ અકેકની પાછલ હારેદોર ગોઠવાઈ જવાથી બનેલી છે. નસકોરાંમાં દાખલ થએલી હવા પેલા કુમલાં હાડકાંના પેટારામાંથી આ કુમલાં હાડકાંઓથી બનેલી નલીમાં આવી પુગે છે. આ નલી હવે આગલ ચાલતાં બે ભાગમાં વેહેંચાઈ જાય છે, જે બે ભાગો જમણા અને ડાબાં ફેફસામાં દાખલ થાય છે. જમણાં અને ડાબાં ફેફસાંમાં એ નલીઓ દાખલ થઈ કે પછી તેમની બીજી બે શાખા ફુટે છે, વલી તે શાખાઓની બીજી બે શાખા ફુટે છે વલી તેમની બીજી બે શાખા ફુટે છે અને એ પ્રમાણે બે શાખાઓ ફુટતીજ જાય છે. જેમ જેમ એ નલી એ રીતે વહેંચાતી ફેફસાંમાં આગલ વધે છે તેમ તેમ તેનો વ્યાસ ઓછો થતો જાય છે અને આખરે તે નલીઓ એટલી તો બારીક થાય છે કે એક બહુજ બારીક સલી પણ તેમાં દાખલ થવી મુશકેલ થઈ પડે છે. એ રીતે તે નલીઓ એટલી બારીક બની ફેફસાંનાં બારીકે બારીક ખાણાંઓમાં દાખલ થાય છે, અને ત્યાં તેઓ બહુજ બારીક ફુકાઓ હોય તેવો આકાર પકડે છે.

કુમલાં હાડકાંવાલી નલીમાં દાખલ થએલી હવા આગલ ચાલતાં તે નલીના પહેલા બે ભાગમાં દાખલ થાય છે, પછી તેના બીજા બે ભાગમાં દાખલ થાય છે, પછી તેના ત્રીજા બે ભાગમાં દાખલ થાય છે અને એ રીતે જતાં જતાં હવા બારીકે બારીક નલીઓમાં અને તેમની છેડેના ફુક્કાઓમાં દાખલ થઈ ફેફસાંનાં દરેક ખાણાંમાં પહોંચી વલેછે.

આપણે આગલ જોયું કે હૃદયના જમણા ભાગમાંથી લોહી ફેફસાંમાં જાય છે અને ત્યાં ચોખું થાય છે. હવે એ લોહી ચોખું કેમ થાય છે તે આપણે જોઈએ. ફેફસાંમાં પેલી હૃદય તરફથી આવતી નેસો જેમ જેમ ફેફસાંનાં ભીત્તરમાં પેસતી જાય છે તેમ તેમ બારીક થતી જાય છે અને આખરે તેઓ બહુજ સુક્ષમીક આકાર પકડી હવાની નલીને છેડેના ફુક્કાઓ ઉપર વીંટ ખાય છે. એ સુક્ષમીક નેસોની દેવાલ બહુજ પતલી છે અને તેજ પ્રમાણે ફુક્કાનું પડ પણ બહુજ પતલું છે, તેથી બને છે એમ કે ફુક્કામાંની

હવા તે બન્ને પતલાં પડોમાંથી પસાર થઈ લોહીને પહોંચી શકે છે. એ રીતે પેલું બગડેલું લોહી બહારની ચોખી હવા મેલવી શકે છે, અને પોતાની ગદલી વસ્તુઓ તેના બદલામાં પેલા ફુક્કાઓમાં ભરે છે. જેવાં ફેફસાં સંકોચાય છે કે આ હવાના ફુક્કાઓ ઉપર દબાણ થવાથી તેમનામાંની ગદલી હવાઈ તેમજ ભીણાશવાલી વસ્તુઓ બહારની હવામાં નીકલી પડે છે. એ રીતે ત્યારે બીગડેલું કાલું લોહી પોતે પોતાનો ખરાબ ભાગ બહારની હવામાં ફેંકી દઈ શકે છે અને બહારની ચોખી હવા પોતે ચુસી લઈને પાછું સ્વચ્છ અને રાતા રંગનું બને છે. એ રીતે તે સાફ થઈ પાછું હૃદય તરફ જાય છે.

ફેફસાં બહુજ નાજુક બનાવટનાં છે અને દરેક ફેફસું હજારો બારીક દાણાઓની સામટી ગુંઠણથી બનેલું છે. દરેક દાણામાં એક હવાની નલીનો ફુક્કો અને લોહીની નસો છે અને તેથી ફેફસાંનો દરેક છુટો દાણો, તે ગોયા એક નહાનાં જેવાં ફેફસાંનીજ ગરજ સારે છે. ફેફસાંની એ નાજુક બનાવટ ચાલુ હીલચાલથી છાતીનાં હાડકાંઓ સાથે ઘસાઈ નહી જાય એટલા માટે કુદરતે એ ફેફસાંઓની આસપાસ એક બેવડું શાખાવાલું પડ મુકેલું છે. આ પડ બેવડું હોવાથી તેનાં બે પડ વચ્ચે સહેજજ ભીણાશ હમેશાં નીકલતો રહી તેમને અકેક સંગાતે ઘસાતાં અટકાવે છે. એ રીતે ત્યારે એ બેવડું પડ ફેફસાંને પાંસલીઓની સાથે ઘસાતું અટકાવે છે અને વલી પોતાનાં બે પડની વચ્ચે ચાલુ ભીણાશ રહેતો હોવાથી તેઓ પોતે અકેક સાથે ઘસાતાં અટકે છે. ચોકસ દરદોમાં એ બન્ને પડ વચ્ચેનો ભીણાશ નીકલતો બંધ પડે છે અને તે વેલા બન્ને પડો અકેક સંગાતે ઘસાઈ ઘણુંજ દુઃખ ભરેલું દરદ પેદા કરે છે. કેટલીક વેલા એ બન્ને પડ વચ્ચેનો ભીણાશ એકદમ મોટા જથામાં વધી જાય છે અને તે વેલાએ તે પ્રવાહીનો જથો ફેફસાંના દાણાઓ ઉપર દબાણ કરી ફેફસાંનાં કામમાં ખલલ કરે છે.

ખોરાક પાચણ કરવાનો સાંચો—હોજરી, આંતરડાં, કલેજું, અને તલ્લી.

ખોરાક મહોમાં લીધા પછી ચાવવાની ક્રીયાથી તે થુક સાથે બરોબર મલી તેનાં ચોકસ તતવો થુકની રસાયણી ખુબીઓને લીધે પોતાના ગુણમાં ફેરવાઈ જઈ પાચણ થવાને લાયકનાં બને છે. ત્યાર પછી તે ચવાએલો ખોરાક ખોરાકની નલીમાં ઉતરે છે.

ખોરાકની નલી મહોડાંના છેક પાછલના ભાગમાં આવેલી છે. તે માંસના લોચાઓની બનેલી છે. આ લોચાઓ ગોલ વીંટીઓના આકારમાં તેમજ ઉભા પટાઓના

આકારમાં ગોઠવાએલા હોવાથી ખોરાકની નલી લંબાઈમાં તેમજ પહોલાઈમાં સંકોચાઈ શકે છે. ખોરાક જેવો એ નલીમાં દાખલ થયો કે તેની ઉપર આ બન્ને માંસના લોચાઓનું વારા ફરતી કામ ચાલુ થવાથી તે ખોરાકની નલીમાં આગલ વધતોજ જાય છે અને આખરે તે ખોરાકની નલીને પાછલે છેડે જઈ પુગે છે, જયાં તે છેડો હોજરી સાથે સંબંધ રાખે છે. એ રીતે ત્યારે ખોરાક હવે હોજરીમાં દાખલ થાય છે.

ઘોડાની હોજરી તેનાં કદ સાથે સરખાવતાં બહુજ નહાની છે. તે માંસના લોચાઓની તેમજ ચોકસ રસ કહાડતી ગાંઠોથી મઢાઈ ગયલાં એક સુંદર મખમલ જેવાં સુંવાલાં પડની બનેલી છે. આ સુંવાલાં પડની ગાંઠો પાચણ શકિતને લાયકનો રસ કહાડે છે, અને તે રસ પેલી ગાંઠો મોટી જથામાં પેદા કરી શકે એટલા માટે હોજરીનાં અંદરનાં પડમાં પુશકલ ધોરી નેસો દોડતી કીધી છે, જેઓ જોઈતો લોહીનો જથો પુરો પાડે છે અને તે લોહીમાંથી પેલી ગાંઠો રસ પેદા કરે છે.

જેવો ખોરાક હોજરીમાં દાખલ થયો કે હોજરીના માંસના લોચાઓ સંકોચાવા માંડે છે અને પેલી ગાંઠો પોતાનો રસ કહાડવા માંડે છે. માંસના લોચાઓ સંકોચાવાથી હોજરીની દેવાલો વચે ખોરાક ગોથા દલાવા માંડે છે અને પેલી ગાંઠોનો રસ જેને જઠરસ કરીને કહે છે, તે જોઈતો ભીણાશ પુરો પાડે છે અને દલાયલા ખોરાક ઉપર પાચણ ક્રીયા ચલાવે છે. એ રીતે હોજરીમાં ખોરાક પાતલો અને નરમ બની ત્યાંથી હોજરીના બીજા છેડા તરફ આગલ વધે છે, જે છેડો નહાનાં આંતરડાંઓ સાથે સંબંધ રાખેછે.

એ રીતે નરમ બનેલો ખોરાક જેવો નહાનાં આંતરડાંના પહેલા ભાગમાં દાખલ થયો કે તે આંતરડાંમાં જે ચોકસ ગાંઠો છે તે ગાંઠોનો રસ તે ખોરાક ઉપર હવે પોતાની ક્રીયા ચલાવે છે અને આંતરડાંના એ પહેલાજ ભાગમાં કલેજામાંથી પીત્ત આવીને રેડાતું હોવાથી તે પીત્ત પણ તેની ઉપર અસર કરી ખોરાકની હાલત એટલી તો બદલી નાખે છે કે તેનું અસલ રંગ રૂપ ફેરવાઈ જઈ તે ઘટ દુધના જેવો બની જાય છે.

આંતરડાં પણ ઉભા અને ગોલ માંસના લોચાઓથી બનેલાં છે અને તેઓમાં પણ ચોકસ ખોરાકને જેરવે એવો રસ કહાડનારી પુશકલ ગાંઠો છે. આ બંન્ને બનાવટો ઉપરાંત તેઓમાં કેટલીક એવી નલીઓ છે કે જે નલીઓ દુધ જેવો બનેલો પાચણ થયલો ખોરાક ચુસી લઈ લોહીમાં મોકલાવી શકે છે. આંતરડાંઓના માંસના લોચા એવી રીતે સંકોચાય છે કે જેથી ખોરાક આગલ વધતોજ જાય છે. ત્યારે એક ગમથી ખોરાક આંતરડાંમાં આગલ વધતો જાય છે અને બીજી ગમથી તે વધારે ને વધારે દુધ જેવો બની ચુસાતોજ જાય છે અને આખરે નહાનાં આંતરડાંઓના બીજા છેડા આગલ લગભગ તેનો સઘલો પુષ્ટીકારક ભાગ ચુસાઈ જાય છે. ત્યાંથી હવે બાકી રહેલો કચરા જેવો ખોરાક મોટાં આંતરડાંમાં દાખલ થાય છે, જયાંથી તે કચરો આગલ વધતો, છાણનો રાઆક પકડી છેક સફરાનાં આંતરડાં આગલ આવી પુગી બહાર નીકલી પડે છે.

આપણે આગલ કહ્યું કે આંતરડાં નહાનાં અને મોટાં બે જાતનાં છે. ખરી રીતે જોતાં નહાનાં આંતરડાં ખોરાકને પચાવવાનું અને તેમાંથી પુષ્ટીકારક ભાગ ચુસી લેવાનું કામ બજાવે છે, જહારે મોટાં આંતરડાં ખોરાકનો નહીં કામનો ભાગ બદનની બહાર ફેંકી દેવાનું કામ કરે છે. નહાનાં આંતરડાં લંબાઈમાં લગભગ સાહડથી તે સીત્તેર ફીટ છે, જયારે મોટાં આંતરડાં લંબાઈમાં વીશથી તે પચીશ ફીટ છે. એ બન્ને જાતનાં આંતરડાંઓ પેટમાંજ ગોઠવાયલાં છે, અને આખું પેટ તેમનાથી રોકાયલું છે. આ આંતરડાંઓ બહુજ લાંબાં હોવાથી પેટ જેટલી નહાની કોઠલીમાં તેમને ગોઠવવાને અરથે તેમને એકેક-ની ઉપર ગુંચલાંનાં આકારમાં ગોઠવીને મુક્યાં છે અને તેમના માંસના લોચાઓ સંકોચાતી વખતે તેમનામાં જે ભારે મોટી હીલચાલો થાય છે તે હીલચાલ વેલા તેમને તેમની મુ-કરર કીધેલી જગ્યાએ ઠેરવી રાખવાને તેમને એક મોટાં પડમાં વીંટાલી લીધાં છે, જે પડ આંતરડાંના દરેક વલને વીટલાઈ વલી તેમને તેમની જગ્યાએ ઠેરવી રાખે છે. આ પડ-માંથી ચાલુ ભીણાશ નીકલ્યાજ કરે છે અને તે ભીણાશ આંતરડાંઓની હીલચાલ વેલા ઘસારો થતો અટકાવે છે. આંતરડાંઓની ઉપરનાં આ પડમાં જયારે સોજો ચહડે છે ત્યારે તે બહુજ દુઃખારો પેદા કરે છે.

વલી આપણે આગલ જોઈ ગયા કે આંતરડાંના પહેલા ભાગમાં કલેજામાંનું પીત્ત પણ આવીને રેડાય છે અને તે પીત્તની મદદથી પણ ખોરાક વધુ પાચણ થવાને લાયકનો બને છે. પીત્ત હમેશાં કલેજામાંથી નીકલે છે; કલેજું પેટના પરડાની પછવાડેથી જમણી બાજુએ ગોઠવાયલું છે. તે આસરે અઢી ફીટના ઘેરાવાનું છે. હોજરી અને આંતરડાંમાંની સઘલી કાલી નેસો પોતાનું લોહી હૃદયમાં સીધું મોકલતી નથી, પણ હૃદય તરફ જતાં તે નેસોનું લોહી પહેલવહેલાં કલેજામાંથી પસાર થઈને જાય છે. કલેજું તે ગોયા એક ચાલ-ણી છે અને હોજરીની અને આતરડાંની નેસોમાંનું લોહી તેમાં ચલાઈને ગોયા ચોખું થાય છે. એ રીતે કલેજું લોહીમાં રહેતી તનદરોસ્તીને ખરાબ કરનારી ચીજોને લોહીમાંથી ક-હાડી લઈ સાફ થયલાં લોહીને હૃદય તરફ જવા દે છે. કલેજું એ રીતે જે ખરાબ ચી-જોને કહાડી લે છે તે ચીજો કલેજાંના દાણામાંથી નીકલતા રસ સાથે મલી પીત્તનો આ-કાર પકડે છે અને તે પીત્ત આપણે આગલ જોયું તેમ ખોરાક સંગાતે આંતરડાંના પહેલા ભાગમાં મુલી ખોરાકને પાચણ થાય એવો બનાવવામાં હોજરી તથા આંતરડાંને મદદ કરે છે. પીત્તમાં સાધારણ સાબુની માફકનો ગુણ છે અને જેમ સાબુ ચીકાશ કહાડવાને કામ લાગે છે, તેમ પીત્ત ખોરાકમાંની ચરબીને પાચુણ થવાની હાલતમાં લાવે છે; વલી પીત્તથી કરીને આંતરડાંના મારગમાંથી પસાર થતો ખોરાક જલદીથી કહોતો નથી તેમજ પીત્તની મદદથી ઝાડો પણ હમેશાં સાફ રહે છે. ત્યારે એ રીતે જોતાં પીત્ત જે છે તે લોહીમાં ફરતી ઝેરી વસ્તુઓનું બનેલું છે, કે જે ઝેરી વસ્તુઓનું બદનમાં કાંઈ પણ કામ નથી અને જે ઝેરી વસ્તુઓ કોઈ પણ રીતે બદનમાંથી નીકલી જવીજ જોઈએ. પીત્ત બદનમાંથી નીકલી જવાને કુદરતે સરજાવેલું છે, પણ તેજ વખતે તેની સોડે કુદરતે ઉપલાં ત્રણ કામો

પણ કરાવતી આવે છે એ કુદરતની કરકસરનો એક ઉમદા નમુનો છે. પીત્ત ઝેરી વસ્તુઓનું બનેલું હોવાથી લોહીમાં તેના દાખલ થવાથી ઘણુંજ નુકસાન થાય છે અને કંમલો વગેરે દરદો તેનાં પરીણાંમ છે. તેમજ કલેજું જો કામ કરવામાં સુસ્ત રહે છે તો જે ચીજો લોહીમાંથી પીત્તના આકારમાં નીકલી જવી જોઈએ છે તે નીકલી જતી નથી અને તેઓ લોહીમાંજ ફરયા કરે છે, જેથી પણ તહરેવાર દરદો જનમ પામે છે. વલી પીત્ત જો બરોબર નીકલતું નથી તો કોઠાની કબજીઆત, મરડો, બાદી વગેરે દરદો લાગુ પડે છે અને તેની અંદરથી પછી બીજાં તહરેવાર દરદો જનમ પામે છે.

આ ઉપરથી તરતજ સમજણ પડશે કે, કલેજાંનાં દરદો થતાં અટકાવવામાં અથવા તો તે લાગુ પડયાં તો તરતજ તેમના એલાજો કરવામાં ભારે ડહાપણ સમાયલું છે.

ખોરાકને પાચણ કરવાનાં કામમાં ઉપર કહેલા બદનના જે જે અવ્યવો છે તેમની સાથે તલ્લી પણ તે કામમાં કાંઈક ચોકસ ભાગ લે છે ખરી, પણ તલ્લી તે કામમાં કયો ભાગ બજાવે છે તે હજી સુધી નક્કી થયું નથી. તલ્લી ખરાબ થવાથી ચોકસ દરદો લાગુ પડે છે, જે દરદોની હસ્તીજ તલ્લીનું ઉપયોગીપણું દેખાડવાને એક સાધણ છે.

પીશાબ પેદા કરવાનો સાંચો અને તે વહેવાના મારગો—ગુરદા, ફુકો વગેરે.

બરડાની કરોડના કમરવાલા ભાગમાં એ કરોડની જમણી અને ડાબી બાજુએ એકેકો ગુરદો આવેલો છે. ગુરદાનું મુખ્ય કામ લોહીમાંથી પીશાબ પેદા કરવાનું છે; જેમ કલેજું લોહીમાંથી ચોકસ ઝેરી જણસોને બહાર કહાડવામાં રોકાયલું છે તેમ ગુરદા પણ લોહીમાંથી જુદીજ ખાસીયતની પણ વધારે ઝેરી વસ્તુઓ કહાડવામાં રોકાયલા છે. જેમ કલેજું એક ચાલણીની માફક લોહીમાંથી ઝેરી વસ્તુઓ ગાલી કહાડે છે, તેમ ગુરદા પણ ચાલણીનીજ માફક લોહીમાંની ઝેરી વસ્તુઓ ગાલી કહાડે છે. ફરક માત્ર એટલોજ છે કે કલેજાંએ પેદા કીધેલી વસ્તુ બહાર નીકલતાં નીકલતાં પણ કાંઈક અગત્યનાં કામો બજાવતી જાય છે, જ્યારે ગુરદાએ પેદા કીધેલી વસ્તુઓ કાંઈ પણ અગત્યનું કામ બજાવતી નથી. કલેજાંમાંથી નીકલતી વસ્તુ જ્યારે ઘટ દુધના આકારમાં નીકલે છે, ત્યારે ગુરદામાંથી બનતી વસ્તુ પ્રવાહી રૂપે મોટા જથામાં બહાર નીકલે છે. ગુરદામાં જે લોહીની નેસો આવે છે તે નેસો મારફતે બદનનાં લોહીનો આઠમો ભાગ ગુરદાઓ મેલવી શકે છે અને પ્રવાહી પીશાબ રૂપે તે લોહીની ઝેરી વસ્તુઓ તેઓ મોટા જથામાં બદનમાંથી બહાર કહાડે છે.

ગુરદાઓ જે આ કામ બજાવે છે તે કુદરતનાં સાંચાકામની બારીકીનો એક બહુજ ઉમદા નમુનો છે, અને એ સાંચાકામની એટલી બારીકીને લીધેજ તેઓમાં થતી ખલલ વારંવાર ભયંકાર પરીણામો નીપજાવે છે. જે ઝેરો બદનની બહાર કહાડવામાં ગુરદાઓ રોકાયલા છે તે ગુરદાઓની કાંઈ પણ ખામીને લીધે જો બદનમાંજ રહી ગયાં તો તેથી ભારે ખરાબી નીપજે એમાં કાંઈ પણ નવાઈ નથી. સારાં ભાયગે એ ઝેરોની ખાસીએતોથી આપણે માહીતગાર છઈએ અને જે પ્રવાહીમાં તેઓ પીગલીને બહાર નીકલે છે તે પ્રવાહી વારંવાર તપાસવાને આપણથી બની શકે છે. ગુરદાનાં કોઈ પણ દરદમાં આ પ્રવાહી એટલે પીશાબની નજરથી, માપથી, રશાએણી ક્રીયાઓથી અને સુક્ષ્મદર્શક યંત્રથી જો બરોબર તપાસ કીધી હોય છે તો ખરૂં દરદ પરખાયા વીના રહેતું નથી અને તેના એલાજો આપણેથી લેવાઈ શકાય છે. માત્ર ગુરદાનાજ દરદોમાં પીશાબની પરીક્ષા મદદ કરી શકે છે એટલુંજ નહીં પણ ભેજાનાં, કલેજાનાં, ફુક્કાનાં અને એવા બીજા એલાહેદા અવયવોનાં દરદોમાં પણ પીશાબની ખાસીએતમાં અને જથામાં ફેર પડે છે અને તેટલા ઉપરથી તે દરદોમાં પણ પીશાબની પરીક્ષા ઘણીજ કામતી મદદ આપે છે.

ગુરદાઓ પીશાબ કેમ પેદા કરે છે એ એક સાધારણ માણસને સમજાવવું તેને બહુજ કંટાલા ભરેલું થઈ પડે, માટે તે ક્રીયા ત્યાં સમજાવવાનું વાજબી લાગતું નથી. ગુરદાએ પીશાબ પેદા કીધી કે તે પીશાબ ગુરદાની મધ્યમાં આવેલી એક નલીમાં જાય છે કે જે નલી પીશાબના ફુક્કા સાથે સંબંધ રાખે છે. આપણે કહ્યું કે ગુરદા કમરના ઉપલા ભાગમાં આવેલા છે, જ્યારે ફુક્કો પેટના નીચલા ભાગમાં આવેલો છે. ફુક્કો એકજ છે જેમાં બન્ને ગુરદાની પીશાબ લઈ આવતી નલીઓ દાખલ થાય છે. ગુરદા તે પીશાબ પેદા કરનારા છે, જ્યારે ફુક્કો તે પીશાબ ભરી રાખનારો છે એટલે કે ગુરદામાંથી તો પીશાબ રાતને દહાડો હર પલે ચાલુજ નીકલતી જાય છે પણ તે ચાલુ કહાડી નાખતા જનાવરને કંટાલો ઉપજ્યા વીના રહે નહીં; માટે કુદરતે તે પીશાબ જીહલી રાખવાને અરથે ફુક્કો બનાવ્યો છે. આ ફુક્કામાં હર પલે પીશાબ જીહલાયા કરે છે ખરી, પણ તે બહાર કહાડી નાખવાનું કામ જનાવરની ફુરસદ અને મરજી ઉપરજ રાખેલું છે.

પીશાબ એ રીતે ફુક્કામાં આવ્યા પછી જ્યારે જનાવરની મરજીમાં આવે છે ત્યારે ફુક્કાની ઉપર ચોકસ દબાણ થવાથી પીશાબ ફુક્કામાંથી બહાર નીકલે છે અને ત્યાંથી એક બીજા ખાસ મુત્રમાર્ગમાં થઈ જનાવરનાં બદનની બહાર વહે છે. આ મુત્રમાર્ગ ઘોડીમાં બહુજ નહાનો છે પણ ઘોડામાં તે બહુજ લાંબો છે; ઘોડીમાં એ મુત્રમાર્ગ તેણીની કાયાનાં બહારનાં છેદથી થોડેક દુર અંદરથી આવેલો છે, જયારે નર જનાવરમાં એ મુત્રમાર્ગ તેની આખી ઇંદ્રીમાં લંબાય છે.

ઓલાદની વૃધ્ધી માટે સરજેલી ઇંદ્રીઓ.

ઓલાદની વૃદ્ધી માટે નર જનાવરમાં જે ઇંદ્રીઓ સરજેલી છે તે બે જાતની છે, એક જાતની ઇંદ્રી માદાને ફલદૃપ કરનારાં બી પેદા કરે છે અને બીજી જાતની ઇંદ્રી જ્યારે વખત આવે ત્યારે તે બીને માદાનાં બદનમાં દાખલ કરી આપનારી છે. પહેલી જાતમાં મુખ્ય બે ગોલી છે, જે બન્ને પાછલા પગોની વચે જરા આગલથી એક ઝુલતી કોહલીમાં મુકેલી છે. ગોલીઓ ઈંડાંનાં આકારની છે અને તેમની બનાવટ થુકની એક ગાંઠની બનાવટને બરોબર મલતી આવે છે. જેમ થુકની ગાંઠો થુક પેદા કરે છે તેમ ગોલીઓ માદાને ફલદૃપ કરનારાં બી પેદા કરે છે, જે બી એક જાતના ઈંડાંની સપેતી જેવા પ્રવાહીમાં તરતાં રહે છે, જે પ્રવાહીને આપણે વીરજ પ્રવાહીનાં નામથી ઓલખીશું. આ બી એક ફૂલનાં બીની મીસાલે જીવ વગરનાં નથી પણ તેઓ જીવવાલાં છે અને જે પ્રવાહીમાં તેઓ રહે છે તે પ્રવાહીમાં તેઓ દોડતાં ફરે છે. તેમનું બદન બહુ ટુંકું છે પણ તેમની પુછડી બહુ લાંબી છે.

ગોલીમાંથી એ બી સાથનો નીકલતો વીરજ પ્રવાહી જ્યાં સુધી જરૂર પડે ત્યાં સુધી બીજી બે કોહલીઓમાં ભરાઈ રહે છે, જે કોહલીઓ પીશાબના ફુક્કાની પાછલી અને ઉપલી બાજુએ ગોઠવાયલી છે અને જેમને વીરજ કોહલીઓ કરીને કહે છે. સંબંધની વખતે આ વીરજ કોહલીઓમાંથી એ બીવાલો પ્રવાહી બહાર નીકલી નરની બહારની ઈંદ્રીમાં દાખલ થાય છે.

ઓલાદની વૃદ્ધી માટે માદાનાં બદનમાં જે ઈંદ્રીઓ સરજાવેલી છે તે ચાર જાતની છે. એકને આપણે સાધારણે માદાની કાયાનાં નામથી ઓલખીએ છઈએ. બીજી જાતની ઈંદ્રી જેમ નરનો વીરજ પ્રવાહી પેદા કરવા માટે ગોલીઓ છે, તેમ માદામાં વીરજ પોપચા પેદા કરવા માટે બે ગાંઠો છે. ત્રીજી જાતની ઈંદ્રીઓ ગાંઠોમાંથી પેદા થતા વીરજ પોપચાને ગર્ભસ્થાન તરફ લઈ જવાને મુકેલી બે નલીઓ છે, જે નલીઓ એક ગમથી તે ગાંઠો સાથે સંબંધ રાખે છે, અને બીજી ગમથી ગર્ભસ્થાન સાથે સંબંધ રાખે છે. ચોથી જાતની ઈંદ્રી તે ગર્ભસ્થાન છે, જે ગર્ભસ્થાનમાં માદાના વીરજ પોપચા અને નરના વીરજ પ્રવાહી વચે સંબંધ થવાથી માદા ફલદૃપ થાય છે.

ચોકસ મોસમ આવે છે તે મોસમ ઉપરજ માદા ગરભવંતી થાય છે. માણસ જાતમાં જેમ સ્ત્રીને દર માસે દસ્તાન જાય છે, તેમ ઘોડીને દર સાત યા નવ દીવસે થાય છે. એકજ વખત સંબંધ કરવાથી ઘોડી ફલદૃપ થાય છે અને ત્યાર પછી તે કોઈ નરને પોતાની આગલ આવવા દેતી નથી.

માદા ફલદૃપ થઈ કે વીરજ પોપચા વધુ નીકલતા બંધ પડે છે, અને ફલદૃપ થયલો પોપચો આસ્તે આસ્તે મોટો થવાથી ગર્ભસ્થાન પણ પોતાના કદમાં વધારો કરે છે.

આસ્તે આસ્તે તે પોપચાની આસપાસ પડ બંધાવા માંડે છે જેને આપણે પીછોડો કરીને કહીએ છઇએ. આ પીછોડો તે ગર્ભસ્થાનમાં ઉધરતાં બચ્ચાંને માદા તરફથી લોહી પુરૂં પાડે છે, અને બચ્ચું બહાર આવ્યા પછી જે ભાગને આપણે નારીઓ કહીએ છીએ તે નારીઆની મારફતે પીછોડો એ લોહી પુરૂં પાડે છે. આગલ ચાલતાં એ પીછોડાનાં જુદાં જુદાં ત્રણ પડ થાય છે. જેમ જેમ બચ્ચું પુખ્ત થતું જાય છે તેમ તેમ ગર્ભસ્થાન મોટું થતુંજ જાય છે અને આખરે વધતું વધતું પેટના આગલા ભાગ સુધી તે પહોંચે છે. અગીઆરથી બાર મહીના સુધીમાં બચ્ચું તદન પુખ્ત બની રહે છે અને માદા હમેલથી છુટે છે. હમેલથી છુટવા આગમચ કાયા પહોલી થાય છે, ગર્ભસ્થાનનું મહોડું ખુલ્લું થાય છે, પુછડી ઉભી થાય છે, નાડી ઝડપમાં ચાલે છે, દમ જોરમાં ચાલે છે, માદા સહેજ ગભરાવા માંડે છે અને આકલવીકલ કરે છે, પાછલા પગ તે પહોલા કરે છે, અને આખરે ધુક્કા મીસાલે અંદરથી પીછોડાનાં પડ બહાર નીકલી તે ફુટી જાય છે અને તેમનામાંનું પ્રવાહી વહેવા માંડી તે પ્રવાહી સંગાતેજ બચ્ચું નીકલી પડે છે.

ઘોડાને લાગુ પડતાં દરદો અને તેમના એલાજો.

ઘોડાની માવજતને લગતી આ ચોપડીમાં ઘોડાનાં દરદોનો કાંઈ ઊંડો અભીઆસ કરાવવાની મતલબથી ઘોડાનાં દરદો વીશે લખવામાં આવનાર નથી. જાનવરી વઈદાંના એક અભીઆસીને ઘડીભર તે છાજતો હોય, પણ આં તો તેના દરદોનું ઉપર તપકેનું સાધારણ જ્ઞાન આપવાનીજ મતલબ રાખવામાં આવી છે. ઘોડાને થતાં દરદોથી એક ઘોડા વાપડનારે વીદ્યાના વધારા જેવા આજના વખતમાં વાકેફ થવું એ તેને શોભા આપનારૂં છે. એક ઘોડા વાપડનાર ગ્રહસ્થ જો ઘોડાનાં દરદોથી સાધારણ રીતે વાકેફ થાય તો તેના ફાએદા પુશકલ છે, જેમાંનાં મુખ્ય તો એ છે કે.—

૧. પોતાના ઘોડાવાલાના વહેમી વીચારોથી અને ઊંટ વઈદાંથી પોતાને ખમવું પડતું નથી.

૨. પોતાના જનાવરની માવજતને અરથે મુકરર કીધેલા વઈદને તે ઘટતો પેગાંમ પહોંચાડી જોઈતી દવાઈ અને હથીઆરો સાથે આવી પુગવાની તેને તાકીદ કરી શકે છે.

૩. જો ઘોડાની હાલત ઘણીજ ખરાબ હોય અને ડાકટરને આવતાં વખત લાગે તો પોતાનાં જનાવરનો જીવ બચાવવાની થોડી ઘણી પણ કોશેશ કરવાને તે ફત્તેહમંદ થાય છે.

૪. ડાકટર આવી પુગવા પછી તેને સહેલુથી સમજ પડી જાય એવી રીતે તે પોતાનાં જનાવરની હકીકત કહી શકે છે; કેટલીક વેલા ખરાં કારણો જે સોધતાં બહુ મુશકેલી પડે છે તે પોતાનાં જ્ઞાનને લીધે ડાકટરને સમજાવી શકે છે, અને જો અગત્ય પડે તો હથીઆરના ઉપયોગમાં યા બીજા ઉપાયો કરતી વેલા ડાકટરને જોઈતી મદદ આપવાને તે શક્તિવાન થાય છે.

૫. જે ડાકટરના હાથમાં પોતાનાં કીંમતી અને મુગાં જનાવરની સારવાર કરવાનું તેણે સોપ્યું છે તે ડાકટર પોતાના ધંધામાં કુશલ છે કે નહીં તેનું તે વાજબી તોલ કરી શકે છે.

૬. ડાકટરના ગયા પછી તેણે ફરમાવેલા ઉપાયો બરોબર લાગુ પાડવાને તે શક્તિવાન થાય છે.

૭. જો કોઈ ડાકટર નહીજ મલી આવે એવું હોય તો પોતે પોતાનાં જ્ઞાનનાં બલથી લાગુ પડતા ઉપાયો અજમાવી, પોતાના કીમતી અને નીમકહલાલ મુગા નોકરનો જીવ બચાવી એક હાથપર પોતાને ફાયદો કરે છે અને બીજા હાથપર એક મોટું પુન્યનું કામ કરી તે કીરતારની વધુ મહેરબાનીને પાત્ર થાય છે.

આ ચોપડીના આગલા ભાગમાં ઘોડાની શરીરવીદ્યાને લગતું જે જ્ઞાન આપવામાં આવ્યું છે, તે જ્ઞાન દરદો પારખવામાં અને તેમના એલાજો કરવામાં ઘણુંજ અવસ્યનું છે.

દરદોના ઘટતા એલાજો કરવાને માટે શરીરવીદ્યાનું જ્ઞાન ભારે જરૂરનું છે અને એક ઘોડાની ખરી માવજતને માટે તે જ્ઞાન એક ઈમારતના મુલ પાયાની બરોબરજ ગણાવું જોઈએ. જો એક ઘોડાને થતાં દરદોથી અને તેની શરીરવીદ્યાને લગતાં જ્ઞાનથી એક ઘોડા વાપરનાર ગ્રહસ્થ વાકેફ હોય તો ઘણાંક દરદોનાં કારણોને દુર રાખી તે દરદોને આવતાં પણ તે અટકાવી શકે છે, અને એ રીતે પોતાનાં જનાવરને દુખી થતું તેમજ પોતાની પૈસાની કોઠલીને ખાલી થતી બંચાવી શકે છે.

અહીં જે દરદોને લગતું જ્ઞાન આપવામાં આવશે તે બહુજ ઉપર ટપકેનું છે, તોપણ એક ડાકટરની ગેરહાજરીમાં એક સાધારણ માણસને ઉપાયો કરવાની કુશલતા આપવાને તે પુરતું છે.

દરેક દરદ વીશે લખતાં તેની નીશાની, તેનાં કારણો અને તેના એલાજો દેખાડવામાં આવશે, કે જેથી કરીને દરદો બરોબર રીતે પારખવામાં, તેનાં મુલ શોધી તે દુર કરવામાં, તેમજ ઘટતા ઉપાયો લાગુ પાડવામાં કાંઈ પણ હરકત થાય નહી.

સાધારણ તાવ.

જેમ માણસ જાતને ખાલી ટાઢનું લખલખું ભરાઈ આવી તાવ ચહડે છે તેમ ઘોડાને પણ થાય છે. જોકે તેને પહેલવહેલાં ટાઢ વાગે છે કે નહી તે હજી નક્કી જણાયું નથી, તો પણ સાધારણ સાદી તાવ તેને ચહડી આવે છે એમાંતો કાંઈ પણ શક નથી.

નીશાની—પહેલ વહેલાં ઘોડો પોતાની તેજી ખોહી દઈ હીલચાલ વગરનો બની જાય છે. તેના તબેલામાં તે માથું નીચે નાખી ઉભેલો માલમ પડે છે અને સહેજ પણ ફરવા હરવાને યા હીલચાલ કરવાને નારાજી હોય તેવો જણાય છે. જો સહેજ પણ હીલચાલ તેને કરાવવામાં આવે છે તો પરસેવાથી તે ભીણાઈ જાય છે. ચારે પગો અને આંગ ઠંડાં લાગે છે, તેના બદનપરના બાળ ખરબચડા માલમ પડે છે, અને પછી તેને ટાઢનું લખલખું ભરાતું જણાય છે. પોતાની આગલ મુકેલો ખોરાક તેને અકારો લાગે છે, અને જો ખાવાની રૂચી દેખાડે છે તો તે માત્ર થોડુંક તાજું ઘાસ પસંદ કરે છે. આ સઘલી નીશાનીઓ તાવના પહેલા તબકામાં માલમ પડે છે.

હવે તાવના બીજા તબકામાં ચારે પગ અને બદન જે આગલ ઠંડાં હતાં તે ગરમ થવા માંડે છે અને કુદરતી રીતે જોઈએ તે કરતાં તેઓ વધુ ગરમ લાગે છે. મોહોડું અંદરથી સુકું અને ગરમ થાય છે. જેમ જેમ તાવ વધુ ને વધુ ચહડતી જાય છે તેમ તેમ નાડી વધારે ને વધારે ઝડપથી ધડકવા માંડે છે, તે વધારે ભરાએલી અને વધારે

કઠણ થએલી લાગે છે. દમ લેવામાં તે જનાવરને અડચણ પડતી હોય તેવું ખુલ્લું માલમ પડે છે. પહેલા તબકામાં જે તેજી તેણે ખોહી દીધી હતી તે બીજા તબકામાં પાછી આવેલી માલમ પડે છે. તે ગોયા કાંઈ આવી પડનારી ધાસ્તીની સામે તઈઆર થયો હોય તેમ માથું ઊંચકી રાખે છે અને કાન ઉભા કરે છે. પણ એ તેજી કાંઈ ખરેખરી નથી, તે માત્ર બહારના દેખાવનીજ છે. ખરેખરૂં જોતાં તો તે જનાવર ઉલટું વધારે સુણું અને સાવજ બની ગયલું હોય છે. તેની ભુખ હવે તદનજ મરી ગયલી માલમ પડે છે. છાણ જો તરતનુંજ થયલું હોય છે તો ઘણુંજ ઘેરા રંગનું અને સખત દડાના આકારનું હોય છે. તે વારંવાર પીશાબ કરે છે, પણ પીશાબનો એકી વેલાનો જથો બહુ થોડો, અને રંગ બહુ ઘેરો હોય છે. પીશાબ કરતાં જાણે તેને કેવીક મુશકેલી પડતી હોય તેમ તે પીશાબ કરતી વખતે દુખનો અવાજ કહાડે છે. આ છેલ્લી નીશાની જોકે સાધારણ નથી, તો પણ તે કેટલીક વેલા ઘણીજ સારી રીતે જણાઈ આવે છે.

કારણ—સાધારણ તાવ આવવાનાં કારણોમાં નબલાઈ, હદ બહાર લેવાતું કામ, બદનમાંથી નીકલી જતા પદાર્થોનું એકદમ બંધ થઈ જવું, અને ગરમ થયલાં આંગ ઉપર ઠંડી હવાનું ફુંકવું એ ચાર કારણો મુખ્ય છે.

ઉપાય—નબલાં જનાવરને સહેજ પણ કારણથી તાવ ચહડી આવવાનું સાધારણ છે, માટે તેવાં જનાવરોને શક્તિવાલી દવાઈ; પાચણ થાય એવો ખોરાક, અને માફકસરની કસરત આપવી અગત્યની છે.

જનાવરને લાયકનુંજ કામ તેની સોડેથી લેવું અને તેથી વધુ કામ કરાવતાં અટકવું.

બદનની ઉપરના મેલને સાફ કરી પરસેવો છુટવાનાં કાણાંઓ ખુલ્લાં રાખવાં, પીશાબના રંગ રૂપ ઉપર ધ્યાન આપવું અને લીદની હમેશાં તપાસ રાખવી. જો બરોબર પરસેવો નહી છુટતો હોય તો તેનું કારણ શોધી કહાડી તેના ઉપાયો કરવા. જો પીશાબ બરોબર નહી છુટતી હોય તો તેને પીસાબ સાફ થાય એવી દવાઈ આપવી અને જો ઝાડો કબજ હોય તો એક હલકો જોલાબ આપવો.

જે ઘોડાઓને ઉકલાટ ભરેલા તબેલાઓમાં રાખવામાં આવે છે, ઘણોજ પુષ્ટીકારક ખોરાક ખવાડવામાં આવે છે અને ઘણીજ થોડી કસરત કરાવવામાં આવે છે તે ઘોડાઓ સાધારણ તાવથી વારંવાર હેરાન થાય છે, માટે તબેલાઓમાંની હવાની ચોખાઈ અને પુરતી આવજાવ ઉપર બનતું ધ્યાન આપવું. જનાવરને પાચણ થઈ શકે એવોજ હલકો પણ તનદરોસ્તી જલવાય એવો ખોરાક આપવો અને જે જનાવરને તે કીરતારે હીલચાલને માટેજ સરજાવેલું છે તેને રોજ માફકસરની કસરત આપવાને કદી પણ ભુલવું નહી.

જો ઉપલા અટકાવવાના ઉપાયો નહી લેવાયા હોય અને તાવ ચહડીજ હોય તો નીચલા એલાજો અજમાવવા.

પહેલાં તો તેને નીચલી મેલવણી આપવીઃ—

એલાજ ૧ લો.

વેલાતી મીઠું..................................	૮ આંઉસ.
એરોમેતીક સ્પીરીત આવ એમોનીઆ..............	૧ ,,
સ્વીત સ્પીરીતસ આવ નાઈતર.....................	૧ ,,
તીંકચર આવ જીનજર.............................	૧ દરામ.
પાણી	૧ પેંત.

આ સઘલાંને મેલવી એકી વેલાએ પાઈ દેવું, અને પછી બીજે દીવસે નીચલી દવાઈ આપવી. જો પહેલા દીવસની દવાઈથી ઝાડો સાફ નહી આવતો હોય તો બીજે દીવસે પણ તેજ આપવી અને પછી નીચલી દવાઈ તાવ ઉતરે ત્યાં સુધી આપ્યા કરવી.

એલાજ ૨ જો.

સુરોખાર..	૪ દ્રામ.
કપુર..	૧ ,,

આ બન્ને ચીજોને અલસીના આટા સાથે ભેલવી અને પાતલા ગોલની યા મધની મદદથી તેની એક ગોટી બનાવી આપવી. યા તો નીચલી દવાઈ આપવી.

એલાજ ૩ જો.

સુરોખાર	૧ આંઉસ.
સ્વીત સ્પીરીત આવ નાઈતર......................	૨ ,,
તીંકચર આવ દીજીતેલીસ..........................	૧ દ્રામ.
છાસ..	૧ પેંટ.

આ સઘલાંને મેલવી એકી વખતે પાઈ દેવું, ને નહી તો નીચલી દવાઈ આપવી.

એલાજ ૪ થો.

એરોમેતીક સ્પીરીત આવ એમોનીઆ..............	૧ આંઉસ.
સ્વીત સ્પીરીતસ આવ નાઈતર.....................	૧ ,,
સોલ્યુશન આવ એસીતેત આવ એમોનીઆ......	૨ ,,
કપુરનું પાણી....................................	૧ પેંટ.

આ સઘલાંને મેલવી એકી વખતે આપવું યાતો

એલાજ ૫ મો—એક આઊંસ સુરોખાર થોડાંક પાણીમાં નાખી તે પાણી પાઈ દેવું; યાતો

એલાજ ૬ ઠો—નવસાગર બે દ્રામ અને સુરોખાર એક દ્રામ પાણી સાથે મેલવી તે પાણી પાઈ દેવું.

એલાજ ૭ મો.

પીપલ...	શેર ૦।
પીપલીમુર...	,, ૦।
અજમો...	,, ૦।
કરૂ કુટકી...	,, ૦।
લશન શુકું...	,, ૦।

એ બધાને બારીક કુતી ગોલ શેર ૧) ની અંદર ઈંડાના જેટલી ગોલી કરી સવારના ચણાની અગાઉ તથા સાંજના ચણા પછે આપવી. દહાડામાં બે આપવી.

એલાજ ૮ મો.

કોઈનાન...	તોલો ૦।
સુંઠ...	,, ૦।

એ બેઉની ગોલી કરી મધમાં સ્વારના તથા સાંજના આપવી.

એલાજ ૯ મો.

સીંકોના બાર...	તોલા ૦॥
સુંઠ...	,, ૧
કરૂ કુતકી...	,, ૧॥
ભાંગ...	,, ૨

એ સઘલાની ગોલી ૨) ગોલમાં કરવી ને સવાર સાંજ આપવી.

પાંચમો અને છઠો બંને એલાજો ઘણાજ સાદા અને તે કોઈ પણ શેહર યા ગામડાંમાં અજમાવી શકાય એવા છે. જો જરૂર પડે તો છઠા એલાજ સાથે ચાર આઊંસ રમ યા તો તેટલોજ બેવડો, મોવડું યા ફેની એક પેંત પાણીમાં હુમેરી આપવું.

ઉપર આપેલા જે સઘલા ઉપાયો છે તે સાધારણ સાદી તાવને માટે છે, પણ જો તાવ કોઈ બીજાં દરદમાંથી પેદા થઈ હોય તો તેને માટે તે દરદના એલાજો કરવાથીજ તાવ નરમ પડશે. ઘણીક વેલા તાવ બદનની અંદરના કોઈ અવ્યવમાં ચહડતા સોજામાંથી જનમ પાંમે છે અને ત્યારે તે અવ્યવની હાલત ઉપર ધ્યાંન આપવું વધારે વાજબી છે. વલી કેટલીક વેલા તાવ લોહીમાં ફરતાં કાંઈક ઝેરને લીધે લાગુ પડે છે, જ્યારે તે ઝેર બદનમાંથી દુર કરવાની કોશેશ કરવામાંજ ફાએદો છે. પણ એ જુદાં જુદાં દરદો-

માંથી પેદા થતી તાવની સાથે તે દરદોની ખાસ નીશાનીઓ માલમ પડતી હોવાથી સાધારણ સાદી તાવને તે દરદ સાથે ભેલી નાખવાની ભુલ થતી નથી.

વરમ અથવા સોજો.

બદનના જુદા જુદા ભાગોમાં સોજો વારંવાર ચહડે છે અને તે દરેક ભાગમાં સોજો ચહડવાની મતલબ એટલીજ છે કે કુદરતને તે ભાગમાં જે ચીજની હાજરી નહી પસંદ હોય તે ચીજને ત્યાંથી કહાડી નાખવી. જાનવરી બદનમાં કુદરતનાં કોઈ પણ કામમાં જો કોઈ અણગમતી ચીજ આવીને હરકત કરે છે તો તે હરકત દુર કરવાના ઉપાય તરીકે કુદરત તે ભાગમાં સોજો પેદા કરે છે, એટલે કે તે હરકત કરનારી ચીજની આસ પાસ લોહી ધાઈ આવી તે ચીજને ઘેરી લે છે અને પછી તે ઘેરી લીધેલાં બદનના ભાગને આસપાસના તનદરોસ્ત ભાગથી છુટો પાડી, બદનની બહાર કહાડી નાખવાને કુદરત કોશેશ કરે છે. જયારે કુદરત આવી રીતની કોશેશ કરે છે ત્યારે તે ભાગ એવી હાલતમાં આવે છે કે જે હાલતને આપણે વરમ અથવા સોજો કરીને કહીએ છઈએ.

નીશાની—સોજાની નીશાની મુખ્ય કરીને ચાર છે. બદનના જે ભાગમાં સોજો ચહડયો હોય તે ભાગની વધી ગયલી ગરમી, તે ભાગનો વધેલો રતાશ, તે ભાગનો વધેલો દુખારો અને તે ભાગનું ફુલી આવવું અથવા સુજી આવવું. આ ચારે નીશાનીઓ હંમેશાં હાજર હોય છે, પણ જો સુજેલો ભાગ અસલ સફેદ રંગનો નહી હોય અને ગીચ બાલોથી ભરેલો હોય તો રતાશ દેખાવો મુશકેલ પડે છે.

કારણ—સોજો ચહડવાનું મુખ્ય કારણ આપણે આગલ કહી ગયા અને તે એ કે, બદનમાં એવી કોઈ પણ ચીજનું દાખલ થવું કે જે ચીજ કુદરતને અણગમતી હોવાથી કુદરતે તે ચીજને કહાડી નાખવાની કોશેશ કરવી. બદનમાં એવી રીતે દાખલ થનારી ચીજો ઘણી છે. રસ્તામાં ચાલતાં ભોકાતો કાંટો, યા બીજી કોઈ પણ અણીઆલી ચીજ. તબેલાને માથે ઘોડાનું મહોડું પુગી શકે એવી રીતે બાંધેલો ઘાસ ભરવાનો માલીઓ આંખનો સોજો પેદા કરવામાં મુખ્ય છે. ઘોડો લલચાઈને તે માલીઆ ઉપરથી નીકલી આવેલાં થોડાંક સુકાં ઘાસનાં પીસ્તાં ખેંચવા જાય છે, અને તેમ કરતાં ઘાસનું એકુ બી તેની આંખમાં જઈ પડે છે. બી આંખમાં જઈ પડયું કે તરતજ કુદરતી રીતે આંખ બંધ થઈ જાય છે અને આંસુની ધાર ચાલુ થાય છે. ઘોડાવાલાની નજર પડે છે ત્યાં સુધીમાં તે બી કહાડી નાખવાને અરથે કુદરતના કાએદા પ્રમાણે પુર જોરમાં સોહજો ચહડી ચુકેલો હોય છે અને તે બીની હાજરીથી આંખમાં થતાં દુખને લીધે ઘોડો એમશી તેમ માથું લઈને અછાડા પછાડા મારે છે. જે કોઈની આંખમાં બારીકમાં બારીક પણ કાંકડી ગઈ

હશે તેને એ સઘલી અછાડ પછાડનો પુરતો ખ્યાલ આવશે. એ રીતે અછાડા પછાડામાં પડેલા ઘોડાની ઉપર નજર પડતાંજ ઘોડાવાલો તેનું કારણ સોધવા જાય છે. તેને કાંઈ કારણ સમજ પડતું નથી. તે જનાવરને લઈને ડાકટર સોડે જાય છે.અને ડાકટર તરતજ દુખની ખરી હાલત સમજી જઈ આંખનાં ટોપચાં ઊંઘાડે છે, જે એટલા વખતમાં તો અંદરથી સુજીને કીરમજનાં કપડાં જેવાંજ લાલ બની રહેલાં હોય છે. ડાકટર પેલું ખુંચી બેઠેલું બી બહાર ખેંચી કહાડે છે અને બીજે દહાડે તો ઘોડાની આંખ પાછી અસલ જેવી તનદરોસ્ત બની જાય છે.

એ રીતે કોઈ બહારની ચીજ બદનમાં દાખલ થવાથી જેમ સોજો ચહડે છે તેમ બદનમાંની પોતાની કોઈ ચીજ જો કુદરતને કહાડી નાખવી હોય તો તે વખતે પણ જ્યાં તે ચીજ હોય ત્યાં સોજો ચહડે છે. દાખલા તરીકે જો બદનના કોઈપણ ભાગમાં વાગ્યું હોય અને ત્યાંનું એકુ હાડકું સહેજ ભાગીને તેની કરચ છુટી પડી હોય તો તે છુટી પડેલી કરચ બદનમાં હવે નકામી જેવી હોવાથી કુદરત તેને કહાડી નાખવાની કોશેશ કરે છે, જે કોશેશ કરતાં તે હાડકાંની જગ્યા આગલથી તે બદનની છેક બહારની સપાટી સુધી સોજો ચહડે છે, પછી તે ભાગ પાકે છે અને તે પાકીને પોચા થયલા ભાગથી બનેલાં પરૂની સંગાતે પેલો હાડકાંનો ટુકડો બદનની બહાર નીકલી જાય છે. એ રીતે જયાં સુધી તે હાડકું બહાર નીકલી જતું નથી ત્યાં સુધી તે જગ્યાનું સુજવું યા પાકવું બંધ થતું નથી. બદનની અંદર થતાં ધડગુમડાં વગેરે દરદો એવાંજ કારણોથી પેદા થાય છે.

રસાયણી પદાર્થો પણ સોજો ચહડાવે છે, અને તેમાં જલદ તેજાબો, ખારો વગેરે બદનમાં દાખલ થઈ ભારે જોરમાં સોજો ચહડાવે છે. ઘણીક વેલા એવી રીતે સોજો પેદા કરવાને અર્થે આપણે કાસ્તીક અને બ્લીસતર જેવી ચીજો ચામડીમાં દાખલ કરી ત્યાં સોજો ચહડાવીએ છઈએ.

હવાની અંદર ઉડતાં ફરતાં કોહતી યા ઝેરી વસ્તુઓનાં અસંખ્ય બીઆં બદનની અંદરના ભાગોમાં અને ખસુસ કરીને ફેફસાંમાં સોજો ચહડાવવાને પુરતાં છે. એક અંધારા તબેલાની ગંધીલી હવા ગમે એવાં તનદરોસ્ત જનાવરને પણ એજ કારણથી મારી નાખે છે.

ચેપી રોગોનો ચેપ પણ બદનમાં દાખલ થવાથી સોજો પેદા કરે છે. ગઉ શીતલા મેલ્યા પછી થોડે દહાડે ચહડતા સોજાનો સઉ કોઈને અનુભવ હશે.

બદનના એક ભાગમાં થએલો સોજો એકદીલીને લીધે બદનના બીજા ભાગમાં પણ થાય છે; જેમકે એક આંખ જો સુજી આવી હોય તો થોડો વખત રહીને બીજી આંખમાં સોજો દેખાવાની આપણે ઘણું કરીને વકી રાખીએ છઈએ.

સોજાનાં પરીણામ—બદનના એક ભાગમાં સોજો એક વખત ચહડયો કે તેનાં પરીણામ ઘણું કરીને પાંચ જાતનાં નીપજે છે. એક તો એ કે સોજો પોતાની હસ્તીની કાંઈ પણ નીશાની પાછલ મેલી જયા વીના ખતમ થાય છે, જેને આપણે સાધારણે વશરા

ઈ જવું અથવા વીસમાઈ જવું કહીએ છીએ. સોજાની પહેલ વહેલી નીશાનીઓ જણાતાંજ જો તુરતા તુરત તેના ઉપાયો કીધા હોય તો સોજો એ રીતે વધરાઈ જાય છે. દાખલા તરીકે જો એક ઘોડાના પાંચ તંતુઓમાં લચક આવી હોય અને તેથી સોજો ચહડી ભારે દુખાવો થવાથી ઘોડો લંગડાતો હોય અને તે ઘોડાને જો એક ડાકટરની પાસે લઈ જવામાં આવ્યો હોય તો ડાકટર તરતજ તેના પગ ઉપર ઠંડક કરવાને ભીણા પટા લપેટશે તેમજ બીજા ઘટતા એલાજો કરશે અને તેથી પાંચ તંતુઓમાંનો સોજો ઉતરી જઈ થોડા દહાડામાંજ લંગડાપણું નાબુદ થઈ જશે, અને તે પાંચ તંતુઓને ત્યાર પછી તપાસતાં તેઓમાં કાંઈપણ ફેરફાર થયલો જણાશે નહી, તેમજ તેઓ પાછા અસલ જેવાજ તનદરોસ્ત માલમ પડશે.

સોજાનું બીજું પરીણામ ઉપલાંની માફક પુરતું સંતોશકારક આવતું નથી એટલે કે જે ભાગમાં સોજો ચહડયો હોય તે ભાગમાં અસલના જેવી સફાઈ આવ્યાને બદલે કાંઈપણ ખાંમી રહી જાય છે. આ ખાંમી રહેવાનું કારણ એ કે, સોજાવાલી જગ્યામાં લોહીનો એકદમ જોશ થવાથી અને તે જોશ ત્યાંનો ત્યાંજ કાયમ રહ્યાથી લોહીમાંનો પાણી જેવો પદાર્થ બહાર નીકલી તે પદાર્થ વધુ વખત જતાં ત્યાં બંધાઈ જાય છે. આપણે પેલા લચકાએલા પાંચ તંતુવાલા ઘોડાનો દાખલો પાછો લઈને તપાસીએ. આપણે આગલ કહ્યું તેમ જો એ ઘોડાને ડાકટર પાસે તરતજ નહી લઈ જવામાં આવ્યો હોય તો થોડો વખત રહી સુજેલા ભાગમાંથી લોહીનો પ્રવાહી પદાર્થ બહાર નીકલવા માંડશે અને પછી તે પદાર્થ વધુ વખત જતાં તે તંતુઓ જે અસલ જુદાં હોય છે તે તંતુઓની આસપાસ બંધાઈ જઈ તેમને પણ ચીટકાવી મેલશે; એ રીતે તંતુઓને ચીટકાવી મેલવાથી તેમની હીલચાલમાં અલબત્તે ઘણીજ ખલલ થશે, અને તે સોજાનું એક ખામી ભરેલું પરીણામ કહેવાશે

સોજાનું ત્રીજું પરીણામ સુજેલા ભાગનું પાક ઉપર ચહડવું છે. દાખલા તરીકે જો ઘોડાના પગમાં કાંઈ અણીઆલી ચીજ ભોકાઈ હોય તો જે ભાગમાં તે ભોકાઈ હશે તે ભાગમાં કુદરતના કાએદા પ્રમાણે સોજો ચહડી તેટલો ભાગ પાક પર ચહડશે. એ રીતે તે ભાગને પાકપર ચહડાવીઆથી તે ભાગ તદન નરમ થઈ જશે, જે નરમ ભાગમાંથી કુદરત પેલી ખુંચી બેઠેલી ચીજને બદનની બહાર ફેંકી દઈ શકશે; એજ પ્રમાણે બદનની અંદર કાંઈ ખુંચી બેઠેલી નકામી ચીજને ફેંકી દેવાને માટે સોજો ચહડાવી તે ભાગમાં ઘંડ ગુમડાં પેદા કરે છે, તો તેનું પરીણામ પણ ઘણું કરીને પાકવામાંજ આવે છે. સોજાનું આ પરીણામ ઘણુંજ સાધારણ છે અને આપણી તરફની સહેજ પણ બેદરકારી કુદરતને એ પરીણામ લઈ આવવાની ફરજ પાડે છે.

સોજાનું ચોથું પરીણામ ચાંદાં અને નાસુર છે. બદનના જે ભાગમાં સોજો ચહડે છે તે ભાગ જો ધીમે ધીમે ખવાઈ જાય તો ચાંદાં પડે છે. ચાંદાં ઘણી જાતનાં આવે છે. ચેપી રોગનાં ચાંદાં, ખવાતાં ચાંદાં, સાદાં ચાંદાં, કઠણ ચાંદાં વગેરે ચાંદાંઓની જુદી જુદી જાત છે. જ્યારે ચાંદું બદનના કોઈ ઊંડા આવેલા ભાગમાં સહર થઈ સપા-

ટી ઉપર આવે છે ત્યારે તે સઘલા ભાગોને ખાતું ખાતું આવે છે; આવી રીતે તે ભાગો ઊંડાણ સુધીમાં ખવાઈ ગયાથી ત્યાં સાંકડું પણ ઊંડું કાણું પડે છે, જેને નાસુરનાં નામથી ઓલખવામાં આવે છે.

સોજાનું પાંચમું પરીણામ કોહોવાત અથવા સડો છે. ઘોડાનાં બદનના બહારના ભાગોમાં સોજાનું પરીણામ આ રીતે કવચીતજ આવે છે, પણ તેનાં ફેફશાં અને આંતરડાંના સોજામાં આ પરીણામ વારંવાર નજર આવે છે. દાખલા તરીકે આંતરડાંનો થોડોક ભાગ ગોલીમાં ઉતરતાં જાંગના કાતરા આગલ પેટ અને ગોલી વચે જે સંબંધ રાખનારો પોકલ મારગ છે, તે મારગમાં ખુંચી બેસે છે અને તેટલા ખુંચી બેઠેલા ભાગ ઉપર જોરમાં દબાણ થવાથી તે ભાગમાં લોહી ફરતું બંધ થઈ જાય છે; એ રીતે તે આંતરડાંનો ભાગ લોહી નહી મેલવી શકવાથી કોહી જાય છે. તે કોહોતાં આતરડાં સાથે તનદરોસ્ત આંતરડું જોડાએલું હોવાથી કુદરત તે તનદરોસ્ત આંતરડાંથી સડેલાં આંતરડાંને જુદું પાડવા ઈચ્છે છે, તે કારણથી તનદરોસ્ત આંતરડાંના નીચલા ભાગમાં ભારે જોરમાં સોજો ચહડી તનદરોસ્ત આંતરડાંનો તેટલો ભાગ કોહીને પેલાં સડેલાં આંતરડાં સાથનો તેનો સંબંધ તોડી નાખે છે. એજ રીતે જો પગનો નીચલો ભાગ કોહોવા માંડે છે તો કુદરત ઉપલા તનદરોસ્ત ભાગમાં સોજો ચહડાવી તેને એકદમ કોહોવાડી મેલે છે, જેથી પેલો નવો કોહોતો ભાગ અસલ કોહેલા ભાગને લઈને છુટો પડી જાય છે.

સોજાનાં જુદાં જુદાં પરીણામો વીશે આટલી લંબાણથી સમજ પાડી છે, તેનું કારણ એ કે, બદનના જુદા જુદા ભાગોમાં થતાં દરદો જે જુદે જુદે નામે ઓલખાય છે તે દરદોમાં સોજો મુખ્ય ભાગ બજાવે છે અને તેનાં જુદાં જુદાં પરીણામો તે દરદને જુદી જુદી હાલતમાં લાવી મેલે છે.

સોજાના ઉપાયો—સોજાના ઉપાયો કરતી વેલા પહેલ વહેલાં સોજાની મુળ જગ્યા, સોજાની જાત, સોજાનાં કારણો અને સોજાનાં પરીણામો વીશે નક્કી કરવાની જરૂર છે.

સોજાની જગ્યા નક્કી કરવાનું કારણ એ કે, બદનના જુદા જુદા ભાગોમાં ચહડતા સોજા જુદા જુદા એલાજોથીજ સારા થાય છે. પાય તંતુઓમાં ચહડેલો સોજો ભીણા પાટા બાંધવાથી જેમ નરમ પડે છે તેમ કાંઈ કલેજાંમાં ચહડેલો સોજો નરમ પડી શકતો નથી. એજ પ્રમાણે દરેક જુદા જુદા ભાગના સોજા માટે જુદા જુદા ઉપાયો છે, માટે સોજાની જગ્યા પહેલાં નક્કી કરવાની જરૂર છે.

જગ્યા નક્કી થઈ કે સોજાની જાત નક્કી કરવાની જરૂર છે એટલે કે સોજો તીક્ષણ અથવા તરતનો છે કે લાંબી મુદતનો છે તે નક્કી કરવું જોઈએ. દાખલા તરીકે પાયતંતુનો તીક્ષણ યાને તરતનો થયલો સોજો જયારે ભીણા પાટાઓથી નરમ પડી જશે ત્યારે લાંબી મુદતનો સોજો ભીણા પાટાઓને મુદલ મચક આપવાનો નથી અને તેને માટે બ્લીસતર વગેરે ઉપાયોની જરૂર પડશે.

સોજાની જાત નક્કી કીધા પછી તેનાં કારણો શોધી કહાડવાની જરૂર છે, કારણકે જુદાં જુદાં કારણથી પેદા પડતા સોજાના જુદા જુદા એલાજો કરવાની અગત્ય છે. દાખલા તરીકે ઘોડાની પગમાં કોઈ અણીઆલી ચીજ ભોકાયાથી ચહડેલો સોજો તે અણીઆલી ચીજ ખેંચી કહાડતાંજ નરમ પડી જશે, જ્યારે કાંઈ જલદ તેજાબ ભુલમાં પીવાથી નીપજેલો સોજો તે તેજાબની અસરને મારનારી વસ્તુઓ પાવાથીજ નરમ પડશે.

સોજાનું મુળ અથવા કારણ નક્કી કીધા પછી તે સોજાનું પરીણામ શું આવશે તે નક્કી કરવાની જરૂર છે, કારણકે તેનાં હવે પછી આવનારાં પરીણામ ઉપર આપણા હાલના અને હવે પછીના ઉપાયોનો મોટો આધાર રહે છે. દાખલા તરીકે, જો એકુ ગાંઠ પાક ઉપર ચહડી હોય તો તેમાં થએલું ધુમડું જ્યાં સુધી ફુટશે નહી ત્યાં સુધી તેનો સોજો નરમ પડવાનો નથી. એટલા માટે આપણે તે ગાંઠને જલદીથી પાકવી નાખનારા એલાજો લેવા જોઈએ અને તે બરોબર પાકી કે તેને પોતાની મેલે ફુટવા દેવાને બદલે નસ્તર વડે આપણે હાથેજ ફોડી તેનો જલદીથી નીકાલ કરી નાખવો જોઈએ.

સોજાના ઉપાયો કરવા પહેલાં ઉપલી ચાર ચીજો નક્કી કીધા પછીજ ઘટતા ઉપાયો અજમાવવાની કોશેશ કરવી. આ ઉપાયો કેવા કરવા તે દરેક જુદા જુદા ભાગમાં થતા સોજાનાં મથાલાં હેઠલ આપવામાં આવશે, કારણકે આપણે જોયું છે કે સોજાનાં જુદાં જુદાં રૂપમાં જુદા જુદા ઉપાયોની જરૂર છે.

તોપણ સોજાનાં સાધારણ એલાજોમાં થોડીક બાબદો ઉપર મુખ્ય ધ્યાન આપવાનું છે. તેમાં પહેલું તો એ કે, જેવો સોજો માલમ પડયો કે તે સોજો પેદા થવાનું કારણ શોધી કહાડી તે કારણ દુર કરવું. દાખલા તરીકે જો પગમાં કાંટો ભોકાયાથી સોજો ચહડયો હોય તો કાંટો કહાડવા પછી થોડાજ વખતમાં સોજો ઉતરવા માંડશે અને સફાઈ શીવાય વધારે ઉપાયોની જરૂર પડશેજ નહી. બીજું, સોજાવાલા ભાગને બનતાં સુધી આરામ આપવો. દાખલા તરીકે જો પાછલા પાંયતંતુઓમાં સોજો ચહડયો હોય તો પાછલથી પગને ગાદી આપીને યા તેવી પાછલથી ઊંચી નાલ મારીને પછવાડેથી સહેજ વાલેલોજ રાખવો, કે જેથી પાછલા પાયતંતુઓ ઉપર મુદલ ખેંચાણ થશે નહી. ત્રીજું એ કે, સોજાવાલો ભાગ વધુ ઉશકેરાય નહી તેની સંભાલ લેવી; દાખલા તરીકે, જો આંખમાં સોજો ચહડયો હોય તો આંખને આડે અંધારી બાંધવી, કે જેથી રોશણીનાં કીરણોથી તે વધુ ઉશકેરાશે નહી. ચોથું એ કે, જો સોજો ઘણી ખરાબ જાતનો નહી હોય અને સહેજ નબલાઈ કરવાથી જો જનાવરને હાંણી પુગે તેવું નહી હોય તો, સોજાવાલા ભાગ આગલની એકુ નેસમાંથી બે ત્રણ બાટલી ભરીને લોહી કહાડવામાં ફાએદો છે. પાંચમું એ કે, સોજાવાલાં જનાવરને બનતાં સુધી ખોરાક ભારી નહી પણ હલકો આપવો. છઠું એ કે, બદનની અંદરના કોઈપણ ભાગોના સોજાની દવાઈ કરવા પહેલાં એકુ હલકા જોલાબથીજ હંમેશાં શરૂઆત કરવી. યાદ રાખવું કે, જોલાબ જોરમાં કદી પણ આપવો નહી. સાતમું એ કે, સોજો નરમ પાડવાને અરથે બહારથી ભીણો શેક, પૌલટીસ

વગેરે ઉપાયો હમેશાં કરવા. આઠમું એ કે, સોજો જો બદનની અંદરના કોઈ ભાગમાં હોય તો રાઈ, એમોનીઆ અને નરમ બ્લીસતરોના મદદથી સોજો ચામડીની સપાટી ઉપર ખેંચી કહાડવો. નવમું એ કે, ઘોડાની નાડી જો ઘણી જોશવાલી હોય તો હઈડાંને શાંતી પમાડે એવી દવાઈઓનો સંભાલથી ઉપયોગ કરવો અને દશમું એ કે. સોજો જો બહારથી હોય તો ઠંડક પેદા કરનારી દવાઈઓનાં પાણી તે ભાગ ઉપર વાપડવાં અને સોજાનાં પરીણામ તરીકે બદનના તે ભાગોમાં પેદા થએલી દરદી ચીજોને ચુસી લેવાને અરથે તેવી ચીજો ચુસી લેનારી દવાઈઓ ત્યાં લગાડવી.

સોજાના સાધારણ ઉપાયો તરીકે ઉપલી દશ બાબદો ધ્યાનમાં રાખવી અને પછી તે બાબદોનો ચોકસ સોજામાં ફરમાવેલા ચોકસ ઉપાયોની સાથે ઉપયોગ કરવો.

સરકમ અથવા સલેખમ.

નાકનું ગલવું—(Catarrh.)

સરકમ અથવા સલેખમ અથવા નાકનું ગલવું ઘોડાના સંબંધમાં ઘણુંજ સાધારણ દરદ છે.

નીશાની—સરકમના ત્રણ તબકા છે. પહેલા તબકામાં નાકની અંદરના ભાગમાંનું પાતલું પડ તદન સુકું થાય છે, અને રતાશપર ચહડેલું લાગે છે. એજ વેલા મહોડું પણ અંદરથી રતાશપર ચહડેલું અને સુકું તેમજ ગરમ લાગે છે. નાડી જોરમાં ધબકતી માલમ પડે છે. જનાવર ઘણુંજ બેચેન અને આતુર જીવનું જણાય છે. તેને ખાધાની રૂચી બરોબર હોતી નથી અને ધીમી તાવના પહેલા તબકાની સઘલી નીશાનીઓ તે જનાવરમાં માલમ પડે છે.

બીજા તબકામાં નાકનું અંદરનું પડ જે સુકું હતું તે હવે ભીણાશવાલું બને છે, પણ તે ભીણાશ હમેશના ભીણાશની માફક નથી હોતો. તે ભીણાશ ઘણોજ પતલો અને મોટા જથામાં વહેતો હોય છે, અને કોઈ કોઈ વેલા સાથે સાથે આંખ પણ ગલતી થાય છે. આપણે આગલ જોઈ ગયા છઈએ કે આંખની આંસુ નાલ જે છે તે નાકનાં રીફ્રાંની અંદર ઉઘડે છે અને નાકનાં પડ સાથે આંસુ નાલનું પડ જારી હોવાથી આંસુ નાલના પડમાં પણ એ રીતે સોજો ચહડે છે, જે સોજો કેટલીક વેલા વધુ ઊચે લંબાઈ આંખને પણ લાલચોલ બનાવા મેલે છે અને આંખ આવી હોય તેવો દેખાવ આપે છે. આ તબકામાં સહેજજ સાજ થાંસો પણ જણાય છે.

સરકમના ત્રીજા તબકામાં તાવ ઉતરી ગયલી હોય છે, પણ નાકમાંથી હવે ઘટ દુધ જેવી રસી વહેતી થાય છે. આ રસી ઘણો લાંબો વખત સુધી વહેયા કરે છે અને ત્યારે તે દરદ જુના સરકમને નામે ઓલખાય છે. આ જાતનો સરકમ જનાવરને તદન નબલું કરી નાખે છે. નીચલાં જડબાંની પાછલ હેઠલા ભાગમાં હાથ ફેરવતાં ત્યાંની ગાંઠો સુજીને મોટી થએલી માલમ પડે છે, આ ગાંઠોને આ બાજુથી તે બાજુ હીલાવી શકાય છે.

કારણ—સરકમ થવાનું મુખ્ય કારણ સરદી છે. તબેલાની ગરમ હવામાંથી જનાવરને એકદમ બહારની ઠંડી હવામાં લઈ જવાથી તરતજ સરકમ થઈ આવે છે. શેઠે સુતી વખતે ઘોડાવાલાને હુકમ કીધો હોય છે કે પાછલી રાતે ચાર વાગામાં ગાડી જોડી લાવવી. ઘોડાવાલો તે હુકમને તાબે થાય છે અને આખી રાત તબેલામાં ભુંજાઈને બહાર નીકલેલા ઘોડાનાં મોહડાં ઉપર પાછલી રાતનો ઠંડો પવન તરતજ પોતાની અસર ચલાવવા માંડે છે. શેઠ તો હજી ઉઠેયા નથી, ઘોડાવાલો ઉઠાડવા જાય છે અને શેઠને ગાડીમાં બેસતાં બરોબર પાંચ વાગે છે. આ એક કલાકની અંદર ગરીબ બીચારાં મુગાં પ્રાણીનાં નસકોરાંમાં કાંઈક કેટલી ઠંડી હવા દાખલ થઈ ચુકી હોય છે અને તેનાં પરીણામ તરીકે બીજેજ દહાડે "શેઠ ઘોડાનું નાક ગલતું થીએલું શે ને લગરીક ખાંસી પણ કરતો શે," એવા બોલો સાથની ઘોડાવાલા તરફની વધામણી આવે છે.

એજ પ્રમાણે વારંવાર ઘોડાની કાંઈ પણ દરકાર વીના તેને ઠંડીમાં થથરતો યા વરસાદમાં ભીંજાતો મુકી શેઠ પોતાના દોસ્તો સાથે મોજ મારે છે, જે મોજનાં ઈનામ તરીકે બીચારા ઘોડાને સરકમનો સરોપાવ મલે છે. ભાડુતી ગાડીવાલાઓ પણ ચોમાસાંની અને ઠંડીની મોસમમાં એજ પ્રમાણે ઘોડાઓનો મોટો ધાણ કહાડે છે.

ઉપાય—સાધારણ સરકમ એ આપણે જોયું તેમ નાકની અંદરનાં પડનો સોજો છે તો સોજાના સાધારણ એલાજો લાગુ પાડતાંજ તરતનો સરકમ હશે તો તે દુર થયા વીના રહેવાનો નથી.

પહેલાં તો સરકમવાલાં દરદીને એક ખુલ્લાં થાણમાં છુટુંજ મેલવું કે જે થાણમાં ઠંડી હવા ફુંકતી નહી હોય યા જ્યાંની જગ્યા સરદીવાલી નહી હોય. આ થાણમાં મુકયા પછી તે જનાવરનાં આંગ તથા ગરદન ઉપર ગરમ કપડાં ઓઢાડવાં. પછી તેને નીચલી દવાઈ પાવી.

એલાજ ૧ લો.

વેલાતી મીઠું..................................	૮ આઉસ.
તીંકચર આવ જીનજર..........................	૧ ડ્રામ.
સુરેખાર..	૨ „
પાણી..	૧ પેંત

આ સઘલાંને મેલવી પાઈ દેવું. તે પાયા પછી સાધારણ તોબડા કરતાં દોઢ ઘણો પહોલો અને એવડો લાંબો એક તોબડો લઈ તે તોબડાનાં તલીઆંમાં, તે અરધો ભરાય એટલો લાકડાંનો વહેર નાખવો. હવે આ વહેરની ઉપર કકડા પડતું પાણી નામી તે વહેરને પાણીથી પચપચતો કરવો અને તે તોબડો તરતજ ઘોડાનાં મોહડાં ઉપર બાંધી લેવો. આ તોબડો બહુજ ભારી હોવાથી ઘોડો તે નીચે મેલવાની કોશેશ કરશે, માટે તે તોબડો ટેકાવવાને અરથે તોબડાનું તલીઉં જ્યાં હોય ત્યાં સુધીનું એક સ્તાનડ તેની નીચે મુકવું. ઘોડો પહેલાં તો તોબડો ઊંચકી રાખશે, પણ પછી થાક ચહડતાંજ તે તોબડો પેલાં સ્તાનડ ઉપર ટેકાવવાની તે કોશેશ કરશે.

આવી રીતે મોહડાંને તોબડો બાંધવાથી ઘોડાનાં નાકનો અંદરનો ભાગ સેકાઈ શકાશે. પણ પા યા અરધા કલાકમાં તે વહેરમાંનો ભીણાશ પાછો ઠંડો થઈ જશે, માટે તેટલા વખત પછી તોબડો પાછો ઉતારી વહેરની ઉપર તાજું કકડા પડતું પાણી નામવું. જો વહેરની સપાટી આગલથી તોબડામાંથી એક ભાગ એવી રીતે કાપી કહાડયો હોય કે જે ભાગ ઉઘાડ ઢાંક થઈ શકે, તો જેવો વહેર ઠંડો પડવા માંડે કે તે ઢાંકણામાંથી ખખલતું પાણી નામવાને ઘણુંજ સવલ થઈ પડે તેમજ જનાવરને પણ ઘણોજ ઓછો કંટાલો આવે.

આ પ્રમાણે તે તોબડો એક કલાક સુધી બાંધી રાખી ઘોડાનાં નસકોરાંઓને સારી પડે બાફ આપ્યા પછી તે છોડી લેવો. જો સરકમ પહેલા તબકાનો હોય તો તોબડો દર બે કલાકે પાછો બાંધવો ને જો બીજા તબકાનો હોય એટલે નાક ગલતું હોય તો દર ચાર કલાકે તોબડો પાછો બાંધવો.

જો સરકમનું જોર તરતજ નરમ નહી પડે તો બીજે દહાડેથી નીચલી દવાઈ ચાલુ કરવી.

એલાજ ૨ જો.

એરોમેતીક સ્પીરીત આવ એમોનીઆ..............	૧ આઉંસ.
સ્વીત સ્પીરીત આવ નાઈતર......................	૨ ,,
સુરોખાર..	૨ દ્રામ.
પાણી...	૧ પેંત.

એ સઘલાંને મેલવી દહાડામાં બે વાર આપવું અને નહી તો નીચલી દવાઈ આપવી.

એલાજ ૩ જો.

સોલયુશન આવ એસીતેત આવ એમોનીઆ.........	૪ આઉંસ.
સુરોખાર..	૨ દ્રામ.
પાણી...	૧ પેંત.

આ સઘલાંને મેલવી દહાડામાં બે વાર પાવું. જો સરકમની સાથે સહેજ ખાંસી પણ હોય તો નીચલી દવાઈ આપવી.

એલાજ ૪ થો.

સુરોખાર..	૨ ડ્રામ.
કપુર..	૨ ,,
નવસાગર..	૨ ,,

આ સઘલાંને અલસીના આટા અને ગોલ સાથે મેલવી એક ગોટી બનાવવી અને તે ગોટી દહાડામાં બે વાર ગલાવવી. જો થાંસો વધુ જોરમાં હોય તો નીચલી દવાઈ આપવી.

એલાજ ૫ મો.

સુરોખાર..	૨ ડ્રામ.
એક્ષતુરેકત આવ બેલાડોના........................	૧ ,,
સ્પીરીતસ આવ કેમફર........................	૨ ,,
રમ યા વહીસ્કી યા બ્રેન્ડી........................	૪ આઉંસ.
પાણી..	૧ પેંત.

એ સઘલાંને મેલવી દહાડામાં એકવાર પાવું. જો સરકમ લાંબા વખતનો હોય તો નીચલી દવાઈઓને અલસીના આટા અને ગોલ સાથે મેલવીને એક ગોટી બનાવી આપવી.

એલાજ ૬ ઠો.

હીરાકસી..	૨ ડ્રામ.
સુંઠનો ભુકો..	૧ ,,
પાઊડર આવ જેનશીઅન........................	૨ ,,

આ ગોટી દર રોજ આપયા કરવી અને અવારનવાર જો કોઠો કબજ હોય તો એક હલકો જોલાબ આપવો. આ દરદમાં ખોરાક હમેશાં હલકો આપવો અને ઘટે તે કરતાં વધુ કસરત કરાવવી નહી.

ઉડતો સરકમ—(Influenza.)

આગલ જે સરકમની નીશાનીઓ આપણે જોઈ ગયા તે સઘલી નીશાનીઓ આ જાતના સરકમમાં પણ થાય છે, પણ તેમની ખાસીઅતમાં ઘણોજ ફરક હોય છે.

નીશાની—પહેલાં જનાવર ધ્રુજતું માલમ પડે છે. તેનાં બદન ઉપરના બાલ ઉભા થાય છે. નાડી બહુ નબલી અને સહેજ વધારે ઝડપવાલી હોય છે. મોહડું અંદરથી ગરમ લાગે છે. નાકની અંદરનું પડ સુકું અને લાલ હોય છે. આંખો પણ રતાશપર ચહડે છે. પેટ ગોયા પછવાડેથી ખેંચાઈ ગયલું લાગે છે, ભુખ લાગતી નથી, પેટ અને પાંસલીઓ ઊંચકાઈ જતાં માલમ પડે છે. કોઈ વખત સહેજ ખાંસી પણ હોય છે. થોડા વખતમાં આખું આંગ ગરમ થઈ જાય છે.

જેમ જેમ દરદનું જોર વધતું જાય છે તેમ તેમ તે બદનના જુદા જુદા ભાગોને પકડવા માંડે છે. આંખનાં ટોપચાં પાણીથી ભરાઈને સુજી આવે છે અને તેજ પ્રમાણે પગમાં પણ રસ ઉતરતો માલમ પડે છે. કેટલીક વેલા તો આ રસનાં જોરથી ચહેરો એવો બેડોલ બની જાય છે કે તે જોવા પણ ગમતો નથી અને પગ પણ એબીએલ બની જાય છે. પહેલ વહેલાં ઝાડો નરમ થાય છે, પણ પછી તે વારંવાર કબજ થઈ જાય છે. આસ્તે આસ્તે ગલાંની અંદર પણ સોજો ઉતરવા માંડી ગલું પકડે છે અને જનાવરને દમ લેવામાં બહુ મુશકેલી પડે છે. ત્યાર પછી ફેફશાંપર સોજો ઉતરી તે ભાગમાંનાં દરદો પેદા કરે છે. ટુંકમાં આ દરદ બદનના ઘણાજ જુદા જુદા ભાગોમાં માલમ પડે છે અને જનાવરને તદન નબલું કરી નાખે છે.

કારણ—હવામાં ઉડતાં કાંઈક ચોક્કસ રોગનાં બીઆં આ ઉડતા સરકમનાં કારણ તરીકે ધારવામાં આવે છે અને તે એક ઘોડાને થતાંજ બીજા ઘોડાઓને સપાટામાં લાગુ પડતો હોવાથીજ તેને ઉડતા સરકમનું નામ આપવામાં આવ્યું છે. આ સરકમ બહુજ ઝેરી જાતનો છે અને તેનામાં અને સાધારણ સરકમમાં એ ફરક મુખ્ય છે. સાધારણ સરકમની તાવ જયારે બે ત્રણ દીવસમાં ઉતરવા માંડે છે ત્યારે આ સરકમની તાવ વધુ ને વધુ જોરમાં ચહડતીજ રહે છે. આ ઝેર જનાવરનાં બદન ઉપર એટલી બધી તો ખરાબ અસર કરે છે કે તે જનાવર ઘણુંજ ઝડપથી લેવાઈ જાય છે અને બહુજ દુખી થતું માલમ પડે છે. તે ઘણું કરીને દર વરસે ચોક્કસ મોસમમાંજ ઉભરી નીકલે છે.

ઉપાય—આ દરદના ઉપાય તરીકે મુખ્ય વાત એ ધ્યાનમાં રાખવી કે જેમ બને તેમ જનાવરની શક્તિને ટકાવી રાખવી. આ દરદમાં જનાવરની ભુખ તદન મરી જાય છે, એટલુંજ નહી પણ એ દરદ પોતે જનાવરને નબલું કરી નાખે છે. એક ગમથી તેનો ખોરાક નહી ચાલવાથી અને બીજી ગમથી દરદ નબલાઈ પેદા કરતું હોવાથી જનાવર બહુ-

જ ઘાસ્તી ભરેલી હાલતમાં આવી પડે છે અને જો સંભાલથી ઉપાયો નહી લીધા હોય તો પછી જનમ સુધી તે જનાવરમાં કાંઈ ને કાંઈ પણ ખાંમી રહી જાય છે.

જો ઝાડો સાફ નહી આવતો હોય તો પહેલ વહેલાં નીચલી દવાઈ મેલવીને આપવી.

વેલાતી મીઠું....................................	૮ આઉંસ.
સ્વીત સ્પીરીતસ આવ નાઈતર....................	૧ ,,
તીંકચર આવ જીનજીર...........................	૧ ડ્રામ.
પાણી...	૧ પેંત.

જો ઝાડો ઘણો સુકો નહી હોય તો જોલાબ આપવાની કાંઈ અગત નથી. ઝાડો સાફ આવતો થયો કે નીચલી દવાઈ ચાલુ કરવી.

સ્વીત સ્પીરીતસ આવ નાઈતર....................	૧ આઉંસ.
સુરેખાર.......................................	૨ ડ્રામ.
તીંકચર આવ ઓપીઅમ..........................	૪ ,,
પાણી..	૧ પેંત.

આ સઘલાંને મેલવી દહાડામાં એક વખત આપવી. જો ગલાંમાં સોજો ચહડયો હોય તો ગલાંની નલી ઉપર એક હલકું જેવું પ્લીસ્તર મારવું, પણ જો દમ લેતાં જનાવર ગુંગલાઈ જતું માલમ પડે તો આ પુસ્તકના પાછલા ભાગમાં જણાવ્યા પ્રમાણે ગલાંની નલી હથીઆરથી ઉઘાડી તે જનાવરનો જીવ બંચાવવાની કોશેશ કરવી. આ ઝેરી સરકમનો એલાજ કરતી વખતે ખુબ યાદ રાખવું કે ફેફશાં, ગુરદા અને આંતરડાંમાં જરાપણ નબલાઈ આવતાંજ તે ત્યાં ઉતરી પડી મોટું નુકસાન કરશે, એટલા માટે જોલાબ આપતાં યા પીશાબ છુટવાની દવાઈ આપતાં યા બીજા એલાજો કરતાં ઘણીજ સંભાલ રાખવાની જરૂર છે.

આ દરદમાં જનાવરની ભુખ તદન મરી જાય છે ખરી, પણ તે પાણી પીવાની હંમેશાં હોંસ રાખે છે. આ રીતે જ્યારે પણ તે જનાવરને તરસ લાગે ત્યારે તેને સાદું પાણી આપવાને બદલે જો પાતલી કાંજીનું પાણી આપવામાં આવશે તો તેથી તે જનાવરની એક રીતે તરસ છીપાશે અને બીજી રીતે તેની શક્તિ ટકાવી રાખનારો ખોરાક પણ તેને મલ્યો જશે.

જ્યારે તાવનું જોર તદન નરમ પડે અને સરકમ નાબુદ થતો જણાય ત્યારે સહવારે ઉપલી દવાઈ આપ્યા પછી બપોરે નીચલી ગોટી બનાવીને આપવી.

એક્ષતરેકત આવ જેનશીઅન........................	૪ ડ્રામ.
સુંઠનો ભુકો....................................	૨ ,,

આ બંન્ને વસાણાંને અલસીના આટા અને ગોલ સાથે મેલવી એક ગોટી બનાવવી.

આ ગોટી આપવાથી તે જનાવરને ભુખ છુટવા માંડશે. જ્યારે આ પ્રમાણે ભુખ છુટવા માંડે ત્યારે લીલું ઘાસ અને સેજ ચણા આપવા માંડવા. જો ભુખ હવે સારી પડે છુટતી જણાય તો જનાવરને શક્તિ લાવવાને અરથે ઉપલી ગોટીને બદલે હવે નીચલી દવાઈઓની ગોટી બનાવી આપવી.

હીરાકસી...	૨ દ્રામ.
સુંઠનો ભુકો...	૨ ,,
પાઊદર આવ જેનશીઅન.............................	૨ ,,

હવે તે જનાવરને રફતે રફતે કસરત પણ આપવા માંડવી અને તબેલાની બહાર લઈ જતાં સંભાલ રાખવી કે બહારની હવા ઘણી ઠંડી નહી હોય. યાદ રાખવું કે ઉપલી હીરાકસીની ગોટી બરોબર ભુખ છુટે નહી ત્યાં સુધી કદી પણ નહી આપવી.

નાકમાંથી વહેતું પરૂ—(Nasal Gleet.)

આ દરદનું નામજ તેની નીશાની બતાવવાને પુરતું છે. ઘણીક વેલા ચહેરાનાં હાડકાંઓમાં દેખઈતો સોજો નજર આવે છે.

કારણ—ઘોડાવાલાના ગુસ્સાનાં પરીણામ તરીકે ઘોડાના મોહડાં ઉપર જોરમાં પડતો એકુ દીંગોલાંનો ફટકો અથવા બીજી કોઈ પણ રીતે ઘોડાનાં મોહડાં ઉપર જોરમાં પડતો માર આ કઠંગું દરદ પેદા કરે છે. આ દરદમાં નાકનાં જાલીદાર હાડકાંઓ પરૂથી ભરાઈ જાય છે અને તે પરૂ એકદમ બહાર નીકલી નહી શકવાથી આસપાસનાં હાડકાંઓ વધારે ને વધારે ખવાતાં જાય છે, તેમ થતાં જ્યારે આખરે નસકોરાં તરફનો મારગ મલે છે ત્યારે પરૂ ત્યાંથી વહેવા માંડે છે.

ઘણીક વેલા એમ બને છે કે, એકુ દાઢ કહોવા માંડે છે અને તે દાઢનું મુળ નાક તરફનાં હાડકાં ખાતું ખાતું નસકોરાંના મારગમાં આવી પહોંચે છે, અને રફતે રફતે નાકની આસપાસનાં હાડકાંઓમાં પણ સડો લાગુ પડે છે. એ રીતે લાગુ પડેલા સડાથી પેદા થતાં પરૂને જ્યાં સુધી ખુલ્લો મારગ મલતો નથી ત્યાં સુધી તે વધારે ને વધારે હાડકાંને ખાતુંજ જાય છે અને એ રીતે દરદ માલમ પડે છે તેની અગાઉ તેની જડ બદનમાં ચીવટ પેસી જાય છે.

કેટલીક વેલા આ દરદ કપાલનાં હાડકાંઓમાં શરૂ થાય છે અને ત્યાંથી અંતે તે દરદી ભાગનું પરૂ વહેતું વહેતું નાકનાં હાડકાંઓને પકડી લાંબી મુદતે નસકોરાંમાં આવી પુગે છે.

ઉપાય—પહેલ વહેલાં દરદનું કારણ સોધી કહાડી તેને દુર કરવાની કોશેશ કરવી. જો કોહતી દાઢનું તે પરીણામ હોય તો એકદમ તે દાઢને ખેંચી કહાડવી અને કોઈ ભાગેલાં હાડકાંનો ટુકડો એ સઘલાં દરદનું મુળ હોય તો તે ટુકડો શોધી કહાડી દુર કરવાની કોશેશ કરવી. એક સાધારણ માણસથી આ કોશેશ કદી પણ થવાની નથી, તેનું કારણ એ કે, આ દરદમાં હાડકાંઓને એક ગોલ કરવતીએ વહેરી તેમાં છેડ પાડવો પડે છે, અને તે છેડને રસ્તે પીચકારીઓ મારી તે ભાગેલું હાડકું કહાડી નાખવામાં આવે છે તથા પરૂનો મારગ પણ ખુલ્લો કરી તે છેડમાંથી રૂજ લાવનારી દવાઈઓ નામવામાં આવે છે.

આ દરદનો ઘણોખરો એજ એલાજ હોવાથી સાધારણ માણસ સોડે તેની સારવારની આશા રાખી શકાયજ નહી, તેટલું. છતાં જો બને તો નસકોરાંઓને સરકમમાં જે તોબડાથી સેકવા કહયાં છે તે તોબડાથી સેકવાં અને પરૂ ખેંચી કહાડવાને અરથે ફુક્કાં પાણીની પીચકારીઓ નસકોરાંમાં મારવી. એ રીતે ભરાઈ રહેલું પરૂ ખેંચી કહાડવા પછી જો ફાયદો જણાય તો રસી બંધ કરનારી દવાઈઓની પીચકારી મારવી.

ફેફસાંની નલીમાં ચહડતા સોજાથી પેદા થતી ખાંસી અથવા થાંસો—(Bronchitis.)

ખાંસી અથવા થાંસો એ પોતે કાંઈ દરદ નથી પણ બીજાં કેટલાંક દરદોની તે નીશાની છે, જેમ કે સરકમમાં ખાંસી હાજર હોય છે; ગલાંના સોજામાં થાંસો ઘણું કરીને દેખાવ આપે છે અને ફેફસાંનાં ઘણાંક દરદોમાં તે એક યા બીજાં રૂપમાં માલમ પડે છે. એ ઉપરાંત હોજરીનાં દરદોમાં પણ થાંસાનું જોર ઉભરે છે અને ચોકસ ગ્નાનતંતુઓના ઉશકેરાવાથી પણ થાંસો લાગુ પડે છે. એ રીતે થાંસો તહરેવાર દરદોમાં એક નીશાની તરીકે હાજર હોય છે, અને તેવા થાંસા માટે તે દરદનાં મથાલાં હેઠલ જણાવેલાજ એલાજો અજમાવવામાં ફાએદો છે, પણ લ્યાં આપણે જે દરદને માટે બોલવા માંગીએ છઈએ તે ફેફસાંની હવાની નલીઓમાં ચહડતા સોજાને લીધે જે ખાંસી પેદા પડે છે તે ખાંસી વીશે છે. આ ખાંસી વલી બે જાતની છે; એક તો તરતની અને બીજી તો જુની. આપણે પહેલાં તરતની ખાંસી વીશે બોલીશું.

નીશાની—પહેલ વહેલાં સાધારણ સરકમની સઘલી નીશાનીઓ માલમ પડે છે અને તે નીશાનીઓ સાથે જનાવરનાં બદન ઉપરના બાલ ઉભા થયલા હોય છે તેમજ ભુખ મરી ગયલી હોય છે. સાધારણ શ્વાસોશ્વાસ કરતાં દમ હવે વધારે જોરમાં ચાલે છે અને નાડી એક પલમાં ચાલીસથી સીત્તેર ધપકારા મારે છે. પગની ગરમી કુદરતીજ

રહે છે. પાંસલીઓ ઉપર કાન મેલીને સાંભલતાં તનદરોસ્ત ફેફસાંમાંથી નીકલતા અવાજ પીછાણનાર શખસને તરતજ ફરક માલમ પડે છે. એ અવાજ આ દરદમાં પહેલવહેલાં સુકો અને ખડખડતો સંભલાય છે, જે જેમ જેમ દરદ આગલ વધતું જાય છે તેમ તેમ ગુડગુડી પીતાં થતા અવાજના જેવો સંભલાવા માંડે છે.

કારણ—સરકમનાં જે કારણો તે આ દરદનાં કારણો છે. ઘણું કરીને એ દરદ સરકમમાંથી જનમ પામે છે, એટલે સરકમમાં ચહડતો સોહજો આસ્તે આસ્તે ગલાંની નલામાં લંબાતાં ફેફસાંમાંની હવાની નલીઓને પણ પકડે છે, જેથી તેમની અંદરનું પડ સુજી આવે છે; આવી રીતે સુહજી આવેલું પડ અલબત્તે નલીઓનો વ્યાસ ઓછો કરે છે અને તેથી તેમનામાં જેટલી હવા દાખલ થવી જોઈએ એટલી દાખલ થઈ શકતી નથી. આ પ્રમાણે થોડી હવા દાખલ થવાથી દમ બહુ મુશકેલીથી ચાલે છે અને તેની ઝડપમાં વધારો થાય છે.

ઉપાય—જો સોજાનું જોર થોડુંજ હોય તો નીચલી દવાઈ આપવી:—

એરોમેતીક સ્પીરીત આવ એમોનીઆ	૧ આંઉસ.
સ્વીત સ્પીરીતસ આવ નાઈતર	૨ ,,
તીંકચર આવ બેલાદોના	૨ દરામ.
પાણી	૧ પેંત.

આ સઘલાંને મેલવી દહાડામાં બે વાર પાવું. જો દરદ વધારે જોરમાં હોય તો સહવારે આખી છાતીની એક બાજુએ રાઈનું પલાસતર મારવું અને સાંજના એજ પ્રમાણે બીજી બાજુએ રાઈ લગાડવી, અને નીચલી દવાઈ ચાલુ કરવી.

દીજીતેલીસનાં પાંદડાંનો ભુકો	અરધો દરામ.
કેલોમેલ	અરધો દરામ.
તારતાર ઈમેતીક	એક દરામ.
સુરોખાર	બે દરામ.

આ સઘલી દવાઈઓને અલસીના આટા અને ગોલ સાથે મેલવી એક ગોટી બનાવી આપવી.

જો ખાંસીથી દરદી ઘણુંજ કંટાલતું હોય તો તેને નીચલી દવાઈ દહાડામાં ત્રણ વાર આપવી.

સલફયુરીક ઈથર...............................	૧ આંઉસ.
તીંકચર આવ ઓપીઅમ........................	૧ આંઉસ.
પાણી	૧ પેંત.

પહેલાં આ દવાઈ દહાડામાં ત્રણ વાર આપ્યા પછી જો ફાયદો જણાય તો તે દહાડામાં બે વાર આપવી.

જો ઉપલી દવાઈથી કાંઈ ફાયદો નહી માલમ પડે તો પછી તે દવાઈ છોડી દઈ નીચલી દવાઈ ચાલુ કરવી.

તીંકચર આવ એકોનાઈત......................	૧૦ મીનીમ.
એક્ષતરેક્ત આવ બેલાદોના	અરધો દરામ.
પાણી	૧ પેંત.

પહેલાં બેલાદોનાને ખુબ તરેહથી પાણીમાં ઘુંટીને પીગલાવો અને પછી તેમાં એ-કોનાઈત હુમેરી દહાડામાં બે વખત પાવો. આ દવાઈ પાવાથી ઘોડાની નાડી ઉપર ઘ-ણીજ સારી અસર થશે અને તે જે આગલ ઉછાલા મારતી અને ઝડપવલી હશે તે રફતે રફતે શાંત થવા માંડશે. નાંડી જેવી શાંત થએલી એટલે એક પલમાં કુદરતી જો-રથી માત્ર ત્રીશથી ચાલીશ ધપકારા મારતી જણાઈ કે તીંકચર આવ એકોનાઈટ આપ-વાનું બંધ કરી માત્ર બેલાદોના સાથેજ કામ લેવું.

આ દરદમાં ખોરાકની ઉપર ઘણીજ સંભાલ રાખવાની જરૂર છે. આપણે આગલ જોઈ ગયા છઈએ કે છાતીના અવ્યવોને પેટના અવ્યવોથી જુદો પાડનારો એક પરદો છે જે એક મોટા માંસના લોચાનો બનેલો છે. વલી પેટનો આ પરદો આપણે જાણી લીધું છે તેમ, દમ લેવાનાં કામમાં મુખ્ય મદદ કરે છે. એ પરદાની બરોબર અડોઅડ પેટ તરફથી હોજરી અડકેલી છે. હવે જો હોજરી ભરી ખોરાકથી કરીને ફુલેલી હોય તો અલબતે તે પેટના આ પરદા ઉપર મોટું દબાણ કરે અને તેથી તે પરદાની હીલચાલમાં ઘણીજ મોટી ખલલ થાય અને તેમ થતાં તે જનાવરની દમ લેવાની શક્તિ ઘણીજ ઓછી થઈ જાય, માટે જયાં મુખ્ય દરદજ દમ લેવાની હરકતનું આવ્યું, ત્યાં હોજરીને ફુલવીને દમ લેવામાં વધારે અટકાવ કરવો એ બીલકુલ બેવકુફીનું કામ છે. એ દરદમાં બનતાં સુધી હોજરીને ખાલી રાખવાની અગત્ય છે અને તેટલા અરથે જનાવરને ખોરાક તરીકે માત્ર ઘટ કાંજીનું પાણીજ આપવાની જરૂર છે. વલી જો હોજરી ભરાએલી હશે તો તે જનાવરની નાડી ઉપર પણ ઘણીજ ખરાબ અસર કરી તેને ઉછાલા મારતી બ-નાવી મેલશે, માટે તે જનાવરથી ઘાસ દાણા દુર રાખવામાંજ ફાએદો છે. આ દરદમાં ઘટ કીધેલી કાંજી ગલાંમાંથી ઉતરતાં ગલાંને પણ સેક કરે છે અને તેની અંદરનાં પડને સુંવાલું અને લીસું બનાવે છે, માટે એ ખોરાક સઉથી સરસ છે. જયારે આસ્તે આસ્તે થાંસો નરમ પડવા આવે ત્યારે બાફેલા કંદ મુલથી શરૂઆત કરવી અને પછી સહેજ લીલું ઘાસ આપતું કરવું.

વલી આ દરદમાં બીજી સંભાલ જે લેવાની છે તે ઘોડાનાં ગલાં અને છાતીની બહારની સપાટી ઉપર ગરમ કપડાંથી ઢાંકણ કરવાની છે. આવી રીતે ગરમ ઢાંકણથી ઘોડાનું ગલું અને છાતી લપેટેલાંજ રાખવાં અને જો બની શકે તો તેનાં થાણની આસ-પાસ ગરમ બાફ ફરતો રાખવાને અરથે દુરથી એક વરાલ નીકલતું વાસણ મુકી રાખવું

કે જેમાંથી ગરમ બાફ થાણમાં પસરતો રહી ત્યાંની હવાને એવી બનાવશે કે જે હવા તેના શ્વાસોશ્વાસના મારગો ઉપર ઘણીજ તનદરોસ્ત અસર પેદા કરશે. આવાં બાફ લેવાનાં વાસણો હાલ જ્યાં અંગ્રેજી દવાઈ વેચનારાઓની દુકાનમાં પુશકલ સસતાં મલી આવે છે.

ફેફસાંનાં પડનો સોજો—(Pleurisy.)

આપણે આગલ જોઈ ગયા કે ફેફસાંના નરમ માવાને છાતીની દેવાલો સાથે ઘસાતો અટકાવવાને અરથે ફેફસાંઓની આસપાસ એક બેવડું પડ ફરી વલેલું છે, જે પડનો એક ભાગ પાંસલીઓને ચીટકેલો હોય છે. તેમજ બીજો ભાગ ફેફસાંને વલગેલો હોય છે. વલી આપણે બીજું એ પણ જાણી લીધું છે કે એ પડના બંને ભાગોની વચે સહેજ ભીણાશ હમેશાં પસરતો રહે છે, જે ભીણાશને લીધે એ પડના બન્ને ભાગો અકેકની ઉપર ઘસાતા નથી. ફેફસાંની આસપાસનાં આ પડોમાં જ્યારે સોજો ચહડે છે ત્યારે તે સોજાથી જનાવર બહુજ દુખી થાય છે.

નીશાની—પડની ઉપર ચહડેલા સોજાને લીધે પડની સપાટી સુક્કી થઈ જાય છે અને તે બંને સપાટીઓ છાતીની હીલચાલને લીધે અકેક સંગાતે ઘસાઈ, નહીં ખમી શકાય એવો જોરાવર દુખારો પેદા કરે છે. આ દુખારાને લીધે તે જનાવર જેમ બને તેમ પાંસલીઓને થોડી હીલચાલ આપવા માંગે છે અને તેને લીધે તે દમ ઘણોજ ટુંકો લે છે. દમ લેતાંજ તણખ મારવાથી તે પાછો દમ ખેંચી લે છે અને એ રીતે તે જનાવરનો દમ ઘણોજ ટુંકો, ઝડપવાલો તેમજ હણકતો ચાલતો હોય એમ માલમ પડે છે. તેજ વેલા તેની છેલ્લી પાંસલી સ્થીર થઈ બેઠેલી જણાય છે. આ દરદમાં ઘણું ખરૂં એક પલમાં ચાલીશથી પચાસ વખત દમ લેવાય છે. નાડી જોરમાં ચાલતી, અને કઠણ હોય છે, નાકનાં ફીફરાં કુદરતી ગોલાબી રંગનાં હોય છે અને તેઓ પહોલાં થયલાં નથી હોતાં. આગલા બંને પગો સાથે કરી નાખી પેટની નીચે ખેંચેલા જણાય છે, અને તેઓ ઠંડા હોતા નથી. ખાંસી ઘણીજ ટુંકી અને જલદીથી પુરી થઈ જાય એવી હોય છે અને પાંસલીઓની વચ્ચે દબાણ કરતાં બહુજ જીવપર આવે એવો દુખારો થાય છે. એ દરદમાં બહુજ બેકરારી રહે છે અને ભુખ તદંન મરી ગયલી હોય છે.

કારણ—આ દરદ ઘણું કરીને ફેફસાંમાં બીજા દરદો ભેગુંજ હાજર હોય છે અને તેઓ જે કારણમાંથી જનમ પામે છે તેજ કારણમાંથી એ દરદ પણ જનમ પામે છે. આ દરદમાં દુખારો મોટો ભાગ બજાવે છે અને તે દુખારાનું મુલ કારણ ફેફસાંના પડના બન્ને ભાગો સુકા થઈ જઈ અકેક સંગાતે ઘસારો થવાનું છે.

ઉપાય—ઘોડાનાં વઈદાંને લગતી ઘણીક ચોપડીઓમાં પહેલવહેલાં લોહી કહાડવાને ફરમાવવામાં આવ્યું છે, પણ એ ઉપાય જો કે સીધી રીતે ધાસ્તી ભરેલો નથી તોપણ એ ઉપાયથી એક દરદ સારૂં થઈ બીજાં દરદને જનમ આપે છે અને તે દરદ તે છાતીનો જલંદર છે.

જેવું દરદ માલમ પડ્યું કે તરતજ તેના એલાજો લેવાથી જનાવર નબલું થતું નથી અને તે નબલાઈનાં પરીણામ તરીકે પેદા પડતો છાતીનો જલંદર પણ આવતો અટકે છે. નીચલી દવાઈથી પહેલવહેલાં શરૂઆત કરવી.

તીંકચર આવ. એકોનાઈત	૧૦ મીનીમ.
પાણી	૧ પેંત.

આ બંન્નેને મેલવી જયાં સુધી નાડી નબલી થાય ત્યાં સુધી દર બે કલાકે પાયા જવું. જેવી નાડી નબલી માલમ પડી કે એ દવાઈ છોડી દઈ નીચલી દવાઈ આપવા માંડવીઃ—

સલફયુરીક ઈથર	૧ આંઉસ.
લોદેનમ	૧ આંઉસ.
પાણી	૧ પેંત.

આ સઘલાંને મેલવી દર ચાર કલાકે આપયા જવું. આ પ્રમાણે પહેલે દીવસે કરવું. બીજે દીવસે બાફ લેવાનું યંત્ર થાણમાં દાખલ કરવું અને તેથી દહાડામાં બે વાર બાફ આપવો, તથા નીચલી ગોટી આપવાનું શરૂ કરવું:—

દીજીતેલીસનાં પાંદડાંનો ભુકો	અરધો દરામ.
તારતાર ઈમેતીક	એક દરામ.
સુરોખાર	બે દરામ.

આ સઘલાંને મેલવી અલસીના આટા અને ગોલ સાથે ગોટી બનાવી તે ગોટી દહાડામાં બે વખત આપવી.

આ દરદમાં ઝાડો કબજ હોય તોપણ જોલાબ આપવો નહી; દરદનું જોર નરમ પડતાંજ ઝાડો પોતાની મેલેજ સાફ છુટવા માંડશે. વલી બીજું એ યાદ રાખવું કે એ દરદમાં છાતીની ઉપર બ્લીસતર મારવાની મુદલ કોશેશ કરવી નહીં, કારણ કે ફેફસાંનું પડ પાંસલીઓને વલગેલું હોવાથી બહારની ચામડીથી તે ઘણેજ થોડે તફાવતે દુર રહેલું છે અને ચામડી ઉપર લગાડેલું બ્લીસતર ચુસાઈને પડમાંનો સોજો ઘટાડવાને બદલે ઉલટો તે પડમાં સોજો ચહડાવશે, એટલુંજ નહીં પણ ફોફઈઆ ઉઠાડશે, અને ત્રીજું એ યાદ રાખવું કે બનતાં સુધી જનાવરને ઘટ કાંજી ઉપરજ રાખવું.

જો દમ હવે સહેલાઈથી લેવાવા માંડે, જનાવરની બેકરારી નરમ પડેલી જણાય, તેની ભુખ પાછી છુટતી માલમ પડે અને નાડી તનદરોસ્ત હાલત ઉપર આવે તો જાણવું કે હવે દરદ દફે થવા માંડે છે. જયારે એવું જણાય ત્યારેજ તે જનાવર આગલ થોડુંક લીલું ઘાસ મેલવાને શરૂ કરવું, અને આસ્તે આસ્તે વધુ ખોરાક આપવા માંડવો.

ઉપલી નીશાનીઓ દરદનો સારો છેડો આવશે એવું દેખાડે છે, પણ જો દરદનો છેડો ધાસ્તી ભરેલો આવનાર હોય તો નીચલી નીશાનીઓ માલમ પડે છે.

નાકનાં ફીફ્રાંમાંથી પીલો પણ પતલો રસ વહેતો થાય છે, જેમાં કોઈ કોઈ વેલા લોહીની છારી પણ માલમ પડે છે. ચહેરાની ઉપર એવા તો ફેરફારો થાય છે કે જેથી તે જનાવરનો આતુર દેખાવ તરતજ માલમ પડી આવે છે અને પોતાના દુખમાંથી છોડવવાને ગોયા તે આપણને મુગી અરજ કરતું હોય તેવું જણાય છે. જનાવરનો દમ બહુજ જોરમાં ચાલવા માંડે છે. નાડી ઘણીજ ઝડપવાલી પણ દોરા જેવી બની જાય છે. નાકની અંદરનું પડ કાલું મારવા માંડે છે. આખાં બદન ઉપર પરસેવો છુટે છે અને જનાવર ઘણુંજ બેકરાર માલમ પડે છે.

જો ઉપલી નીશાનીઓ વધવા માંડી તો જાણવું કે, તે જનાવરની જીંદગીનો જલદીથી અંત આવશે અને જો તેમ છતાં તે જીવ્યું તો છાતીના જલંદરથી તે રીબ્યા કરશે.

છાતીનો જલંદર—(Hydrothorax.)

ફેફસાંની ઉપર ઢાંકણ કરનારાં પડોની બંન્ને બાજુ વચે જે પાણી ભરાય છે તે પાણીના ભરાવાને છાતીના જલંદરનાં નામથી ઓલખવામાં આવે છે.

નીશાની—આ દરદની નીશાનીઓ માલમ પડે તે અગાઉ ફેફસાંનાં પડના સોજાની નીશાનીઓ દેખાએલી હોવી જોઈએ. એ સોજો નરમ પડવા પછી છાતીનાં જલંદરની નીશાની માલમ પડે છે. સઉથી પહેલી નીશાની એ છે કે, પેટના ખાડાઓ દમ લેવામાં બહુજ ઉચકાઈ જાય છે. એ દરદમાં ફેફસાં અને પાંસલીઓની વચે પાણી ભરાતું હોવાથી, જેટલા ભાગમાં પાણી હોય છે તેટલા ભાગમાં દમ લેવાનો અવાજ સંભલાતો નથી અને ઘણું કરીને પાંસલીઓના મધ્ય ભાગમાં તે સંભલાય છે. એ પ્રમાણે મધ્ય ભાગમાં સંભલાવાનું કારણ એ કે, પાણી ભારી હોવાથી તે છાતીના નીચલા ભાગમાંજ જઈને ઠરે છે. એ રીતે ત્યારે પાંસલીઓના મધ્ય ભાગમાં દમ લેવાનો અવાજ સંભલાવાનો શરૂ થાય છે. હવે જયાંથી એ અવાજ સંભલાવાનો શરૂ થયો ત્યાં આપણે કાન મુકીને કોઈ બીજાં માણસ પાસે છાતીની સામી બાજુએ તેની હડેલી જોરમાં થોકા-

વવી. એ રીતે સામી બાજુએથી છાતી ઠોકાવાને લીધે આપણી બાજુનું પાણી જોરમાં ઉછાલો મારી આપણા કાન સુધી ઉછલીને પાછું પડશે. આ રીતે ઉછાલો મારી પાછું પડતાં, પાણી છલકાતાં જેવો અવાજ થાય તેવો ખુલ્લો અવાજ આપણે કાને પડશે.

કારણ—ફેફસાંનાં પડ ઉપર જયારે સોજો ચહડયો હોય ત્યારે લોહી ખેંચી કહાડવાથી યા એવીજ રીતે બીજા નબલાઈ કરનારા ઉપાયો વાપડવાથી આ દરદ પેદા પડે છે. સોજાનાં પરીણામોમાંનાં એક પરીણામ તરીકે આપણે આગલ જોઈ ગયા તેમ સુજેલા ભાગમાંથી રસી વહે છે, અને તે રસી આગલ જતાં ગુંદરની માફક ચીવટ બની જાય છે. ત્યારે ફેફસાંનાં પડના સોજાનાં પરીણામ તરીકે જે રસી નીકલે છે તે રસી છાતીનો જલંદર પેદા કરે છે.

ઉપાય—છાતીનો જલંદર જેવો માલમ પડે કે બનતાં સુધી તરતજ તેના ઉપાયો લેવા. એ દરદમાં રસીનો જથો એટલો મોટો હોય છે કે રસી ચુસી લેનારી કાંઈ ચીજ છાતીને બહારથી લગાડવાથી તે રસી ચુસાઈ લેવાતી નથી. આ કારણને લીધે રસી કહાડવાનું એક ખાસ હથીઆર વાપડવું પડે છે, જેને આપણાં લોકો રસી કહાડનારા સુઈઆનાં નામથી ઓલખે છે. એ હથીઆરમાં ખરેખર એક સુઈઓ આવે છે ખરો, પણ તે ઉપરાંત તે સુઈઆ સંગાતે એક નલી પણ આવે છે, જે નલીની અંદર તે સુઈઓ ખોસેલો હોય છે. છાતીમાંનું પાણી કહાડવાને અરથે નવમી પાંસલીનો આગલો ભાગ હંમેશ પસંદ કરવામાં આવે છે. જયારે પાણી કહાડવું હોય ત્યારે નવમી પાંસલીના આગલા ભાગની ચામડીને છાતીના નીચલા ભાગમાંથી પછવાડે ખીસાડવી અને પછી ત્યાં એક ધારવાલી છરીની મદદથી અરધા ઇંચ જેટલો કાપો પાડવો. હવે આ કાપામાં પેલા નલી સાથના સુઈઆની અણી ભોકવી અને સુઈઆની સામે થતું દબાણ બંધ પડેલું જણાય કે સુઈઓ વધુ અંદર ભોકતાં અટકવું. પછી પેલી નલીને ત્યાં મજબુત ધરી રાખી સુઇઆને બહાર ખેંચી કહાડવો. સુઈઓ બહાર આવ્યો કે તરતજ તેની પછવાડે રસી વહેતી થશે.

હવે રસી કેટલી વહેવા દેવી અને કેટલી નહીં તે દરદી જનાવરની શક્તી ઉપર આધાર રાખે છે. જો બધી રસી એકી વેલાએ બહાર ખેંચી શકાય તો ઘણું સારૂં, પણ ઘણીક વેલા એમ બને છે કે થોડીક રસી નીકલવા પછી જનાવર બેહોશ થતું હોય તેમ ધુંજવા અને લહડવા માંડે છે. આવી નીશાની થતાંજ વધારે રસી કહાડતાં અટકવું અને નલી બહાર ખેંચી કહાડવી. છરીનો કાપ મેલતી વખતે ત્યાં ફરમાવ્યા મુજબ જો ચામડીને પછવાડે ખીસાડી હશે તો આ નલી બહાર ખેંચી કહાડતાંજ ત્યાં પડેલાં કાણાં ઉપર ખીસાડેલી ચામડી પાછી ખેંચાઈ આવી તે કાણાંની ઉપર મજબુત ઢાંકણ કરી મેલશે.

જો બે કલાક પછી જનાવર પાછું ટટાર થએલું જણાય તો આગલી જગ્યાએ નહીં પણ તેથી બે ઇંચ નીચે આગલની માફકજ રસી કહાડવાની કોશેશ કરવી અને જો જરૂર પડે તો થોડી રસી કહાડયા પછી વલી પાછું અટકવું.

એ પ્રમાણે રફતે રફતે સઘલી રસી ખેંચી કહાડવી. જો છાતીની બંન્ને બાજુનો જલંદર હોય તો બંન્ને બાજુએથી સરખે ભાગે રસી કહાડવી. ઘણું કરીને આ દરદ છાતીની એકજ બાજુએ ઉભરેલું હોય છે.

રસી કહાડવાને માટે જે સુઈઓ હોય તેની નલી જેમ બારીક વ્યાસની હોય તેમ સારૂં, કારણ કે એકદમ રસી નીકલ્યાથી જનાવરનો જીવ બેતાબ મારી જાય છે, જ્યારે ધીમેધીમે રસી નીકલવાથી તેને કાંઈ પણ માલમ પડતું નથી. માણસને વાસ્તે છાતીના જલંદર માટે જે સુઈઆ વાપડવામાં આવે છે તેજ સુઈઆ જેટલાં કાણાં પાડનારા સુઈઆ, પણ તેથી સહેજ વધારે લંબાઈના આ કામમાં ઘણાજ સારા ગણાય છે.

રસી કહાડતી વખતે એક વાત હંમેશાં ધ્યાનમાં રાખવી, અને તે એ કે, નલીમાંથી રસી વહેતી થયા પછી જયાં સુધી તે નલી પાછી કહાડવામાં નહી આવે ત્યાં સુધી કદી પણ પારકાં માણસને તે કામ સોંપી જનાવર આગલથી ખીસવું નહીં. એમ કરવાનું કારણ એ કે, કદાચ તે જનાવર બેહોશ થવા માંડશે અને તમે પાછા આવી પુગો તેની અગાઉ તે ઘણીજ ધાસ્તી ભરેલી હાલતમાં આવી પડશે.

એ રીતે રસી કહાડયા પછી નીચલી ગોટી બનાવી આપવીઃ—

આયોદાઈદ ઑવ આયરન	અરધો દરામ.
સ્ત્રીકનીઆ..	અરધો ગરેન.
સલફેત આવ ઝીનક	અરધો દરામ.
એક્ષતરેકત આવ જેનશીઅન....................	બે દરામ.

આ સઘલાંને અલસીના આટા અને ગોલ સાથે મેલવી તે અકેકી ગોટી દહાડામાં એક વાર આપવી. આ ગોટી શક્તી લાવવા માટે છે. જો એ ગોટી આપવાથી જડબાંના માંસના લોચા ઉશકેરાઈ ચાવણીઆં બેસતાં માલમ પડે, તો અંદરથી સ્ત્રીકનીઆ કહાડી નાખવું. સઉથી સરસ રીત એ છે કે ચાર દહાડા સુધી સ્ત્રીકનીઆ સાથની ગોટી ચાલુ રાખી પાછી ચાર દહાડા તે બંધ કરી નાખવી.

ફેફસાંના દાણાનો સોજો—(Pneumonia.)

આપણે આગલ જોઈ ગયા કે ફેફસાં બહુજ નરમ છે અને તેઓ હજારો બારીક દાણાઓના સાથે ગુંદાઈ જવાથી બનેલાં છે. આ દરેક બારીક દાણા તે ગોયા અકેકું ફેફસુંજ છે, કારણ કે દરેક દાણામાં એક હવાની નલી, એક હવાની કોઠલી, એક કાલાં લોહીની નેસ અને એક રાતાં લોહીની નેસ હોય છે. આ દાણાઓમાં સોજો ચહડવાનું દરદ ઘોડામાં ઘણુંજ સાધારણ છે.

નીશાની—પહેલવહેલાં દમ ઘણીજ ઝડપથી ચાલતો અને ઘણીજ મુશકેલીએ લેવાતો માલમ પડે છે. તેના બંન્ને આગલા પગો ઘણા પહોલા ફાંગેલા હોય છે, માથું ગોયા હવા પકડવા જતું હોય તેમ આગલ નીકલી આવેલું હોય છે અને તેના પેટનો ખાડો ઊંચકાઈ જતો માલમ પડે છે. ચામડી ઘણું કરીને સુકી હોય છે, પણ જો પરસેવો હાજર હોય છે તો તે ઘણોજ ઠંડો હોય છે, પગ અને કાન ઠંડા બરફ જેવા બની જાય છે, આંખની અંદરનો સફેદ ભાગ અને નાકની અંદરતું પડ જાંબુરા રંગનાં હોય છે, નાડી ઘણીજ ઝડપમાં ચાલે છે, પણ તે નરમ અને દબાઈ શકે તેવી હોય છે, કોઈ વખત ખાંસી થાય છે, જે ઘણીજ ભારી અને દુખ કરતી હોય એવી જણાય છે. જો છાતીના ભાગ ઉપર આંગલાં ઠોકવામાં આવે છે તો ખુલ્લો અવાજ નીકલવાને બદલે કાંઈ નક્કર વસ્તુમાંથી અવાજ આવતો હોય તેમ સંભલાય છે અને છાતીની બાજુએ કાન મુકીને સાંભલતાં ચોકસ જગ્યાઓ ઉપર શ્વાસોશ્વાસનો અવાજ તદનજ બંધ થઈ ગયલો હોય છે.

જેમ જેમ દરદ વધતું જાય છે તેમ તેમ નાડી ઘણીજ નરમ અને દોરા જેવી બનતી જાય છે અને હૃદય આગલ કાન મેલી સાંભલતાં તેના ધબકારાઓ ઠંડા પડતા સંભલાય છે. હવે પગ, કાન, અને મહોડું ઘણાંજ ઠંડાં થવા માંડે છે અને નાકની અંદરનું પડ સીસાં સમાન કાલો રંગ ધારણ કરે છે. નાકમાંથી નીકલતો ફુંફારો હવે હાથ મેલતાં ઘણો ઠંડો લાગે છે. છાતી, ગરદન અને ચહેરાના માંસના લોચાઓમાં તાણ ચહડે છે; દાંત અકેક સાથે ઘસાઈ કકડવા લાગે છે.

કારણ—હદ બહાર લેવાતું કામ અને સરદીમાં લેવી જોઈતી સંભાલની ગેરહાજરી એ બે કારણથી આ દરદ ઘણું કરીને પેદા થાય છે. ઘણીક વેલા એમ બને છે કે જનાવરને લાંબો વખત તબેલામાં રાખી તેને ઘણોજ પુષ્ટીકારક ખોરાક ખવાડવામાં આવે છે, જયાર પછી એક દહાડો તેને બહાર કહાડી તેની પાસે જોઈએ તે કરતાં વધુ કામ લેવામાં આવે છે. તે જનાવરને એવું હદ બહારનું કામ કરવાની ટેવ નહી હોવાથી તેનાં ફેફસાંમાં એકદમ લોહી ધાઈ આવે છે, અને તેનો જો તરતજ એલાજ નહીં કીધો તો ફેફસાંના દાણાઓમાં સોજો ચહડી આવે છે. એ ઉપરાંત બદનના બહારના ભાગોને લાગતી સરદી પણ એ દરદ પેદા કરે છે.

ઉપાય—ઘોડાનાં વઈદાંની ઘણીક ચોપડીઓમાં લોહી કહાડવાના ઉપાયને તદનજ અગત્યનો ગણ્યો છે, પણ એ વીચાર હવે વધુ વખત ટકી રહયો નથી. હવેના જે વીચારો છે તે એ કે જનાવરને જેમ બને તેમ શકતીવાલું રાખવું કે જેથી આવાં ભયંકાર દરદની કચડી નાખનારી અસરની સામે તે પુરતા વખત સુધી ટકી શકે.

એ દરદમાં પહેલ વહેલો જે ઉપાય કરવાનો છે તે એ કે, બરડાની કરોડથી તે પાંસલીના વચલા ભાગ સુધીના સઘલા બાલો બંન્ને બાજુએથી કાતરી કહાડવા અને પછી ત્યાં નીચલી મેલવણીવાલું બ્લીસ્તર લગાડવું.

લાઈકર એમોનીઆ	....	૪ આંઉસ.
પાણી	....	૧૬ આંઉસ.

આ મેલવણીને બાલ કાતરેલા ભાગમાં સારી પડે પચપચાવી તેની ઉપર ચાર વખત ઘડી કીધેલી ચાદર ઢાંકો, કે જેથી એમોનીઆ ઉડી જતી અટકે. પાંચ મીનીટ રહીને એક તરફથી ચાદર ઊંચકીને જોવું કે ફોલ્લીઆ ઉઠયા છે કે નહીં. જો ફોફ્ફોઈઆ ઉઠયા હોય તો ચાદર કાહાડી નાખવી, ને નહીં તો બીજી વધુ પાંચ મીનીટ સુધી ચાદર ઢાંકેલી રાખવી. હવે જો ફોફ્ફઈઆ ઉઠયા હોય તો ચાદર કહાડી નાખવી.

એકગમથી આ બ્લીસ્તરની ગોઠવણ કરવામાં આવતી હોય કે બીજી ગમથી ચાર જુદાં જુદાં માણસોને જેટલા જોરથી ઘસાય એટલા જોરથી ચારે પગ ઘસવાને બેસાડવાં અને જ્યાં સુધી તે માણસો થાકી જાય ત્યાંસુધી એ પ્રમાણે ઘસાવવાનું ચાલુ રાખવું. ઘસવાનું પુરૂં કીધું કે ચારે પગે ઘટ ઉનનાં કપડાંના પાટાઓ વીંટાલી લેવા. એ ઉપરાંત જનાવરનાં મહોડાં ઉપર પણ ગરદન સુધી પુગે એવી ગરમ ટોપી પહેડાવવી.

આપણે સાધારણ બ્લીસ્તરને બદલે એમોનીઆનું બ્લીસ્તર વધારે પસંદ કીધુંછે તેનું કારણ એ કે જ્યારે એમોનીઆ દશ મીનીટમાં બ્લીસ્તર ઉઠાડેછે ત્યારે સાધારણ બ્લીસ્તરથી જલદીમાં જલદી એક આખો દીવસ જોઈએ છે. વલી સાધારણ બ્લીસ્તર મોટી સપાટી ઉપર લગાડવાથી તેનાં તત્વો બદનમાં ચુસાઈ જઈ ધાસ્તી ભરેલાં પીશાબનાં દરદો પેદા કરવાનો જોખમ રહેછે, તેમજ ફેફ્સાંની ઉપરનાં પડ જે આ દરદમાં વારંવાર સાથેજ સુહજતાં આવેછે, તે પડમાં બ્લીસ્તરનાં તત્વો ચુસાઈ જવાની અને ભયભરેલા ફોફ્ફઈઆ પેદા કરવાની ધાસ્તી રહેછે.

આપણે પાંસલીઓની અધવચથી તે ઉપર સુધીની જગ્યા પસંદ કીધીછે તેનું કારણ એ કે, આ દરદ નરમ નથી પડતું ત્યાં સુધી જનાવર જમીન ઉપર બેસતું નથી અને દરદ નરમ પડવા આવ્યું કે તરતજ તે જમીન ઉપર કરાર લેવાની કોશેશ કરેછે. એ રીતે જ્યારે તે જમીન ઉપર કરાર લે છે ત્યારે પાંસલીઓની નીચલી બાજુ અલબતે જમીનને અડકે છે અને જો તે જગ્યાએ આપણે બ્લીસ્તરના ફોફ્ફઈઆ ઉઠાડયા હોય તો કેટલા દીવસો સુધી બીચારૂં તે ગરીબ પ્રાણી મુદલ કરાર લઈ શકતું નથી અને તદન થાકી જાય છે. આ બ્લીસ્તર મારતી વખતે એટલી સંભાલ રાખવી કે બરડાની કરોડની ઉપર બ્લીસ્તરની મેલવણી લગાડવી નહીં, કારણ કે ત્યાં ચાંદાં પડવાની ધાસ્તી રહેછે.

ઉપર કહ્યા પ્રમાણે બ્લીસ્તર મારયા પછી અને ગરમ કપડાંના પાટા લપેટયા પછી તે જનાવરને એક એવાં થાણમાં મુકવું કે જ્યાં તે છુટું ફરહર કરી શકે. જનાવરનાં આંગ ઉપર ઠંડો પવન ફુંકે તેની બનતાં સુધી પુરતી સંભાલ રાખવી.

એ પ્રમાણે તેને તેનાં થાણમાં મુકયા પછી નીચલી દવાઈ ચાલુ કરવી.

સલફ્યુરીક ઈથર......................................	૧ આઉંસ.
લોદેનમ..	૧ ,,
એક્ષતરેક્ત આવ બેલાદોના	૧ દ્રામ.
તીંક્ચર આવ એકોનાઈત..........................	૨૦ મીનીમ.
પાણી	૧ પેંત.

પહેલાં બેલાદોનાને પાણીમાં પીગલાવી પછી તેમાં બીજી દવાઈઓ ઉમેરી દહાડામાં બે વખત એ દવાઈ પાવી. અથવા તો

તારતાર ઇમેતીક..	૧ દ્રામ.
દીજીતેલીસનો ભુકો	૧ ,,
સુરોખાર	૨ ,,

આ સઘલાંને અલસીના આટા અને ગોલ સાથે મેલવી એક ગોટી બનાવવી અને તે ગોટી દહાડામાં બે વખત આપવી.

એ પ્રમાણે પીવાની દવાઈનું નક્કી કીધા પછી ઘોડાનાં શાણમાં દમમાં લેવાઈ શકાય એવી હલકી હવા પેદા કરવાને માટે પેલું બાઈલર તેમાં લઈ જઈ મેલો અને તે રાત ને દહાડો ચાલુ રાખો.

ઝાડો કબજ હોય તોપણ જોલાબ આપવાની તજવીજ મુદલ કરવી નહીં. ખોરાક બનતાં સુધી ઘટ કાંજીનોજ રાખવો. જનાવર જો જમીન ઉપર આરામ લેવા માંડે તો તે નીશાની દરદનાં સારાં પરીણામની આશા બતાવે છે. એવી વેલા જનાવરને આસાએશની ઘણીજ જરૂર છે. જો એ પ્રમાણે જનાવર જમીન ઉપર એડું હોય તો બનતાં સુધી તેની આગલ જવુંજ નહીં અને તેને સારીપેઠે આસાએશ લેવા દેવી.

ઉપર જણાવેલી ઈથર, લોદેનમ, વગેરે દવાઈઓ વાલી મેલવણી આપયા છતાં જો નાડી ઘણીજ જોરમાં ધબકતી હોય તો તીંક્ચર આવ એકોનાઈત દર બે કલાકે અરધી પેંટ પાણી સાથે દશ ટીપાં આપવું. જો દમ જોરમાંજ ચાલ્યા કરે તો એક્ષતરેક્ત આવ બેલાદોના અરધો દ્રામ અરધી પેંત પાણી સાથે દર બે કલાકે આપવું. જ્યારે નાડીનું જોર નરમ પડેલું જણાય ત્યારે એકોનાઈત તદન બંધ કરવું અને તે ઉપલી મેલવણીમાંથી પણ કહાડી નાખવું. જો દમ ધીમે ધીમે કુદરતી રીતે ચાલવા માંડે તો બેલાદોના તદન બંધ કરવું અને તે ઉપલી મેલવણીમાંથી પણ કહાડી નાખવું.

જો દરદ સારૂં થવાનું નહીં હોય તો ધાસ્તી ભરેલી નીશાનીઓ વધવા માંડેછે, જે આગલ જણાવી ગયા છઈએ.

જો દરદનો અંત આવે છે તો તે સાધારણ સોજાની માફક વધરાઈ જાયછે, યાતો સોજા વાલા દાણાઓમાંથી રસી ઝરી તે રસી બંધાઈ જઈ તેટલા દાણાઓને કલેજાંના

કટકા હોય એવા બનાવી મેલેછે, યા તો સોજાવાલા દાણાઓમાં પાક ચહડી એટલાં બધાં બારીક ધુમડાં તરીકે કામ કરેછે, યા તો તે દાણાઓ કોહી જાયછે.

આટલાં ઉપરથી માલમ પડશે કે જો દરદ વધરાઈ નહીં જાય અને બાકીની બીજી રીતોથી આખેર થાય તો તે કાંઈને કાંઈ ખામી રાખી જાયછે. જો૰ સોજાવાલા દાણાઓમાંથી રસી ઝરીને તે દાણા કલેજાંના કટકાઓની માફક બંધાઈ જાયછે તો ફેફસાંનો એટલો ભાગ શ્વાસોશ્વાસનાં કામમાંથી તદન બાતેલ થઈ જાયછે. જો તે દાણાઓ પાક ઉપર ચહડે છે તો એટલાં બધાં ધુમડાંઓ તરીકે તેઓ કામ કરેછે અને તેઓ જ્યાં સુધી પોતાનું પરૂ બહાર કહાડી શકતાં નથી ત્યાં સુધી તે જનાવર તાવ અને બીજાં દરદોથી હેરાન થયાજ કરેછે. જો તે દાણાઓ પાકપર ચહડયા પછી અકેક સાથે મલી જઈ એક મોટું ધુમડું બનાવે છે અને તે ધુમડું જો કોઈ મોટી હવાની નલીમાં ફુટેછે તો નાકને રસ્તે તે રસી નીકલી પડી જનાવરને આરામ આપેછે. જો છેલ્લી રીતે દરદ આખર થાયછે એટલે સોજાવાલા દાણાઓમાં એ કહોવાટ લાગુ પડે છે તો ફેફસાંનો થોડા થોડોક ભાગ કોહીને નાકને રસ્તે નીકલી પડેછે, અને તે જનાવર બીચારૂં બહુજ રીબેછે.

ફેફસાંમાં લોહીનું ધાઇ આવવું.—(Congestion of the Lungs.)

ફેફસાં બહુજ નરમ અને બારીક દાણાઓનાં બનેલાં છે, જે દાણાઓમાં આખાં બદનનું લોહી આવીને ચોખું થાયછે. આ લોહી જ્યારે ફેફસાંના દાણાઓમાં મોટા જથામાં ધાઈ આવેછે ત્યારે જનાવરની હાલત બહુજ ધાસ્તી ભરેલી થઈ પડેછે.

નીશાની—ફેફસાંના દાણાઓમાં લોહીનો જોશ બે રીતે થાયછે. એક તો જ્યારે તે જનાવર ઘણુંજ જોરમાં દોડતું હોય ત્યારે થઈ આવેછે અને બીજે જ્યારે તે સરદીનો ભોગ થઈ પડયો હોય ત્યારે થાયછે. જો પહેલી રીતે દરદ પેદા થાયછે તો તેની નીશાની એ છે કે, દોડતાં દોડતાંજ તે જનાવર ફસડાઈ પડેછે. તેનો દમ ઘણોજ જોશમાં ચાલે છે અને તેની આંખો બહાર નીકલી પડતી હોય તેવી અને લાલ હીંગલા જેવી જણાય છે.

કારણ—જનાવરની શક્તી ઉપરાંત તેની સોડે હદ બહાર કામ લેતાં આ દરદ પહેલી રીતે જનમ પામેછે. ઘણીક વેલા એમ બનેછે કે જનાવરને લાંબો વખત તબેલામાં રાખી તેને ઘણોજ પુષ્ટીકારક ખોરાક ખવાડવામાં આવેછે, જ્યાર પછી એક દહાડો તેને બહાર કહાડી તેની પાસે જોઈએ તે કરતાં વધુ કામ લેવામાં આવેછે. તે જનાવરને એવું હદ બાહાર કામ કરવાની ટેવ નહીં હોવાથી તેનાં ફેફસાંમાં એકદમ લોહી ધાઈ આવેછે.

ઉપાય—જ્યારે એ પહેલી રીતે દરદ પેદા થાયછે ત્યારે સઉથી પહેલો એલાજ એ છે કે, ગરદન આગલની મોટી નેસ ખોલી તેમાંથી એક બાટલી યા બે બાટલી લોહી કહાડવું. જો દરદ સહેજ હશે તો લોહી કહાડવાથી તરતજ ફાયદો થશે. પણ જો દરદ વધારે ભયંકાર રૂપમાં હશે અને જો ઘણો વખત નીકલી ગયો હશે તો એ એલાજ માંડી વાલવામાંજ ફાયદો છે. એવી વેલાએ નીચલી દવાઈ ઘણો ફાએદો કરશે.

સલફ્યુરીક ઈથર	૧	આઉંસ.
લોદેનમ	૧	,,
પાણી	૧	પેંત.

આ દવાઈ દર બે કલાકે ચાલુ આપ્યા કરવી, પણ પહેલા બે કલાક પછી તેના જથામાં અરધો અરધ ઘટાડો કરવો.

આ દરદમાં જનાવરને ખુલ્લી હવાની ભારે જરૂર છે, માટે તેને ખુલ્લી હવામાં રાખી તેનાં બદન ઉપર જે કાંઈ ચામડાં યા પટા હોય તે કહાડી નાખવાં. એ પ્રમાણે કીધા પછી જો એકુ ગરમ ઢાંકણુ પાસે હોય તો તે ઓઢાડવું અને જો ઘોડાનું કાંઈ ઢાંકણુ નહીં હોય તો આપણાં અંગમાંનું કાંઈ ગરમ કપડું તેનાં બદનપર નાખવું. જો ઉપલી દવાઈઓ આગલની આગલ નહીં મલી આવે તો મસાલાનો યા એવડો દારૂ બે આઊંસ લઈ દર કલાક કલાકે તેને પાયા કરવો. જો કે ઉપલી દવાઈ કરતાં એ દારૂ પોતાની અસરમાં ઘણોજ ઉતરતો છે, તો પણ જનાવરને ટકાવી રાખવાને તે ઠીક કામ લાગેછે. પણ દારૂ આપતી વખતે સંભાલ રાખવી કે તે ઘણો જલદ નહીં હોય, કારણ કે જલદ દારૂ ફાયદો કરવાને બદલે ઉલટું નુકસાન કરશે.

જો તે જનાવરના કાન અને પગ ઠંડા થઈ ગયા હોય તો જે માણસો મલી આવે તેમની સોડે કાન અને પગ મસલાવવા, અને બને તેમ જનાવરનાં બદનમાં ગરમી સાચવી રાખવાની કોશેશ કરવી.

એ પ્રમાણેની માવજત કીધા પછી જો તે જનાવરમાં તબેલા સુધી ચાલીને જવાની શકતી આવે તો તેને આસ્તે આસ્તે તબેલા તરફ ચલાવીને લઈ જવું, અને ત્યાં એજ પ્રમાણે તેની સંભાલ ચાલુ રાખવી.

જો દરદ બીજી રીતે પેદા પડયું હોય તો તેને માટે નીચલી નીશાનીઓ છે.

નીશાની—પહેલવહેલાં દમ ઘણોજ જોરમાં અને ઘણી મુશકેલીએ ચાલતો માલમ પડેછે. તે જનાવર પોતાના બંને આગલા પગો પહોલા કરીને ઉભેલું માલમ પડેછે. તેના પેટના ખાડા ઊંચકાઈ જતા માલમ પડેછે. તેની ચામડી ઘણું કરીને સુકી હોયછે અને અગરજો તે ઉપર પરસેવો માલમ પડેછે તો તે ઘણોજ ઠંડો હોય છે. તેના ચારે પગો અને કાન બરફ સમાન ઠંડા હોય છે. આંખના ડોલાનો સફેદ ભાગ અને નાકની અંદરનું

પડ જાંખુરા રંગનાં હોયછે. જનાવરની ભુખ તદનજ મરી ગયલી હોયછે. તેની આસપાસ શું બનેછે તેની ઉપર તે કાંઈ પણ ધ્યાન આપતું માલમ પડતું નથી. માત્ર એકજ કામ ઉપર તેનું ચીત્ત લાગેલું હોય એવું જણાયછે અને તે કામ હવા દમમાં લેવાનાં ફાંફાં મારવાનું છે.

કારણ—આવી રીતે જ્યારે એ દરદ પેદા પડેછે ત્યારે તેનું મુખ્ય કારણ બદનના બહારના ભાગ ઉપર સરદી લાગવાનું છે. બદનની બહારની ચામડી ઉપર સરદ પવન ફુંકવાથી તે ચામડીમાંની બારીક નેસો સંકોચાઈ જાયછે, જેથી ચામડીમાં લોહી ફરતું અટકી પડી તે લોહીનો પ્રવાહ અંદરના અવ્યવો તરફ ધસેછે. એ રીતે લોહીનો પ્રવાહ અંદરના અવ્યવોમાં ધસવાથી ફેફસાંમાં લોહીનો મોટો જથો એકદમ ધસી આવેછે, જે સઘલાં લોહીનો સપાટામાં નીકાલ કરવાને ફેફસાં અશક્ત હોવાથી તેઓ આવી ધાસ્તી ભરેલી હાલતમાં આવી પડેછે. જો ફેફસાંની આવી હાલત વધુ વાર ચાલુ રહી તો ત્યાર પછી ફેફસાંના દાણાઓમાં સોજો ચહડવા માંડેછે.

ઉપાય—પહેલવહેલો જે ઉપાય કરવાનો છે તે એ છે કે, હરકોઈ રીતે લોહીના જોશને ચામડી તરફ ધસડી લાવવો. આ કારણને માટે સઉથી સરસ રીત એ છે કે, એક મોટું તબ ભરીને કકડા પડતું પાણી તઈઆર કરવું અને પછી તે જનાવરના બદન ઉપરનાં સઘલાં કપડાં કહાડી નાખવાં. હવે બે માણસોએ એક મોટી ગરમ ધાબલી પેલાં ખખલતાં પાણીમાં બોલી કહાડી તે ધાબલીમાંનું પાણી ટીપાયા વીના ઝીલાઈ રહે એટલા જોરથી તે ધાબલી નીચોવી કહાડવી. આવી રીતે નીચોવી કહાડેલી ધાબલીને આપણો હાથ સહેવી શકે એટલી ગરમીની થાય એટલે તરતજ તે જનાવરના બરડાની ઉપર અને પાંસલીઓ ઉપર લપેટી લેવી. એવી રીતે તે ધાબલી લપેટી લીધી કે તરતજ તેની ઉપર બીજી સુકી ધાબલી નાખવી અને તેની ઉપર ત્રીજી તેમજ ચોથી સુકી ધાબલી નાખવી. એ પ્રમાણે કીધાથી અરધા કલાકમાં તે જનાવરનાં બદન ઉપર સારીપેઠે પરસેવો છુટી નીકલશે. આ પરસેવો બદનના ઢાંકણ વગરના રહી ગયલા ભાગ ઉપર તરતજ માલમ પડશે. જેવો પરસેવો છુટવા માંડયો કે ઉપરની એકજ ધાબલી પહેલાં ઉતારવી, ત્યારપછી દશ મીનીટ રહી બીજી ધાબલી ઉતારવી અને એ પ્રમાણે દશ દશ મીનીટને અંતરે ચારે ધાબલીઓ ઉતારવી. પણ છેલ્લી ધાબલી ઉતારતી વખતે એક ખાસ સંભાલ રાખવાની જરૂર છે અને તે એ કે, જનાવરનાં બદન ઉપર ઠંડો પવન ફુંકે નહીં તેમ કરવું. આ કારણને માટે એટલું જરૂરનું છે કે, ચોથી ધાબલીની સંગાતેજ પેલી ભીંજવેલી ધાબલી પણ કહાડી લેવી અને બીજાં માણસને એક નવીજ કોરડી આખાં બદનપર ઢંકાય એવી ધાબલી આપીને પાસે ઉભું રાખવું, કે જેવી એકગમથી છેલ્લી ધાબલી ખેંચી કહાડવામાં આવે કે બીજીગમથી તે પેલી કોરડી ધાબલી તે જનાવરનાં આંગ ઉપર ઓઢાડી દે. જો આ સંભાલ નહીં રાખવામાં આવી તો એ ઉપાયથી કાંઈ પણ ફાએદો થવાને બદલે ઉલટો ગેરફાએદો થશે.

એ પ્રમાણે તે જનાવરને પરસેવો છોડી તેને નીચલી દવાઈ આપવી.

રમ અથવા વીહીસકી અથવા ફેની...................	૪ આઉંસ.
તીંકચર આવ જીનજર	૨ ડ્રામ.
કરીઆતાંનો ઊકાલો...............................	૪ આઉંસ.
પાણી	૧ પેંટ.

આ દવાઈ દહાડામાં બે વખત આપવી. એ દવાઈથી શક્તી આવશે અને જનાવર હોશીઆર રહેશે.

ઘટ ઘુંટાએલો દમ—(Thick-Wind.)

જ્યારે જનાવર દોડતી વેલા બરોબર દમ નહીં લઈ શકતું હોય અને તેનો દમ ઘુંટાઈ જતો હોય તેવું લાગે ત્યારે તે દરદને **ઘટ ઘુંટાએલા દમને** નામે ઓલખવામાં આવેછે.

નીશાની—આ દરદના નામમાંજ તેની નીશાની પુરતી છે અને તે બીજાં દરદો સાથે કદી પણ ભેલાઈ જવાની ધારતી નથી. માત્ર એકજ દરદ એવું છે કે જેની સાથે એ દરદ કદાચ ભેલાઈ જાય. તે દરદ **તુટેલા હાંફાને** નામે ઓલખાય છે. પણ એ તુટેલા હાંફાન દરદમાં હવા ફેફસાંની બહાર નીકલતી વખતે પેટના માંસના લોચાઓની જે હીલચાલ થાયછે તે હીલચાલ તરતજ દેખાઈ આવેછે, જે હીલચાલ આપણે હાલ જે દરદ વીશે લખીએ છઈએ તેમાં મુદલ માલમ પડતી નથી.

કારણ—આ દરદ ઘણું કરીને ફેફસાંના દાણાઓમાં સોજો ચહડવાનાં પરીણામ તરીકે દેખાવ દેછે. ફેફસાંના દાણાઓમાં જે સોજો ચહડે છે તે જો ઉતરતી વખતે દાણાઓ ચીકણી રસીથી ભરાઈ જાય અને ત્યાર પછી તે રસી જો ચીકટ બની જાય તો તેટલા દાણાઓ ફેફસાંનું કામ કરવાને અશક્ત થઈ પડેછે અને તેથી કરીને ફેફસાંની દમ લેવાની શક્તી ઘણીજ ઓછી થઈ જાયછે; એ રીતે ફેફસાંની હવા ભરવાની શક્તી ઓછી થઈ જવાથી દમ ઘુંટાએલો ચાલેછે.

ઘણીક વેલા એમ બનેછે કે, ઘોડાને સારીપેઠે ખવાડી પીવાડીને હોજરી જ્યારે તદન ભરેલી હોય ત્યારે તે જનાવરને લાંબી મંજલે લઈ જવામાં આવેછે. આપણે આગલ જોઈ ગયા કે, પેટના પરદા ઉપર ભરેલી હોજરીનું દબાણ થવાથી તે પરદો શ્વાસોશ્વાસનાં કામમાં જોઈતી મદદ કરી શકતો નથી અને તેથી ફેફસાંઓ ઓછાં ફુલી ઘટ ઘુંટાએલાં દમની નીશાની પેદા કરેછે.

વલી આ દરદ ઘણાજ આસુદા અને બેસીને ખાનારા ઘોડાઓમાં ઘણુંજ સાધારણ છે, કારણ કે લોહીનો વધારે જથો તે ઘોડાઓને જ્યારે દોડાવવામાં આવેછે ત્યારે ફેફસાંમાં

ધસી આવી સોજો પેદા કરેછે. ભારે બદનવાલા, બોજો ખેંચવાને લાએકના હલકી તોખમના ઘોડાઓમાં આ દરદ ઘણુંજ સાધારણ છે.

ઉપાય—આ દરદનો ઉપાય ખરૂં જોતાં કાંઈજ નથી, કારણ કે એ દરદ સારૂં થવુંજ મુશકેલ છે. જો જનાવર ઘણું ખાધરૂં હોય તો તેનો ખોરાક કમી કરી નાખવો અને સુકાં ઘાંસને બદલે કંદ મુલ અને લીલું ઘાસ આપવું. ભરેલાં પેટ્સાથે જનાવરને કસરત કરાવવી નહીં.

ફુંફારો—જોશ ભરયો ફુંફારો—(Roaring.)

ફુંફારો એ કાંઈ એક દરદ કહેવાતું નથી. ઘણાક ઉમદા ઘોડાઓમાં આ સાધારણ ફુંફારો માલમ પડેછે. પણ જોશ ભરયો ફુંફારો એ એક દરદ છે.

નીશાની—જોશ ભરયા ફુંફારાનું નામજ એ દરદની મુખ્ય નીશાની છે અને તે નીશાની દમ ફેફસાંમાં લેતી વખતે તેમજ ફેફસાંમાંથી બહાર કહાડતી વખતે એકસરખીજ માલમ પડેછે. આ દરદ પારખવાની એક રીત એવી છે કે, ઘોડાને કોઈ ભીંત યા ઝાડી આગલ ઉભો રાખી એક હાથે તેનું મહોડું પકડી બીજે હાથે એક નેતરનો ઝટકો હવામાં એવી રીતે મારવો કે જેથી પેલું જનાવર "એમ" સમજે કે તેને તમે મારવા જાઓછો. આવી રીતે નેતરનો ઝપાટો ઓંધતો જોઈ તે જનાવર ચોંકશે અને જો તે જોશભરયા ફુંફારા મારનારૂં હશે તો એવી રીતનો ગણગણતો અવાજ ને કહાડશે કે જે એક તનદરોસ્ત જનાવરના ગણગણાતથી તદન જુદીજ ખાસીએતનો તરતજ માલમ પડી આવશે.

કારણ—જોશભરયો ફુંફારો થવાનાં એટલાં બધાં કારણો છે કે જે કારણો ત્યાં વરણવવાં વાજબી લાગતાં નથી, કારણ કે તે કારણો ઘણાંખરાં એક વઈદાંના અભીઆસીને વધારે અનુસરતાં છે. સાધારણ માણસને જે મુખ્ય કારણ જાણવાનું છે તે એકજ છે અને તે એ કે, ઘોડાની ગરદનને વાંકવાલી અને મરોરદાર બનાવવાને જે "કાએદો" વાપડવામાં આવેછે તે "કાએદો" મુખ્ય કરીને આ દરદને જનમ આપેછે. ગલાંના સોજાનાં પરીણામ તરીકે જ્યારે ગલાંની અંદરનાં પડમાં નાસુર પડેછે ત્યારે પણ આ દરદ પેદા પડેછે; યાતો ગલાંની અંદરનાં પડમાં જ્યારે નરમ ફુગ જેવાં દરદો લાગુ પડેછે ત્યારે પણ આ દરદ દેખાવ દે છે. કેટલીક વેલા હવાની નલીના પેટારામાં જે અવાજ કહાડનારા તાંતણા મુકેલા છે તે તાંતણાઓની ઉપર આવેલી ફાટ ઉઘાડનારા માંસના લોચાઓમાં લકવો થવાને લીધે આ દરદ જનમ પામેછે.

ઉપાય—આ દરદના ઉપાયો કરવાનાં ફાંફાં મારવાં એ ફોકટ છે, અને જ્યાં સુધી એ દરદ જનાવરને વધારે નુકસાન નથી કરતું ત્યાં સુધી તેને દુર કરવાને માટે ઘાતકી

ઉપાયો લેવા એ વાજબી લાગતું નથી. ઘોડાનાં ગલાંમાં કોસ્તીક લગાડવાનો, તેનાં નાક ઉપર અને તેની અંદર ચામડાં વગેરે ચીજોની બનાવટો બાંધવાના વગેરે બીજા ઉપાયો કોઈ પણ રીતે બલામણ કરવાને લાયકના નથી.

સાધારણ થાંસો—(Cough.)

આપણે આગલ જે દરદો જોઈ ગયા તેમાં થોડો યા ઘણો થાંસો હંમેશાં હાજર હોયછે, પણ તે થાંસો મોટાં દરદોનું માત્ર એક પરીણામ છે, જ્યારે ત્યાં આપણે જે થાંસા વીશે હાલ બોલીએ છઈએ તે થાંસો બીજાં દરદની ગેરહાજરીમાં પોતાની મેલેજ થતો માલમ પડેછે.

નીશાની—સાધારણ થાંસાની નીશાનીઓ એટલી તો સાધારણ છે કે તેમને વરણવવાની ત્યાં કાંઈપણ જરૂર નથી. એ થાંસાના એલાજો કરતી વખતે એક ચીજ ઘણીજ ચોકસાઈથી યાદ રાખવાની જરૂર છે કે તે સાદા થાંસાની સંગાતે કોઈ બીજાં દરદ કે જેમાંથી થાંસો પેદા થતો હોય તે દરદની નીશાનીઓ હાજર હોય નહીં. માત્ર એટલીજ સંભાલ રાખવાથી આપણા એલાજો ફત્તેહમંદ ઉતરશે.

કારણ—સાધારણ થાંસાનાં કારણોમાં હવામાં એકદમ પેદા પડતો ભીણાશ, ઘાંસની સુક્ષમીક ઉડતી રજકણો, કાંઈક ખરાબ ગંધ, ગરમીમાંથી એકદમ સરદીમાં જવું, ગલું ખખડાવે એવો કાંઈ ખોરાક એ કારણો મુખ્ય છે.

ઉપાય—દરદોના ઉપાયના સાધારણ કાએદા પ્રમાણે દરદ પેદા કરનારાં કારણને પહેલાં દુર કરવું. જેમકે ઘાંસ ઘોડા આગલ મુકતી વખતે તેની કરચો નહીં ઉડે તેની સંભાલ રાખવી, એકદમ ગરમીમાંથી જનાવરને સરદીમાં બહાર કહાડવું નહીં. જો હવામાં એકાએક ફેરફાર થઈ ભીણાશવાલી હવા બની જાય તો જનાવરનાં મહોડાં અને ગલાંને ગરમ કપડાંઓથી બચાવવાની કોશેશ કરવી, તબેલાની અંદર અને આસપાસ જો દુરગંધ હોય તો તે એકદમ દુર કરવી, ગલું ખખડાવે એવો ખોરાક આપવો નહીં અને એવી બીજી દેખાઈતી નજીવી જેવી પણ પાછલથી ગંભીર પુરીણામો પેદા કરતી બાબદો ઉપર હંમેશાં ધ્યાન આપતા રહેવું.

પીવાની દવાઈ તરીકે નીચલી મેલવણી આપવી.

એક્ષતરેકત આવ બેલાદોના........................	ાા	દ્રામ.
ટીંક્ચર આવ સ્કવીલસ	૧	આઉંસ.
વાઇન આવ ઇપીકાકુઆના...........................	૧	,,
પાણી	૧	પેંટ.

આ સઘલાંને મેલવી સહવાર સહાંજ પાવું. અગરજો એ મેલવણીથી ફાએદો નહીં જણાય તો નીચલી મેલવણી આપવી.

એક્ષતરેકત આવ બેલાદોના	૧ દ્રામ.
કપુર	૦॥ ,,

આ બંન્ને દવાઈઓને અલસીના આટા અને ગોલની સાથે મેલવી એક ગોટી બનાવવી અને તે દહાડામાં એક વખત આપવી, નહીં તો નીચલી મેલવણી આપવી.

સલફ્યુરીક ઈથર	૧ આઉંસ.
લોદેનમ	૧ ,,
તીંકચર આવ સ્કવીલસ	૧ ,,
પાણી	૧ પેંત.

આ મેલવણી દહાડામાં એક વખત આપવી, નહીં તો નીચલી મેલવણી આપવી

તીંકચર આવ બેલાદોના	૨ દ્રામ.
લોદેનમ	૧ આઉંસ.
સ્પીરીતસ આવ કેમફર	૨ દ્રામ.
પાણી	૧ પેંત.

આ મેલવણી દહાડામાં બે વખત આપવી ને નહીં તો નીચલી મેલવણી આપવી.

કપુર	૧ દ્રામ.
એક્ષતરેકત આવ બેલાદોના	૧ ,,
સ્વીત સ્પીરીતસ આવ નાઇતર	૧ આઉંસ.
પાણી	૧ પેંત.

આ મેલવણી દહાડામાં એક વખત આપવી. આ ઉપલી દવાઈઓથી ખાંસી નરમ નહીં પડે તો નીચલી મેલવણી જરૂરજ ફાએદો કરશે.

સ્પીરીત આવ કલોરોફોરમ	૧ આઉંસ.
સલફ્યુરીક ઇથર	૧ ,,
તીંકચર આવ કેપસીકમ	૧ દ્રામ.
તીંકચર આવ હાયોસાએમસ	૩ ,,
એસીદ હાઇદરોસાએનીક (દીલ્યુતેદ)	૨૦ મીનીમ.
ઓઈલ આવ પેપરમીનત	૧૦ ,,
પાણી	૧ પેંત.

આ સઘલાંને મેલવી તેમાં બે આઊંસ ઘટ શેકરનો શીરો નાખવો અને પછી તે મેલવણીમાંથી બે ભાગ કરી એક ભાગ સહવારે અને એક ભાગ સાંજે આપવો. આ દવાઈથી ગમે એવો ખાંસો હશે તે નરમ પડ્યા વીના રહેવાનો નથી.

આ ઉપલા ઉપાયો ઉપરાંત દહાડામાં બે વખત ગલાંને સેક કરવાથી ઘણો ફાએદો જણાશે અને જો ખાંસી વારંવાર થતી હોય તો સેક કીધા પછી ગલાં ઉપર તરપીનતાઈન લગાડવાથી જનાવરને ઘણોજ કરાર થશે.

ગલાંનો સોજો—(Sore-throat.)

ગલાંની અંદરના ભાગમાં જુદાં જુદાં કારણોને લીધે વારંવાર સોજો ચહડી આવે છે. ગલાંના જુદા જુદા ભાગોમાં. થતા સોજાનાં જુદાં જુદાં નામો છે, પણ હ્યાં આપણે તે સઘલાને એકજ નામે ઓલખીશું.

નીશાની—જેમ ફેફ્સાંનાં અને ગલાંનાં બીજાં દરદોમાં થાંસો એક નીશાની તરીકે હોયછે તેમ ગલાંના સોજાનાં દરદમાં પણ એ નીશાની હંમેશાં હાજર હોયછે. તે જનાવર આખો વખત ગલાંને એવી હીલચાલ આપેછે કે આપણને તે થુક ગલયા કરતું હોય એમ માલમ પડેછે. તેનાં મહોડાં આગલ જો પાણીની બાલદી ધરી હોય તો તે પાણી ઘણીજ હોંસથી પીવાને મહોડું અંદર નાખેછે, પણ પાણીનો પહેલો ગોટ જેવો તે ગલવાની કોશેશ કરેછે કે તરતજ તે અટકી જાયછે. તો પણ તે પાણી ગલવાને ફરીથી કોશેશ કરેછે અને જેમ જેમ અંકેકો ગોટ ગલાંમાં તે ઉતારેછે તેમ તેમ અકેકો આંચકો ગલાંને લાગ્યા કરેછે. ઘણીક વેલા એવું બનેછે કે, સોજો ઘણો જોરમાં હોવાથી પાણીનો આખો ગોટ ગલાઈ શકાતો નથી અને તેનો થોડોજ ભાગ ગલાંમાં ઉતરી બાકીનો ભાગ ભસકોરાંને વાટે પાછો બહાર નીકલી પડેછે.

જો ગલાંનો સોજો દમની નલીના ઉપલા પેટારા જેવા ભાગમાં હોયછે તો નીચેનાં જડબાંથી થોડેક દુર હવાની નલી ઉપર બહારથીજ સોજો માલમ પડેછે. એ સુજી નીકલેલા ભાગમાંજ સોજો છે કે નહીં તેની ખાતરી કરવાને અરથે આપણો હાથ આસ્તે રહીને તે સુજેલા ભાગ આગલ લઈ જઈ, ત્યાં સહેજ દબાણ કરવાની કોશેશ કરવી. જો સોજો ત્યાં હાજર હશે તો ત્યાં દબાણ થતાં તરતજ તે જનાવર દુખથી ચોંકશે. જો સોજો વધારે લંબાએલો હશે તો નલીની નીચેના ભાગમાં દબાણ કરતાં પણ તે જનાવર દુખથી ચોંકશે. જો નલીની ઉપરના ભાગમાં પણ સોજો હશે તો તે જનાવર પોતાનું માથું એવી રીતે ટટાર રાખશે કે જાણે ગરદન તદન ખેંચાઈ ગઈ હોય તેવો દેખાવ આપશે. જો હવાની નલીમાં ઘણો સોજો હશે તો નલી ઉપર આસ્તે રહીને કાન મુકીને સાંભલતાં ખરબચડી નલીમાંથી હવા પસાર થતાં જેવો ખડખડાત થાય તેવો ખડખડાત થતો સંભલાશે.

કેટલીક વેલા એવું બનેછે કે આ સોજો હવાની નલીનો પેટારો જે કુમળાં હાડકાંઓનો બનેલો છે તે કુમળાં હાડકાંઓને હીલાવનારા માંસના લોચાને પકડેછે અને તે વેલા હવાની નલીમાં સોજાને લીધે હરકત થવાથી તહરેવાર અવાજો પેદા થાયછે જે અવાજો જ્યારે દરદનું જોર ઘણું હોયછે ત્યારે ઘણા દુરથી આપણને સંભલાય છે. સીસોલીના જેવો અવાજ, બચાંનાં રૂદનના જેવો અવાજ, ચલીઆંની ચીંચીંના જેવો અવાજ એવા તહરેવાર નાદ આપણને સંભલાય છે.

જો સોજો થોડાક દીવસનો હોય અને ગલાંની અંદરનાં પડમાંથી રસી નીકલવા માંડી હોય તો ગુડગુડી પીવાતી હોય એવો અવાજ સંભલાય છે.

કારણ—સરકમમાંથી ગલાંનો સોજો વારવાર જનમ પામેછે અને જો સરકમમાંથી તે નથી જનમ પાંમતો તો સરકમનેજ જનમ આપનારાં કારણોમાંથી એ દરદ પણ જનમ લે છે. ઘણીજ ખરાબ રીતે બાંધેલા, હવા વગરના ગંધ મારતા તબેલાઓની દરદી હવાથી આ દરદ સાધારણે જનમ પામેછે. ઘોડાની ગરદન ઉપર શોભાને ખાતર ઘોડાને તેજી છે, એવો દેખાવ આપવાને જે "કાએદો" બાંધવામાં આવેછે તે કાએદો કાંઈ પણ ફાએદો કીધાને બદલે આવાં દરદની સેસ મોકલાવે છે.

ગરમ ગરમ મસાલાના દડા ખવાડવાથી પણ આ દરદ વારંવાર જનમ પામેછે. કોઈ બીજાં દરદને માટે ઘોડાને ગોટી ખવાડતાં આણીગમ પેલીગમ કાંઈ જખમ થવાથી તે જખમમાંથી પણ એ દરદ જનમ પામેછે.

ઉપાય—એક ખુલ્લાં થાણમાં દરદી જનાવરને ગોઠવી પેલા બાફ લેવાના તોબડાથી દહાડામાં બે વખત બાફ આપવો અને આખો દીવસ તેનાં થાણમાં પેલું બાફ આપવાનું બાઈલર ચાલુ રાખવું. ગલંના સોજામાં એ ઉપાય ઘણોજ ફાએદો કરેછે. એ ઉપરાંત ગલાંને બહારથી સેક કરવાની જરૂર છે. સેક કરવાને અરથે સ્પનજીઓપાઈલાઈનિ નામની જે વસ્તુ આવેછે તે વસ્તુ ફલાનેલનાં કપડાં કરતાં વધારે સારી છે અને તેમાં બીજો ગુણ એ છે કે, એક વેલા ગરમ પાણીથી ભીંજવી તેને સેકવા જોગ ભાગ સાથે બાંધી લેવાથી લાંબો વખત સુધી તે ગરમ રહી પોતાની હુંફાળી અસર પેદા કરયાજ કરેછે. માટે ગલાં ઉપર સેક કીધા પછી આ સ્પનજીઓપાઈલાઈનનો એક કટકો ગલાંની ઉપર બાંધી રાખવો.

આ દરદમાં પીવાની દવાઈ યા ગોટીઓ આપવી બહુજ જોખમ ભરેલું કામ છે, કારણ કે એક તો જનાવરનાં ડોકાંને સહેજ પણ હીલચાલથી દુખ થાય છે, અને બીજું તો તે ગુંગલાઈ જવાની ધાસ્તી રહેછે. જનાવરનાં વઈદાંની ઘણીક ચોપડીઓમાં લખ્યું છે કે બેલાદોનાના અરકને પાણીમાં પીગલાવી તે પાણી ત્રીશ સેકંડ સુધી જનાવરનાં મહોડાંમાં રાખી મેલવું અને પછી તે કહડાવી નાખવું. પણ એ એલાજથી બેલાદોનાનો પસરાત બરોબર ગલાંમાં ઉતરે એ શક ભરેલું છે; તેના કરતાં વધારે સારો એલાજ એ છે કે એક દ્રામ બેલાદોનાના અરકને ચાર આઊંસ ઘટ શાકરના શીરા સાથે યા તેટલીજ ગ્લીસરીન

સાથે મેલવી તેમાંથી અકેકો ચમચો દર અરધે કલાકે મ્હોડાંનાં ખુણાં આગલથી ગલાંમાં નામવો. ને નહીં તો એક્ષતરેકત આવ બેલાદોના બે દરામ લઈ તેને બે આઊંસ મધ સાથે મેલવવું અને પછી તેમાંથી ચોથો ભાગ દર બે કલાકે જીભની ઉપલી સપાટી ઉપર લગાડવો.

જો જનાવર દવાઈ પીઈ શકે તેવું હોય તો નીચલી મેલવણી પાવાની કોશેશ કરવી પણ તે કોશેશ કરતાં બહુજ સંભાલ રાખવી કે જનાવર ગુંગલાઈ જાય નહીં. જનાવરનાં મ્હોડાંમાં દવાઈની બાટલી ખોસી રાખવી અને જેમ જેમ આસ્તે આસ્તે તે દવાઈ ગલતું જાય તેમ તેમ રફતે રફતે શીશી વાંકી કરી માત્ર ગોટ ગોટ દવાઈ નામતા જવું. જનાવર ગુંગલાઈ જવા માંડેછે એવું માલૈમ પડે કે તરતજ મ્હોડું નીચું કરી નાખી દવાઈ મ્હોડાંમાંથી પાછી નીકલી જવા દેવી, કારણ કે દશ બાર આનાની દવાઈ બચાવવાને બદલે એક કીમતી જીવ બંચાવવાની આપણી મતલબ છે.

તીંકચર આવ સ્કવીલસ.	૧ આંઉસ.
તીંકચર આવ એકોનાઈત.........................	૨૦ મીનીમ.
વાઈન આવ ઈપીકાકયુઆના.........................	૧ આઉંસ.
એક્ષતરેકત આવ બેલાદોના	૧ દ્રામ.
પાણી...	૧ પેંત.

પહેલાં બેલાદોનાને પાણી સાથે પીગલાવી પછી બીજી દવાઈઓ સાથે મેલવો અને તે પ્રમાણે દહાડામાં બે વખત આપો.

જો દમની નલીના ઉપલા પેટારાનો સોજો થયો હોય તો તે વેલા બહારથી બ્લીસ્તર લગાડવામાં ફાયદો છે, કારણ કે જેમ સોજો લાંબો વખત રહેશે તેમ તેમાંથી રસી નીકલીને ચીટકી જાય એવા તાર બનાવશે, જે ચીકટ તારો એણીગમ પેલીગમ ગલાંની અંદરના ભાગોને ચીટકી શ્વાસોશ્વાસનાં કામમાં ભારે હરકત કરશે અને વલી તે જનાવરને એબીએલ દમવાલું બનાવી મેલશે.

જો સોજાથી કરીને દમની નલીની અંદરનો ભાગ ઘણો પુરાઈ ગયો હશે યા તો દમની નલીના પેટારાના માંસના લોચામાં જોરમાં તાણ ચહડયું હશે તો જનાવર એકદમ ગુંગલાઈ જશે. જો તે દમ લેવાને ઘણીજ આકુલ વ્યાકુલ કરે અને પછી અફડા તફડી કરી હરકોઈ રીતે હવા મેલવવાની કોશેશ કરતું જણાય તો વધારે વાર થોબતાં તે જનાવર પ્રાણ મેલી દેશે, માટે એકદમ ગલાંની નલીને અધવચમાંથી ખુલ્લી કરવાને ઘટતાં હથીઆરો વાપરવાં. એ નલી કેમ ખુલ્લી કરવી તે આગલ ચાલતાં સમજાવવામાં આવશે. આ પ્રમાણે દમની નલી ખુલ્લી કરતાંજ જનાવર પાછું ટટાર બનશે અને ગોયા તેને કેવોક કરાર વલી ગયો હોય તેમ તેને લાગશે. એ રીતે હવા દરદવાલા ભાગની નીચેથી પસાર થવાને લીધે દરદવાલો ભાગ તદન આસાએશ મેલવશે અને તેથી તેને જલદી સાફ થઈ જવાને પણ બની આવશે.

જો હવાની નલીની આસપાસથી ગલાંનો હેઠલો ભાગ સુજી આવેલો હશે તો બહારનો સેક તે વેલાએ ઘણોજ ફાએદો કરશે. જો એ પ્રમાણે સોજો ગલાંની બહારની સપાટી ઉપરજ માલમ પડે તો સેક કરવા ઉપરાંત લીનીમેનત કેમફર, અથવા લીનીમેનત સેપોનીસ, અથવા લીનીમેનત બેલાદોના પણ બહારથી લગાડવું. પણ એ લીનીમેનત લગાડતી વખતે બાલ આછા કીધા વીના તેની અસર થવાની નથી, માટે બાલ તેટલી જગ્યા ઉપરથી આછા કરવાની જરૂર છે.

આપણે આગલ જોયું કે એ દરદમાં જનાવર પાણી ગલી શકતું નથી, પણ ઘણીક વેલા એમ બનેછે કે જ્યારે તે જનાવર પાણી ગલી શકતું નથી ત્યારે તે ખોરાક ગલી શકે છે. જો તે પાણી ગલી શકે તો પાણીમાં બે ડ્રામ સુરોખાર નાખીને તે પાણી પાવું અને જો તે ભુસું ખાતું હોય તો ભુસાંની સાથે સુરોખાર મેલવીને આપવો.

ગલાંને સેક આપવાને અરથે તેમજ તેની અંદરનો ખખડાત ઓછો કરવાને ફુકી કીધેલી કાંજી ઘણી ફાએદાકારક છે માટે જ્યારે પણ તે જનાવર પાણી પીવા માંગે ત્યારે તેનાં મહોડાં આગલ કાંજીનું વાસણ ધરવાથી તે પાણીની તરસ છીમાવી શકશે, ખોરાક મેલવી શકશે અને વલી પોતાનાં ગલાંને ફાએદો પણ કરશે.

હાંફણ–તુટેલો હાંફો–(Asthma and Broken-Wind.)

ઉપર જણાવેલાં બંને દરદો એકજ છે. ખરૂં જોતાં તુટેલો હાંફો તે હાંફણનું પરીણામ છે.

નીશાની—જનાવર જ્યારે દમ લે છે ત્યારે હવા દમમાંથી પાછી નીકલતી વખતે પેટના માંસના લોચા એક વખત સંકોચાઈ સહેજ વચમાં ખાંચો નાખેછે અને પછી પાછા સંકોચાયછે એટલે કે એકજ વખતનો દમ અંદર લેવાઈ બે વખત તે બહાર નીકલે છે. જાણે કે દમ બહાર કહાડતાં જનાવરનું જોર ટુટી જઈ બે વખત તે જોરને કામમાં લેતું હોય એવું માલમ પડેછે. જ્યારે હાંફણ લાંબા વખતની હોય છે, ત્યારે આ પ્રમાણેની નીશાની મુખ્ય માલમ પડેછે, જે નીશાનીને તુટેલા હાંફાનાં નામથી ઓલખવામાં આવેછે. હાંફણનાં દરદમાં જે થાંસો થાયછે તે થાંસો ઘણોજ નબલો અને ટુંક વખતનો હોયછે. છાતીના જુદા જુદા ભાગો ઉપર જો કાન મુકીને સાંભલવામાં આવેછે તો કબુતરના બોલવાના જેવો હુંઊઊઊઊ હુંઊઊઊઊ અવાજ સંભલાએ છે, કેટલીક જગ્યાએ બારીક સીસોલી વાગતી હોય એવો સાદ કાને પડેછે, અને કેટલીક જગ્યાએ સહેજ સુસવાટાજ સંભલાએ છે. ઘણું કરીને હોજરી ફુલેલી હોય છે, અને આંતરડાંમાં પવન દોડતો ફરેછે. જ્યારે દરદ ઘણું જુનું હોયછે ત્યારે આંતરડાં ઘણાંજ નબલાં પડી જઈ પવનથી ફુલેલાં રહેછે, અને વારંવાર વા સરયા કરેછે. ખસુસ કરીને જ્યારે તે જનાવર થાંસેછે ત્યારે તેજ વખતે વા પણ સરેછે.

કારણ—હવાની નલીઓના ફાંટા જે ફેફસાંના દાણેદાણામાં ફેલાઈ વલેલા છે તે નલીઓની અંદરનાં પડમાં ચહડેલા સોજાની કાંઈ દરકાર નહીં કરવાથી તે પડના જે સુક્ષ્મીક માંસના શાખાઓ છે તે શાખાઓમાં તાણ થવાથી આ દરદ જનમ પામેછે; ખરાબ હવા, તબેલાની દુરગંધી, પેટ ફુલાવી નાખનારો ખોરાક, અજીરણ, સરદી અને ગરમીના અચખુચ થતા ફેરફાર વગેરે બીજાં ઘણાંક કારણો આ દરદને જનમ આપેછે, જે દરદે એક વખત પોતાનો પગ પેસારો કીધો એટલે ફરીથી તે નીકલવુંજ મુશકેલ થઈ પડેછે. છાતીનો મહેરાબ જો બરોબર ખીલેલો નહીં હોય અને પેટ જો ઝુલાઈ પડતું હોય તેવું હોય તો તેવાં જનાવરમાં આ દરદ ઘણુંજ સહેલાઈથી લાગુ પડેછે, જ્યારે સારીપેઠે ખીલેલી મહેરાબદાર છાતીવાલાં અને નહાનાં પેટવાલાં જનાવરોમાં આ દરદ કવચીતજ દેખાવ દે છે. આ દરદ પહેલવહેલું કયાં શહરૂ થાયછે તેને માટે બે મત છે. કેટલાકો કહેછે કે આ દરદ હોજરીમાં પહેલવહેલું પેદા પડેછે, અને ત્યાંથી લંબાઈ તે ફેફસાંમાં દાખલ થાય છે. બીજાઓ કહેછે કે આ દરદ પહેલવહેલું ફેફસાંમાં જનમ પામેછે, અને તેનાં પરીણામ તરીકે હોજરી આંતરડાં વગેરે બદનના બીજા અવ્યવો બગડે છે. વઈદોમાં ગમે તે બે મત હોય, તો પણ આટલું તો ચોકસ છે કે હાંફણ પહેલવહેલી માલમ પડેછે, અને તુટેલો હાંફો તે હાંફણ લાંબો વખત ચાલ્યાં પછીજ દેખાવ દેછે. હવે ખરેખરી હાંફણ જે છે તે ફેફસાંને હવા પુરી પાડનારી બારીકમાં બારીક નલીઓના માંસના લોચામાં થતાં તાણનું દરદ છે, અને જ્યારે એમજ છે ત્યારે તે દરદ પહેલવહેલું ફેફસાંમાંથીજ પેદા થતું હોવું જોઈએ. હવે એમ પણ બનેછે કે, અજીરણથી હંમેશાં હાંફણ ઉભરેછે, માટે જો હાંફણની સંગાતે અજીરણ પણ હાજર હોય તો તુટેલા હાંફાનું દરદ પોતાનાં ખરેખરાં રૂપમાં નજર આવે છે. અજીરણ જે પોતે હોજરીનું દરદ છે, અને જે જનાવર હાંફણથી રીબતું હોયછે તેની હાલત એટલી તો નબલી હોયછે કે તેને અજીરણ વગેરે દરદો ઘણું કરીને હોવાંજ જોઈએ. જ્યારે એ રીતે, ઘણુંખરૂં બનેછે તેમ, અજીરણ અને હાંફણ સાથે સાથેજ હોય ત્યારે હાંફણ અને તુટેલો હાંફો એ બંન્ને દરદો એકમેક સંગાતે ભેલાઈ જાય એમાં કાંઈ નવાઈ નથી. એટલું ખરૂં કે અજીરણ હોય ત્યાં હાંફણ હોવીજ જોઈએ એવું નથી, પણ જ્યાં હાંફણ હોય ત્યાં અજીરણની તો ઘણું કરીને આશા નક્કીજ રાખવી. એ કારણને લીધેજ હાંફણ અને તુટેલા હાંફાનાં દરદો વીશે ત્યાં સામટુંજ લખાણ કરવાને વાજબી વીચારવામાં આવ્યુંછે. ખરી રીતે જોતાં એ બંન્ને દરદોનું જુદું જુદું વરણન આપવું જોઈએ; પણ જ્યાં સાધારણે બંન્ને દરદો સામટીજ હસ્તી ભોગવે ત્યાં બંન્ને દરદો વીશે સામટું લખવામાંજ ફાએદો છે.

ઉપાય—હોજરીને કોઈ પણ રીતે ફુલીને પેટના પરદા ઉપર દબાણ કરતી અટકાવવી, અને તેટલા માટે ખોરાક અને પાણી ઉપર મુખ્ય ધ્યાન આપવું. ખોરાક એવો આપવો કે જે જથામાં થોડો હોય પણ પુરતી રીતે પુષ્ટીકારક હોય. એ દરદમાં પાણી વારંવાર પીધાથી નુકસાન થાયછે, માટે દહાડામાં માત્ર ચાર વાર પાણી આપવાની ભલામણ કરવામાં આવેછે; પણ તેમ કીધાને બદલે જો ઘોડાની આગલ આખો વખત પાણી મેલી

રાખ્યું હોય તો તે એકી વખતે ઘણું પાણી પીઈને હોજરી ફુલાવી નાખશે નહીં. જો પાણી ઉપર એ રીતે ધ્યાન આપ્યું હોય અને ખોરાક તરીકે સુકાં ઘાસને બદલે મુલા, ગાજર, પપેટા, વગેરે કંદ મુલ અને લીલું ઘાસ વાપરવામાં આવે તો તેથી જનાવરને ઘણો ફાએદો માલમ પડશે.

આ દરદમાં પીવાની દવાઈ ઘણી અકસીર નથી એમ જણાવવામાં આવેછે, પણ જો નીચલી દવાઈઓ ધીરજથી વાપરવામાં આવશે તો ઘણો ફાએદો માલમ પડશે.

એક ફ્રેંચ ડાકતર સોમલ માટે ભલામણ કરેછે અને તેમ કરતાં તે કહેછે કે, પંદર દહાડામાં એ દરદ તદન દફે થઈ જાયછે. તેની રીત પ્રમાણે પાંચ ગરેન સોમલ લઈ અલસીના આટા અને ગોલ સાથે મેળવી તેની એક ગોટી બનાવવી, અને અકેકી ગોટી સહવાર સાંજ ગલાવવી. જો પાંચ છ દહાડા રહી સોમલની કાંઈ ખરાબ અસર જણાય નહીં તો એને બદલે ત્રણ ગોટી ગલાવવી.

સોમલ આપવાની આપણા દેશીઓની રીત નીચે પ્રમાણે છે. તેઓ છ ડ્રામ સોમલ લઈને છ બાટલી ભરીને મુલાના રસ સાથે તેને મેલવે છે. આ સઘલાંને એક કાદવનાં હાલ્લાંમાં મુકી ભઠી ઉપર મેલવામાં આવેછે. આ હાલ્લું જ્યાં સુધી અંદરનો રસ તદન સુકાઈ જાય ત્યાં સુધી ભઠી ઉપર રાખવામાં આવેછે. ઘણું કરીને સહવારના મેલેલું હાલ્લું સાંજ સુધીમાં તઈઆર થઈ જાયછે. પછી હાલ્લાંને ભઠી ઉપરથી ઉતારી તેમાં તઈઆર થએલી વસ્તુમાંથી સહાઠ ગોટીઓ બનાવવામાં આવેછે, અને તે ગોટીઓને ખપ પ્રમાણે દહાડામાં એક વાર યા દહાડામાં બે વાર વાપડવામાં આવેછે. આ રીતે તઈઆર કીધેલાં સોમલથી બદન ઉપર કોઈ પણ રીતે ખરાબ અસર થતી નથી.

આવાં દરદમાં સોમલ ખરેખર ભલામણ કરવા લાયક ચીજ છે કે નહીં તે સવાલને એક કોરે રાખી આપણે એટલું તો ખાતરીથી કહી શકીશું કે, એ દવાઈથી માણુસ જાનની હાંફણ ઉપર અને ફેફસાંનાં દરદો ઉપર ઘણીજ સારી અસર થાયછે, અને તેટલા માટે એ દવાઈની અજમાએશ માટે ભલામણ કરવાનું વાજબી લાગેછે.

જો હાંફણ ઘણીજ જોરમાં હોય તો નીચલી દવાઈ વાપડવી.

તીંકચર આવ બેલાડોના...........................	૧ ડ્રામ.
સલફયુરીક ઇથર...........................	૧ આઉંસ.
તીંકચર આવ હાયોસાએમસ........................	૧ ,,
પાણી	૧ પેંત.

આ દવાઈઓ સઘલી સાથે મેલવી દહાડામાં એક વખત યા બે વખત દરદનાં જોર પ્રમાણે પાવી.

આ દરદને છુપાવવા માટે ઘોડા વેચનારાઓ કેટલીક વેલા ઘણાજ કઢંગા ઉપાયો વાપડે છે. તેઓ સીસાંની નહાની નહાની ગોલીઓ બનાવી તે અકેક પછી અકેક પેલાં જ-

નાવરને ગલાવે છે. આ ગોળીઓ જનાવરની હોજરીમાં જઈ તેની ઉપર એવી અસર કરે છે કે જેથી હાંફણની નીશાની દેખઈતી રીતે તરતજ દફે થઈ જાયછે. કેટલાક વેચનારાઓ માખણના લોંદા ગલાવે છે, અને કેટલાકો ઘી તાવીને તે યાતો ચરબી તાવીને પાયછે. આ સઘલા વેચનારાઓ જે ઉપાયો વાપડેછે તે ઉપાયો ફકત થોડા વખત સુધીજ કામે લાગેછે. આ લુચાઈ જો પારખવી હોય તો સૌથી સરસ રીત એજ છે કે તે જનાવરને પાણી પાવું. પાણી પીવાથી તે જનાવરની હોજરીમાં જતાંજ આ દરદ પોતાનાં ખરાં રૂપમાં દેખાઈ આવશે.

ઘોડા ભાડે ફેરવનારાઓ અને ભાડુતી ગાડીવાલાઓ પોતાના ઘોડાનો તુટેલો હાંફો છુપાવવાને ઘણીજ કઢંગી યુકતી કરેછે. તુટેલા હાંફાની એક નીશાની તરીકે આપણે આગલ જોયું કે વારંવાર થતી ખાંસી સંગાતે તે જનાવરને વારંવાર વા સરયા કરેછે. હવે જેઓ ઘોડા ભાડે ફેરવતા હોય તેઓને અને ભાડુતી ગાડીવાલાઓને આ દરદ છુપાવવાની ઘણીજ જરૂર પડેછે; કારણ કે જે ઘોડો વારંવાર એવી રીતે વા સારીઆ કરે તે ઘોડો કોઈ પોતાના વપડાસમાં લેવીને પસંદ કરે નહીં, અને જે ગાડીમાં એવો ઘોડો જોડાયો હોય તે ગાડીમાં કોઈ પણ સુઘડ માણસ બેસે નહીં. એવા વા સરતા ઘોડાઓને પણ વપડાસમાં લેવાઈ શકાય એવા કરવાને માટે તે જનાવરના સફરા આગલનાં આતરડાંમાં તાતવેલાં લોખંડથી કરીને એક કાણું પાડવામાં આવેછે, અને તે કાણામાં એક સીસાંની નલી મુકવામાં આવેછે. જેવો ઘોડો વા સારેછે કે તે સાધારણ રીતે સફરાનાં તંગ કાણાંમાંથી મોટા અવાજ સાથે બહાર નીકલવાને બદલે પેલી સીસાંની નલીને મારગે બહાર અવાજ કરયા વગર નીકલી પડેછે.

ઉપર કહેલી સઘલી રીતીઓ બીચારાં મુગાં જનાવર ઉપર અજમાવવામાં લુચાં માણસોની એકજ મતલબ હોય છે, અને તે એ કે, કોઈ પણ રીતે પઈસા પેદા કરવા, પણ એ સઘલી રીતીઓ એક યા બીજી રીતે બીચારાં જનાવરને દુખી કરી તેનો અંત નજદીક લાવેછે. જે નીમકહલાલ મુગું પ્રાણી માણસ જાતની સેવા બજાવવામાંજ પોતાની જીંદગી ગુજારે છે, તે નીમકહલાલ મુગાં પ્રાણી ઉપર આવો જુલમ કરનારાઓમાં કદી પણ માણસાઈ તો હોયજ નહીં, કારણ કે જો તેઓમાં સહેજ પણ દયા હોય, તો આવું કામ કરતાં તેઓ અચકયા વીના રહેજ નહીં.

પેટના પરદામાં આવતું આંકડું—(Spasm of the Diaphragm.)

આપણે આગલ જોઈ ગયા કે છાતીમાં સમાયલા અવ્યવોને પેટમાં સમાયલા અવ્યવોથી જુદા પાડનારો એક પરદો એ બંન્ને ખાડાઓની વચે એટલે છાતીના અને પેટના ખાડાઓની વચે આવેલો છે. આ પરદાને પેટનો પરદો યા છાતીનો પરદો એવાં નામથી ઓલખવામાં આવેછે. ઘણું કરીને એને પેટના પરદાનું નામ આપવામાં આવેછે.

વલી આપણે બીજું એમ જોયું કે, એ પેટનો પરદો એક મોટા માંસના લોચાનો બનેલો છે. આ માંસના લોચાનો રાતો શાખાવાલો ભાગ પાંસલીઓના ઘેરાવાને ચીટકેલો છે, અને સફેદ તંતુવાલો ભાગ વચમાં આવેલો છે. આ પેટનો પરદો શ્વાસોશ્વાસના કામમાં મોટી મદદ કરેછે અને તે મદદ કરતાં તે સંકોચાય છે, અને પહોલો થાયછે. આ સંકોચાવાનાં અને પહોલાં થવાનાં કામથી એક વેલા તે છાતીના અવ્યવો ઉપર દબાણ કરેછે, અને બીજી વેલા તે પેટના અવ્યવો ઉપર દબાણ કરેછે. શ્વાસોશ્વાસનાં કામમાં એ પેટના પરદાનું એવી રીતનું સંકોચાવું અને પહોલું થવું ઘણુંજ અગત્યનું છે, અને તે કામ જો બરોબર નહીં ચાલ્યું તો તે શ્વાસોશ્વાસનાં કામમાં મોટી ખલલ કરેછે. જ્યારે પેટના પરદામાં આંકડું આવેછે ત્યારે એ રીતે તે સંકોચાવાને અને પહોલો થવાને બદલે તે માત્ર સંકોચાઈજ રહેછે, અને તે પણ વલી ઘણાંજ ખેચાણથી સંકોચાઈ રહેછે.

નીશાની—આ દરદ ઘણું કરીને જોરમાં દોડતાં દોડતાંજ થતું હોવાથી તેની ઉપર સવાર થએલાં માણસને તેની પહેલી નીશાની જણાય છે. એ નીશાની એ છે કે, દોડતાં દોડતાં એકદમ ઘોડાના બદનમાં કાંઈ ધબકારો થવાનો અવાજ આવેછે. આ અવાજ નહીં આગલથી કે નહીં પાછલથી પણ બરોબર જીનની બેઠકની નીચેથીજ આવેછે. આ અવાજ ધમધમ ધમધમ ચાલુ આવ્યાજ કરેછે અને ઘોડાનાં દીલમાં ભુત ભરાયો હોય એવું માલમ પડેછે. જો આ નીશાની થવા છતાં તે જનાવરને દોડાવ્યાજ કીધું હોય તો તે જનાવર થોડે ખટકે જઈ જમીન ઉપર પછડાઈ પડેછે. નાડી ઘણીજ ઝડપમાં દોડતી પણ જોશ વગરની માલમ પડેછે. દમ ઘણોજ જોશમાં ચાલેછે, અને તે લેતાં ઘણીજ મુશકેલી પડતી હોય એમ જણાય છે. આખું બદન પાણી પાણી થઈ જાયછે, અને તે જનાવરનું આખું બદન ધ્રુજરીથી થરથરી રહેછે.

કારણ—આ દરદનું મુખ્ય કારણ જનાવરની શક્તિ ઉપરાંત તેની સોડેથી કામ લેવાનું છે. ગમે એવું જોરાવર જનાવર હોય તે પણ ઘણીજ ઝડપથી એકીવેલાએ લાંબી મંજલે દોડતાં પટકાઈ પડે એમાં કાંઈ પણ નવાઈ નથી. ઘણું કરીને ભરેલાં પેટ ઉપર તે જનાવરને હદ બહારની કસરત આપતાં એવું પરીણામ નીપજેછે.

ઉપાય—આ દરદમાં પહેલવહેલો જે ઉપાય કરવાનો છે તે એ છે કે, જનાવરનાં બદન ઉપરથી જીન, પટા, અને બીજા સામાનનો સઘલો બોજો એકદમ ઉતારી નાખી તેના શ્વાસો-

શ્વાસનાં કામમાં સહેલાઈ કરી આપવી. તેનાં બદન ઉપર તરતજ ગરમ જુહલ નાખવી, અને તેને આરામ આપવાની મુખ્ય નેમ રાખવી. જ્યારે તેને પુરતો કરાર થએલો જણાય ત્યારે ધીરે ધીરે તબેલા તરફ તે જનાવરને લઈ નીચલી દવાઈ પાવી.

સલફ્યુરીક ઇથર................................	૧ આઉંસ.
સ્પીરીતસ આવ કેમફ્ર	૨ ડ્રામ.
લોદેનમ..	૧ આઉંસ.
પાણી	૧ પેંત.

આ સઘલાંને મેલવી દર કલાક કલાકે પાયા કરવું, અને જો બે યા ત્રણ ભાગ પાવા પછી ફરક માલમ પડે તો ત્રણ ત્રણ કલાકે એ દવાઈ પાયા કરવી. આ દવાઈનો પહેલો ભાગ પાઈ તે જનાવરનાં બદનની સારવાર ઉપર મુખ્ય ધ્યાંન આપવું. તેના ચારે પગોને સારીપડે એક કટકાથી નુછી નાખી તેમની ઉપર ગરમ કપડાંના પાટાઓ વીંટાલી લેવા, અને આખાં બદનને નુછી નાખીને સાફ કરવું.

પેટના પરદાનું ફાટવું—(Rupture of the Diaphragm.)

પેટના પરદામાં જે કારણોથી આંકડું ચહડેછે તેજ કારણોથી તે પરદો ફાટી જાયછે. ઘણીક વેલા તે પરદો થોડોજ ફાટેછે, અને તે જનાવર પાછલથી રાબેતાનું કામકાજ કરી શકેછે. જો કે એ પ્રમાણે તે જનાવર પાછલથી કામ કરી શકેછે, તોપણ તેને તુટેલા હાં-ફાનું દરદ થાયછે.

પણ એ પ્રમાણે થોડો ફાટવાને બદલે જો પેટનો પરદો સદંતર ફાટી જાયછે તો તે જનાવરની જીવવાની આશા ઘણીજ થોડી રાખવી. તેની નાડી ધીમી પડી જઈ, હઈડું માત્ર ધીમા ધબકારા મારેછે. પગ, કાન વગેરે બરફ જેવા ઠંડા થઈ જાયછે. નાકમાંથી પીલો અને લાલ પ્રવાહી વહેવા માંડેછે; આંખોની કીકી ફાટેલી માલમ પડેછે, અને કેટ-લાંક તરફડીયાં ખાઈ તે જનાવર મરણ પામેછે.

જો પેટનો પરદો થોડોજ ફાટયો હોય તો તેમાંથી આતરડાં વગેરે અવ્યવો બહાર નીકલી આવવાનાં ધાસ્તીભરેલાં પરીણામો પેદા થવાની ફીકર રહેછે.

હૃદયનાં દરદો—(Diseases of the Heart.)

જેમ માણસ જાતમાં હૃદયનાં દરદો તહરેવાર છે, તેમ ઘોડામાં પણ હૃદયનાં દરદો પુશકલ જાતનાં થાયછે. મુશકેલી માત્ર એટલીજ છે કે, જે દરદો મુવેલા ઘોડાનું હૃદય તપાસતાં માલમ પડી આવેછે, તે દરદો જીવતા ઘોડામાં પારખવાં બહુજ મુશકેલ છે. ઘોડાનાં હૃદયનાં દરદોને માટે મોટા મોટા વીશયો લખવા એ ઘણુંજ સહેલું કામ છે, પણ જીવતા ઘોડામાં તે દરદો પારખવાં અને તે દરદો પારખવા પછી તેમના એલાજ કરવા એ કાંઈ સહેલું કામ નથી. હૃદયનાં દરદ સાથનો એક ઘોડો કોઈ પણ વેલા પટકાઈને મરણ પામવાની ધાસ્તી રહેછે, અને તેજ કારણને લીધે તે લગભગ નકામો થઈ પડેછે. જો તે ઘોડાને કામ વગર રહેવા દીધો હોય અને માત્ર સહેજ કસરતજ કરાવી હોય તો કદાચ તે વધારે લાંબી મુદત કહાડે ખરો; પણ રાબેતાનું કામ તેની પાસે કરાવવું, એ તેનો જેમ બને તેમ જલદીથી અંત લાવવા બરોબર છે. ઘોડાનું કામ ઘણુંખરૂં બોજા ખેંચવાનું યા નહીં તો દોડવાનું છે. આ બંન્ને કામમાં ફેફસાં અને હૃદય એ બે અવ્યવો ઉપર મોટું દબાણ આવી પડેછે, અને હંમેશ કરતાં ચારઘણું વધારે અને આરઘણી ઝડપથી તે કામો તેમને બજાવવાં પડેછે. જનાવરના બદનના સંબંધમાં હૃદય એક એવું અગત્યનું કામ બજાવેછે કે જે કામમાં થતી કાંઈ પણ ખલલ- જીંદગીને ધાસ્તીમાં લાવી નાખેછે. હવે જ્યારે હૃદય પોતે દરદી બનેલું હોય ત્યારે તેની ઉપર આવી પડતું ભારે દબાણ તે કઈ રીતે ટકાવી શકે ? જ્યારે એ રીતે તે ભારે દબાણમાં આવી પડેછે ત્યારે તે અચબુચ કામ કરતું અટકી પડે છે અને હૃદયનું અટકી પડવું એટલે શું ? અલબતે હૃદયનું અટકી પડવું; એ મહોતને બીજે નામે ઓલખવા બરોબર છે. ત્યારે હૃદયના અટકી પડવાથી તે જનાવર એકદમ મરણ પામેછે, અને તે મરણ ઘણું કરીને અચબુચું કામ કરતાં કરતાંજ નીપજે છે.

જ્યારે હઈડાંનાં ભીત્તરનાં દરદો પારખવાને એક વઈદાંના અનુભવી અભીઆસીને ઘણી મુશકેલી પડેછે, ત્યારે તે દરદો પારખવાની નીશાનીઓ વીશે લ્યાં સમજાવવા બેસવું એ વાજબી નથી, કારણ કે એક સાધારણ માણસથી તો તે દરદો પારખવાનું કામ બની શકેજ નહીં. વલી ઘડીભર આપણે તે દરદ પારખી શકીએ, તોપણ જ્યાં ડાકટરોને તે દરદના એલાજો કરતાં પોતાનાં સઘલાં જ્ઞાનનું સંપુરણ સૈનય જોઈએ ત્યાં એક સાધારણ માણસને તેના એલાજો સુચવવા બેસવું એ ફોકટનાં ફાંફાં મારવા બરોબર છે.

મ્હોડાંના દરદો—(Diseases of the Mouth.)

જડબાંનાં ખુણીઆંનું ઘસાઈ જવું—

(Excoriated angles of the mouth.)

ઉપલો અને નીચલો હોઠ જ્યાં એકેક સાથે મલી એક ખુણું બનાવેછે અને જે ખુણાને આપણે જડબાંનાં ખુણીઆંનાં નામથી ઓલખીએ છઈએ તે ખુણાં ઘસાઈ જઈ તેમાં ચીરા પડેછે.

નીશાની—ઘોડો પોતાનું મ્હોડું બુરોબર બંધ કરતો નથી, કારણ કે જડબાંનાં ખુણીઆંમાં ચહડેલો સોજો અને તેમાં થતું દરદ તેને તેમ કરતાં અટકાવે છે. જડબાંનાં ખુણીઆં સુજીને મોટાં થએલાં માલમ પડેછે અને તેમની ચામડી ઘસાઈ જઇ તેમાં ચીરા પડેલા જણાય છે. ઘણીક વેલા આ ચીરા ચાંદાંનું રૂપ પકડેછે.

કારણ—જડબાંનાં ખુણીઆં સુજી આવવાનું કારણ દેખઈતુંજ છે, અને તે આ રાંક જનાવરના હાંકનારની મુરખાઈનું પરીણામ છે. ઘોડાને ઘણોજ તીખો દેખાડવાને અરથે તેની જોરકરડી લગામને જોરમાં ખેંચી રાખવાથી યા તો આપણા મગજના ફાંટા પ્રમાણે જનાવરની જોરકરડી ખેંચી તેની પાસે કામ લેવાની મુરખાઈ ભરેલી કોશેશ કરવાથી આ દેખઈતું નજીવું દરદ પેદા થાયછે. આપણાં પોતાનાં મ્હોડાંમાં એવી એક જોરકરડી ખોસીને પછી જો તે બીજાં માણસ પાસે ખેંચાવ્યા કીધી હોય ત્યારેજ આપણને બીચારાં રાંક જનાવરને થતાં દરદનો ખ્યાલ આવે. આપણા હોઠનાં એવાંજ ખુણાંમાં પડતો એક એવોજ ચીરો હોઠ કેવા વલા રખાવેછે અને કેવો ચચરાટ પેદા કરેછે, તે વાશે વીચાર કરવા પછીજ બીચારાં મુગાં જનાવરનાં મ્હોડાં સાથે એવાં ફીસીઆરીખોરાં ચેડાં કહાડતાં થતાં દરદનો આપણે ખરો ખ્યાલ કરી શકીએ.

ઉપાય—આ દરદના ઉપાય કરતી વખતે ખુબ યાદ રાખજો કે ઘોડો બરોબર ચાવી શકતો નથી માટે તેને ઘટ કાંજી અને નરમ ખોરાક ઉપરજ રાખવો. મોરથુથુ, જંગાલ, સોમલ અને એવાંજ બીજાં દુખ ઉપર દહામ દેનારાં કરીઆણાંઓ વાપડવાને બદલે નીચલું લોશન પેહેલાં ફુકાં પાણીએ ધોઈને પછે વાપડવું.

સલફેત આવ ઝીંક	૨ દ્રામ.
સુગરલેદ	૨ ,,
પાણી	૧ પેંત.

આ લોશન દહાડામાં પાંચ છ વખત ઘણાંજ નરમ લુગડાંથી ચીરાયલા અને સુજેલા ભાગ ઉપર લગાડયા કરવું. જો વારંવાર લગાડવાને નહીં બને તો નીચલો મલમ વાપડવો.

ઓઈનતમેનત આવ સબએસીતેત આવ લેદ	૧ આઉસ.
વાસીલીન	૧ ,,

આ બંન્ને દવાઈઓને મેલવી જે નરમ મલમ બને તે નરમ મલમને ધીરેથી ચીરાઓ ઉપર અને સોજા ઉપર લગાડવો. આ મલમ સહવાર અને સાંજ બે વખત વાપડવો સારો છે. એ મલમ યાતો ઉપલું લોશન વાપડતાં ઘણું કરીને પૂહેલેજ દહાડે ફાએદો જણાશે. પણ જો દરદનું જોર ઘણું હશે અને ચીરા વધારે પડયા હશે તો તે રૂજ આવતાં વધારે દહાડા લાગશે. જો ઘણો સોજો હોય તો નીચલી મેલવણી લગાડવી.

એક્ષતરેક્ત આવ બેલાદોના	૨ ડ્રામ.
ગલીસરીન	૧ આઉન્સ.

આ મેલવણી દહાડામાં ત્રણ ચાર વખત લગાડવી; અથવા બારેલી ફતકી દહાડામાં બે વખત દાબવી.

આ દરદ થયા પછી જો કે ઘટતા ઉપાયોથી તે સાજું થશે તોપણ જડબાંનો તેટલો ભાગ જે અસલ હાલતમાં હતો તે હાલતમાં પાછો આવે એ નહીં બને તેવું છે. જડબાંનું ખુણું ઘણુંજ નાજુક છે. તેની ઉપર વીંટલાએલી ચામડી ઘણુંજ નરમ કુમાસની બનેલી છે, અને તે ચામડીની માંહે જ્ઞાનતંતુઓની અસંખ્ય શાખાઓ ઘણીજ સફાઇથી ગોઠવાએલી છે. એક વખત આ ચામડીની નાજુકાઈ જતી રહી અને તે કઠણ બની, એક વખત જો એ ચામડીનું કુમાસ ગયું અને તે ખરબચડી થઈ, એક વખત જો તેના અસંખ્ય જ્ઞાનતંતુઓ તુટા અને તે સુણ મારી ગઈ, તો ત્યારપછી તે ચામડી તેની અસલી નાજુકાઈ, તેનું અસલી કુમાસ, અને તેની અસલી તીક્ષણ લાગણી ફરીથી કદી પણ મેલવી શકવાની નથી. તે જગ્યા ઉપર આપણને નવી ચામડી પાછી આવેલી લાગશે ખરી, પણ તે ઉપલી સઘલી ખુબીઓ કદીપણ ધરાવવાની નથી અને તે નવી ચામડીમાં વારંવાર ચીરા અને ચાંદાં પડવાની ધાસ્તી તો કદી પણ દુર થવાનીજ નથી.

મહોડું આવવું અથવા આગરૂ—(Aphtha.)

આ દરદ ઘણું કરીને જીભ, હોઠ અને મોહોડાંની અંદરનાં પડ ઉપર થાયછે.

નીશાની—પહેલાં જનાવર ઘણુંજ સુસ્ત બની જઈ ખોરાક લેવાનું માંડી વાલેછે. આસ્તે આસ્તે બંન્ને હોઠો સુજવા માંડેછે, અને પછી તે સોજો મહોડાંની અંદરના ભાગમાં અને જીભ ઉપર ચહડતો માલમ પડેછે. જીભ મોટી થાયછે, તે ગરમ અને રાતી માલમ પડેછે, અને ઘણુંખરૂં તે મહોડાંની બહાર નીકલી આવેલી જણાય છે. રફતે રફતે જીભ, હોઠ, અને મહોડાંનાં અંદરનાં પડની ઉપર બારીક બારીક ફુલ્લીઓ ફુટી નીકલેછે, જે ફુલ્લીઓ ફુટીને ચાંદા પડેછે. આ ફુલ્લીઓ ફુટતાં તેમાંથી ચીકણી રસી નીકલેછે.

કારણ—આ દરદનું ઘણું કરીને મુખ્ય કારણ અજીરણ છે. મહોડાંની અંદરનું પડ ખોરાકની નલીમાં લંબાયછે, જ્યાંથી તે હોજરીનાં પડ સાથે સંબંધ રાખેછે, અને હોજરીનું પડ આંતરડાંનાં પડ સાથે સંબંધ ધરાવેછે. એ પ્રમાણે છેક મહોડાંથી તે સફરા સુધી આવેલા અવ્યવોનાં પડો એકેકની સાથે ચાલુ સીધો સંબંધ ધરાવેછે. આ સંબંધને લીધે જ્યારે એક અવ્યવનું પડ દરદી બનેછે, ત્યારે તે દરદ આગલ લંબાઈ બીજા અવ્યવોનાં પડને પણ પકડે છે. જીભ અને મહોડાંનું પડ એ રીતે હોજરી વગેરેનાં પડ સાથે ચાલુ સીધો સંબંધ ધરાવતું હોવાથીજ જીભની હાલત તપાસવાથી હોજરીની હાલત વીશે એક ડાકટર તરતજ અનુમાન કરી શકેછે. આ દરદમાં પણ એજ કારણને લીધે એટલે હોજરીની ખરાબ હાલતને લીધે મહોડાંની અંદરનાં અને જીભ તેમજ હોઠનાં પડ ઉપર સોજો ચહડે છે, અને હોજરીની હાલત સુધરતાંજ આ દરદ નાબુદ થાયછે.

ઉપાય—અલબતે આ દરદના સીધા ઉપાય કરવાને અરથે પહેલવહેલાં એટલું અવશ્યનું છે કે તે દરદ પેદા કરનારાં કારણને દુર કરવું. આ કારણ તે અજીરણ છે અને તેટલા માટે "અજીરણ"નાં મથાલાં હેઠલ સુચવેલા ઉપાયો પહેલાં અજમાવવા, અને તે ઉપાયોની જોડેજોડ નીચલા ઉપાયો વાપરવા.

તંકણખાર	૪ આઉંસ.
પાતલો ગોલ	૧ રતલ.
પાણી	૧ ગયાલન.

આ સઘલાંને મેલવી તેમાંથી અરધી પેંત મેલવણી લઈ ઘોડાનાં મહોડામાં રેડવી, અને ઘોડાનું મહોડું એક પલવાર ઊંચું રાખી પછી નીચું કરી નાખવું એટલે તે મેલવણી સઘલી મહોમાંથી પાછી નીકલી પડશે. આ પ્રમાણે દર અરધે કલાકે કોગલા કરાવવા. ઉપલી મેલવણીને બદલે જોઈએ તો નીચલી મેલવણી વાપડવી.

ફટકી	૨ આઉંસ.
ગોલ..	૧ રતલ.
પાણી	૪ બાતલી.

આ મેલવણીથી પણ કોગલા કરાવવામાં ઘણો ફાએદો છે. વલી ખોરાક તરીકે બીજા ખોરાક ભેગી અલસી વાપડવી પણ સારી છે, અને સહવાર સાંજના ખોરાક સાથે એ આંઊસ બાઈકારબોનેત આવ સોદા હુમેરવો ઠીક છે. તંકણખાર, અલસી અને સોદા આ દરદમાં ખાસ રીતે ઠંડક પાડેછે.

તાળુ અથવા તાળવાંનો સોજો—(Lampas.)

ઘોડાનાં મહોડાંની અંદરનો ઉપલો ભાગ જેને અવાળુ અથવા તાળુ અથવા તાળવું કહેછે તે ભાગ આપણાં તાળુની માફક સુંવાળો હોતો નથી, પણ તે ખડબચડો હોયછે, અને તે ગોયા છાપડાંની ઉપર નલીયાં ગોઠવ્યાં હોય તેવી રીતે ગોઠવાએલી આડી લીટીઓથી ભરેલો હોયછે. આવી રીતે ગોઠવેલી આડી ઉપસી આવેલી સપાટીઓની મદદથી ખોરાક ચાવવાનું કામ ઘણું ચોકસ થાયછે. આવી જાતનાં તાળવાંમાં જ્યારે સોજો ચહડેછે ત્યારે ઘોડાને ખોરાક ચાવવાનાં કામમાં બહુજ અડચણ થાયછે.

નીશાની—જનાવર ખોરાક ખાવાને ઘણુંજ આતુર હોયછે, પણ તેનાથી તે ખોરાક ચવાઈ નહીં શકાવાથી તે મહોમાં લઈ થોડાક વગોળીને પાછો ફુકી નાખેછે. મહોડું ઉઘાડીને જોતાં તેનું તાળવું સુજી આવેલું માલમ પડેછે, અને કેટલીક વેલા તે સોજો એટલો તો જોરમાં હોયછે કે આગલા દાંતોની હારની સપાટીની હેઠાણ સુધીમાં તે તાળવું જુહલાઈ પડતું જણાય છે.

કારણ—ઘણું કરીને આ દરદ જુવાન જનાવરોમાં માલમ પડેછે. જુવાન જનાવરોને દાંત ફુટવાનો વખત હોવાથી તે દાંતોના ઉધરભાવને અરથે લોહીના મોટા જથાની જરૂર છે, અને તે લોહીનો મોટો જથો પુરા પાડવાને અરથે તાળવાંની નેસોમાં લોહીનો જોશ વધી પડેછે. આ લોહીના જોશનો વધારો તે તાળવાંના સોજા તરીકે માલમ પડેછે, જે સોજો અલબતે દાંત ફુટી રહયા કે પોતાની મેલેજ પાછો ઉતરી જાયછે. એ ઉપરથી માલમ પડશે કે એ સોજો કાંઈ દરદ નથી, પણ કુદરતની નેમ પાર પાડવાની એક રીત છે.

કોઈ વેલા આ દરદ અજીરણથી યા સરદીથી પેદા પડેછે.

ઉપાય—જો દાંત ફુટવાને લીધે આ દરદ થયું હોય તો કુદરતનાં કામમાં અડચણ કરવાની કાંઈએ જરૂર નથી, કારણ કે એ દેખઈતાં દરદનો એલાજ કરવા જતાં દાંત ફુટવાના કામમાં હરકત થઈ સામું નુકશાન કરશે. જો અજીરણ યા સરદીથી એ દરદ થયું હોય તો તે દરદોના એલાજ કરવાથી એ દરદ નરમ પડશે. આ દરદ માટે ઊંટવઈદો લાગલા ડહામ દેવાની તઈઆરીઓ કરેછે, માટે તેઓથી બહુજ સંભાલ રાખવી, અને એવી રીતે ઘોડાનાં મહોડાંમાં કદી પણ ડહામ દેવાની વાતનો ખ્યાલ વટીક કરવો નહી. આવા ઘાતકી ઉપાયો માટે જેટલો ધીક્કાર દેખાડીએ એટલો થોડા છે. એક નાની ચાલતી ચાકુ લેઆ તો નસતર તેના તાળવાના છેક દાંત આગલના ઉપલા ભાગમાં ભોકવું, પછે હાથે કરી તેને દાબવું, જેમ કાપાથી રેદી લોહી નીકલશે; પછે હળદ તથા મીઠું આખાં તાળવાપર લગાડવું.

ખોરાકની નલીમાં ખોરાક વગેરે ચીજોનું ખુંચી બેસુવં—
(Choking.)

ઘોડો જોકે પોતાનાં મહોડાંમાં ખોરાકનો મોટો જથો એકી વખતે લઈ શકેછે તો પણ તે ખોરાક ચવાયા પછી તેને હોજરીમાં લઈ જનારી નલીનો માર્ગ એટલો તો સાંકડો છે કે ઝડપથી ગલેલો એકુ કોલીઓ તે નલીના કોઈ પણ ભાગમાં ખુંચી બેસેછે. આવી રીતે ખોરાક ખુંચી બેસવાથી અલબત્તે તે જનાવરની જીંદગી જોખમમાં આવી પડેછે.

નીશાની—ચહેરા ઉપર ભારે દુખની અને આતુરતાની નીશાનીઓ પ્રગટી નીકલે છે. મહોડાંમાંથી થુક વહેવા માંડેછે. ખોરાક ગલી શકાતો નથી. જો ખુંચી બેસનારી ચીજ નલીનો આખો ઘેરાવો રોકતી નથી તો પ્રવાહી પદાર્થો સહેજસાજ હોજરીમાં જઈ શકે છે. જો નલીનો આખો ઘેરાવો રોકાઈ ગયો હોય છે તો પ્રવાહી પદાર્થો ખાતાંજ તેઓ નાકને યા મહોડાંને રસ્તે પાછા નીકલી પડેછે. ઉલટી કરવાની મતલબથી ગલું ખેંચાયા કરેછે. આ સઘલી નીશાનીઓ ઉપરાંત એક નીશાની ઘણીજ દેખઈતી છે અને તે એ કે, ઘણું કરીને ઘાંટીની દાબી બાજુએથી જ્યાં કોલીઓ ખુંચી બેઠો હોય ત્યાંનો ભાગ ઉપસી આવેલો માલમ પડેછે.

કારણ—નલીના ઘેરાવા કરતાં વધુ મોટો કોલીઓ ગલી જવાથી ખોરાકની નલીમાં તે ખુંચી બેસેછે. ઘણું કરીને સુકી ચીજો, ગાજર, મુલા વગેરે મુલીઆં ઘાંટીમાં ઉતરયા પછી આડાં પડી જાયછે, અને ખોરાકની નલીના માંસના લોચાઓને સંકોચાતાં અટકાવે છે. ઘણીક વેલા એમ બનેછે કે ઘોડા વાપડનારાઓ ઘોડાની રૂવાંટી ઘણીજ કુમાસદાર બનાવવાને યાતો ઘોડાનો દેખાવ ઘણોજ સોહામણો કરવાની મતલબથી તેમને આખાં ઈંડાંજ ગલાવી દેછે, જે અરધી નલી સુધી પુગ્યા પછી આડાં પડી જઈ દુઃખ દેછે. વલી ઘોડાને દવાઈ તરીકે ગલાવવાની ગોટીઓ જો ઘણીજ કઠણ બનાવી હોયછે તો તેઓ કોઈ કોઈ વેલા આડી પડી જઈ ખુંચી બેસેછે. લાંબા વખતની બનાવેલી ગોટીઓ ગલાવતાં બહુજ સંભાલ લેવાની જરૂર છે, કારણ કે તે ગોટીઓ જો કે તાજી બનાવેલી હોયછે ત્યારે નરમ હોયછે, તોપણ જુની થતાં તેમાંનું પાણી ઉડી જઈ તેઓ સુકાં છોડાં જેવી થઈ જાયછે, અને તેઓ વારંવાર ખુંચી બેસેછે. ભાડુતી ગાડીવાલાઓ ઘરાકી સાચવવાની મતલબથી પોતાનાં જનાવરને ખાતાં ખાતાં અટકાવે છે, અને અરધો કોલીઓ મોહમાં હોય, અરધો કોલીઓ ગલીઓ હોય તેવામાં તેમને જીવ નાખતા દોડાવેછે. દોડતી વખતે ઘોડો એકી વેલાએ દોડવાનું કામ અને ખોરાક ગલવાનું કામ કરી શકતો નથી, અને તેનાં પરીણામ તરીકે અરધો ચાવેલો, અરધો નહીં ચાવેલો ખોરાક નલીમાં ખુંચી બેસેછે.

ઉપાય—જો ખુંચી બેઠેલી જણસ આપણો હાથ પુગી શકે એટલીં દુર હોય તો એક માણસ સોડે મહોડું સારીપેઠે ઉઘડાવી આપણો જમણો હાથ ખોરાકની નલી તરફ

લઈ જવો અને બીજાં એકુ માણસ સોડે ગળાંમાં દેખાતા ઉપસી આવેલા ભાગની નીચેથી ઉપર તરફ દબાણ કરાવવું. અગરજો આપણો હાથ પુગી શકે એવું નહીં હોય તો જ્યાં નલી ઉપસી આવેલી જણાય ત્યાંથી ધીરેધીરે નીચેથી ઉપર સુધી તે ખુંચી બેઠેલી ચીજને આંગલીઓથી બહુજ નરમાશથી સેરવતા જવું, અને હાથ પુગી શકે એટલે દુર આવી લાગે એટલે ઉપર જણાવેલી રીત પ્રમાણે કરવું. અગર જો ખુંચી બેસનારી જણસ એકુ ઈંડું હોય તો પહેલાં તે ઈંડાંની અંદર એક મજબુત સુઈઆની મદદથી કાંણું પાડવું અને પછી સંભાલથી તેની ઉપર દબાણ કરવું, એટલે ઈંડું ભચડાઈ જઈ સહેલાઇથી નીચે ઉતરી જશે. અગરજો ખુંચી બેઠેલી ચીજ કોઈ જાતનો સુકો ખોરાક હોય તો વારંવાર અલસીનું તેલ અને પાણી ઉપરાસાપરી થોડું થોડું પાવું, અને તે પાછું નીકલી પડે તો નીકલવા દેવું. એમ કીધાથી ખોરાકની નલીનો માર્ગ અંદરથી સુંવાલો થઈ ખુંચી બેઠેલા ખોરાકને લપસી જવાની તક આપશે. અગરજો ખુંચી બેઠેલી જણસ આ સઘલા ઈલાજો છતાં નહીં નીકલી શકે એવું હોય, તો સંભાલથી તે જગ્યા ઉપર એક ચાલતી છરીએ કાપ મુકી તે જણસને ખેંચી કહાડવી, અને એ રીતે કાપેલા ભાગને કારબોલીક એસીડનાં પાણીથી ધોઈ સાફ કરી બે ત્રણ તાંકા મારી સીવી લેવો. આ જખમ રૂઝ આવે ત્યાં સુધી જેમ બને તેમ તે જનાવરને ખોરાક આપવો નહીં, કારણ કે ખોરાક ગલતાં જખમવાલો ભાગ હીલચાલમાં આવ્યાથી તે રૂજ આવતાં ઘણો લાંબો વખત લેશે. જો ખોરાક આપવાની જરૂરજ જણાય તો એવો ખોરાક આપવો કે જે નલીના મારગને અંદરથી સુંવાલો બનાવતો જાય અને સહેલાઈથી ગલાઈ જાય.

ખોરાકની નલીનો મારગ એવી રીતે બંધ થઈ ગયો હોય ત્યારે ડાકટરો સ્થીતીસ્થાપક ગુણ ધરાવનારી એક નલી ખોરાકની નલીમાં ઉતારી એક નક્કર સલીઆ વટી ખુંચી બેઠેલી ચીજને આગલ ધકેલેછે, પણ આવી રીતે નલી ઉતારવી એ બહુજ જોખમ ભરેલું છે, અને ઘણીક વેલા કઢંગી રીતે તેનો ઉપયોગ કીધાથી માઠાં પરીણામો નીપજેછે. કોઈ વેલા તેથી ખોરાકની નલીમાં જખમ થઈ તે જખમ ઘાસ્તી ભરેલાં દરદનું મુલ થઈ પડે છે. આપણા દેશમાં સાધારણે પોકલ વાંસની ભુંગલી એ કામ માટે વાપડવામાં આવેછે.

અ જી ર ણ.—(Dyspepsia.)

ઘોડાને અજીરણ થવાનું મુળ મુખ્ય કરીને માણસની મુરખાઈ છે. તેના ખોરાકની સાથે જે ચેડાં કહાડવામાં આવેછે તે ગમે એવાં તનદરોસ્ત જનાવરને પણ અજીરણથી રીબતું કરવાને પુરતાં છે.

નીશાની—જનાવરની ખોરાક લેવાની રૂઢીમાં જાણવા જોગ ફેરફાર પહેલવહેલો માલમ પડેછે. યાતો તે એકદમ પુશકલ ખોરાક ખાવાનું કરેછે, યાતો તે ખોરાક ખાવાનું છો-

ડી દેછે. ઘણીક વેલા તે ભીંત ચાટવા મંડી જાયછે, યાતો મટોડું ખાયછે. ઘણુંખરૂં અજી-રણ સાથે ખાંસી પણ હાજર હોયછે અને કોઈ કોઈ વખત તે જનાવર ઝુરતું માલમ પડે છે. તેનાં મહોડાં આગલ નાક લઈ જતાં તેમાંથી ખાટી દુરગંધ નીકલતી માલમ પડેછે. ચામડી ઉપરની રૂવાંટી પોતાનું કુમાસ ખોહી દેછે અને તેની અંદર ખોળો પેદા પડેછે. જનાવર દનપર દન ગલાતું જાયછે, અને તે ગલાવાનાં પ્રમાણમાં ખડી યા સુમ ઉપરનું પાતલું, ચલકતું, સુંવાલું પડ ખવાઈ જઈ ખડીની દેવાલો ખરબચડી, ભીંગડાં ભીંગડાં વાલી, તરકી જાય એવી અને ફાટફુટથી ભરેલી બની જાયછે. તે જનાવરનો ઝાડો બે ચાર દીવસ એકદમ છુટી જાયછે, અને બે ચાર દીવસ એકદમ બંધ થઈ જાયછે, યા કઠણ થઈ જાયછે. જો તે જનાવરને તબેલામાં બાંધી રાખ્યું હોયછે તો તેનો ઝાડો કબજ રહેછે અને જો બહાર ફેરવવા કહાડયું હોય છે તો ઝાડો છુટી જાયછે. તેને વારંવાર પેટમાં ચુ-કો થઈ આવેછે અને ઘણું કરીને ખોરાક લીધાપછી તરતજ તે ચુકો શહરૂ થાયછે. અજી-રણ થવાથી કલેજું પણ પોતાનું કામ ઘણીજ સુસ્તીથી બજાવેછે, અને તે કારણને લીધે પીત્ત બરોબર નીકલતું નથી. પીત્ત બરોબર નીકલતું નહીં હોવાથી આંતરડાંમાં ખોરાક કો-હવા માંડેછે, અને તે કોહોવાતમાંથી નીકલતી દુરગંધને લીધે અને પીત્તના રંગની ગેરહા-જરીને લીધે ઝાડો ઘણોજ ગંધ મારતો અને તનદરોસ્ત રંગ વગરનો હોયછે. હોજરીમાં-નો રસ બરોબર નીકલતો નહીં હોવાથી ખોરાક બરોબર પાચણ નહીં થતાં તેની અં-દર કોહોવાત પેદા પડી ગંધીલી હવાથી હોજરી ફુલી જાયછે, જેથી પેટ ચહડી આ-વેલું લાગેછે.

કારણ—જનાવરને તે કુદરતારે પુરતી પ્રેરણા બુદ્ધી બખશી છે, અને તેની મદદથી સઉ જનાવર પોતપોતાને લાએકનોજ ખોરાક પસંદ કરી લેછે. ઘોડો પણ એજ રીતે પો-તાની જંગલી અવસ્થામાં પોતાને લાએકનો ખોરાક પસંદ કરી લેછે. પણ માણસના તા-બામાં તે આવ્યા પછી માણસનાં મગજના તહરેવાર ફાંટાઓ પ્રમાણે તેને ખોરાક મલેછે; તેના કેટલાક માલેકો તહરેવાર મસાલાના અને ઉમદા ખોરાક તેને ખવાડી તેને મેવા મી-ષ્ટાનથી દુખી કરેછે અને કેટલાક માલેકો તેને રસ વગરનાં સુકાં ઘાંસના સાંઠા ખવાડી તેની હોજરીનો ઘાણ કાહડી નાખેછે. મસાલાવાલો અને ઘણોજ પુષ્ટીકારક ખોરાક ખા-વાને આ જનાવર સરજેલુંજ નથી, તેજ પ્રમાણે ઘણોજ નરમ પકાવેલો ખોરાક પણ એ જનાવર પાચણ કરી શકતું નથી. નરમ કીધેલો ખોરાક ઘોડાનાં ડાચામાં કદી પણ ચવા-તો નથી, અને તે એ રીતે ચવાતો નહીં હોવાથી થુક સાથે પણ તે બરોબર મીશ્ર થતો નથી અને થુક સાથે તે બરોબર નહીં મલવાથી તે પુરતી રીતે પાચણ પણ થઈ શકતો નથી. ઘણીક વેલા એમ બનેછે કે દાંત દુખતા હોવાને લીધે યા દાંત કઢંગી રીતે ઉગેલા હોય તેને લીધે ઘોડો બરોબર ચાવી શકતો નથી, અને તે ખોરાક એમનો એમજ ગ-લી જાયછે, જે અજીરણનું મુખ્ય મુલ થઈ પડેછે. કેટલીક વેલા બદનના બીજા ભા-ગોનાં દરદને લીધે હોજરીનાં કામમાં ખલલ પડેછે, અને તેથી પણ અજીરણ પે-દા થાયછે.

બાલક જનાવરોની અંદર આ દરદ દુધના મોટા જથાને લીધે, યા તો ધાવતાં બચ્ચાંને જલદીથી છોડવવાને લીધે, યા તો જ્યારે માદા કામ કરવાથી થાકી ગઈ હોય ત્યારે ધવાડવાને લીધે પેદા પડેછે.

ઉપાય—જે કારણથી અજીરણ થતું હોય તે કારણ દુર કરવાની પહેલી કોશેશ કરવી, અને તે કારણ એક વખત દુર થયું કે પછી ઘણી દવાઈની કાંઈ પણ જરૂર પડવાની નથી. દર પાંચ છ દહાડે એક પેંત અલસીનું તેલ આપવાથી તેનાં આંતરડાં પણ સાફ થશે, પુષ્ટીની પુષ્ટી મલશે, અને હોજરીની અંદરનું પડ ઘણુંજ સુંવાલું બની ખોરાકને પાચણ કરવામાં મદદ કરશે. વલી દરરોજ તેના ખોરાક સાથે બે આઊંસ બાઈકારબોનેત આવ સોડા ભેલવાથી તેની હોજરી ઉપર ઘણીજ સારી અસર થશે, અને કલેજાંનાં કામમાં પણ મદદ કરશે. જનાવરનું મ્હોડું પુગી શકે એટલે દુરથી ખાવાનાં નીમકનો અથવા સીંધાલુણનો એક મોટો કટકો ગોઠવવો કે જે કટકો ચાટયા કરવાથી આ જનાવરની પાચણ શકતીને ઘણોજ ફાએદો થશે. એ ઉપરાંત તેના રોજના ખોરાકમાં પણ બે આઊંસ સાધારણ ખાવાનું નીમક મેલવવું.

અગરજો નબલાઈ ઘણી હોય તો નીચલી દવાઈ આપવી.

કરીઆતાંનો ભુકો	૨ ડ્રામ.
રમ, બેવડો, યા ફેની............................	૪ આઉંસ.
પાણી	૧ પેંત.

અગરજો કલેજું બરોબર કામ નહીં કરતું હોય તો એક ડ્રામ ઈપીકાકયુઆનાનો ભુકો અલસીના આટા અને ગોલ સાથે મેલવી તેની ગોટી બનાવી એકેકી ગોટી દરરોજ પાંચ છ દીવસ સુધી આપવી.

આ એલાજો ઉપરાંત જનાવરની બરોબર ચાકરી કરાવવી, અને રોજ ઘટતી કસરત આપવી.

ઝાડાની કબજીઆત—(Constipation.)

કોઈ પણ જનાવરની તનદરોસ્તીને ખાતર એટલું અવશયનું છે કે તે જે ખોરાક ખાય તે ખોરાકમાંથી પુષ્ટીકારક ભાગ ચુસાઈ જવા પછી તેનો બાકી રહેલો ઉપયોગ વગરનો ભાગ બદનમાંથી બહાર નીકલી જવો જોઈએ. એવી રીતે ઉપયોગ વગરનો જે કચરો આંતરડાંઓમાંથી થઈને સફરાને રસ્તે બહાર નીકલી પડેછે તે કચરો જો બદનમાં એકઠો થઈ રહયો તો તેથી તહરેવાર દરદો પેદા પડેછે.

નીશાની—ઝાડાની કબજીઆત માટેની નીશાની એટલી તો સાધારણ છે કે તે પારખવાને માટે કાંઈ ખાસ નીશાનીઓ વરણવવાની કાંઈ પણ જરૂર નથી. એટલું યાદ રાખવું કે લીદ જો જરાક સુકી થતી જણાય તો તે એ દરદની શહરૂઆત થતી જાણવી.

કારણ—ઝાડાની કબજીઆત ઘણાંક દરદોને લીધે પેદા પડેછે, અને ઘણાંક દરદોની તે એક મુખ્ય નીશાની છે. કેટલાંક જનાવરોને કુદરતી રીતેજ ઝાડાની કબજીઆત હોયછે, કેટલાંકને બદનની નબલાઈથી તે હોયછે, કેટલીક વેલા તે આંતરડાંની નબલાઈને લીધે યા આંતરડાંના લકવાને લીધે જનમ પામેછે, ઘણીક વેલા આંતરડાંમાં વલ આવવાથી, યા તો ગોલીમાં યા ગોલીની ઉપર આવેલી પેટના અંદરના ભાગ સાથે સંબંધ રાખતી નલીમાં આંતરડું ઉતરી પડવાથી એ દરદ દેખાવ દેછે; ખોરાકીમાં ચોકસ જાતનો ખોરાક વધારે વાપડવાથી પણ એ દરદ લાગુ પડેછે, કલેજું જો પીત્ત બરોબર નથી કહાડતું તો પીત્તની ગેરહાજરીમાં પણ એ દરદ જનમ પામેછે, કેટલીક કોડો કબજ કરે એવી દવાઈઓ એ દરદને જનમ આપેછે, આંતરડાંમાં બંધાતી પથરીઓથી પણ એ દરદ પેદા પડેછે, અને એ રીતે બીજાં પુશકલ કારણોથી આ સાધારણ દરદ જનમ પામેછે.

ઉપાય—આપણે ઉપર જોઈ ગયા કે આ દેખઈતું નજીવું જેવું દરદ તહરેવાર કારણોથી ઉભું થાયછે, અને તેજ કારણોને લીધે આ દરદના ઉપાયો પણ જુદી જુદી રીતેજ કરવા ઘટેછે. ઝાડો કબજ હોય તો ઝાડો છુટી જાય એવી દવાઈ જેને આપણે જોલાબને નામે ઓલખીએ છઈએ તે આપવી, એ વાત તો સઘલાં લોકોને માલમ છે, પણ એટલી એક સાદી જેવી દવાઈ આપતાં પણ કેવાં ધાસ્તી ભરેલાં પરીણામ નીપજેછે તે થોડાઓનેજ માલમ હશે. ઉપર જે સઘલાં કારણો દરશાવ્યાં છે તે કારણોની ખાસીએત ઉપરથીજ એક સાધારણ અકલવાલું માણસ તરતજ સમજી જશે કે આટલાં બધાં વીચીત્ર કારણોથી પેદા થતાં દરદનું નામ જો કે એકજ છે, તોપણ તેના ઉપાયો તે કારણોની ખાસીએત પ્રમાણે જુદી જુદી રીતેજ થવા જોઈએ.

અગરજો કુદરતી રીતેજ એક જનાવરનો ઝાડો કબજ હોય તો તે કબજીઆત તોડવાની કાંઈ ઘણીજ જરૂર નથી. તો પણ એવી કબજીઆતવાલું જનાવર જો વારંવાર તાવથી, યા કલેજાંનાં દરદથી હેરાન થતું હોય તો એ દરદનો ઉપાય કરવો જરૂરનો છે. આ કારણને લીધે કાંઈ દવાઈ પાવાની જરૂર નથી, પણ તે જનાવરના ખોરાકમાં સુકાં ઘાસને બદલે લીલું ઘાસ અને તાજાં કંદ મુલ હુમેરવાથી તેનો કોડો રફતે રફતે ઢીલો થશે. એ ઉપરાંત જો ખોરાકની સાથે અલસીનું તેલ રોજ અરધી પેંત યા એક પેંત આપ્યું હોય તો તેથી ફાએદો થશે. જેવો ઝાડો ઢીલો થવા માંડયો કે અલસીનું તેલ તેના પ્રમાણમાંજ કમી કરવા માંડવું.

જો બદનની નબલાઈને લીધે ઝાડો કબજ થઈ ગયો હોય તો ઉપલાજ એલાજો વાપડવા, અને બદનને શકતી આપવાને અરથે નીચલી દવાઈઓનું પડીકું તેના ખોરાકમાં મેલી આપવું.

કરીઆતાંનો ભુકો .... ૧ આઉંસ.
નક્ષ વોમીકાનો ભુકો .... ૦ાા ડ્રામ.

બંન્નેને મેલવી એક પડીકું બનાવી અકેકું પડીકું થોડા દહાડા સુધી આપવું, અને તેથી જો કાંઈ સારી અસર થતી જણાય તો આ પડીકું એક સહવારે અને એક સહાંજે આપવું. આ પડીકું બદનને શક્તી આપવા ઉપરાંત ખુદ આંતરડાંઓની ઉપર ઘણીજ સારી અસર કરશે અને તે જનાવરની પાચણ શક્તિમાં પણ સુધારો થવાથી તેનું બદન પણ સારી રીતે ખીલી નીકલશે.

જો આંતરડાંની નબલાઈને લીધે આ દરદ જનમ પામ્યું હોય તો ઉપલુંજ પડીકું સહવાર સાંજના ખોરાક સાથે વાપરવું.

જો આંતરડાંના લકવાને લીધે આ દરદ જનમ પામ્યું હોય તો ઉપલુંજ પડીકું સહવાર સાંજના ખોરાક સાથે આપવા ઉપરાંત અરધી પેંત અલસીનું તેલ પણ આપવું. આંતરડાંના લકવાની નીશાની એ છે કે, પેટ ઉપર કાન મુકવાથી એક તનદરોસ્ત જનાવરનાં આંતરડાંમાં જે ગડગડાત ચાલતો સંભલાય છે તે અવાજ સંભલાતો બંધ થાયછે, અને જો આંતરડાંના નીચલા ભાગ સુધી લકવો લંબાયો હોય છે તો સફરામાં હાથ ઘાલવાથી સફરો પહોલો થએલો લાગેછે, તેની દેવાલો કુદરતી ચીકાશથી ભીણી હોવાને બદલે સુકી માલમ પડેછે, અને એક તનદરોસ્ત સફરો જેમ આપણા હાથની ઉપર દબાણ કરે તેમ લકવાવાલા સફરાની દેવાલો દબાણ કરતી નથી.

અગરજો આંતરડાંમાં વલ આવવાથી ઝાડો કબજ થઈ ગયો હોય તો " આંતરડાંમાં આવતો વલ " એ મથાલાં હેઠલ જણાવેલા ઉપાયો કરવા.

અગરજો આંતરડું ગોલીમાં યા પેટ અને ગોલી સાથે સંબંધ રાખતી નલીમાં ઉતરી પડયું હોય તો આંતરડું પાછું ચહડાવવાની કોશેશ કરવી.

અગરજો ખોરાકીની ખામીને લીધે ઝાડો કબજ થઈ ગયો હોય તો તેની કાંઈ ફીકર નહીં, કારણ કે થોડાક દીવસ ઝાડો નહીં થવાથી કાંઈ જનાવર મરી જવાનું નથી. એવા ઘણાક દાખલા નોંધાએલા છે કે જેમાં પંદર વીશ દીવસ સુધી ઝાડો નહીં આવવા છતાં તે જનાવરો મરી ગયાં નથી. આવી જાતનાં કારણથી જો ઝાડાની કબજીઆત થઈ હોય તો પહેલાં એક પેંત અલસીનું તેલ દહાડામાં ત્રણ વખત આપવા માંડવું. જો લીદ ઘણીજ સખત થઈ ગઈ હોય અને ઘણા દહાડા સુધી નહીં થઈ હોય તો સફરામાં હાથ ખોસી તે લીદ હાથે હાથે કહાડવાની તજવીજ કરવી, અને તેમ કીધા પછી સફરામાં જેટલું સમાઈ શકે એટલું ફુકું પાણી દાખલ કરવું. સહવાર સાંજ તે જનાવરને પુરતી કસરત આપવાને ધ્યાનમાં રાખવું. અગરજો પેટ પવનથી ફુલી આવેલું હોય તો એક પેંત અલસીનાં તેલ સાથે બે આઉંસ તરપીનતાઈન ભેલીને આપવું. આવી રીતે જો પેટ ફુલી આવ્યું હોય તો બનતાં સુધી તે જનાવરને કસરત કરાવવી નહીં.

ઉપલા સઘલા ઉપાયો પછી જો ઝાડો નહીં આવે તો એ ડ્રામ એલાદોનાના એક્ષતરેકતને ગોલ સાથે મેલવી તેની એક બહુજ નરમ ગોટી બનાવી ઘોડાની દાઢોની વચે મેલવી, એટલે તે ગોટી તે ધીમે ધીમે ગલશે. અગર જો ઝાડાની કબજીઆત સાથે ઘણો ચુંકો પણ ચાલતો હોય તો એલાદોના ઉપલી રીતે દહાડામાં ત્રણ ચાર વખત આપવું, જેથી ચુંકો પણ નરમ પડશે અને ઝાડો પણ આવશે. જો ઝાડો ઘણા દીવસનો કબજ હશે તો જલદીથી ફેરફાર જણાવાની આશા રાખવી નહીં, પણ ત્રણ ચાર દીવસ સુધી ખંતથી એ એલાજો ચાલુ રાખવા.

એવી જાતની ઝાડાની કબજીઆત વેલાએ બીજી આ વાત ધ્યાનમાં રાખવી કે તે જનાવરને બનતાં સુધી ઘણાજ થોડા ખોરાક ઉપર રાખવું, અને જો જનાવર ઘણું દુબલું નહીં થએલું હોય તો માત્ર પાણી અને અલસીની ચાહ ઉપરજ રાખવું. યાદ રાખવું કે આ દરદમાં હોજરી જેમ ખાલી હશે તેમ દરદનું જોર વધતું અટકશે અને જેમ વધુ ખોરાક તેને આપવામાં આવશે તેમ તેની હાલત વધુ ને વધુ ખરાબ થતી જશે. એક અઠવાડીઉં યા એક પખવાડીઉં સુધી એક આંગે ભરેલું જનાવર ખોરાક વગર કરારે જીવી શકશે.

અગરજો કલેજાંમાંથી પીત્ત બરોબર નહીં નીકલવાને લીધે આ દરદ થયું હોય તો તે માટે કલેજાંનાં દરદના એલાજો કરવા.

અગરજો કોઈ કબજ કરે એવી ચોકસ દવાઈઓથી આ દરદ થયું હોય તો તે દવાઈઓની ઉપર ખાસ ધ્યાન આપી તેમાં ઘટતો ફેરફાર કરવો, જેમકે જો શકતીની દવાઈ તરીકે હીરાકસી આપી હોય તો હીરાકસી પેટ બંધ કરેછે, માટે તે આપવાનું માંડી વાલી કરીઆતું અને નક્ષવોમીકા વાપડવું, અને એજ પ્રમાણે એકને બદલે તેવીજ અસરની પણ ઝાડાની કબજીઆત નહીં કરે એવી દવાઈઓ આપવી.

ઝાડાનું છુટી જવું—(Diarrhœa.)

પેટના ખાડા બેસી ગયલાં, દુબલાં, પાંસલીઓમાંથી ચીટકી ગયલાં, એવાં જનાવરોમાં ઝાડો વારંવાર છુટી જાયછે, અને ઘણું કરીને તેવાં જનાવરોને કસરત કરાવતાં ઝાડો થઈજ જાયછે.

નીશાની—ઝાડાના છુટી જવાની નીશાની એટલી તો સાધારણ છે કે તે નીશાનીઓ લંબાણથી સમજાવવાની કાંઈ પણ જરૂર નથી. પણ જ્યારે ઘણોજ ઝાડો છુટી જાય છે ત્યારે જે ધાસ્તી ભરેલી નીશાનીઓ પેદા પડેછે તે જાણવી અગત્યની છે. ઝાડો વાર

વાર થતો, પાતલો અને ગંધ મારતો હોયછે, મ્હોડું વાસ મારેછે, અને દમ દુરગંધીથી ભરેલો હોયછે. આંખ પોતાનો કુદરતી દેખાવ ખોહી દઈ કોડી જેવી અને ચલકતી બની જાયછે, અને સઉથી છેલ્લાં આંતરડાં પોતાની શક્તિ ખોહી દઈ કામ કરતાં બંધ પડેછે, જે ધાસ્તી ભરેલી નીશાની મોત નજદીક આવેલું દેખાડે છે.

કારણ—ઘણોજ સખત જોલાબ આપવાથી, એક જોલાબ આપયા પછી તરતજ તેની પછવાડે બીજો જોલાબ આપવાથી, એક જોલાબની અસર પુરી થાય તેની અગાઉ ઘોડાની પાસે કામ લેવાથી, જનાવરને જોલાબ આપવાને લાયકનું કરવાની અગાઉ તેને જોલાબ આપવાથી, જોલાબ આપવા પછી તરતજ ઠંડું પાણી પાવાથી, ભુખે પેટે જોલાબ આપવાથી અને ઘોડાને ત્યાર પછી ખોરાક વગર રાખવાથી, ઘણા ચણા ખવાડવાથી, પાણી વગર ઘોડાને લાંબો વખત તરસો રાખી પછી તેને પેટ પુરતું પાણી આપવાથી, આંતરડાંને ઉશકેરે એવી વસ્તુ ખવાડવાથી, લોહીમાં પેંવસ થએલી કાંઈક ઝેરી વસ્તુની હાજરીથી, અથવા તો કરમ વગેરે જીવડાઓથી, ગરમ ચામડી ઉપર એકદમ ઠંડી હવાની ફુંક લાગવાથી, શરતના ઘોડાઓને શરતની જગ્યાએ લઈ જતાં તેમનાં મગજ ઉપર થતી અસરથી, દુબલા ઘોડાઓને ઘણા દોડાવવાથી, અને એવાં બીજાં ઘણાંક કારણોથી ઝાડો એકદમ છુટી જાયછે. ગરમ મસાલાદાર વાણાં ખવાડવાથી પણ આ દરદ લાગુ પડે છે, અને અજીરણની આ દરદ એક મુખ્ય નીશાની છે.

ઉપાય—આ દરદના ઉપાય કરવાને બદલે જેમ એ દરદ થાયજ નહીં એવી સંભાલ રાખી હોય તો સારૂં છે. કદી પણ સઉથી ભારે અગત્ય વીના સખત જોલાબ આપવો નહીં, કારણ કે સખત જોલાબ માટે જે દવાઈઓ વપડાય છે તેમાંની ઘણીક જીંદગીને જોખમમાં નાખનારી છે. એક જોલાબ આપવા પછી બદન ઉપર તેની પુરતી અસર નહીં થાય ત્યાં સુધી બીજો જોલાબ આપવો નહીં, કારણ કે પહેલા જોલાબની અસરથી આંતરડાં જે નબલી હાલતમાં આવી પડયાં હશે તે હાલતમાં તેઓ બીજો જોલાબ સાંખી નહીં શકવાથી તેમની શકતી તદન તુટી જઈ તેઓમાં લકવાની નીશાની લાગુ પડશે. ઘોડાને જોલાબ આપવા પછી તેની પાસે તરતજ કાંઈ પણ કામ લેવું નહીં, કારણ કે આંતરડાં સખત કામ કરી થાકી ગયલાં હોવાથી બદનની હીલચાલ તેમની ઉપર ઘણીજ નબલાઈ પેદા કરનારી અસર કરેછે. જ્યાં સુધી ઘણી અગત્ય જણાય નહીં ત્યાં સુધી જનાવરને એકદમ જોલાબ આપવો નહીં, પણ જોલાબ આપવાની અગાઉ તેને જોલાબ લેવાને લાયકનું બનાવવું. જોલાબ આપયા પછી જનાવરને ઠંડું પાણી પાવું નહીં. ભુખે પેટે જનાવરને જોલાબ આપવો નહીં, અને જોલાબ આપયા પછી થોડે વારે તેને સહેજસાજ ખોરાક આપવો. ઘોડાનાં આંતરડાં એટલાં તો મોટાં છે કે તેમની ઉપર એક જોલાબની અસર ઘણીજ સખત થાયછે, અને તે વેલા જો તેઓ ખાલી હોય તો તેમનું દબાણ થવાને માટે કાંઈ પણ ટેકો નહીં રહેતો હોવાથી આંતરડાંની સંકોચાવાની શકતીને બહુજ ખલલ પુગે છે. વટેણાં, ચણા અને એવીજ બીજી પુષ્ટીકારક વસ્તુઓ ઘોડાને મોટા જથામાં આપવી

નહીં, કારણ કે એ જણસોથી આંતરડાં ઉપર મોટું કામ આવી પડેછે, અને તેથી ઝાડો છુટી જાયછે. ઘોડાને એકી વખતે ઘણું પાણી પીવાની આદત રખાવવી નહીં. હંમેશાં ઘોડાનાં થાણમાં પાણી મેલી રાખવું, કે જેથી તે જનાવર ઘણું તરસું થાય નહીં, અને તે જનાવર ઘણું તરસું નહીં થાય એટલે તે ઘણું પાણી પીએ પણ નહી. જો પાણી પાવાની આ રીત અખતીઆર કીધી હોય તો ઝાડો છુટી નહીં જશે, યા ચુંકો થવાની પણ ઘણીજ થોડી તક રહેશે. જો ઘોડાની પાસે કામ લેતી વેલા તેને ઝાડો કરવાની ટેવ હોય તો કામ લેવાની એક કલાક અગાઉથી તેને પાણી આપતું બંધ કરવું. બનતાં સુધી જનાવરના ખોરાક ઉપર પુરતું ધ્યાન આપવું, અને જે કાંઈ વસ્તુથી તેનો ઝાડો છુટી જતો હોય તે વસ્તુ તરતજ અટકાવવી. ઘોડાને ચણા ખવાડવાથી જો ઝાડો છુટી જતો હોય તો ચણા સાથે થોડું થોડું સુકું ઘાંસ તે ખાય એમ કરવું, અને જો તે જનાવર ઘણુંજ ખાધરૂં હોય તો તેને ચણા આપવાની અગાઉ સુકું ઘાંસ ખવાડવું. અગર જો જનાવરને લીલુંજ ઘાંસ ખાવાનો શોખ હોય યા ચણાજ ખાવાનો શોખ હોય તો સુકાં ઘાંસ સાથે તે ચીજોને ભેલીને તેની આગલ ખાધા મુકવી, એટલે તેને સુકું ઘાંસ પણ સાથે સાથે ખાવાની ટેવ પડશે. ગરમ તબેલામાંથી ઘોડાને એકદમ સરદ હવામાં બહાર કહાડવાથી તેની ચામડીની બારીક નેસો સંકોચાઈ જઈ તેમનામાંનું લોહી એકદમ અંદરનાં અવ્યવો તરફ ધસી જઈ બીજા રોગો પેદા કરવા ઉપરાંત ઝાડો છોડી મેલેછે, માટે બનતાં સુધી જનાવરને એકદમ સરદ હવામાં લઈ જવું નહીં. દુબલાં જનાવરોને ઘણાં દોડાવવાં નહીં.

આ સઘલી સંભાલો લેવા છતાં જો ઝાડો છુટી જાય તો જે કારણથી તે છુટી ગયો હોય તે કારણો બનતાં સુધી એકદમ દુર કરવાં. અગર જો જોલાબ આપવાથી આ પ્રમાણે પેટ છુટી ગયાં હોય તો તે એકદમ બંધ કરવાં નહીં, પણ તેનાં બદન ઉપર ગરમ કપડાં નાખવાં. તેની આગલ તેને ધાસ્તી લાગે એવી કાંઈ પણ ગડબડ કરવી નહીં, કારણ કે સહેજ પણ ધાસ્તી તેને લાગતાંજ તેને ઝાડો થઈ જશે. જો ઝાડો ધાસ્તી ભરેલી રીતે છુટી ગયો હોય તો નીચલી દવાઈ આપવી.

લોદેનમ..	૧ આઉંસ.
સલફ્યુરીક ઈથર..................................	૧ ,,
પાણી	૧ પેંટ.

આં સઘલાંને મેલવી દર બે કલાકે ઝાડો ઘટ થવા માંડે ત્યાં સુધી આપવું. યા તો નીચલી ગોટી બનાવી આપવી.

એક્ષતરેકત આવ ઓપીઅમ	૧ દ્રામ.
કાથાનો ભુકો..	૨ ,,
પરીપેરડ ચાક	૪ ,,

આ સઘલાંને અલસીના આટા અને ગોલની સાથે ભેલી તેની એક ગોટી બનાવવી, અને જો ત્રણ કલાક પછી ઝાડો બંધ નહીં થએલો માલમ પડે તો પાછી બીજી ગોટી ગલાવવી. અગર જો આંતરડાં પવનથી ફુલી ગયાં હોય તો નીચલી દવાઈ આપવી.

તરપીનતાઈન	૨ આઉંસ.
લોદેનમ	૧ ,,
અલસીનું તેલ	૦॥ પેંટ.

આ સઘલાંને મેલવી દર ત્રણ કલાકે ઝાડો બંધ થાય ત્યાં સુધી પાવું. જો જનાવર ઘણું નબલું હોય અને તેનું આંગ ઠંડું પડતું, જણાય તો દર અરધે કલાકે નીચલી મેલવણી પાવી.

રમ	૨ આઉંસ.
કપુર	૧ ડ્રામ.
પાણી	૦॥ પેંત.

અગરજો ઝાડો ઘણોજ થતો હોય તો એક આઉંસ કલોરોદાઈનને એક પેંત બાફેલા ચાવલનાં પાણી સાથે ભેલાને પાઈ દેવું. જ્યારે ઘણીજ ધાસ્તી ભરેલી હાલતમાં જનાવર હોયછે ત્યારે આ દવાઈ ઘણોજ ગુણ કરેછે. જો એ દવાઈ પાસે નહીં હોય તો નીચે લખેલી મેલવણી તઈઆર કરવી.

કલોરોફોરમ	૧૦ ભાગ.
સલફ્યુરીક ઈથર	૧૦ ,,
ગાંજો	૧૦ ,,
તીંક્ચર આવ કેપસીકમ	૧ ,,
એસીડ હાઈદરોસાએનીક દીલયુત	૧ ,,
તીંક્ચર આવ એકોનાઈત	૨ ,,
,, ,, હાયોસાએમસ	૨ ,,
ઓઈલ આવ પેપરમીનત	૧ ,,
હાઈદરોકલોરીક એસીડ દીલયુત	૩ ,,
મારફીન	૧૦ ,,
ઘટ શાકરનો શીરો	૫૦ ,,

આ સઘલી દવાઈઓને મેલવી તેમાંથી એક આઉંસ લઈ તેને એક પેંટ પાણી સાથે મેલવી યા તો ઉપલી રીત પ્રમાણે બાફેલાં ધાણનાં પાણી સાથે મેલવી પાઈ દેવું. જો એ મેલવણી આપયા પછી બે કલાકે ઝાડો નહીં બંધ થતો માલમ પડે તો પાછો બીજો ભાગ આપવો, અને એ પ્રમાણે જ્યાં સુધી ઝાડો સહેજ પણ બંધ થાય ત્યાં સુધી દર બે કલાકે પાયા કરવું. જો ઝાડો બંધ થતો જણાય તો પછી દવાઈ આપવાનો વખત લાંબો રાખવો, અને જરૂર પ્રમાણે ત્રણ, ચાર યા છ કલાકે અકેકો ભાગ આપવો.

ઘણાક ઘોડાવાલાઓ અને ઘોડાના માલેકો એવું ધારેછે કે સોમલ આપવાથી ઘોડાની ચામડી ઘણીજ સુંવાલી અને સુંદર દેખાવની થાયછે; આ તેમનો વીચાર ઘણોજ ભુલ ભરેલો છે. એટલું ખરૂં છે કે સોમલથી એક જનાવરની તનદરોસ્તી સુધરે છે, તેના લોહીમાં

સુધારો થાયછે, અને તેને શકતી આવેછે, પણ તે કાંઈ ચાલુ વાપડવાથી યા દરેક ઘોડાને આપવાથી તેમ થતું નથી. એક તનદરોસ્ત જનાવરને સોમલ આપવું એ કાંઈ વાજબી-નથી, અને ખરૂં જોતાં તો એક જનાવરને ઝેર આપવા બરોબર છે. સોમલ જેવાં કાતેલ ઝેર સંગાતે એવાં ચેડાં કહાડવાં એ કાંઈ અક્કલમંદ માણસોનાં કામ નથી." એ દવાઈની મુખ્ય અસર આંતરડાંઓમાં સોજો ચહડાવવાની છે, અને પછી તેમાંથી ધાસ્તી ભરેલાં પરીણામો નીપજાવવાની છે. જો એક ઘોડાને સોમલ આપવામાં આવતું હોય અને તેનો ઝાડો એ રીતે છુટી જાય તો બેશક તે સોમલની ઝેરી અસર તરીકેજ માની લઈ એક-દમ તે આપવાનું બંધ કરવું, અને આંતરડાંમાં ચહડેલા સોજાને અટકાવવાના ઉપાયો લેવા. આ ઉપાય તરીકે ઘટ કાંજી ઉપરજ તે જનાવરને રાખવું, અને સુકું ઘાંસ, ચણા કે એવી બીજી હોજરી યા આંતરડાંમાં જઈને ઘસારો યા ભાર કરે એવી ચીજો ખોરાક તરીકે આપવી નહીં. સોમલનાં ઝેરના સઉથી સૂરસ ઉપાય તરીકે ખોરાકીની જણસ દુધ છે, માટે ઉકાલેલાં દુધની અરેકી પેંત ત્રણ ચાર કલાકે આપવી. યા તો ઘટ કીધેલી કાંજી સંગાતે તે દુધ મેલવીને પાવું. જો ઝાડા વધારે થાય તો નીચલી દવાઈ આપવી.

લોદેનમ	૧ આઉંસ.
અલસીનું તેલ..	૦।। પેંટ.

આ દવાઈ જો જરૂર પડે તો દહાડામાં બે વખત યા ત્રણ વખત પાવી. આ દવાઈથી આંતરડાંની દેવાલો સુંવાલી થઈ તેમનો ખડબડાટ નરમ પડશે, અને ઝાડો પણ બંધ થશે.

જો સોમલ ઉપરાંત કોઈ બીજી જાતની ઝેરી વસ્તુ લોહીમાં પેવસ થઈ હોય અને તેથી ઝાડો છુટી ગયો હોય તો બનતાં સુધી તે ઝેરની ખાસીએત નક્કી કરવી અને જો તે ઝેરની ખાસીએત નહીંજ જણાય તો પછી એક આઊંસ કલોરોદાઈનને એક પેંટ પા-ણી સાથે ભેલી પાવું, યા તો આગલ જણાવેલી કલોરોફોરમ, ઈથર, ગાંજા વગેરેની મેલ-વણીને આગલ લખયા પ્રમાણે વાપડવી યા તો નીચલી મેલવણી આપવી.

લોદેનમ..	૧ આંઉસ.
સલફ્યુરીક ઈથર	૧ ,,
કપુર..	૨ ડ્રામ.
પાણી..	૧ પેંત.

આ સઘલી મેલવણીને જ્યાં સુધી ઝાડો બંધ થાય ત્યાં સુધી દર ત્રણ કલાકે યા ચાર કલાકે વાપડવી.

અગરજો અજીરણથી આ દરદ થયું હોય તો અજીરણનાં મથાલાં હેઠલ જણાવેલા ઉપાયો લેવા.

ઘણીક વેલા એમ બનેછે કે ધાવતાં બચાંઓને એ પ્રમાણે એકદમ ઝાડો છુટી જાય છે. આવી વખતે બનતાં સુધી એમ થવાનાં કારણો સોધી કહાડી તેના તે પ્રમાણે એલા-

જો કરવા. કોઈ વેલા ધાવતાં બચાંને ઘણીજ ઉતાવલે છોડવ્યાથી કોઈ વેલા તેની માતાથી તેને ઘણોવાર દુર રાખવાથી, કોઈ વેલા તેની માતાને ઘણું કામ કરાવી ત્યારપછી તેને ધવાડવાથી, અને કોઈ વેલા તેની હોજરીમાં ખટાશ પેદા થવાથી ધાવતાં બચાંને આ દરદ લાગુ પડેછે; જો ઉપલાં કોઈ કારણમાંથી એ દરદ જનમ પામયું હોય તો એ કારણો દુર કરવાં. જો હોજરીમાં ખટાશ થવાથી આ પ્રમાણે થતું હોય તો એક આઊંસ બાઈકારબોનેત આવ સોદા અરધી પેંટ પાણી સાથે ભેલીને દહાડામાં બે વખત પાવું. જો ઝાડો ઘણોજ આવતો હોય તો ઉપર મોટાં જનાવરને માટે ફરમાવેલી દવાઈઓમાંની લાગુ પડતી દવાઈ અરધે ભાગે આપવી.

ચુંકો અથવા પેટમાં થતો ભારે દુખારો—(Colic.)

ઘોડાને પેટમાં વારંવાર જોરમાં દુખારો થઈ આવેછે, અને સાધારણ લોકો તેને ચુંકાના નામથી ઓલખેછે. ઘોડાને ચુંકો ત્રણ જાતનો થાયછે. પેહલી જાતનો ચુંકો આંતરડાંમાં ખાલી તાણ થવાથી થાયછે. એ જાતના ચુંકાને આપણે "આંતરડાંમાં થતું તાણ" એવાં નામથી ઓલખીશું. બીજી જાતનો ચુંકો આંતરડાંમાં પવન પેદા પડી આંતરડાં ફુલી જવાથી થાયછે. આ જાતના ચુંકાને "પવનથી થતો ચુંકો" એવાં નામથી આપણે ઓલખીશું. ત્રીજી જાતનો ચુંકો આંતરડાંમાં સોજો ચહડવાથી થાયછે. આ જાતના ચુંકાને લગતી વીગત "આંતરડાંનો સોજો" એવાં મથાલાં હેઠલ માલમ પડશે. માટે એ ત્રણે જાતના ચુંકાને માટે જુદાં જુદાં મથાલાં હેઠલ ફરમાવેલા એલાજો કરવા.

આંતરડાંમાં થતું તાણ—(Spasmodic Colic.)

આંતરડાંના નળ શાખાદાર તત્વોની ગુંઠણના અને માંસના પાતલા પણ લાંબા લોચાઓના બનેલા છે. આ માંસના લોચાઓમાં જ્યારે તાણ થાયછે ત્યારે ઘણો જોરમાં દુખારો થઈ આવેછે.

નીશાની—એકદમ જોરમાં દુખારો થઈ આવેછે. આગલા પગો જમીનને ખોદયા કરતા હોય તેવી રીતે ચાલુ હીલચાલ કરયા કરેછે. પેટની ઉપર તે જનાવર લાતો મારેછે. પેટના ખાડા તરફ ઘણીજ દુખ ભરી આતુરતાથી તે જનાવર જોયા કરેછે, જમીન ઉપર

તે જનાવર બેસી જાયછે, અને એમથી તેમ અછાડા પછાડા મારેછે અથવા તો આગલા પગો લાંબા કરીને જમીન ઉપર આસાએશ લેછે. એ રીતે થોડો વખત આસાએશ લઈ તે જનાવર પાછું ઉઠેછે, અને ગોયા દરદ નહાસી ગયું હોય તેમ પોતાનું આંગ ખંખેરી નાખી તે જનાવર થોડો વખત શાંત ઉભું રહેછે, પણ એ શાંતી ઘણાજ થોડા વખતની હોયછે, કારણ કે થોડીજ વખતમાં દુખારો પાછો ચાલુ થાયછે, અને તે કદાચ વધારે જોશ ભરેલા યા બીજા બદલાએલા આકારમાં દેખાવ દેછે. એ રીતે ઉપરા સાપરી દરદનું જોર ચહડી આવેછે અને ઉતરી જાયછે. કેટલીક વેલા ઉપરા સાપરી હુમલાઓ થયા પછી દરદ તદ્દન નરમ પડી જાયછે તથા જનાવર સાજું થાયછે અને કેટલીક વેલા તે દુખ ભરેલાં દરદનો મોત અંત લાવેછે.

જ્યારે તે જનાવર દુખના હુમલામાંથી મોકલું થઈ આસાએશ લેતું હોય ત્યારે તેનો દમ કુદરતી રીતે ચાલેછે, તેની નાડી એક તનદરોસ્ત જનાવરની નાડીની મીસાલેજ ધપકેછે અને તેની ચામડી કુદરતી તનદરોસ્ત ચામડીને મલતી આવેછે.

પેટ ઉપર હાથ મુકવાથી તે જનાવર દુખથી ચોંકતું નથી અને તેથીજ ઉલટું પેટની ઉપર મસલવાથી યા પસવારયાથી તે જનાવરને કરાર થતો હોય તેવું લાગેછે.

જ્યારે હુમલો થઈ આવ્યો હોય ત્યારે નાડી ઘણીજ જોરમાં અને ઉછાલા મારતી ચાલેછે.

અગરજો ઉપરા સાપરી હુમલા થવાથી આંગ પરસેવાએ તદન ભીંગાઈ જાય તો તે નીશાની ઘણીજ ખરાબ છે, પણ જો હુમલાઓનું જોર નરમ પડવા પછી કુદરતી રીતે તનદરોસ્ત હાલતમાં તે જનાવર પીશાબ કરતું હોય તેમ પીશાબ કરે તો તે નીશાની ઘણીજ સારી છે.

કારણ—આંતરડાંમાં તાણ ઘણાં કારણોને લીધે થાયછે. ઘણું કરીને આંતરડાંઓમાં નહીં પચી શકે એવા ખોરાકની હાજરીથી, યા તો પવન ભરાઈને આંતરડાં ફુલી આવવાથી, યા તો આંતરડું ગોલીમાં ઉતરવાથી, યા તો આંતરડાંઓમાં પથરી બંધાવાથી, યા તો આંતરડાંમાં વલ આવી જવાથી, યા તો આંતરડાંમાં કાંઈ અટકાવ થઈ જવાથી આંતરડાંઓમાં તાણ ચહડી આવેછે. જો ઘોડાઓને બરોબર ખોરાક અપાતો હોય, અને જેમને બરોબર પાણી પાવામાં આવતું હોય તેમને આ દરદ કવચીતજ થાયછે, જ્યારે બરોબર ખોરાક પાણી નહીં અપાતું હોય એવાં જનાવરો આ દરદથી વારંવાર રીબેછે. એકદમ પેટ ઉપર સરદ હવા લાગવાથી પણ આંતરડાંમાં તાણ થઈ આવેછે. ઘોડાઓની પાસે લાંબો વખત સુધી કામ લેવા પછી અને લાંબો વખત સુધી તેમને ભુખા રાખવા પછી તેનો ખંગ વાલી નાખવાની મતલબથી એકદમ તેને ખોરાક આપવાથી અને પાણી પાવાથી આ દરદ જનમ પામેછે. કેટલાંક જનાવરોની પાચણ શક્તિ નબલી થઈ ગયલી હોવાથી તેમનાં ખોરાક પાણીમાં સહેજ પણ કસુર થતાંજ આ દરદ તેમને વારંવાર લાગુ પડે છે.

જો કાંઈ પણ દેખાઈતાં કારણ વગર વારંવાર તાણ થઈ આવતું હોય તો ઘણું કરીને તે જનાવરનાં આંતરડાંમાં પથરી બંધાએલી હોવી જોઈએ, અથવા તો કાંઈ વધારે ગંભીર દરદ હોવું જોઈએ.

અગરજો ખસી કરયા વગરના ઘોડામાં આંતરડાંનું તાણ થયું હોય તો ગોલીમાં આંતરડું ઉતરી પડયું હશે માટે પેહલો તેની ચોકાસી કરવી. આવી રીતે જ્યારે આંતરડું ગોલીમાં ઉતરી પડવાથી આંતરડાંનું તાણ થાયછે, ત્યારે સઉથી મુખ્ય નીશાની એ છે કે તે જનાવર ઘણુંખરૂં ચતું પીઠની ઉપર સુવેછે.

ઉપાય—આ દરદનાં કારણો પ્રમાણે તેના એલાજો થવા જોઈએછે. ઘણું કરીને આ દરદ પચી નહીં શકે એવા ખોરાકની હાજરીથી થાયછે, અને તેવી વેલા આપણી મુખ્ય મતલબ તે દરદ પેદા કરતી જણસને એકદમ દુર કરવાની છે. આ મતલબથી પહેલવહેલાં ખાતરી કરવી કે એજ કારણથી તાણ થયુંછે કે નહીં અને જો એજ કારણને લીધે દરદ પેદા પડયું હોય તો એક જોલાબ આપવો. અગર જો ખરાબ ખોરાકને લીધે એ દરદ પેદા પડયું છે એવી આપણી ખાતરી નહીં થઈ હોય તો ઉતાવલ કરીને એ દરદમાં જોલાબ આપવો નહીં, પણ તેને બદલે માત્ર દુખાવો નરમ પાડવાનીજ મતલબથી નીચલી મેલવણી આપવી.

ક્લોરીક ઈથર....................................	૧ આંઉસ.
લોદેનમ....................................	૧ ,,
અલસીનું તેલ	૧ પેંત.

આ સઘલાંને મેલવી તે મેલવણી દુખાવો નરમ પડે ત્યાં સુધી દર ત્રણ કલાકે પાવી.

અગરજો પેટમાં પવન ભરાયો હોય અને તેથી તાણ થયું હોય તો નીચલી દવાઈ આપવી.

લોદેનમ	૧ આઉંસ.
તરપીનતાઈન....................................	૨ ,,
અલસીનું તેલ	૧ પેંત.

આ સઘલાંને મેલવી દર ત્રણ કલાકે પાવું; અથવા તો નીચલી દવાઈ દર ત્રણ કલાકે આપવી.

લોદેનમ	૧ આઉંસ.
તીંક્ચર આવ એસાફીતીડા	૧ ,,
પાણી	૧ પેંટ.

અથવા તો નીચલી મેલવણી દર ત્રણ કલાકે આપવી.

સલફ્યુરીક ઈથર	૧	આઉંસ.
સ્પીરીત કલોરોફોરમ	૧	,,
લૉદેનમ	૧	,,
પાણી	૧	પેંટ.

અથવા તો નીચલી ગોટી બનાવી તેવી અકેકી ગોટી દર ત્રણ ત્રણ કલાકે ગલાવવી.

અફીમ	૧	ડ્રામ.
હીંગ	૧	,,
કપુર	૨	,,

આ સઘલાંને અલસીના આટા અને ગોલ સાથે મેલવી તેની એક ગોટી બનાવવી. અગરજો ઉપલી સઘલી દવાઈઓ નહીં તઈઆર હોય તો ચાર આઉંસ રમની સાથે એક ચમચો ભરીને સુંઠનો ભુકો ભેલી તે પાઈ દેવું; અથવા તો એક પેંત ઠંડાં પાણીમાં એક આઉંસ કલોરોદાઈન મેલવીને આપવું.

આંતરડાંનાં તાણનાં બીજાં કારણો ગમે એવાં હોય તો પણ પેહલાં જો ઉપલી કલોરીક ઈથરવાલી યા સલફ્યુરીક ઈથરવાલી મેલવણી આપી હોય તો ઘણું સારૂ, અને ત્યાર પછી જો કારણ નક્કી થાય તો તે કારણ દુર કરવાથી તે જનાવરને જરૂરજ કરાર થશે.

જનાવરને સારૂં જેવું બીછાનું આપી તેને આરામ લેવા દેવો અને બની શકે તો તેનાં પેટ ઉપર સેક કરવો. તેનાં બદનને ગરમ કપડાંમાં લપેટવું.

પવનથી થતો ચુંકો—(Flatulent Colic.)

ખોરાક હોજરીમાં ગયા પછી જો તેની ઉપર પાચણ ક્રીયા બરોબર થતી નથી અને આંતરડાંમાં જો તે લાંબો વખત પડી રહે છે તો તે ખોરક ત્યાં કોહોવા માંડે છે અને તેમાંથી ઘણાજ મોટા જથામાં દુરગંધી હવા બહાર નીકલે છે. આ હવાથી આંતરડાં અને હોજરી ફુલી જઈ ભારે દુખારો પેદા કરે છે, જેને પવનથી થતો ચુંકો એવાં નામથી ઓલખવામાં આવે છે.

નીશાની—એકદમ જોરમાં દુખારો થઈ આવે છે. પોતાના આગલા પગોથી તે જનાવર ચાલુ જમીન ખોદયા કરે છે. જમીન ઉપર તે સુઈ જઈ અછાડા પછાડા મારે છે અને પેટની ઉપર જોરમાં લાતો થોકે છે. જેમ જેમ વખત જાય છે તેમ તેમ પેટ મોટું થતું જણાય છે. જનાવરનો દમ ઘણોજ જોરમાં ચાલતો અને મુશકેલીએ લેવાતો માલમ

પડે છે. નાડી બહુજ જોરમાં અને ધબકતી ચાલે છે. જનાવર ઉલટી અથવા વામીટ કરતું હોય તેમ ગલું ખેંચે છે પણ વામીટ થતું નથી અને તેને બદલે એકુ ઓડકાર આવી અટકી જાય છે. જોકે ઘોડાનાં વઈદાંની દરેક ચોપડીમાં એવું લખે છે કે ઘોડો તનદરોસ્ત હાલતમાં વામીટ કરતો નથી, તોપણ ગરેસ્વેલ નામનો એક ઘોડાનો વઈદ પોતાના એક ગ્રંથમાં ખુલ્લે ખુલ્લું લખે છે કે આ દરદમાં તેણે ઘોડાઓને ઉલટી કરતાં દીઠા છે.

એ પ્રમાણેની દુખની નીશાનો જણાયા પછી તે જનાવર ગોયા કાંઈજ થયું નહી હોય તેમ પાછું હુશીઆરીમાં આવી ઉભું થાય છે. પણ તે હુશીઆરી થોડાજ વખતની હોય છે કારણકે તરતજ દરદનો બીજો હુમલો લાગુ પડે છે અને વલી પાછી ઉપર માફકની નીશાનીઓ નવેસરથી શહરૂ થાય છે. પવનથી થતા ચુંકામાં આ પછવાડેના હુમલાઓ આગલા હુમલાઓ કરતાં ઘણું કરીને વધારે ધાસ્તી ભરેલા આકારમાં લાગુ પડે છે અને ઘણાજ પવનથી કરીને આંતરડાં ફુલીને ફાટી જાય છે યાતો હોજરી ફુલીને ફાટી જાય છે. ઘણું કરીને તે જનાવરના અછાડા પછાડાથી આવો અંત જલદી આવી જાય છે. એ અંત આવતી વેલા તે જનાવર તદન નીસોસ થઈને સુસ્ત પડેલું હોય છે, આખાં આંગ ઉપર ચીકણો ઠંડો પરસેવો ફુટી નીકલે છે અને નાડી પોતાની ચાલમાં રફતે રફતે ધીમી પડતી જાય છે. જો તે જનાવર ઉભેલું હોય તો તેનાં ખભાંમાં પહેલ વહેલાં ધ્રુજરી થઈ આવે છે અને તેમ ધ્રુજતાં ધ્રુજતાં તે પડી જઈ પ્રાણ મેલી દે છે. ઘણીક વેલા તેનાં મરણ આગમચ ચારે પગોમાં તાણ થઈ આવે છે, આંખના ડોલા ફાટેલા હોય તેવા માલમ પડે છે, અને છેલ્લાં જીભ બહાર નીકલી આવી દાંતોની વચેથી બહાર લબડી પડે છે. કેટલીકવેલા તેનાં જડબાં અથવા ચાવણીઆં બેસી જાય છે અને બે ત્રણ આંચકી ખાઈ તે પોતાનો પ્રાણ મેલે છે.

કારણ—હોજરીમાં યા આંતરડાંમાં કોહોતા ખોરાકની હાજરી એ આ દરદનું મુખ્ય કારણ છે; આ દરદ ખોરાક પાણીને લગતી બેદરકારીમાંથીજ જનમ પાંમે છે. ગંધ મારતું યા ફુગાઈ ગયલું ઘાસ, પાણીથી લચલચતાં કુમલાં કંદમુલ, યા બાફીને પાણીથી પોચો કરીને આપેલો ખોરાક એ આ દરદનાં મુખ્ય મુલ છે. પોચો અને નરમ કીધેલો ખોરાક તે જનાવર લાંબો વખત ચાવી થુક સાથે બરોબર મેલવતું નથી અને ઝડપથી તે ગલાંમાં ઉતારી દે છે; આવી રીતે ચવાયા વગર ગએલો ખોરાક હોજરીમાં ગયા પછી હોજરીમાંથી નીકલતો પાચણ શક્તિને અવશ્યનો જઠરસ તે નરમ ખોરાકમાંના પાણી જેવાં તત્વોથી પોતાની જલદ શક્તિ ખોહી દે છે અને તેથી ખોરાકને પચતાં લાંબો વખત લાગે છે. આ રીતે તે લાંબો વખત પડી રહેવાથી તે કોહોવા માંડે છે, તે કોહોવાતનાં પરીણામ તરીકે દુરગંધી હવાઓ મોટા જથામાં બહાર નીકલે છે, અને તે હવાથી હોજરી અને આંતરડાં ફુલવા માંડે છે.

ઘણીકવેલા એમ બને છે કે, ઘોડાને ખવાડ્યા પછી તરતજ ગાડીમાં જોડવામાં આવે છે, જે લોહી ખોરાક ખાધા પછી જઠરસ પેદા કરવાને માટે અગત્યનું છે તે લોહી

હોજરીને પુરૂં પડતું નથી, કારણકે ઘોડો તે વેલા દોડતો હોવાથી બદનના જુદા જુદા ભાગોમાં થતો ઘસારો પુરવાને અરથે લોહીનો મોટો જથો ત્યાં ધસી જાય છે. આ કારણને લીધે હોજરીમાં જઠરસ જેટલો જોઈએ એટલો પેદા પડતો નથી અને પાચણ ક્રીયા એ રીતે અટકી પડવાથી ખોરાક કોહોવા માંડે છે અને પેટમાં પવન ભરાય છે.

કેટલીકવેલા જનાવરને લાંબી મંઝલે લઈ જઈ તેને થાકવી નાખ્યા પછી તેને ખોરાક આપવામાં આવે છે: એક ગમથી તે ખાઈ રહ્યું કે બીજી ગમથી તેની આગલ પાણીની બાલદી ધરવામાં આવે છે. ગરીબ બીચારૂં જનાવર! તે લાંબી મંજલને લીધે તરસું થઈ ગયલું હોવાથી સારી પડે પાણી પીને તનદરોસ્ત થાય છે. પણ તે દેખઈતી તનદરોસ્તી ઘણુજ થોડા વખતની હોય છે, કારણકે લાંબી મંજલે જઈ આવેલા એક ઘોડાને અપાએલા ખોરાક ઉપર પાચણ ક્રીયા કરવાને વાસ્તે જે જઠરસ બહાર નીકલે છે તે બહુજ થોડા જથામાં હોય છે અને વલી દુકાલમાં અંધીક માસ તેમ તે થોડા જઠરસની સાથે પેલું ઉપરથી પીધેલું પાણી મલી જઈ તે જઠરસની શક્તિને તદનજ મારી નાખે છે યા તો હોજરીની દેવાલોમાં એકદમ ઠંડક પેદા કરી તેમાંથી નીકલતા જઠરસને બંધ કરી નાખે છે. આ રીતે ખોરાક પચ્યા વગર પેટમાં પડી રહે છે અને તેમાં કોહોવાત લાગુ પડી પેટ પવનથી ફુલવા માંડે છે.

ઘોડો વાપડનારા ઘણાક ગ્રહસ્થો એમ સમજે છે કે જે પથર જેવા ચણા તેમના પોતાના નાજુક દાંતોથી નહી ચવાય તે બીચારો ઘોડો તે કેમ ચાવી શકતો હશે? તેઓ પોતાનાં જનાવરની દયા ખાઈ પોતાના ઘોડાવાલાને સખત તાકીદ કરે છે કે ઘોડાને કઠણ ચણા કદી પણ આપવા નહી, પણ તેમને પાણીમાં નરમ કરીને આપવા. ઘોડાવાલો પણ વીચાર કરે છે કે શેઠે કહી તે વાત તો ખરી. શેઠ બીચારા બહુ દયાલુ છે અને તેવણે કહ્યું તેમ કરવું, એમાં શેઠ પણ રાજી અને ખોદા પણ રાજી. આવું વીચારી તે ઘોડાને ભીંજવેલા ચણા આપે છે અને કોઈ કોઈ વેલા પોતાની ગફલતીથી વાત કરતાં તે ચણાને એટલા બધા તો વીસારી મેલે છે કે તેઓ પાણીમાં પડ્યા પડ્યાજ કોહોવા માંડે છે. આ પ્રમાણે શેઠને પસંદ પડે એવા ખમીરપર ચહડેલા નરમ ચણા ઘોડાને ખાવા આપતાં બીખસો પોતાને મનસે ઘણોજ સંતોશ માની લે છે. પણ એવા ચણા આપવાનું પરીણામ શું? પરીણામ એજ કે ચણા નરમ હોવાથી તેઓ બરોબર ચવાઈ થુક સાથે મલતા નથી, તેમજ હોજરીમાંનો જઠરસ તેમના ભીણાસને લીધે પોતાની શક્તિ ખોહી દઈ તેમને પચાવી શકતો નથી અને જો ચણા લાંબો વખત ભીંજવ્યાથી ખમીરપરજ ચહડ્યા હોય તો હોજરીમાં ગયા પછી તેઓ વધારે જોશમાં ખમીર પર ચહડી પેટ પવનથી ફુગાવી મેલે છે.

જેમ ઘણાંક માણસોને જમી રહ્યાં પછી તરતજ પાણી પીવાની ટેવ હોય છે, તેમ ઘણાક ઘોડાવાલાઓ ઘોડાને ખવાડ્યા પછી તેમને પાણી પાય છે. આ રીત ઘણીજ ખોટી છે અને તેથી કદીપણ નુકસાન થયા વીના રહેતું નથી, કારણકે એ રીતે ખોરાક આ-

પયા પાછી પાણી પાવાથી જઠરરસ કદી પણ કામ કરી શકતો નથી. જો ચણાની ઉપર પાણી પાયું હોય છે તો તેઓમાં તરતજ ખમીર ચહડી પેટને પવનથી ફુગાવી મેલે છે.

ઉપાય—આ દરદના ઉપાયો દેખઈતાજ છે. ઉપર કહેલાં સઘલાં કારણોને ધ્યાનમાં રાખી દરદને પેદા પડતું અટકાવવું એ પહેલો એલાજ છે. જો એટલી સંભાલ રાખવા છતાં દરદ લાગુ પડયું હોય તો નીચલી દવાઈ આપવી.

સલફયુરીક ઈથર	૧ આઉંસ.
સ્પીરીત કલોરોફોરમ	૧ ,,
લોદેનમ	૧ ,,
પાણી	૧ પેંત.

આ દવાઈ દર ત્રણ કલાકે આપવી યાતો નીચલી મેલવણી દર ત્રણ કલાકે આપવી.

સ્પીરીત એમોનીઆ એરોમેતીક	૧ આઉંસ.
લોદેનમ	૧ ,,
પાણી	૧ પેંત.

અથવા તો નીચલી મેલવણી દર બે કલાકે આપવી.

સ્પીરીત એમોનીઆ એરોમેતીક	૧ આઉંસ.
સ્પીરીત કલોરોફોરમ	૧ ,,
સુંઠનો ભુકો	૨ દ્રામ.
પાણી	૧ પેંત.

જો ઉપલી દવાઈઓ હાજર નહી હોય તો બે આઉંસ તરપીનતાઈનને અરધી પેંત અલસીનાં તેલ સાથે મેલવી તે મેલવણી દર બે કલાકે આપવી, યા તો નીચલી મેલવણી દર ત્રણ કલાકે આપવી.

હીંગ	૧ દ્રામ.
કાલાં મરી દલેલાં	૪ ,,
કપુર	૨ ,,
રમ	૪ આઉંસ.
પાણી	૧ પેંત.

ઉપલી મેલવણી માટેની દવાઈ કોઈપણ શેહર યા ગામડાંમાં મલી આવે તેવી છે અને તરતજ તેનો ઉપયોગ કીધાથી તે ગમે એવા ચુંકાને સપાટામાં નહસાડી મેલશે. જો રમ દારૂ નહી મલે તો તેને બદલે ફેની, બેવડો, મહોવડું યા વીહીસકી વાપડવાથી પણ તેટલોજ ફાએદો થશે.

આ દરદમાં બનતાં સુધી સઘલી દવાઈઓ પ્રવાહીના આકારમાંજ આપવી. બીજું એ કે આ દરદમાં જેમ બને તેમ અફીમની મેલવણી નહી વાપડી હોય તેમ સારૂં, કાર-

ણકે અફીમ ઝાડો કબજ કરે છે અને દરદ નરમ પડ્યા પછી નુકસાન કરનારા ખોરાકને ઝાડાને રસ્તે દુર કરવામાં મુશકેલી પડે છે. આ દરદમાં દુખારો ઘણોજ જોરમાં થાય છે અને જનાવર ઘણીજ અફડાતફડી કરતું હોવાથી ફુલેલાં આતરડાં યા ફુલેલી હોજરી ફાટવાની ઘણીજ ધાસ્તી રહે છે. આ ધાસ્તી મટાડવાને અરથેજ મુખ્ય કરીને અફીમની મેલવણીઓ વાપડવામાં આવે છે અને અલબતે જો દુખારો ઘણોજ જોરમાં હોય તો જનાવરને શાંત કરવાને ખાતર એ દવાઈ ખરેખર સોનાને મુલની છે. પણ જ્યાં અફડાતફડી થોડી માલમ પડે ત્યાં તરપીનતાઈન, હીંગ, યા સ્પીરીત એમોનીઆ વગેરે ઘણાંજ અકસીર છે અને તેઓ ઘણાંજ જલદીથી પવન તોડે છે.

આ દરદમાં એક બીજી દવાઈ ઘણીજ ઉપયોગની છે જે આપણને ભુલી જવી જોઈતી નથી. તે દવાઈ કારબોલીક એસીદ છે. આ દવાઈ દરેક જાતના કોહોવાતને અટકાવવામાં ઘણીજ કારી છે. આપણે જાણી લીધું છે કે પવનથી થતો ચુંકો કોહોતા ખોરાકને લીધે લાગુ પડે છે. હવે જો આપણે ખોરાકને વધુ કોહોતો અટકાવીએ તો અલબત્તે તે એક સઉથી મોટો ઉપાય ગણાયં એમ સાધારણ અક્કલથીજ માલમ પડશે. આ કારણને લીધે કેટલાક ડાકટરો આ દવાઈની ભારે હીમાએત કરે છે અને તે તદન અક્કલને અનુસરતીજ વાત છે. તેઓ એમ કહે છે કે બે ડ્રામ કારબોલીક એસીદને એક પેંત પાણીમાં મેલવી દર ત્રણ યા ચાર કલાકે આપવી. આ દવાઈ જોકે સીધી રીતે પવન તોડતી નથી, તોપણ તે પવનને વધુ નીકલતો અટકાવી દરદનું જોર વધતું અટકાવે છે, જે ફાએદો ખરેજ ઘણો મોટો છે.

ઘણાક ડાકટરો આ દરદમાં સફરાને રસ્તે પીચકારી મારવાની સલાહ આપે છે, પણ તેમ કરવામાં કાંઈ મોટો ફાએદો દેખાતો નથી, કારણકે ઘોડાનાં આંતરડાં એટલાં તો લાંબાં છે કે આવાં દરદ માટે મારવામાં આવતી પીચકારીઓ લગભગ નકામીજ જેવી છે.

જો બની શકે તો પેટની ઉપર સેક કરવો અને તરપીનતાઈન હાથથી કરીને પેટની ઉપર મસલવું. આવી રીતે સેક કીધાથી અને પેટને મસલયાથી તે જનાવરને ઘણોજ કરાર થાય છે.

જો એ સઘલા ઉપાયો છતાં ચુંકો નહીજ નરમ પડે તો પછી આખરે છેલ્લા ઉપાય તરીકે આંતરડાંને જમણી બાજુએ પેટના ખાડા આગલથી સુઈઆવડે ફોડી તેમાંથી હવા કહાડી નાખવાની કોશેશ કરવી. આવી રીતે સુઈઓ મેલીને હવા કહાડી નાખવાનું કામ ઘણુંજ સહેલું છે ખરૂં, તોપણ જો કાંઈ પણ બેદરકારી રાખી હોય છે તો તેનાં પરીણામ ઘણાંજ ગંભીર નીપજે છે, માટે બનતાં સુધી ઘણીજ સંભાલથી કામ લેવું. એટલું યાદ રાખવું કે જો દવાઈથી આ દરદ નહીજ નરમ પડતું જણાય અને વધતુંજ જતું માલમ પડે તો આવી રીતે સુઈઓ મેલવાના કામને માટે ઢીલ કરવી નહી, કારણકે નહીતો સુઈઓ સુઈઆની જગ્યાએ રહી જશે અને આંતરડું યા હોજરી ફાટી જઈ તે જનાવરનો અચાનુચ અંત લાવી મેલશે.

આંતરડાંઓમાં ચહડતો સોજો—(Enteritis.)

આ દરદ ઘણુંજ ધાસ્તી ભરેલું છે અને એ દરદના હુમલામાંથી ઘણાંજ થોડાં દરદીઓ બચી શકે છે. એ દરદ ઘણોજ થોડો વખત ટકે છે અને તેટલા વખતમાં તે પહાડ જેવાં જનાવરને એક સપાટામાં ઘસડી લઈ જાય છે.

નીશાની—આંતરડાંની અંદરનું પડ હોજરીનાં પડ સાથે સીધું સંબંધ રાખતું હોવાથી, અને હોજરીનું પડ ખોરાકની નલીની મારફતે મોહોડાંના પડ સાથે સીધું સંબંધ રાખતું હોવાથી, અને મોહોડાનું પડ નાકનાં પડ સાથે સીધું સંબંધ રાખતું હોવાથી, તેમજ નાકનું પડ આંસું નાલનાં પડની મારફતે આંખનાં પડ સાથે સંબંધ રાખતું હોવાથી, આંતરડાંના પડમાં ચહડેલો સોજો હોજરીમાં, ખોરાકની નલીમાં, મોહોડાંમાં, નાકમાં અને ઠેઠ આંખમાં પણ લંબાય છે. આવી રીતે મોહોડાંમાં, નાકમાં અને આંખમાં પણ સોજો લંબાયાથી તેમની અંદરનાં પડ રતાશપર ચહડેલાં જણાય છે. ચેહેરો ઘણોજ આતુર માલમ પડે છે. તાવનું જોર ઘણું હોય છે, નાડી ઘણીજ નબલી, કઠણ અને એક મીનીટમાં હેંસીથી તે એકસો ધબકારા મારતી માલમ પડે છે.

આ દરદમાં દુખારો બહુજ જાલમ હોય છે. આંતરડાંના સોજાથી ચાલતા ચુંકામાં અને આગલ કહેલાં તાણુ અને પવનના ચુંકામાં જે મોટો ફરક છે તે એ છે કે, તાણુ અને પવનના ચુંકાની વખતે પેટ ઉપર હાથ મસલવાથી તે જનાવરને ભારે કરાર થતો માલમ પડે છે, જ્યારે આંતરડાંના સોજાથી થતા ચુંકામાં પેટ ઉપર હાથ લગાડતાંજ તે જનાવરને ભારે દુખ થતું માલમ પડે છે. આવી રીતે તે જનાવર પેટ ઉપર મુદલ દબાણ થવા દેતું નથી અને કોઈ પણ રીતે પેટ ઉપર થતું દબાણ અટકાવવાની તે પુરતી સાવચેતી રાખે છે. આ તેની સાવચેતી ઉપરથી પણ એ દરદની નીશાની મલી આવે છે. તાણુથી યા પવનથી થતા ચુંકામાં તે જનાવર જેમ ગમે તેમ અફડાઈ ઝીખાઈને જમીન ઉપર ઉઠ બેસ કરે છે, તથા પેટ ઉપર લાત અફાલે છે પણ આંતરડાંના સોજામાં તે તેમ કરતું નથી. એ દરદમાં તે જમીન ઉપર ઉઠ બેસ કરે છે ખરૂં, પણ તેમ કરતાં તે બહુજ ધીરજથી કામ લે છે અને દરદ નહી ખમાવાથી કંટાલીને પેટ ઉપર લાત અફાલવા જાય છે ખરૂં, પણ તેમ કરતાં તે અચકી જાય છે. તેનું આ દરદ એટલું તો દુખ ભરેલું હોય છે કે દુખથી તે જનાવર તદન બહાવરૂં બની જાય છે. તેના આગલા પગોથી તે જમીન ખોદયાજ કરે છે અને વારંવાર જમીન ઉપર ઉઠ બેસ કરયાજ કરે છે. દુખથી તે એટલુંતો બેજાર બની જાય છે કે શું કરવું તે તેને સુઝુજ પડતું નથી. એ પ્રમાણે તેને કાંઈ સુઝુજ નહી પડતું હોવાથી પોતાનાં થાણમાં તે ગોલ ચક્કર ફરયા કરે છે. તેનો દમ ઘણોંજ જોરમાં ચાલે છે, કોઈવાર તે હાય મારતું હોય તેવું માલમ પડે છે અને કેટલીક વાર તે નાકનાં ફુંફારા મારે છે. આખરે તેનો દમ ઘુંટાઈ જતો હોય તેમ ચાલે છે અને તેની દમ લેવાની ઝડપમાં વધારો થાય છે. નસકોરાં ઘણાંજ પહોલાં થાય છે. તેનો

ચેહેરો ઘણોજ દુખ ભરેલો અને આતુર માલમ પડે છે. તેનાં બદન ઉપર ઠંડો પરસેવો ફુટી નીકલે છે અને આખાં બદન ઉપર ધ્રુજરી છુટી આવે છે. તે જનાવર હવે તદન ઘેલું દીવાનું થઈ ગએલું જણાય છે. તેની આંખો ઘણીજ જહનુની અને કોડી જેવી ચલકતી માલમ પડે છે. તેની આંખની કીકીઓ પહોલી થાય છે અને આંખના ડોલા જાણે ફાટી ગયલા હોય એવા માલમ પડે છે. આ દરદના સોજાથી થતાં દુખને લીધે તે એટલાં તો શુરમાં આવી જઈને અંછાડા પછાડા મારે છે કે તેની આગલ જવું બહુજ ધાસ્તી ભરેલું થઈ પડે છે.

આવી રીતે તે જનાવર જ્યારે તદન પોતાની અંતની ઘડીપર આવે છે ત્યારે આખરે તેનું દુખ દરદ સઘલું દફે થઈ ગયલું માલમ પડે છે, અને જાણે તે હવે સાજું થઈ ગયું હોય તેમ શાંત થઈને ઉભું રહે છે. તેનો દમ જે અત્યાર સુધી જોરમાં ચાલતો હતો તે હવે એકદમ શાંત થઈ જાય છે અને તેની નાડી જે અત્યારસુધી ઘણીજ ઝડપથી ધબકતી હતી તે હવે કદાચજ આંગલીને અઠડતી માલમ પડે છે. તેનું આખું બદન ચીકણા પરસેવામાં ભીંગાઈ જાય છે. તેના પગ અને કાન ઠંડા થઈ ગયલા હોય છે અને આખું બદન ધ્રુજરીથી થરથરી રહે છે; તેના હોઠો લબડી પડે છે, મોહડું બરફ જેવું ઠંડું લાગે છે અને આંખોનો દેખાવ એવો બની જાય છે કે તેઓ ઊંઘાડી હોય છે ખરી, પણ આસપાસ શું બને છે તે તેઓ જોઈ શકતી નથી.

આ પ્રમાણે તેનું દુખ અંતની ઘડીએ દફે થઈ ગયલું માલમ પડેછે, તેનું કારણ એ કે, જે આંતરડાંઓ સોજાને લીધે આવાં જાલમ દુખની જગ્યા હતી તે આંતરડાંઓ કોહી જવાથી હવે તેમની લાગણુ શકતી મરી જાયછે અને એવી રીતે આંતરડાં સુન મારી જવાથી દુખારો તદન બંધ થઈ જાયછે.

એ પ્રમાણે આંતરડાં કોહી જવાથી આખરે તે જાલમ દુખ ખમીને ઘેલાં બની ગયલાં જનાવરનો અંત આવેછે.

આંતરડાંમાં થતાં તાણથી તેમજ આંતરડાંમાં ભરાતા પવનથી જે ચુંકો થાયછે તે ચુંકામાં અને આંતરડાંમાં સોજો ચહડવાથી ચાલતા ચુંકામાં દેખાતી જુદી જુદી નીશાનીઓ પકી યાદ રાખવાની ભારે જરૂર છે. પહેલી બે જાતના ચુંકામાં દરદનું જોર વચમાં વચમાં નરમ પડી પાછું ઉભરી આવેછે, જ્યારે છેલ્લી જાતમાં દરદ હંમેશાં ચાલુજ રહેછે, અને વચમાં મુદલ ખાંચો ખાતુંજ નથી. પહેલી બે જાતના ચુંકામાં મહોડાં, નાક, અને આંખનાં પડ ઘણાખરાં કુદરતી રંગનાંજ રહેછે, જ્યારે છેલ્લી જાતના ચુંકામાં એ પડ સુજીને રાતાં બની જાયછે. પહેલી બે જાતના ચુંકામાં પેટ ઉપર દબાણ કીધાથી કરાર વલે છે, જ્યારે છેલ્લી જાતના ચુંકામાં પેટ ઉપર ગમે એવું હલકું દબાણ થતાં પણ નહીં ખમાય એટલો જોશભરીઓ દુખારો થઈ આવેછે. પહેલી બે જાતના ચુંકામાં તે જનાવર

જેમ ગમે તેમ અફડા તફડી કરી શકેછે, જ્યારે છેલ્લી જાતના ચુંકામાં તે ઘણીજ સંભાલથી જમીન ઉપર પડેછે અને ઘણીજ સંભાલથી પાછું ઉઠેછે.

કારણ—આ દરદનું મુખ્ય કારણ નહીં પચાવી શકાય એવો ખોરાક છે, અને ખોરાક પાણી આપતાં રાખવામાં આવતી બેદરકારી છે. આવી રીતની બેદરકારીથી આંતરડાંમાં બહુજ તીક્ષણ સોજો ચહડે છે, અને તેવી રીતે સોજો ચહડવાથી અજાગરી બનેલી આંતરડાંની સપાટી ઝેરી બીઆંઓને ઉછેરવાને માટે સઉથી ફલદરૂપ જગ્યા બની જાયછે. આંતરડાંની લગભગ હેંસી ફીટની સપાટી એ રીતે એકી વખતે ઝેરનાં બીઆંઓને ઉછેરવા મંડી જવાથી ઉપર જણાવ્યા પ્રમાણેની ભયભરેલી નીશાની દેખાવ દેછે.

ઉપાય—આ દરદમાં થતો દુખારો સઉથી જીવલેણ છે, અને સઉથી મોટી ધાસ્તી એ દુખારાના વધારાની છે. એટલા માટે પહેલવહેલો જે ઉપાય લેવો તે આવો જાલમ દુખારો નરમ પાડવાને લગતો છે. આ કારણને માટે સઉથી સરસ દવાઈ અફીમ છે. દરદની નીશાનીઓ પારખવાથી જો આપણી ખાતરી થઈ કે આ દરદ આંતરડાંના સોજાનું છે, તો બેશીકર ચાર આઊંસ લોદેનમને પાણી સાથે મેલવી દઈ તે જનાવરને એકદમ પાઈ દેવું. જો લોદેનમ મલી નહીં આવે તો અરધો આઊંસ અફીમ એજ પ્રમાણે પાણી સાથે મેલવીને પાઈ દેવું. આ દવાઈ પાવાથી તે જનાવરનું દુખ ઘણે દરજજે નરમ પડશે. એ પ્રમાણે દુખારો નરમ પાડયા પછી આપણી જે બીજી મુલ મતલબ છે તે એ કે, આંતરડાંઓની હીલચાલને બનતાં સુધી બંધ રાખવી. આ મતલબ પાર પાડવાને માટે પણ અફીમનીજ મેલવણી અકસીર છે, અને તેથી ઉપર કહેલી દવાઈ પાવાથીજ એ મતલબ પણ સરી શકશે. આપણી ત્રીજી મતલબ જે છે તે ઝેરી દરદનાં બીઆંઓને વધતાં અટકાવવાની અને આગલ પેદા પડેલાં બીઆંઓને મારી નાખવાની છે. આ મતલબથી ઉપર કહેલો અફીમનો ભાગ પાવા પછી એક કલાક રહીને એક પેંટ અલસીનાં તેલ સાથે ત્રણ ડ્રામ ચોખી કારબોલીક એસીદ આપવી. કારબોલીક એસીદ એકથી વધુ વખત પાવી નહીં.

પેટ ઉપર સેક કરવામાં પણ ઘણોજ ફાએદો છે. આ કારણને માટે ઊનની ધાબલીઓ યા બરનુસની જરૂર છે. જો દુખારો ઘણો હોય તો સેક ઉપરા સાપરી ચાલુજ રાખવા, અને જેમ જેમ તે નરમ પડતો જાય તેમ તેમ સેકના વખતમાં લાંબો લાંબો ખાંચો રફતે રફતે નાખતા જવું.

કેટલાક ગ્રંથકારો આ દરદમાં માત્ર તીંકચર એકોનાઈત આપવાનીજ ભલામણ કરેછે પણ તે ભલામણની ઉપરજ ભરોસો રાખી શકાતો નથી. જો કે તીંકચર એકોનાઈત સોજો ઉતારવામાં ઘણુંજ અકસીર છે તેમજ દુખારો પણ ઘણોજ નરમ પાડેછે, તો પણ હેંસી ફીટનાં આંતરડાંમાં જે સોજો ચહડયો હોય તે સોજો નરમ પાડવાને માટે તે મોટા જથામાં આપવાની જરૂર છે. એકોનાઈટ એ એક ઘણુંજ કાતેલ ઝેર છે અને તેને જોઈએ તે કરતાં સેજ પણ મોટા જથામાં આપવાથી તે એકદમ ધાસ્તી ભરેલી નીશાની પેદા કરે

છે, નાડી બેસાડી મેલેછે, અને હૃદયને કામ કરતું બંધ પાડી નાખેછે. આવાં એક હડહડતાં ઝેરને એકલુંજ આવા મોટા વીસ્તાર ઉપર ચહડેલા સોજા માટે ઉપયોગમાં લેવું એ કોઈ રીતે વાજબી નથી. એ ઝેરને ગુજરાતીમાં અતીસ, અતવીશ અથવા અતીવીશ કરીને કહેછે અને તે ઝેરનો જેમને અનુભવ હશે તેઓ એ દવાઈની જાલેમ અસર તરતજ સમજી શકશે; પણ એ ઝેરને બીજી દવાઈઓ સંગાતે મેલવીને આપવામાં કોઈ પણ રીતે ખોટું નથી. ગરેસવેલ આ ઝેર સાથની એક મેલવણીનો નુસખો નીચે પ્રમાણે આપેછે.

ફલેમીંગનું તીંકચર એકોનાઈટ	૭ ટીપાં.
કલોરોફોરમ	૨ ડ્રામ.
સલફયુરીક ઈથર..................................	૧ આઉંસ.
લોડેનમ..	૧ ,,
પાણી અથવા કાંજી...............................	૧ પેંટ.

કેટલાક ડાકટરો આ દરદમાં પેટ ઉપર દુખારો નરમ પાડનારાં ચોકસ તેલ લગાડવાની ભલામણ કરેછે, પણ આ દરદમાં પેટ ઉપર હાથ લગાડવાથી જે ભારે દુખારો થાયછે તે દુખારો એટલો બધો તો જોરમાં હોય છે કે આ તેલ લગાડવાની ભલામણ કરવી એ કોઈ પણ રીતે વાજબી નથી. આંગ ઉપર ચોપડવાનાં તેલ જ્યાં સુધી ચામડીમાં બરોબર મસલવામાં આવે નહીં ત્યાં સુધી તેમની અસર બરોબર થતી નથી અને જે દરદમાં પેટને હાથજ નહીં લગડાય તે દરદમાં તેલ મસલવાની ભલામણ કરવી એ ઘણુંજ કઢંગું ગણાય.

રેતી ખાવાથી આંતરડાંમાં ચહડતો સોજો.

(Sand eater's Enteritis.)

ઘોડાઓ જ્યારે અજીરણનાં દરદથી પીડાતા હોયછે ત્યારે જો તેઓને દરીએ કીનારે યા બીજી રેતીવાલી જગ્યાઓમાં છોડવામાં આવેછે તો તેઓ પેટ ભરીને રેતી ખાવા મંડી જાયછે, જે રેતી આંતરડાંમાં જઈ તેમની અંદરનો પડમાં સોજો ચહડાવે છે.

નીશાની—આ દરદની નીશાની તરીકે ઘણોજ જાલેમ દુખારો પેદા પડેછે અને તે દુખારા અથવા ચુંકાની નીશાની સાથે જો ઝાડામાં રેતી માલમ પડે તો તે નીશાની આ દરદની જાત દેખાડવાને પુરતી છે.

કારણ—જ્યારે ઘોડાઓને અજીરણ થાયછે ત્યારે તેમની ભુખ ઘણીજ ઢંગ ઘડા વગરની બનેછે અને તેઓ મટોડાં, ચુનો, રેતી વગેરે ખાવા મંડી જાયછે. જ્યારે તેમનાં

લોહીમાં નીમકનો ભાગ ખુટી જાયછે ત્યારે અથવા ખારો ઘટી જાયછે ત્યારે ઘોડાઓ ગોયા કુદરતથીજ ખારી વસ્તુઓ અને ખસુસ કરીને દરીઆ કીનારાની રેતી ખાવા મંડી જાયછે.

ઉપાય—આવી રીતે ચાલતા ચુંકામાં જોલાબ આપીને રેતી ઝાડાને રસ્તે બહાર કહાડી નાખવાની કોશેશ કરવી કોઈ પણ રીતે વાજબી નથી. આ દરદમાં સઉથી સરસ એલાજ એજ છે કે ઘોડાને કંદ, મુલ વગેરે ખોરાક આપવો, અને દરેક વખતનાં ખાણાં સંગાતે ચાર આઊંસ અલસીનું તેલ આપવું. આ અલસીનું તેલ તે જનાવરને એકગમથી પુશટી આપશે, બીજીગમથી તે તેનો ઝાડો સાફ લાવશે અને ત્રીજીગમથી આંતરડાંની અંદરનાં પડને લીસું બનાવી રેતીની કરચો સફાઈથી ઝાડાને રસ્તે બહાર કહાડી નાખવામાં મોટી મદદ આપશે. જો ચુંકો ઘણો જોરમાં હોય તો બે આઊંસ લોદેનમ એક પેંટ પાણી સાથે મેલવીને આપવું. જો આવી રીતે લોદેનમ આપવાથી ઝાડો કબજ થાય તો અલસીનું તેલ વધારે આપવું.

હોજરીનું ફુલી જવું-હોજરીનો ચુંકો—(Gastritis.)

ઘણીક વેલા હોજરી પોતાનું કામ કરતી અટકી પડેછે અને તેમાં ગયલો ખોરાક તે આંતરડાંમાં મોકલી નહીં શક્તી હોવાથી તે ફુલી આવેછે.

નીશાની—આંતરડાંમાં થતાં તાણથી જે ચુંકો થઈ આવેછે તેવીજ જાતનો ચુંકો આ દરદમાં પણ થઈ આવેછે. તે જનાવર પોતાના આગલા પગથી જમીન ખોદયા કરેછે અને ઘણું કરીને તે ડાબા પગથી જમીન ખોદેછે. આવી રીતે ડાબા પગથી તે જમીન ખોદયા કરેછે તેનું કારણ એ કે, હોજરી પેટમાં ડાબી બાજુએ ગોઠવાએલી હોવાથી તેમાં ચાલતો ચુંકો ડાબા પગની હીલચાલ પેદા કરેછે. બીજાં આગલાં ચુંકાનાં દરદોમાં એ રીતે માત્ર ડાબા પગથીજ તે જનાવર જમીન ખોદતું નથી પણ તે વેલા તે બંન્ને પગોથી જમીન ખોદેછે, માટે માત્ર ડાબા પગથીજ જમીન ખોદવાની નીશાની હોજરીનો ચુંકો દેખાડેછે. વારંવાર ઉલટી કરવાની તે કોશેશ કરેછે, પણ ઉલટી થતી નથી અને તેને બદલે માત્ર એકુ ઓડકાર આવીને અટકી જાયછે. તે જનાવરના પગ ધુજેછે અને બદન ઉપર કોઈ કોઈ ભાગોમાં પરસેવો ફુટી નીકલે છે. નાકમાંથી પ્રવાહી વહેછે, જે પ્રવાહી ઘણું કરીને ઘટ હોયછે અને કેટલીક વેલા તેની સંગાતે પાચણ થયા વગરનો ખોરાક બહાર નીકલતો માલમ પડેછે. નાડી ઘણી ઝડપથી ચાલેછે અને દમની સંખ્યા વધારે હોયછે.

ઘણીક વેલા આ ઉપલી નીશાનીઓ ભેગી ભેજાંની અંદર ચોકસ અસર થવાથી કેટલીક નીશાનીઓ દેખાવ દેછે, જેમાં મુખ્ય એ છે કે તે જનાવર અરધી બેભાન હાલત-

માં હોય તેવું માલમ પડેછે. તબેલાની ભીંત યા કટેરાની ઉપર તે જનાવર પોતાનું માથું ટેકવીને ઉભું રહેછે, જો તેને ચલાવ્યું હોય તો તેને ચક્કર આવતાં હોય તેમ તે લટર પટર થાયછે અને નાકમાંથી તે ઘુરતો અવાજ કહાડેછે. આવી નીશાનીઓ ભેગી નાડી ભરેલી અને ધીમી ચાલતી માલમ પડેછે.

કારણ—ઘોડાને નરમ કોઘેલો ખોરાક ખવાડયાથી, યા તો પાચણ નહીં થઈ શકે એવો ખોરાક ખવાડયાથી, યા તો લાંબો વખત ખોરાક પાણી વગર રાખી ત્યાર પછી એકદમ ખોરાક પાણી આપવાથી, યા તો દાણા ખવાડયા પછી તરતજ ઉપરથી પાણી પાવાથી હોજરી ફુલી જાયછે, અને તેની દેવાલો તદન નબલી બની જઈ ખોરાકને પાચણ કરવાનું કામ બજાવી શકતી નથી.

ઉપાય—આ દરદના ઉપાય તરીકે આંતરડાંમાં થતાં તાણ માટે ફરમાવેલાજ ઉપાયો અજમાવવા. બનતાં સુધી તે જનાવરને અફડાતફડી કરવા દેવી નહીં અને તેનાં થાણમાં પુશકલ ઘાંસ પાંથરી બહુ નરમ બીછાનું બનાવવું, કે જેથી તેનાં દરદની તાણતોડમાં તે એકદમ જમીન ઉપર પછડાય નહીં. જો તેની તાણતોડમાં તે જમીન ઉપર જોરમાં પછડાશે તો તેની હોજરી જે ખોરાકથી તદન ફુલી ગયલી હોયછે તે ફુટી જયા વીના રહેવાની નથી.

જો ભેજાંની ઉપર અસર થયલી જણાય અને નાડી ભરેલી તેમજ ધીમી ચાલતી માલમ પડે તો ગરદને આગલની નેસમાંથી બે ત્રણ બાટલી લોહી કહાડવું.

હોજરીનું ફાટી જવું—(Rupture of the Stomach.)

જેમ આંતરડાં ફાટી જાય છે તેમ હોજરી પણ વારંવાર ફાટી જાય છે, અને તે એકદમ મોત લઈ આવે છે.

નીશાની—ફુલી ગયલી હોજરીની અને ચુંકાની સઘલી નીશાનીઓ માલમ પડે છે. આ નીશાનીઓ માલમ પડ્યા પછી જો તે જનાવર એકદમ નબલું પડતું જણાય અને તેનું આંગ ઘણીજ ઝડપથી ઠંડું થતું માલમ પડે, તથા નાકને રસ્તે પાચણ થયા વગરનો દુરગંધીથી ભરેલો ખોરાક બહાર નીકલવા માંડે તો જાણવું કે હોજરી ફાટી ગઈ છે.

કારણ—હોજરી ફુલી જઈને તેની દેવાલો છેક નબલી પડી જઈ ચુંકાની સેજ પણ અફડાતફડીમાં જો તે જનાવર જમીન ઉપર જોરમાં થપકાય છે તો હોજરી ફાટી જાય છે.

ઉપાય—આ દરદમાં ઉપાય કોઈપણ રીતે લાગુ પડી શકેજ નહી, કારણકે હોજરી ફાટી એટલે થોડાજ વખતમાં મોત નીપજે છે. એવી રીતે હોજરી ફાટતી અટકાવવાને

અરથે એટલી બાબદ ધ્યાનમાં રાખવી કે જ્યારે પણ જનાવર ભારે ચુંકાથી રીબતું જણાય ત્યારે તેની અક્કડાતક્કડી બનતાં સુધી નરમ પાડવાની કોશેશ કરવી અને તેનાં થાણુમાં એટલું બધું તો ઘાંસ પાંથરવું કે જેથી કરીને તે મુદ્દલ થપકાય નહી.

સફરાનું ઝુલાઈ પડવું અથવા અમાન નીકલવી.

(Prolapsus Ani.)

ઘણીક વેલા જનાવરનો સફરાનો ભાગ ઝુલાઈ પડે છે, જેને આપણા લોકો અમાન બહાર નીકલી આવી એમ કહે છે.

નીશાની—સફરાના ભાગ આગલ આસરે એક ફુટની પહોલાઈનો રતાશપર ચહડેલો એક ગોલો દેખાય છે, જે ગોલાના મધ્ય ભાગમાં એક ચોમરાયલો ખાડો માલમ પડે છે. ઘણીક વેલા આવી રીતે ઝુલાઈ પડતા સફરા ભેગો સઉથી છેડેનાં આંતરડાંનો અંદરનો ભાગ પણ બહાર નીકલી આવે છે.

કારણ—જો સફરાવાલા ભાગમાં લકવો થયો હોય તો એક વખત પેટ ઉપર થતાં દબાણથી તે બહાર નીકલવા પછી પાછો અંદર જઈ શકતો નથી. જ્યારે કોઠો કબજ હોય ત્યારે, યાતો ચુંકો ચાલતો હોય ત્યારે, યાતો પ્રસવ વેદનાની વખતે યાતો વીરહ જોશની વેલાએ ઘણી કાંસણ થવાથી આ પ્રમાણે સફરો બહાર ઝુલાઈ પડે છે.

ઉપાય—પહેલાં આપણા હાથને સારી પઠે તેલ લગાડી સફરાની વચમાં જણાતા ખાડામાં તે હાથ ખોસી કાંઈ પણ ખુંચી બેઠેલી લીદ હોય તે કહાડી નાખવી અને પછી તે ઝુલતા સફરાને સારી પઠે તેલથી પચપચતો કરી હાથનાં ધીરાં પણ ચાલુ દબાંણથી તેને અંદર મોકલવાની કોશેશ કરવી. જો તે આ ઉપાયથી અંદર નહી જાય તો બહારથી તેની ઉપર સેક કરવા. જો સેકથી પણ તે સફરો નહાનો નહી થાય તો પછી એક નસતરવડે તે સોજાવાલા ભાગમાંનું લોહી કહાડવાની કોશેશ કરવી અને પછી ઉપરથી ગરમ પાણીના સેક કરવા, એટલે તે સોજો તદન નીકલી જઈ આગલ જણાવ્યા પ્રમાણે કરવામાં આવતાં દબાણથી સફરો પાછો અંદર મોકલાવી શકાશે. આવી રીતે સફરો પાછે અંદર ખોસી શકાય ત્યાં સુધી તે જનાવરને ઘણોજ હલકો ખોરાક આપવો અને તે ખોરાક નરમ હોય તો વધારે સારૂં. આ નરમ ખોરાક સફરો અંદર મુકાયા પછી પણ ઘણાક દીવસો સુધી ચાલુ રાખવો કે જેથી તે જનાવરનો કોઠો કબજ થાય નહી અને તેને કોઈપણ રીતે લીદ કરતી વખતે કાંસવાની જરૂર પડે નહી. જો કોઠો નરમ પાડવા-

ની મતલબથી તેના ખોરાક સાથ રોજ અકેકી પેંત અલસીનું તેલ આપીઆ કીધું હોય તો વધારે સારૂં, કારણકે એક ગમથી તે તેલ પુષ્ટી આપવામાં કામ લાગશે, બીજી ગમથી તે એક હલકા જોલાબ તરીકે કામ કરશે અને ત્રીજી ગમથી તે સફરાની અંદરના ભાગને લીસો રાખી કાંઈ પણ ખડબડાટ થતો અટકાવશે.

આંતરડાંમાં બંધાતી પથરી—(Concretions in the bowels.)

કેટલીકવેલા ઘોડાના ખોરાક સાથ ખાવામાં આવતી સખત જણસો આંતરડાંના ચોક્કસ ભાગોમાં અટકી બેસે છે અને પછી તેમની આસપાસ જેમ જેમ વખત જતો જાય છે તેમ તેમ વધારે ને વધારે લેંબડા થતાજ જાય છે, જે આખરે પથરી યા ગોલીનો આકાર પકડે છે; આ ગોલીઓ ઘણીક વેલા છ ઇંચિનો વ્યાસ ધરાવે છે. આ ગોલીઓ જેમ જેમ મોટી થતી જાય છે તેમ તેમ તેઓ પોતાની હાજરી વધુ ને વધુ સખત નીશાનીઓથી દેખાડતી જાય છે જેમાં મુખ્ય નીશાનીઓ વારંવાર થતી ઝાડાની કબજીઆત અને ખોરાક પાણીની સંભાલ રાખવા છતાં પેદા પડતો ચુંકો હોય છે. જો કાંઈ પણ દેખઈતાં કારણ વગર આવી રીતે વારંવાર કોઠો કબજ થઈ જાય અને ચુંકો થઈ આવે તે જાણવું કે પેટમાં પથરી બંધાઈ હશે. આંતરડાંમાં બંધાતી ગોલીઓ ત્રણ જાતની હોય છે, જેમાં પહેલી જાત ખરેખરી પથરની ખાસીએત ધરાવનારી હોય છે. બીજી જાતની ગોલીઓ પાચણ થયા વગરનાં ઘાંસનાં તણખાં, ચણાનાં છલાં વગેરે વનસ્પતી જાતની શાખાદાર વસ્તુઓની બનેલી હોય છે અને ત્રીજી જાતની ગોલીઓ એ ઉપલી બંન્ને જાતની ભેલસેલથી બનેલી હોય છે. આ ગોલીઓ જ્યાં સુધી આંતરડાંના કોઈ પહોલા ભાગમાં રહેલી હોય છે ત્યાં સુધી તેઓ કાંઈ પણ અગવડ કરતી નથી અને કાંઈપણ દુખ દેતી નથી. પણ એક વેલા તેઓ આંતરડાંના એકુ નહાના ભાગમાં આવી ત્યાં ખુંચી બેઠી કે પછી વારંવાર ઝાડાની કબજીઆત અને ચુંકાથી તે જનાવર ઘણુંજ હેરાન થાય છે. આ દરદના ઉપાય તરીકે સઉથી મોટો ઉપાય એજ છે કે, એ બંધાએલી ગોલીઓને કોઈ પણ રીતે બહાર કહાડવી. કોઈ પણ એવી રીત નથી કે જેથી આ ગોલીઓ આપણા ઉપાયોથી કરીને બહાર નીકલે. કેટલાક ડાકટરો ભારે જોલાબો આપવા કહે છે પણ તે જોલાબો આપવાની રીત કોઈપણ રીતે વાજબી નથી.

• આંતરડાંમાં થતા કરમ—(Intestinal Parasites.)

ઘોડાનાં આંતરડાંમાં ઘણીક જાતના જીવડાએ પોતાની વંશાવલી વધારવાને શક્તિવાન થાયછે, પણ ત્યાં આપણે તે બધી જાતના જીવડાઓનું વરણન કરવાને બદલે માત્ર એજ જાતના કીડાઓ ઉપર ધ્યાન આપીશું, કારણ કે તેઓ ઘણાજ સાધારણ હોયછે. આપણે જે બે જાતના કીડાઓનું ત્યાં વરણન કરીશું તે બે જાતના કીડાઓમાં એક જાતના કીડા ગોલ અરાસીઆં જેવા હોયછે અને બીજી જાતના બારીક દોરા જેવા હોયછે. બીજા જે કીડાઓ ઘોડાનાં આંતરડાંમાં લાગુ પડેછે તેમાંના ચાર જાતના કીડા જો કે ઊપલી બે જાત જેટલા સાધારણ નથી, તો પણ તેઓ વારંવાર દેખાવ દેછે. તેમાંના પેહલી જાતના કીડા બહુજ નહાના બોર જેવડા અને હોજરીની દેવાલને તથા આંતરડાંની દેવાલને વલગી રહેનારા હોયછે. • બીજી જાતના કીડા રંગમાં રાતા હીંગલા જેવા હોય છે; તેમનાં મોહડાંને ફરતા ચાર ભાલા હોયછે, અને ગરદન ઉપર બે કાંટા હોયછે. તેઓ બહુજ નહાના હોવાથી આપણું ધ્યાન ખેંચતા નથી, પણ ઘણીક વેલા તેઓ જનાવરનો જીવ લીધા વીના રહેતા નથી. ત્રીજી જાતના કીડાઓ જે છે તે આંતરડાંની ધોરી નેસો પકડી તે નેસોમાં પોતાનું મથક કરેછે, અને ત્યાં તેઓ પોશાઈને એટલા તો મોટા થાયછે કે એક બોર જેટલાં કદમાંથી વધી જઈ એક માણસનાં માથાં જેટલા મોટા તેઓ બની જાયછે. આ જાતના કીડાઓ ઘણી મોટી સંખ્યામાં હોતા નથી. તેઓ દશથી બારની સંખ્યામાંજ હોયછે, પણ કેટલીક વેલા તેઓ સેંકડોની સંખ્યામાં પણ માલમ પડેલા છે. આંતરડાંની નેસોમાં માણસનાં માથાં જેવડા મોટા પાણીથી ભરાએલા ફુક્કાઓની આટલી મોટી સંખીઆ બીચારાં મુગાં જનાવરનો કેવી રીતે જીવ લેતા હશે તેનો ખ્યાલ કરવો કાંઈ મુશકેલ કામ નથી. ચોથી જાતના કીડા જો કે ઉપલાની માફકજ ફુક્કા જેવા બનેછે, તો પણ તેઓ આંતરડાં યા હોજરીની દેવાલોનેજ પકડી રાખવાને બદલે તેઓ આખાં બદનની નેસોમાં મુસાફરી કરેછે અને ભેજાંમાં, કલેજાંમાં, ફેફસાંમાં તથા બીજા અવ્યવોમાં પાણીના પોપચા ભરેલા હોય એવા માલમ પડે છે. આ પોપચા કેટલીક વેલા એક મોટાં નાલીએરનું કદ પકડે"છે. ભેજાં, કલેજાં અને ફેફસાં જેવા અવ્યવોમાં આ વગર નોતરેલા અણગમતા પરોણાઓ કેવા ધાસ્તી ભરેલા થઈ પડતા હશે તે વીચારી લેવું ઘણુંજ સહેલ છે.

આ છેલ્લી ચાર જાતના કીડાઓ વીશે આપણે વધુ લખવાનું માંડી વાલશું.

પહેલી જાતના અરાસીઆં જેવા જે ગોલ કીડાઓ વીશે આપણે ઉપર બોલી ગયા છીએ તે કીડાઓ ઘણું કરીને નહાનાં આંતરડાંઓમાંજ લાગુ પડેછે. કેટલીક વેલા આ કીડાઓ હોજરીમાં દાખલ થાયછે, અને તે વેલા અજીરણ, ચુંકો વગેરે દરદોની નીશાનીઓ પેદા કરેછે.

બીજી જાતના દોરા જેવા કીડાઓ ઘણું કરીને મોટાં આંતરડાંના સફરા આગલના ભાગમાં પેદા પડેછે. કોઈ કોઈ વેલા તેઓ મોટાં આંતરડાંના બીજા ભાગોમાં પણ ઘુસી જાયછે અને નહાનાં આંતરડાં સુધી પહોંચી વલેછે.

નીશાની—જ્યારે ગોલ કીડાઓ અથવા કરમો ઘોડાને લાગુ પડેછે ત્યારે તે જનાવર પોતાની તનદરોસ્તી ખોહી દેછે, તેનાં આંગ ઉપરના બાલ ખરબચડા બની જાયછે; તેની ભુખ મરી જાયછે, તેનું પેટ મોટું થઈ આવેછે, અને તેની ઉપર હાથ થોકતાં ઢોલના જેવો પોકલ અવાજ નીકલે છે. આ કીડાઓની હાજરીને લીધે આંતરડાંઓમાં જે અડચણ થાયછે તે અડચણ ટાલવાને અરથે આંતરડાંની અંદરનાં પડમાંથી પુશકલ ચીકણો રસ ઝરફે છે, જે રસ લીદની ઉપર માલમ પડેછે.

દોરા જેવા કરમોથી ઘોડાની તનદરોસ્તીમાં કાંઈ જાણવા જોગ ફેરફાર થતો નથી. આ કરમો સફરામાં આવીને એકઠા થાયછે ત્યારે સફરામાં ઘણીજ ચીડ લાગવાથી તે જનાવર પોતાની પુછડી આગલનો ભાગ સારીપેઠે ઘસવા મંડી જાયછે. જ્યારે ઘોડો આ પ્રમાણે પોતાની પુછડી કોઈ ચીજ સાથે ઘસતો જણાય ત્યારે તેની પુછડી ઊંચકીને સફરા આગલનો ભાગ તપાસવાથી ત્યાં પીલાં મીન જેવી કાંઈક ચીજ વલગેલી જણાશે, જે આ કીડાઓનાં સુક્ષ્મીક ઈંડાં છે.

કારણ—આંતરડાંઓની દેવાલોની નબલાઈ એ આ કરમોના વધારાનું મુખ્ય કારણ છે. જ્યાં સુધી આંતરડાંની દીવાલોમાં પુરતી રીતે સંકોચાવાનું જોર હોયછે ત્યાં સુધી આ કરમો કદી પણ લાગુ પડતા નથી, પણ આંતરડાંઓની હીલચાલમાં જો સહેજ પણ સુસતી થઈ તો આ બારીક જીવડાઓ તરતજ ત્યાં પોશાઈ મોટા થવા માંડેછે અને પછી તેમની ઓલાદને વધી જતાં વાર લાગતી નથી. આંતરડાંઓનાં માહેલાં પડમાંથી જે ચીકાશ વાલો રસ ઝરફેછે તે રસ જો લાંબો વખત સુધી આંતરડાંમાં એકઠો થઈ રહેછે તો તે રસમાં આ જીવડાઓ ઘણીજ શોખાઈથી મજાહ મારેછે, અને ગમે એવી દવાઈ તે રસમાં પોશાતા કીડાઓ ઉપર કાંઈ પણ અસર કરતી નથી. લોહીમાં ચોકસ ખારોની ઘટ થઈ પડવાથી આ જીવડાઓનું જોર ઘણુંજ વધી જાયછે, અને ખસુસ કરીને સાધારણ ખાવાનાં નીમક જેવા ખારો વગર આ જીવડાઓ ઘણા પોશાઈ જાયછે.

ઉપાય—પહેલવહેલાં તે જનાવરની તનદરોસ્તી સુધારવાના ઉપાયો લેવા કે જે ઊપાયો આંતરડાંની દેવાલો ઉપર અને તેમાં થતા કરમો ઉપર પણ ઘણીજ સારી અસર કરે. આ કારણ માટે નીચલી દવાઈ સઉથી સરસ છે.

હીરાકસી	૨ ડ્રામ.
ખાવાનું મીઠું	૨ „
કરીઆતાંનો ભુકો	૨ „

ઉપલી દવાઈઓને અલસીના આટા અને ગોલ સાથે મેલવીને તેની એક ગોટી બનાવી કેટલાક દીવસો સુધી ચાલુ રાખવી. આ ગોટીથી તે જનાવરની તનદરોસ્તી સુધરશે,

તેનાં આંતરડાં અને હોજરીમાં તેથી શકતી આવશે અને કરમની ઉપર એવી ઝેરી અસર થશે કે તેઓ બહાર નીકળી આવશે. જો મોટા ગોલ કીડાઓ ઘણા હોય તો એક ડ્રામ તારતાર ઈમેતીક, અને એક ડ્રામ હીરાકસી એક અઠવાડીઆં સુધી તે જનાવરના ખોરાક સાથે ભેલીને આપવું, અને પછી એક પેંટ અલસીનાં તેલ સાથે એક આઊંસ તરપેનતાઈન ભેલીને તેનો જોલાબ આપવો. આવી રીતે જ્યારે તારતાર ઈમેતીક અને હીરાકસી આપવામાં આવે ત્યારે તે જનાવરને ઘણાજ હલકા ખોરાક ઉપર રાખવું. આવી રીતે હલકો ખોરાક આપવાથી તે જનાવર નબલું પડશે એ ખરી વાત છે, પણ તેજ વેલાએ કરમોની ઉપર એવી અસર થશે કે તેઓ આંતરડાંમાંનું પોતાનું રહેઠાણ છોડવાને ખુશી સાથે પસંદ કરશે. તારતાર ઈમેતીક બીજાં જનાવરોમાં ઘણાજ નહાના જથામાં પણ ઘણી જીવ ચુંથાવનારી અસર કરેછે, પણ ઘોડામાં તે દવાઈ એટલી બધી અસર કરતી નથી. એક ગમથી જ્યારે આ દવાઈ ઘોડાનાં બદન ઉપર કાંઈ ઘણી જાણવા જોગ અસર કરતી નથી, ત્યારે બીજી ગમથી આંતરડાંમાંના બારીક જીવડાઓ ઉપર તે એટલી તો જીવલેણ અસર કરેછે કે આંતરડાંમાં વધુ વખત પડી રહેવાને તેમને મુદલ ગમતું નથી, અને તેઓ તેવી તક મલતાંજ બહાર નીકલી પડેછે. આવી તક આપવાને અરથે જો એક અઠવાડીઆં પછી ઉપર જણાવ્યા પ્રમાણે અલસીનાં તેલનો જોલાબ આપીએ તો તેઓ તરતજ બહાર નીકલી પડશે. ઉપલા જોલાબ સંગાતે જે તરપેનતાઈન ઉમેરેલું છે તે તરપેનતાઈનથી કરીને બાકી રહેલા જે કરમો હશે તે પણ નીકલી પડશે, કારણ કે તરપેનતાઈન એ કરમોને માટે સઉથી અકસીર ઝેર છે.

જો ઉપર પ્રમાણે એક અઠવાડીઆં સુધી દવાઈ આપ્યા પછી જોલાબ આપવાથી કરમ નહીં નીકલે તો ચાર પાંચ દીવસ પછી એજ પ્રમાણે એક બીજાં અઠવાડીઆં સુધી એ ઉપાય અજમાવીને પાછો બીજો જોલાબ આપવો. એ પ્રમાણે કરમ મારવા પછી એક મહીનો સુધી તેના ખોરાક સંગાતે એક ડ્રામ હીરાકસી આપયા કરવી.

જો દોરા જેવા કરમ માલમ પડે તો સફરાને રસ્તે ગરમ પાણીની પીચકારી મારવી, અને બે પેંટ અલસીનાં તેલમાં છ આઊંસ તરપેનતાઈન ઉમેરીને આપવું. જો સફરામાં થોડોક પારાનો મલમ લગાડયો હશે તો સફરામાં થતી ચીડ નરમ પડશે અને કરમ પણ જલદીથી નીકલી આવશે.

જો ઘોડાને તેના રોજના ખોરાક સંગાતે થોડુંક પણ નીમક આપવામાં આવે તો કરમ થતા અટકશે અને તે જનાવરની તનદરોસ્તીની ઉપર પણ ઘણીજ સારી અસર કરશે.

કલેજાંનાં દરદો—(Diseases of the Liver.)

આપણે આગલ કલેજાંની બનાવટ વીશે અને તેનાં કામો વીશે વાંચી ગયા છઈએ, અને ત્યાં તેને માટે પાછું નવેસરથી સમજાવવાની કાંઈ પણ જરૂર નથી. આપણે આગલ જોઈ ગયા કે હોજરી, તલ્લી અને આંતરડાંઓની સઘલી કાલી નેસો કલેજાંમાં પોતાનું લોહી રેડેછે, જે લોહીમાંથી ઝેરી વસ્તુઓ કલેજાંના બારીક દાણાઓ ચુસી લઈ તે લોહીને સાફ કરેછે. આવી રીતે કલેજું એકગમથી લોહીમાંની ઝેરી જણસો ચુસી લે છે, અને બીજી ગમથી તે તેજ જણસોમાંથી પીત્ત બનાવેછે, કે જે પીત્ત પાછું આંતરડાંના પહેલા ભાગમાં જઈને અરધા પાચણ થએલા ખોરાકને પચાવવામાં મદદ કરેછે. આ પીત્તની જુદી જુદી ખાસીએતો પણ આગલ આપણે જોઈ ગયા છઈએ. એ પીત્ત ચરબીવાલા ભાગોને લોહીમાં ચુસાઈ શકાય તેવા બનાવેછે, ઝાડાને સાફ કરી એક કુદરતી જોલાબ તરીકે કામ કરેછે, અને આંતરડાંની અંદર પડી રહેતા ખોરાકની ઉપર એવી અસર કરેછે કે જેથી તે કોહતો અટકેછે. એ પીત્ત પેદા કરવા ઉપરાંત કલેજું ખાંડને મલતી એક એવી વસ્તુ પેદા કરેછે, કે જે વસ્તુ લોહીમાં દાખલ થઈ તેનાં ચોકસ તત્વો સંગાતે મલીને બદનમાં ગરમી લાવેછે. એ રીતે કલેજું એકી વેલાએ ત્રણ જુદાં જુદાં કામો કરેછે, અને તે સઘલાં કામો એક જનાવરની જીંદગીને ભારે અગત્યનાં હોય છે. આવાં એક અગત્યનાં કામો બજાવનારા અવ્યવમાં જો કાંઈ પણ ખલલ થઇ તો અલબત્તે તેનાં પરીણામો ઘણુંજ માઠાં નીપજવાં જોઈએ.

કલેજાંનાં દરદો ઘણી પ્રકારનાં થાયછે, પણ તે સઘલા જુદી જુદી પ્રકારોની નીશાનીઓ ઘોડા જેવાં જનાવરમાં પારખવી બહુજ મુશકેલ પડેછે. આ કારણને લીધે ઘોડાનાં મરણ પછી તેનાં કલેજાંમાં જે જે દરદો માલમ પડેછે તે સઘલાં દરદોનું ત્યાં વરણન કરવાને વાજબી વીચારવામાં આવતું નથી. જ્યારે કલેજાંમાંથી નીકલતું પીત્ત ખોરાક ઉપર અસર કરતું નથી, અને જ્યારે તે લોહીમાં ચુસાઈ જઈને આંખની અંદરનાં પડ ઉપર પીલા રંગનો દેખાવ દેછે ત્યારેજ કલેજાંનું દરદ પરખાઈ શકેછે.

નીશાની—આંખની અંદરનું પડ પીલાશ પકડેછે અને તેવો પીલાશ કેટલીક વેલા દાંતના પારાઓ ઉપર પણ માલમ પડેછે; જનાવર ઘણુંજ દુબલું થતું જાયછે, મહોડાંમાંથી ખરાબ ખાટો વાસ નીકલે છે. ભુખ મરી ગયલી હોયછે; ઝાડો કોઈ વખતે ઘણોજ કબજ થયલો અને પછી એકદમ પાતલો થઈ ગયલો હોયછે; કેટલીક વેલા કોઠો ઘણાજ લાંબા વખત સુધી કબજ રહેછે. લીદ કઠણ થાયછે. તેનો રંગ મટોડાંના જેવો હોયછે, અને લીદમાંથી દુરગંધી નીકલેછે. કેટલીક વખતે લીદની ઉપર રાતાં પીલાં ધાબાં માલમ પડેછે. પીશાબ ઘણીજ રતાશ પર હોયછે. તે જનાવર તદન સુસ્ત માલમ પડેછે, અને કેટલીક વેલા તે સુસ્તી ભેગી તાવ માલમ પડેછે. જમણી બાજુએ પાંસલીઓની પછવાડે દબાણુ કરતાં (જો કલેજાંમાં તરતનોજ સોજો ચહડેલો હશે તો) તે જનાવરને દુખ થતું

માલમ પડશે. કલેજાંનો સોજો ચહડતાં તે સોજાથી ચોકસ નેસોની ઉપર દબાણ થાયછે, જે નેસો જમની બાજુનાં ખભાં સુધી પહોંચેછે. આ કારણને લીધે ખભાંમાં દુખારો થાયછે, જે દુખારાની અસરથી તે જનાવર જમણે પગે લંગડું ચાલેછે.

જો કલેજાંનું દરદ લાંબા વખતનું થયું હોય તો કલેજાંનો માવો સોજાથી કરીને કદમાં વધી જાયછે, અને સોજો નરમ પડવા પછી તે સોજાનાં પરીણામ તરીકે જે રસી ઝરફેછે તે રસી બંધાઈ જઈ કલેજાંના નરમ માવાને કઠણ બનાવી મેલેછે. આવી રીતે કદમાં વધી ગયલો અને કઠણ થએલો માવો પીત્ત પેદા કરનારા દાણાઓ ઉપર દબાણ કરી તેમનો માર્ગ બંધ કરી નાખેછે, અને કલેજાંમાં ફરતાં લોહીનો ચકરાવો બરોબર થવા દેતો નથી. એ રીતે કલેજાં તરફ આવતું લોહી પુરૂંપાધરૂં કલેજાં તરફ જઈ નહીં શકવાથી આંતરડાં અને હોજરી તરફથી લોહી લઈ આવતી કાલી નેસો લોહીથી ભરપુર થઈ ફુલી જાયછે, અને જ્યારે પાછલથી લોહીનો પ્રવાહ ચાલુજ રહેછે ત્યારે આખરે તે નેસોમાં ભરાઈ રહેલાં લોહીનો પાણી જેવો ભાગ નેસોની દેવાલમાંથી ઝરશીને બહાર નીકલેછે. આવી રીતે લોહીનું પાણી ઝરશીને બહાર નીકલવાથી પેટમાં પાણી ભરાઈ પેટ ફુલી જાયછે, જેને આપણે **પેટનો જલંદર** એવાં નામથી ઓલખીએ છઈએ. કલેજાંનાં લાંબી મુદતનાં દરદ તરીકે પેટનો જલંદર એ મુખ્ય નીશાની છે. એ નીશાની ઉપરાંત તે જનાવર ઘણુંજ બેચેન અને સુસ્ત રહેછે, તેને મુદલ કામ કરવા ગમતું નથી અને આખો દીવસ ઝુર્યા કરેછે. ઘાંસ, પાણી માટે તેને મુદલ રૂચી થતી નથી; પણ કંદ, મુલ અને લીલો ખોરાક તે વધારે પસંદ કરેછે. તેના જાંગના થાપા તવાઈ જતા માલમ પડેછે. તરતનાં લાગુ પડેલાં કલેજાંનાં દરદમાં આંખનાં પડ, દાંતના પારા, ઝાડો, વગેરેની ખાસીએતોમાં જે ફેરફાર થાયછે તેજ ફેરફારો આ લાંબી મુદતનાં દરદમાં પણ ચાલુ રહેતા માલમ પડેછે.

કારણ—ઘોડા જેવું જનાવર જે કુદરતી હાલતમાં માત્ર ઘાંસ ચારા ઉપર જીવેછે, પોતાને મનગમતી કસરત કરેછે અને ખુલી હવામાં ફરે હરેછે તે જનાવરને જ્યારે માણસ પોતાના કબજામાં લઈ પોતાના ફાંટામાં આવે એવો ખોરાક ખવાડેછે, પોતાની મરજી પડે તેમ તેને ગાંધી રાખેછે અને પોતાને ફીફાએત પડે તેવાં મકાનમાં તેને પુરી મેલેછે, ત્યારે તે જનાવર તહરેવાર ભયંકાર દરદોથી રીબે તેમાં કાંઈ પણ નવાઈ નથી. કલેજાંનાં દરદો પણ ઉપલાંજ કારણોમાંથી જનમ પામેછે. ઘણોજ મસાલાદાર અને પુષ્ટીકારક ખોરાક, અંગ કસરતની કોતાઈ, અને પુરતી હવાના આવજાવ વગરના તબેલા એ કલેજાંનાં દરદો પેદા કરવાને પુરતાં કારણો ગણાય છે. એ સાથે હવામાં થતા અચબુચ ફેરફારો પણ કલેજાંનાં દરદોને જનમ આપવામાં ઘણો મોટો ભાગ બજાવે છે. ગરમ હવાવાલાં દેશોમાં કલેજાંનાં દરદો ઘણાં સાધારણ હોયછે. ચોમાસાંની રૂતુ પછી દીવસના અને રાતના એ બંન્ને વખતોની વચ્ચે ગરમી અને સરદીના જે એકદમ ફેરફારો થઈ જાયછે તે ફેરફારો આ દરદને ઉશકેરનારાં મુખ્ય કારણો છે.

ઘણોજ મસાલાદાર અને પુષ્ટીકારક ખોરાક જે તત્વો ધરાવે છે તે તત્વોમાંના મોટા ભાગને છુટા કરવાનું કામ કલેજાંને હીસ્સે આવી પડવાથી તે કામ કરતાં કલેજું થાકી જાયછે, અને પોતાનાં તે વધી પડેલાં કામને તે પહોંચી વલતું નથી. આ રીતે કલેજું લોહીમાંની સઘલી ઝેરી વસ્તુઓ કહાડી લેવાને અશક્ત થઈ પડવાથી તે વસ્તુઓ લોહીમાંજ રહી જાયછે, અને કલેજાંની સુસ્તીમાંથી બીજાં નવાં દરદો જનમ પામેછે. પહેલાં તો આ વધી પડેલું કામ પણ બજાવવાને અરથે કુદરત પોતેજ કલેજાં તરફ વધુ લોહી મોકલાવી કલેજાંના માવાને ઉશકેરે છે, અને તે ઉશકેરણીનાં પરીણામ તરીકે કલેજાંમાં સોજો ચહડેછે. આ રીતે કલેજું ઉશકેરાવાથી અને તેને જોઈએ તે કરતાં તેમાં વધુ લોહીનો જથો આવી પડવાથી તે પોતાનાં કારખાનાંમાંથી વધુ પીત્ત બનાવીને બહાર કહાડે છે. આ વધુ પીત્તની હાજરી કલેજાંને વધુ મોટું બનાવે છે. પીત્ત લઈ જનારી નલીઓમાં હવે સોજો લંબાતો હોવાથી તે નલીઓનો વ્યાસ ઓછો થાયછે, અને તે નલીઓનો વ્યાસ એ રીતે ઓછો થવાથી જેટલું જોઈએ એટલું પીત્ત બહાર નીકલી શકતું નથી. આ રીતે સઘલું પીત્ત કલેજાંમાં એકઠું થઈ રહી કલેજાંને ફુલાવી મેલેછે. એ રીતે સઘલું પીત્ત કલેજાંમાં એકઠું થઈ રહેવાથી તેમાંનું થોડુંક થોડુંક લોહીની સાથે મીશ્ર થવા માંડેછે અને એવી રીતે પીત્ત લોહીની સાથે મીશ્ર થઈ બદનના જુદા જુદા ભાગોમાં તેનીજ સંગાતે ફરી વલે છે. આ પ્રમાણે બદનના જુદા જુદા ભાગોમાં લોહીની સંગાતે પીત્ત પણ ફરતું થવાથી ઘણાંજ પતલાં ઢાંકણથી છુપાએલા ભાગોમાં તે પીત્તનો પીલો રંગ આપણી નજરે દેખાઈ આવેછે. આંખની અંદરનું અને મહોડાંની અંદરનું પડ ઘણુંજ પતલું હોવાથી તેમની અંદર પીત્તનો પીલો રંગ દેખાઈ આવેછે, જે રંગ જોતાંજ આપણે જાણીએ છઈએ કે તે જનાવરને **કમલો** થયોછે. માણસ જાતમાં ચાંમડી પતલી હોવાથી આ કમલાનો પીલો રંગ મહોડાંની, હાથની, પગની, વગેરે ચામડીઓની અંદરથી પણ તરતજ માલમ પડી આવેછે, પણ ઘોડાની ચામડી વધુ જાડી અને બાલથી ભરેલી હોવાથી આ રંગ ચામડીની નીચે સેહલાઈથી માલમ પડી આવતો નથી. પીત્ત એ પ્રમાણે પોતાના કુદરતી મારગમાં એટલે આંતરડાંમાં ખાલી થતું નહીં હોવાથી ઝાડો કબજ થઈ જાયછે, કારણ કે પીત્ત આપણે આગલ જોઈ ગયા તેમ આંતરડાંમાં જઈ ત્યાં એક કુદરતી જોલાબ તરીકેની ગરજ સારેછે. હોજરીએ અરધા પાચણ કીધેલા ખોરાકમાં જે ચરબીવાલો ભાગ હોયછે તે ચરબીવાલો ભાગ લોહીમાં ચુસાઈ શકાય એવો બનાવવાને અરથે પીત્તની ઘણીજ જરૂર છે એમ આપણે આગલ જોઈ ગયા છઈએ. કલેજાંનાં દરદમાં પીત્ત એ રીતે અટકી પડવાથી ખોરાકની અંદરના ચરબીવાલા ભાગો લોહીમાં ચુસાઈ શકે એવા બનતા નથી, અને તેથી તે ચરબીવાલા ભાગો જેઓ બદનને પુષ્ટી આપવામાં મુખ્ય છે તે ભાગો પાચણ થયા વીના રહી જાયછે. આવા સઉથી પુષ્ટીવાલા ભાગનું પાચણ નહીં થવાથી તે ઝાડાને રસ્તે નીકલી જાયછે અને તે જનાવરનું બદન એ કારણને લીધે તનદરોસ્તીના બાબમાં દીનપ્રતીદીન ગલાતુંજ જાયછે. વલી આપણે આગલ જોઈ ગયા તેમ ખોરાકમાંથી પુષ્ટીકારક સઘલો ભાગ ચુસાઈ જવા પછી બાકી વધેલો કચરો જ્યારે આંતરડાંઓ-

માંથી પસાર થાયછે ત્યારે તે કચરાને કોહોતો અટકાવવાને અરથે પીત્ત ઘણુંજ અગત્યનું છે. પણ જ્યારે પીત્ત પોતેજ આંતરડાંમાં વહેતું બંધ થાયછે ત્યારે તે જનાવરને બાદી થાય છે, અને તેની લીદ ઘણીજ દુરગંધથી ભરેલી હોયછે. લીદનો જે તાદરોસ્ત રંગ છે તે પીત્તની હાજરીને લીધે છે, અને જ્યારે કલેજાંનાં દરદમાં પીત્ત ઝાડા સાથે નથી મલતું ત્યારે લીદનો રંગ મટોડીના જેવો જણાય છે.

ઉપાય—પેહેલો ઉપાય એ કરવાનો છે કે કલેજાંની તરફ લોહીનો જે ધસારો થાય છે તે ધસારો કોઈ પણ રીતે ઓછો કરવો. આ કારણને અરથે નીચલી મેલવણી જોલાબ તરીકે આપવી.

વેલાતી મીઠું	૦॥ રતલ.
સ્વીત સ્પીરીતસ આવ નાઈતર.....................	૧ આઉંસ.
કરીઆતાંનો ઉકાલો..................................	૦॥ પેંટ.
પાણી	૦॥ ,,

ઉપલી મેલવણીમાં જોલાબની દવાઈ સંગાતે હુશીઆરી લાવવાની, પરસેવો પાડવાની, પીશાબ છોડવવાની અને હોજરી આંતરડાંને શક્તિ આપનારી દવાઈઓ પણ સામેલ કીધેલી છે, અને એ મેલવણી શરૂઆતમાં આપવાથી ઘણોજ ફાએદો કરેછે. જો ઝાડો સાફ આવવા માંડે તો જોલાબનું મીઠું ઓછું કરી નાખવું, અને જો જરૂર પડે તો તે તદનજ કહાડી નાખવું.

આ દરદમાં એક દવાઈ ઘણીજ ઉપયોગી છે, જે ઈપીકાકયુઆનાનાં નામથી ઓલખાય છે. આ દવાઈ માણસોને મોટા ભાગમાં અપાતી નથી, પણ ઘોડાઓને તે મોટા ભાગમાં આપી શકાય છે. આ દવાઈ માણસને આપયાથી તે સહેજ પણ વધારે પ્રમાણમાં જો હોય તો તેને ઉલટી થાયછે, અને તેથી એ દવાઈની પુરેપુરી અસર થતી નથી. એટલું છતાં એ દવાઈ એજ દરદમાં માણસોને પણ ઘણોજ મોટો ફાએદો કરેછે. આ દવાઈ ઘોડાને આપવાથી એક ગમથી તે કલેજાંની નેસોમાં આવેલી લોહીની રેલને એકદમ ઉતારી મેલેછે, બીજી ગમથી લોહીમાં ચુસાઈ ગયલું પીત્ત તે લોહીમાંથી કહાડી લેછે, અને તેમ કરતાં ત્રીજી ગમથી તે ઝાડો સાફ લાવેછે. એ રીતે ત્રણ કામ બજાવતાં એ દવાઈ દરદ પર જે ગુણ કરેછે તે ઘણોજ ઉત્તમ છે. કલેજાંને તે પાછી અસલી તનદરોસ્ત હાલતમાં લાવી મેલેછે, તાવ નરમ પાડેછે, પીત્ત પાછું અસલ માફક પેદા થાયછે અને પાછું અસલ માફક તે આંતરડાંમાં વહેતું થાયછે; પીત્ત પસાર થવાની નલીઓ જે પુરાઈ ગઈ હોયછે તે નલીઓને તે પાછી ખુલ્લી કરી મેલેછે, અને આંતરડાંની અંદરનાં પડમાંથી વધુ ચીકાશ ઝરતો કરી આંતરડાંને કામ કરવા ઉશકેરેછે, જેથી તેમની નેસો ખુલ્લી થઈ કલેજાં ઉપરનો ભાર ઓછો કરી તેના દાણાઓમાં ભરાઈ રહેલા લાંબા વખતના કચરાને આંતરડાં તરફ આવવાનો મારગ મોકલો કરી આપેછે.

આ દવાઈ દહાડામાં બે વખત સહવાર સાંજના ખોરાક સાથે બે ડ્રામ મેલવીને આપવી, અને આંખની અંદરનું પડ પોતાનો પીલાશ ખોહી કુદરતી રંગ પાછો પકડે એટલે એ દવાઈ આપવાની બંધ કરવી.

આ દવાઈ ઉપરાંત નવસાગર નામની દવાઈ પણ કલેજાંનાં દરદોમાં ઘણીજ કીમતી છે. આ દવાઈ જો કે ઈપીકાકયુઆના કરતાં જુદીજ રીતે કામ લેછે, તો પણ તેનું પરીણામ ઈપીકાકયુઆનાથી થતી અસરના જેવુંજ હોયછે, એટલે કે કલેજાંને તે પાછી અસલી તનદરોસ્ત હાલતપર લાવી મેલેછે. આ દવાઈની નીચલી મેલવણી દહાડામાં બે વખત આપવી.

નવસાગર	૪	ડ્રામ.
સુરોખાર	૨	,,
સોડાખાર	૨	આંઉસ.
કરીઆતાંનો ઊકાલો	૦॥	પેંટ.
પાણી	૦॥	,,

ઉપલી મેલવણી સાથે જરૂર જણાય તો જોલાબનું મીઠું ચાર આઊંસથી તે આઠ, દશ યા બાર આઊંસ સુધી હુમેરીને આપવું.

એ દવાઈઓ ભેગા બહારના એલાજોમાં ગરમ પાણીના સેક પાંસલીની પછવાડે જમણી બાજુએથી કરવા અને જનાવરનાં બદનને ગરમ ઝુલથી ઢાંકેલું રાખવું. આ દરદમાં સુકું ઘાંસ આપવાને બદલે લીલું ઘાંસ અને કંદ, મુલ આપવા તેમજ પીવાને માટે પાણી પણ પુરતું આપવું. ગરમ પુષ્ટીકારક ખોરાક આપવો નહીં.

આ દરદમાં કસરત પણ એક અગત્યનો ઉપાય છે. ઘોડાને બનતાં સુધી થાણમાં છુટો ફરવા દેવો, અને તેને થાણમાંજ ખોરાક આપવાને બદલે એક ખુલી જગ્યામાં જ્યાં ઘાંસ ઉગતું હોય ત્યાં યા જો તેમ નહીં બને તો લીલું ઘાંસ જમીન ઉપર નાખેલું હોય ત્યાં ચરવા મેલી દેવો કે જેથી તેને એક ગમથી કસરત અને બીજીગમથી ખુલી હવા મલશે.

પીશાબના માર્ગનાં દરદો—(Diseases of the Urinary System.)

આપણે આગલ જોઈ ગયા છઈએ કે કમરવાલા ભાગમાં બરડાના કાંહાની બંન્ને બાજુએ લોહીમાંથી પીશાબ બનાવનારા ગુરદાઓ ગોઠવાએલા છે. એ ગુરદાઓનું કામ એ છે કે લોહીમાં જે નુકસાન કરનારી પદાર્થો હોય અને જે પદાર્થો બદનમાં વધુ વખત રહેવાથી જીંદગીને જોખમ પહોંચાડે તે પદાર્થોને બદનમાંથી બહાર કહાડી નાખવી. આ કા-

મમાં જો કાંઈ ખલલ થઈ તો તે ખલલની મોટાઈનાં પ્રમાણુમાં તે દરદી જનાવર વધુ યા ઓછું દુખી થવાનું, અને જો એ ગુરદાઓનું કામ વધારે બગડવાથી તેઓ લોહીમાંની નુકસાનકારક પદાર્થોને બરોબર નહીં કહાડી શકયા તો પછી તે નુકસાન કરનારી પદાર્થો લોહીમાં ફરતી રહી બદનના જુદા જુદા ભાગોમાં જુદાં જુદાં દરદો પેદા કરેછે.

ગુરદાઓમાંથી નીકલેલી પીશાબ એક નલીમાં એકઠી થઈ તે નલીની મારફતે પીશાબના ફુક્કામાં જઈને એકઠી થાયછે. આ ફુકકો પેડુમાં ગોઠવાએલો છે. જ્યાં સુધી જનાવરને પીશાબ કરવાની તક મલતી નથી યા મરજી થતી નથી ત્યાં સુધી આ ફુક્કામાં પીશાબ એકઠી થઈ રહેછે, જ્યાંથી તે જનાવરની મરજીમાં આવે ત્યારે બહાર નીકલે છે. આવી રીતે બહાર નીકલતાં માદા જનાવરમાં તે ઘણોજ ટુંકો મારગ પસાર કરેછે, જ્યારે નર જનાવરમાં તે એક બહુ લાંબી નલીમાંથી પસાર થાયછે.

ફુક્કાની અંદરનું પડ સોજા વગેરેનાં દરદથી અને પથરીના દરદથી વારંવાર દરદી બનેછે, અને પીશાબની અંદર પીગલેલા પદાર્થોમાં જો કાંઈ ખુજવાટ પેદા કરનારી ચીજ હોય તો પીશાબના આખા મારગમાં જુદાં જુદાં દરદો પેદા કરેછે.

પીશાબનું અટકી જવું—(Retention of Urine.)

માણસ જે પોતાની મરજી પડે ત્યારે પીશાબની હાજતે જઈ શકેછે અને પીશાબના મારગોને સફાઈથી સાચવી રાખેછે, તે પણ પીશાબના અટકી જવાથી જ્યારે ત્યારે દુખ પામેછે. જ્યારે માણસ એ રીતે આટલી સંભાલ છતાં દુખ પામેછે, ત્યારે ઘોડા જેવું જનાવર જે પોતાનાં બદનની સફાઈને અરથે એક અભણ અને આલસુ ઘોડાવાલાને આધારે પડેલું હોયછે અને જેને કોઈ કોઈ વેલા પાંચ છ કલાક સુધી યા તેથી પણ વધારે વખત સુધી પોતાના શેઠની નોકરીમાં રોકાઈ રહેવાને લીધે પીશાબની હાજત પુરી પાડવાની તક મલતી નથી, તે જનાવર આવાં દરદથી રીબે એમાં કાંઈ પણ શક નથી.

નીશાની—આ દરદની મુખ્ય નીશાની એ છે કે, જ્યારે તે જનાવર ઉભું હોયછે ત્યારે તે પોતાના પાછલા પગો લાંબા કરેછે, ઘણાજ જોશથી કાંસેછે, દુખથી તે ધુરવાનો અવાજ કહાડેછે, અને પછી એક યા બે તીપાં પીશાબનાં બહાર નીકલેછે અને કોઈ વેલા તો તેટલાં તીપાં પણ બહાર નીકલ્યા વગર તે જનાવરની સઘલી કોશેશ નીશફલ જાયછે. આ પ્રમાણે તે જનાવર પીશાબ કરવાને વારંવાર કોશેશ કરયા કરેછે અને દર વખતે તેની તે કોશેશ નીશફલ જાયછે. જો હાથની ઉપર સારીપડે તેલ લગાડી તે હાથ સફરામાં ખોસી ફુક્કાની જગ્યા સુધી લઈ ગયા હોઈએ તો તે ફુકકો પીશાબથી ભરાઈ

ગયલો માલમ પડશે. આ નીશાની આ દરદની પારખ માટે તદન ખાતરીપુરવક છે. આ નીશાની વીશે તપાસ કરતી વખતે યાદ રાખવું કે ફુક્કો હંમેશાં આંતરડાંની નીચે હોય છે માટે થોડોક હાથ અંદર ગયા પછી (એટલે કે એક સાધારણ હાથ કોણી સુધી અંદર ગયા પછી) તે હાથનું દબાણ આંતરડાંની હેઠલી દેવાલ ઉપર ચલાવવું, એટલે જો પીશાબનો ફુક્કો ભરાઈ ગયલો હશે તો તરતજ હાથને લાગશે. આ દરદમાં તે જનાવર કોઈ કોઈ વેલા ઘણુંજ કંટાલી જાયછે, અને તેની વારંવારની કાંસણ પછી પીશાબ નહીં થવાથી તે ઘેલું થઈ ગયલું હોય તેવો દેખાવ આપેછે. આવી વેલાએ ભેજાંનું દરદ યા ચુંકો થયો હોય એવું સમજી લેવા અગાઉ સારી પડે વીચાર કરવાની જરૂર છે. તે જનાવરના પાછલા પગ લંબાવેલા હોય અને પહોલા ફાવેલા હોય, પેટ ઉપર માંસના લોચાઓનું ફુક્કાની બાજુએ ચાલુ દબાણ થતું દેખાય, ચહેરા ઉપર ભારે આતુરતા જણાય, અને તે જનાવર વારંવાર પેટના ખાડા તરફ નજર કરતું હોય તો એ સઘલી નીશાનીઓની હાર આ દરદની હાજરી દેખાડે છે, અને એ સઘલી નીશાનીઓ ભેગી તપક તપક પીશાબ નીપાતી હોય તો એ દરદની હાજરી માટે વધારે ખાતરી મલેછે. જ્યારે એ સઘલી નીશાનીઓ માલમ પડે ત્યારે ખાતરી કરવાને અરથે સફરાને માર્ગે ફુક્કાની હાલત તપાસવાને ચુકવું નહીં. જો એ રીતે ફુક્કાની તપાસ કરવાથી તે ભરેલો જણાય તો આ દરદની હાજરી વીશે કાંઈ પણ શક રાખવો નહીં.

કારણ—પીશાબના ફુક્કાનાં મહોડાં આગલ કુદરતે એક વીંટી જેવો માંસનો લોચો મુકેલો છે, જે માંસનો લોચો આખો વખત ચાલુ સંકોચાએલો રહેછે અને જ્યારે જનાવરની મરજી પીશાબ બહાર કહાડી નાખવાની થાયછે ત્યારેજ તે માંસનો લોચો પહોલો થઈ પીશાબને બહાર નીકલી જવાનો મારગ ખુલ્લો કરી આપેછે. જ્યારે આ માંસના લોચામાં કાંઈ દરદને લીધે યા કોઈ બીજાં કારણને લીધે તાણ થાયછે, ત્યારે જનાવરની ગમે એવી મરજી છતાં તે પહોલો થતો નથી, અને સંકોચાએલી હાલતમાંજ રહેછે, જેથી ફુક્કામાં પીશાબનો મોટો જથો એકઠો થએલો હોયછે તે છતાં પીશાબને બહાર નીકલી જવાનો મારગ મલતો નથી. આ કારણને લીધે પીશાબ અટકી જાયછે, અને જેમ જેમ તે જનાવર પીશાબ બહાર કહાડવાની વધારે જોરમાં કોશેશ કરેછે તેમ તેમ ફુક્કાનાં મહોડાં આગલનો માંસનો લોચો વધારે તાણપર ચહડી વધારે જોશથી સંકોચાય છે.

કેટલીક વેલા આ દરદ ફુક્કાની દેવાલોમાં પંથરાઈ ગયલા માંસના લોચાઓમાં લાગુ પડતા લકવાને લીધે પેદા પડેછે. ફુક્કાની દેવાલોમાં જે માંસના લોચાઓનું પાતલું પડ પંથરાયલું છે તે માંસના લોચાઓને લીધે ફુક્કો સંકોચાય છે અને તેવી રીતે ફુક્કા ઉપર દબાણ થવાથીજ તેમાં એકઠી થયલી પીશાબ જોશમાં બાહાર નીકલેછે. હવે જ્યારે આ માંસના લોચાઓમાં લકવો લાગુ પડયો હોય ત્યારે અલબત્તે તે માંસના લોચાઓ સંકોચાતા નથી, અને તે માંસના લોચાઓ નહીં સંકોચાવાથી પીશાબના ફુક્કા ઉપર દબાણ થતું નથી, જે દબાણ નહીં થવાને લીધે પીશાબ ફુક્કામાંથી બહાર નીકલી શકતી નથી.

આંતરડાંમાં થતું તાણ, ચુંક્રો વગેરે દરદોમાં પણ પીશાબ અટકી જાયછે, પણ તે વેલા તે જનાવર વારંવાર પીશાબ કરવાની હાજત માટે આતુર થતું જણાતું નથી.

કેટલીક વેલા ફુક્કામાં પથરી બંધાવાને લીધે અને તે પથરી પીશાબ કરતી વેલાએ ફુક્કાના મહોડાં આગલ આવીને પીશાબનો મારગ બંધ કરતી હોવાને લીધે આ દરદ થાયછે. કોઈ કોઈ વેલા પીશાબની નલીમાં પથરીથી, સોજાથી, યા બીજાં દરદોથી કાંઈ નડ હોવાને લીધે આ દરદ લાગુ પડેછે. ઘણીક વેલા એમ બનેછે કે આલસુ ઘોડાવાલાઓ ઘોડાની પીશાબની નલી જે કોઠલીમાં સચવાએલી રહેછે તે કોઠલીમાંથી નીકલતો મેલ સાફ કરતા નથી અને તે મેલ ત્યાં એકઠો થઈ પીશાબની નલીનું મહોડું બંધ કરી નાખેછે, જે કારણને લીધે પીશાબ અટકી પડેછે. કેટલીક વેલા એમ બને છે કે, જનાવરને ઘણીજ લાંબી મંજલપર લઈ જવામાં આવેછે, અને પીશાબ કરવાની તેને કાંઈ પણ તક મલતી નથી. આવી વેલાએ પીશાબનો ફુક્કો તદ્દન ભરાઈ જાયછે અને તે હદ વગર ફુગી ગયલા ફુક્કાના માંસના લોચાઓ ઘણાજ ખેંચાઈ ગયલા હોવાથી ફુક્કાની દેવાલો ઉપર તેઓ જોઈએ એવું દબાણ કરવાને અશક્ત થઈ પડેછે. આ કારણને લીધે ફુક્કો તદ્દન છલાછલ ભરાઈ ગયલો હોવા છતાં ખાલી થઈ શકતો નથી.

ઉપાય—કમર ઉપર ગરમ પાણીના સેક કરવા અને ત્રણ પેંટ પાણી સાથે એક આઊંસ અફીમ ઉકાલી તે પાણી ફુકું થાય એટલે સફરાને રસ્તે તેની પીચકારી મારવી. જનાવરનાં બદન ઉપર ગરમ ઝુલ નાખવી, અને પછી નીચલી મેલવણીની ગોટી બનાવી ગલાવવી.

કપુર..	૨ ડ્રામ.
અફીમ	૧ ,,

આ દવાઈઓને અલસીના આટા અને ગોલ સાથે મેલવી તેની ગોટી બનાવવી. જો આ ગોટી આપવા પછી બે કલાક રહીને પીશાબ નહીં છુટે તો પાછી તે ગોલી બીજી વખત ગલાવવી, અને અફીમનાં પાણીની ઉપલી પીચકારી પણ પાછી મારવી; અગરજો જનાવર ઘણુંજ કંટાલો ખાઈ પાણી પાણી થઈ જતું જણાય તો પીશાબ કરાવવાની ગટાપરચાની સલી પીશાબની નલીને રસ્તે ફુક્કામાં દાખલ કરી પીશાબ બહાર ખેંચી કહાડવી.

જો પીશાબની નલીમાં મેલ ભરાયો હોય તો તે સાફ કરવી. જો ચુંકાને લીધે પીશાબ અટકી ગઈ હોય તો ચુંકાના ઉપાયો કરવા. જો લકવાને લીધે પીશાબ બંધ થઈ હોય તો પહેલાંથીજ સલી મેલી પીશાબ કરાવવી, અને જો પથરી થઈ હશે તો તે પણ સલી મેલવાથીજ ખસી જઈ પીશાબને છુટવાનો મારગ આપશે.

લોહી જેવી પીશાબ—(Hæmaturia or Bloody Urine.)

કોઈક વેલા પીશાબમાં લોહી જાયછે, અને ઘણીક વેલા લોહી જેવી પીશાબ પીશાબમાં લોહીની હાજરીને લીધેજ નહીં પણ બીજાં કારણને લીધે થાયછે.

નીશાની—પીશાબ ધુમાડાના અથવા પોરતવાઈનના જેવા રંગની થાયછે. કેટલીક વેલા પીશાબનો સઘલો જથોજ એવા રંગનો નીકલેછે, અને કેટલીક વેલા પીશાબની પહેલી ધાર યા પાછલી ધાર એવા રંગની નીકલી બાકીની પીશાબ સાધારણ રંગનીજ થાય છે. કેટલીક વેલા આવા રંગની પીશાબ છલલવા પછી તે તેવીને તેવીજ રહેછે અને કેટલીક વેલા કાંઈક રાતો થરો નીચે બેસી જાયછે. કેટલીક વેલા આવી પીશાબ થતાં જનાવર ખંચાઈ ખંચાઈને પીશાબ કરેછે, અને કેટલીક વેલા તે કાંઈ પણ હરકત વીના એકજ ધારે છુટેછે.

કારણ—ગુરદામાં સોજો ચહડવાથી તેની સુક્ષમીક નેસોમાંથી લોહી ઝરતું થઈ પીશાબને લોહી જેવો રંગ આમેછે. કેટલીક વેલા ઘણી કસરત કરવાથી થતો ખેંચાવો ગુરદામાંની નેસોને ફોડી નાખી તેમાંથી લોહી વહેતું કરેછે. જો ગુરદામાંથી રેતી જતી હોય તો તે રેતીના ઘસારાથી પણ આ પ્રમાણે પીશાબને રસ્તે લોહી જાયછે. ઘણોજ પુષ્ટીકારક ખોરાક ખવાડયાથી પણ લોહીના રંગની પીશાબ થાયછે. પીશાબના માર્ગમાં જો કાંઈ સોજો ચહડયો હોય અને તેનાં પરીણામ તરીકે પીશાબની નલીમાંનો જો થોડોક ભાગ ખવાઈ ગયો હોય, તો તેમાંથી પણ પીશાબ સાથે લોહી વહેતું થાયછે. ઘણીક વેલા પથરીની હાજરી પણ લોહી જેવી પીશાબને જનમ આપેછે.

ઉપાય—પહેલાં બનતાં સુધી દરદનું કારણ સોધી કહાડી તે કારણ દુર કરવાની કોશેશ કરવી. જો ઘણોજ પુષ્ટીકારક ખોરાક ખવાડવાથી આ દરદ થયું હોય તો એકદમ તે પુષ્ટીકારક ખોરાક બંધ કરી જનાવરને હલકા ખોરાક ઉપર રાખવું, અને અલીઆનો જોલાબ આપવો. જો પીશાબમાં રેતી જતી હોય તો રેતી ધોઈ કહાડવાના ઉપાયો કરવા. જો પીશાબના માર્ગમાં સોજો ચહડી કાંઈ જખમ થયો હોય અને તે જખમમાંથી લોહી વહેતું હોય તો જખમ રૂજ લાવવાની કોશેશ કરવી. જો કાંઈ દેખઈતાં કારણ વગર આ પ્રમાણે લોહી જતું હોય તો નીચલા એલાજો સાધારણે લાગુ પડી શકશે.

પહેલાં તે જનાવરને એક હલકો જેવો જોલાબ આપવો અને તેને પીવાનાં પાણીને બદલે અલસીની ચાહ આપવી. પછી દહાડામાં બે વખત બે ડ્રામ તીંકચર આવ સ્તીલ પાણી સાથે મેલવીને પાવું. એ પ્રમાણે જ્યાં સુધી પીશાબનો રંગ ખુલ્લો થાય ત્યાં સુધી એ દવાઈ પાવી. સહવાર સાંજ પાણી સંગાતે બે ડ્રામ સુરેખાર મેલવીને આપવો કે જેથી પીશાબ સાફ છુટી તેની સંગાતે સઘલો કચરો ધોવાઈ જશે.

આ દરદમાં મુખ્ય વાત એ ધ્યાનમાં રાખવાની છે કે, પીશાબના મારગોને અંદરથી બનતાં સુધી લીસા કરી તેમને આરામ આપવો. આ કારણને માટે અલસીની ચાહ યા સીસમનાં પાંદડાંનો ઉકાલો ઘણોજ સરસ છે.

કાલી પીશાબ—(Azoturia or Black Urine.)

લોહી જેવી પીશાબ જે કારણોથી થાય છે તેમાંનાં એક કારણથી કાલા રંગની પીશાબ થાય છે, પણ એ બંન્ને દરદોની નીશાની અને ઉપાયો એકેકથી ઘણાજ ઉલટા છે.

નીશાની—પીશાબનો રંગ લાલ લોહી જેવો યા પોરતવાઈનના જેવો, યા ધુમાડાના જેવો હોવાને બદલે તદન કાલો કોયલા જેવો હોય છે. ઘણું કરીને આ દરદ અચબુચ આવી પુગતું માલમ પડે છે. જનાવરે થોડાક દહાડા તબેલામાં કહાડ્યા પછી તેને જો કામસર બહાર કહાડયું હોય છે તો થોડેક તફાવતે ગયા પછી તે એકદમ લંગડું થઈ ગયલું માલમ પડે છે, તેની કમર ભાગી ગઈ હોય યા તેના જાંગના થાપાઓમાં કાંઈ ગોટલાં ભરાઈ આવ્યાં હોય એવો દેખાવ થઈ જાય છે. ઘણું કરીને પાછલા પગોમાંનો એક વધારે આગલ નીકલી આવેલો માલમ પડે છે અને જો તે જનાવર તે પગ ઉપર સેહેજ પણ ભાર મુકવાની કોશેશ કરે છે તો તેના જાંગના થાપામાં એટલું તો જોરમાં તાણ થઈ આવી દુખારો થાય છે કે તે જનાવર લગભગ જમીન ઉપર ફસડાઈ પડતું હોય તેવું માલમ પડે છે. તેનું આખું આંગ પરસેવાથી ભીંગાઈ જાય છે અને તેના જાંગના થાપાઓમાં એટલો તો જોરમાં દુખારો થતો હોય છે કે તે જનાવર દુખથી દેવાનું બની જઈ, જે કાંઈ ચીજ દાંતમાં આવે છે તેને કરડી ખાય છે અને તેમ નહી તો પછી તે દુખતો ભાગ યા આગલો પગ કરડીને પોતેજ લોહી લુવાન બની જાય છે. પીશાબ જોકે ઘણી જોરમાં છુટતી નથી, તોપણ તેનો જથો ઘણોજ મોટો હોય છે. થોડાક વખત સુધી ઉપર જણાવ્યા પ્રમાણેની નીશાનીઓથી તે જનાવર દુખી જણાયા પછી તે જમીન ઉપર પછડાઈ પડે છે અને અરધી ઘેલાપણાંની અને અરધી લકવાવાલી હાલતમાં તે રીબી રીબીને થોડા કલાકમાં મરણ પામે છે.

કેટલીક વેલા ઉપર વરણવ્યા પ્રમાણેની સઘલી નીશાનીઓ જણાયાને બદલે થોડીજ નીશાનીઓ માલમ પડે છે અને દુખની જાત પણ ઘણીજ નરમ હોય છે.

કારણ—આ દરદનું મુખ્ય કારણ ચોકસ જાતનો પુષ્ટીકારક ખોરાક છે; વટાણા, વાલ, શીંગ અને એવીજ બીજી જાતનો ઘણી ગરમી પેદા કરે એવો ખોરાક આ દરદને જનમ આપે છે. ચોકસ દેશોની જમીન કે જેમાં સુરાખારને મલતી આવતી નાઈત્રેત આવ સોદા નામની વસ્તુ હોય છે, તે વસ્તુવાલી જમીન ઉપર ઉગતું ઘાંસ આ દરદ પેદા કરવાનું એક

મુખ્ય મુલ છે. વલી ચોકસ મુલકની હવા અને ખોરાક પાણી પણ આ દરદને જનમ આપવામાં મોટો ભાગ લે છે. ઘણોજ પુષ્ટીકારક ખોરાક બેસાડીને ખવાડ્યા પછી લાંબી મુદતે જો જનાવરને તબેલાની બહાર કહાડી તેની પાસથી જોઈતું કામ લીધું હોય તો ત્યાર પછી આ દરદ પોતાનો દેખાવ દે છે. આ દરદમાં પીશાબની અંદર યુરીઆ નામનો પદાર્થ ઘણાજ મોટા જથામાં હાજર હોય છે. આ પદાર્થ પેદા પડવાને અરથે માંસના લોચાઓમાં ભારે ઘસારો થવોજ જોઈએ અને એ કારણને લીધેજ આ દરદ પુરતી કસરત કીધા પછીજ દેખાવ દે છે. એવું માનવામાં આવે છે કે, એક જનાવરને બેસાડી રાખીને પુષ્ટીકારક ખોરાક આપ્યા કીધાથી તે જનાવરના માંસના લોચા પુશકલ ખોરાક મલવાથી કદમાં વધે છે ખરા, પણ કુસરતની ગેરહાજરીમાં તેઓ કદના વધારા સંગાતે સંગીનપણામાં વધવાને બદલે ઘટતા જાય છે, જે ઘટાડો તેમને ઢીલા કરી મેલે છે. આવી રીતે ઢીલા થએલા માંસના લોચાઓ કસરત કરતાં ઘણાજ જલદી ઘસાઈ જાય છે, જે ભારે ઘસારાનાં પરીણામ તરીકે મોટા જથામાં યુરીઆ પેદા પડે છે અને તે યુરીઆ પીશાબની મારફતે બહાર નીકલતાં પીશાબને કાલો રંગ આપે છે.

ઉપાય—પહેલાં તે જનાવરને એક મોટાં ખુલ્લી હવાવાલાં થાણમાં મુકવું અને તેની પાસે એક પાણીનું તબ ભરી રાખવું. પછી જો તે ઝોલીમાં રહી શકે તેવું હોય તો તેને ઝોલીમાં રહેવા દેવું, કારણકે આ દરદમાં તે જનાવર દેવાનાની માફક ભારે અફડાતફડી કરતું હોવાથી તેને જમીન ઉપર પડવા દેવામાં ડહાપણ નથી. કોઠો સાફ કરી પુરતી છુટથી ઝાડો લાવવાને અરથે એલીઆનો એક સખત જોલાબ એકદમ આપી દેવો. જો નાડી ઘણી ભરેલી અને ઉછાલા મારતી હોય તો ગરદન આગલની નેસમાંથી બે બાટલી લોહી કહાડવામાં ફાએદો છે. કમર અને જાંગના થાપાઓ ઉપર ગરમ પાણીથી સેક કરવા અને પછી એક મોટી જેવી થુલાંની પોલતીસ બનાવી તે પોલતીસ કમર ઉપર બાંધી દેવી. જનાવરનાં બદનને ગરમ ઝુલથી ઢાંકવું કે જેથી સારી પડે પરસેવો છુટી ગુરદા ઉપરનો ભાર ઓછો કરે.

અગરજો પીશાબ બરોબર છુટતી નહી હોય તો થોડે થોડે કલાકે પીશાબની સલી મેલવી, અને પીશાબ ખેંચી કહાડવી અને જ્યાં સુધી તે જનાવર પોતાની મેલે પીશાબ કરે ત્યાં સુધી એ પ્રમાણે પીશાબ ખેંચી બહાર કહાડ્યા કરવી.

બીજે દહાડેથી એક આઊંસ સ્વીત સ્પીરીતસ આવ નાઈતરને અરધી પેંત ટંડાં પાણી સાથે મેલવી દહાડામાં ત્રણ વખત પાવું અને જો ઝાડો બંધ હોય તો એક પેંત અલસીનું તેલ આપવું.

યાદ રાખવું કે આ દરદમાં લોહી જેવી પીશાબનાં દરદને માટે ફરમાવેલા ઉપાયો અજમાવવા નહી, અને કમરપર યા જાંગના થાપાઓ ઉપર રાઈનું પલાસ્તર યા કોઈ બીજી જલદ દવાઈનાં બ્લીસ્તર મારવાં નહી. પહેલાં તો થોડાક દીવસ સુધી હલકો અને કોઠો

ખુલ્લો રહે એવો ખોરાક આપવો, પણ પાછલથી શક્તિવાલો ખોરાક આપવા માંડવો અને દરરોજના ખોરાક સાથે એક દ્રામ હીરાકસી સહવાર સાંજ હુમેરવી, તેમજ એક બાટલી બીર દારૂ સહવાર સાંજ આપવો.

મીઠી પીશાબ અથવા ઘણી પીશાબ છુટવાનું દરદ.

(Diabetes.)

માણસ જાતને મીઠી પીશાબનું દરદ જ્યારે લાગુ પડે છે ત્યારે પીશાબ વારંવાર અને મોટા જથામાં થાય છે, તેમ ઘોડાને પણ વારંવાર પીશાબ થવાનું તેમજ મોટા જથામાં પીશાબ નીકલવાનું દરદ લાગુ પડે છે. પણ માણસની પીશાબ એ દરદમાં ખાંડનો મોટો ભાગ ધરાવે છે, જ્યારે એવાંજ દરદમાં ઘોડાની પીશાબમાં ખાંડ મુદલ માલમ પડતી નથી. આ તફાવત શીવાય ઘોડાનું આ દરદ માણસને થતાં મીઠી પીશાબનાં દરદને લગભગ મલતું આવે છે અને તેની નીશાનીઓ પણ ઘણીખરી એક મલતીજ હોય છે.

નીશાની—પીશાબ વારંવાર થાય છે અને તેની સાથે પીશાબનો જથો પણ ઘણોજ મોટો હોય છે. પીશાબનો રંગ કાચ જેવો યા નીતરાં પાણી જેવો હોય છે તેમજ તે વજનમાં ઘણી હલકી હોય છે; પીશાબ થયા પછી જનાવર જાણે કેવુંક થાકી ગયું હોય તેમ સુસ્ત થઈને ઉભું રહે છે; તેનો દમ ખાટો વાસ મારે છે; નાડી ઘણીજ ધીમી અને જોશ વગરની હોય છે. જનાવરના બદનનો બાંધો ઘણીજ ઝડપથી નબલો પડતો જણાય છે. તેનાં બદન ઉપરના બાલ પોતાનું સુંવાલાપણું ખોહી દઈ ખરબચડા બની જાય છે; દાંતના પારા, નાકની અંદરનું પડ અને આંખનું પડ ફીકાશ પકડે છે. તે જનાવર ઘણુંજ ખાધરૂં બની જાય છે અને તેમ ખાધરૂં બનવા છતાં સ્વાદીષ્ટ ખોરાક ખાવાને બદલે ચુનો, મટોડું, લાકડાં અને એવી બીજી નહી ખાવા લાયક અને નજીસાત ભરેલી જણસો ઉપર તે વધારે શોખ ધરાવતું માલમ પડે છે. કોઠો ઘણું કરીને કબજ રહે છે, અને જો લીદ થાય છે તો તે ઘણીજ ગંધ મારતી અને કુદરતી રંગની હોવાને બદલે ઘેરા લીલા યા કાલા રંગની હોય છે. તે દરદીને મુદલ કસરત કરવા ગમતી નથી અને આખો દીવસ સુસ્તીમાં કહાડે છે; જો કસરત કરાવી હોય છે તો સહેજ પણ હીલચાલ કરતાં તે પરસેવે ભીંગાઈ જાય છે. ટુંકમાં, તે પુશકલ નબલું પડી જાય છે અને કેટલીક વેલા તો તે નબલાઈનાં પરીણામ તરીકે આંખનાં ટોપાંની નીચે, પેટની નીચે, પીશાબની નલાની કોઠલીમાં અને પાછલા પગોપર સોજા ચહડી આવે છે.

કારણ—જુદા જુદા ડાકટરો આ દરદને માટે જુદાં જુદાં મત ધરાવે છે. કોઈ આ દરદ ભેજાંના ચોકસ ભાગના બીગડવાથી થતું જણાવે છે અને કોઈ તેને લોહીના

બીગડવાથી પેદા થતું જણાવે છે, તો કોઈ તેને માત્ર ગુરદાના બીગાડાથીજ જનમ્ પામતું જાહેર કરે છે. જ્યાં એ પ્રમાણે કાબેલ ડાકટરો મતફેર ધરાવે ત્યાં ચોકસ ચુકાદા ઉપર એકદમ આવી જઈ આ દરદનું ફલાણુંજ કારણ છે એમ ખાતરીથી જાહેર કરવું એ નહી બને તેવું છે. એટલું ખરૂં કે, આ દરદમાં મુખ્ય નીશાની વારંવાર અને મોટા જથામાં થતી પીશાબ છે, તો પણ તેથી એમ નથી ઠરતું કે એ દરદમાં એ નીશાની મુખ્ય હોવાથી એ ગુરદાનુંજ દરદ છે. બદનના બીજા કોઈક ભાગમાં ચાલુ થએલાં કોઈ ગંભીર દરદની એ તો માત્ર એક નીશાની છે. એટલું પણ ખરૂં કે આ દરદમાં ભેજાંની પછવાડેનો એક ચોક્સ ભાગ ઘણોજ જોખમાએલો અને નરમ થઈ ગએલો માલમ પડે છે પણ તેથી કાંઈ એમ નથી નક્કી ઠરતું કે એ દરદનું પહેલું મુલ ત્યાંજ હમેશાં હોવું જોઈએ. જુદા જુદા ડાકટરોએ ભેજાંના એ ચોકસ ભાગને હથીઆરથી એજ પ્રમાણે જોખમાવીને એટલું સાબેત કીધું છે ખરૂં કે તેમ કરતાં એજ દરદ હમેશાં લાગુ પડે છે, પણ જનાવરનાં ભેજાંમાં એ પ્રમાણે બહારથી જખમ કરયા વગર એ ભાગ જોખમાય છે તેનું કારણ શું તે તેઓએ હજી સોધી કહાડયું નથી. બદનનો એક ચોકસ ભાગ જોખમાવી એક ચોકસ દરદ આપણે લાગુ પાડી શકીએ તો તેની ઉપરથી તો માત્ર એટલુંજ સાબેત થઈ શકે છે કે તેવા ભાગના જોખમાવાથી તે દરદ લાગુ પડે છે પણ તેથી તે ભાગ પોતાની મેલે કેવી રીતે અને શા કારણથી જોખમાય છે તે કાંઈ સાબેત થઈ શકતું નથી. આવી આપણી અજ્ઞાનપણાંની હાલતમાં એકજ કારણ આપણે ખાતરીથી રજુ કરી શકીએ અને તે એ કે, લોહીમાં ચોકસ ખમીર ચહડાવે એવો ખોરાક ખાવાથી લોહીમાં જે ફેરફારો થાય છે તે ફેરફારોને લીધે આ દરદ લાગુ પડે છે. જો લોહીમાં આવા ફેરફારો થાય તો આટલું તો બનવા જોગ છે કે ભેજાંના ચોકસ ભાગમાં તેવા ફેરફારવાલાં લોહીથી ચોકસ ઉશકેરનારી અસર થાય અને તે અસરને લીધે તે ભાગ ચોકસ અવ્યવોની ઉપર ચોકસ અસર પેદા કરે. આ રીતે ગુરદાની નેસોને વધતું ઓછું લોહી પુરૂં પાડનારાં જ્ઞાનતંતુઓ ઉપર કાબુ રાખનારો ભેજાંનો કોઈક ભાગ જો જોખમાયો હોય તો તેથી ગુરદા તરફ વધારે લોહીનો પ્રવાહ ચાલુ થઈ તેમાંથી વધારે પીશાબ નીકલે એમાં કાંઈ નવાઈ નથી. કદાચ લોહીનો એ મોટો જથો જેટલી ઝડપથી ગુરદા તરફ જાય છે તેટલીજ ઝડપથી તેમાંનો પાણીવાલો ભાગ સઘલો છુટો પડતો હોય, અને તેથી બનવા જોગ છે કે પીશાબ મોટા જથામાં અને વારંવાર નીકલવા માંડે. આ દરદમાં સોજા ચહડવાની જે નીશાની છે તે નીશાની ઉપરથી લોહીમાં થતો બીગાડોજ આ દરદનું કારણ છે એવી વાતને વધારે ટેકો મલે છે.

એ રીતે લોહી બીગડે છે તે ઘણું કરીને ફુગ આવેલું ઘાંસ યા ખમીર પર ચહડેલો ખોરાક આપવાથી બીગડે છે. ઘણી લાંબી મુદત સુધી બાફેલો ખોરાક આપવાથી પણ આ દરદ લાગુ પડે છે. નબલાઈ, સરદી અને ખોરાકની કોતાઈ તેમજ અજીરણ અને બીજાં કેટલાંક દરદો પણ આ દરદને પેદા કરનારાં મુલ તરીકે ગણાય છે.

ઉપાય—આ દરદના ઉપાય તરીકે પહેલું ધ્યાન ખોરાક ઉપર દોડાવવું, અને તે જો જરા પણ શક ભરેલો માલમ પડે તો તરતજ તે બદલી નાખવો. માત્ર પાણીને બદલે અલસીની ચાહ પીવાને આપવી. ખોરાક સાથે સહવાર સાંજ એક આઊંસ બાઈકારબોનેટ આવ સોડા મેલવીને આપવો. શહરૂઆતમાં એલીઆનો એક નરમ જોલાબ આપવો.

ઉપલા સાવચેતીના એલાજો લીધા પછી જો એ સાદા એલાજોથી પીશાબના જથામાં ફાએદા ભરેલો ઘટાડો થતો જણાય અને તેનો રંગ ફેરવાતો અને કુમલી ચાહના રંગનો થતો માલમ પડે તો એજ એલાજો ધીરજથી અને ખંતથી ચાલુ રાખવા. અગરજો એ એલાજોથી કાંઈ ફાએદો નહીં જણાય તો પછી નીચલી દવાઈઓની એક ગોટી બનાવી આપવી.

આયોદીન	૧	ડ્રામ.
કપુર	૧	,,
અફીમ	૧.	,,

આ સઘલી દવાઈઓને અલસીના આટા અને ગોલ સાથે મેલવી તેની એક ગોટી બનાવવી અને તે ગોટી દહાડામાં એક વખત ખોરાક ખવાડયા પછી તરતજ ગલાવવી. યાદ રાખવું કે આયોદીન ભુખાં પેટ ઉપર હોજરીને બીગાડેછે માટે એ ગોટી ખોરાક ખવાડયા પછીજ આપવી અને ભુખે પેટે કદી પણ આપવી નહી. આ દરદમાં પીશાબ ઘણી છુટતી હોવાથી કેટલાક ડાકટરો દરદીને પાણી ઓછું આપવાની ભલામણ કરેછે, પણ તે ભલામણ ઉપર અમલ કરવો એ સારૂં નથી.

કેટલાક ડાકટરો આ દરદમાં હાઈપોસલફાઈત આવ સોડા દરરોજ ખોરાક સંગાતે અકેક આઊંસ આપવાની ભલામણ કરેછે, જે ભલામણ તદન વાજબી છે, કારણ કે આ દવાઈ જો કે સીધી રીતે આ દરદપર અસર કરતી નથી, તો પણ તે આડકતરી રીતે ઘણો ફાએદો કરેછે.

આ દરદ ખરાબ ખોરાકને લીધે લાગુ પડેછે એની એક સાબેતી એ છે કે, જનાવરની ભુખ ઘણીજ કઢંગી બની જઈ તે ચુના મટોડાં જેવી તહલેવાર ચીજો ખાવા મંડી જાયછે. હોજરીમાં પેદા પડતો ખટાશ આવી કઢંગી ભુખનું મુલ હોય એ બનવા જોગ છે, અને કુદરત તે ખટાશ તોડવાને અરથે તે જનાવરને ચુનો મટોડું વગેરે ખટાશ તોડનારી ચીજો ખાવાને ઉશકેરેછે. એવી વખતે કુદરતને મદદ કરવાને અર્થે આપણે બાઈકારબોનેત આવ સોડા વાપડીએ છઈએ. ડાકટર ઈવાનસ આવી વખતે મટોડીનું પાણી આપવા કહેછે, જેની પણ મતલબ એજ છે.

ફેફસાંનાં દરદો સાજાં થતી વખતે પીશાબ મોટા જથામાં છુટેછે તે વેલા તે પીશાબ અટકાવવાની કોશેશ કરવી નહીં, કારણ કે દરદનું ઝેર શરીરમાંથી બહાર કહાડવાને કુદરતનો એ એક સેહલ ઉપાય છે.

પીશાબનું ટપકવું—(Incontinence of Urine.)

ઘણીક વેલા એવું બનેછે કે ઘોડો એકી વેલાએ પીશાબનો ફુક્કો ખાલી કરી શકતો નથી, અને આખો વખત પીશાબ ટીપું ટીપું ટપકયાજ કરેછે.

કારણ—આવી રીતે આખો વખત પીશાબ ટપકયા કરવાનાં કારણો ઘણાં છે. જનાવરને ફુરસદ નહીં મલતાં પીશાબ ફુક્કામાં ઘણી એકઠી થઈ રહેવાથી તે ટપક ટપક ઝરક્યા કરેછે. કેટલીક વેલા પીશાબના ફુક્કાનું મોહડું સાચવનારો જે માંસનો લોચો છે તે માંસના લોચાના લકવાને લીધે ફુક્કાનું મહોડું ઉઘાડું રહી જાયછે અને તેથી આ પ્રમાણે પીશાબ ટપકયા કરેછે. કેટલીક વેલા ફુક્કાની દેવાલોમાં ફરી વલેલા માંસના લોચાઓમાં લકવો થવાથી ફુક્કો સંકોચાતો નથી અને તેથી ફુક્કામાં પીશાબ એકઠી થઈ રહેછે, જે ફુક્કાના છલાછલ ભરાઈ જવા પછી ટપક ટપક ટપકયાજ કરેછે. કેટલીક વેલા ફુક્કામાં પથરી આવીને અટકયાંથી પણ આ પ્રમાણે પીશાબ ઝરક્યા કરેછે. ફુક્કાના સોજાથી પણ આ દરદ લાગુ પડેછે.

ઉપાય—આ દરદમાં મુખ્ય ઉપાય જે કારણને લીધે એ દરદ થયું હોય તે કારણ દુર કરવામાં સમાએલો છે. જો લકવાને લીધેજ આ દરદ થયું હોય તો તરત વેલાએ કાંઈ તે દુર થતો નહી હોવાથી પીશાબની સલી દાખલ કરી પીશાબ કહાડવી જોઈએ, અને પછી "લકવા"ના મથાલાં હેઠલ ફરમાવેલા એલાજો કરવા જોઈએ.

ફુક્કામાં ચહડતો સોજો—(Cystitis.)

ઘોડાના ફુક્કામાં કુદરતી રીતે કવચીતજ સોજો ચહડેછે, પણ માણસની ભુલથી આ દરદ તેને વારંવાર લાગુ પડેછે.

નીશાની—જનાવરને દુખ થતું હોવાથી તે અછાડ પછાડ કરતું માલમ પડેછે, અને પીશાબ કરવાની તે વારંવાર કોશેશ કરેછે. જો પીશાબ થાયછે તો તે ઘણીજ મુસીબતે થાયછે અને તેમ કરતાં ઘણું દુખ થતું હોય તેવું માલમ પડેછે.

કારણ—પીશાબના ફુક્કામાં પથરી બંધાવાથી આ દરદ જનમ પામેછે. ઘણીક વેલા આ દરદ માણસની ભુલથી જનમ પામેછે. જો ઘોડાનાં બદનની સપાટી ઉપર એક મોટું બ્લીસ્તર મારયું હોયછે તો તે સપાટીમાંથી બ્લીસ્તરની દવાઈ ચુસાઈ જઈ ફુક્કાનો સોજો પેદા કરેછે અને આતશ સમાન જલતી પીશાબ ટપકયા કરેછે. તરપીનતાઈન પણ અક્કલ વગર મોટા જથામાં આપવાથી આ દરદ લાગુ પડેછે.

ઉપાય—અગરજો બ્લીસ્તર મારવાથી આ દરદ થયું હોય તો તરતજ તે બ્લીસ્તર વાલી જગ્યા ધોઈને સાફ કરી નાખવી. કોઠો સાફ કરવાને અરથે એક હલકો જોલાબ આપવો અને પાણી પાવાને બદલે અલસીની ચાહ આપવી. કમર ઉપર ગરમ પાણીના સેક કરવા અને ચાર આંઊંસ લાઈકર એમોની એસીતેતીસ એક પ્રૉંટ પાણી સાથે મેલવી દહાડામાં ચાર વખત પાવું.

ગુરદાનો સોજો—(Nephritis.)

ઘોડાનાં બદનમાં જે લોહીનો મોટો જથો છે તે લોહીના મોટા જથાને ઝેરી વસ્તુઓ-થી મુકત કરવાને અરથે ગુરદાઓ કામે લાગેછે, અને આખો દીવસમાં તે ગુરદાઓ ઉપર એ કારણને લીધે ઘણું મોટું કામનું દબાણ આવી પડેછે. આવાં એક અગત્યનાં કામમાં ચાલુ રોકાએલા અવ્યવોમાં સેહેજ પણ ખલલ થતાં સોજો ચહડી આવે એ તદન સ્વભાવીક છે.

નીશાની—ચેહરો સુસ્ત અને બ્યાતુરતા તથા દુખથી ભરેલો માલમ પડેછે. જના-વર પોતાના પેટના ખાડા તરફ વારંવાર નજર ફેરવેછે. પીશાબ વારંવાર થયા કરેછે, પણ તે ઘણાજ થોડા જથામાં હોયછે; પીશાબ કરતી વખત ઘણી મુસીબત પડેછે અને જના-વર દુખથી કાંસણ કુંસણ કરેછે. પહેલવહેલાં પીશાબ રતાશ ઉપર અને કોઈ કોઈ વેલા તદન લોહી જેવી થાયછે. રફતે રફતે જેમ જેમ સોજો આગલ વધતો જાયછે તેમ તેમ પીશાબ વધુ ને વધુ ઓછી થતી જાયછે અને આખરે તે તદનજ નીકલતી બંધ થાયછે. આવી રીતે જો કે ગુરદામાંથી પીશાબ નીકલતી બંધ થાયછે, તો પણ તે જનાવર પીશાબ કરવાની કોશેશ કરયાજ કરેછે, અને તે કોશેશનાં પરીણામ તરીકે માત્ર બે ચાર ટીપાં પી-શાબની નલીના મારગમાં અને ફુક્કામાં ઝરફતી રસીનાં બહાર નીકલેછે. નાડી પહેલાં ભ-રેલી, કઠણ અને ઝડપથી ધબકતી હોયછે પણ જેમ જેમ દરદ વધતું જાયછે તેમ તેમ તે નબલી, પોચી અને પુશકલ ઝડપવાલી બની જાયછે. દરદી પોતાના પાછલા પગો એવી રીતે પહોલા કરીને ઉભું રહેછે કે જાણે તે હવડાં પીશાબ કરતું હોય, પણ તેનેથી પીશા-બ થતી નથી. જો દરદી ખસી કરયા વગરનું નર જનાવર હોયછે તો તેની ગોલીઓ વા-રાફરતી ઊંચે ચહડતી અને નીચે ઉતરતી માલમ પડેછે. જો કમર ઉપર સેજ પણ દબા-ણ કીધું હોય છે તો તે જનાવર જોરમાં ચોંકેછે, ઝાડો કબજ હોયછે, દમ જોરમાં ચા-લેછે અને પાણી માટે તે દરદી ઘણી ખાહેશ રાખતું માલમ પડેછે. કોઈ કોઈ વેલા આ દરદમાં પીઠ કમર આગલથી ઊંચી થઈ જાયછે, પણ આ નીશાની કાંઈ હંમેશાં માલમ પડતી નથી.

કોઈ કોઈ દરદીઓમાં આ દરદની વેલા દુખારો ઘણોજ જોરમાં થાયછે અને તે જનાવર જમીન ઉપર પડી એમથી તેમ અફડા તફડી કરેછે. કોઈ કોઈ દરદીઓ દરદવાલા ભાગ તરફ ડોકું પહોંચાડીને તે ભાગ આગલ બાચકાં ભરેછે.

અગરજો પીશાબ લાંબો વખત સુધી ગુરદામાંથી બહાર નહીંજ છુટે તો દરદી એ-સુધીમાં પડી રહેછે.

કારણ—આ દરદનાં કારણોમાં મુખ્ય કારણ સરદી છે. ગરમ તબેલામાંથી એકદમ બહારની ઠંડી હવામાં લઈ જવાથી આ દરદ લાગુ પડેછે. વરસાદનું પાણી કમર ઉપર ટપકવાથી પણ આ દરદ જનમ પામેછે. તે જનાવરનો સવાર જો કઢંગી રીતે સ્વારી કરનારો હોયછે તો તેની કમરના માંસનાં લોચાઓ પોતાના ઘસારાથી ગુરદાને નુકસાન પહોંચાડે છે. પીશાબ જોશમાં છોડવનારી દવાઈનો અણઘટતો ઉપયોગ કીધાથી પણ આ દરદ લાગુ પડેછે અને કેટલીક વેલા ફુગાઈ ગયલો ખોરાક ખાવાથી પણ એ દરદ જનમ પામેછે.

ઉપાય—અગરજો તાવને લીધે આ દરદ લાગુ પડયું હોય તો તે વખતે લોહી કહાડવાની કાંઈ જરૂર નથી, પણ જો સરદીથી આ દરદ જનમ પામ્યું હોય અને નાડી જોશવાલી માલમ પડે તો તેવી વેલાએ બે બાટલી લોહી કહાડવામાં ઘણો ફાએદો છે. આ દરદમાં કોઠો કબ્જ હોયછે અને તે ખુલ્લો કરવાથી આ દરદનું જોશ ઘણે દરજજે નરમ પડેછે, માટે પહેલવહેલાં એલીઆનો એક જોલાબ આપવો, અને પછી અલસીની ચાહ, કાંજી વગેરે નરમ ખોરાક આપી કોઠાને ચાલુ ખુલ્લો રાખવો. કમર ઉપર ગરમ પાણીનો સેક કરવો, અને આખું બદન ગરમ ઝુલમાં વીંટાલી લઈ કોઈ પણ રીતે પરસેવો પાડવાની કોશેશ કરવી, કારણ કે આ દરદમાં ગુરદા પોતાને સોંપેલું કામ નહીં કરતા હોવાથી ચામડી ઉપર તે કામનો થોડો ઘણો પણ બોજો નાખવાથી ફાએદો થાયછે. ઘોડાનાં ગુરદા તેમને સેહેજ પણ ઉશકેરનારી દવાઈથી એકદમ ઉશકેરાઈ જાયછે, માટે આ દરદમાં પીશાબ છુટે એવી કોઈ પણ દવાઈ આપવી નહીં. યાદ રાખવું કે દુખારો નરમ પાડવાને અરથે બ્લીસ્તર વાપડવું નહીં યા તરપીનતાઈન લગાડવું નહીં. પરસેવો પાડવાને અરથે ચામડીને બાફ આપવાના યા ઘસવાના એલાજો કરવા, પણ તે કારણસર પીવાની દવાઈ આપવી નહીં કારણ કે પરસેવો પાડનારી ઘણીખરી દવાઈઓ ગુરદાને પણ ઉશકેરનારી હોયછે. કેટલાક ડાકટરો આ દરદમાં થતો જોરાવર દુખારો નરમ પાડવાને અરથે અફીમની મેલવણીઓ વાપડવાની ભલામણ કરેછે, પણ જ્યાં પીશાબ તદન બંધ થઈ ગયલી ત્યાં અફીમ વાપડવાથી પીશાબ વધારે બંધ થાય એવી ભલામણ કરવી કોઈ પણ રીતે વાજબી નથી.

નહીં પરખાય એવાં ગુરદાનાં દરદો.

(Obscure Diseases of the Kidneys.)

ઘોડાનાં ઘણાંક દરદો એવાં છે કે જે જીવતાં જનાવરમાં પરખાઈ શકાતાં નથી, પણ તે જનાવરનાં મરણ પછી તેનું બદન ચીરી તેના જુદા જુદા ભાગો તપાસતાં તે દરદોની હાજરી માલમ પડેછે. ગુરદામાં થતાં ધુમડાં, ગુરદાના માવામાં થતા ફેરફારો, અને બીજાં ગુરદાનાં દરદો એવાં ઘણાંક છે કે જેમની નીશાની જીવતાં જનાવરમાં કવચીતજ માલમ પડેછે. આ કારણને લીધે તેમનું ત્યાં લંબાણ વરણન કરી ખાલી જગ્યા રોકવાને વાજબી વીચારવામાં આવતું નથી: આવાં ગુપ્ત દરદો ઘણાં આગલ વધયા પછી તેમની નીશાનીઓ કોઈ કોઈ વેલા માલમ પડેછે, પણ ત્યાર પછી તેમના એલાજો કરવા અને નહીં કરવા એ બંને સરખું છે, કારણ કે આ દરદો આગલ વધ્યા પછી કદી પણ સારાં થતાં નથી.

ફુક્કામાં બંધાતી પથરી—(Calculi.)

જેમ ફુક્કામાં પથરી બંધાયછે તેમ ગુરદામાં પણ કોઈ કોઈ વેલા પથરી બંધાય છે, પણ તે જેટલી ફુક્કામાં સાધારણ છે એટલી ગુરદામાં નથી, એટલુંજ નહીં પણ તેની નીશાનીઓ પણ ઘણીક વેલા ગેરહાજર હોવાથી તે દરદ પારખવું મુશકેલ પડેછે. આ કારણને લીધે ગુરદામાં બંધાતી પથરીને વીશે કાંઈ પણ બોલ્યા વીના ફુક્કામાં બંધાતી પથરી વીશે ત્યાં બે બોલ લખીશું.

નીશાની—પીશાબ કરવાને જનાવરને વારંવાર હાજત થયા કરેછે, અને તે જનાવર તેમ પીશાબ કરવા જાયછે તેટલાં થોડીક ધાર પડી તે પાછી અટકી જાયછે. પીશાબ ટપક ટપક તીપાયા કરેછે. કોઈ કોઈ વેલા ચુંકો થઈ આવેછે. પુછડી એમથી તેમ વારંવાર હીલયા કરેછે. પાછલા પગો બે લાકડાંના થાંબા હોય તે માફક જડ થઈ ગયલા માલમ પડેછે. જો હાથ ઉપર તેલ લગાડી તે સફરામાં દાખલ કીધો હોય અને કોણી સુધી તે અંદર ગયા પછી સફરાની નીચલી દેવાલ ઉપર દબાણ કીધું હોયછે તો પીશાબના ફુક્કામાં બંધાએલી પથરી તરતજ હાથને માલમ પડી આવેછે.

કારણ—પીશાબના ફુક્કામાં પથરી કેવી રીતે બંધાએછે તે વીશે હજી સુધી ડાકટરો જુદાં જુદાં મત ધરાવે છે. પણ એટલું તો નક્કી છે કે લોહીમાંથી ચોકસ નહીં પીગલે એવા પદાર્થો છુટા પડી તેઓ ગુરદાને રસ્તે ફુક્કામાં આવી એકઠા થાયછે અને ત્યાં

તે નક્કર પદાર્થોની રજકણ લાંબી મુદત સુધી એકઠી થઈ મોટી પથરીનો આકાર પકડે છે, અને તેમ થતાં પીશાબના સાફ છુટવામાં હરકત કરેછે. આ પથરી એક બોરના ઠલીઆથી તે એક માણસનાં માથાં જેવડી મોટી થાયછે. આવડી મોટી ચીજ પીશાબ કરવાનાં કામમાં ભારે ખલલ કરે એમાં કાંઈ નવાઈ નથી.

ઉપાય—આ દરદનો ઉપાય એક ડાકટરથીજ થઈ શકે એવો છે, કારણ કે એ પથરી સફરાને રસ્તે કાપ મેલી ફુક્કામાંથી કહાડયા વીના છુટકો નથી. જો પથરી વાલાં દરદીને દરરોજ બે ડ્રામ નરમ હાઈદરોકલોરીક એસીડ થોડાંક પાણી સાથે મેલવીને આપી હોય તો તેથી પથરી વધારે બંધાતી અટકશે. પણ આ દવાઈ ઉપર કાંઈ ઘણો ભરોસો રાખી શકાતો નથી, કારણ કે ચોકસ જાતની પથરીઓજ એ દવાઈથી બંધાતી અટકશે, જ્યારે ચોકસ જાતની પથરીઓ ઉપર એ દવાઈથી કાંઈ પણ અસર થવાની નથી.

આ પથરીઓ ઘણી જાતની થાયછે, જેમાં ઘણું કરીને ચુનાવાલા ખારોનો મોટો ભાગ હોયછે.

કેટલીક વેલા જો પથરીનું કદ નાનું હોયછે તો તે ફુકકો છોડીને આગલ વધેછે, અને પીશાબની નલીમાં આવીને અટકી બેસેછે. આવી વેલા ઘણું કરીને તે જનાવર પીશાબની નલીનો આગલો ભાગ વારંવાર બહાર કહાડેછે. આ ભાગમાં અટકી બેઠેલી પથરી પણ એક શસ્ત્ર વઈદ તરફનાં વહાડકાપની જરૂર ધરાવેછે.

મુત્ર નલીની કોથલીનું સંકોચાઇ જવું.

(Phymosis & Paraphymosis.)

નીશાની—મુત્ર નલીની કોઠલીનું સંકોચાવું બે રીતે થાયછે. એક તો એ કે કોઠલીનું મોહ સંકોચાઈ જવાથી મુત્ર નલી બહાર નીકલી શકતી નથી, અને બીજી રીત એ કે મુત્ર નલી જ્યારે બહાર નીકલેલી હોયછે ત્યારે તેના આગલા ફુલેલા ભાગમાં સોજો ચહડી આવ્યાથી તે નલી પાછી અંદર ખેંચાઈ શકાતી નથી, અને મુત્ર નલીની કોઠલી પણ વધારે સંકોચાઈ દુખમાં વધારો કરેછે. કેટલીક વેલા ચાંદાં પણ નજર આવેછે.

કારણ—કુદરતી હાલતમાં મુત્ર નલીને બહાર નીકલવાને અરથે તે નલીની કોઠલીમાંથી અને તે નલીના આગલા ફુલેલા ભાગમાંથી ચોકસ ચીકાશવાલો પદાર્થ ઝરફયા કરેછે. આ ચીકાસ વાલો પદાર્થ જો લાંબો વખત રહયો તો સુકાઈને તેજ જગ્યાએ બંધાઈ જાયછે. આવી રીતે જો લાંબો વખત સુધી તે પદાર્થ બંધાતોજ રહેછે તો પછી તે મુત્ર નલીના આગલા ફુલેલા ભાગમાં અને મુત્ર નલીની કોઠલીમાં સોજો પેદા કરેછે. ઘ-

ણીક વેલા આ મુત્ર નલી જ્યારે વીરહના જોશથી ફુલેલી હોયછે ત્યારે કેટલાંક મુરખ માણુસો પોતાની મજાહને ખાતર તેની ઉપર લાકડીના ઝપેટા મારેછે, જેનાં પરીણામ તરીકે તેમાં સોજો ચહડેછે. કેટલીક વેલા ઘોડી સાથે સંબંધ કરતાં પણ કદાચ તેણી ખીજવાઈ જોરમાં લાત મારેછે તો તે વેલા પણ આ દરદને પેદા પડવાનું કારણ મલેછે.

ઉપાય—બનતાં સુધી મુત્ર નલીને અને તેની કોઠલીને સાફ રાખવાની કોશેશ કરવી. અગરજો સોજો ઘણોજ ચહડયો હોય તો ઠંડાં પાણીના કટકા મુકવા, ને નહીં તો નીચલી મેલવણીમાં એક લુગડાંનો ટુકડો બોલી કહાડી તે ટુકડો લપેટી રાખવો.

શુગરલેટ	૨ ડ્રામ.
સલફેત આવ ઝીનક	૨ ,,
પાણી	૧ પેંટ.

અગરજો આ મેલવણી વાપડવાથી પણ સોજો નહીં ઉતરે તો મુત્ર નલીની કોઠલીમાં એક ધારદાર છરી વડે ઉપરથી લાંબા ત્રણ ચાર કાપ મુકી મુત્ર નલીને આવવા જવાનો માર્ગ ખુલ્લો કરવો. અગરજો મુત્ર નલી અંદરથી બહાર નહીં નીકલતી હશે તો યાદ રાખવું કે પીશાબ મુત્ર નલીની કોઠલીમાંજ ઝીલાયા કરતી હશે અને તેથી ત્યાં ભારે કોહોવાત ચાલુ થશે, માટે તેનો માર્ગ જેમ બને તેમ જલદી ખુલ્લો કરવાની કોશેશ કરવી. જો એ રીતે કાપ મુકવાની ફરજ પડે તો પછી તે કાપની ઉપર રોજ સાધારણ કારબોલીક તેલ મુકયા કરવું કે જેથી છરીથી કીધેલા ઘાહ પાક ઉપર ચહડયા વગર રૂજાઈ જાય. અગરજો અંદર ચાંદાં પડયાં હોય તો બદનના બીજા ભાગ ઉપરનાં ચાંદાઓ રૂજવવા માટે જે એલાજો ફરમાવવામાં આવેલા છે તે એલાજો લાગુ પાડવા.

ઘોડીને જતી ધાત અથવા પાણીનું પડવું—(Leucorrhœa.)

નીશાની—ઘોડીના મુત્ર માર્ગમાંથી સફેદ છાશ જેવી ઘાડી યા સહેજ પીલાશપર રંગ ધરાવતી ધાત જાય છે અથવા પાણી પડે છે. આ ધાત અથવા પાણી મુત્ર માર્ગમાં એ કઠાં થાય છે અને મુત્ર માર્ગના પારા જેવા ઉઘડ્યા કે જોશમાં ને બહાર નીકલી પડે છે.

કારણ—જે ઘોડીઓને ઘોડા આગલ લઈ જવામાં નથી આવતી તેઓ વીરહની મોસમમાં આ પ્રમાણે વીરહનું જોશ થવાંથી હેરાન થાય છે.

ઉપાય—એવી ઘોડીઓને જરા હલકો ખોરાક આપવો અને સારી પડે કસરત કરાવવી કે જેથી તેઓ જોશમાં ચહડે નહી; જો ઘણું પાણી જતાં હશે તો તે જનાવર નબળું થઈ જશે માટે નીચલી મેલવણીની એક ગોટી બનાવી આપવી.

શુગરલેડ .... ૧ ડ્રામ.
અફીમ... ૨૦ ગ્રેન.

અલસીના આટા અને ગોલ સાથે ઉપલી મેલવણીની એક ગોટી બનાવી તે દહાડામાં બે વખત આપવી, તેમજ બાવલની છાલના પાણીની દહાડામાં પાંચ છ વખત મુત્ર માર્ગમાં પીચકારી મારવી.

આંખનાં દરદો.

આંખનો સાદો સોજો—(Simple Ophthalmia.)

નીશાની—આંખના ડોલાનું પહેલું પડ સુજી આવેલું અને લાલ હીંગલા જેવું થયલું માલમ પડે છે. આંખનું ત્રીજું તોપચું બહાર નીકલી આવેલું અને તેના નસો લોહીથી ભરાઈ ગયલી હોય છે. અજવાલું નહી ખમી શકાવાથી તે જનાવર પોતાની આંખ બંધ કરી રાખે છે. આંખનાં પહેલાં પડનો પારદર્શક ભાગ સેજ ગદલો થયલો નજર આવે છે, અને કેટલીક વખતે આંખનાં અંદરનાં ખુણાંમાંથી ચહેરાપર આંસું ગલતાં માલમ પડે છે.

કારણ—ઘણું ખરૂં આ દરદ કાંઈ બહારનાં કારણથી જનમ પાંમે છે. તબેલામાં ઘોડાને જ્યાં બાંધવામાં આવે છે ત્યાંજ તેને માથે ઘાસને માટે માલીઓ બનાવેલો હોય છે. આ માલીઓ કેટલીક વખતે એવો તો કરકટી જેવો હોય છે કે તેનાં પાટીઆંની ફાટોમાંથી ઘાસનાં તણખલાં બહાર લટકતાં જણાય છે; કેટલીકવેલા તો ઘાસની એકુ પુલીજ બહાર નીકલી આવેલી હોય છે. આવી રીતે લટકી રહેતું ઘાંસ ઘોડાને લલચાવે છે. તે જનાવર ઘાંસ મહોડાંવડે ખેંચવા જાય છે અને ઘાંસ નીચે પડતાં કદાચ એકુ તણખલુંજ આંખમાં ભોકાઈ જાયે છે અને નહી તો ઘાંસનું એકુ બારીક બીયું તેની આંખમાં જઈ ભરાય છે. આ બીયું આંખમાં પેસતાંજ આંખ બંધ થઈ જાય છે અને થોડાજ વખતમાં આંખ સુજીને લાલ હીંગલા જેવી બની જાય છે. કેટલીક વેલા ચાબકની એકુ ચીમકી લાગી જતાં અથવા તો આંખ ઉપર એ પ્રમાણે કોઈ બીજી જાતનો જખમ થતાં આ દરદ જનમ પાંમે છે. કેટલીક વેલા સાધારણ સલેખમ યા તાવમાંથી પણ આ દરદ પેદા પડે છે. કેટલીક વેલા એક આંખનાં દરદને લીધે બીજી આંખમાં પણ દરદ ઉભરી આવે છે માટે તે વાત ઉપાય કરતી વેલા ધ્યાનમાં રાખવી.

ઉપાય—આ દરદનો ઉપાય કરતી વખતે સઉથી પહેલા ઉપાય તરીકે દરદનું કારણ દુર કરવા ઉપર પહેલું ધ્યાન આપવું. જો દરદનું કારણ બરોબર માલમ નહી હોય

તો સંભાલથી આંખનું તોપચું ઉઘાડવું અને જો કાંઈપણ ચીજ ખુંચી બેઠેલી જણાય તો તે ધીરજથી કહાડી નાખવી. પછી એક પેંટ ફુકાં પાણીમાં એક આઊંસ લોદેનમ નાખી તે પાણીથી આંખને સારી પઠે ધોઈ સાફ કરવી અને તેજ પાણીમાં એક લુગડાંનો ટુકડો બોલી તે લુગડું આંખની ઉપર બાંધી લેવું.

જો દરદ ઘણું જોરમાં હોય તો આંખ અને નાકની વચે પસાર થતી કાલી નેસ નસતરવડે ખોલવી અને નહી તો ગરદન આગલની ફસ ખોલવી. જનાવરને એક અંધારાંવાલાં પણ હવાની પુરતી આવજાવ સાથનાં થાણમાં મુકવું અને તેને એક હલકો જોલાબ આપવો, તેમજ ઉપર કહેલાં પાણીથી દહાડામાં ત્રણ ચાર વખત આંખ ધોયા કરવી.

અગરજો આંખના ડોલાનાં પહેલાં પારદર્શક પડ ઉપર છારી બંધાઈ હોય તો બે ગ્રેન નાઈત્રેત આવ સીલવરને એક આઊંસ પાણીમાં પીગલાવી તે પાણી ડોલા ઉપર લગાડવું.

આંખનો જાલેમ સોજો—(Specific Ophthalmia.)

આગલ જે સોજા વીશે લખ્યું છે તે આંખના સાદા સોજા વીશે છે કે જે સોજો પેદા પડવાનું કારણ દુર થયું એટલે તરતજ ઉતરી જાય છે. પણ આંખનો જાલેમ સોજો તે એ છે કે, જે એક વખત સાજો થયા પછી પાછો ઉભરી આવે છે અને એ પ્રમાણે વારંવાર ઉભરયાજ કરે છે. વલી બીજું એ કે, સાદો સોજો જ્યારે પોતાની પાછલ કાંઈ પણ નીશાની મુકી જતો નથી ત્યારે આ જાલેમ સોજો સારો થવા છતાં પણ પોતાની હાજરીની નીશાનીઓ પાછલ રાખતો જાય છે, જે નીશાનીઓ દર વખતે વધતી જઈ આખરે તે જનાવરને તદન આંધલું બનાવી મેલે છે. આ દરદને કેટલાંક લોકો "ચંદ્રાંધાપો" નાં નામથી ઓલખે છે; તેઓ એ દરદને એવાં નામથી ઓલખે છે તેનું કારણ એ કે તેઓ એમ સમજે છે કે એ દરદ દર મહીને મહીનેજ ઉભરે છે. પણ ખરૂં જોતાં આ દરદ ઉભરવા માટે મહીનાનીજ મુદત કાંઈ નક્કી નથી.

નીશાની—આ દરદની નીશાની હંમેશાં અચબુચ માલમ પડે છે. કદાચ આગલી રાત્રે તે જનાવર તદન તનદરોસ્ત હાલતમાં હોય છે, પણ બીજે દીવસે સહવારે એક આંખ તદન બંધ કીધેલી અને આંસુંથી ભીંજાઈ ગયલી માલમ પડે છે. આંખ તપાસવાને માટે આંખ ઉઘાડવા જતાં આપણને જોર કરવું પડે છે, કારણ કે, તે જનાવરથી અજવાલું વહી ખમાવાથી તે આંખનાં તોપચાં ઉઘાડવા માંગતુંજ નથી. અગરજો તેમ છતાં આપણે આંખ ઉઘાડીએ છઈએ તો કીકી ઘણીજ સંકોચાઈ ગયલી માલમ પડે છે. આંખના ડોલાનો પારદરશક ભાગ જોકે ઘણો ગદલો નથી દેખાતો, તો પણ તેનો ચલકાત

જતો રહેલો હોય એવું જણાય છે. આંખનો ડોલો અંદર ખેંચાઈ ગયલો હોય છે અને તેમ થવાથી આંખનું ત્રીજું તોપચું બહાર નીકલી આવેલું માલમ પડે છે, કે જે તોપચું પણ સુજેલું હોય છે. આંખનાં પોપચાંઓનું પડ તદન રાતું અને ગરમ હોય છે અને આંખની અંદરનાં ખુણાંમાંથી આંસુની ધારા ચહેરા ઉપર ચાલુ થાય છે. આંખના ડોલાના સફેદ ભાગે પોતાની સફેદી ખોહી દીધેલી હોય છે અને તેની આખી સપાટી ઉપર નેસોની જાલી ફરી વલે છે. અગરજો આંખનો પારદર્શક ભાગ ઘણો ગદલો નહી થયલો હોય તો આંખની અંદરનો પ્રવાહી ગદલો થયલો જણાશે અને કેટલીક વેલા તેમાં પરૂ બંધાએલું માલમ પડશે.

કેટલીક વેલા આ જાલેમ સોજો એટલો તો જોશમાં ચહડી આવેછે કે આંખની અંદરના ભાગોમાં પુશકલ પ્રવાહી ઝરરી નીકલે છે અને તે પછી નક્કર બની જઈ આંખને તદન રદ કરી નાખે છે.

આ દરદમાં જે ઝડપથી દરદ જનમ પાંમે છે અને પાછું દફે થઈ જાય છે તે ઝડપ ઘણીજ ધ્યાન ધરવા જોગ છે. ઘણું કરીને આ દરદ એકજ આંખમાં થાય છે અને તે વેલા તે દરદી આંખને એકદમ પડતી મેલી સહાજી આંખને સપાટામાં પકડે છે, જેથી દરદી આંખ સહાજી થઈ જાય છે અને સહાજી આંખ દરદી બની જાય છે. એ પ્રમાણે આ દરદ માત્ર એક આંખથી બીજી આંખ ઉપરજ કુદી પડતું નથી પણ તે નાક, કાન અને બીજાં અવ્યવોને પણ વારા ફરતી પકડે છે અને એ પ્રમાણે નહાસતું ફરે છે.

આ દરદ જો એકવેલા સારૂં થયું તો એમ નહી માની લેવું કે હવે તે તદન નીકલી ગયું, કારણકે થોડાજ વખતમાં તે પાછું ઉભરી આવવાનું અને તે પણ વલી ઘણાં વધારે જોર સાથે ઉભરી આવી વધારે મોટા પાયા ઉપર નુકસાન કરવાનું. આખરે એ રીતના વારંવારના હુમલાઓ થવાથી આંખની અંદરનો પેલો નક્કર કાચ જેવો પ્રવાહી અપારદર્શક બની જાય છે, જેને આપણે મોતીઓ બંધાયો એમ કહીએ છીએ.

કારણ—ઘણોજ મસાલાદાર અને પુષ્ટીકારક ખોરાક આપવાથી આ દરદ જનમ પાંમે છે. અંધારા તબેલાંઓ, તેમજ જ્યાં હવાની ઘણીજ થોડી આવજાવ હોય અને જ્યાં જનાવરનાં છાણ મુતરમાંથી તહરેવાર ઝેરી હવાઓ બહાર નીકલતી હોય ત્યાં ગાંધવામાં આવતાં જનાવરોને આ દરદ ઘણુંજ સહેલાઈથી લાગુ પડે છે. આ દરદ એ પ્રમાણે ભાડુતી ગાડીવાલાઓના તબેલામાં ઘણુંજ સાધારણ છે. આ દરદ ઘોડાઓ ઉપર જેટલું જલદી હુમલો કરે છે એટલું બીજાં કોઈ જનાવર પર કરતું નથી અને એ દરદ વંશ પરંપરા ઉતરતું આવેલું હોવાથી વંશની વૃદ્ધીને માટે વપડાતા ઘોડાઓમાં એ દરદ હોય નહી તેની સંભાલ રાખવી.

ઉપાય—આંખના સાદા સોજામાં જે ઉપાયો કરવા કહ્યા છે તે ઉપાયો આ દરદમાં પણ લાગુ પાડવા. પણ આ દરદ એક વખત સારૂં થયા પછી પાછું ઉભરી આવે છે,

માટે ભવીશયમાં તેની સામે ઉપાયો તરીકે સારી હવા, પુરતી કસરત, અને શક્તિ આપે તેવો પણ લોહીમાં જોશ નહી ચહડાવે એવો ખોરાક આપવો.

આંખમાં થતા મોતીઆ—(Cataract.)

આંખની અંદર જે કાચ જેવો પદાર્થ છે તે કાચ જેવો પદાર્થ પોતાનું પારદર્શક-પણું ખોહી દઈ જ્યારે અપારદર્શક બને છે ત્યારે તે દુધના રંગનો દેખાતો જાય છે અને આંખની કીકીમાંથી જોતાં તે પહેલાં એક મોતીના દાણા જેવો દેખાય છે. એ કારણને લીધે આ દરદને મોતીઆનાં નામથી ઓલખવામાં આવે છે.

નીશાની—પહેલાં કીકીની અંદર જોતાં તેની પછવાડેથી એક સફેદ છારી બંધાતી માલમ પડે છે, જે આસ્તે આસ્તે વધારે ઘટ બનતી જઈ મોતીના દાણા જેવો દેખાવ આપે છે. જેમ જેમ વખત વધતો જાય છે તેમ તેમ આ દાણો મોટો થતો જણાય છે અને આખરે આખી કીકીમાં ગોયા એક મોટું મોતી ખોસી દીધું હોય એવો દેખાવ લાગે છે. યાદ રાખવું કે આંખની બહારનાં પડનો જે કાચ જેવો પારદર્શક ભાગ છે તે પણ એજ પ્રમાણે વારંવાર અપારદર્શક બની મોતીઆના જેવોજ દેખાય છે જેને આપણાં લોકો છારી બંધાઈ યા ફુલ્લું પડયું એમ કહે છે, પણ તેમાં ને મોતીઆમાં ફરક એ છે કે મોતીઓ કીકીની પછવાડે દેખાય છે, જ્યારે છારી અથવા ફુલ્લું કીકીની આગલ દેખાય છે અથવા તો કીકીની ઉપર તરતું માલમ પડે છે. મોતીઆને અને ફુલ્લાંને એક જ દરદ તરીકે કદી પણ ગણવું નહી. મોતીઓ જે છે તે આંખની અંદર ગોઠવાએલી કાચ જેવી ગોટીનું દરદ છે, જ્યારે ફુલ્લું જે છે તે આંખના ડોલાનાં સઉથી બાહારમાં પડના કાચ જેવા પારદર્શક ભાગનું દરદ છે.

કારણ—આંખના મોતીઆનું મુખ્ય કારણ આંખનો જાલેમ સોજો છે. એ જાલેમ સોજાનાં પરીણામ તરીકે આંખની અંદરની પારદર્શક ગોટી અપારદર્શક બનતી જાયછે અને એવા સોજાના વારંવારના હુમલા પછી તે તદનજ સફેદ કોડી જેવી બની પુરેપુરો અંધાપો લાવી મેલેછે. કેટલીક વેલા બીજાં કારણોને લીધે પણ મોતીઓ બંધાયછે અને જો તે કારણો દુર થાયછે તો મોતીઓ પણ પોતાની મેલેજ દફે થાયછે. કેટલીક વેલા નબલાઈને લીધે મોતીઆ બંધાયછે, જે મોતીઆ શક્તિ આવતાંજ નાબુદ થાયછે. જો જનાવર મોટી ઉમરનું થતાં તેની તનદરોસ્તી લડડવા માંડેછે તો તે વેલા પણ બુઢાપાની નીશાની તરીકે મોતીઆ પહેલો દેખાવ દે છે. કેટલીક વેલા આંખ ઉપર એક ચાબકની ચીમકી યા બીજા એવીજ રીતના ફટકા લાગવાથી મોતીઆ બંધાય છે, પણ તે મોતીઆ જેમ જેમ વખત જતો જાયછે તેમ તેમ વધવાને બદલે જેટલાં ને તેટલાંજ કદના રહેછે.

ઉપાય--જો આંખના જાલેમ સોજાથી મોતીઆ બંધાયા હોય તો તે માલજ પડતાંજ આંખ ઉપર ગરમ પાણીના સેક ચાલુ કરવા. જો નબલાઈથી મોતીઆ બંધાયા હોય તો શક્તિની દવાઈ આપવી. જો બદનમાં બીજું કોઈ એવું દરદ હોય કે જેથી બદનના જુદા જુદા ભાગોમાં અવાર નવાર સોજો ચહડતો હોય તો કદાચ તેજ દરદને લીધે મોતીઆ પણ બંધાયા હશે એવું માની લઈ તે બદનમાંનાં સાધારણ દરદને દુર કરવાની કોશેશ કરવી અને જો તેજ દરદને લીધે મોતીઆ બંધાયા હશે તો તે દરદનાં નરમ પડવા સાથે તે મોતીઆ પણ દુર થશે. અગરજો બુઢાપાને લીધે મોતીઆ બંધાયા હશે તો તે કદી પણ સારા થનાર નથી.

મોતીઆને પીગલાવી નાખવાને, બાલી નાખવાને અને બીજી તહરેવાર રીતે તેને દુર કરવાને તહરેવાર એલાજો ફરમાવવામાં આવેછે, પણ ઘણાખરા તે સઘલા એલાજો ફોકટ છે. અગરજો મોતીઓ એક આંખમાં બંધાયો હોય અને ઘોડો ચોંકતો હોય તો તે આંખે ઘોડાને પાટો બાંધવાથી તે ચોંકતો બંધ પડશે. જો બન્ને આંખે મોતીઆ થયા હોય તો બન્ને આંખે પાટા બાંધી તેને વપડાસમાં લેવો.

અંધાપો—(Amaurosis.)

ઘોડાને ઘણીક વેલા દેખતી આંખે અંધાપો આવેછે, જે અંધાપો એક સાધારણ જોનારને એકદમ માલમ પડતો નથી.

નીશાની—આ અંધાપો એવો છે કે જેની અંદર જનાવરનાં આંખનાં ટોપચાં ઊઘાડાંજ દેખાય છે, અને આંખ પણ તદન ઊઘાડી અને જાણે આપણુને જોતી હોય તેવી દેખાયછે. પણ તે આંધલી આંખનો દેખાવ ગોયા એક સહેજ લીલાશવાલા કાચનો ગોલો ગોઠવ્યો હોય તેવો હોયછે. તનદરોસ્ત આંખનું તેજ તેમાં ઝમકતું દેખાવાને બદલે હુનરથી બનાવેલી એકુ કાચની બનાવટી આંખનો ચમકાટ તેમાં તરતજ દેખાઈ આવેછે. તે જનાવરને જો ચલાવી જોયું હોયછે તો તે પોતાના આગલા પગો જમીનથી ઘણાજ ઊંચે ઊંચકેછે અને પાછા જોરથી જમીનપર નાખેછે. તે પગલાં લાંબાં ભરવાને બદલે ઊંચાં પગલાં ભરતો જણાયછે. તે સીધો સામે જોવાને બદલે ઊંચે આકાશ તરફ જોતો હોય એવું માલમ પડેછે. તેના બંન્ને કાન કાંઈ અજબ જેવી ઝડપવાલી હીલચાલ બતાવેછે. આંખની સામે જાણે મુકી મારવા જતા હોઈએ તેમ હાથની હીલચાલ કરવા છતાં તે જનાવર આંખ મીંચી દેતું નથી, પણ ડોલા ફાડેલાજ અને ટોપચાં હીલચાલ વગરનાંજ રાખેછે. યાદ રાખવું કે કેટલાક આ પ્રમાણે હાથની હીલચાલ કરતાં તે જનાવરની આંખ આગલ એટલા જોશથી હાથ હીલાવેછે કે તેની આંખનાં ટોપચાંઓ ઉપર હવાનો ઝપાટો લાગેછે,

અને તેથી એક આંધલું જનાવર પણ આંખનાં ટોપચાં હીલવેછે, માટે અંધાપાની એ પારખ કરતી વખતે આપણે પોતાનોજ હાથ વાપડવો અને તે એવી સીફતથી આંખ આગલ હીલાવવો કે જેથી હવાની મુદલ હીલચાલ થાય નહીં.

કારણ—આંખનાં જ્ઞાનતંતુ સાથે જો ભેજાંનો સંબંધ તુટો હોય તો એ પ્રમાણે અંધાપો આવેછે, કારણ કે જ્ઞાનતંતુ ઉપર થતી અસરની ઘટતી ખબર ભેજાંને પહોંચાડવાને કોઈ પણ બીજું સાંધણ નથી. ભેજાં સાથે જ્ઞાનતંતુનો સંબંધ કાયમ રહેવા છતાં તે જ્ઞાનતંતુ આંખના ડોલાનાં ત્રીજાં પડમાં પંથરાઈ જાયછે, તે પંથરાએલા ભાગનો જો લકવો થયો તો તેથી પણ અંધાપો આવેછે, કારણ કે તેની ઉપર બહારની ચીજોનું ચીત્ર પડવા છતાં તે ચીત્રની હાજરીનું કાંઈ પણ ભાન તે પડને હોતું નથી. અગરજો ભેજાં સાથે જ્ઞાનતંતુનો સંબંધ કાયમ હોય અને તે જ્ઞાનતંતુ આંખના ડોલાનાં ત્રીજાં પડમાં જ્યાં પંથરાઈ જાયછે, તે પંથરાએલો ભાગ પણ કાયમ હોય તે છતાં જો તે પંથરાએલા ભાગની ઉપર આંખના સોજાનાં પરીણામ તરીકે ઝરફેલી રસી બંધાઈ ગઈ હોય તો તેથી પણ આ પ્રમાણેનો અંધાપો આવેછે, કારણકે તે જ્ઞાનતંતુના એ પંથરાએલા ભાગ ઉપર બહારની ચીજોનું ચીત્ર પેલાં રસીનાં પડને લીધે આવતું અટકે છે.

ઉપાય—અગરજો લકવાને લીધે આ દરદ થયું હોય તો લકવાનાં મથાલાં હેઠલ ફરમાવેલા એલાજો કરવા. અગર જો સોજાનાં પરીણામ તરીકે અંધાપો આવ્યો હોય તો અલસીના આટા અને ગોલથી બનાવેલી એક ગોટી સાથે ત્રીશ ગ્રેન આયોડાઈડ આવ આયરન ભેલીને એકેકી ગોલી દરરોજ આપવી. આ દરદમાં બીજા એલાજો તદન નકામા છે.

આંસુનાલનું બંધ થઈ જવું—(Lachrymalia.)

નીશાની—ચેહેરા ઉપર આંસુની ધારા ચાલી રહેછે અને તેથી તેટલી ધારાથી રોકાએલો ભાગ ખવાઈ જઈ લાંબાં ચાંદાં પડેછે.

કારણ—આંખની અંદરનાં ખુણાંમાંથી જે આંસુનાલ શરૂ થઈ નાકનાં ફીફરાંની અંદર ઉઘડેછે તે આંસુનાલનું મોહ બંધ થઈ જવાથી આંખમાંથી નીકલતાં આંસુ નાકને રસ્તે નીકલી જવાને બદલે ચેહેરા ઉપર રેલાવા માંડેછે.

ઉપાય—અગરજો નાકનાં અંદરનાં પડમાં સોજો ચહડવાને લીધે ત્યાંથી આંસુનાલનું મોહ બંધ થઈ ગયું હોય તો તે સોજો નરમ પાડવાના એલાજો કરવા. અગરજો આંસુનાલમાં કાંઈ ચીજ ભરાઈ બેસવાથી તે બંધ થઈ જાય તો નરમ અને વાલી શા-

કાય એવી એક સુંવાલી સપાટી સાથની સલી આંસુંનાલમાં આંખના અંદરના ભાગ આગલથી દાખલ કરવી અને નસખોરાંને રસ્તે તે સલી પાછી બહાર કહાડવી. એ પ્રમાણે કીધાથી જે કાંઈ ચીજ ખુંચી બેઠી હશે તે નીકલી જશે.

ભેજાંનાં અને જ્ઞાનતંતુનાં દરદો.

(Diseases of the Nervous System.)

માણુસ જાતમાં ભેજાંનાં અને જ્ઞાનતંતુઓનાં જે તહરેવાર દરદો જણાયલાંછે તે સઘલાં દરદોની સાથે સરખાવતાં ઘોડાનાં એ જાતનાં દરદો કાંઈજ ગણત્રીમાં ગણાતાં નથી. ઘોડામાં ભેજાંનાં અને જ્ઞાનતંતુનાં દરદો માત્ર આંગલી ઉપરજ ગણાય એટલાં છે.

જેમ માણુસને ઘેલાપણું લાગેછે તેવું ઘેલાપણું ઘોડામાં જણાએલું નથી, પણ ચોકસ દરદોમાં તેને માથે લોહીનો જોશ ચહડી આવવાથી તે એવી કેટલીક નીશાનીઓ દેખાડેછે કે જે નીશાનીઓને આપણે "દેવાનાપણાં"ની નીશાનીઓ તરીકે ઓલખીએ છઈએ. માણુસ જાતને તેની જીંદગીમાં તહરેવાર વધનોમાંથી અને સંસારની તહરેવાર જંજાલોમાંથી પસાર થવું પડેછે, તે જંજાલોમાંથી પસાર થતાં તેમજ ચોકસ દુરવ્યસનોને વશ થતાં માણુસનાં ભેજાં અને જ્ઞાનતંતુઓ ઉપર જે અસર થાયછે તે અસરો ઘોડા ઉપર નહીં થતી હોવાથી તે ભેજાં અને જ્ઞાનતંતુઓને લગતાં માણુસ જાતનાં અસંખ્ય દરદોમાંથી બચી ગયલો છે.

તો પણ ભેજાંનાં અને જ્ઞાનતંતુનાં કેટલાંક દરદોનો એ રાંક જનાવરને પણ ભોગ થવું પડેછે. હોજરી ઉપર લાગેલી એક મુક્કી અથવા લાત યાતો પાચણ થાય નહીં એવો હોજરીમાં આવી પડેલો ખોરાક ભેજાંની ઉપર અસર કરવાને પુરતાં કારણો છે. ભેજાં અને જ્ઞાનતંતુઓને લગતી આ ચોપડીના આગલા ભાગમાં આપેલી સમજણ ઉપર જેઓ ધ્યાન આપશે તેમને હોજરી અને ભેજાં વચેના આ સંબંધનું કારણ તરતજ માલમ પડશે. પગમાં ભોકાતો એક કાંટો યા બેદરકારીથી નાલ મારતાં જીવતી સુમમાં ખુંચી બેઠેલી એક ખીલી ધનુરવા અને તાણને જનમ આપવાને પુરતાં છે. જો કે છેલામાં છેલી સોધો પ્રમાણે આપણી ખાતરી થાયછે કે ધનુરવા કાંઈ ભેજાંનું નહીં પણ લોહીનું દરદ છે, તો પણ તે લોહીમાં ફરતાં રોગનાં બીઆં ભેજાંને અને જ્ઞાનતંતુઓનેજ પકડે છે એટલે દેખાઈતી રીતે તે દરદ ભેજાંનાં યા જ્ઞાનતંતુનાંજ દરદ તરીકે આપણે લેખી લઈશું. જેઓએ આ ચોપડીનો આગલો ભાગ ધ્યાનથી વાંચ્યો હશે તેમને યાદ હશે કે ભેજાંમાંથીજ સઘલા જ્ઞાનતંતુઓ બદનના જુદા જુદા ભાગમાં જાયછે, કે બરડાની કરોડમાં સ-

ચવાએલી ગદુદ એ ભેજાંનોજ પાછલ લંબાતો સાંકડો ભાગ છે અને તેમાંથી પણ જ્ઞાનતંતુઓ બહાર નીકલે છે. આ જ્ઞાનતંતુઓ જ્યાંથી નીકલેછે ત્યાંનો ભેજાંનો યા ગદુદનો ભાગ જો દરદી બને છે તો તે જ્ઞાનતંતુઓ પોતાનું કામ બજાવવાને અશકત થઈ પડેછે, અને જ્યારે તેઓ કામ કરતા બંધ પડેછે ત્યારે તેઓ બદનના જે ભાગમાં જતા હોયછે તે ભાગની હીલચાલ યા લાગણીઓ નાબુદ થાયછે. આવી રીતે હીલચાલ યા લાગણીઓનાં નાબુદ થવાનાં દરદને આપણે સાધારણે **લકવા**નાં નામથી ઓલખીએ છઈએ.

જો કે ભેજાંમાંથીજ સઘલા મોટા જ્ઞાનતંતુઓ પેદા થાયછે, તોપણ ભેજું પોતે કાંઈ પણ લાગણ શક્તિ ધરાવતું નથી. આ બાબદ ઘણાક અખતરાઓથી સાબેત કરવામાં આવેલી છે, જે અખતરાઓ કરતાં જીવતાં જનાવરનાં ભેજાંમાં અણીઆલાં હથીઆરો ભોકવામાં આવ્યાં છે, ભેજાંના ટુકડા કાપી કહાડવામાં આવ્યા છે, અને ભેજાંને બાલવામાં પણ આવ્યું છે. એ સઘલું છતાં તે જનાવરોએ કાંઈ પણ દુખની નીશાનીઓ દેખાડી નથી. ડાકટર જોન એબરનેથીના કહેવા પ્રમાણે એક માણસને અકસ્માત થવાથી તેનાં ભેજાંમાંથી પાંચ તોલા જેટલું ભેજું જતું રહયું હતું તો પણ તે તે અકસ્માતમાંથી જલદીથી સાજો થયો અને ઘણાં વરસ સુધી એક મોટી વેપારી પેહડીના વડા તરીકે સંપુરણ સમજણ શક્તિ સાથે કામ ચલાવ્યું હતું.

એ રીતે ભેજાંને હથીઆર ભોકવાથી યા કાપવાથી જો કે કાંઈ પણ નુકસાન થતું નથી, તો પણ તેની ઉપર સેહેજ પણ દબાણ થવાથી યા આંચકો લાગવાથી ઘણાંજ ધાસ્તી ભરેલાં પરીણામો નીપજે છે. આવી રીતનાં દબાણથી યા આંચકાથી માણસ જાતને જે તહરેવાર દરદો લાગુ પડેછે તે ઘોડાને લાગુ પડતાં નથી. ભેજાંના ગમે એવા ભાગમાં સેહેજ પણ દબાણ થવાથી માણસ જાતનાં ચોકસ કામોમાં ખલલ થાયછે, જ્યારે ઘોડાનાં ભેજાંમાં ચોકસ ભાગોમાં થતું દબાણ કાંઈ પણ જનણવા જોગ અસર પેદા કરતું નથી. દાખલા તરીકે ભેજાંની બાજુના ભાગોમાં જો કાંઈ પણ દબાણ થયું હોય છે તો તેની કાંઈ પણ નીશાન તે જનાવર દેખાડતું નથી. ઘોડાનાં ભેજાંના ચોકસ ભાગોમાં થતું દબાણ ઘણાંજ ધાસ્તી ભરેલાં પરીણામોને જનમ આપેછે, અને કેટલીક વેલા તે દબાણ જીવલેણ દરદનું મુલ થઈ પડેછે. કેટલીક વેલા એવાં દબાણનાં પરીણામ તરીકે લકવો થાય છે, અને તે દબાણ નીકલી જતાંજ લકવો નાબુદ થઈ જાયછે. ઘણીક વેલા માથાંની ખોપરીનું હાડકું અંદરથી ભાગેછે અને ભેજાંની ઉપર દબાણ કરી ચોકસ ભાગોમાં લકવો પેદા કરેછે. જ્યાં સુધી આ ભાગેલી દબાણ કરતી હાડકીનું દબાણ ભેજાં ઉપર ચાલુ રહેછે ત્યાં સુધી લકવો દુર કરવા માટે કાંઈ પણ ઉપાયો લાગુ પડતા નથી, પણ એક ગોલ કરવતીની મદદથી માથાંની ખોપરીનો તે ભાગ કોતરી કહાડી જો ભાંગેલી હાડકી ઊંચકવામાં આવે છે તો તેજ વેલા પેલો લકવો દુર થઈ જાયછે. વઈદાંના ધંધામાં આવું વહાડકાપ શસ્ત્ર વીધાની એક મોટી ફતેહ ગણાય છે, અને ખરેજ તેથી ઘણાંજ અશ્ચર્યકારક પરીણામો નીપજાવવામાં આવ્યાં છે. આવી રીતે ભેજાં ઉપરનું દબાણ માણસ જાતના કેટલાક

દાખલાઓમાં ઘણાંક વરસો પછી દુર કરવામાં આવ્યું છે, અને તે વહાડકાપનાં પરીણામ તરીકે બેથી વધુ વરસની બેસુધીમાં પડી રહેલાં દરદીઓને પણ પાછાં પોતાની અસલ તનદરેસ્ત હાલતમાં લાવવામાં આવ્યાં છે.

ભેજાંને આંચકો આવ્યાથી માણસ જાતમાં જે પરીણામો નીપજે છે તે બહુજ ચીંતા ઉપજાવનારાં છે, જ્યારે ઘોડાંમાં તેથી એટલાં બધાં ભયંકાર પરીણામો નીપજતાં નથી. ભેજાંને લાગતા આંચકાથી ઘોડો ધાસ્તીથી ધ્રુજવા માંડેછે, અને તેને ભોર, તમર, યા ચક્કર આવેછે. થોડુંક લોહી કહાડવાથી, એકુ હલકો જોલાબ આપવાથી અને માથાંની ઉપર સેક કરવાથી આ નીશાનીઓ નાબુદ થઈ જનાવર થોડા વખતમાં પાછું તનદરેસ્ત બની જાયછે.

ભેજાંની ખોપરી ફાટવાથી કાંઈ વારંવાર ભયંકાર પરીણામો નીપજતાં નથી, પણ જો ખોપરી ફાટતાં એકુ ધોરી નેસ ફાટી હોય અથવા તેની એકુ બારીક રજ ભેજાંના માવામાં ભરાઈ બેઠી હોય તો તેનાં પરીણામ માઠાં નીપજે છે. જો એકુ ધોરી નેસ ફાટી હોય તો તેમાંથી વહેતાં લોહીનાં પ્રમાણ પ્રમાણે તે જનાવરની જીંદગીનો ઝડપથી અંત આવશે, યા તે નેસમાંથી નીકલેલું લોહી ભેજાંની સપાટી ઉપર પંથરાઈ તેનો પોપડો જેટલો બંધાશે તેનાં પ્રમાણ પ્રમાણે લકવો પેદા થશે. અગર જો ખોપરીની એકુ બારીક રજ ભેજાંના માવામાં ખુંચી બેઠી હશે તો ભેજાંમો તેટલો ભાગ પાક ઉપર ચહડી ધુમડું પેદા કરશે કે જે ધુમેડાંથી તે જનાવર ભારે દુખ વેઠીને મરણ પામશે. આવી વેલા પણ ધુમડાંની જગ્યા નક્કી કરી આગલ કહયા મુજબ પેલી ગોલ કરવતીથી જો ભેજાંની ખોપરી કોતરી કહાડી ધુમડાંનાં પરૂને બહાર કહાડયું હોયછે તો તે જનાવર રીબી મરતું બચી જાયછે.

ભેજાંનાં દરદો વીશે એ પ્રમાણેની ટુકમાં સમજણ લઈ ભેજાંનાં કેટલાંક મુખ્ય દરદો વીશે સેહેજ લંબાણથી લખીશું.

ભેજાંનો સોજો—(Phrenitis or Mad Staggers.)

બેસુદ્ધી અને દેવાનાપણાંની ચમક.

ભેજાંનો સોજો ચહડવાથી બે પરીણામો નીપજે છે. જેમાં પહેલું પરીણામ બેસુદ્ધી છે, અને બીજું ચમક, તાણ, અથવા દેવાનાપણું અથવા ઘેલાપણું છે.

બેસુદ્ધી.

ભેજાંનો સોજો જ્યારે પહેલા તબકામાં હોયછે એટલે કે હજી સોજો ચહડેલો નથી પણ તે ચહડવા માંડેલો હોયછે, ત્યારે તેને બેસુદ્ધી લાગુ પડેછે.

નીશાની—ઘોડો ઘણોજ સુસ્ત અને મંદ ઉભો રહેછે, અને એક દારૂ પીધેલું માણસ જેમ ડોકું નાખી દઈ ઝુંકવા મંડી જાય તેમ તે પોતાનું ડોકું નાખી દઈ ઝુંકતો જણાય છે. કેટલીક વેલા તે પોતાનું માથું બંન્ને પગોની વચે ઝુલાતું રાખવાને બદલે તબેલામાંના થાંબાને ટેકવેછે અથવા જો તે જનાવર ખેતરમાં ચરતું હોયછે તો એકુ ઝાડ સાથે યા કોઈનાં મકાનની ભીંત સાથે માંથું ટેકવીને ઉભું રહેછે. તેની આંખ વીંચાઈ ગયલી હોયછે, અને જ્યારે તેનાં ઝુલાઈ પડતાં ટોપચાં ઊંઘાડીને આંખ તપાસવામાં આવેછે ત્યારે આંખની કીકી બહુજ મોટી થઈ ગયલી માલમ પડેછે. આ નીશાનીઓ થવાની અગાઉ તે જનાવરનો ઝાડો કબજ થએલો હોયછે. તે જનાવરની બેસુદ્ધી એટલી તો હદ સુધી લંબાય છે કે તેની આસપાસ શું બનેછે તેની તેને મુંદલ ખબર રહેતી નથી. તેનો દમ ઘણોજ જોરમાં ચાલેછે, અને નાડી બહુ જોરમાં ઉછાલા મારતી જણાય છે.

કારણ—હોજરીમાં જઈ પડેલા પાચણ નહીં થઈ શકે એવા ખોરાકની હાજરી આ દરદનું મુખ્ય કારણ છે, ઝાડાની કબજીઆત આ દરદનું બીજું કારણ છે. પુરતી કસરતની ગેરહાજરીથી અને અંધારા તબેલાની ગંધીલી હવાથી પણ આ દરદ જનમ પામેછે.

ઉપાય—આ દરદમાં સઉથી પહેલો એલાંજ લોહી કહાડવાનો છે. આ કારણ માટે ગરદનની બન્ને બાજુની ફસ ખોલવાની જરૂર છે. આ રીતે બંન્ને બાજુની ફસ ખોલી જ્યાં સુધી તે જનાવર પોતાની આંખ ઊંઘાડે નહીં યા તો તેની નાડી ધીમી પડી જાય નહીં, ત્યાં સુધી લોહી જવા દેવું. જેવી આ નીશાનીઓ જણાઈ કે તરતજ વધુ લોહી જતું અટકાવવું. પછી તે જનાવરને એક સારો જેવો જોલાબ આપી તેના કોઠાને સાફ કરવો. આ કારણને માટે નીચલી મેલવણી ઘણી સારી છે.

એલીઓ	૬ ડ્રામ.
કેલોમેલ	૩૦ ગરેન.
પાણી	૧ પેંટ.

પહેલાં પાણી ઉકાલી તેમાં એલીઆને પીગલાવવો અને પછી તે ઉકાલામાં કેલોમેલ હેવી દઈને તે મેલવણી પાઈ દેવી.

જો લોહી કહાડ્યા પછી થોડો વખત રહીને નાડી પાછી ઉછાલા મારતી જણાય તો તીંકચર આવ એકોનાઈતનાં દશ તીપાં અરધી પેંટ પાણીમાં નાખી તે પાણી પાઈ દેવું, અને જ્યાં સુધી નાડી ધીમી પડે ત્યાં સુધી એ પ્રમાણે દર અરધે કલાકે પાયાજ કરવું.

દેવાનાપણાંની ચમક.

ભેજાંના સોજાનું જે પહેલું પરીણામ બેસુદ્ધીમાં આવેછે તે બેસુદ્ધી દુર કરવાના જો ઉપાયો નહીં લીધા તો આખરે ભેજાંનો માવો સુજવા માંડેછે અને તેનાં પરીણામ તરીકે તે જનાવર દેવાના જેવું બની જાય છે. યાદ રાખવું કે બેસુદ્ધી એ ભેજાંના સોજાની શરૂઆતની નીશાની છે, માટે જેમ બને તેમ તે વેલા તરતના તરતજ ઉપાયો લેવા અને નહીં તો પછી દેવાનાપણું લાગુ પડતાં કાંઈ પણ ઉપાયો લાગુ પડવાના નથી.

નીશાની—આગલ જણાવેલી બેસુદ્ધીની સઘલી નીશાનીઓથી આ દરદની નીશાનીઓ શરૂ થાયછે. જો તેના એલાજો બરોબર નહીં લાગુ પાડયા હોય તો થોડો વખત રહી તે જનાવર પોતાની બેસુદ્ધીમાંથી જાણે અચબુચ જાગરૂત બની જઈ એક દેવાના આદમીની માફક ડોલા ફાડીને ચોતરફ તગર તગર જોયા કરેછે. એક ખુનપર ચહડેલાં આદમીની આંખમાં જેવો ચલકાટ હોય તેવોજ ચલકાટ તેની આંખમાં નજરે પડેછે, તેનો દમ ઘણોજ જોરમાં ચાલેછે, અને નાડી તો ગોયા હથોડા ઠોકાતા હોય એ પ્રમાણેનો જોશ પકડે છે. એ પ્રમાણે કેટલોક વખત સુધી તે એકી તગરે જોયા કરેછે અને પછી અચબુચ તે એવા તો જોશથી ઉછાલો મારેછે કે તબેલાના કટેરા, બારી બારણાં વગેરે કોઈ પણ ચીજની દરકાર કીધા વીના તે તેમની ઉપર પછડાઈ પછડાઈને થાકી જાયછે. આખરે થાકીને સુસ્ત થઈ તે પાછો જમીન ઉપર પડેછે. તેનો દમ ફુંફારા મારતો ચાલે છે, અને ગોયા મુશકેલીથી કોઈ ધમણું ફુંકતું હોય એવો અવાજ આવેછે; તેની આંખો એટલી તો ત્રાશપર ચહડેલી હોય છે અને બહાર નીકલેલી હોય છે કે ગોયા બે આતશના ગોળાઓ એકદમ મસ્તકમાંથી નીકલી પડવા માંગતા હોય તેવો દેખાવ લાગેછે. તેના ડોલા તદન ફાટેલાજ રહેછે, અને તે ફાટેલા ડોલાઓના ઉપર રોશનીની કાંઈ પણ અસર થતી માલમ પડતી નથી. ટુંકમાં તે જનાવર એક દેવાનાની માફક તદન બેભાન હાલતમાં હોય છે.

એ પ્રમાણે જમીન ઉપર પડી રહ્યા પછી થોડા વખતમાં વલી પાછું તે જનાવર એકદમ ભયંકાર જોશથી ઉછાલો મારેછે અને પાછું આગલની માફકજ અછડાઈ પછડાઈને પોતાનું બદન ભાંજી નાખેછે. કેટલીક વેલા તે આ પ્રમાણેના અછાડા પછાડા ખાઈ પોતાનાં થાણમાંના કટેરાઓ ઉપર પોતાના આગલા બે પગો ટેકવીને ઉભું રહેછે, અને એક ખુની થોડાંક ખુન કીધા પછી ડોલા ફાડી, હાંફલો ફાંફલો બની હવે કોણપર હુમલો કરવો તેનો વીચાર કરતો ઉભો હોય તે દેખાવ. કેવો માલમ પડે, તેવોજ દેખાવ એ જનાવરનો આવી વખતે માલમ પડેછે. આવાં એક ખુનપર ચહડેલાં જનાવર આગલ જવાને કોઈની પણ હીંમત ચાલતી નથી, કારણ કે પોતાનાં ઘેલાપણાંની ઝુમમાં તે કઈ વખતે હુમલો કરશે, કેવી રીતે હુમલો કરશે, કઈ બાજુએ હુમલો કરશે અને કોણની ઉપર હુમલો કરશે તે કાંઈ પણ અગાઉથી માલમ પડતું નથી. એવી વખતે એવાં જના-

વર આગલ જવું એ સદંતર મુરખાઈ છે અને એક રાક્ષસ જેવાં જનાવરને વશ કરવા જવાની હામ ભીડવી એ મોતનાં વલાં થયલાં ડાચાંમાં ધસી જવા બરોબર છે.

જેમ જેમ દરદ વધતું જાયછે તેમ તેમ તે જનાવર વધારે ને વધારે જોશપર ચડતું જાયછે અને આખરે તેના જોશ ભરયા ઉછાલાઓ પછી તે જ્યારે થાકીને વારંવાર પાછું પટકાયછે ત્યારે હવે તેના ચારે પગોમાં અને આખાં બદનમાં તાણ શરૂ થાયછે, અને તે તાણ એટલું તો ઉપરા સાપરી ચાલુ થાયછે કે તે જનાવરને દમ લેવાની પણ પુરસદ મલતી નથી. તેનું આખું બદન પરસેવાથી ભીંજાઈ જાયછે, દમ લેવાને તે ઘણાં ફાંફાં મારેછે, મહોમાંથી ફીણ છુટવા માંડેછે અને માણસ જાતની મુગે મહોડેની ચાકરી કરનાર આવા એક નીમકહલાલ રાંક નોકરનો પ્રાણ કઠણમાં કઠણ હઈડાંનાં માણસની છાતી ફાડી નાખનારા આવા કમકમાટ ભરેલા દેખાવ સાથે તેનાં પહાડ જેવાં બદનમાંથી તેના પેદા કરનારની સેવામાં ચાલતો થાયછે.

કારણ—બેસુદ્ધીને માટે જે કારણો જણાવવામાં આવ્યાં છે, તેજ સઘલાં કારણો આ દરદનાં છે. એ બેસુદ્ધીની હાલતમાં ઘટતા ઉપાયો નહીં લેવાથીજ આ જીવલેણ દરદ આવી પુગે છે.

ઉપાય—આવાં એક જાલેમ દરદના ઉપાયો કાંઈ છેજ નહીં. માત્ર એકજ ઉપાય લાગુ પડી શકે તેવો છે, અને તે એ કે, જ્યારે તે જનાવર અછાડા પછાડા ખાઈને સુસ્ત પડયું હોય ત્યારે ઘણીજ સંભાલથી તક સાંધી તેની આંખ અને કાનની વચે આવેલી મોટી ધોરી નેસ એક ધારવાલાં નસ્તરે ખુલી નાખવી. આવી રીતે ધોરી નેસ ખોલી નાખવાથી તે જનાવરનાં માથાં આગલ લોહીનું ખબોચયું ભરાઈ જશે, પણ તેની કાંઈ પણ ફીકર કરવી નહીં, કારણ કે જ્યારે પુશકલ લોહી જશે ત્યારેજ તે જનાવરને જોઈતી હુશીઆરી આવશે. આ દરદના છેલ્લા ઉપાય તરીકે એજ એક ઉપાય રહેલો છે, અને તે ઉપાય જો લાગુ પડયો તો તેમ, ને નહીં તો પછી તે જનાવર મરવાનું તો છેજ. જેતું પુરતું લોહી નીકલી રહેશે કે તે જનાવર પોતાની મેલેજ હુશીઆર થઈ ઉભું થશે અને ઘાંસ દાણા ખાવા માંડશે. એ પ્રમાણે તે જનાવર હુશીઆર થયા પછી પણ જો લોહીની ધારા જોરમાં ફુટતીજ રહી હોય તો લોહી નીકલતું બંધ કરવાના ઉપાયો લેવા.

કેટલાક ડાકટરો આ દરદમાં જોલાબ આપવાના, સોજો નરમ પાડવાના વંગેરે એલાજો ફરમાવે છે, પણ જ્યાં જનાવરની આગલજ જવાનું ધાસ્તી ભરેલું ત્યાં તેની ઉપર એલાજો તે કઈ રીતે લાગુ પાડી શકાય ?

ફીફરૂં અથવા ફેફરૂં—(Epilepsy.)

માણુસ જાતમાં જે ફીફરૂં થાયછે તેને આબેહુબ મલતુંજ ફીફરૂં ઘોડામાં હોતું નથી, તો પણ આ મથાલા હેઠલ લખેલી ઘણીખરી નીશાનીઓ માણુસ જાતનાં ફીફરાંને મલતી આવેછે. ખરાબ વીચારો કીધાથી, દુરવ્યસનમાં લપટાવાથી, બુરા મરજ થવાથી અને એવાંજ બીજાં કારણોથી માણુસોમાં થતું ફેફરૂં તરેહવાર રૂપ પકડે છે, પણ ઘોડામાં થોડાંજ કારણોને લીધે ફેફરૂં થવાથી તેની નીશાનીઓ થોડીજ અને લગભગ એકજ જાતની હોય છે.

નીશાની—જનાવર ચાલતું ચાલતું એકદમ ઉભું રહી જાયછે, અને તેવી હાલતમાં પોતાની આસપાસ શું બનેછે તેની તેને કાંઈ પણ ખબર રહેતી નથી. કેટલોક વખત સુધી તે મનની આવી બેભાન હાલતમાં ઉભું રહેછે, અને પછી જાણે કાંઈજ બન્યું નહી હોય તેમ તે પાછું હુશીઆર થઈ પોતાનું કામ કરવા મંડી જાયછે.

કેટલીક વેલા દરદ વધારે જોર પકડેછે અને આટલી સેહેલાઈથી તે દુર થતું નથી. એવી વખતે તે જનાવર પહેલાં ગોલ ને ગોલ આંટા ખાયા કરેછે અને પછી બેસુધ બની જમીન ઉપર પટકાઈ પડેછે. આ પ્રમાણે પટકાયા પછી તેનું આખું બદન ધ્રુંજવા માંડેછે, અને ધ્રુજરીમાંથી પછી જોરાવર તાણ પેદા પડેછે. આવી હાલતમાં તે જનાવર લીદ અને પીશાબ કરેછે. કોઈ વખત જોશ ઉપર ચહડી અછાડા પછાડા મારેછે અને કોઈ વખતે તે તદન ચુપ પડી રહી ધ્રુજ્યા કરેછે. આ પ્રમાણે ઘણો યા થોડો વખત પડી રહી તે જનાવર પાછું હુશીઆર થાયછે.

કારણ—આ દરદનાં કારણોમાં ભેજાં ઉપર થતો લોહીનો જોશ એ મુખ્ય કારણ છે. ગરમ દેશના મુલકોમાં સુર્યનો તાપ એ ભેજાં તરફ લોહીનો જોશ વધારવામાં મુખ્ય છે, અને તેટલા માટે આ દરદ ગરમીના દીવસોમાં બપોર પછી ગરમ મુલકોમાં ઘણુંજ સાધારણ છે. વલી જનાવર સોડે તેની શક્તિ ઉપરાંત એકદમ કામ લેતાં અને તેને ઘણું દોડાવતાં પણ આ દરદ પેદા થાયછે. જે ઘોડાઓનાં ગલાંની આસપાસનો હાંસલીનો સામાન ઘણો તંગ હોય તે ઘોડાઓને પણ આ દરદ વારંવાર થઈ આવેછે. આવા ઘોડાઓને એકદમ દોડાવતાં યા તો ઢલાવ ઉપર ચઢાવતાં તે સામાન ગલાંની નેસો ઉપર દબાણ કરી ભેજાં તરફથી ઉતરતાં લોહીને ખુલ્લો માર્ગ આપતો નથી, જેથી લોહી ભેજાંમાં એકઠું થઈ આ દરદને જનમ આપેછે. ઘણોજ પુષ્ટીકારક મસાલાદાર ખોરાક ખવાડી જો ઘોડાને પુરતી કસરત નહીં આપી હોય તો તેનાં ભેજાં તરફ વારંવાર લોહીનો જોશ ચહડી આવેછે, અને તેનાં પરીણામ તરીકે આ દરદ દેખાવ દેછે.

ઉપાય—આ દરદનું કારણ દુર કીધું એટલે તેના ઉપાયો થઈ ચુકયા એમ સમજવું. અગર જો તડકાંને લીધે આ દરદ થતું હોય તો માથાં ઉપર અને ગેંરદન ઉપર તેને ટંડક આપે એવું ઢાંકણ કરવું. આપણાં શેહેરની ટ્રામવે કમપની પોતાના ઘોડાઓને માટે

જે ટોપીઓ વાપડે છે તે એજ મતલબથી વાપડે છે અને તે ટોપી તેઓએ વાપડવા માંડી તેની પહેલાં એ કંપનીના પુશકલ ઘોડાઓ એ દરદને આધીન થઈ પડયા હતા. એ ટોપીઓ સાથે જો માથાંની ઉપર કોઈ રીતે ભીંણાં લુગડાં રાખવાની પણ ગોઠવણ કીધી હોય તો સારૂં, કે જેથી એ દરદ થવાના સઘલા સંભવો દુર થઈ જાય.

ગલાંની આસપાસનો હાંસલી અથવા કોલરનો સામાન બનંતાં સુધી ઢીલો રાખવો, અને જો તે તંગ હોવાથી આ પ્રમાણે ફેફરૂં થઈ આવે તો તે સામાન તરતજ તેના બદન ઊપરથી ઉતારી લેવો. ઘોડાને ઘણો મસાલેદાર અને ગરમી કરે એવો ખોરાક આપવો નહી. તેને સારી પડે કસરત કરાવવી, અને ખુલ્લી હવાવાલા તબેલામાં રાખવો. જો મસાલાદાર ખોરાક આપવાથી ફેફરૂં થયું હોય તો એ પ્રમાણે તે ખોરાક આપવાનું માંડી વાલી તેને એક સારો જેવો જોલાબ આપવો, અને પછી લોહીનો જોશ નરમ રાખનારી દવાઈઓ આપવી. નીચલી દવાઈઓમાંથી જે તે એક લોહીનો જોશ નરમ પાડશે.

વછનાગ	૩૦ ગ્રેન.
ગરમ પાણી	૧ પેંટ.

ગરમ ખલખલતાં પાણીને વછનાગની ઉપર નાખી દેવું અને ઠંડું પડે એટલે ગાલી લઈ તેમાંથી બે ભાગ કરવા, જેમાંનો એક સહવારે અને બીજો સાંજે આપવો, અથવા તો

ડીજીતેલીસનો ભુકો...	૧ ડ્રામ.
તારતાર એમેતીક	૩૦ ગ્રેન.
સુરોખાર...	૩ ડ્રામ.

આ સઘલાંને મેલવી તેમાંનો અરધો ભુકો સહવારનાં દાણા સાથે, અરધો સાંજનાં દાણા સાથે આપવો.

ધનુશવા, ધનુરવા અથવા જોરાવર જારી તાણ.

(Tetanus or Lock-jaw.)

માહાં ભાગે આ દરદ ઘોડાઓમાં ઘણું સાધારણ છે, અને એ દરદની ખરી ખાસીએત વીશે જો કે હાલમાં ઘણુંક અજવાલું પડવા માંડયું છે, તો પણ હજી સુધી આપણે તે વીશે ઘણાં અંધારાંમાં છઈએ.

નીશાની—આ દરદની પહેલવહેલી નીશાની એ છે કે, જનાવર પોતાનું માથું કુદરતી રીતે હીલવવાને બદલે જાણે તેની ગરદન અકડી ગઈ હોય એવી રીતે માથું રાખી મેલેછે. તે જનાવરનું માથું આપણા હાથે ઊંચકતાંજ આંખનું ત્રીજું પડ અંદરથી એકદમ બહાર નીકલી આવેલું માલમ પડેછે, અને તેજ વખતે આંખના ડોલાને હીલાવનારા માંસના લોચાઓ એવી તો કઢંગી રીતે સંકોચાય છે કે કુદરતી નરમાશવાલી મધુરી આંખને બદલે ખુનપર ચહડેલી ઝનુની આંખનો દેખાવ આપેછે. જડબાં ઘણું કરીને બંધ હોય છે, પણ કોઈ કોઈ વેલા તેઓ ચીપટાયલાં નથી હોતાં. જેમ જેમ દરદ વધતું જાયછે તેમ તેમ બદનના બીજા ભાગોના માંસના લોચાઓ જોરમાં સંકોચાવા યા તાણપર ચહડવા માંડેછે. માથું ઊંચુંજ રાખેલું રહેછે, કાનની ચાપકીઓ આગલ ખેંચાએલી હોય છે, નાકનાં ફીફરાં પહોલાં થયલાં હોય છે, અને નાક જોરમાં ખેંચાઈને જાણે આગલ નીકલી આવેલું હોય તેવું માલમ પડેછે. પેટના માંસના લોચાઓ એટલા તો સંકોચાઈ ગયલા હોય છે, કે જાણે તે જનાવર કાંઈ અત્યંત મહેનતમાં પડયું હોય એવું જણાય છે. તે જનાવર પગ પહોલો કરીને ઉભું હોય એમ દેખાય છે અને તેની પુછડી ઉભાને ઉભી રહેછે અથવા તો ધ્રુજ્યા કરેછે.

આ રીતની હાલત ચાલુજ રહેછે અને તે તાણમાં કાંઈ પણ ખાંચો પડતો નથી. આખાં બદન ઉપર પરસેવો ફુટી નીકલે છે. દરદનું જોર વધારે હોય છે ત્યારે નાડી ઘણીજ જોરમાં અને ધ્રુજતી ચાલે છે. કોઈ વેલા તે ઘણીજ ઢંગધડા વગરની રહેછે. દમ પણ કુદરતી રીતે ચાલવાને બદલે અચકાતો અચકાતો ચાલેછે. ઝાડો ઘણું કરીને કબજ રહેછે અને પીશાબ પણ થોડીજ છુટેછે.

કારણ—ધનુરવા એ દેખઈતી રીતે ભેજાં, ગદુદ અથવા જ્ઞાનતંતુ સાથે સંબંધ રાખનારૂં દરદ છે ખરૂં, તો પણ છેલ્લામાં છેલ્લી સોધો પ્રમાણે જોતાં ધનુરવા એ લોહીમાં ફરતાં ચોકસ જાતનાં સુક્ષમીક જંતુઓની હાજરીને લીધે જનમ પામેછે. વીદવાનોમાં હજી આ બાબદ વીશે ઘણો મતફેર છે, તો પણ જે વજનદાર દાખલા દલીલો આપણી સામે હાલ રજુ કરવામાં આવે છે તે ઉપરથી તો આપણી પુરેપુરી ખાતરી થાય છે કે, આ દરદ ખરેખર જોતાં પહેલવહેલું લોહીમાંથી જનમ પામેછે, કે જે લોહીમાં ફરતાં ચોકસ સુક્ષમીક જંતુઓ ભેજાંમાં, ગદુદમાં, યા જ્ઞાનતંતુઓમાં જઈ કાંઈક એવા ફેરફારો પેદા કરેછે કે જે ફેરફારોને લીધે તે ભાગો ચાલુ ઉશકેરાએલીજ હાલતમાં રહેછે. આ જંતુઓ લોહીમાં કઈ રીતે દાખલ થાય છે તે હજી નક્કી નૃથી થયું, તો પણ એટલું તો જાહેર થયું છે કે હવામાં ઉડતી બારીક રજકણો, ધુલ, મટોડું, ચુનાની દેવાલો અને એવીજ બીજી વસ્તુઓ ઊપર આ જંતુઓ ઘણું કરીને પોતાનો વાસો કરેછે, અને ત્યાંથી તેઓ તહરેવાર રીતે ધુલ, મટોડાં, યા હવામાં ઉડતી રજકણો સાથે જનાવરનાં બદનમાં દાખલ થાય છે.

ઘણું કરીને આ દરદ કાંઈક જખમમાંથી પેદા થાય છે. નાલ મારતાં ખીલી ઠોકવામાં થએલી ભુલ, પગમાં ભોકાઈ ગયલો એક કાંટો, યા કાચનો ટુકડો, ઠોકડ લાગતાં ભાગેલું ઘુંટણુ, ચાબકની ચીબાવલી ચીમકીથી આંખની ફાટેલી ચામડી, યા કાંઈ એવીજ રીતે થએલો જખમ આ દરદ પેદા કરનારાં જંતુઓને લોહીમાં દાખલ થવાનો માર્ગ મોકલો કરી આપે છે; બદનના જુદા જુદા ભાગોમાં કરવામાં આવતાં વહાડકાપનાં કામોમાંથી આ દરદ વારંવાર જનમ પામેછે. જો કોઈ ઠેકાણે વહાડકાપ કીધું હોય છે અને જ્યારે લગભગ તેનું સંતોશકારક પરીણામ નીવડવાનું હોયછે તો તેજ વખતે આ ચીંતામાં નાખનારૂં દરદ પોતાનો ડરામણો દેખાવ દે છે. ઘોડાને ખશી કરવા માટે કીધેલું વહાડકાપ વારેઘડીએ આ દરદને લીધે ધાસ્તી ભરેલાં પરીણામો નીપજાવે છે.

એ રીતે જખમમાંથી પેદા થવા ઉપરાંત આ દરદ બીજાં પણ કેટલાંક અણજાણ્યાં કારણોને લીધે જનમ પામેછે. એકદમ ઠંડક થવાથી પણ આ દરદ પેદા પડેછે. પોલોની રમત, શેકારની દોડધામ, શરતની હરીફાઈ યા એવાંજ બીજાં થકવી નાખનારાં કામો પછી અગર જો તે જનાવરનાં આંગ ઉપરનો પરસેવો લુછી નહીં નાખ્યો હોય અને તેનાં બદન ઉપર કાંઈ ગરમ કપડું નહીં ઓઢાડયું હોય તો એકદમ ઠંડી લાગી આવી તેમાંથી આ દરદ પોતાનું મુલ લેછે. ચોમાસાંની મોસમમાં જો છાપડાં ઉપરથી પડતાં નેવનાં પાણીમાં યા થોડેથોડે વારે તપક તપક તપકાતાં ટીપાંઓની નીચે તે જનાવરને ઉભું રાખ્યું હોય છે તો ધ્રુજરી ભરાઈ આવી આ દરદ પોતાનો દેખાવ દે છે. આંતરડાં અને હોજરીમાં પેદા પડતા કીડાઓ આ દરદને જનમ આપવામાં કેટલીક વેલા મુખ્ય ભાગ બજાવે છે.

દેશીઓ એવું માનેછે કે ઘોડાને કંઈ જખમ થયો હોય અને તેને જો રાતે ચાંદનીમાં ઉભો રાખ્યો હોય તો તેથી ધનુરવા થાયછે, પણ અંગ્રેજ તબીબો એ બીનાને વહેમ ગણેછે.

ઉપાય—આ જાલેમ દરદના ઉપાય તરીકે ઘણાક વઈદો જાલેમ એલાજ ફરમાવી ગયાછે, પણ આ દરદમાં ચુપકીદી, નરમાશ, અને ધીરજ જેટલું કામ કરેછે એટલું કામ ઉપરા સાપરી અજમાવવામાં આવતા જાલેમ ઉપાયોથી કદી પણ પાર પડતું નથી. ઘણા ડાકટરો ભલામણ કરેછે કે, પહેલાં ફસ ખોલી તેમાંથી સારીપડે લોહી કહાડવું અને પછી તે જનાવરને એક જોરાવર જોલાબ આપી, બરડાના કાંઠા ઉપર એક લાંબુ બલીસ્તર મારવું. બીચારાં દુખ ખમતાં તે મુગાં પ્રાણીને સપાટામાં લાંબું કરી નાખવાને આ એલાજો ખરેજ પુરતા છે. આ દરદમાં ફસ ખોલવાની કાંઈ પણ જરૂર નથી, કારણ કે આ દરદ કાંઈ લોહીના જોશમાંથી જનમ પામતું નથી. જો કે આ દરદમાં નાડી કેટલીક વેલા જોશપર ચહડે છે ખરી, તો પણ તે તો માત્ર આ દરદનું પરીણામ છે, અને તે કાંઈ તેનું કારણ નથી; તેમજ આખા બરડાના કાંઠા ઉપર બ્લીસ્તાર મારવામાં કાંઈ પણ ફાએદે

નથી, કારણ કે આ દરદનું મુલ કાંઈ ગદુદમાં સમાએલું નથી, પણ તે તો આખાં બદનમાં ફરતાં લોહીમાં સમાએલું છે.

શાંતી, શાંતી અને શાંતી એ આ દરદની સર્વોત્તમ દવાઈ છે. દવાઈ દારૂના ઉપાયોના કરતાં સેંકડો ઘણી વધુ કીમતી દવાઈ શાંતી છે, માટે આ દરદનો ઉપાય કરતી વખતે પહેલી વાત હંમેશાં એજ ધ્યાનમાં રાખવી કે તે દરદીને જેમ બને તેમ એકાંત, અંધારાંવાલી પણ ખુલ્લી હવાવાલી, ઠંડક પમાડે એવી, ગડબડ ગોંધાતથી દુર આવેલી જગ્યામાં રાખવું. તેની આગલ માત્ર એકજ માણસે રહેવું, અને તેણે પણ ઘોડાની નજરથી બનતાં સુધી દુર રહેવું. તે જનાવર ચોંકે એવી કાંઈ પણ હીલચાલ તેણે કરવી નહીં અને દહાડામાં માત્ર બે વખતજ તે દરદીના થાણમાં ઘણીજ ચુપકીદીથી તેણે દાખલ થવું અને ધીરજથી ખોરાક પાણી તેને આપી પાછું બહાર નીકલી આવવું. અગર જો કોઠો તદન કબજ હોય તો એક સારો જેવો જલદ જોલાબ તેને આપવો અને પછી નીચે જણાવેલી મેલવણીમાંથી બે ભાગ કરી દહાડામાં બે વખત આપવી.

અફીમ	૪ ડ્રામ.
સલફ્યુરીક ઈથર	૧ આઉંસ.
કપુર	૨ ડ્રામ.
તીંકચર આવ એકોનાઈત	૧ ,,
સ્પીરીટ આવ તરપેનતાઈન	૨ ,,
બીરનો દારૂ	૧ પેંટ.

પહેલાં સ્પીરીત આવ તરપેનતાઈનની સાથે બે ઈંડાંની દાલ મેલવી પછી બીજી દવાઈઓ સાથે તેનું મીશ્ર કરી નાખવું, અને ઉપર કહ્યા પ્રમાણે તે મેલવણી સહવાર સાંજ બે ભાગમાં પાવી.

અગરજો આ મેલવણી આપવા પછી દરદીને ફાયદો થતો જણાય તો તે ચાલુ રાખવી, પણ જેવું માલમ પડે કે હવે દરદી ધાસ્તીમાંથી મોકલો થયોછે કે તરતજ વધુ દવાઈ આપવાનું માંડી વાલવું.

બીજો ઇલાજ.

પીંપલ, પીપલીમુર, રાઈ, મેથી, ગોરાવજ, લસન, કુતકી, ગોખરૂ, તમાલપતર, કાળાં મરી, અજમો, હલદ એ શધલું બારીક કરવું. દરેક ગોતી શેર ૦। જેટલી કરવી અને ગોલમાં મેલવી એક સહવારના પોહોરમાં તથા બીજી સાંજના આપવી અને તેનાં આખાં બદને નીચે પ્રમાણેની દવા મેલવી લગાડવી:—તરપેનતાઈન, મીઠું તેલ, લીકવીદ એમોનીઆ મશતર.

ત્રીજો ઇલાજ.

અફીમ	૧ દ્રામ.
કપુર	૧ ,,
હીંગ	૧ ,,
સુંઠ	૧ ,,

એ સઘલાની ગોલમાં ગોલી કરી સહવારના પોહોરમાં આપવી.

ઉપર જે ત્રણ ઈલાજો લખ્યાછે તેમાંનો પેહલો ઈલાજ કરવાથી જો કંઈબી ફાયદો નહીં જણાય તો પછી સેવટે બીજો અને ત્રીજો ઈલાજ કામે લગાડવા, પણ જ્યાં સુધી તેને શાંતીના ઉપાયો કરયાથી ફાયદો થતો હોય તો એ ઈલાજોને માટે ઝાઝી ભલામણ કરવામાં આવતી નથી.

અગરજો દરદી ખાતું નહીં હોય તો જોર જુલમથી તેને ખવાડવાની કાંઈ પણ જરૂર નથી. થોડા દહાડા ભુખું રહેવાથી કાંઈ તે દરદી મરી જવાનું નથી. પણ અગરજો તે દરદી છેકજ તવાઈ જતું હોય તો પછી કાંઈ પણ પરીણામનો વીચાર કરયા વગર તે દરદીને ભુખમરાથી મરી જતું અટકાવવાની આપણી ફરજ છે અને તેટલા માટે નાકને રસ્તે એક રબરની નલી મુકી તે નલીને ખોરાકની નલી સુધી પુગાડવી અને પછી તેમાંથી પાતલી કાંજી વગેરે ખોરાક હોજરીમાં દાખલ કરવો. કેટલીક વેલા આ ઉપાય કરવાથી તાણ ઘણુંજ જોરમાં ચહડી આવેછે તે વખતે સફરાને રસ્તેજ ખોરાક આપવામાં ફાએદો છે. યાદ રાખવું કે જો જનાવર થોડું ઘણું ખાતું હોય તો કદી પણ તેને આ પ્રમાણે જબરદસ્તીથી ખોરાક આપવો નહીં.

લકવો—(Paralysis.)

આપણે આગલ જોઈ ગયા કે બદનના જુદા જુદા ભાગો હીલવવાને માટે, બદનનાં વીચીત્ર કામો કરવાને માટે, બદનની બહાર યા અંદર થતી જુદી જુદી લાગણીઓ જાણવાને માટે, ભેજું, ગદુદ અને જ્ઞાનતંતુઓનું એક જુદુંજ ખાતું સરજાવવામાં આવેલું છે, જે ખાતું ઉપલાં કામો બજા લાવે છે. વલી આપણે વધુ એ જાણી લીધું છે કે ભેજું જે છે તે એક મોટી તાર આફીસ તરીકે કામ ચલાવે છે, અને ગદુદ તેની એક શાખા તરીકે કામ કરેછે, જ્યારે ભેજાંમાંથી અને ગદુદમાંથી નીકલતા તંતુઓ અથવા તાર જે જ્ઞાનતંતુઓને નામે ઓલખાય છે, તે તંતુઓ બદનના જુદા જુદા ભાગોમાં જઈ મોટી તાર

આફીસ અને શાખા તાર આફીસની વચ્ચે સંદેશા લાવ લઈજા કરેછે. જો આ માહેલો એક તાર તુટો, યા તો ભેજાંમાના યા ગદુદમાંના જે ભાગમાંથી તે તાર નીકલતો હોય તે ભાગની સાથનો તે તારનો જે સંબંધ તુટો તો તે તાર જે ભાગમાં જઈને પુરો થતો હોય તે ભાગનો લકવો થયો એમ કહેવામાં આવેછે. સાધારણ જ્ઞાનનાં માણસો લકવાને બે જુદી જુદી જાતમાં વહેંચી નાખેછે. એક તો બદનનો કોઈ પણ ભાગ હીલચાલ કરતો બંધ થાયછે ત્યારે તેને લકવો થયોછે એમ તેઓ કહેછે, અને બીજું તો બદનના કોઈ પણ ભાગની લાગણુ શકતી જ્યારે ગુમ થઈ જાયછે, ત્યારે તે ભાગ સુણ મારી ગયો એમ તેઓ જણાવે છે. વઈદક વીધા પ્રમાણે જોતાં લકવાના ઘણા જુદા જુદા ભાગો થઈ શકેછે પણ ત્યાં એ રોગના સંબંધમાં આપણને ઊંડાણમાં જવાની કાંઈ પણ જરૂર નથી. ભેજાંનાં પુશકલ ગુંચવણ ભરેલાં કામકાજોથી, સંસાર વહેવારમાં આવતાં મનના તહરેવાર જુસ્સાઓના ચાલુ ફેરફારો થયા કરવાથી, બહુજ થાકવી નાખનારા અભીઆસથી, દુરવ્યસનોની લંપટમાં રાત ને દહાડો લપટાઈ રહેવાથી અને બીજાં તહરેવાર કારણોને લીધે માણસ જાતમાં જે ચીત્ર-આકારોમાં લકવો લાગુ પડેછે, તેટલા બધા આકારોમાં એ દરદ ઘોડામાં માલમ પડતું નથી. એટલા માટે આપણે ત્યાં લકવાનાં સાધારણ રૂપ વીશેજ લખીશું.

નીશાની—બદનના જુદા જુદા ભાગોમાં જે લકવો લાગુ પડેછે તેની અલબતે જુદી જુદી નીશાનીઓજ હોવી જોઈએ. દાખલા તરીકે કમર આગલની ગદુદના ભાગમાં જો લકવો લાગુ પડેછે તો પાછલા પગોની હાલત ઉપરથી તેની નીશાની માલમ પડી આવેછે. જો આંખના જ્ઞાનતંતુમાં લાગુ પડે છે તો "દેખતી આંખે અંધાપો" એવાં મથાલાં હેઠલ જે દરદ વરણવવામાં આવેલું છે તે દરદની સઘલી નીશાનીઓ લાગુ પડે છે. જો પીશાબના ફુક્કાના જ્ઞાનતંતુમાં લાગુ પડે છે તો પીશાબ અટકી જાયછે અને પોતાની મેલે થતી નથી. જો આંતરડાંમાં લકવો લાગુ પડે છે તો આંતરડાં પોતાનું કામ કરતાં નહીં હોવાથી ઝાડો થતો નથી, અને પેટ ઉપર કાન મેલીને સાંભલતાં આંતરડાંની હીલચાલથી થતા ગડગડતા અવાજો સંભલાતા નથી. જો આંખને ફેરવનારા માંસના લોચાઓમાં લકવો લાગુ પડેછે તો આંખનું ઉપલું ટોપચું ઢંકાયલુંજ રહેછે. જો મહોડાંની એક બાજુનો લકવો થાયછે તો બીજી બાજુના માંસના લોચાઓ ખેંચાઈ જવાથી થતા કદરૂપા દેખાવ ઉપરથી લકવાની હાજરી તરત જણાઈ આવેછે. એ રીતે બદનની અંદરના યા બદનની બહારના જુદા જુદા ભાગોમાં થતો લકવો જુદી જુદી નીશાનીઓ રજુ કરેછે.

કારણ—આપણે ઉપર જોઈ ગયા કે લકવો બદનના અંદરના તેમજ બહારના ભાગોમાં તહરેવાર આકારમાં લાગુ પડેછે અને તે લકવો થવાનાં કારણો ઘણીક વેલા આપણાથી તે જનાવરની જીવતી હાલતમાં પરખાઈ શકાતાં નથી. રોગ વાંઘાની રીતે જોતાં આપણે એટલું તો ખાતરીથી કહી શકીએ કે આ પ્રમાણેનો લકવો થયોછે તો તેનાં ફ-

લાગ્યાં ફલાણાં કારણો હોવાંજ જોઈએ અને તે કારણોનું મથક બદનના ફલાણા ભાગમાં હોવું જોઈએ. પણ તે કારણો કયાં મુલમાંથી પેદા પડયાં તે મુલ સોધી કહાડવાનું કામ ઘણી વેલા મુશકેલ થઈ પડેછે.

કેટલીક વેલા આ દરદનાં કારણો ખુલ્લાં માલમ પડી આવે તેવાં હોયછે. દાખલા તરીકે જો કાંઈ તપાસ કરવાને માટે યા વહાડકાપ કરવાને માટે જનાવરને દોરડાંની મદદથી જમીન ઉપર નાખ્યું હોય અને જમીન ઉપર પડતાં તે જનાવરની બરડાની કરોડનું એકુ હાડકું ભાગું હોય અને તે ભાગેલાં હાડકાંનો ટુકડો ગદુદની ઉપર એટલાં તો જોરથી દબાણ કરતો હોય કે જેથી ગદુદના તે ભાગમાંથી નીકલતા એક જ્ઞાનતંતુનો તે ગદુદ સાથનો વહેવાર તુટી ગયો હોય તો જે ભાગોનાં કામ મોટે તે જ્ઞાનતંતુ જતો હશે તે ભાગોનાં તેટલાં કામકાજ થતાં અટકી પડશે. આવીજ જાતનો લકવો થાણમાં પડી જવાથી યા બીજી રીતના કોઈ અકસ્માતથી પણ પેદા પડેછે. ઘણીક વેલા સવારીનો ઘોડો આગગાડી યા એવીજ બીજી કાંઈક ચીજને જોઈ ભડકે છે અને ભારે ઉછાલાઓ મારી સવારના કબજામાં રહેતો નથી. તેવામાં જો તે ઘોડો ઉઠલાઈને પડેછે, તો માથાંની ખોપરીમાં સજડ વાગેછે, અને તેનાં પરીણામ તરીકે ભેજાંમાંની એકુ ઘોરી નેસ ફાટી જાયછે. આ નેસમાંથી નીકલેલું લોહી થોડો વખત ગયા પછી બંધાઈ જાયછે, અને તે બંધાએલો લોહીનો ગાંગડો ભેજાં ઉપર દબાણ કરતો હોવાથી ભેજાંના તે ભાગમાંથી નીકલતા જ્ઞાનતંતુનો ભેજાં સાથનો વહેવાર બંધ પડી જાયછે. એ રીતે તે જ્ઞાનતંતુ જે ભાગોમાં જતો હોય છે તે ભાગોને ભેજાં તરફનો કાંઈ પણ પેગામ નહીં મલવાથી તેટલા ભાગોનો લકવો થાયછે.

કેટલીક વેલા ભેજાંમાં યા તેની આસપાસનાં પડોમાં તેમજ જ્ઞાનતંતુઓ જ્યાંથી નીકલતાં હોય ત્યાં આસપાસથી ફુટી નીકલતાં ઘડ ગુમડાં ભેજાંપર, ગદુદપર, યા જ્ઞાનતંતુઓ ઉપર દબાણ કરી લકવો પેદા કરેછે.

ઉપાય—અગરજો લકવાનું કારણ માલમ પડે અને તે દુર થઈ શકે તેવું હોય તો તે કારણ દુર કરવાની પહેલાં કોશેશ કરવી. દાખલા તરીકે જો અકસ્માત પડી જવાથી જનાવરનાં માથાંની ખોપરીની એકુ પોપડી ભાંગી જઈ ભેજાં ઉપર દબાણ કરતી હોય અને તેથી લકવો પેદા થયો હોય તો તે પોપડાંને પાછી ઊંચકી કહાડવાની કોશેશ કરવી. આ કારણને માટે શસ્ત્ર વઈદો ત્રેફાઈન નામનું હથીઆર વાપરે છે, જે હથીઆરની મદદથી માથાંની ખોપરીનો તે ચોકસ ભાગ ગોલ વેહેરી કહાડવામાં આવેછે. આવી રીતે હાડકું વહેરી કહાડયા પછી જે ભાંગેલી પોપડી ભેજાં ઉપર દબાણ કરતી માલમ પડેછે તે પોપડીને ઊંચકી કહાડવામાં આવેછે. આવી રીતે ભેજાં ઉપરનું દબાણ દુર થતાંજ તેની સાથેજ લકવો પણ સારો થઈ જાયછે. ચોકસ ભાગમાં જતા જ્ઞાનતંતુઓ ભેજાંના ચોકસ ભાગમાંથીજ નીકલે છે, અને જેણે શરીર વીદ્યાનો સારીપઠે અભીઆસ કીધો હોય છે તે

તરતજ કહી શકેછે કે, બદનના ફલાણા ભાગનો લકવો થયોછે, માટે ભેજાંના ફલાણા ભાગ ઉપરજ દબાણ થતું હોવું જોઈએ. આ પ્રમાણે લકવો બદનના જે ભાગમાં હોય તે ભાગમાં આવતા જ્ઞાનતંતુનું ભેજાંમાંનું મથક નક્કી કરવાથી બરોબર દરદની જગ્યાએજ વઢાઢકાપ થઈ શકેછે. ઘેણીક વેલા બાલક ઘોડાઓને દાંત ફુટતી વખતે તેમનાં ભેજાંમાં ગુમડાં થાયછે, જે ગુમડાંઓનાં દબાણથી લકવો પેદા થાયછે. આવી વેલા પણ ત્રેફાઈનની કરવતીથી જો માથાંની ખોપરી ઊંઘાડી તે ગુમડું ફોડી નાખ્યું હોય છે તો થોડુંક પરૂ નીકલી પડતાંજ લકવાની સઘલી નીશાનીઓ નાબુદ થઈ જાયછે.

અગરજો ઘોડાને અકસ્માત થયાથી ભેજાંના યા ગદુદના કોઈ ભાગમાંની ઘોરી નસ ફાટી તે ભાગમાં લોહીનો પોપડો બંધાયો હોય અને તે પોપડાનાં દબાણથી જો લકવો પેદા પડયો હોય, તો જેમ જેમ વખત જશે તેમ તેમ તે લોહીનો પોપડો સુકાઈને સંકોચાતો જશે અને એ પ્રમાણે રફતે રફતે લકવો નરમ પડતો જશે. કોઈ કોઈ વેલા આ પ્રમાણે બંધાએલો પોપડો તદન ચુસાઈ જાયછે અને તેથી લકવો તદન સાજો થઈ જાય છે. આવી રીતે પોપડો ચુસાવી દેવાને અરથે બ્લીસ્તર, આયોદીન વગેરે લગાડવામાં આવેછે. અંદરખાનેથી પણ આ મતલબ પાર પાડવાને કાજે આયોદાઈન આવ પોતાશીઅમ એક દ્રામનાં વજનમાં દહાડામાં બે વાર અરધાં પેંટ પાણી સાથે આપવું.

અગરજો ભેજાંનો યા ગદુદનો ભાગ નબલાઈથી કરીને નરમ બની જાયછે તો તેથી પણ લકવો લાગુ પડેછે. એવી વેલા જો જ્ઞાનતંતુઓમાં શક્તિ લાવવાની દવાઈ આપી હોય છે તો તેથી ઘણોખરો ફાયદો થાયછે. આ કારણને લીધે નીચલી મેલવણી અકસીર છે.

લાઈકર સ્ત્રીકનીઆ..................................	૨ દ્રામ.
તીંકચર આવ સ્તીલ..................................	૨ „
કવીનીન..................................	૧ „
પાણી..................................	૧ પેંટ.

આ સઘલાંને મેલવી તેમાંથી બે ભાગ બનાવવા અને તેમાંથી અકેકો ભાગ સહવાર સાંજ આપવો.

અગરજો પાછલા પગોનો લકવો થયો હોય તો કમરના ભાગ ઉપર રાઇ બ્લીસ્તર લેપ વગેરે મારવું.

ચમક અથવા ધુજરીનાં દરદો—(Stringhalt, Chorea &c.)

ભેજાંમાં, ગદુદમાં યા જ્ઞાનતંતુઓમાં અગરજો કાંઈ દરદ લાગુ પડયું હોયછે યા તે નબલાઈ થઈ હોય છે, તો તેનાં પરીણામ તરીકે બદનના જુદા જુદા ભાગોમાં ધુજરી થાય

છે. માણસ જાતમાં આ દરદ ઘણુંજ સાધારણ છે. ઘણાંક માણસોના હાથ પગ નજીવું કામકાજ કરવા જતાંજ ધ્રુંજવા મંડી જાયછે. કેટલાકોની ગરદન આખો વખત ધ્રુંજ્યા કરે છે. કેટલાકોના હાથ ચાલુ ઉડયા કરેછે. કેટલાકોની આંખ વારંવાર ફડકયા કરેછે અને એ રીતે તહરેવાર આકારોમાં ધ્રુજરીનો રોગ માલમ પડેછે. ઘોડામાં એટલા બધા ભાગો-માં ધ્રુજરી કદાચજ માલમ પડેછે. પણ એક ધ્રુજરી ઘોડામાં ઘણીજ સાધારણ છે, જે પ-ગની ધ્રુજરી છે. આ ધ્રુજરી આગલા યા પાછલા પગોમાં લાગુ પડેછે, પણ ઘણું કરીને તે પાછલા પગોમાં જણાય છે. કુતરાંમાં એ દરદ ઘણું કરીને આગલા અને પાછલા બંને પગોમાં સામટું જણાય છે.

નીશાની—આ દરદનું નામજ એની નીશાનીઓ જણાવવાને પુરતું છે. એ દરદથી રીબતાં જનાવરો જો કે દેખાવે ઘણાંજ સારાં, તેજી અને મજબુત બાંધાનાં હોય છે, તો પણ ચાલતી વખતે તેમના પાછલા પગો ધ્રુંજવા મંડી જાયછે અને થોડોક વખત ઉભું રાખ્યા પછી તે જનાવરને જો દોડાવવાની કોશેશ કીધી હોય છે તો તેના પાછલા પગો આગલ વધવાને બદલે ધ્રુજરીથી થરથરવા મંડી જાયછે. આ દરદ દોડવાની શરૂઆતમાં ખુલ્લે ખુલ્લું માલમ પડી આવેછે, પણ એક વેલા તે જનાવર દોડયું કે પછી ઘણું કરીને તે એટલું સપષ્ટ જણાઈ આવતું નથી. જો તે જનાવરને આસ્તે આસ્તે ચલાવ્યું હોય તો આ દરદ પોતાનો દેખાવ દેતું નથી, પણ દોડાવવાની કોશેશ થતાંજ તે દરદ પોતાના પુર બહારમાં ઉભરી આવેછે અને પાછલા પગો હવામાં તહરેવાર આકારનાં કુંડાલાં ચીતારે છે.

કારણ—પાછલા પગોમાં જતા એક મોટા જ્ઞાનતંતુની હાલતમાં ચોકસ ફેરફારો થ-વાથી આ દરદ લાગુ પડતું જણાવવામાં આવેછે. માંસના લોચાઓને હીલવવીને અરથે જે જુદા જુદા જ્ઞાનતંતુઓ હોયછે તે જુદા જુદા જ્ઞાનતંતુઓ ચોકસ ભાગમાં પોતાનું કામ એકી વખતે બજાવી નહી શકતા હોવાથી અથવા તો બહુજ ઉશકેરાઈ જઈને કરતા હો-વાથી આ પ્રમાણેનું દરદ પેદા થાયછે.

ઉપાય—આ દરદના ચોકસ ઉપાયો કાંઈ પણ નથી. જ્ઞાનતંતુઓને શક્તિ આપના-રી નીચલી મેલવણી વાપડવાથી કદાચ ફાએદો જણાશે.

લાઈકર સ્ત્રીકનીઆ	૨	દ્રામ.
ટીંકચર આવ સ્તીલ	૨	,,
કવીનીન	૧	,,
પાણી	૧	પેંટ.

આ મેલવણીમાંથી બે ભાગ કરી એકેકો ભાગ સહવાર સાંજ આપવો. તે જનાવ-રને કસરત કરાવવાની ઘણીજ અગત્ય છે, અને આયાલુ સ્વભાવથી રફતે રફતે તેની એ ખોડ કદાચ ભાંગી શકાશે.

આંકડાં, તાણ, ચુંકો—(Convulsions, Spasms &c.)

જુદાં જુદાં કારણોથી બદનના જુદા જુદા ભાગોમાં આંકડાં આવેછે, યા તો તાણ થાયછે, યા તો ચુંકો ચાલેછે, યા તો ચમક પેદા પડેછે. એ સઘલાંને માટે બદનના જેવા જેવા ભાગોમાં અને જેવા જેવાં આકારોમાં તેઓ દેખાવ દે છે તે પ્રમાણે તેમનાં જુદાં જુદાં નામો અપાએલાં છે અને તે જુદાં જુદાં નામો પ્રમાણે તેમનું જુદું જુદું વરણુન પણ કરવામાં આવ્યું છે. દાખલા તરીકે ધનુરવા એ આ મથાલાં હેઠલજ આવી શકે એવું એક દરદ છે, પણ તે દરદ ઘણુંજ સાધારણ હોવાથી અને તેની ખાસ માવજતો કરવી પડતી હોવાથી તે દરદને જુદુંજ વરણવવાને વાજબી વીચારવામાં આવ્યું છે. બીજો દાખલો પેટમાં ચાલતા ચુંકાનો છે, જે પણ આજ મથાલાં હેઠલ આવી શકે તેવું છે, તો પણ તે દરદ જુદુંજ વરણવવું એ સારૂં છે. પીશાબના પુક્કાની ગરદન આગલ આવેલા માંસના લોચામાં ક્યારે તાણ ચહડે છે ત્યારે પીશાબ બંધ થઈ જાયછે અને પીશાબ બંધ થઈ જવાની નીશાની મુખ્ય હોવાથી એ દરદને પીશાબનાં દરદોમાંજ વરણવવું વાજબી છે.

એ પ્રમાણે એ સઘલાં જુદાં જુદાં દરદો જો કે બદનના જુદા જુદા ભાગોમાં દેખાવ દે છે અને જો કે તેઓ તદન જુદાં જુદાંજ કારણોથી જનમ પામેછે, તો પણ તેઓને રોગ વીદ્યાની નજરથી તપાસતાં તેઓ સઘલાં એકજ વર્ગમાં મેલાઈ શકાય છે અને તે એ કે ભેજાંમાં, બરડાની ગદુદમાં, યા ગ્નાનતંતુઓમાં કોઈ પણ કારણથી જો કાંઈ ઊશકેરણી ચાલી તો તે ઉશકેરણીનાં પરીણામ તરીકે આ દરદ લાગુ પડેછે. આ રીતે જોતાં ઘોડાને લાંગતું દેવાનાપણું તે ભેજાંમાં થતાં કાંઈક ઘડ ગુમડાંનું પરીણામ છે. ધનુરવા એ લોહીમાં ફરતી કાંઈક ઝેરી વસ્તુ ભેજાંમાં અને ગ્નાનતંતુઓમાં ઉશકેરણી ચલાવે છે તેનું પરીણામ છે. પેટમાં ચાલતો ચુંકો આંતરડાંમાંથી પસાર થતી કાંઈક પાચણ નહીં થઈ શકે એવી વસ્તુની યા કરમ જેવા જીવડાઓની ઉશકેરણીનું પરીણામ છે.

એ રીતે જોતાં એ સઘલાં દરદો એકજ રીતે પણ જુદાં જુદાં કારણોથી પેદા પડે છે અને તેજ પ્રમાણે તેમના ઉપાયો પણ જુદા જુદા થવા જોઈએ છે; એ સઘલાં દરદોને માટે એકજ એલાજ ફરમાવવો એ ખોટું છે, પણ આંકડાં, તાણ યા ચુંકો થોડોક વખત નરમ પાડવાને નીચલી મેલવણી અકસીર છે.

સલફ્યુરીક ઈથર.................................	૧ આઉંસ.
લોડેનમ.................................	૧ ,,
સ્પીરીત એમોનીઆ એરોમેતીક.................................	૧ ,,
પાણી.................................	૧ પેંટ.

લંગડાપણું અને પગનાં દરદો.

Introduction to Lameness and Diseases of the Legs & Feet.

આ મથાલાં હેઠલ આપણે જે દરદો શરૂ કરીએ છઈએ તે દરદો સમજવાને માટે પગના બાંધાની બારીક સમજણ મેલવવાની ઘણીજ જરૂર છે. યાદ રાખવું કે ઘોડાનો પગ એજ ઘોડાનું જીવતર ગણાય છે અને પગ વગરનો ઘોડો એટલે મુવેલો ઘોડોજ સમજવામાં આવેછે. જો કે રોગ વીદ્યાની નજરે તપાસતાં ઘોડાનાં બીજાં દરદો ઘણાં ધ્યાન ખેંચવા જોગ અને વધારે અગત્યનાં જણાય છે, તો પણ એક માણસ જે મતલબથી એક ઘોડાને પાલેછે તે મતલબની નજરથી જોતાં ઘોડાનો પગ એ ઘોડાનું જીવતર છે. પગનું કાંઈ પણ દરદ ઘોડાને કામ વગરનો કરી મેલવાને પુરતું છે અને જ્યાં સુધી તે સાફ થાય નહીં ત્યાં સુધી તે ઘોડો તેના ધણીને ઉપયોગમાં નથી આવતો, એટલુંજ નહીં પણ તેના ખાવા પીવાની અને તેની સારવારની કીંમત ખરેખર મોંઘી પડી જાયછે. વલી બીજું એ કે, ઘોડાના પગનાં દરદોની સંખીઆ એટલી બધી મોટી છે અને તે દરદોમાંનાં ઘણાંખરાં એટલાં તો ગુપ્ત રહેછે કે ખરૂં દરદ તેની શરૂઆતમાંથીજ પારખી કહાડવાનું કામ બહુજ મુશકેલ થઈ પડેછે અને એ રીતે જ્યારે તે દરદની આસપાસના સઘલા તનદરોસ્ત ભાગો તેની અસરથી ખરાબ થઈને તદન રદ થઈ જાયછે, ત્યારેજ તે દરદ માલમ પડે છે. આ પ્રમાણે ત્યારે સઘલું રંધાઈ રહેવા પછીજ દરદ માલમ પડતાં તેની પાછલ કરવામાં આવતા સઘલા ઉપાયો ઘણા ખરા નીશફલ જાયછે અને એ રીતે ગમે એવું મોંઘી કીમતનું જનાવર એક દેખાઈતાં નજીવાં જેવાં કારણને લીધે કોડીની કીમત વગરનું થઈ પડેછે. પગનાં દરદોમાં ઘણું કરીને લંગડાપણું એ એક મુખ્ય નીશાની છે, પણ એ નીશાની કેટલીક વેલા દરદવાલા ખરા ભાગથી એટલા તો દુરના ભાગમાં માલમ પડેછે કે દરદવાલી ખરેખરી જગ્યા નક્કી કરવાને માટે રોગ વીદ્યાનાં સંપુરણ ગ્નાનની તેમજ આંખ તથા હાથના ઘણાક વરસોના પુખ્ત અનુભવની જરૂર પડેછે. ઘણીક વેલા એમ બનેછે કે, એક અનુભવ વગરના માણસની નજરે જે પગ ખોડો જણાય છે તે પગમાં મુદલ દરદ હોતું નથી, અને તે કદાચ બીજાજ પગમાં અથવા તો છાતીમાં હોય છે. આ કારણને લીધે જે દરદી પગ હોયછે તેની કાંઈ પણ ખબર લેવાતી નથી, જ્યારે સાજા પગની ઉપર બ્લીસ્તર, લેપ, દહામ વગેરેનાં કમકમાત ઉપજાવનારાં ચુંઠણાંઓ પાડી તે સાજા પગને દરદી પગ કરતાં વધારે રોગીષ્ટ બનાવવામાં આવેછે. પગનાં દરદોને લગતું આ અફસોસકારક અગ્નાનપણું માહાં ભાયગે હ્યાંનાં કેટલાંક જનાવરોમાં ઘણાજ દયા ઉપજાવવા જોગ આકારમાં આપણી આંખ સામે રજુ થાયછે અને એ જનાવરનાં દરદોના સંબંધમાં ઘટતું અજવાલું પાડી ઘોડાના ધણીઓની નજર ખુલ્લી કરી આપનારી આવી

ચોપડીઓની કેવી મોટી અગત્ય છે તે તે ઉપરથી સહેજમાં જણાઈ આવેછે. આ ચોપડી વાંચવાથી કાંઈ ડાકટર બની જવાતું નથી, પણ એ ચોપડી વાંચવા પછી આપણાં કીમતી જનાવરની સારવાર કરવાને આપણે જે ડાકટર નેમ્યોછે તે ખરેખરો રોગની પીછાણ કરી તેના બરોબર ઉપાયો કરનારો છે કે કોઈ નીમ હકીમ છે તે વીશે આપણી ખાતરી કરી શકાયછે. ઘોડો વાપડનારા ગ્રહસ્થોમાંનો મોટો ભાગ ઘોડાને શું શું દરદો થાયછે તે વીશે તદન અજ્ઞાન છે, એટલુંજ નહીં પણ ઘોડો જો લંગડો થયો હોય તો તે લંગડો થયો છે કે નહીં તે વીશે પણ તેઓને કશું ભાન હોતું નથી. આજના વખતમાં આવું અજ્ઞાનપણું હવે વધુ વખત ચાલવા દેવું નહીં જોઈએ અને દરેક ઘોડા વાપડનારની ફરજ છે કે આવી ચોપડીઓની મારફતે પોતાના મુગા નોકરને લાગુ પડતાં દરદોનું ઉપર તપકેનું જ્ઞાન પણ લેવું જોઈએ.

ઘોડાના આગલા તેમજ પાછલા પગનાં થતાં તહરેવાર દરદો કયાં, કેવી રીતે, અને કેવા આકારોમાં થાયછે તે જાણવાને કાજે એ આગલા અને પાછલા પગોની શરીર વીદ્યા બરોબર સમજવી જોઈએ છે.

આપણે અગાઉ જોઈ ગયા છઈએ કે પાંસલીઓની ઉપરથી નીકલતા માંસના લોચાઓની મદદથી બનતી ઝોલીમાં ઘોડાના આગલા પગો બદનની સાથે જાણે લટકાવવામાં આવ્યા છે. આગલા પગનાં સઉથી ઉપરનાં હાડકાંને ખભાંનાં હાડકાં તરીકે આપણે ઓલખ્યુંછે, જે ખભાંનાં હાડકાંનો નીચલો છેડો એક નલીરોકાં હાડકાં સાથે જોડાઈ જેમ આપણા હાથની બાજુ છે તેમ બાજુ વાલો ભાગ બનાવે છે. આ બાજુનું નલીરોકું હાડકું ખભાંનાં હાડકાં સંગાતે જોડાઈ ખભાંનો સાંધો બનાવે છે. આ સાંધાની ઉપરથી એક મોટો માંસનો લોચો પસાર થાયછે. તાલીમબાજો અને એવાંજ બીજાં ખીલેલાં બાંધાનાં માણસો હાથની કોણી વાલી દેવાથી હાથની બાજુ ઉપર જે સખત માંસનો લોચો છે તે ઉપસાવી જે ગોટલું ઉભું કરેછે તે ગોટલાં અથવા લોચા સાથે ઘોડાની બાજુનો એ માંસનો લોચો મલતો આવેછે. આ માંસનો લોચો બાજુવાલાં હાડકાંની એ ઊંડી ગઢેરમાંથી પસાર થઈ કોણી તરફ જાયછે.

બાજુનાં હાડકાંનો નીચલો છેડો કોણીનાં હાડકાંઓ સાથે મલી કોણીનો સાંધો બનાવે છે, જ્યાં એક ચીકાશથી ભરેલી ગાદી ગોઠવવામાં આવેલી છે. આ ગાદી કેટલીક વેલા દરદી બનેછે અને તેથી ટોપાલી કોણીનું દરદ થાયછે.

કોણીનાં હાડકાંનો નીચલો ભાગ આગલા પગના ઘુંટણવાલા ભાગમાં આવીને અટકેછે. આગલા પગનું ઘુંટણ બનાવવાને માટે કોણીનાં હાડકાંનો નીચલો છેડો, આઠ નહાનાં નહાનાં હાડકાંઓ અને ઘુંટણની નીચેનાં નલાવાલાં હાડકાંનો તથા તેની આસપાસનાં બે નહાનાં હાડકાંનો ઉપલો છેડો એ પ્રમાણે જુદાં જુદાં બાર હાડકાંઓ કામે લાગે છે. ઘુંટણ પોતે જો કે બહુ નહાનું છે, તો પણ ઘુંટણનો સાંધો બહુજ અગત્યનાં કામે

બજાવે છે. તે સઘલાં કામો સંપુરણ રીતે બજાવવાને તેમાં પુરતી હીલચાલની અગત્ય છે અને તે સઘલી હીલચાલો આટલી નહાની જગામાં જેવી જોઈએ એવી રીતે પેદા કરવાને માટે કુદરતે આટલાં નહાનાં નહાનાં હાડકાંઓ ત્યાં ગોઠવી દીધેલાં છે, જે દરેક હાડકાં એકેકની સાથે મલવાથી ઘુંટણના સાંધામાં વલી એટલા બધા નવા સાંધાઓ ઉમેરાઈ જે ખુબીવંતી હીલચાલો આપણે જોઈએ છઈએ તે હીલચાલોને સહેલાઈથી જનમ આપેછે.

ઘુંટણની નીચે જે મોટું નલાવાલું હાડકું છે તેની આસપાસ બીજાં બે નહાનાં હાડકાંઓ ગોઠવએલાં છે. આ બે નહાનાં હાડકાંઓ પગનાં કેટલાંક દરદોનું મુલ થઈ પડે છે જેમાં બેરહરડી મુખ્ય છે.

આગલા પગના નલાનું જે મોટું હાડકું છે તે હાડકાંની નીચેના છેડા સાથે પાંયખડનું મોટું હાડકું જોડાય છે અને ત્યાં જે સાંધો બનેછે તે સાંધો પાયખડના મોટા સાંધાને નામે ઓલખાય છે. આ પાંયખડના મોટા સાંધાની પછવાડે બે ત્રીકોણાકાર હાડકીઓ ગોઠવાએલી છે કે જે હાડકીઓના સોજાથી ભારે લંગડાપણું પેદા થાયછે. આગલા અને પાછલા પગોને જમીન પરથી ઉંચકનારા બે મજબુત માંસના લોચાઓના તંતુઓ આ ત્રીકોણાકાર હાડકીઓની ઉપરથી પસાર થાયછે

પાંયખડનાં મોટાં હાડકાંની નીચે જે હાડકું છે તે પાંયખડનાં નહાનાં હાડકાંને નામે ઓલખાય છે.

પાંયખડનાં નહાનાં હાડકાંનો નીચલો છેડો પગનાં સઉથી છેલ્લાં હાડકાં ઉપર જઈને ગોઠવાય છે, જે હાડકાંને આપણે ખડીનું હાડકું એવાં નામથી ઓલખીએ છઈએ.

આ ખડીનાં હાડકાંમાં નીચેથી તેમજ પાછલથી જે ખાડો છે તે ખાડામાં વલી એક બીજું નહાનું હાડકું ગોઠવાયલું છે કે જે હાડકાંને આપણે નાવહારડીનાં નામથી ઓલખીએ છઈએ. ત્રીકોણાકાર હારડીઓ ઉપરથી આવતા માંસના લોચાઓમાંના એક લોચાનો તંતુ આ નાવહારડી ઉપર પસાર થઈને ખડીનાં હાડકાંના પોકલ ભાગમાં ચીટકે છે.

પાંયખડનું નહાનું હાડકું, ખડીનું હાડકું, તેમજ નાવહારડી એ ત્રણ હાડકાંઓ પગની ખડી બનાવવામાં મદદ કરેછે. હવે એ પગની ખડીઓને લગતી જરા લંબાણથી તપાસ લઈએ.

ઘોડાની ખડી અને તેનો બાંધો—(Structure of the Foot.)

ઘોડાની ખડી અથવા સુમના બાંધામાં ત્રણ જુદી જુદી જાતની જાનવરી બાબતની વસ્તુઓ દાખલ થાયછે. ખડીનો જે સઉથી બહારનો ભાગ છે તે શીંગડાંવાલી વસ્તુનો બ

ચેલો છે. તે શીંગડાંવાલી વસ્તુની અંદરનો ભાગ શીંગડાંવાલી વસ્તુના આકારનેજ મ-ળતો આવે એવી બીજી માંસ, નેસ વગેરે જીવવાલી વસ્તુનો બનેલો છે. આ જીવવાલી વસ્તુ ખડીનાં ત્રણે હાડકાંઓની ઉપરથી ઉગી નીકલેલી જણાય છે.

ખડીની શીંગડાં વાલી વસ્તુના વલી ત્રણ ભાગ કરવામાં આવેલા છે જેમાંનો (જ-મીન ઉપર પગ મુકયા પછી) સઉથી બહાર દેખાતો ભાગ સુમની યા ખડીની દેવાલને નામે ઓલખાય છે. આ દેવાલવાલા ભાગના વલી તરણ ભાગ કીધેલા છે, જેમાંનો સ-ઉથી આગલો ભાગ અંગુઠા તરીકે, આસપાસના ભાગ સુમની બાજુઓ તરીકે, અને સઉથી પાછલ વલી જતા સુમના ભાગો સુમની એડી તરીકે ઓલખાય છે. એ દેવાલ વાલો ભાગ ખડીની ઉપર ઉપસી આવેલાં બાલથી ભરેલાં એક કુંડાલાંમાંથી નીકલતો માલમ પડેછે. આ બાલથી ભરેલું કુંડાલું ઉપસી આવવાનું કારણ એ કે એ કુંડાલાંની નીચે જે ચામડી છે તે ચામડીની હેઠલ ખડીની દેવાલનો પોપડો પેદા કરનારી વસ્તુ ગોઠવાએલી છે.

ખડીની શીંગડાં વાલી વસ્તુનો બીજો ભાગ તે છે, કે જે જનાવર ઉભું રહેતાં જ-મીન સાથે સંબંધ રાખેછે, એ બીજા ભાગને ખડીનું તલીયું કહેછે. આ બીજો ભાગ આ-ગલથી ગોલાકાર છે, પણ પાછલથી તે ગોલાઈમાં ખાંચો પડેછે. આ ખાંચો ત્રીકોણાકાર છે અને ત્યાં શીંગડાંવાલી વસ્તુનો ત્રીજો ભાગ ગોઠવાએલો છે. એક ત્રીકોણાકાર ખાંચામાં ગોઠવાએલી કોઈ વસ્તુ પણ ત્રીકોણાકારનીજ હોવી જોઈએ અને ખડીની શીંગડાંવાલી વ-સ્તુનો એ ત્રીજો ભાગ પણ ત્રીકોણાકરિજ છે. તે આગલથી ઘણોજ અણીઆલો છે અને પાછલથી પહોલો થતાં થતાં તે નરમ ગાંદીની માફક ઉપસેલો બનતો જાયછે. આ ત્રીકો-ણાકાર ભાગને આપણે બેટકું કરીને કહીશું. આ બેટકાંની વચોવચમાં આગલી અણીથી તે છેક પાછલા પહોલા ઉપસી આવેલા ભાગ સુધી એક ફાટ લંબાય છે, જે ફાટને લીધે એ બેટકાંના વલી બે ભાગ થાયછે. ખડીનાં તલીઆં સાથે એ બેટકાંની બંને બાજુઓ જ્યાં મલેછે ત્યાં અકેકો ઉડો કાપો છે, જે કાપાઓને ખડીના કાતરા કહેવામાં આવેછે.

જે પ્રમાણે ખડીની શીંગડાં વાલી વસ્તુના દેવાલ, તલીઉં, અને બેટકું એ પ્રમાણે આપણે ત્રણ ભાગ ગણ્યા છે, તેજ રીતે માંસ, નેસ વગેરે જીવવાલી વસ્તુઓથી બનેલા ખડીના ભાગને પણ જીવતી દેવાલ, જીવતું તલીઉં, અને જીવતાં બેટકાંને નામે આપણે ઓલખીશું. ખડીની શીંગડાંવાલી વસ્તુના ત્રણે ભાગો અને ખડીની જીવવાલી વસ્તુના ત્રણે ભાગો અકેકની સંગાતે એવી તો ઉમદા કારીગરીથી જોડાઈ ગયલા છે કે તેમને અકેકથી જુદા પાંડતાં બહેજ મુશકેલી નડેછે. ખડીનાં શીંગડાંવાલા ભાગમાં ઉપસેલા બેઠેલા એ-વી રીતના કાંઈક સેંકડો બારીક બારીક કાપાઓ છે કે જે ઉપસેલા બેઠેલા કાપાઓમાં તેથી ઉલટીજ રીતે ઉપસેલા બેઠેલા જીવતા ભાગના કાપાઓ બરોબર ચીવટ બંધ બેસી જાયછે, અને ગોયા શીંગડાંવાલા ભાગના ટેકડા ખાડાઓમાં જીવવાલો ભાગ ઓટી કહા-ડ્યો હોય એવોજ ખ્યાલ આવેછે.

આ જીવવાલા ભાગની નીચે ખડીનો હાડકાંવાલો ભાગ છે, જે ભાગ બનાવવામાં પાંયખડનાં નહાનાં હાંડકાનો નીચલો છેડો, ખડીનું હાડકું, અને તેની પછવાડેના ખાંચામાં ગોઠવાએલી નાવહારડી એ પ્રમાણે ત્રણ જુદાં જુદાં હાડકાં મદદ કરેછે.

ખડીને લગતું આટલું ટુંક સામાન્ય જ્ઞાન મેલવ્યા પછી હવડાં એને લગતું વધુ ઊંડું જ્ઞાન મેલવવાની આપણને કાંઈ પણ જરૂર નથી, તો પણ જેમ જેમ જુદાં જુદાં દરદો સમજવાને માટે આપણને જેવી અગત્ય પડશે તે અગત્યનાં પ્રમાણમાં આપણે એ ટુંક જ્ઞાન કામે લગાડી વધુ ઊંડું જ્ઞાન પણ મેલવવાની કોશેશ કરીશું.

લંગડાપણાંનાં કારણો.

(Accidents, injuries and diseases, causing Lameness.)

લંગડાપણું એટલાં બધાં જુદાં જુદાં કારણોથી જનમ પામેછે કે તે સઘલાં કારણોની હાં ટુંકમાં ખબર લઈ લેવી એ સારૂં છે. ઘોડો કોઈ જગ્યાએ ઠોકરાયો હોય, નાલબંધે નાલ મારતાં ખીલી કઢંગી જગ્યાએ ચલાવી દીધી હોય, યા છુપી રીતે એરહરડી પોતાનું દરદી કામ ચલાવતી હોય ઈતીઆદી તો તે સઘલાંનું પરીણામ લંગડાપણાંમાંજ આવેછે. એવા અકસ્માતો અને દરદોની એક સામટી તપાસ પહેલ વહેલાં લઈ લીધી હોય તો તે સારૂં છે, કારણ કે લંગડાપણું કયાં કારણથી જનમ પામ્યું હશે તે કારણ એ સઘલા અકસ્માતો અને દરદોની જેને ખબર હશે તેજ સોધી કહાડી શકશે, જ્યારે બીજો કોઈ અજ્ઞાન શખસ ગણત્રીનાં સાહડાત્રણ કારણોમાંથી એકુ કારણ ઠોકી બેસાડી આદાંની સુંઠ કરી નાખશે.

સારી પઠે યાદ રાખજો કે જે માણસે એક લંગડા ઘોડાને જોતાં વારજ એમ કહ્યું કે આ ઘોડાને લંગડાવાનું આ કારણ છે તો તે માણસ યા તો ઠાલી બડાઈખોર હશે, યા તો ઘોડાને લંગડો બનાવનારાં તહરેવ્હાર કારણોથી તે અનજાણો હશે. આ પ્રમાણે લખવાથી અમો એમ નથી કહેવા માંગતા કે રાત ને દહાડો એજ ધંધામાં પોતાની જીંદગી ગુજારેલી એવાં માણસો એક ઘોડાને લંગડાતો જોઈ તેના લંગડાવાનું કારણ એકદમ કહી નથી શકતાં. એવા બહોલા અનુભવવાલાં માણસોની વાત ન્યારીજ છે, અને તેવાં માણસો જ્યાં સુધી પોતાની ખાતરી નહીં હોય ત્યાં સુધી કોઈ દહાડો પણ એકદમ પોતાનું મત આપેજ નહીં. અમો જે કહીએ છઈએ તે થોડા અનુભવી, અને એવા ધંધામાં તરતનાંજ દાખલ થયલાં આસામીઓની વાત કરીએ છઈએ. જે બાબદની ઉપર મત ઊ-

આરવાની અગાઉ ગમે એવો અનુભવી ડાકટર પણ પોતાનાં સઘલાં પુખ્ત જ્ઞાનનો ઉપયોગ કરવાની, દરેક ભાગની સંભાલથી તપાસ કરવાની અને દરેક કારણ ઉપર ધીરજથી ઊંડો વીચાર કરવાની અગત્ય વીચારે તેજ બાબદ ઉપર જ્યારે એક બીનઅનુભવી માણુસ એક સપાટામાં પોતાનું મત આપી દે ત્યારે તે માણુસનાં ઉછાછલાપણાં ઉપર આપણુને કંટાલો છુટયા વીના રહેતો નથી. આવાં માણુસો પોતાની એ ખોડને લીધે જો પોતેજ ખમીને બેસતાં હતે તો તેમની વધુ ખબર લેવાની આપણુને કાંઈજ જરૂર નથી, પણ જ્યારે તેઓ આવાં એક કીમતી, નીરદોશ, વાચા વગરનાં જનાવરની ઉપર પોતાનો વીચાર જણાવીને તહરેવાર ચુંઠણાંઓ પાડેછે ત્યારે તેમની એવી ચાલની સામે જેટલો અવાજ ઉઠાવીએ એટલો થોડો કહેવાય.

તહરેવાર અકસ્માતો થવાથી લંગડાપણું લાગુ પડેછે ત્યારે તેની ખરેખરી ખાસીએત જાણી લેવાને અરથે અકસ્માતની હકીકત વીગતવારે જાણી લેવાની ભારે અગત્ય છે. આ વીગતવાર હકીકત ઉપરથી આપણે ખાતરીથી કહી શકીશું કે ફલાણા ફલાણા ભાગો અકસ્માતથી જોખમાયા હશે, તેમને આ ને આ પ્રમાણેનું દરદ લાગુ પડયું હશે અને તેઓ ચોકસ જાતના ઉપાયો લેવાથીજ પાછા ત્તનદરોસ્ત હાલતમાં આવી શકશે. ઘોડાને થતા અકસ્માતો ઘણી જાતના છે, જેમાં બદનના જુદા જુદા ભાગો જુદાં જુદાં પ્રમાણમાં અને જુદી જુદી રીતે જોખમાય છે. આપણુને જે અકસ્માતો હાલ તપાસવાના છે તે લંગડાપણાં સાથે સંબંધ રાખનારાજ અકસ્માતો છે. રસ્તાની વલાણ લેતાં, વલાણ ઉપર આવેલો કોઈ થાંભો, યા ત્યાંથી બહાર નીકલી આવતો કોઈ ઘરનો ભાગ યા એવીજ કોઈ બીજી ચીજ આગલા પગોને જોખમાવવાને પુરતી છે. સામેથી દોડતી આવતી કોઈ ગાડીનો પુલ, બાજુએથી ચક્કર લેતી કોઈ ગાડીનું પઈડું, રસ્તા વચે ઉભેલું લોખંડના યા લાકડાંના લાંબા ટુકડાઓ સાથનું ચીકાર લાધેલું એક ગાડું, એ પણ આગલા પગો જોખમાવવાને પુરતાં કારણો આપેછે. બનતાં સુધી આવા અકસ્માતો અટકાવી શકાય એવા છે અને જો સહેજ ધીરજ અને સંભાલથી દોડતી ગાડીએ કામ લીધું હોય તો આવા અકસ્માતો થતા અટકે છે.

જો આવા અકસ્માતોમાં લંગડાપણાંનું કારણ સોધવા જઈશું તો માલમ પડશે કે ખભાંના માંસના લોચાઓ ચોકસ જગ્યાએથી છુંદાયલા હશે, યા તો ખભાંનું હાડકું ચોક્કસ જગ્યાએથી તુટી ગયું હશે, યા તો ખભાંની ચામડી ઉપરથી તદન આખી રહી તેની નીચે આવેલા માંસના શાખાઓ એવી તો રીતે છુંદાયા હશે કે તેથી જોરમાં સોજો ચહડી લંગડાપણાંને જનમ મલ્યો હશે.

રસ્તાની વચમાં પડેલો એકુ ખાંડો યા તો ચીકાશવાલી જમીન, યા તો ઢેકાંઢલીઆંવાલો રસ્તો એ પણ આગલા પગો જોખમાવવાને પુરતાં કારણો છે. એવી વેલા જો અકસ્માત બનેછે તે અકસ્માતથી ઘણું કરીને ખભાંના માંસના લોચાંઓ, યા તો ખડીના

ઉપલા અને આગલા ભાગમાં આવેલા માંસતંતુઓ, યા તો ઘુંટણની નીચેથી પાછલા ભાગમાં આવેલા માંસના તંતુઓમાં લચક આવેછે. કોઈ-કોઈ વેલા અકસ્માત એટલો જોશમાં થાયછે કે સાદી લચક આવવાને બદલે તંતુના સહેજ શાખાઓ તુટેછે, અને તેટલી જગ્યાએ સોજો ચહડી ભારે દુખાવો પેદા કરેછે. વલી આવી જાતના અકસ્માતથી કેટલીક વેલા પાંયખડની પછવાડે આવેલી ત્રીકોણાકાર, હારડીઓમાં તીક્ષણ સોજો ચહડેછે, અને તેજ પ્રમાણે નાવહારડીમાં પણ તીક્ષણ સોજો ચહડેછે. કેટલીક વેલા આવી જાતના અકસ્માતથી એ ત્રીકોણાકાર હારડીઓ અને નાવહારડી પણ એટલી બધી જોખમાય છે કે તેઓ ભાંગી જાયછે. પગનાં નલાવાલાં મોટાં હાડકાંની પછવાડે જે મોટો ચીકાશ વાલો પટો ગોઠવાએલો છે તે પટો પણ આવી જાતના અકસ્માતથી બહુ જોખમાય છે અને તેમાં પણ બહુજ તીક્ષણ સોજો ચહડી ઘોડાને અતીશય લંગડો બનાવી મેલેછે.

અકસ્માતથી કરીને આગલા પગો જોખમાવાનો જેટલો સંભવ છે, એટલો સંભવ પાછલા પગો જોખમાવાનો નથી. પણ કોઈ કોઈ વેલા અકસ્માતથી પાછલા પગો પણ જોખમાય છે. ઘણું કરીને એકુ ભડકેલો ઘોડો જ્યારે ગાડીમાં ખુબ તરેહથી તોફાન કરે છે અને આગલા પગોથી ઝાલ મારીને થાકેછે ત્યારે તે પાછલા પગોથી ગાડી ભાંજી તોડી નાખવાની કોશેશ કરેછે. એમ કરતાં તેના પાછલા પગો તહરેવાર રીતે જોખમાય છે. કેટલીક વેલા લોખંડના કટેરાની ટટી કુદાવતાં પણ પાછલા પગોને એ પ્રમાણે અકસ્માતથી જોખમ પુગેછે.

ઘણીક વેલા એમ બને છે કે તે જનાવરના પગોમાં કાંઈક દરદ લાગુ પડેલું હોય છે અને તે દરદ પોતાનું ગુપ્ત કામ ચલાવતું હોંયછે તેવામાં એકુ અકસ્માત બનેછે, અને તે અકસ્માતથી કરીને તે દરદી ભાગ ઘણોજ સહેલાઈથી જોખમાય છે. દાખલા તરીકે જો તે જનાવરના પગનાં હાડકાંઓ વધારે કકડાં બનવા લાગ્યાં હોય અને તેમનું ચીવટપણું સહેજસાજ ઓછું થવા માંડયું હોય તો આવી રીતનો એકુ અકસ્માત બનતાંજ એકુ કકડું હાડકું ભાંગી જશે અને એ રીતે ઘણીજ કઢંગી જાતનું લંગડાપણું પેદા પડશે. ખભાનું હાડકું, બાજુનું હાડકું, પાંયખડનું મોટું હાડકું અને ખડીનું હાડકું આવા અકસ્માતોથી વારંવાર ભાંગેછે અને તેટલા માટે એવા અકસ્માતોથી પેદા પડતાં લંગડાપણાંનું કારણ સોધી કહાડતાં તે અને બીજાં હાડકાંઓની ઉપર નજર દોડાવવાની ઘણીજ જરૂર છે. આપણે આગલ જોઈ ગયા છઈએ કે બચપણમાં હાડકાં વધારે ચીવટ અને નરમ હોયછે, જ્યારે ઘડપણ આવતાં તે હાંડકાંઓ પોતાનું ચીવટપણું ખોહતાં જઈ વધારે કકડાં બનતાં જાયછે. આ રીતે કકડાં બનતાં હાડકાંઓ જલદીથી ભાંગી જવાનો વધારે સંભવ હોવાથી ઘરડાં જનાવરમાં અકસ્માતોનું આવું પરીણામ ઘણુંજ સાધારણ છે. આવું પરીણામ ઘરડાં જનાવરમાંજ નીપજવું જોઈએ, એમ સમજીને જવાન જનાવરોને તપાસતી વેલા હાડકાંઓને ભુલી જવાં નહીં જોઈએ, કારણ કે જો જવાન જનાવરોને પણ ઘણાંજ ઝડપથી દોડાવ્યાં હોયછે તો તેમના માંસના લોથાઓ હાડકાંઓની ઉપર એટલું તો

ખેંચાણ કરેછે તેમજ પોતાના ધણીના હોકમથી પુર શુરમાં આવી જઈ તે જનાવર એટલું તો હદ વગરના જોરથી દોડે છે કે તેનાં પગનાં હાડકાંઓ ફાટયા વગર રહેતાં નથી. શરતના ઘોડાઓ આવી રીતે દોડતાં દોડતાં એકદમ અટકી જાયછે અને તપાસ કરતાં માલમ પડે છે કે તેમના પગનાં ચોકસ હાડકાંઓ ફાટી ગયલાં હોયછે.

આવી રીતે ગુપ્ત રીતે ચાલતાં દરદો જ્યારે અકસ્માતથી એકદમ દેખાવ નથી દેતાં ત્યારે તેઓ પુરતા વખત પછી પોતાની મેલેજ દેખાવ દે છે. બેરહરડી, ચક્રરહરડી, પાછલા પગની મોટી ધુંટીની નીચે અંદરથી સુજી આવતી હારડી જેને અંગ્રેજીમાં બોન સ્પેવીન કરીને કહેછે તે, ત્રીકોણાકાર હારડીઓમાં ચાલતો સોજો અને નાસુર, નાવહારડીમાં ચાલતો સોજો અને નાસુર, વગેરે વગેરે દરદો ઘોડાનાં લંગડાપણાંનાં કારણ તરીકે પોતાનો દેખાવ દે છે. કેટલીક વેલા એમ બનેછે કે આ દરદો ઘણાંજ ગુપ્ત રીતે પોતાનું કામ કરયાં જાયછે અને આપણી ગમે એટલી સંભાલ ભરેલી તપાસ છતાં આપણને લંગડાપણાંનું કારણ સંજસૂ પડતું નથી.

કેટલીક વેલા ખભાંના માંસના લોચાઓમાં સંધીવાનું દરદ લાગુ પડેછે અને એ રીતે સંધીવાથી લાગુ પડતાં લંગડાપણાંનું કારણ ખાતરીથી કહેવાઈ શકાતું નથી. જ્યારે લંગડાપણું આજે એક પગમાં અને કાલે બીજા પગમાં એ રીતે કુદતું ફરેછે ત્યારે તે સંધીવાથી લાગુ પડયું હશે એમ આપણે કહી શકીએ છઈએ. કેટલીક વેલા પગના જુદા જુદા સાંધાઓમાં જ્યારે ઘોડો લંગડાય છે ત્યારે તે લંગડાવાનું કારણ પણ સોધી કહાડવાનું કામ બહુજ મુશકેલ થઈ પડેછે.

ખડીની અથવા સુમની તાપ, બેટકાંની ફાટનો કોહવાત, ખડીનાં તલીઆંનો કોહવાત, ખડીના જીવતા ભાગનું પાકપર ચહડવું, એડીનું ખરપસું, પાછલા પગોનો ગંઠીઓવા અને સોજો તેમજ એવાં બીજાં દરદો ઘણુંજ તીક્ષણ લંગડાપણું પેદા કરેછે.

આ સઘલા અકસ્માતો અને દરદો ઉપરાંત ઘોડાવાલાની બેદરકારીથી તેમજ મુરખાઈથી અને નાલબંધની ભુલથી જે ઈજાઓ થાયછે તે તહરેવાર ઈજાઓ પણ લંગડાપણાંનાં જુદાં જુદાં મુલ તરીકે કામ કરેછે. રસ્તામાં ચાલતાં ભોકાએલો એકુ કાંટો, ઘોડાવાલાની બેદરકારીથી ભાગેલું ધુંટણ, યા તો નાલબંધની ભુલથી ખડીના જીવતા ભાગમાં પેસી ગયલી એકુ ખીલી બહુજ તીક્ષણ લંગડાપણું પેદા કરવાને પુરતાં કારણો છે.

લંગડાપણાંનું ત્યારે કારણ તપાસ્તાં તહરેવાર ઈજાઓ, તહરેવાર અકસ્માતો અને તહરેવાર દરદો એ પ્રમાણે ધ્યાનમાં લેવાની ભારે અગત્ય છે, અને ખાતરી ભરેલાં મત ઉપર આવવા માટે એ અકસ્માતો અને ઈજાઓથી પેદા થતાં દરદો અને પોતાની મેલે બદનના રોગને લીધે લાગુ પડતાં તહરેવાર દરદો વીશે પુરતી રીતે જાણીતા થવાની આપણને ભારે અગત્ય છે. જ્યાં સુધી એ દરદો વીશે પુરતી માહેતગારી આપણે મેલવીએ નહીં ત્યાં સુધી એ દરદો પારખવાનું કામ બહુજ મુશકેલ થઈ પડવાનું અને જ્યાં સુધી

ખરૂં દરદ પરખાય નહીં ત્યાં સુધી લંગડાપણું કદી પણ દુર નથી થવાનું. લંગડાપણું પારખવા માટે ત્યારે આપણે પહેલાં શીખવું જોઈએ, કે જેથી ખરૂં દરદ પારખી તેનો એલાજ આપણે બરોબર રીતે કરી શકીએ.

લંગડાપણું કેમ પારખવું ?—(Detection of Lameness.)

લંગડાપણું પારખવાને માટે ત્રણ બાબદ ઉપર આપણે પહેલાં ધ્યાન આપવું જોઈએ. તે ત્રણ બાબદમાં પહેલી એ છે કે તે જનાવર ચોકસ પગને આસાએશ આપવા ઈચ્છે છે કે નહીં તે તપાસવું. બીજી બાબદ એ છે કે, ચોકસ પગને તે હીલવવા યા વાલવા માંગેછે કે નહીં અને જો તે વાલવામાં આવે છે તો તરત તેને દુખ લાગનું હોય તેવું માલમ પડે છે કે નહીં તે તપાસવું. ત્રીજી બાબદ એ છે કે, પોતાની હીલચાલમાં અને ચાલચલણમાં તે જનાવર ચોકસ આંકોશ રાખેછે યા ચોકસ ખામી દેખાડે છે કે નહીં તે તપાસવું.

આ કારણ માટે પહેલાં તો તે જનાવર પોતાનાં થાણમાં ઉભું હોય ત્યારેજ તેને તપાસવું, કારણ કે જ્યારે તે જનાવર ચુપચુપ પોતાનાં થાણમાં ઉભું હશે અને તે શાંત હાલતમાં હશે ત્યારે તે પોતાને થતાં દરદની નીશાનીઓ તરતજ જાહેર કરશે.

એક તનદરોસ્ત ઘોડો જ્યારે પોતાનાં થાણમાં ઉભો હોય છે, ત્યારે તેના બંન્ને આગલા પગો જમીન ઉપર ગોઠવેલા માલમ પડશે અને પાછલા પગોમાંના એક પગને જરા કરાર આપવાની મતલબથી તે નાહની ધ્રુંટીવાલો મોટાં પાંયખડ આગલનો સાંધો વાલી રાખતો જણાશે. આ પ્રમાણે પાછલો એક પગ થોડો વખત સુધી વાલી રાખ્યા પછી વલી તે પગને તે જમીન ઉપર મુકી દેશે અને બીજો પાછલો પગ થોડોક વખત સુધી એજ પ્રમાણે વાલી રાખશે. કોઈ વેલા તે પોતાના આગલા પગોમાંનો એક પગ બીજા પગની સહેજ આગલથી મુકી રાખશે ખરો, પણ એકજ આગલો પગ જમીન પર રાખી બીજા પગને તે કદી પણ આસાએશ આપનાર નથી. જ્યારે આગલા પગોમાંનો એક લંગડો થયો હોયછે ત્યારેજ તે એ પ્રમાણે તેને આસાએશ આપવાની કોશેશ કરશે. યાદ રાખવું કે, એક તનદરોસ્ત ઘોડો સરખી સપાટી ઉપર હંમેશાં પોતાના આગલા બંન્ને પગો ગોઠવેલાજ રાખેછે. અગરજો એક તનદરોસ્ત ઘોડો ઘણો થાકી ગયલો હશે તો તે એકી વખતે પોતાના આગલા જમણા પગને તેમજ ડાબા પાછલા પગને અથવા તો આગલા ડાબાં પગને અને જમણા પાછલા પગને એ પ્રમાણે અવારનવાર આસાએશ આપશે.

અગરજો ઘોડાનો એકુ આગલો પગ લંગડો થયો હશે તો તે પગનું મોટું પાંયખ-ડનું હાડકું તે એવી તો રીતે સીધું રાખશે કે તનદરોસ્ત પગનાં કુદરતી ઢલાવવાલાં વાંકાં પાંયખડનાં હાડકાંથી તે તરતજ ઓલખાઈ આવશે.

અગરજો ઘોડો પોતાનો એકુ પગ બીજા પગની આગલ કહાડે અને પોતે એવી રીતે ઉભો રહેતો માલમ પડે કે જેથી તે બહાર કહાડેલા પગ ઉપર જેમ બને તેમ ઓ-છો ભાર પડે તો આપણે માની લેવું જોઈએ કે તે પગ ખોડો હશે.

ઘણું કરીને જ્યારે લંગડાપણું પેદા કરનારૂં દરદ પગના આગલા ભાગમાં હોયછે, ત્યારે તે જનાવર તે પગની એડી જમીન ઉપર ગોઠવી પગનો આગલો ભાગ ઊંચો રાખી તેને આસાએશ આપેછે. જ્યારે દરદ પગના પાછલા ભાગમાં હોય છે ત્યારે તે જનાવર તે પગનો અંગુઠો જમીન ઉપર ટેકવી ખડીની એડીઓ ઊંચી રાખેછે, કે જેથી પગના પાછલા ભાગને કરાર મલે. જ્યારે ખડી અથવા સુમની તાપ આવેછે યા તો જ્યારે ચક્કર હરડીનું દરદ થાયછે, ત્યારે પગનો પાછલો ભાગ જમીન ઉપર ગોઠવાઈ અંગુઠો ઊંચોજ રહેછે અને જ્યારે નાવહરડીનું દરદ હોયછે ત્યારે પગનો અંગુઠો જમીન ઉપર ટેકવાઈ ખ-ડીની એડીવાલો ભાગ ઊંચોજ રખાઈ નાવહરડીને આસાએશ અપાય છે.

જ્યારે અંગુઠો જમીન ઉપર ટેકવેલો હોય અને ખડીની એડી ઊંચે રાખેલી હોય ત્યારે એમ નહીં સમજવું કે તે નાવહરડીનુંજ દરદ હશે. કેટલીક વેલા એમ બને છે કે, પગના ખડીથી ઘંકાએલા ભાગમાં કાંઈ પણ દરદ હોતું નથી, અને તે ભાગથી ઉપર આવેલા ભાગોમાં દરદ હોયછે ત્યારે પણ આ પ્રમાણે તે જનાવર પોતાનો પગ પાંયખડના સાંધામાંથી વાલેલો રાખેછે.

જો પાછલા પગમાં દરદનું જોર ઘણુંજ હોય છે તો તે પગને તે જનાવર હંમેશાં જમીનથી તદન અતરંગજ ઊંચકેલો રાખેછે.

જ્યારે નાવહરડીનું દરદ શરૂ થાયછે ત્યારે કેટલીક વેલા તે જનાવર ખડીની એડી-ઓ જમીન ઉપર દાબીને ટેકવી રાખેછે, પણ રફતે રફતે તે એડીઓ ઊંચકવા માંડેછે, અને આખરે જમીન ઉપર માત્ર અંગુઠોજ ટેકવાઈ એડીઓ અતરંગ ઊંચી રહેતી માલ-મ પડેછે. કેટલીક વેલા આ દરદમાં ખડીની એડીઓ જમીન ઉપરજ ટેકવાએલી રહેછે ખ-રી, પણ મોટાં પાંયખડનું હાડકું તનદરોસ્ત પાંયખડનાં હાડકાં કરતાં વધારે સીધું રહેછે તે ઉપરથી દરદી પગ તરત પરખાઈ આવેછે.

અગરજો એક જનાવર પોતાના પગોને વારંવાર વારા ફરતી આસાએશ આપયાજ કરે, તો તે ઉપરથી પણ લંગડાપણાંની સાબેતી મલેછે.

જ્યારે કોણી આગલ થયલા કાંઈ અકસ્માત, ઈજા, યા દરદને લીધે એક જનાવર ખોડું બનેછે ત્યારે ઘુંટણની ઉપરનો ભાગ લંબાવેલો, ઘુંટણનો સાંધો વાલેલો અને પગને

સઉથી નીચલો ભાગ પાસેના પગની સાથે એકસરખી લીટીમાં યા તો તેની સેજ પછવાડેથી ગોઠવેલો માલમ પડેછે.

જ્યારે ખભાંને થયલા કાંઈ અકસ્માત, ઈજા યા દરદથી લંગડાપણું પેદા પડયું હોયછે ત્યારે તે પગ પાછલ હટી ગયલો, તદન ઢીલો, તેનું ઘુંટણ વલેલું, અને પગનો સઊથી નીચલો ભાગ પાસેના પગ કરતાં વધારે પછવાડેથી ગોઠવાએલો હોયછે. કેટલીક વેલા માત્ર અંગુઠોજ જમીનને અડકતો માલમ પડેછે. આખો પગ જાણે એક દોરડીથી તાંગી મેલ્યો હોય તેમ ઝુલાતો યા તો લબડાતો માલમ પડેછે, કારણ કે માંસના લોચાઓ તે પગને આગલ લાવવા જતાં યા ઊંચકવા જતાં જે ભારી દરદ પેદા કરેછે તે દરદ તે જનાવરથી ખમાતું નથી અને તે કારણને લીધે ખભાંના માંસના લોચાઓ ગોયા હોયજ નહીં તેમ શાંત પડયા રહેછે. આ પ્રમાણે તેઓ લાંબો વખત શાંત પડી રહ્યાથી ઘણીક વેલા તેઓ કંટાઈ જાયછે.

જ્યારે આગલા પગમાં સુમ અથવા ખડીની તાપ લાગુ પડી હોયછે ત્યારે તે જનાવર પોતાના આગલા પગો આગલ લંબાવી, ખડીના અંગુઠાને જમીન ઉપરથી ઊંચા રાખી, ખડીની એડીઓને જમીન ઉપર ટેકવી રાખેછે.

જ્યારે પાછલા પગમાં સુમ અથવા ખડીની તાપ લાગુ પડી હોયછે ત્યારે તે જનાવર પોતાના આગલા પગોને પેટની નીચે લઈ જઈ પાછલા પગોને આગલ કહાડેછે, અને તેમની ખડીના અંગુઠાને જમીન ઉપરથી ઊંચા રાખી, ખડીની એડીઓને જમીન ઉપર ટેકવી રાખેછે.

જ્યારે નાવદરડીનું દરદ લાગુ પડયું હોયછે ત્યારે તે જનાવર ઘણું કરીને પોતાનાં થાણમાં ઊભું રહેવાને બદલે જમીન ઉપર લેટી રહેછે.

બોન સ્પેવીન અને પાછલા પગની ધુજરીનાં દરદથી જો લંગડાપણું લાગુ પડયું હોય તો તે પારખી કહાડવાને માટે સઉથી સરસ રીત એજ છે કે, તે જનાવરને ડાબી બાજુથી જમણી બાજુ તરફ ખસાડવું અને તેને ગોલ ચકર ફેરવવું. એમ ફેરવતાં જે પગ ઉપર તે સહેલાઈથી નહીં ફરતો જણાય તે પગને દરદી પગ સમજવો.

અગરજો દરદ ઘણું જોરમાં હશે તો ઘોડો ધીમે ધીમે ચાલતાં પણ પોતાનું લંગડાપણું જાહેર કરશે. આપણી મતલબ કાંઈ એક એવી રીતનું બહુજ વધી ગયલું લંગડાપણું જોવાની નથી, પણ તે દરદની શરૂઆતમાંજ તેની જડમુલ ઉખેડી નાખવાની આપણી મતલબ છે. જો દરદ તરતનુંજ શરૂ થયલું હોય છે તો ઘોડાને એક સાધારણ ગાડીમાં અથવા તો ઘોડાવાલાના હાથમાં તે જેટલી ઝડપથી દોડે એટલી ઝડપે દોડાવ્યાથી લંગડો પગ તરત પરખાઈ આવેછે. આવી રીતે તે જનાવરને દોડાવવાને અરથે માત્ર એકજ લગામ નાખી તેને તબેલાની બહાર કહાડવું અને તે લગામ સારીપઠે લાંબી રા-

ખવી કે જેથી તે લગામ ધરી તેને દોડાવનારૂં માણસ અથવા ઘોડાવાલો દોડાવની વેલાએ તે જનાવરનાં માથાંથી થોડેક તફાવતે રહી શકે અને તેનાં માથાંની હીલચાલને આડે નહીં આવે.

એ રીતે તબેલામાંથી બહાર કહાડેલાં જનાવરને સખત જમીન ઉપર ગાડીની ચાલે દોડાવવાને પેલા ઘોડાવાલાને હોકમ કરવો, અને આપણે પોતે તે ઘોડાની સામે આસરે ત્રીશથી ચાલીશ કદમ દુર ઉભા રહી તેની ચાલ ઉપર ધ્યાન આપવું. જેમ જેમ જનાવર આપણી આગલ આવતું જાય તેમ તેમ બારીક નજરથી તપાસવું કે તે એક ચોકસ પગ ઉપર વધારે ભાર મુકેછે કે નહીં અને ચોકસ બાજુએ પોતાનું માથું નાખી દે છે કે નહીં. જે પગ ઉપર તે વધારે ભાર મુકતું જણાય તે પગ અલબતે તનદરોસ્ત હોવો જોઈએ, કારણ કે દરદી પગપર દુખારાને લીધે તે કદી પણ ભાર મુકી શકનાર નથી, અને તે દરદી પગનો ભાર પણ પાસેના તનદરોસ્ત પગ ઉપરજ નાખવાની તે કોશેશ કરશે. આ પ્રમાણે દરદી પગનો ભાર પણ તનદરોસ્ત પગ ઉપર નાખવાની મતલબથી, જેવો તે દરદી પગ જમીન ઉપર થપકાવા જાયછે કે તરતજ તે જનાવર તેને બચાવી લેવાની મતલબથી પોતાનું માથું તનદરોસ્ત પગની બાજુએ નાખી દે છે, જેથી બદનનો સઘલો ભાર તનદરોસ્ત પગ ઉપર પડી દરદી પગ થપકારા યા ધબકારામાંથી બચી જાયછે. આટલા ખુલાસા ઉપરથી તરતજ સમજ પડી જશે કે, **જે પગ ઉપર જનાવર વધારે ભાર મુકતું હોય અને જે પગ તરફ જનાવર પોતાનું માથું નાખી દેતું જણાય તે પગ તનદરોસ્ત હોવો જોઇએ અને તેથી ઉલટીજ બાજુનો પગ દરદી હોવો જોઇએ.** દાખલા તરીકે જો તે જનાવર ડાબી બાજુના પગ ઉપર વધારે ભાર મુકતું હોય અને ડાબી બાજુએ પોતાનું માથું નાખી દેતું હોય તો તે જમણે પગે ખોડું હોવું જોઈએ.

આવી રીતે તપાસતાં એક વાત ધ્યાનમાં રાખવાની અગત્ય છે અને તે એ કે, અગરજો તે જનાવર **પાછલે પગે** ખોડું હશે તો તે ખોડા પગથી **ઉલટીજ બાજુના આગલા પગ** ઉપર તે વધારે ભાર મુકી તે તરફ પોતાનું માથું પણ નાખી દેશે. દાખલા તરીકે જો તેનો **પાછલો ડાબો** પગ ખોડો થયલો હશે તો **આગલા જમણા** પગ ઉપર તે વધારે ભાર મેલી માથું પણ જમણી તરફ નાખી દેશે. તે જનાવરની એમ કરવાની મતલબ એટલીજ છે કે જેમ બને તેમ પાછલા ખોડા પગની ઉપરનો ભાર આગલના અને પાછલના ઉલટીજ બાજુના પગ ઉપર નાખી તે ખોડા પગને ધબકારામાંથી બચાવવો.

જ્યારે એક જનાવર આગલા પગે ઘણુંજ ખોડું હોય છે ત્યારે તેનો ખોડો પગ જમીન તરફ આવતાં તેને એટલું તો દુખ થાય છે કે તે પગને જમીન સાથે અડકતો અટકાવવાની તે બનતી કોશેશ કરેછે. પોતાની આ મતલબ પાર પાડવાને માટે જેવો તે પગ જમીન તરફ આવવા જાયછે કે તરતજ તે પોતાનું માથું તે બાજુએથી ઊંચું કરી નાખી તે પગને બચાવી લે છે.

અગરજો એક જનાવરના બંન્ને આગલા પગો ખોડા હશે તો તેના બંન્ને પગો ઉપર સરખોજ ભાર જશે અને માથું પણ બંન્ને બાજુએ સરખુંજ રહેશે. પણ એવાં ખોડાપણામાં તે લાંબી, યા ઊંચી, અથવા જોશ ભરેલી છલાંગ મારવાને બદલે ટુંકી ટુંકી, નીચી નીચી, અને નરમાશ ભરેલી છલાંગ મારશે. તે પોતાના બંન્ને આગલા પગો એ રીતે સંભાલથી જમીન ઉપર મુકશે અને તેમ કરવા જતાં તેનું આખું બદન આ બાજુએથી પેલી બાજુએ ગબડતું હોય તેમ જણાશે.

જ્યારે ઉપલી નીશાનીઓથી આપણને એમ શક જાય કે તે જનાવર બંન્ને આગલા પગોએ ખોડું છે, તો આપણી ખાતરી કરવાને વાસ્તે તે જનાવરને પોચી જમીન ઉપર ગાડીની ચાલે દોડાવવું અને તેમ કરતાં જો તેની ચાલ સુધરેલી જણાય તો ખચીતજ માની લેવું કે તે ઘોડો બંન્ને આગલા પગોએ લંગડો હોવો જોઈએ.

આગલા પગોનું લંગડાપણું પારખવાને માટે જેમ માથાંની હીલચાલ મદદ કરેછે તેમ પાછલા પગોનું ખોડાપણું બતાવવાને જાંગના થાપાઓની હીલચાલ મદદ કરેછે. જેમ આગલો એક પગ ખોડો હોયછે ત્યારે પાસેના પગ ઉપર તે જનાવર ભાર મેલેછે, તેમ પાછલો એકુ પગ ખોડો હોય ત્યારે તેનીજ પાસેના પાછલા પગ ઉપર, જ્યાં સુધી બહુજ તીક્ષણ દરદ નહીં હોય ત્યાં સુધી તે ભાર મુકનાર નથી, કારણ કે પાછલા પગોને કાંઈ બદનનો ભાર ઊંચકવો પડતો નથી. પોતાના દરદી પાછલા પગને બંચાવવાને અરથે તે જનાવર જે યુક્તી કરેછે તે એ છે કે, દરદી પગના જાંગના થાપાને તે ઊંચા ને ઊંચાજ ખેંચી રાખે છે કે જેથી દરદી પગ જમીન ઉપર થપકાતાં અટકે છે. એ રીતે દરદી પગ તરફનો જાંગનો થાપો ઊંચો ને ઊંચોજ રહેવાથી તનદરોસ્ત પગ તરફનો જાંગનો થાપો તેની સાથે સરખાવતાં વધારે નીચે પડતો જણાય છે. આ ઉપરથી માલમ પડશે કે **જે પગનો થાપો વધારે નીચે પડતો જણાય તે પગ તનદરોસ્ત હોવો જોઈએ અને તેથી ઉલટીજ બાજુનો પગ લંગડો હોવો જોઈએ.**

આગલા પગોનું લંગડાપણું તપાસવાને માટે જેમ આપણે ઘોડાની સાંમે ઉભા રહી વધારે સારી તપાસ કરી શકીએ છઈએ તેમ પાછલા પગોનું લંગડાપણું તપાસવાને આપણે ઘોડાની પાછલી તરફ ઉભું રહેવું સારૂં છે. એ રીતે પહેલી વેલા ડાબી બાજુએથી પાછલી તરફ ઉભા રહી ઘોડાને આપણેથી દુર દોડાવી લઈ જવા કહેવું અને બીજી વેલા ઘોડાની જમણી બાજુએથી ઉભા રહી તેને પાછો આપણેથી દુર દોડાવી લઈ જવા કહેવું. એ પ્રમાણે અવાર નવાર બંન્ને બાજુથી તપાસ કીધા ઉપરથી ઘણીજ ચોકસાઈથી લંગડો પગ પારખી શકાય છે. અગરજો આ પ્રમાણે ત્રણ ચાર વખત દોડાવ્યા પછી પણ હજી મનમાં શક રહી ગયો હોય તો પુરતી ખાતરી કરવાને માટે તે જનાવરની પીઠ ઉપર સવારને બેસવા કહેવું અને પહેલાં ધીમેથી અને પછી ઝડપથી દોડાવવા તેમજ વલાણુ લેવા કહેવું. આ પ્રમાણે કીધાથી કયો પગ ખોડો છે અને કયો નથી તેની પુરેપુરી ખાતરી થશે

અગરજો આપણે એમ ધારતા હોઈએ કે, તે જનાવરના પાછલા પગની મોટી ધુંટી વાલા સાંધાનાં હાડકાંઓમાં સોજો ચહડેલો છે એટલે કે તે જનાવરને સ્પેવીન છે તો તેની ખાતરી કરવાને માટે સઉથી સહેલી રીત એ છે કે, તેનો પગ જમીન ઉપરથી ઊંચકી મોટી ધુંટી આગલનો સાંધો બે મીનીટ સુધી વાલી રાખવો. એ રીતે કીધા પછી જો તે જનાવર કુદરતી રીતેજ ચાલે અને લંગડાતું નહીં જણાય તો જાણવું કે તેની મોટી ધુંટીનો સાંધો તનદરોસ્ત છે.

ચક્કરહરડીનાં દરદમાં ઘણી વેલા એમ બનેછે કે ઘોડો પોતાનાં થાણમાં બરોબર ઉભો રહેછે, પણ સખત જમીન ઉપર તેને ચલાવતાંજ તે ખોડાપણું જાહેર કરેછે. જો એ પ્રમાણે થાણમાં તે જનાવર બરોબર ઉભું રહે અને સખત જમીન ઉપર તે લંગડાય તો ગુપ્ત ચક્કરહરડીનું દરદ પોતાનું કામ ચલાવતું હશે એમ માની લેવું.

ઘણીક વેલા એમ બને છે કે તબેલામાંથી બહાર કહાડતાંને વાર પહેલાં બે ત્રણ ચકરાવામાં જે ઘોડો લંગડાતો માલમ પડેછે તેજ ઘોડો પછીના ચકરાવાઓમાં મુદલ લંગડાતો જણાતો નથી. લંગડાપણાંનાં ઘણાક ગુપ્ત દરદોમાં આવી રીતે પહેલાજ ચકરાવાઓમાં લંગડાપણું દેખાઈ પાછલા ચકરાવાઓમાં તે નાબુદ થઈ જાયછે, માટે બનતાં સુધી પહેલાજ ચકરાવાઓમાં બહુજ બારીક નજરથી ઘોડાની ચાલચલણની કાંઈ પણ ખામી સોધી કહાડવી, નહીં તો પાછલથી તે જનાવર પોતાનું લંગડાપણું દેખાડવાનું માંડી વાલશે.

એક ગામઠી ઘોડો જેને ગામનાં પાદરની અને ખેતરોની વાડ વગેરે કુદાવવાની ટેવ પડી હોયછે અને જે કામ તે ઘણીજ હીમતથી અને સહેલાઈથી વારંવાર બજાવે છે, તે કામ સહેજ પણ લંગડાપણું લાગુ પડતાંજ તે હીમતથી કરતાં અચકેછે. જ્યારે એક શરતના ઘોડામાં લંગડાપણું લાગુ પડેછે ત્યારે જે લાંબી છલાંગો મારવાની તેને ટેવ પડી હોયછે તે લાંબી છલાંગો ભરવાનું તે માંડી વાલેછે, પોતાનો તનદરોસ્ત પગજ છલાંગ ભરવામાં તે પહેલો વાપડે છે, અને આગલ જેટલી વખત તે પગને અવાર નવાર કરાર આપતો હોયછે, તેના કરતાં વધુ વખત તે પગને વારા ફરતી કરાર આપેછે.

યાદ રાખવું કે ચોકસ ઘોડાઓ પોતાની ચાલમાં ચોકસ કઢંગાપણું યા ખામી કુદરતી રીતેજ બતાવે છે અને તેવા ઘોડાઓનાં લંગડાપણાંને માટે તપાસ કરતાં તે ખામીઓને ધ્યાનમાં રાખવાની જરૂર છે. દાખલા તરીકે, ભાડુતી ગાડીના ઘોડાઓ હાંકનારની ખરાબ આદતને લીધે દોડતી વેલા ચોકસ પગ ઉપરજ ભાર મેલીને દોડવાની ટેવ રાખે છે. અગરજો કોઈ ઘોડાને ગાડીનો પુલ એક બાજુએ નડયા કરતો હોયછે તો તે એવી રીતે દોડવાની સંભાલ રાખેછે કે જેથી તે નડયા કરતો પુલ તેનાં બદન સાથે ઘસાય નહીં. એવી રીતે એકજ બાજુએ સંભાલ રાખીને દોડતાં તેને તેવીજ આદત પડી જાયછે, અને એ રીતે ચાલતો હોવાથી નવા જોનારને તે ઘોડો ખોડો માલમ પડેછે.

જ્યારે નાવહારડીનું દરદ શરૂ થાયછે ત્યારે અને જ્યારે સંધીવાથી લંગડાપણું લાગુ પડેછે ત્યારે વગર ખોડાતો પગ વારાફરતી ખોડાતો જણાય છે અને ખોડાતો બંધ પડેછે.

એરહરડી, નલાનો સોજો, આંટણ, સુમની તાપ, ચકરાવલ અને લચક એ દરદોમાં કસરત કરાવ્યાથી લંગડાપણું વધેછે, જ્યારે બાકીનાં બીજાં દરદોમાં કસરત કરાવ્યાથી લંગડાપણું ઘટેછે.

સુમની તાપથી હેરાન થતો ઘોડો કોઈ પણ ઢલાણ ઉપરથી ઉતરતાં કાંઈ પણ દરદની નીશાની દેખાડતો નથી, જ્યારે ઢલાણ ઉપર ચહડતાં તે ઘણોજ લંગડો બની જાય છે. જો સુમની તાપને લીધેજ ઘોડો લંગડાયછે એમ આપણી ખાતરી કરવી હોય, તો ઘોડાને ઢલાણ ઉપર ચહડાવી જોવો, એટલે ખડીના અંગુઠા ઉપરજ તેને ભાર મેલવો પડતો હોવાથી તે ઘણોજ લંગડાતો માલમ પડી આવશે.

નાવહરડીનાં દરદથી હેરાન થતો ઘોડો કોઈ પણ ઢલાણ ઉપરથી ઉતરતાં ઘણોજ લંગડાતો માલમ પડશે, જ્યારે ઢલાણ ઉપર ચહડતાં તે ઘણીજ આસાનીથી ચહડી જશે. જો નાવહરડીનાં દરદ વીશે આપણી ખાતરી કરવી હોય તો ઘોડાને ઢલાણ ઉપરથી ઉતારવો, એટલે ખડીની એડીઓ ઉપર તેને ભાર મેલવો પડવાથી તે ઘણોજ લંગડાતો માલમ પડી આવશે.

જ્યારે પાછલો પગ ખોડાતો હોય છે ત્યારે તે ખોડાવાનું કારણ ઘણું કરીને તે પગની મોટી ઘુંટીમાં હોયછે. જ્યારે આગલો પગ ખોડાતો હોય છે ત્યારે તે ખોડાવાનું કારણ ભારી બદનના ગાડી ઘસડનારા ઘોડાની ખડીમાં અને નાજુક બદનના શરતના ઘોડાઓનાં ઘુંટણની નીચેના પાછલા ભાગમાં આવેલા ચીકાશવાલા પટામાં હોયછે.

જ્યારે કાંઈ પણ દેખઈતાં કારણ વગર એક ઘોડો આગલા પગે લંગડાતો માલમ પડે અને ખડીના અંગુઠા આગલથી નાલ વધારે ઘસાતી માલમ પડે તો નાવહારડીનું દરદ હશે એમ નીશ્ચય માની લેવું. પણ અગરજો તે નાલનો એડી આગલનો પાછલો ભાગ ઘસી નાખતો અને ખડીની એડીઓ ઉપર ભાર મેલી ચાલતો માલમ પડે તો જાણવું કે તેની સુમમાં તાવ હશે, યા તો ગુપ્ત ચક્રરહરડીનાં દરદથી તે હેરાન થતો હશે.

જ્યારે કાંઈ પણ દેખઈતાં કારણ વગર એક ઘોડો પાછલા પગે લંગડાતો માલમ પડે અને ખડીના અંગુઠા આગલથી નાલ વધારે ઘસાતી માલમ પડે તો તેની પાછલા પગની મોટી ઘુંટીમાં બોન સ્પેવીનનું દરદ લાગુ પડયું હશે એમ જાણવું.

ભારી બદનના રાઠોડી ઘોડાઓ જેઓ ભારબરદારી ગાડાંઓ ઘસડવાનુંજ કામ કરેછે, તેઓમાં ખડીની એડીઓ બનાવતાં કુમલાં હાડકાં નક્કર બની જઈ તે પગને દરદી બના-

વેછે. ઝડપી ચાલના ઘોડાઓમાં પગના નલા સુજી આવેછે અને ગાડીમાં જોડાતા ઘોડાઓમાં નાવહરડીનું દરદ સાધારણ છે. સાત વરસની અંદરના ઘોડાઓમાં નાવહરડીનું અને ગુપ્ત બોન સ્પેવીનનું દરદ કદાચજ માલમ પડેછે.

લચક—(Sprains.)

લંગડાપણાંનાં કારણોમાં અકસ્માતથી પેદા પડતાં કારણોના વરગમાં કોઈ પણ ભાગની લચક એ વધારે સાધારણ કારણ છે. માંસના લોચાઓના શાખાઓમાં, માંસના તંતુઓમાં, તંતુઓને સસરવાની ચીકાશવાલી ગાદીઓમાં, જુદા જુદા સાંધા વાલવાનાં કામમાં માંસના તંતુઓને મદદ કરનારા ચીકાશવાલા પટાઓમાં, જુદાં જુદાં હાડકાંઓને જોડનારા ચીકાશવાલા પટાઓમાં, જુદા જુદા માંસના તંતુઓને બાંધી લેનારા ચીકાશવાલા પટાઓમાં અને જુદા જુદા માંસના તંતુઓની આસપાસ રક્ષણ કરવાને અરથે વીંટલાયલી ચીકાશવાલા પટાની નલીઓમાં જ્યારે લચક આવેછે ત્યારે તે સઘલી લચકોનાં પરીણામ તરીકે લંગડાપણું લાગુ પડેછે.

નીશાની—પગના જે જુદા જુદા ભાગોમાં લચક લાગુ પડેછે તે જુદા જુદા ભાગોને ધ્યાનમાં લેતાં તેમની નીશાનીઓ પણ બહુજ જુદી જુદી માલમ પડે છે અને તેટલા માટે તે સઘલી લચકની નીશાનીઓ એકજ સાધારણ મથાલાં હેઠલ વરણવવી એ સેજ ગુંચવાડા ભરેલું અને પંચભેલ ખીચડા જેવું કામ થઈ પડે. એટલા માટે જુદા જુદા ભાગોની લચકની ચોકસ નીશાનીઓ તે જુદી જુદી લચકનાં મથાલાં હેઠલજ ટુંકમાં વરણવવાની તક આપણે લેતા જઈશું. ત્યાં તો આપણે લચકની સાધારણ નીશાનીઓજ ધ્યાનમાં લઈશું.

અલબત્તે પગના કોઈ પણ ભાગની લચકની મુખ્ય નીશાની લંગડાપણું છે. જો દુરથી તે જનાવરના પગો સંભાલથી તપાસ્યા હોય છે તો ચોકસ ભાગોને તે આરામ આપતું માલમ પડેછે. એ ચોકસ ભાગોને જરા નજદીકની આંખે તપાસતાં ઘણું કરીને તે ભાગો સુજી આવેલા નજર પડેછે. જો આ સોજો તરતનોજ ચહડેલો હોય છે તો તે જગ્યાએ હાથ મુકતાં તે જગ્યા આપણા હાથને ગરમ લાગેછે. જો આ ગરમ લાગતી જગ્યા ઉપર દબાણ કીધું હોય છે તો તે જનાવરને દુખ થવાથી તે ચોંકેછે. એ રીતે એક સોજાની સઘલી સાધારણ નીશાનીઓ લચકમાં માલમ પડેછે, અને જેમ એક સોજો ઉતરી જતાં સુજેલા ભાગોની આસપાસ તેની નેસોમાંથી લોહીનો પાણી જેવો ભાગ ઝરી તે ત્યાં બંધાઈ જાયછે, તેમ લચકાએલા ભાગોમાં પણ સોજો ઉતરી જતાં લોહીનો પાણી જેવો ભાગ ઝરી તે ત્યાં બંધાઈ જાયછે જ્યારે લચક લાંબા વખતની હોયછે ત્યારે તે

લચકાએલો ભાગ ઠંડો હોવા છતાં સુજેલો માલમ પડેછે, તેનું કારણ એ છે કે આ રીતે લોહીમાંની રસી ઝરીને ત્યાં બંધાઈ જાયછે.

કારણ—પગના જુદા જુદા ભાગો લચકાવાનાં કારણોમાં તહરેવાર અકસ્માતો મુખ્ય છે અને જુદા જુદા અકસ્માતોની ખાસીએત પ્રમાણે બદનના જુદા જુદા ભાગો જોખમાય છે. હદ વગરની કસરત પણ લચકનાં કારણ તરીકે સાધારણ ગણાય છે. આ પ્રમાણેના અકસ્માતોથી અને હદ વગરની કસરતથી પગના જુદા જુદા ભાગો ઉપર આવી પડતાં ખેંચાણથી તે જુદા જુદા ભાગો જુદી જુદી રીતે જોખમાય છે, તુટેછે, યા કચડાય છે. આ સઘલાંનું પરીણામ એ નીપજે છે કે તે જુદા જુદા ભાગોમાં સોજો ચહડે છે, અને તે સોજાનાં પરીણામ તરીકે તે ભાગોમાં ઉપસાણ, ગરમી અને દુખાવો માલમ પડેછે.

ઉપાય—લચકના સાધારણ ઉપાયો તરીકે સોજાના સાધારણ ઉપાયો ઘણાજ અકસીર છે. આરામ, હલકો જોલાબ, ગરમ પાણીના સેક, દુખારો નરમ પાડનારાં તેલ, ઠંડાં પાણીની ધાર, ગરમ કપડાંના પાટા અને હાથની ચંપી એટલી સાત ચીજો લચકના ઉપાયોમાં ઘણીજ કામની છે.

લચકની નીશાની જેવી માલમ પડી કે તરતજ તે લચકાયલા ભાગને પુરેપુરી આસાએશ આપવાની ઘણીજ જરૂર છે. યાદ રાખવું કે બદનના ચોકસ ભાગોના તુટવાથીજ લચક પેદા પડેછે, અને જેમ એક ફાટેલું કપડું સીવયા વગર વાપડવાથી વધારે ને વધારે ફાટતુંજ જાયછે, તેમ એક લચકાએલો ભાગ પણ તેને આરામ આપી તેના તુટેલા ભાગો પાછા સાંધ્યા વગર વધારે અને વધારે હીલચાલથી વધારે અને વધારે તુટતોજ જાયછે, અને આખરે તે જનાવર તદન રદ થઈ જાયછે. એટલા માટે આરામ એ લચકનાં દરદમાં તદન અગત્યનો ઉપાય છે, અને એ વગર બીજા ઉપાયો અજમાવવા એ રડતીનાં આંસુ લુછવા બરોબર છે.

અગરજો તે જનાવર પાછલા પગે ઘણું લંગડું હોય તો તેને ઝોલીમાં લટકાવવું, કારણ કે એવી રીતનાં લંગડાપણાંમાં તે જનાવર જમીન ઉપર આરામ નહીં લેતાં ઉભુંજ રહેશે અને તે વેલા આ ઝોલી તેને ઘણો કરાર આપશે. અગરજો પગના પાછલા ભાગમાં લચક આવી હોય તો તે ભાગ તરફના માંસના તંતુઓ અને ચીકાશવાલા પટાઓને આરામ આપવાની મતલબથી ઊંચી એડી સાથની નાલ મારવી. આવી રીતે નાલ માર્વા પછી તે જનાવરને ઘાંસનાં બીછાના ઉપર ઉભું રાખવાને બદલે નરમ વહેરનાં બીછાના ઉપર ઉભું રાખવું.

આવી રીતે જુદી જુદી જાતની લચકમાં કેવી રીતનો આરામ આપવો તે સાધારણ અક્કલથી નક્કી કરી તે પ્રમાણેની ગોઠવણ કરવી.

આ રીતે તે જનાવરને આસાએશ આપવા પછી તેનો કોઠો ખુલ્લો કરવાની તજવીજ રાખવી, કારણ કે જે જનાવરને રાત દહાડો કસરત કરવાની ટેવ પડેલી તે જનાવ-

રને આવી રીતે એક તરફ બાંધી રાખતાં તેનો કોઠો કબજે રહી તેની તનદરોસ્તી બગડવાની ધાસ્તી રહેછે. એટલા માટે પહેલવહેલાં તે જનાવરને એક ઘણોજ હલકો જોલાબ આપવો અને પછી હલકા ખોરાક ઉપરજ તેને રાખવું. યાદ રાખવું કે લોહીનો વધારો એ સોજાનાં દરદમાં દરેક રીતે નુકસાનકારક છે, માટે બનતાં સુધી તે જનાવરને એવા ખોરાક ઉપરજ રાખવું કે જે ખોરાક તેની તનદરોસ્તીને ટકાવી શકે. પુષ્ટીકારક ખોરાક બનતાં સુધી તદન બંધ રાખવો અને એવો હલકી જાતનો ખોરાક ચાલુ રાખવો કે જે ખોરાક ઝાડાને પણ સેજસાજ પાતલો રાખે.

ગરમ પાણીના સેક એ સોજાનું સંતોશકારક પરીણામ લાવવામાં ઘણીજ મદદ કરે છે. આ કારણને માટે આંપણા હાથથી સહેવાઈ શકાય તેવાં ગરમ પાણીમાં ફલાનેલના કટકા બોલી કહાડી તે કટકાઓથી લચકવાલા ભાગને સેકવો. ફલાનેલને બદલે સ્પનજીઓપાઇલાઇન નામની વસ્તુ સેક કરવાને માટે ઘણીજ સારી છે. આ સ્પનજીઓપાઈલાઈનની એ ખુબી છે કે તે ગરમી લાંબો વખત સુધી સાચવી શકેછે, કારણ કે તેના બહારના ભાગ ઉપર એક કાલા રંગની એવી મેલવણી લગાડેલી હોય છે કે જે મેલવણી ગરમીને નીકલી જવા દેતી નથી.

અગરજો દુખારો ઘણો હોય તો સેક કરવાનાં પાણી સાથે દરએક ગ્યાલન પાણીએ પચીશથી ત્રીશ સુધી ખસખસના પુષ્પ (ખસખસના પોસ) હુમેરવાં. જો ખસખસનાં પુષ્પ નહીં મલી આવે તો લોડેનમ બે આઊંસ અથવા તીંકચર આવ બેલાદોના બે આઊંસ હુમેરવું.

આ પ્રમાણે સેક કરી ચામડી સુકી કીધા પછી લચકાએલા ભાગમાં થતો દુખારો નરમ પાડવાને માટે દુખારો નરમ પાડનારાં તેલો ધીમે હાથે લગાડવાની કોશેશ કરવી. આ મતલબ પાર પાડવાને માટે સોપ લીનીમેનટ નામનું લગાડવાનું તેલ સઉથી સારૂં છે.

સેક અને તેલ એ બે ચીજો દહાડામાં ત્રણ ચાર વખત વાપડવી અને તે પ્રમાણે એક અઠવાડીઆં સુધી ચાલુ રાખવું. અગરજો એ મુદતને છેડે લચકાએલો ભાગ હજી ગરમ જણાય તો તે ગરમી તદન નરમ પડે ત્યાં સુધી સેક અને તેલ ચાલુ રાખવાં.

જ્યારે આપણી ખાતરી થાય કે હવે લચકાએલા ભાગમાં કાંઈ પણ સોજાની ગરમી રહી નથી ત્યારે જોખમાએલા ભાગોને પાછા મજબુત કરવાને અરથે ઠંડું પાણી નાપડવાને શરૂઆત કરવી. આ કારણને માટે દરીઆનું પાણી સઉથી સરસ છે, માટે જો બની શકે તેવું હોય તો તે જનાવરને દરીઆને કીનારે મોકલાવી તેને છાલકાં પાણીમાં થોડાક કલાક સુધી ઉભું રાખવું યા તો ફરતું મુકવું. દરીઆનું પાણી થોડાજ દીવસમાં જોખમાએલાં ભાગ ઉપર અજબ ગુણ કરતું માલમ પડશે. જો દરીઆનાં પાણીમાં તે જનાવરને છોડવાનું નહીં બની આવે તો નદી, નાલાં, યા વહેતા ઝરામાં તે જનાવરને ઊભું રાખવું અને જો તેમ પણ નહીં બને તો પછી એક ઊંચે ગોઠવેલાં પીપની નીચે સુ-

કેલા કાકમાંથી રબરની નલીઓની મારફતે અરધા કલાક સુધી તે લચકાએલા ભાગ ઉપર પાણીની ધીમી ધાર ચાલુ કરવી. એક કપડાંના પાટાથી જો નલીને લચકાએલા ભાગની ઉપર બાંધી હશે તો તે પાટો નલીને પગ સાથે બાંધી રાખી સોજાવાલા ભાગને ફરતું પાણી પણ પુરૂં પાડશે.

એ પ્રમાણે અરધો કલાક સુધી દહાડામાં બે વાર પાણી છોડીઆ પછી પગને કોરડાં કપડાંથી લુછી સુકવી નાખવા અને પછી તે લચકાયલા ભાગ ઉપર સોપ લીનીમેનટ લગાડી ઘટતાં દબાણથી ફલાનેલનો પાટો બાંધી લેવો. જો પાટો બાંધતાં દુખારો નહીં થાય તો તે મજબુત બાંધવામાં ફાએદો છે.

લચકની શરૂઆતમાં ગરમ પાણીજ વાપરવું સારૂં છે, જ્યારે સોજાની સઘલી ગરમી ઉતરયા પછી ઠંડું પાણી વાપરવું ઠીક છે.

જ્યારે સોજાની ગરમી અને તેથી થતો દુખારો એ નાબુદ થતાં હોય અને જ્યારે પગ તદન સુકા હોય ત્યારે ઘોડાવાલાના હાથથી દહાડામાં બે વખત ચંપી કરાવવી સારી છે, કારણ કે ચંપી કીધાથી તે જનાવરને ઘણો કરાર થાયછે, લોહી છુટથી ફરેછે અને દરદ જલદીથી દુર થાયછે.

આ પ્રમાણે ઠંડાં પાણીના અને ચંપીના ઉપાયો એક મહીના સુધી વાપડયા પછી લચકવાલા ભાગ ઉપર "બીનઆયોદાઈદ આવ મરકયુરી" નામની દવાઈનો મલમ સારી પડે રગડવો. આ મલમ લગાડવાથી તે ભાગમાં બ્લીસ્તર એટલે ફોલ્લ્ઈઆ ઉઠશે.

અગરજો બ્લીસ્તર નહીં મારવું હોય તો દહામ દેવા. દહામથી કરીને ઝરેલી રસીથી મોટો થએલો ભાગ પાછો બેસી જશે અને જો દહામ બરોબર મજબુતીથી દીધા હશે તો તેટલા ભાગમાંની ચામડી સારીપડે ચીમલાઈ જઈ તેટલા ભાગ ઉપર એક કુદરતી પાટા તરીકે દબાણ કરી રાખશે, જેથી તે ભાગ પાછલથી હીલચાલમાં આવતાં પાછો લચકાવાનો થોડોજ સંભવ રહેશે.

આ પ્રમાણેના ઉપાયો કીધા પછી રફતે રફતે તે જનાવરને કસરત કરાવવી અને તેના ખોરાકમાં પણ રફતે રફતે પુષ્ટીકારક ખોરાક વધારતા જવું. જો પગના પાછલા ભાગમાં લચક હોય તો પહેલા થોડાક મહીનાઓ સુધી લચકાએલા ભાગ ઉપર પાટા બાંધીનેજ કસરત કરાવવામાં આવશે તો સારૂં, કારણ કે પગને વાલનારા પાછલા ભાગના માંસતંતુઓને તે પાટાથી ઘણીજ મદદ મલશે અને તેમને ઘણીજ થોડી થાક ચહડશે. જો તેઓ થોડાજ થાકશે તો તેમને મદદ કરવાને માટે તેમનાથી વધારે ઊંડાણમાં ગોઠવાએલો ચીકાશવાલો પટો પુરતી આસાએશ ભોગવશે.

પગના નલાના પાછલા ભાગમાં આવેલા માંસતંતુઓમાં અને ચીકાશવાલા પટાઓમાં આવતી લચક.

(Sprains of the Suspensory Ligament, Check Ligament and Back Tendons.)

આપણે આગલ જોઈ ગયા છઈએ કે આગલા પગનાં ઘુંટણની નીચેથી અને પાછલા પગની મોટી ઘુંટી વાલા ભાગની નીચેથી આગલા અને પાછલા બંન્ને પગોનો બાંધો બરોબર એકસરખોજ છે. એ પ્રમાણે આગલા પગનાં ઘુંટણની નીચે અને પાછલા પગની મોટી ઘુંટીની નીચે નજર કરતાં ચામડીની હેઠલ એક મોટું નલાવાલું હાડકું માલમ પડેછે, જે મોટાં નલાવાલાં હાડકાંની બંન્ને બાજુઓ ઉપર બે નહાનાં હાડકાંઓ જોડાએલાં માલમ પડેછે. આ નહાનાં હાડકાંઓ ઉપરથી પહોલાં હોયછે અને નીચે ઉતરતાં સાંકડાં થતાં જાયછે અને મોટા નલાવાલાં હાડકાંની અરધી લંબાઈએ પહોંચી ત્યાંજ એક પાતલી સલીને છેડે ખોસેલા ગોલ દાણા જેવા આકારમાં તેઓ ખતમ થાયછે. જો ઘોડાના પગ ઉપર હાથ ફેરવી તપાસવામાં આવશે તો પગની બહારની તેમજ અંદરની બાજુએ એ ગોલ દાણા તરતજ આંગલાંને નડશે. આ દાણાઓની નીચેથી તે પગની નહાની ઘુંટી સુધી બાજુએ ઉભા રહીને જોતાં એક તંગ દોરડી ખેંચી બાંધી હોય એવો દેખાવ માલમ પડશે. તે દોરડીની આગલી બાજુએ નલાવાલું હાડકું માલમ પડશે, જ્યારે તેની પાછલી બાજુએ એક લાંબા ઊંડા ખાડામાં પગની ચામડી ખોસાઈ ગયલી માલમ પડશે. આવી રીતે બનેલા ખાડાની પછવાડેથી એક મજબુત દોરડું પગના છેક પાછલા ભાગમાં નીચલી નાહની ઘુંટી સુધી તંગ ખેંચાએલું માલમ પડશે. આ મજબુત દોરડું માત્ર અંગુઠા અને આંગલીથીજ આજુબાજુ દાબીને ઉપરથી નીચે હાથ સેરવવામાં આવશે તો એક તનદરોસ્ત પગનું એ દોરડું બનાવવા માટે બે દોરીઓ ગુંઠી લીધી હોય એવું માલમ પડશે અને તે બંન્ને દોરીઓ અંગુઠા અને આંગલીને છુટી છુટી માલમ પડશે. હવે એ જુદી જુદી ચીજો જે આપણને આવો દેખાવ આપેછે તે ખરેખરી શી ચીજ છે તે આપણે તપાસીએ.

પગના નલાવાલા ભાગની અધવચે આજુબાજુએથી આપણા હાથને લાગતા પેલા બે દાણા તે તો પેલાં બે નહાનાં હાડકાંઓના છેડા છે એ આપણે યાદ રાખીશું. તે દાણાઓની આગલથી નહાની ઘુંટી સુધી તંગ ખેંચાએલી જે દોરડી છે તે દોરડી એક ચીકાશવાલો મજબુત પટો છે, જે મજબુત પટો નહાની ઘુંટીના સાંધાને હદ બહાર ખેંચાઈ જતો અટકાવવામાં ઘણીજ અગત્યની મદદ કરેછે અને તે રીતે પગની હીલચાલોમાં તેની મદદ ભારે જરૂરની થઈ પડેછે. આ ચીકાશવાલો પટો કાંઈ પેલા દાણાઓ આગલથીજ

શહેર થાયછે એમ નથી. બહારથી જોતાં આપણને તે ત્યાંથી શહેર થતો લાગેછે ખરો, પણ બરોબર તપાસતાં તે મોટા નલાવાલાં હાડકાંના છેક ઉપલા છેડા ઉપરથી નીકલે છે, અને પેલા દાણાઓ આગલ આવી પુગતાં તે બે ભાગમાં વહેંચાઈ જાયછે. એ પ્રમાણે બે ભાગમાં વહેંચાઈ તે બંન્ને ભાગો નહાની ઘુંટીની પછવાડે આવેલી પેલી બે ત્રીકોણાકાર હારડીઓની સાથે ચીટકે છે. એ પ્રમાણે તે ત્રીકોણાકાર હારડીઓને ચીટકયા પછી તે બંન્ને ભાગો હજી આગલ વધેછે અને તેમ કરતાં તેઓ પગની પાછલી બાજુ છોડી આગલી બાજુએ ઓલંગી આવેછે અને ત્યાં પાંયખડનાં હાડકાંઓ ઉપરથી થઈ ખડીનાં હાડકાંને લંબાવનારા મોટા માંસતંતુને જઈ વલગેછે.

આ પટાની આટલી લંબાણ સમજણ આપીછે તેનું કારણ એ કે, એ પટો ઝડપી ચાલના ઘોડાઓમાં વારંવાર જોખમાય છે અને એ પટાની લચક એક ગમે એવા કીમતી તેજી ઘોડાને તદન રદ કરી નાખેછે. એ પટાને અંગ્રેજીમાં Suspensory Ligament કરીને કહેછે અને આપણે પણ તેને વારંવાર લાંબે નામે નહીં ઓલખતાં **લટકાવનારો પટો** એવાં નામથી ટુંકમાં ઓલખીશું.

આ લટકાવનારા પટાની પછવાડે તેના જેટલીજ લંબાઈનો જે એક ખાડો જણાય છે તે ખાડામાં પગની ચામડી મજબુત પેસી ગયલી જણાય છે. આ પ્રમાણે પગની ચામડી તે ખાડામાં મજબુત બેસી જવાથી તે ખાડાની પછવાડે જે મજબુત દોરડું આપણે જોઈએ છઈએ તે મજબુત દોરડું ગોયા તે ખાડામાં પેસી ગયલી ચામડીથી ચીવટ બંધાઈ રહેછે અને તે ચીવટ ચામડી પગની હીલચાલોમાં તે દોરડાં ઉપર દબાણ કરી તે દોરડાંનાં કામમાં જોઈતી મદદ કરેછે. જો એ ખાડો બરોબર બનેલો નહીં હોય અને તે ખાડાની જગ્યા પુરાઈ ગયલી જણાય તો તે પગ ઝડપવાલાં અને લાંબી મંજલના કામોમાં કાંઈ પણ ઉપયોગનો નહીં ગણાય. ઊંચી તોખમના, ઝડપી ચાલના, તેજી ઘોડાઓમાં એ ખાડો ઘણોજ સફાઈદાર અને સારીપઠે કોતરાએલો માલમ પડેછે, જ્યારે હલકી જાતના ઘોડાઓમાં એ ખાડો વધારે છાલકો અને ભરેલો જણાય છે.

આ ખાડાની પછવાડે જે દોરડું જણાય છે તે દોરડું જુદી જુદી બે દોરીઓનું બનેલું હોય એવું માલમ પડેછે. આ બે દોરીઓ તે જુદા જુદા બે માંસના લોચાઓના જુદા જુદા તંતુઓ છે, જે તંતુઓ અકેકની અડોઅડ ગોઠવાએલા હોવાથી એકજ દોરડું હોય એવો દેખાવ આપેછે.

આ બે તંતુઓમાં લટકાવનારા પટાની પાસેનો જે તંતુ છે તે તંતુ ખડીનાં હાડકાંના છેક હેઠલા તલીઆંવાલા ભાગમાં જઈને ચીટકે છે. એ રીતે ખડીનાં હાડકાંના તલીઆંવાલા ભાગમાં ચીટકવા જતાં તે નાવહરડી ઉપરથી પસાર થાયછે, જે નાવહરડીને એ તંતુના થોડાક શાખાઓ વલગે છે. આ તંતુને આપણે "તંતફોડક" તંતુને નામે ઓલખીશું. આ પ્રમાણે એ તંતુને ઓલખવાનું કારણ એ કે, એ તંતુની પાછલ જે બીજો

તંતુ છે તે તંતુને પાંચખડનાં હાડકાં આગલ તે ફાડી બે ટુકડામાં વહેંચી નાખેછે, અને એ રીતે પોતાની પાછલના તંતુને ફાડી પોતે તે તંતુની પછવાડે અને નીચે જાયછે.

ઉપર કહેલાં દોરડાંમાંની બીજી અને સઉથી પાછલની દોરડી તે વલી બીજા તંતુની છે. આ તંતુ છેક ખડીનાં હાડકાં આગલ જતો નથી, પણ પાંચખડનાં મોટાં હાડકાં આગલ ઉતરી આવી તેની બે ફાંડ થઈ જાયછે, જે બે ફાડની વચેથી તે તંતફોડક તંતુને પોતાની પછવાડે પસાર થવા દે છે. આવી રીતે પોતે બે ફાડમાં વહેંચાઈ જવા પછી એ બંન્ને ફાડ પાંચખડનાં નાહનાં હાડકાંની પછવાડે જઈ ત્યાં તેની સાથે ચીટકે છે. આ તંતુને આપણે "તંતફાટેલ" તંતુનાં નામથી ઓલખીશું. આ પ્રમાણે એ તંતુને ઓલખવાનું કારણ એ કે, એ તંતુ પોતે બે ફાડમાં વહેંચાઈ જઈ બીજા તંતુને પોતાનાં બદનમાંથી પસાર થવા દે છે.

પગના પાછલા ભાગનું આ દોરડું બનાવનારા તંતફોડક, અને તંતફાટેલ એ બંન્ને તંતુઓ પગને જમીન ઉપરથી ઊંચકવાનું કામ કરેછે. તંતફોડક તંતુ ખડીને વાલવાનું પણ કામ બજાવે છે.

આ બંન્ને તંતુઓને તેમનાં કામમાં પેલો લટકાવનારો પટો મદદ કરેછે. આ લટકાવનારો પટો જે કામ બજાવે છે તેવુંજ પણ તેથી સહેજ નાહના પાયાપરનું કામ બજાવવાને પગનાં નલાવાલાં હાડકાંની અધવચેથી એક પટો આડકટરો બહાર નીકલી આવી તંતફોડક તંતુને ચીટકી બેસેછે. આ પટાને આપણે "લગામ પટો" એવાં નામથી ઓલખીશું. એ પટાને એ પ્રમાણે ઓલખવાનું કારણ એ કે, જ્યારે તંતફોડક તંતુ હદબહારનું કામ કરવા જાયછે ત્યારે તેનાં તે હદ બહારનાં કામ ઉપર કાયદો રાખી તેનું કામ બજાવવામાં એ પટો મદદ કરેછે.

આ પ્રમાણે ઘોડાની ચાલ, ઝડપ, અને તેનાં કામનો મુખ્ય આધાર એ બે પટા અને બે તંતુઓની ઉપર રહેછે અને એ પટા અને તંતુઓની લચક એ ઘોડાના લંગડાપણાનું મુખ્ય મુલ થઈ પડે છે. હવે એ જુદા જુદા પટાઓ અને તંતુઓ લચકાવાની જુદી જુદી નીશાનીઓ આપણે ટુંકમાં તપાસી જઈ પછી તેમનાં કારણો વરણવ્યા વગરજ તેમના ઉપાયો વરણવીશું. આપણે કારણો વરણવવાનું માંડી વાલશું તેનું કારણ એ કે, એ લચકનાં મુખ્ય કારણમાં જનાવરને આપવામાં આવતી હદ વગરની કસરત, પગનું લપસી જવું, રસ્તામાં પડેલા ખાડા ખબોચીઆઓમાં પગનું ધુસી જવું વગરે અકસ્માતો છે અને દર વખતે તે પાછા અને પાછા વરણવી ફોકટની જગ્યા રોકવી એ કોઈ પણ રીતે પસંદ કરવા જોગ નથી. હા, એટલું ખરૂં કે આ જુદા જુદા પટાઓ જુદા જુદા અકસ્માતોથી કેવી રીતે લચકાએ છે તેની તપાસ કરવી ઘણી સારી છે, પણ આ ચોપડી વાપડનારાઓને તેવી ઊંડી તપાસમાં ઉતરવાની જરૂર પડે એવું છેજ નહીં. એક ઘઈદાંના અભીઆસીને તે સઘલી તપાસ કરવાની અગત્ય છે ખરી, પણ એક સાધારણ માણસને તે લચકનાં સાધારણ કારણોથીજ પુરતો સંતોશ મલવો જોઈએ.

વળી બીજું એ કે, આ બંન્ને પટાઓ અને બંન્ને તંતુઓની લચકની નીશાની ઘણી ખરી એકજ હોવાથી તેમને સાધારણેજ વરણવવાનું વાજબી લાગેછે. એટલું ખરૂં કે એક વઈદાંની માહીતગારી ધરાવનારો શખસ તે નીશાનીઓ ઉપરાંત બીજી પણ બારીક નીશાનીઓથી જાણીતો થએલો હોવાથી દરદની ચોકસ જગ્યા તે બરાબર પુર ખાતરીથી કહી શકેછે, પણ એક સાધારણ માણસથી તેમ બની શકે એ બહુ મુશકેલ કામ છે, કારણ કે એ પટા અને તંતુઓ અકેકની સાથે એટલા તો ગુંચવાઈ ગયલા છે અને તેઓ અકેકની એટલા તો અડોઅડ છે કે તેમનાંમાંનો કયો બાંધો લચકાયો છે અને કયો નહીં તે પારખવાનું કામ બહુજ મુશકેલ છે. વલી એ પ્રમાણે બહુજ બારીકીથી પારખવાની એક સાધારણ માણસને જરૂર પણ નથી, તેનું કારણ એ કે, જે થોડીક મુખ્ય નીશાનીઓ ત્યાં આપવામાં આવશે તે મુખ્ય નીશાનીઓ ઉપરથી જો દરદની ચોકસ જગ્યા થોડી ઘણી પણ અટકલવામાં આવશે તો પછી તેની ઉપર કરવામાં આવતા ઉપાયો એવા છે કે જે ઉપાયો દરદવાલી જગ્યાએ પણ લાગુ પડયા વીના રહેનાર નથી. દાખલા તરીકે જો લટકાવનારા પટામાં નાહની ધુંટી આગલથી લચક આવી હોય અને તેની આસપાસ સોજો ચહડયા પછી જો એક શખસે ભુલમાં તે દરદને તંતફોડક યા તંતફાટેલ તંતુની લચક તરીકે માની લઈ તંતફોડક યા તંતફાટેલ તંતુની લચક નરમ પાડવાના ઉપાયો ચાલુ કીધા હોય તો તેથી લટકાવનારો પટામાં ચહડેલો સોજો જરૂરજ નરમ પડશે. તેનું કારણ એ કે, ઘણી ખરી સઘલી લચકોના ઉપાયો એકસરખાજ છે અને એક બાંધાની લચકનો ઉપાય કરવા જતાં આપોઆપ તે ઉપાયો બીજા પડોશવાલા બાંધાની લચક ઉપર પણ લાગુ પડયા વીના રહેતા નથી.

નીશાની—અગરજો લટકાવનારો પટો લચકાએલો હશે તો પગની નહાની ધુંટી આગલ સોજો માલમ પડશે અને તે સોજાવાલા ભાગ ઉપર હાથ મેલતાં તે હાથને ગરમ લાગશે. અગરજો લચક સહેજ હશે તો તે જનાવરનો પગ કુદરતી પગ મીસાલેજ જમીન ઉપર સપાટ મુકેલો જણાશે, પણ દોડાવી જોતાં તે જનાવર લંગડાશે. જો લચક વધારે જોરમાં હશે તો પોતાના પગના પાછલા ભાગને કરાર આપવાની મતલબથી તે જનાવર પોતાનો પગ પાછલથી ઊંચો રાખી જમીન ઉપર માત્ર ખડીનો અંગુઠોજ ટેકવી રાખશે. જો લચક એટલી બધી જોરમાં આવી હોય કે જેથી લટકાવનારો પટો લટકાવવાને બદલે તુટીજ ગયો હોય તો પગના સઉથી નીચલા ભાગને મજબુત ખેંચી રાખનારા એ પટાનાં ખેંચાણની ગેરહાજરીને લીધે પગની ખડી જમીન ઉપર નમી પડેલી માલમ પડશે, નહાની ધુંટીવાલો ભાગ નીચે ઝુલાઈ પડતો જણાશે અને ખડીનો અંગુઠો ઊંચકાઈ ગયલો નજર આવશે.

અગરજો લગામ પટો તુટો હશે તો પગના નલાના પાછલા ભાગની અધવચે સહેજ સોજો ચહડેલો દેખાશે. જો આ સોજાવાલા ભાગ ઉપર હાથ મેલવામાં આવશે તો તે ગરમ લાગશે અને ત્યાં દબાણ કરતાં જનાવરને દુખ થતું જણાશે. લટકાવનારો પટો

અને પાંયતંતુઓ તદ્દન તનદુરોસ્ત જણાશે. પણ એક બે દીવસપછી તપાસતાં એ પાંયતંતુઓ સહેજ ઉપસેલા અને વલી ગયલા માલમ પડશે તેનું કારણ એ કે સોજો રફતે રફતે તેમના બાંધામાં લંબાતો જશે. દોડાવી જોતાં જનાવર લંગડાતું માલમ પડશે.

જો પાંયતંતુઓ લચકાયા હશે તો નહાની ધુંટીવાલા સાંધાના પાછલા ભાગમાં સોજો પહેલવહેલાં માલમ પડશે. હાથ ફેરવીને તપાસતાં બંન્ને તંતુઓ કુદરતી કદના માલમ પડવાને તેમનામાંનો કોઈ કદમાં વધેલો અને ગરમ માલમ પડશે. કેટલીક વેલા તંતુઓ એટલા જોરમાં લચકાય છે કે સોજાથી તેઓ વાંકા વલી જાય છે.

ઉપાય—લચકનાં મથાલાં હેઠલ જે સાધારણ ઉપાયો વરણવ્યા છે તેજ ઉપાયો ત્યાં અજમાવવા. અગરજો લટકાવનારો પટો તુટી જવાથી આગલ જણાવ્યા પ્રમાણે નહાની ધુંટીવાલો ભાગ પછવાડેથી નીચે ઝુલાઈ પડયો હોય તો કાઠાંની એક મજબુત બીંદડી પાંયખડના ખાડામાં બરોબર બંધ બેસે એવી બનાવી તે બીંદડી પાંયખડના ખાડામાં મેલી મજબુત પાટાઓથી બાંધી લેવી અને પછી તે પાટા પગના ઉપલા ભાગ સુધી લંબાવવા કે જેથી તે મજબુત રહે.

મોટી ધુંટીની લચક—કર્બ—(Sprung Hock,—Curb.)

પાછલા પગની મોટી ધુંટીના સાંધામાં દાખલ થતાં જુદાં જુદાં હાડકાંઓને એકેક સંગાતે જોડવાને અર્થે જે ચીકાશવાલા પટાઓ છે તે ચીકાશવાલા પટાઓ ઘણાં ખેચાંણથી લચકાઈ જાય છે, અને તે લચકનાં પરીણામ તરીકે મોટી ધુંટીની સાત આઠ આંગલ નીચેથી પગના પાછલા ભાગમાં સોજો ચહડેલો દેખાય છે, જે સોજાને અંગ્રેજીમાં "કર્બ" નાં નામથી ઓલખવામાં આવે છે.

નીશાની—જનાવરની એક બાજુ ઉપર ઉભા રહી પાછલા પગની મોટી ધુંટીની અણી આગલથી પગના પાછલા ભાગમાં નીચે સુધી નજર દોડાવવી. એ પ્રમાણે નજર દોડાવતાં જો મોટી ધુંટીની અણીથી સાત આઠ આંગલ નીચે સીધાં સાફ દોરડાંને બદલે કાંઈ ઉપસી આવેલું જણાય તો તે કર્બ હોવો જોઈએ. એ રીતે એક બાજુએથી તપાસ્યા પછી વલી બીજી બાજુ તરફથી એ દરદ તેજ પ્રમાણે તપાસવું. અગરજો કર્બ તરતનો થએલો હશે તો તે જનાવર ઘણુંજ લંગડાતું માલમ પડશે અને કર્બની જગ્યાએ હાથ મેલતાં ત્યાં ગરમી માલમ પડશે.

ઘણુંક જનાવરોની મોટી ધુંટી કુદરતી રીતેજ એવી બનેલા હોય છે કે જેથી તેની તપાસ કરતાં કર્બના જેવો ઉપસેલો ભાગ કર્બની જગ્યાએ માલમ પડે છે. જો જના-

વર લંગડાતું નહીં હોય અને બંન્ને પગની મોટી ધુંટીની નીચે એ પ્રમાણે ટેકડો જણાય તો જાણવું કે કર્બ નહી હશે.

અગરજો મોટી ધુંટીનો ચોકસ સાંધો જે કર્બની જગ્યાએ આવેલો છે તે એકલોજ તુટો હશે તો એ પ્રમાણે કર્બનો ટેકડો માલમ પડશે, પણ અગરજો આખી ધુંટીના સાંધાના પટાઓમાં લચક આવી હશે તો આખો સાંધો ગરમ જણાશે અને તે જનાવર ઘણુંજ લંગડાતું માલમ પડશે. એ ઉપરાંત કર્બનો એકલોજ ટેકડો જણાવાને બદલે ધુંટીના ઉપલા અને હેઠલા ભાગમાં અંદરથી અને પાછલથી સોજો ચહડેલો માલમ પડશે.

કારણ—મોટી ધુંટીના સાંધામાં દાખલ થતાં હાડકાંઓને અકેક સંગાતે જોડનારા ચીકાશવાલા પટાઓમાં લચક આવ્યાથી તેનાં પરીણામ તરીકે પગના પાછલા ભાગમાં સોજો ચહડી ત્યાં રસી ઝરેછે, જે રસી એકઠી થઈ ત્યાં ટેકડો બનાવે છે, જે ટેકડાને આપણે કર્બનાં નામથી ઓલખીએ છીએ. ખેતરની વાડ, શરતના રસ્તાના કટેરા વગેરે કુદાવી જતાં તેમજ બીજી રીતના હદ વગરના ઉછાલા મારતાં આ પ્રમાણે લચક આવેછે.

ઉપાય—બીનઆયોદાઈદ આવ મરકયુરી એક ડ્રામ અને સાદો મલમ ચાર ડ્રામ લઈ તે બંન્ને મેલવી તેનું બ્લીસ્તર લગાડવું. ઘોડાના તે પગને ઊંચી એડીની નાલ મારવી. જો લચક ઘણીજ જોરમાં હોય તો દહામ દેવા.

અગરજો આખા સાંધામાં લચક આવી હોય અને લંગડાપણું બહુ સખત હોય તો તે જનાવરને ઝોલીમાં ટાંગવું, કારણ કે તેના પાછલા પગમાં જ્યારે સખત દરદ હશે ત્યારે તે કદી પણ સુવાનું નથી. તે પગની નાલ કહાડી નાખી પગપરનો ભાર ઓછો કરવો. ખસખસના પોસ સાથના સેક ચાલુ કરવા, અને લચકનાં મથાલાં હેઠલ આપેલા સાધારણ એલાજો ચાલુ કરવા.

નહાની ધુંટીના સાંધાની લચક—(Sesamoiditis.)

નીશાની—મોટાં પાંયખડનો ઉપલો છેડો ત્રીકોણાકાર હારડીઓ સાથે જે સાંધો બનાવવામાં મદદ કરેછે તે સાંધામાં જો લચક આવે છે તો ત્યાં જે ચીકાશવાલી ગાદીઓ આવેલી છે તે ચીકાશવાલી ગાદીઓમાં સોજો ચહડેલો જણાય છે. જનાવર ઘણુંજ લંગડાય છે. આખો સાંધો ગરમ માલમ પડેછે અને આખા સાંધાને ફરતો સોજો માલમ પડેછે. પોતાનો પગ જમીનથી ઊંચો રાખતાં તે જનાવરને ઘણો કરાર મલતો હોવાથી તે નહાની ધુંટીનો સાંધો વાલેલોજ રાખી ખડીની એડી ઊંચી ને ઊંચીજ રાખે છે. સાં-

ચો આપણા હાથે હીલવી જોતાં તે જનાવરને ભારે દુખ થતું માલમ પડે છે. આ સાંધાની ચીકાશવાલી ગાદીઓમાં સોજો ચહડયાથી જે પોપચાઓ ભરાયલા નજરે આવે છે તે પોપચાઓ કઠણ, ગરમ અને દાબતાં બહુજ દુખાય એવા હોય છે. ઘણીક વેલા આ પોપચાઓ સાંધો લચકાયા વગર પણ ફુલી આવેછે, પણ તે પોપચા નરમ, ઠંડા અને દાબતાં કાંઈ પણ દુખ નહીં દે એવા હોય છે.

કારણ—લચકનાં સાધારણ કારણોમાંથી આ દરદ જનમ પામે છે.

ઉપાય—સાધારણ લચક માટે ફરમાવેલા ઉપાયો કરવા. અગરજો સોજો ઘણો ઊંડાણમાં હોય તો બ્લીસ્તર મારવું. જો ઘુંટી ખાલીજ સુજેલી હોય અને ગરમી યા દરદ નહીં હોય તો મજબુત ચાલુ દબાણ કરે એવા પાટા વીંટાલ્યાથી ફાએદો થશે. અલબત્તે આ પાટા એક મહીનાથી ઓછા વખતમાં તો કદી પણ છોડી દેવા નહીં.

ખભાંમાં આવતી લચક—(Shoulder Slip.)

આપણે આગલ જોઈ ગયા તેમ ખભાંનાં હાડકાંના હેઠલા ખાડાવાલા ભાગમાં બાજુવાલાં હાડકાંનું માથું બંધ બેસવાથી ખભાંનો સાંધો બને છે. આ બંને હાડકાંઓને સાથે જોડાયલાં રાખવાને માટે એ સાંધાની આસપાસ ગોલ ફરતો એક ચીકાશવાલો પટો છે અને તે ઉપરાંત ખભાંના સાંધાની આસપાસ આવેલા માંસના લોચાઓ એ ભારે હીલચાલવાલા સાંધાને તેની ચીપટ હાલતમાં રાખવાને મોટી મદદ કરેછે. આ માંસના લોચાઓમાં સઉથી મુખ્ય લોચો તે છે, કે જે માણસ જાતમા હાથની બાજુ ઉપર ગોટલું બનાવનારા માંસના લોચાને મલતો આવે છે. આ લોચો આગલા પગને આગલ ખેંચવાનું મુખ્ય કામ બજાવે છે.

નીશાની—આ દરદમાં સઉથી મુખ્ય નીશાની એ છે કે તે લચકાએલાં ખભાંવાલો પગ આગલ ખેંચાઈ નહીં શકાવાથી એક કુંડાળાંરોકો આકાર બનાવતો હોય તેવી રીતે તે પગ બહાર નીકલી આવી આગલી તરફ ઘસડાય છે. જો ખડીના અંગુઠા તરફ નજર ઠેરવીને તે પગની હીલચાલ તપાસી હોય તો ખડીના અંગુઠાનું કુંડાલાના આકારમાં ફરવું અને આગલી તરફ ઘસડાવું તરત માલમ પડી આવશે. આ પ્રમાણે પગ આગલી તરફ આવતાં તે જનાવરને દરદ થતું હોવાથી તે દુખથી ચોંકશે, પણ પગ પાછો જમીન ઉપર મેલાતાં તેને કાંઈ પણ દુખ થતું માલમ પડવાનું નથી. અગરજો તે પગ જમીન ઉપરથી ઊંચકીને આગલ ખેંચ્યો હોય તો તે જનાવરને ઘણુંજ દરદ થશે, અને તેમ થવાથી તે જનાવર પાછલ હઠી, બેસી જતું હોય તેમ કરશે. આ પ્રમાણે તપાસતાં

ધ્યાન રાખવું કે કેટલાંક જનાવરોનો તનદરોસ્ત પગ એ પ્રમાણે ખેંચતાં તેમને પાછલ હ-ઠી બેસી જવાની ટેવ હોય છે, માટે તે વીશેની પહેલાંથીજ ખાતરી કરી કામ લેવું. કોણીના સાંધામાં યા ધુંટણના સાંધામાં દરદ નથી અને ખભાંમાંજ છે એમ સાબેત કરવાને માટે એ બંન્ને સાંધા વાલીને તથા હીલવીને ખાતરી કરવી જોઈએ. એજ પ્રમાણે પગના નીચલા ભાગમાં દરદ નથી તેને માટે તે ભાગોમાં સોજાની ગરમીની અને દુખની ગેરહાજરી વીશે તેમજ પગ જમીન ઉપર મુકતાં દુખ થતું નથી તે વીશે ખાતરી કરવી જોઈએ. એ પ્રમાણે પગના બાકીના ભાગોની તનદરોસ્ત હાલત વીશે ખાતરી થાય તોજ ખભાંનું દરદ માની લેવું અને તેની નીશાનીઓ ધ્યાનથી તપાસવી.

ઉપર જણાવેલી નીશાનીઓ ઉપરાંત જનાવરને ચલાવતાં તેનાં બાજુવાલાં હાડકાંનું માથું બહાર કુદી નીકલતું માલમ પડશે. આ સઘલી નીશાનીઓ તરતનાં લચકાએલાં ખભાંમાં જણાશે, જ્યારે વધારે લાંબા વખતનાં લચકાએલાં ખભાંમાં એ ઉપરાંત એક બીજી એ નીશાની માલમ પડશે કે ખભાંનાં હાડકાંની ઉપર બહારથી ગોઠવાએલા માંસના લોચાઓ જેમને લીધે ખભું ગોલ ને ભરેલું માલમ પડેછે, તે લોચાઓ કંટીઈ જશે અને તેમ થવાથી ખભાંનાં હાડકાંની વચમાં આવેલો સાંકડો પણ લાંબો હાડકાંનો ટેકડો બહાર નીકલી આવેલો જણાશે. આ પ્રમાણે ખડીની અંદર ચાલતાં લાંબી મુદતનાં દરદને લીધે પેદા પડતાં લંગડાપણાંમાં પણ ખભાંની બહારના માંસના લોચાઓ કંતાઈ જાયછે, પણ તે ઉપરાંત એ ખડીનાં દરદમાં ખભાંની અંદરના તેમજ બાજુ ઉપરના માંસના લોચાઓ પણ કંતાઈ જાયછે.

કારણ—સાધારણ લચકનાં કારણોમાં વરણવેલાં કારણોથીજ ખભાંમાં પણ લચક આવે છે. ઘણું કરીને નહાની ઉમરના ઘોડાઓની પાસે ભારી બોજો ખેંચાવ્યાથી અને તેમની પાસે ખેતરમાં ઊંચી નીચી જગ્યાએ કામ કરાવવાથી આ દરદ લાગુ પડેછે.

ઉપાય—આ દરદમાં જો તરતના તરત ઉપાયો નહીં કીધા હોય તો માંસના લોચાઓમાં અને સાંધાની આસપાસના બીજા ભાગોમાં એવો તો ફેરફાર થઈ જશે કે પછી એલાજો લાગુ પડવાનું કામ અશકય થઈ પડશે. સંપુરણ આરામ એ મુખ્ય ઉપાય છે. તે પગને ઊંચી એડીવાલી નાલ મારવી અને સેક ચાલુ કરવા. પછી ઉપરા સાપરી બ્લીસ્તરો મારયા કરવાં, કે જેથી ત્યાં લોહીનો જોશ ચાલુ રહે અને લોચાઓ કંતાય નહીં; દરદની નીશાનીઓ નાબુદ થવા પછી જે જાતનું કામ કરાવવાથી એ દરદ લાગુ પડયું હોય તે કામ કરાવવાને માંડી વાલવું.

કમરની લચક—તુટેલી કમર—(Sprained-back.)

નીશાની—જનાવર ઉભું થઈ શકતું નથી અને થોડાંક માણસો મલીને તેને ચારે પગો ઉપર ઉભું રાખેછે, તોપણ તે હાલતમાં તે ઠરી શકતું નથી અને પાછું પડી જાય છે. અગરજો કમર જોખમાતાં તે ભાગમાંની બરડાની કરોડનું એકું હાડકું ભાગી જઈ કરોડમાંની ગદુદ ઉપર દબાણ કરતું હોય છે તો પાછલા પગોમાં અને પુછડીમાં લકવો થએલો માલમ પડેછે. પુછડી હીલી શકતી નથી અને જાંગના થાપાઓમાં કોઈ અણીવાળું હથીઆર ભોકતાં તેથી તે જનાવરને દુખ થતું નથી, એ પાછલા પગનાં લકવાની મુખ્ય નીશાની છે.

કારણ—ભારી બોજા ઘસડતાં અને ઘણાંજ ઢલાવદાર ચૈઢાણો ચઢતાં બરડાની કરોડ નીચે કમર વાલવાને માટે જે મજબુત માંસના લોચાઓ છે તે લોચાઓ તદ્દન તુટી જાય છે, યાતો લચક આવેછે, જેથી તે જનાવર ઉભું રહી શકતું નથી. પગ લપસી જતાં, ઊંચા કુદકા મારતાં, તટીઓ કુદાવતાં, અને એવાંજ બીજાં કારણોથી આ દરદ જનમ પામેછે. નહાની ઉમરના ઘોડાઓની પાસે તેમની શકતી ઉપરાંતના બોજા ખેંચાવ્યાથી તથા તટીઓ કુદાવ્યાથી આ દરદ તેઓમાં ઘણુંજ સાધારણ છે.

ઉપાય—અગરજો તે પડેલાં જનાવરને જમીન ઉપરથી ઉઠાડયા પછી તે સહેજ પણ ઉભું રહી શકશે એવું જણાય તો તેને ઝોલીમાં બાંધીને ઉભું રાખવું અને તેમ જો નહી બની શકતું હોય તો તેને જમીન ઉપર પડેલુંજ રહેવા દઈ એક માણસને પાસે બેસાડી રાખવું કે તે જનાવર ઊઠવાની કોશેશ કરે તો તેમ કરતાં તરત અટકાવે. ત્યાર પછી દર બે કલાકને અંતરે જોલાબ આવવાની પીચકારીઓ મારવી. અલસીનું તેલ એક પેંત પાવું. આ પ્રમાણે કીધા પછી સાધારણ લચકના ઉપાયો ચાલુ કરવા.

બેટકાંની ફાટનો કોહોવાત—(Thrush.)

બેટકાંની ફાટના જીવવાલા ભાગમાં કોહોવાત લાગુ પડવાથી તેમાં સોજો ચઢડી તેમાંથી બહુજ દુર્ગંધી રસી ઝરક્વા માંડેછે, જે દરદને અંગ્રેજીમાં થ્રશ કરીને કહેછે.

નીશાની—પગ ઊંચકીને બેટકાંવાલી જગ્યા તપાસવા જતાં તેની ફાટમાં સહેજ ભીણાશ માલમ પડેછે, જે ભીણાશમાં એકુ સલી ખોસીને પછી સુંઘી જોતાં તે સલી ઘણીજ ગંધ મારતી રસીથી ખરડાએલી માલમ પડેછે. ઘણું કરીને આ દરદ પાછલા પ-

ગમાં માલમ પડેછે. કોઈ કોઈ વેલા એ કોહતી ફાટમાં કીડાઓ ચવરતા જણાય છે. ઘણા લાંબા વખતની કોહોતી ફાટમાં છેક તલીએ નજર ફરતાં રાતી દાણાદાર નરમ વસ્તુ માલમ પડેછે. ઘણીક વેલા બેટકાંની આસપાસ ફરતા ચીરા પડી તે ચીરાઓમાંથી રસી ઝરફવા માંડેછે. ખડી નહાની થતી જાયછે અને પછી જો એમજ ચાલ્યા કીધું તો જનાવર લંગડાવા માંડેછે.

કારણ—ખડીનો બેટકાંવાલો ભાગ જમીન સાથે જ્યારે દબાતો નથી ત્યારે તે પોતાની તનદરોસ્ત હાલત ખોહી દઈ દરદી થવા માંડેછે, જેનાં પરીણામ તરીકે બેટકાંની ફાટમાં કોહોવાત લાગુ પડેછે. ભીણાશવાલી અને ગંધીલી જગ્યાઓમાં પણ પગ લાંબો વખત પડી રહેવાથી બેટકું નરમ થઈ જઈ દરદી બનેછે. આ દરદ પાછલા પગમાં વારંવાર લાગુ પડેછે તેનું કારણ એ કે, છાણ મુતરમાં પાછલા પગો હંમેશાં ખોસાએલા રહેછે. અલબત્તે ઘોડાવાલાની આલસાઈનું એ પરીણામ છે, પણ તેને લીધે બીચારાં મુગાં જનાવરને દુખ વેઠવું પડેછે.

ઉપાય—જો ભીણાશ યા દુર્ગંધીથી આ દરદ થયું હોય તો તે કારણો દુર કરવાની કોશેશ પહેલાં કરવી. અગરજો બેટકું બરોબર જમીન સાથે દબાતું નહીં હોય તો નાલ કહાડી નાખી ખડીનો એડીવાલો ભાગ જમીન ઉપર દબાય એવી રીતે ખડીનો આગલો ભાગ કાપી કહાડવો. જો કીડા પડયા હોય તો તરપીનતાઈનમાં બોલેલો કાકડો ખડીની ફાટમાં ખોસવો. જ્યાંથી રસી ઝરફતી હોય યા ખરાબ વાસ આવતો હોય ત્યાં ફુલવેલી ફટકીનો ભુકો યા કેલોમેલ દાબવું. પગ જેમ બને તેમ સુક્કા રાખવા. જો દરદવાલા ભાગની આસપાસ કાંઈ દરદી યા નીકલી આવતો ખડીનો ભાગ હોય તો તે કાપી કહાડવો. બેટકાં ઉપર ચાલુ દબાણ કરીને તેને તનદરોસ્ત બનાવવાને માટે જનાવરને દરરોજ સુક્કી અને નરમ જમીન ઉપર ચલાવવું. જો ફાટમાં રાતા દાણા જણાય તો હીરાકસીનો મેદા જેવો કીધેલો ભુકો તેમાં ભભરાવવો. જો તે જનાવર લંગડાતું હોય તો એક હલકો જેવો જોલાબ આપી બે ત્રણ દહાડા સુધી થુલાંની પોલતીસ કરવી અને ત્યાર પછી ફુલવેલી ફટકી અથવા કેલોમેલ દાબવું. કારબોલાઈઝ્દ તારમાં એક લાકડાંની પટી બોલી તે પટી બેટકાંની ફાટમાં ખોસી ત્યાં તાર લગાડવો, અને પછી તેજ તારમાં બોલેલો સણ તે પટીનીજ મદદથી તે ફાટમાં ખોસવો.

ફુગાએલી અને સડેલી ખડી—(Canker.)

નીશાની—ખડીનાં હાડકાંની નીચેથી જે શીંગડાંવાલો ભાગ નીકલે છે અને જે શીંગડાંવાલો ભાગ ખડીનાં તલીઆંને નામે ઓલખાય છે, તે ખડીનાં તલીઆંનો શીંગડાંવાલો

ભાગ કુદરતી રીતે સખત અને તનદરોસ્ત પેદા પડવાને બદલે રફતે રફતે નરમ થતો જાયછે. એ રીતે તે શીંગડાંવાલો ભાગ નરમ પેદા પડતો થવા પછી રફતે રફતે એટલો તો નરમ અને દરદી થઈ જાય છે કે તે રસીના આકારમાં નીકલવા માંડેછે અને તે રસી ઘણીજ દુર્ગંધીથી ભરેલી હોય છે. આવી રીતે દુર્ગંધી રસીવાલાં તલીઆંની ઉપર ધીમે ધીમે ફુગ ચહડવા માંડે છે અને આખરે આખું તલીઊ ગંધ મારતી રસી અને ફુગાએલા દાણાઓથી ભરાઈ જાય છે. આ દરદ ઘણું કરીને હંમેશાં બેટકાં આગલથીજ શહરૂ થાયછે અને ધીરે ધીરે લંબાતાં લંબાતાં તે આખાં તલીઆં ઉપર પંથરાઈ વલેછે અને જેમ જેમ વધારે દહાડા થતા જાયછે તેમ તેમ તલીઆંના વધારે અને વધારે ઊંડા ભાગોમાં ફુગ અને કોહોવાત દાખલ થાયછે. અરાની માફક આ દરદ પણ પાછલા પગોમાં વધારે લાગુ પડેછે.

કારણ—ઘોડાવાલાની બેદરેકારી, તબેલામાં ચાલુ રહેતી છાણ મુતરની દુરગંધી અને ભીણાશ એ આ દરદને પેદા કરનારાં મુખ્ય કારણો છે. જે ઘોડાઓની સંભાલ બરોબર નથી લેવામાં આવતી અને જેમને લાંબો વખત સુધી છાણ મુતરની દુરગંધીમાં ઉભા રાખવામાં આવે છે તે ઘોડાઓને આ દરદ સાધારણે લાગુ પડેછે, જ્યારે સારી સંભાલથી વપડાતા ઘોડાઓમાં આ દરદ કદી પણ માલમ પડતું નથી.

ઉપાય—તબેલામાં સફાઈ ઉપર મુખ્ય ધ્યાન આપવું. જનાવરને ઉભા રહેવાની જગ્યા સુકી અને સાફ રાખવી. પગને બનતાં સુધી કોરડાજ રાખવા. પહેલાં ત્રણ ચાર દહાડા પોલતીસ કરી તલીઆંને નરમ કરવું અને પછી સડી જતો ખડીનો ભાગ કાપી કહાડવો. એ રીતે સઘલો કોહોતો ભાગ દુર કરવા પછી કારબોલાઈઝદ તારમાં સણનો ડુચો બોલી કહાડી તે સણ ખડીનાં તલીઆંમાં મજબુત દાબવો અને પછી તેની ઉપર ચપટ પાટો બાંધી લેવો. આ પ્રમાણે દરરોજ કરયા કરવું અને તેમ કરતી વખતે દરરોજ બેટકું અને બેટકાંની ફાટ પણ તપાસતા રહેવું. બેટકાંની ફાટમાં જો કોહોવાત લાગુ પડયો હોય અને તે કોહોવાત અટકાવવાને જો તરતજ ઉપાયો નહીં લીધા હોય તો તે કોહોવાત વધારે આગલ વધી આ પ્રમાણે ખડીનાં તલીઆંને પણ પકડે છે, માટે આ દરદમાં બેટકાંની ફાટ તરફ હંમેશાં ધ્યાન દોડાવવાની ઘણીજ અગત્ય છે. જો ફાટમાં માત્ર દુરગંધીજ માલમ પડે તો અરામાં જણાવ્યા પ્રમાણે કારબોલાઈઝદ તારમાં એક લાકડાંની પટી બોલી તે પટીની મદદથી તે ફાટમાં તાર લગાડવો. અગરજો ફાટમાં કીડા માલમ પડે તો કીડા કહાડી નાખી તરપીનતાઈનનાં તેલમાં થોડોક સણ બોલી તે સણ ફાટમાં ખોસવાથી અંદર ભરાઈ રહેલા બાકીના કીડા મરણ પામશે. જો બેટકાંની ફાટમાં કીડા હશે તો તે જનાવર પોતાનો પગ વારંવાર જમીન પર ઠોકયા કરશે.

આ દરદમાં કેટલાક વઈદો હીરાકસી, મોરથુથુ, માયાં વગેરે વાપડે છે, પણ તેઓ કાંઇ હંમેશાં ફાએદો કરતાં નથી.

ખડીની તાપ—સુમની તાપ—(Laminitis.)

ઘોડાની ખડીના શીંગડાંવાલા ભાગની અંદર તેનીજ બરોબરનો જે જીવવાલો ભાગ છે તે ભાગ ઘણોજ લોહીઆર છે અને તે ભાગમાં વારંવાર લોહીનો જોશ થઈ આવી સોજો ચહડી આવે છે, જેને આપણે ખડીની અથવા સુમની તાપનાં નામથી ઓલખીએ છઈએ.

નીશાની—અગરજો આગલા પગમાં દરદ હશે તો જનાવર પોતાના આગલા પગો આગલ લંબાવશે અને તે પગની ખડીની એડીઓજ જમીનને ટેકવી તે ખડીના અંગુઠા ઊંચાજ રાખશે તથા પોતાનાં બદનને બરોબર ટેકવવાને પોતાના પાછલા પગો પેટની નીચે લાવશે. જો દરદ પાછલા પગમાં હશે તો પોતાના આગલા પગો પેટની નીચે ખેંચશે, એટલુંજ નહીં પણ પાછલા પગો પણ પેટની નીચેજ લઇ આવશે અને તેમ કરતાં પાછલા પગોની ખડીની એડી જમીન ઉપર ટેકવી તેમના અગુંઠા ઊંચાજ રાખશે.

સુમ અથવા ખડી ઉપર હાથ મુકતાં તે ઘણીજ ગરમ જણાશે અને જો પાંપખડનાં હાડકાંઓની બંન્ને બાજુએથી દોડતી ઘોરી નેસો ઉપર આંગલી મેલવામાં આવશે તો તે નેસો ભારે જોશથી ઉછલતી જણાશે. એક નહાની હથોડીએ ખડી થોકતાં તે જનાવરને ભારે દુખ થશે. અગરજો જમણા પગમાં દુખ થયું હોય અને આપણે ડાબો પગ ઉઠાવવા જઇએ તો તે જનાવર તેમ કરવા દેવાનું નથી, તેનું કારણ એ કે ડાબો પગ જમીન ઉપરથી ઊંચકી લેતાં બદનનો સઘલો ભાર જમણા એટલે દરદી પગ ઉપર પડશે અને તેથી તે જનાવરને ભારે દુખ થશે. જો તે જનાવરને ચલાવ્યું હોય તો ઘણીજ મુશકેલીએ તે ચાલશે.

ખડીનો આ જીવતો ભાગ બદનની ચામડીની નીચેનાં પડનોજ ચાલુ ભાગ હોવાથી બદનની ચામડી સાથ સંબંધ રાખતાં જુદાં જુદાં પડ પણ સોજાની નીશાનીઓ દેખાડશે. આ નીશાનીઓ તરીકે નાક અને આંખની અંદરનાં પડ લાલ થયલાં જણાશે અને દમની નલીઓમાં ચાલતા સોજાની નીશાની તરીકે દમ ઘણોજ જોરમાં ચાલતો જણાશે. નાડી ઘણીજ ભરેલી અને દબાય નહીં તેવી હોય છે. અગરજો જનાવરને પાછલ હઠાવ્યું હોય તો તે પોતાના બદનનો સઘલો ભાર ખડીની એડીઓ ઉપર મેલશે, ખડીના અંગુઠાઓ ઊંચકી નાખશે, તેને ભારે દુખ થતું હોય તેમ બેસી જવાની કોશેશ કરશે, પણ તેટલું થવા છતાં તે એક દગલું પાછલ હઠવાની આનાકાની કરશે. આ દરદ પારખવાની આ છેલ્લી રીત સઉથી સરસ છે અને એ નીશાનીઓ ભેગી જો ખડી ગરમ તથા દુખાતી જણાય તો એ દરદ વીશે તદન ખાતરી થાય છે. દરદની શહરૂઆતમાં તે જનાવર જમીન ઉપર બેસતાં બીહેછે, પણ પછી તેની ધાસ્તી મટી જાયછે અને વારેઘડીએ તે જમીન ઉપર બેસી જઈ દરદી પગને આરામ આપવાની કોશેશ કરેછે.

કારણ—જનાવર પાસે લેવાતું હદબહારનું કામ આ દરદ પેદા કરવામાં મુખ્ય ભાગ બજાવે છે. ખડીના જીવતા ભાગને ચામડી સાથે અને ચામડીને હોજરી, ફેફસાં, આંતરડાં વગેરેનાં અંદરનાં પડો સાથે સંબંધ હોવાને લીધે અજીરણ, ફેફસાંનો સોજો, યા આંતરડાના બગાડાવાલાં દરદોમાંથી પણ આ દરદ જનમ પામેછે. લાંબો વખત સુધી કસરત કરાવ્યા વગર જનાવરને આલસુ બેસાડી રાખવાથી પણ આ દરદ લાગુ પડે છે. વહાણ ઉપર લાંબી મંજલ કસરત વગર કાપ્યા પછી કીનારે ઉતરેલાં જનાવરોમાં આ દરદ સાધારણે જણાય છે તેનું કારણ એજ છે. ખડીનાં બેટકાંને જમીન ઉપર દબાવા નહીં દેતાં ઊંચી એડીવાલી નાલથી અંગુઠા ઉપરજ ચાલુ ઘસારો રાખવાથી પણ આ દરદ પેદા પડેછે. લાંબો વખત આલસુ બેસાડી રાખવા પછી તે જનાવર સોડે સખત જમીન ઉપર પુશકલ કામ લેવાથી પણ આ દરદ લાગુ પડેછે. ઘણોજ ગરમી કરે એવો અને પુષ્ટીકારક ખોરાક પણ આ દરદને જનમ આપે છે.

ઉપાય—જો ઝાડો ઘણોજ કબજ હોય તો એક પેંટ અલસીનું તેલ જોલાબ તરીકે આપવું અને સફરાને રસ્તે એક ગ્યાલન ગરમ પાણીની પીચકારી મારવી. અગરજો કોઠો સાફ હોય તો જોલાબ આપવાની કાંઈ જરૂર નથી, અને જો ઝાડો ઘણોજ પાતલો હોય તો તે પણ બંધ કરવાની કાંઈ જરૂર નથી. ઘણોજ સખત જોલાબ ભારે નુકસાન કરશે અને પાતલો થતો ઝાડો બંધ કરવાથી પણ કુદરતનાં વાજબી કામમાં હરકત થશે. ઘોડાની આગલ પીવાનાં પાણીની એક બાલદી ભરી રાખી મેલવી અને ઝાડો સાફ આવે એવો હલકો ખોરાક આપવો. અગરજો તે જનાવરને ઘણું દરદ થતું હોય તોજ બે આઊંસ લોદેનમ અરધી પેંટ પાણી સાથે મેલવીને આપવું. તે જનાવરના રોજના ખોરાક સાથે બે આઊંસ બાઈકારબોનેટ આવ સોડા મેલવીને આપવો. જો તાવ ઘણીજ જોરમાં હોય અને નાડી ભરેલી, ઝડપવાલી, અને કઠણ હોય તો ફ્લેમીંગનું તીંકચર આવ એકોનાઈટ દશ ટીપાં લઈ અરધી પેંટ પાણી સાથે તે મેલવીને દર ત્રણ કલાકે આપવું. જયારે નાડીની ચાલ ધીમી પડતી જણાય ત્યારે આ દવાઈ આપવી બંધ કરવી. અગરજો ખડીમાં ઘણીજ ગરમી માલમ પડે અને ત્યાંની નાડી બહુજ જોરમાં ધબકતી હોય તો સુમ જ્યાં ચામડી સાથે જોડાય છે અને જ્યાં ચામડીનું એક ઉપસી આવેલું કુંડાલું નજર આવે છે ત્યાં ત્રણ ચાર જગ્યાએથી નસતર ભોકી લોહી કહાડવું. બીજી કોઈ પણ જગ્યાએથી લોહી કહાડવાની કાંઈ પણ જરૂર નથી. ગરમ પાણીમાં લાંબો વખત સુધી ખડીઓ બોલી રાખવી અને થોડાક દીવસો સુધી થુલાંની પોલટીસ ચાલુ રાખવી. જેમ બને તેમ લાંબો વખત સુધી જનાવરને જમીન ઉપર આસાએશ લેવા દેવી. જો તે પોતે નહીં સુએ તો તેને જમીન ઉપર નાખવાની કોશેશ કરવી, કારણ કે એમ કરવાથી પગ તરફનો લોહીનો ધસારો એકદમ ઓછો થઈ જાયછે અને ઘણો ફાએદો થાયછે. આ સઘલા ઉપાયો સંગાતે પગમાંથી નાલ કહાડી નાખી ખડીની દેવાલ એવી રીતે કાણુસથી ઘસી કહાડવી કે જેથી તેનું તલીયું તેમજ બેટકું બરોબર જમીન સાથે મલે અને તેમની ઉપર સઘલું વજન પડે.

જો આલસુ બેસાડી રાખવાથી આ દરદ થયું હોય તો ધીરે ધીરે તે જનાવરને કસરત કરાવવી અને દીનપર દીન મંજલમાં વધારો કરતા જવું. વહાણ ઉપરથી તરતના ઉતરેલા ઘોડાઓને કસરત કરાવવી નહીં, પણ કસરત કરાવ્યાને બદલે તેમને ખુલાં થાણુમાં છોડી દેવા કે જ્યાં તેઓ રફતે રફતે રૂચી માફક કસરત કરશે અને પછી કામ કરવાને શકતીવાન થશે.

જો પાછલા પગોમાં ચહડેલી તાવને લીધે ઘોડો પોતાની મેલે પીશાબ નહીં કરી શકતો હોય તો દહાડામાં ત્રણ ચાર વખત સલી વડે પીશાબ બહાર કહાડવી.

પરીણાંમો—આ દરદ જો વારંવાર હુમલો કરયાજ કરતું હશે તો તેનાં પરીણામ તરીકે ખડીની દેવાલ ઢીલી થઈ જશે, તેની એડીઓ ઘસાઈ જશે, બેટકું પહોલું અને મોટું થશે, તલીયું પાતલું અને બહાર ઉપસી નીકલેલું જણાશે, ખડી કકડી અને નાજુક બની જશે, ખડીની દેવાલ ચપટી અને ફાટ ફાંટ વાલી તથા આડી અતારી વીંટવાલી જણાશે, ખડીનો અંગુઠો અંદર બેઠેલો અને ઠોકી જોતાં અંદરથી પોકલ માલમ પડશે તથા તે તરફની સીંગડાંની એકુ ચીપ નીકલી આવતાં તેમાં સુકાં નાસુરો પડેલાં અને અંદરથી વહેર જેવી વસ્તુ નીકલતી જણાશે.

અગરજો સુમની તાવના વારંવાર થયલા હુમલાઓમાંથી આવાં પરીણામ નીપજ્યાં હોય તો તે પરીણામોની અસર નરમ કરી નાખનારા એલાજો લેવા જોઈએ. ખડીની દેવાલો ઉપર ઘણો ધબકારો નહીં થાય એટલા માટે ખડાની દેવાલોને જમીનની સપાટીથી બનતાં સુધી અલગ રાખવી, અને નાલ મારવા પહેલાં ખડીનાં તલીઆંમાં એક ચામડાંનો ટુકડો મેલવો. બેટકાંનો સઘલો ભાગ જમીનને લાગે તેની બનતાં સુધી સંભાલ રાખવી. ખડીની એડીઓ જો જમીન તરફ વધારે ઢલતી હશે અને અંગુઠા તરફનો ભાગ જો જમીનથી સહેજ અલગ રહેતો હશે તો તેથી કુદરતી રીતેજ ખડીની દેવાલ ઉપરનો ધબકારો ઓછો થશે.

એ ઉપરાંત ખડીનો શીંગડાંવાલો ભાગ વધારે મજબુતીવાલો અને સખત પેદા થાય એટલા માટે એક દ્રામ કેનથેરીદીસના ભુકાને ચાર આઊંસ સાદા મલમ સાથે મેલવી તે મલમ દર બે અથવા ત્રણ દહાડે ખડીના સઉથી ઉપલા ચામડી સાથ સંબંધ રાખતા એટલે સુમ ચક્કરવાલા ભાગની અંદર લગાડવો. આ પ્રમાણે મલમ લગાડવાથી તે ભાગ જે ખડીનું શીંગડું પેદા કરેછે તે ઉશકેરાશે અને તેથી વધારે સખત અને વધારે તનદરોસ્ત શીંગડું નીકલવા માંડશે. અગરજો ખડીના અંગુઠા આગલનો ભાગ અંદરથી પોકલ થયલો હશે તો તે વેલા પણ આ મલમ આ પ્રમાણે લગાડવાથી ઘણો ફાએદો થશે.

ફાટેલી ખડી—ફાટેલી સુમ—(Sandcrack.)

નીશાની—આગલા પગની ખડીના અંદરના શીંગડાંવાલા ભાગમાં તથા પાછલા પગની ખડીના અંગુઠા આગલના શીંગડાંવાલા ભાગમાં પડતી ફાટ એ ઘણું કરીને ફાટેલી ખડીની સાધારણ નીશાની છે. પણ ખડીના એ ચોકસ ભાગોમાં ફાટ પડવા ઉપરાંત વારેઘડીએ બીજા ભાગોમાં પણ ફાટ પડેછે.

કારણ—આપણે આગલ જોઈ ગયા છઈએ કે ખડીનો શીંગડાંવાલો ભાગ ચામડી આગલથી જ્યાંથી શરૂ થાયછે ત્યાં એક ઉપસી આવેલું ચામડીનું ચક્કર છે, જેને સુમ ચક્કરના નામથી ઓલખવામાં આવે છે, અને જે ચક્કરની હેઠલનો જીવવાલો ભાગ ખડીનું શીંગડું પેદા કરવાનું કામ બજાવે છે. આ ખડી પેદા કરતાં ચક્કરમાં જો બીગાડો થાય છે તો ખડીની દેવાલોનું શીંગડું જેવી જોઈએ એવી સારી બનાવટનું નીકલવાને બદલે જલદી તુટી જાય એવું નીકલે છે. ખડીનું બેટકું બરોબર જમીનને નહીં અડકતું હોવાથી, ઝડપવાલી હીલચાલમાં ખડીની દેવાલોને બહુ ધબકારો લાગતો હોવાથી અને અજીરણ થવાથી આ પ્રમાણે શીંગડું પેદા કરતું ચક્કર બગડી જાયછે અને તેનાં પરીણામ તરીકે નીકલતું થોડાં ચીવટપણાંવાલું શીંગડું ફાટી જાય છે. આગલા પગની ખડીનો અંદરનો ભાગ તથા પાછલા પગની ખડીનો અંગુઠા આગલનો ભાગ વધારે ધબકારા ખમવાને લીધે વધારે જલદી ફાટી જાયછે.

ઉપાય—આવી રીતે જો ખડીમાં ફાટ પડી હોય અને જનાવરની હીલચાલમાં જો તે ફાટ ઊઘડતી હોય અને બંધ થતી હોય તો તેવી વેલાએ ખડીનાં શીંગડાંની હેઠલના જીવવાલા ભાગમાં તે ફાટના બંધ થવા સાથે જોરમાં ચમટી આવે છે અને તે કારણને લીધે તે જનાવર લંગડાય છે. અગરજો લંગડાપણું ઘણું હોય તો ખડી ગરમ પાણીમાં બોલી રાખવી, નહીં તો પોલટીસ કરવી. આ પ્રમાણે એક અઠવાડીઆં સુધી સેક અથવા પોલટીસ ચાલુ રાખવાથી ફાટમાં ચહડેલો સોજો નરમ પડી જશે.

આવી રીતે સોજો ચહડયો હોય તો, તે ઉતારયા પછી ફાટની ઊપરથી ખડીના શીંગડાંવાલા ભાગમાં એક કાપો પાડવો, કે જે કાપો ઉભી ફાટને એક આડી લીટી મલતી હોય તેવો હોવો જોઈએ. એજ પ્રમાણે એક બીજો કાપો ફાટને નીચલે છેડે પણ પાડવો. પહેલો કાપો પાડતાં ઊભી ફાટ જે | આ પ્રમાણે હોયછે તે આ T પ્રમાણેનો આકાર પકડશે, જ્યારે બીજો કાપો પાડતાં તે ફાટ અને કાપાનો આવો I આકાર થશે. આ કાપા પાડતી વખતે ધ્યાનમાં રાખવું કે શીંગડાંવાલો ભાગ એટલો ઊંડો કપાવો જોઈએ કે જેથી કાપા પાડનારી છરી જીવવાલા ભાગ સુધી જઈ પહોંચે. ઘણું કરીને આ એલાજથી જીવવાલા ભાગમાં ચમટી આવતી બંધ થશે.

જો ઉપલો એલાજ કામ નહીં કરે તો પછી ફાટની બંન્ને બાજુએથી આ પ્રમાણે ⁘ કાણાં પાડવાં અને તે કાણાંઓમાં એવી રીતે લોખંડની આંકડીઓ ભેરવવી, કે જેથી ખડીની ગમે એવી હીલચાલોમાં ફાટ પહોલી યા સાંકડી થાય નહીં. જો એ એલાજ નહીં બની શકે તો પાતલી દોરીઓને સારી પઠે મીન પાઈ તે મીન પાયલી દોરીઓથી ખડીને ફરતી બાંધી લેવી.

શીંગડું પેદા કરનારાં સુમ ચક્કર ઉપર એક ડ્રામ કેનથેરીદીસના ભુકાને ચાર આઊંસ સાદા મલમ સાથે મેલવીને બનાવેલો મલમ લગાડવો, કે જેથી તે ચક્કર ઉસકેરાશે અને વધારે જલદીથી તથા વધારે સખત શીંગડું પેદા કરવા માંડશે. અગર નહી તો એક ગરમ કીધેલાં હથીઆરે તે ખડી જ્યાંથી ફાટેલી હોએ તેની ઉપર અને નીચેથી એક ડહામ મુકવો, કે જેથી વધારે ફાટતુ અટકશે ડહામ સુકાયા પછે આએ નીચે લખેલો મલમ કરી લગાડવો:—ચરબી, રાજમ, પીલું મીન અને તાર એ મેલવી લગાડવું.

ચકરાવલ—(Villitis.)

ખડીની શીંગડાંવાલી દેવાલ પેદા કરવાને માટે ખડીના ઉપલા ભાગમાં, જ્યાં ખડી ચામડી સાથે જોડાય છે ત્યાં ચામડીની હેઠલ જે ઉપસી આવેલો ચક્કરરૂપી ચામડીનો ભાગ છે, અને જે ભાગને સુમ ચક્કરનાં નામથી ઓલખવામાં આવેછે તે ભાગમાં ચહડતા સોજાને ચકરાવલનાં નામથી ઓલખવામાં આવેછે.

નીશાની—જનાવર લંગડાતું માલમ પડેછે. ખડીનાં એ ચક્કર ઉપર હાથ મેલતાં તે ગરમ લાગેછે અને ત્યાં સોજો ચહડેલો હોય એવું માલમ પડેછે. ખડી જ્યાંથી શરૂ થતી જણાય છે ત્યાં જો આંગલીનાં નખથી સહેજ ધસારો કીધો હોય છે તો ત્યાંની સખત ચામડી ભીંગડાંરૂપી આકારમાં નીકલી આવેછે. જનાવર ચાલતી વખતે પોતાના પગ જમીન ઊપર સસરાવી દેતું હોય એમ જણાય છે.

કારણ—ખડીની દેવાલને જોરમાં લાગતા ધબકારા એ આ દરદનું મુખ્ય કારણ છે. સખત જમીન ઉપર લાંબી મંજલ કાપતાં આ દરદ જનમ પામે છે.

ઉપાય—પહેલાં અલસીનું તેલ એક પેંટ આપી તે જનાવરનો કોઠો ખુલ્લો કરવો અને પછી ઝાડો પાતલો રાખવાને કાજે લીલું ઘાંસ, કંદ મુલ વગેરે ખોરાક આપવો. સોજાવાલા પગની નાલ કહાડી નાખવી અને સેક તથા પોલટીસ ચાલુ કરવાં. જ્યારે સોજાની ગરમી નરમ પડે ત્યારે સુમની ઉપરનાં ચક્કરમાં આગલ ફરમાવેલો કેનથેરીદીસનો મલમ લગાડવો. જ્યારે સોજાની સઘલી નીશાનીઓ દુર થએલી જણાય ત્યારે એવી રીતે નાલ મારો કે જેથી ખડીનું બેટકું અને તલીયું બરોબર જમીનને અડકી શકે.

નાવહારડીનું દરદ—(Navicular Arthritis.)

આપણે આગલ જોઈ ગયા છઈએ કે તંતફોડક તંતુ ખડીનાં હાડકાંની પાછલી અને હેઠલી બાજુએ જઈને ચીટકે છે અને તેમ જઈને ચીટકવાની અગાઉ તે નાવહારડીની પછવાડે અડકીને પસાર થાયછે. આ નાવહારડી તે ગોયા એ તંતફોડક તંતુને સહેલાઈથી સસરાવનાર કપ્પી છે અને તેનાં કામમાં મુખ્ય મદદ કરનાર છે. આ તંતફોડક તંતુ અને નાવહારડીની વચ્ચે ઘસારો નહીં થાય એવી મતલબથી એક ચીકાશવાલી ગાદી મુકેલી છે. પગની દરેક હીલચાલમાં આ તંતફોડક તંતુ મુખ્ય ભાગ બજાવે છે અને નાવહારડીની ઉપર તેનું ચાલુ દબાણ થયાજ કરેછે. આ ચાલુ દબાણ જો હદની બહાર ગયું હોય તો નાવહારડીની ઉપર ભારે ઘસારો થાય છે, જે ઘસારાને લીધે નાવહારડીમાં સોજો ચઢે છે. નાવહારડી તરફથી આ સોજો તંતફોડક તંતુ અને નાવહારડીની વચ્ચે આવેલી પેલી ચીકાશવાલી ગાદીમાં લંબાય છે અને ત્યાંથી તેની અસર તંતફોડક તંતુ સુધી પુગી વલતાં તે તંતુ નાવહારડી સાથે વલગી જાય છે. આવી રીતે તે તંતુના વલગી જવાથી તે તંતુની શકતી ઓછી થઈ જવા સાથે તે તંતુમાં પણ દરદ લાગુ પડેછે. આ સઘલા બનાવોનાં પરીણામને નાવહારડીનાં દરદને નામે ઓલખવામાં આવે છે. પગને વાલનારો મુખ્ય તંતુ અને તેને મદદ કરનારી નાવહારડી તથા તેની ચીકાશવાલી ગાદી એ સઘલાં આ પ્રમાણે એ દરદમાં અટવાયાથી તે જનાવર ઘણુંજ લંગડું બની જાય છે.

નીશાની—આ દરદની નીશાની પારખવાને માટે સહવારના પહોરનો વખત ઘણોજ સરસ છે, કારણ કે આખી રાત તબેલામાં આસાએશ લીધા પછી જો તે જનાવર ઉભેલું હોય છે તો તેનો દરદી પગ તનદરોસ્ત પગની સહેજ આગલ કહાડેલો જણાય છે અને તે પગની ખડીનો સાંધો તથા પાંયખડનો સાંધો આગલથી તદ્દન ગોલાકાર વાલી નાખેલો માલમ પડે છે. આ બંન્ને સાંધા આવી રીતે વાલી નાખેલા હોવાથી ખડીનો અંગુઠો ગોયા દરદી પગ દેખાડતો હોય તેમ વલી જઈને જમીન સાથે લાગેલો દેખાય છે.

આ દરદમાં ઉપલી અંગુઠાની નીશાની સહુથી મુખ્ય છે. જો એવાં દરદીને બહાર કહાડીને ચલાવ્યું હોય તો તેની ચાલમાં કાંઈ પણ ખામી માલમ પડવાની નથી, પણ જો દોડાવ્યું હોય તો તરતજ લંગડાપણું માલમ પડશે. આ લંગડાંપણાની ચાલમાં એક ખાસીએત એ છે કે, તે દરદી પગની ખડીનો અંગુઠો જમીન સાથે વધારે ઘસાઈ ગોયા જમીનમાં તે ઘુસી જવા માંગતો હોય એમ દેખાવ આપશે. જો દરદ થોડીક મુદત થયાં થયું હોય છે તો તે પગની નાલ આ કારણને લીધે અંગુઠા આગલથી ઘસાઈ ગયલી જણાશે. તે જનાવર પોતાના પગ ધબકારાથી બચાવવાની મતલબથી ઘણા ઊંચે ઊંચકશે નહીં અને તેથી તે વારંવાર ઠોકરાયા કરશે. જેમ જેમ વધારે ને વધારે દોડાવવાંમાં આવશે તેમ તેમ આ જાતનું લંગડાપણું ઓછું થતું જશે અને પાંચ છ લાંબા આંટા ખાધા પછી ગોયા તે જનાવર લંગડું હોયજ નહીં તેમ દોડવા માંડશે. આ કારણને લીધે

એટલું અગત્યનું છે કે, એ દર્દનું લંગડાપણું પારખવાને માટે જનાવરને પહેલી વખત દોડાવતાંજ તેની ચાલ ઉપર બરોબર ધ્યાન આપવું. આ દરદનાં લંગડાંપણામાં તે જનાવરનાં પગલાં અગાઉ જે લંબાઈનાં પડતાં હશે તેથી ઓછી લંબાઈનાં પડવા માંડશે, અને જો દરદ તરતનું થયલું હશે તો વધુ કસરત કરવાથી લંગડાપણું ઓછું થતું દેખાવાને બદલે વધારે વધતું જતું દેખાશે. આ દરદમાં ખડીનું ફદ સંકોચાતું માલમ પડે છે.

આ દરદ થોડો વખત સુધી ચાલ્યા પછી તે જનાવરનું લંગડાપણું નાબુદ થઈ જતું અને તે જનાવર તદન સાહજું થઈ ગયલું માલમ પડશે. પણ આ દેખાવ ઉપર કદી પણ ભુલવું નહીં, કારણ કે આ દરદ એવી રીતે થોડોક વખત સુધી શાંત પડી રહી પોતાનું કામ અંદરખાનેથી ચુપચુપ કરયું જશે.

કારણ—સખત જમીન ઉપર ઘણીજ લાંબી મંજલ કરાવ્યાથી આ દરદ જનમ પામે છે. જો લાંબી મંજલો કરવી હોય અને વચમાં વચમાં થોડે થોડે ખટકે થોડી થોડી આસાએશ આપી હોય તો આ દરદ કદી પણ લાગુ પડતું નથી. ચાલુ લાંબી મંજલથી નાવહારડી અને તંતફોડક તંતુ તેમજ બીજા અવ્યવો ઉપર જે ખેંચાણ થાય છે તે ખેંચાણ એટલું બધું હોય છે કે આવા નાજુક બાંધાઓ કદી પણું જોખમાયા વગર રહેજ નહીં. નરમ જમીન ઉપર કામ કરનારાં જનાવરોમાં આ દરદ કદી પણ દેખાવ દેતું નથી, કારણ કે નરમ જમીન ઉપર નાવહારડીનું દરદ પેદા કરે એટલા જોશબંધ ધબકારાઓ થતા નથી.

વલી એવું પણ સાબેત થયું છે કે આ દરદ સંધીવાથી પણ પેદા થાયછે. જે ઘોડાઓને પથરની ફરસબંદીવાલા તબેલાઓમાં બાંધવામાં આવે છે તેઓ પથરની જમીન ઉપર ચાલુ ઉભાં રહેતાં તેમના પગની ખડીને સરદી પહોંચે છે, અને તે સરદીનાં પરીણામ તરીકે ખડીના સાંધાઓમાં સંધીવા લાગુ પડે છે, જે સંધીવાનાં દરદમાંથી આ નાવહારડીનું દરદ મુલ પકડે છે. અગરજો એ રીતે સરદીવાલી જગ્યા ઉપર ઉભાં રહેતાં સંધીવાનું દરદ નથી લાગુ પડતું, તો પણ તે સરદીની અસરથી ખડીના બાંધામાં લોહીનો જે મોટો જથો ચાલુ ફરતો હોવો જોઈએ તે જથો એટલો બધો ઓછો થઈ જાય છે કે ખડીના બાંધામાં જેવો જોઈએ એવો જીવ રહેતો નથી અને સહેજ પણ ધબકારા લાગતાં તેના બાંધામાં સોજો ચહડી આવેછે, જે સોજામાં નાવહારડી પહેલી સપડાઈ જાય છે.

કેટલીક વેલા આ નાવહારડીનો સોજો પથ્થર, ખીલો યા એવીજ કાંઈ બીજી અણીઆલી ચીજો ભોકાયાથી ચહડી આવે છે, અને તેમ થતાં જો તે સોજો ચીકાશવાલી ગાદીમાં પેવસ થાય છે તો પછી તે નીરજીવ કારણમાંથી આ દરદ ઘણુંજ કઢંગું રૂપ પકડે છે.

ઉપાય—પહેલાં નાલ કહાડી નાખી ખડીને કાણુસથી એવી રીતે ઓખવી કહાડો કે જેથી બેટકાંની ઉપર સારીપઠે જમીનનું દબાણ આવે. એ રીતે ખડીને તઈઆર કી-

ધા પછી થુલાંની પોલતીસ ચાલુ કરો. દવાઈ તરીકે પહેલાં એક હલકો જોલાબ આપવો અને પછી તેનો કોઠો ખુલ્લોજ રહે એવી મતલબથી લીલો ઘાંસ ચારો ચાલુ રાખવો. જો સોજો ઘણો જોરમાં હોય, ખડી ઉપર હાથ મેલતાં તે ઘણી ગરમ જણાય અને પાંયખડની નાડી ઘણી જોરમાં ધબકતી હોય તો સુમની ઉપર ઉપસી આવતાં સુમ ચક્કરમાંથી લોહી કહાડવાથી ઘણો ફાએદો થશે.

જો રેતીવાલો દરીઆવનો કીનારો યા એકુ નાલું પાસે હોય તો તેમાં બે કલાક સુધી તે જનાવરની ખડી બુડે એટલાં ઊંડાં પાણીમાં તેને ઊભું રાખવું, અને એ પ્રમાણે દહાડામાં બે ત્રણ વખત કરવું. કીનારે કે નાલે લઈ જતાં તે જનાવરના પગને કોઈ પણ રીતે ધબકારા નહીં લાગે તેની સંભાલ રાખવી.

તબેલામાં તે જનાવરને બાંધતાં બે ચીજની ઉપર ધ્યાન પુગાડવું સારૂં છે. એક તો એ કે તે જનાવરને જે થાણમાં બાંધ્યું હોય તે થાણ અંધારૂં હોવું જોઈએ અને જે જગ્યા ઉપર તેને ઉભું રાખ્યું હોય તે જગ્યા ઠંડી અને નરમ હોવી જોઈએ. અંધારૂં રાખવાંથી કરીને તે જનાવર જમીન ઉપર આરામ લેવાને રાજી થશે અને નરમ ઠંડી જમીન ઉપર ઉભું રાખવાંથી તે જનાવરના પગને ચાલુ ઠંડક મલ્યા કરશે.

પગને ચાલુ ઠંડક પુગાડવાને ખાતર દરીઆ અથવા નાલાંની ગેરહાજરીમાં ઠંડાં પાણીથી ભરેલી બાલદીઓ વાપડવી યા તો મોરી જેવી એક ઢલાણવાલી જગ્યા બનાવી ત્યાં પાણી ભરી તે પાણીમાં જનાવરને ઉભું રાખવું.

આ પ્રમાણે સોજો નરમ પાડનારા ચાંપતા ઉપાયો લીધા પછી આસરે પંદર દહાડે સુમ ચક્કરની ઉપર એક દ્રામ બીનઆયોદાઈડ આવ મરકયુરી અને બે આઊંસ સાદા મલમની મેલવણીથી બનાવેલો મલમ લગાડવો.

અગરજો ઉપલા એલાજોથી દરદ નરમ નહીં પડે તો ખડીના બાંધાને લાગણ શકતી પુરી પાડનારા જ્ઞાનતંતુ કાપી નાખવા. આ જ્ઞાનતંતુ કાપવાની ક્રીયા કેમ કરવી તે આ ચોપડીના પાછલા ભાગમાં વહાડકાપનાં મથાલાં હેઠલ સમજાવવામાં આવશે.

નાલ મારતાં ખુંચતી ખીલી—(Pricks in Shoeing.)

નીશાની—નાલબંધને ત્યાંથી ઘોડાને તબેલે લઈ જતાંજ તે લંગડો, ચયસો જણાય છે અને નહીં તો બીજે દીવસે લંગડાપણું દેખાવ દે છે. કોઈ કોઈ વેલા લંગડાપણું માલમ પડતાં દશ બાર દીવસો વચમાં નીકલી જાય છે.

જો ઘોડાઓના આગલા પગોની ખડી વારંવાર નાલ મારવાથી છેક ઘસાઈ ગઈ હોય અને જેમની ખડીની એડી જોઈએ તે કરતાં વધુ કાપી નાખવામાં આવી હોય તો ઘોડાઓને પણ નાલ મારવા પછી લંગડાપણું લાગુ પડેછે, માટે તેવી રીતે લંગડાતા ઘોડાને લંગડાવાનું ખરૂં કારણ સંભાલથી શોધી કહાડવું.

અગરજો નાલમાં ખીલી ઠોકતાં તે જનાવર દુખથી ચોંકે તો ખાતરી રાખવી કે તેની ખડીના કોઈ જીવતા ભાગમાં ખીલી ખુંચી છે. આવી રીતે ખડીના જીવતા ભાગમાં ખીલી ખુંચતાં તેની ઉપર લાગતા હથોડાનો ધબકારો હંમેશ કરતાં જુદીજ રીતનો સંભલાશે. ખીલીની અણી ખડીની બહાર નીકલશે નહીં અને જો નીકલશે તો એવી જુદી જગ્યાએ નીકલશે કે જ્યાં તે નીકલવી નહીં જોઈએ. તનદરોસ્ત પગને જમીન ઉપરથી ઊંચકીને ખીલીની અણીઓ જ્યાં નીકલી આવતી હોય ત્યાં તેમજ તેમની નીચેથી જો દરદી પગની ખડી થોકી હોય તો જ્યાં ખીલી ખુંચતી હશે ત્યાં ઠોકતાં તે જનાવર ચોંકશે. હવે વધારે ખાતરી કરવાને અરથે તનદરોસ્ત પગ જમીન ઉપર પાછો મુકી દઈ ડાઓ પગ ઊંચકવો અને પછી ખીલી કહાડવાના ચીપીઆથી ખડીની દેવાલ અને નાલની અંદરની બાજુ જોરમાં દાબી જોવી. આ રીતે દાબતાં જે જગ્યાએ દુખારો થતો જણાય તે જગ્યાએ ખીલી ખુંચતી હશે એમ જાણવું. હવે નાલ કહાડી નાખીને એજ પ્રમાણે દાબી જોવું એટલે વધારે ખાતરી થશે.

આ પ્રમાણે ખડી દાબતી વખતે ધ્યાનમાં રાખવું કે, કઈ ચોકસ જગ્યાએ આવી પુગતાં જનાવર ચોંકે છે. આ જગ્યા ધ્યાનમાં રાખી નાલમાંની જે ખીલી તે જગ્યાએ ઠોકેલી હોય તે જગ્યાની ખીલી નાલ કહાડયા પછી ધ્યાનથી તપાસવી. જો ખીલી ખુંચવા પછી તરતજ બહાર કહાડી હશે તો કદાચ તે તદન સુકી જણાશે, પણ જો તે ખુંચવા પછી થોડો વખત રહીને બહાર કહાડી હશે તો તે ભીણી જણાશે કે જે ભીણાશ અંદર ચહડેલા પાકને લીધે હોવો જોઈએ. જો ભીણાશ નહીં જણાશે તો ખીલીએ ખડીમાં પાડેલાં કાણાંની આસપાસની ખડી છરીએ ઓખવી કહાડતાં ત્યાં રાતો, બલુ, યા કાલો ડાઘ જણાશે. કેટલીકવેલા નાલ કહાડતાં ખુંચતી ખીલીથી પુડેલાં કાણાંમાંથી પરૂ વહેછે, જે ઉપરથી દરદની હાજરી વીશે કાંઈ પણ શક રહેતો નથી. જો ખીલીને ખુંચવાને લાંબો વખત નહીં થયો હશે તો ખડીની ઉપર હાથ મેલી જોતાં તે ગરમ લાગશે.

જો ખીલી ખુંચેલા ભાગમાંથી નીકલતું પરૂં કાલા રંગનું હશે તો દરદ જલદી સારૂં થશે. જો પરૂં પીલા યા રાતા પીલા ભેલ રંગનું હશે તો દરદ સારૂં થતાં વધારે વખત લાગશે. પણ જો એ રીતે નીકલતું પરૂં ગદલા રાતા રંગનું અને વાસ મારતું હોય તો જાણવું કે ખડીનું હાડકું જખમી થયું હશે અને તેમાં કોહોવાત લાગુ પડેલો હોવાથી દરદ ઘણુંજ ગંભીર રૂપ પકડશે.

ઉપાય—જો નાલ ખડીમાં હોય ત્યારેજ ખુંચતી ખીલીની જગ્યા નક્કી થઈ હોય તો તે ખુંચતી ખીલી સુધીનો ખડીનો ભાગ બહારથીજ કાપી કહાડવો. અગરજો નાલ

કહાડી નાખી હોય તો ખુંચતી ખીલીવાલાં કાણાંમાં એક તાર ખોસી તે તાર સુધીનો ખડીનો ભાગ બહારથીજ કાપી કહાડવો. એ પ્રમાણે જ્યાં દરદ હોય ત્યાં સુધી હેઠે જઈ પુગ્યા પછી ગરમ પાણીથી પગ સેકવા અને પછી પોલતીસ ચાલુ કરવી. આ પ્રમાણે થોડાક દીવસો સુધી પોલતીસ ચાલુ રાખવાથી સોજો નરમ પડી દુખારો દફે થઈ જશે. મોંસીઓ રે નામનો ફ્રેંચ ડાકટર ભલામણ કરે છે કે ખડી કાપ્યા પછી ગરમ પાણીથી સેક કરીને પોલતીસ કરવાને બદલે એક ગ્યાલન પાણીમાં એક રતલ મોરથુથુ પીગલાવી તે પાણીમાં તે પગની ખડી અરધો કલાક સુધી બોલી રાખવી, અને એ પ્રમાણે કેટલાક દહાડા સુધી ચાલુ રાખવું. આ એલાજ કરતાં જો જીવવાલો ભાગ સુજી આવે તો તેને કાસ્તીક લગાડવાની કાંઈ પણ જરૂર નથી, કારણ કે તે સોજો પોતાની મેલેજ નરમ પડશે.

અગરજો ખડીનું હાડકું ભાંગ્યું છે એમ માલમ પડે તો તે ભાગની ખડીની દેવાલ કાપી કહાડી ભાગેલાં હાડકાંના ટુકડા વગેરે મુવેલો ભાગ કહાડી નાખવો, અને પછી કારબોલીક તેલથી ભીંજવેલો સણનો ડુચો તેમાં દાબવો.

જો કોઠો કબજ હોય તો દોહડ પેંટ અલસીનું તેલ આપવું. જો તાવની નીશાની જણાય તો બે ડ્રામ સુરોખાર સહવાર સાંજ પાણીમાં મેલવી આપવો. જો દુખારો ઘણો હોય તો અરધી પેંટ પાણી સાથે બે આઊંસ લોદેનમ આપવું.

જો ખડી કાપી કહાડીને કોહોવાતની પેદાશને ખુલ્લો રસ્તો નહીં આપ્યો તો તેથી ખડીમાં નાસુરો પડશે અને કદાચ ખડીનું હાડકું કોહવાથી મરણ પણ નીપજશે.

આંટણ—ખડીનાં તલીઆંનું જોખમાવું—(Corns.)

ખડીનાં તલીઆં સાથે ખડીનું ત્રીકોણાકાર બેટકું જ્યાં મલેછે ત્યા બંન્ને બાજુએથી જે દબાએલા ખાંચા માલમ પડે છે તે ખાંચાની અને દેવાલની વચ્ચે જે ખુણું આવેલું છે તે ખુણાવાલો ભાગ વારંવાર જોખમાય છે, જે ભાગને આંટણની જગ્યા અને જે જખમને આંટણનાં નામથી ઓલખવામાં આવે છે. આ જખમ ખડીનાં તલીઆંનો શીંગડાંવાલો ભાગ પેદા કરનારાં જીવતાં પડમાં થાય છે, જે પડ ખડીનાં હાડકાંની નીચે ફરી વલેલું હોય છે.

નીશાની—આ દરદ ઘણું કરીને આગલા પગોમાંજ માલમ પડે છે અને પાછલ પગોમાં તો તે કવચીતજ જણાય છે. આગલા પગની અંદરની બાજુ તરફ જ્યાં આંટણની જગ્યા છે ત્યાં એક છરીથી ખડીને કાપતાં લોહી બંધાઈ ગયલું માલમ પડે છે. જો

આવી રીતે પડેલો ડાઘ વધારે ઊંડો નહીં હોય તો જાણવું કે આંટણ કાંઈ દમ જેવું નહીં હશે, અને જનાવર તેથી લંગડું નહીં જતું હશે. જો જીવવાલા ભાગ આગલજ જખમ માલમ પડે તો જાણવું કે આંટણ તરતનુંજ પડેલું હશે. જો કાપતાં કાપતાં ખડીનો થોડોક ભાગ સારો અને થોડોક જખમાએલો એમ વારા ફરતી નીકલે તો જાણવું કે જુદી જુદી વખતે અવાર નવાર આંટણ પડયાં હશે. જો ખડીની સપાટીથી તે છેક જીવવાલા ભાગ સુધી ખડીનો સઘલો ભાગ જખમાએલો માલમ પડે તો જાણવું કે આંટણ લાંબો વખતનું ચાલુજ રહ્યું હશે. જો જખમ વધારે જોરમાં લાગ્યો હશે તો આંટણની જગ્યાએ સોજો ચહડી તેમાંથી રસી ઝરશે શીંગડાંની સપાટી આગલ એકઠી થશે અને આસપાસની જગ્યાને પીલા રંગની બનાવશે. જો સોજો એ રીતે રસી ઝરવાથી આખેર થવાને બદલે પાકપર ચહડયો હશે તો ત્યાં પરૂ બંધાઈ ખડીના આસપાસના ભાગોમાં તે ઊંડું ને ઊંડું પેવશ થવા માંડશે અને આખરે સુમ ચક્રરની આગલ એક ગુમડાંના આકારમાં તે બહાર પડશે.

કારણ—સખત જમીન ઉપર ઝડપવાલી ચાલે દોડનારાં ઘોડાઓમાં આ દરદ ઘણુંજ સાધારણ છે, કારણ કે એવા ઘોડાઓના પગ જમીન ઉપર જોરમાં થપકાયાથી ખડીનાં હાડકાં અને ખડીનાં તલીઆંની વચે પેલું જીવવાલું પડ વારંવાર દબાયાથી તેમાં ચમટી આવ્યા કરેછે, અને તે ચમટીનાં પરીણામ તરીકે ત્યાં જખમ થાય છે. ઊંચી એડીની નાલથી, તેમજ નાલ મારતી વખતે આંટણની જગ્યા આગલના ખાંચા વધારે કાપી નાખવાથી, તેમજ આંટણવાલી જગ્યા વધારે ઓખવી કહાડવાથી, યા તો એડીઓ વધારે ઘસી નાખી આંટણની જગ્યા જમીન સાથે વધારે દબાય એમ રહેવા દીધાથી, યા તો અણીઆલા પથર યા એવીજ બીજી રસ્તામાં પડેલી વસ્તુઓ ઉપર જોરમાં પગ પડવાથી આ દરદ પેદા પડે છે. કેટલાક ઘોડાઓના પગ કુદરતીજ રીતે એવા બનેલા હોય છે કે જેથી તેમને આંટણ પડયા વગર રહેજ નહીં. જોઈએ તે કરતાં વધારે લાંબી મુદત સુધી નાલ બદલયા વીના રહેવા દીધાથી પણ આ દરદ થાય છે.

ઉપાય—પહેલાં નાલ કહાડી નાખી આંટણવાલી જગ્યાએથી ખડીનાં તલીઆંનો ભાગ ધીરે ધીરે કાપતા જવું, કે જેથી જો આંટણ પાકપર ચહડયું હોય તો માલમ પડી આવે. આવી રીતે તપાસ કરતાં અગત્ય હોય તે કરતાં વધારે શીંગડું કાપવાની કાંઈ પણ જરૂર નથી. અગરજો પાક ચહડેલો જણાય તો પરૂને ખુલ્લો રસ્તો આપવાને ઘટતાં ઊંડાણ સુધી ખડી કાપવી અને પછી બે ત્રણ દહાડા સુધી પોલતીસ ચાલુ રાખવી. આ પ્રમાણે પોલતીસ કરયા પછી એક ગ્યાલન પાણીમાં એક રતલ મોરથુથુ નાખી તે મોરથુથુનાં પાણીથી ભરેલાં વાસણમાં ખડી દરરોજ અરધો કલાક બોલી રાખવી. આ પ્રમાણે જરૂર જણાય તેમ થોડાક દીવસ સુધી મોરથુથુનું પાણી ચાલુ રાખવું. અગરજો આ એલાજથી ઘા જલદી રૂજાય નહીં, તો આંટણનાં ઠેઠ તલીઆં સુધી પહોંચી શકે એવું એક લોખંડ લઈ તે લાલચોલ તપાવી આંટણમાંના સઘલા દરદી ભાગને સારી પડે બાલી ના-

ખવો. જો આંટણમાંથી નીકલતું પરૂ ઘણુંજ ગંધ મારતું હોય તો જાણવું કે ખડીનું હાડકું અથવા એડીની આગલનાં કુમલાં હાડકાંમાં પાક ચહડયો હશે. જ્યારે એવું હોય છે ત્યારે મામલો ઘણો ગંભીર બને છે અને કોહતાં હાડકાંને વહાડકાપની મદદથી બહાર કહાડી દરદનો એલાજ કરવાની ફરજ પડે છે. આ વહાડકાપનું જોખમ ભરયું કામ એક સાધારણ માણસથી બનવું બહુજ મુશકેલ છે. અગરજો ખડીનાં ઊંડાણમાં પરૂ પેવસ થયું હોય અને તેથી ખડીમાં નાસુર પડી સુમ ચક્કર સુધી પાક ચહડી વલ્યો હોય તો ખડીનાં નાસુરનાં મથાલાં હેઠલ જણાવેલા એલાજો કરવા.

ઉપર જણાવ્યા પ્રમાણેના એલાજો સાથે નાલના સંબંધમાં ધ્યાન રાંખવું જોઈએ. આ દરદમાં પોણી નાલ મારવી જોઈએ, કે જેથી કરીને આંટણની જગ્યા ઊપર મુદલ દબાણ થાય નહીં, અને ત્યાં ધબકારા પણ લાગે નહીં. આવી પોણી નાલ એક બાજુથી ટુંકી હોવાને લીધે ખડીની એડી આગલથી આસરે બે ઈંચ દુર રહેછે અને તેથી આંટણવાલી જગ્યા ઊપર દબાણ થતું અટકે છે.

ખડીનું નાસુર—(Quittor.)

નીશાની—ખડીનું નાસુર સુમ ચક્કર આગલ એડી તરફથી અથવા ખડીની દેવાલની બાજુ તરફથી દેખાવ દે છે. પહેલાં સુમ ચક્કર ઉપર એક અણીઆલું ગુમડું નજર આવે છે કે જે ગુમડું હાથને ઘણું ગરમ લાગે છે, અને દાબતાં બહુજ દુખારો પેદા કરે છે. આ ગુમડું કેટલીક વેલા એટલો તો દુખારો પેદા કરેછે કે તે જનાવર ઘણુંજ લંગડાય છે. આ ગુમડાંને પાકતાં અને ફુટતાં ઘણો વખત લાગે છે. કોઈ વેલા તે ગુમડું પાકીને ફુટયા પછીજ આપણું ધ્યાન ખેંચે છે. આ ગુમડું કોઈ કોઈ વેલા ખડીનાં તલીઆં સુધી લંબાએલું હોય છે અને તેની સાથે કોઈ કોઈ વેલા એક, બે યા તેથી પણ વધારે પરૂથી ભરેલા ફાંટાઓ સંબંધ રાખે છે. કોઈ વેલા આ ગુમડું સુમ ચક્કર તરફથી પેદા પડી ખડીનાં તલીઆં તરફ લંબાએ છે અને કોઈ વેલા તલીઆં તરફથી સુમ ચક્કર તરફ લંબાએ છે. આ રીતે જે કોઈ બાજુ તરફથી દરદ શહરૂ થાય છે ત્યાંથી બીજી તરફ જતાં માર્ગમાં જ્યાં જ્યાં સહેલો રસ્તો મલે છે ત્યાં ત્યાં પરૂ પોતાનો માર્ગ કરતું જાય છે અને એક નદી વહેતાં વહેતાં કેવા જુદા ફાંટાઓ બને તેમ જુદા જુદા ફાંટાઓ બનેછે.

કારણ—બહારથી લાગતા જખમ એ આ દરદનું મુખ્ય કારણ છે. આ જખમ આગલા પગનાં સુમ ચક્કર ઉપર બીજો આગલો પગ ઠોકાવાથી થાય છે, અને તેથી સોજો ચહડી તે સોજાનાં પરીણામ તરીકે ગુમડું પેદા થાય છે. કોઈ વેલા આ જખમ એ રીતે

સુમ ચક્કર આગલથી શરૂ થવાને બદલે ખડીનાં તલીઆંમાંથી આંટણ, ખુંચાતી ખીલી વગેરે આકારમાં જનમ પામતાં દરદોમાંથી પેદા પડેછે અને તે જખમનાં પાક ઉપર ચડવાથી પેદા થયલાં પરૂને તલીઆંમાંથી બહાર નીકલવાને જ્યારે માર્ગ મલતો નથી ત્યારે તે રફતે રફતે ખડીની દેવાલની બાજુએથી ઉપર પોતાનો માર્ગ લે છે અને આખરે સુમ ચક્કર આગલ આવી પુગી ત્યાં ગુમડાંનો આકાર પકડે છે. જે જનાવરોના પગ જમીન ઉપર ઘણાં જોરથી ઠપકાય છે અને જેમના સામસામા યા આગલ પાછલના પગો એકેક સાથે વારંવાર ઠોકાય છે, તે જનાવરોમાં આ દરદ ઘણુંજ સાધારણ છે.

ઉપાય—નાલ કહાડી નાખી, ખડીનું તલીયું, જો જરૂર જણાય તો, થોડું થોડું કાપી કહાડી તપાસવું કે ત્યાં થએલા કોઈ જખમને લીધે દરદ થયું છે કે નહીં. જો ખડીનાં તલીઆંમાં જખમ જણાય તો તે જખમ આગલથી તલીઆંનો ભાગ વધારે ઊંડો કોતરી પરૂને બહાર નીકલી જવા માટેનો માર્ગ મોકલો કરી નાખવો. અગરજો સુમ ચક્કર આગલ ગુમડું ફુટવા અગાઉ માલમ પડી આવે તો તરતજ તે નસંતરથી ફોડી નાખી તેની આસપાસ એક હલકું જેવું બ્લીસ્તર મારવું. જો ગુમડું પોતાની મેલેજ ફુટી ગયલું હોય તો ગાજરની યા પાંઊંની પોલતીસ કરવી. અને સોજો નરમ પડયા પછી બ્લીસ્તર મારવું. પોલતીસ કરતી વખતે નાસુર ઉપર કાંઈ કપડું મેલવું કે જેથી નાસુરની અંદર પોલતીસનો માવો દાખલ નહીં થાય. નાસુરને સાફ રાખવાને અને જલદીથી રૂજ લાવવાને માટે તેમાં નીચે જણાવેલી મેલવણીની પીચકારી મારવી.

રસકપુર..	૨ ડ્રામ.
હાઇડરોક્લોરીક એસીડ............................	૩૦ ટીપાં.
પાણી..	૪ આઉંસ.

આ મેલવણીની પીચકારી દહાડામાં બે વખત મારવી, કે જેથી કોહોવાત આગલ વધતો અટકશે અને નાસુર જલદીથી રૂજાઈ જશે.

અગરજો ખડીનાં તલીઆંમાં જખમ નહીં હોય તો પણ નાસુરની નીચેથી ખડીનું તલીયું તથા દેવાલ એવી રીતે કાપવાં કે જેથી તે નાસુરનો સઘલો ભાગ ખુલ્લો થઈ પરૂને જવા સહેલો રસ્તો મલી આવે. આવી રીતે ખડીનો દરદી ભાગ કાપી કહાડી લાલ ચોલ તપાવેલાં લોખંડથી કરીને તે ભાગ બાલી નાખવો. થોડા દીવસમાં બલેલો પોપડો છુટો પડી નીચેથી તનદરોસ્ત ભાગ દેખાવા માંડશે, જે ધીરે ધીરે રૂજ આવી જશે.

જો ખડીનાં નાસુરને ચાલવા દીધું તો પછી ખડીનું હાડકું તથા તેની પછવાડેનાં કુમલાં હાડકાંઓ પણ દરદી બની જશે અને પછી એ દરદ ઘણુંજ ગંભીર રૂપ પકડશે. આવા મામલામાં એક ડાકટરની હાજરી અગત્યની છે. તે સઘલા દરદી ભાગને સફાઈથી કાપી કહાડી સંભાલથી ડહામ દેશે, જેનાં પરીણામ તરીકે દરદ સારૂં થશે.

કુમલાં હાડકાંઓનું કઠણ થઈ જવું.

(Side-bones or Ossification of the Lateral Cartilages.)

ખડીનાં હાડકાંની પછવાડેથી બંન્ને બાજુઓ ઉપર તે હાડકાંઓની પાંખ ગોયા પાછલ લંબાતી હોય તેમ ખડીની એડી સુધી બંન્ને બાજુએ બે કુમલાં હાડકાંઓ આવેલાં છે. આ કુમલાં હાડકાંઓને લીધે પગની હીલચાલ ઘણીજ સફાઈથી થાય છે અને તે સફાઈ આ કુમલાં હાડકાંઓના સ્થીતીસ્થાપક ગુણને લીધે છે. આ બંન્ને કુમલાં હાડકાં ખડીની એડી દાબી જોતાં તુરતજ કમાનની માફક દબાઈને ઉછલતાં માલમ પડશે.

નીશાની—ખડીની એડીના ઉપલા ભાગ ઉપર આપણો અંગુઠો તથા સુમની દેવાલના પાછલા ભાગ ઉપર આંગલાંઓ મેલી દાબતાં તનદરોસ્ત હાલતમાં જે કુમલાં હાડકાંઓ કમાનની માફક દબાઈ પાછાં ઉછલતાં માલમ પડે છે તે કુમલાં હાડકાંઓ હવે વધુ વખત એવો સ્થીતીસ્થાપક ગુણ ધરાવતાં નહીં હોવાથી તેઓ હવે કઠણ હાડકાં જેવાં જડ થઈ ગયલાં લાગે છે. જો દરદ તરતનુંજ થયલું હોય છે તો આ હાડકાંઓ એટલાં જડ થઈ ગયલાં હોતાં નથી, પણ તેઓ સુજેલાં, ગરમ અને દાબતાં દુખાય એવાં હોય છે. કેટલીક વેલા આ હાડકાંઓનો સઉથી આગલો ભાગ નક્કર થઈ જાય છે, જ્યારે કોઈ તેને ભુલથી ચક્કર હારડી તરીકે ગણે એ બનવા જોગ છે. પણ ચક્કરહારડીનું દરદ તે ખુદ પાંયખડનાં હાડકાં સાથે સંબંધ રાખતું હોવાથી અને આ કુમલાં હાડકાંનો કઠણ થયલો ભાગ તો પાંયખડનાં હાડકાંથી ઘણો છુટો અને વેગલો હોવાથી બંન્ને જુદાં જુદાં દરદો સેહજ વધારે ચોકસાઈ રાખતાં તરતજ પરખાઈ આવે તેવાં છે. આ દરદથી જો ઘોડો લંગડાય છે તો નાવહારડીનાં દરદમાં જેમ તે અંગુઠાપર ચાલેછે તેમ એ દરદમાં પણ તે અંગુઠા ઉપરજ ચાલે છે. પણ જરા ચોકસાઈથી તપાસતાં માલમ પડશે કે નાવહારડીના દરદમાં જે ઝડપથી તે પગ જમીન ઉપરથી પાછો ઊંચકે છે તેજ ઝડપથી આ દરદમાં તે પગ ઊંચકતો નથી. કોઈ કોઈ વખત એકજ બાજુનું હાડકું જડ થઈ જવાથી દરદી બાજુને આરામ આપવાની મતલબથી તે દરદી પગ તનદરોસ્ત બાજુએ વધારે વાંકો થઈ જશે.

કારણ—ઘણું કરીને આ દરદ ભારબરદારી જનાવરોમાં અને વલી તેમના આગલા પગોમાંજ માલમ પડેછે. ભારબરદારી જનાવરોનો બાંધો જાતે ઘણો ભારી હોવાથી તેમના પગ વધારે જોરથી જમીન ઉપર પડે છે, અને જમીન ઉપર આગલા પગોજ મુખ્ય કરીને થપકાતા હોવાથી તેઓમાં આ દરદ વધારે સાધારણ છે.

ઉપાય—જો બુઢાં ભારબરદારી જનાવરોમાં આ દરદ હોય અને તે જનાવરો ચાલમાં લઠડતાં નહીં હોય તો તેમને માટે દરકાર કરવાની કાંઈ જરૂર નથી. પણ જો એક શોભાયમાન ગાડીના ઘોડામાં યા સવારીના ઘોડામાં આ દરદ લાગુ પડયું હોય તો તેની

ચાલ ઘણીજ એબીએબ માલમ પડે છે. જો દરદ તરતનું લાગુ પડયું હોય તો સેક કરવા અને જનાવરને થોડાક દીવસો સુધી આરામ આપવો. એ દરદ જેમ જલદી આગલ વધે તેમ સારૂં કે જેથી લંગડાપણું નીકલી જાય. આ મતલબથી સુમ ચક્કર ઉપર બ્લીસ્તર મારવું યા ડહામ દેવા. જો લંગડાપણું ઘણુંજ હોય તો ખડીના ગ્નાનતંતુ કાપવા.

બેરહરડી—(Splints.)

ધુંટણની નીચે આવેલાં મોટાં નલાવાલાં હાડકાં અને તેની આસપાસનાં બે નહાનાં હાડકાંઓની વચ્ચે તેમજ તેમની સપાટી ઉપર જે હાડકાંરૂપી ઠરો બંધાય છે તેને બેરહરડીનાં નામથી ઓલખવામાં આવે છે.

નીશાની—ધુંટણની નીચલી બાજુએ જ્યાં નલાવાલું હાડકું શહરૂ થાયછે ત્યાં એક બાજુએ અંગુઠો અને બીજી બાજુએ આંગલાં મેલી તે પગ એ રીતે પકડવો અને પછી ધીરજથી આંગલાં અને અંગુઠો નીચે સેરવતાં જવું. નલાવાલાં હાડકાંની આસપાસનાં નહાનાં હાડકાંના નીચલા છેડા જ્યાં દાણાના આકારમાં આખર થાય છે ત્યાં સુધી એ રીતે તપાસ કરવી. જો બેરહરડી હશે તો તરતજ તે આંગલાં યા અંગુઠાને નડશે. કોઈ વેલા એકજ બાજુએ "સાદી" બેરહરડી ધુંટણથી ઘણી દુર હશે અને તેથી કોઈ પણ રીતે તે જનાવર લંગડાતું માલમ પડશે નહીં. કોઈ વેલા અંદરની અને બહારની એ પ્રમાણે બંન્ને બાજુએ બેરહરડી માલમ પડશે, જે બંન્ને બેરહરડીઓ નલાવાલાં હાડકાંની પાછલી બાજુએથી જોડાઈ ગયલી હોય છે. આવી રીતે "જોડાઈ ગયલી" બેરહરડી મોડે યા વહેલે તે જનાવરની હીલચાલમાં ભારે હરકત કરશે. કોઈ વેલા બેરહરડી છેક ધુંટણની નજદીક માલમ પડશે. કોઈ વેલા એકની ઉપરજ બીજી એ પ્રમાણે બેવડી બેરહરડી માલમ પડશે. આ બેવડી બેરહરડીથી સખત લંગડાપણું લાગુ પડશે. કેટલીક વખતે મોટા નલાવાલાં હાડકાં સાથે તેની આસપાસનાં નહાનાં હાડકાં તેમજ તેની સાથે ધુંટણનાં હાડકાંઓ પણ જોડાઈ ગયલાં માલમ પડશે.

અગરજો જનાવર ઘણું જવાન હશે તો હાડકાંનો ઠરો એ રીતે પેદા પડવા અગાઊ ઘણુંજ સખત લંગડાપણું લાગુ પડશે. આવી વેલા જનાવરની ઉમર ધ્યાનમાં લઈ બેરહરડીની જગ્યાએ ઘણીજ ચોકસાઈથી તપાસ કરવી. જો એમ તપાસ કરતાં બેરહરડીની જગ્યાએ સહેજ પણ ગરમી જણાય તો જાણવું કે બેરહરડી બંધાતી હશે. આવી રીતે છુપી પેદા પડતી બેરહરડીથી લાગુ પડતું લંગડાપણું તે જનાવરને દોડાવી જોતાં ઘણુંજ જાહેર જણાશે, તેનું ધુંટણ છુટથી વાલવાને તે જનાવર અચકશે, અને જેમ જેમ તે જ-

નાવરને વધારે દોડાવવામાં આવશે તેમ તેમ તે વધારે ને વધારે લંગડાતું જણાશે. આંટણનું લંગડાંપણું પણ એ રીતે કસરત કરતાં વધારે ને વધારે વધતું જશે, પણ ખડીનું તલીયું તપાસવાથી આંટણ હશે તો તરતજ માલમ પડશે. ઘણીકવેલા આવી છુપી રીતે પેદા પડતી એરહરડીનાં લંગડાંપણાંને નાવહારડીનું લંગડાપણું સમજી જવાન જનાવરોને રદ કરવામાં આવેછે, પણ જો એટલું યાદ રાખ્યું હોય કે નાવહારડીના લંગડાપણાંમાં વધારે કસરત કરતાં દરદ નાબુદ થઈ જાય છે તથા નાવહારડીનું દરદ જવાન જનાવરોમાં ક્વચીતજ લાગુ પડે છે, તો આ ભુલ કદી પણ થાય નહીં.

કારણ—સખત જમીન ઉપર કામ કરતાં પગને લાગતા ધબકારા આ દરદનું મુખ્ય કારણ છે. બીજા પગની લાત લાગવાથી પણ આ દરદ પેદા થાય છે. જવાન જનાવરો જેમનાં હાડકાંઓમાં લોહીનું જોશ ઘણુંજ હોય છે, તે જનાવરોના પગ આવી રીતે થપકાતાં તે હાડકાંઓમાં જલદીથી સોજો ચહડી આવે છે અને તે સોજાનાં પરીણામ તરીકે વધારે હાડકાંરૂપી પદાર્થ બહાર પડી એરહરડીને જનમ આપે છે.

ઉપાય—જો તરતની એરહરડી શરૂ થઈ હશે તો આએ નીચે જણાવેલા ઉપાએથી બેસી જશેઃ—મુશી જાતની માછલીનો એક ટુકડો ચીરી તે એરહરડી પર દહાડામાં બે વાર તાજો બાંધવો, જેથી એરહરડી ઝરી નીકલી જશે. અગરજો નહીંજ નીકલે તો તે એરહરડી ડહામવી.

જો એરહરડી હાજર હોવા છતાં તે જનાવરની હીલચાલમાં કાંઈ ખલલ નહીં થતી હોય તો વાજબી રીત એજ છે કે તેને તેના માર્ગસર રહેવા દેવી, તે જનાવરને હલકા અને ઝાડો ખુલ્લો રાખે એવા ખોરાક ઉપર રાખવું અને તે જનાવરને નરમ જમીન ઉપર ધીમી ચાલે ચલાવવું.

જો સહેજ લંગડાપણું હોય તો એક જોલાબ આપી તે જનાવરના પગને સેક કરવો તથા પુરતો આરામ આપવો. જો આ એલાજોથી ફાએદો નહીં જણાય તો એક ડ્રામ બીનઆયોદાઈદ આવ મરકયુરીને એક આઊંસ સાદા મલમ સાથે મેલવી તે મલમ એરહરડીવાલી જગ્યાએ સારી પઠે રગડવો. આ પ્રમાણે કીધાથી બ્લીસ્તર ઉઠશે અને હાડકાંનો ઠરો ચુસાઈ જશે. જો જનાવરને લાંબો વખત સુધી આરામ આપવાની મરજી નહીં હોય તો પહેલાંથીજ બ્લીસ્તર મારવું કે જેથી જલદી નીકાલ આવી જશે.

જો લંગડાપણું ઘણુંજ જાલેમ હોય તો કાંઈ પણ વખત ખોહયા વીના હાડકાંની ઉપરનું પડ જેને હરડી પડનાં નામથી ઓલખવામાં આવે છે તે કાપવાની ક્રીયા કરવી. આ ક્રીયા વીશે આ ચોપડીના પાછલાં ભાગમાં વહાડકાપનાં મથાલાં હેઠલ વરણવવામાં આવશે. જો એરહરડી છેક ઘુંટણ આગલ હોય તો આવી જાતનું વહાડકાપ કરવુંજ નહીં.

નલીનો સોજો—(Sore-Shins.)

નીશાની—ઘુંટણની નીચેનાં યા પાછલા પગની મોટી ઘુંટીની નીચેનાં મોઢાં નલાવાલાં હાડકાંઓની સપાટીના નીચલા ભાગમાં એરહરડીની માફક હાડકાંનો ઠરો બંધાએલો માલમ પડશે. આ ઠરો નલાનો સોજો લાંબો વખત સુધી આવ્યા પછીજ માલમ પડે છે. નલાનો સોજો જ્યારે શરૂ થાય છે, ત્યારે પહેલવહેલી નીશાની એ જણાશે કે જનાવરની ચાલ ટુંકી થઈ જશે. નરમ જમીન ઉપર ચાલતાં તે સાધારણ લંબાઈનાંજ પગલાં ભરશે, પણ સખત જમીન ઉપર ચાલતાં તેનાં પગલાં ઘણાંજ ટુકાં પડશે. જો તે જનાવરને જોરમાં દોડાવ્યું તો તરતજ તે લહડી પડશે અને ત્યાર પછી ધીમી ચાલે ચાલતાં પણ તે ખોડાતું જણાશે. પાંયખડના સાંધાની ઉપર અને તેની આસપાસ સોજો ચહડેલો જણાશે, જે દાબી જોતાં પહેલવહેલાં સહેલાઈથી દબાય. તેવો અને પાણીથી ભરેલા પોપચાની માફક હાથને લાગશે. ત્યાર પછી તે પાણીથી પલાલેલા આટાના લોંદા જેવો લાગશે અને દાબતાં તેમાં ખાડા પડશે. આ પ્રમાણેની હાલતમાં થોડોક વખત રહયા પછી તે છેલ્લે કઠણ બની જશે. પહેલી હાલત હારડી પડનાં કઠણ થવાને લીધે અને તેની નીચે ઝરવી એકઠી થએલી રસીને લીધે હોય છે. બીજી હાલત ચામડીની નીચે આવેલાં જાલી જેવાં પડમાં રસી ઝરવાને લીધે અને ત્યાં તે બંધાઈ જવાને લીધે બને છે. ત્રીજી હાલત એ રીતે ઝરેલી રસી હાડકાંનું રૂપ પકડે છે તેને લીધે હોય છે. પહેલી હાલતમાં સોજો દાબતાં ઘણોજ દુખારો પેદા કરેછે, તે જનાવર પગલાં ટુકાં ટુકાં ભરેછે, તથા પોતાના પગોને અવારનવાર વાલી નાખી તેમને આસાએશ આપે છે. એ ઉપરાંત સહેજસાજ તાવ પણ હાજર હોય છે.

કારણ—એરહરડીનાંજ કારણોથી આ દરદ પણ જનમ પામે છે; ફરક માત્ર એટલોજ છે કે આ દરદ ઘણું કરીને શરતના ઘોડાઓમાંજ માલમ પડે છે.

ઉપાય—એરહરડીના જે ઉપાયો છે તેજ ઉપાયો આ દરદમાં પણ લાગુ પડે છે; યાદ રાખવું કે આ દરદના જો તરતજ ઉપાયો નથી કીધા તો મામલો બહુ ગંભીર થઈ પડી કદાચ જનાવરનો જીવ પણ લેશે.

ચક્કર હરડી—(Ringbone.)

મોટાં પાંયખડનાં હાડકાં ઉપર, નહાનાં પાંયખડનાં હાડકાં ઉપર અને ખડીનાં હાડકાં ઉપર જે હાડકાંનો ઠરો બંધાય છે તે ઘણું કરીને પાંયખડના સાંધાઓની ચોપાસ ફરતો હોવાથી તેને ચક્કર હરડીનાં નામથી ઓલખવામાં આવે છે.

નીશાની—પાંયખડનાં હાડકાંઓમાં સોજો ચહડતો હોવાથી પાંયખડનાં હાડકાંઓ ઉપર હાથ ફેરવતાં તેઓ ગરમ લાગશે અને પાંયખડના સાંધાઓ મરડી જોતાં જનાવરને દુખ થતું જણાશે. જો જનાવરને ચલાવવામાં આવશે તો લંગડું ચાલશે અને તેમ લંગડાતાં ખડીની એડીઓ ઉપર તે ચાલતું જણાશે. સુમની તાપ, ચકરાવલ વગેરે દરદોમાં પણ ઘોડો આ પ્રમાણે એડી ઉપરજ ચાલેછે, પણ તે દરદોની બીજી નીશાનીઓ ધ્યાનમાં લેતાં આ દરદ તરત પરખાઈ આવે છે. દાખલા તરીકે સુમની તાપમાં અંગુઠા આગલ ભારે જોરમાં દુખારો હોય છે, જ્યારે આ દરદમાં તેમ હોતું નથી. સુમની તાપમાં સુમ તદન ગરમ હોય છે, જ્યારે આ દરદમાં સુમ તદન ઠંડી હોય છે, અને જો ગરમી હોય છે તો તે સુમની ઉપર આવેલા પાંયખડના ભાગમાં હોય છે.

જો દરદ લાંબો વખત ચાલ્યું હોય છે તો રફતે રફતે આ નીશાનીઓ દુર થતી જઈ પાંયખડનાં હાડકાંઓ ઉપર હાડકાંનો ઠરો બંધાતો માલમ પડે છે અને ધીરે ધીરે તે ઠરો હાડકાંની આગલી તરફથી હાડકાંની બાજુઓ તરફ વધી રફતે રફતે ચોપાસ ફરી વલે છે. આ હાડકાંનો ઠરો જ્યારે પાંયખડના સાંધા આગલ હોય છે ત્યારે તે ઘણું નુકસાન કરતો નથી, પણ જ્યારે તે સુમ ચક્કરની આસપાસ અને તેની નીચે બંધાય છે ત્યારે તે ઘણુંજ ગંભીર રૂપ પકડે છે. ઘણું કરીને આ દરદ પાછલા પગોમાં વધારે સાધારણ છે.

કારણ—ખડીના અંગુઠા ઉપર ચાલુ જોશબંધ ધબકારાઓ થયા કરવાથી આ દરદ જનમ પામે છે. એજ કારણને લીધે પાછલા પગોમાં આ દરદ વધારે સાધારણ છે. પાછલા પગોના અંગુઠા આગલ હંમેશાં વધારે બોજો પડે છે અને તેથીજ ત્યાં વધારે ધબકારા લાગી આ દરદને જનમ આપે છે. જ્યારે બીજાં કોઈ દરદને લીધે ઘોડો કોઈ પગના અંગુઠા ઉપર ચાલે છે ત્યારે પણ આ દરદ તે પગમાં લાગુ પડેછે તેનું કારણ પણ એજ છે. આ દરદ માબાપથી પણ ઓધે ઉતરતું આવે છે.

ઉપાય—આ દરદમાં વખત ખોયા વગર એકદમ ડહામ દેવાની રીત ઘણીજ પસંદ કરવા જોગ છે, કારણ કે તેમ કરવાથી વધારે હાડકાંનો ઠરો બંધાતો અટકે છે, જેથી સાંધાઓની હીલચાલમાં ખલલ થવાનો સંભવ રહેતો નથી અને વલી દરદ વધતું અટકવા સાથે જે ઠરો બંધાયો હોય છે તે પણ ચુસાઈ જાય છે. ડહામ મજબુત ઊંડા દેવા જોઈએ છે. ડહામ દેવા પછી તેની અસર દુર થાય એટલે એક હલકું બ્લીસ્તર મારવું અને તે બ્લીસ્તરની અસર પુરી થાય એટલે પાછું બીજું બ્લીસ્તર મારવું. એ રીતના ચાંપતા ઉપાયો લેવાથી ચક્કર હારડી તરતજ દફે થશે. જો આ દરદમાં ઢીલ કીધી તો પછી પાંયખડના અને ખડીના સાંધાઓની હીલચાલમાં ભારે ખલલ થશે અને તે સાંધા રદ થઈ જશે. જો લાંબા વખતની ચક્કર હરડીને લીધે લંગડાપણું લાગુ પડયું હોય તો ખડીના જ્ઞાનતંતુ કાપવા.

મોતરા—હાડમોતરા—ગુપ્ત મોતરા.

(Spavins—Bone-Spavin—Occult-Spavin.)

પાછલા પગની મોટી ઘુંટીનો અથવા "હોક"નો સાંધો બનાવવાને માટે આપણે આગલ જોઈ ગયા તેમ ઘણાં હાડકાંઓ કામે લાગે છે, જેમાં ૭ હાડકાંઓ નહાનાં હાડકાંના વર્ગમાં મેલાઈ શકાય તેવાં છે. આ નહાનાં હાડકાંઓની વચ્ચે વલી ચીકાશવાલી ગાદીઓ ગોઠવાએલી છે અને એક હાડકાંને બીજાં સાથે જોડવાને તેમજ એકથી વધુ હાડકાંની હારોને સાથે જોડી નાખવાને વલી કેટલાક ચીકાશવાલા પટાઓ છે; મોટી ઘુંટીનો સાંધો આ પ્રમાણે બનેલો છે. ટેટાંનાં મોટાં હાડકાંની નીચે એક કપ્પી જેવું ગોલ હાડકું છે, જેની પાસે એક લાંબું હાડકું છે, જે હાડકું ઘુંટીના સાંધાની પછવાડે આપણને મોટી ઘુંટીના આકારમાં અણીદાર ઉપસી આવેલું જણાય છે. એ કપ્પી–હાડ અને મોટી ઘુંટીવાલાં હાડકાંઓની નીચે બીજાં ચાર નહાનાં હાડકાંઓ ગોઠવાએલાં છે અને તે ચારે હાડકાં પાછલા પગનાં મોટા નલાવાલાં હાડકાંની ઉપર તેમજ તેની પાસેનાં બે નહાનાં હાડકાંઓની ઉપર ગોઠવાએલાં છે. એ પ્રમાણેની ગુંચવણ ભરેલી પણ ઘણીજ સીફત ભરેલી કારીગરીથી આ અગત્યનો મોટી ઘુંટીનો સાંધો બનેલો છે. કુદરતી હાલતમાં જ્યારે ઘુંટીની અંદરની બાજુ તપાસી હોય છે ત્યારે ઉપરથી તેનો દેખાવ પહોલો હોય છે અને નીચે આવતાં આવતાં રફતે રફતે ઘણીજ સફાઈથી તે સાંકડો થતો માલમ પડેછે. પણ જ્યારે ઘુંટીની અંદરની બાજુના સાંધાઓમાંનાં નહાનાં હાડકાંમાં સોજો ચહડે છે, ત્યારે એ સફાઈદાર ઢલાણમાં ખલલ થઈ ત્યાં કાંઈક ટેકડો નીકલી આવેલો માલમ પડેછે. આ ટેકડાને મોતરાનાં નામથી ઓલખવામાં આવે છે.

જ્યારે હાડકાંના સોજાને લીધેજ ઘુંટીના સાંધાની અંદરની બાજુએ એ પ્રમાણે ટેકડા નીકલી આવેછે, ત્યારે તે ખરા મોતરા તરીકે ગણાય છે અને તેને હાડમોતરાનાં નામથી ઓલખવામાં આવે છે. પણ એજ બાજુએ આવેલી એક ચીકાશવાલી ગાદી કોઈ વેલા સુજી આવે છે અને તેથી એજ પ્રમાણે ટેકડો દેખાય છે. આવી સુજેલી ગાદીને જલમોતરા (Bog Spavin) નાં નામથી ઓલખવામાં આવે છે. વલી એજ બાજુએ એક કાલી નેસ પસાર થાયછે, જે નેસ પણ કોઈ વેલા ફુલી આવી મોટી થાય છે અને ટેકડાનો દેખાવ આપે છે. આવી રીતે ફુલેલી નેસને રક્ત મોતરા (Blood Spavin) નાં નામથી ઓલખવામાં આવે છે. આપણને ત્યાં જે દરદ વીશે વીચાર કરવો છે તે હાડમોતરા વીશેજ છે.

નીશાની—ઘુંટીની અંદરની બાજુએ સફાઈદાર ઢલાણને બદલે એક નહાનો યા મોટો ટેકડો જણાય છે. ઘુંટીની અંદરની બાજુ બરોબર તપાસવાને માટે જે તરફની ઘુંટી તપાસવી હોય તે તરફના આગલા પગની બાજુએથી ઉભા રહીને તેમ તપાસવું જોઈએ, અને તેમ કરતાં બંન્ને ઘુંટીઓની અંદરની બાજુને અકેક સાથે સરખાવી, સહેજ પણ ફ-

રક હોય તો ધ્યાનમાં લેવો જોઈએ. જો ટેકડો બરોબર નહીં જણાતો હોય તો જમણી બાજુની ઘુંટી આગલ જઈ તે ડાબા હાથની આંગલી ફેરવી તપાસી જોવી અને ડાબી બાજુની ઘુંટી આગલ જઈ જમણા હાથની આંગલીથી તપાસી જોવી. આ પ્રમાણે તપાસતાં મોતરાની જગ્યા આગલ જો કાંઈ પણ કઠણ ખભરાત જણાય તો તે મોતરો હોવો જોઈએ. યાદ રાખવું કે આ દરદ પારખવામાં આંખ અને હાથનું મુખ્ય કામ છે અને તેટલા માટે તનદરોસ્ત તેમજ દરદી ઘુંટી તપાસવાની ટેવ હોવી જોઈએ છે. મોતરાની જગ્યા પ્રમાણે વધારે યા ઓછું લંગડાપણું માલમ પડેછે. મોતરાના લંગડાપણાંમાં ઘુંટીનો સાંધો વાલતાં વાલતાં તે જનાવર અચકી જાય છે, કારણ કે તેમ કરતાં સુજેલાં હાડકાં ઉપર દબાણ થઇ ભારે દુખાવો થાય છે. આવી રીતે ઘુંટી વાલયા વગર જમીનપરથી તેને પાછી ઊંચકી લેતાં ગોયા તે જનાવરના પાછલા પગમાં ચમક થઈ હોય એવું જણાય છે. જ્યારે એક દીવસે જનાવરને ઘણું કામ કરાવ્યા પછી આખી રાત આસાએશ આપી હોય છે અને પછી બીજે દહાડે તે જનાવરને પહેલવહેલું બહાર કહાડી દોડાવ્યું હોય છે, ત્યારે આ જાતનું લંગડાપણું ઘણીજ ખુલ્લી રીતે માલમ પડે છે. આ જાતનું લંગડાપણું વધારે કસરત કરતાં નરમ પડી જતું હોવાથી પહેલાજ બે ચાર ફેરાઓમાં તે તપાસી લેવાની જરૂર છે. દર ફેરો પાછો ખવાડતાં જો એક ફેરે તે જનાવરને ડાબી બાજુએ ફેરવ્યું હોય તો બીજે ફેરે જમણી બાજુએ ફેરવવું કે જેથી કયા પગે તે લંગડું છે તે બરોબર માલમ પડી આવશે. એમ કરતાં જે પગ વીશે આપણને શક હોય તે પગને જમીન ઉપરથી ઊંચો કરી એક બે પલ સુધી એ પ્રમાણે ઊંચોજ પકડી રાખી પછી જમીન ઉપર પાછો મુકી દેવો. આ પ્રમાણે કરવા પછી જો તે જનાવરને દોડાવવામાં આવશે, તો જે પગે મોતરો હશે તે પગે તે ઘણુંજ લંગડાતું ચાલશે. જો ઘુંટીની અંદરની બાજુએ સહેજ ઉપરથી અને આગલી તરફથી મોતરો હશે તો તે જનાવર ઘણુંજ લંગડાશે, કારણ કે ઘુંટીનો સાંધો વલતાં તે મોતરો ભારે દરદ પેદા કરશે.

જો મોતરાનું દરદ લાંબા વખતનું હશે અને લંગડાપણાંને લીધે તે પગની હીલચાલમાં ઘણો અટકાવ થઈ ગયો હશે તો તે પગના માંસના લોચાઓ કસરતની ગેરહાજરીમાં ઘણા કંતાઈ ગયલા જણાશે. જ્યારે લંગડાપણું ઘણુંજ સખત હોય છે ત્યારે પગ નહીં વલાય એવી મતલબથી તે જનાવર જમીન ઉપર આલોટવાનું માંડી વાલશે, અને તેથી તેની તનદરોસ્તીને ઘણું નુંકસાન થશે.

ઘણી વખત એમ બને છે કે મોતરાની જગ્યાએ કાંઈ પણ ટેકડો જણાયા વગર મોતરાના જેવુંજ લંગડાપણું વગેરે નીશાનીઓ હાજર હોય છે. આવી રીતે જ્યારે મોતરાની સઘલી નીશાનીઓ છતાં મોતરાનો સોજો ગુપ્ત રહેછે ત્યારે તે દરદને ગુપ્ત મોતરા (Occult Spavin) નાં નામથી ઓલખવામાં આવે છે. આ ગુપ્ત મોતરાનાં દરદમાં હાડકાંમાં સોજો ચહડયા પછી તે હાડકાંની સાંધા સાથે સંબંધ રાખનારી સપાટીઓ ઉપર લંબાય છે, અને ત્યાં તે સોજાનાં પરીણામ તરીકે રસી ઝરવી હાડકું બંધાવાને બ-

દલે ચાંદી પેદા પડેછે, જે ચાંદીથી ધીરે ધીરે હાડકાંઓ ખવાઈ જવા માંડે છે. આ ચાંદીવાલી સપાટીઓ ઘુંટી વલતાં અકેક સાથ ઘસાતી હોવાથી ભારે દુખ ભરેલું લંગડાપણું પેદા કરેછે. હાડમોતરો અને ગુપ્ત મોતરો એ બંન્ને દરદ એકજ છે, પણ ફરક માત્ર તેમનાં પરીણામમાં છે. બંન્ને દરદમાં હાડકાંનો સોજો પહેલાં ચહડે છે, પણ હાડમોતરામાં તે સોજાથી ઢરો બંધાય છે, જ્યારે ગુપ્ત મોતરામાં તેથી ચાંદી પડી હાડકાં ખવાઈ જાયછે.

કારણ—લશકરી ઘોડાઓમાં, ટટી કુદાવવાની શરત માટે વપડાતા ઘોડાઓમાં, ઊંચી એડીવાલી નાલ સાથના ઘોડાઓમાં, ઢલાણ ઉપર કામ કરનારાં ભારબરદારી જનાવરોમાં, અને ચોકસ જાતના બાંધાઓવાલી ઘુંટી ધરાવનારા ઘોડાઓમાં ઘુંટીની ઉપરજ સઘલો ભાર આવી પડતો હોવાથી, તે ચાલુ ધમકારાને સબબે ઘુંટીના સાંધામાં દાખલ થતાં નહાનાં હાડકાંઓમાં સોજો ચહડે છે. મોતરાનું દરદ માબાપથી પણ ઓઘે ઉતરે છે. જ્યારે ઘુંટીનાં નહાનાં હાડકાં સંપુરણ રીતે ખાલેલાં નથી હોતાં ત્યારે તેમની ઉપર જોઈએ તે કરતાં વધારે ધબકારા થવાથી પણ આ દરદ જનમ પામે છે.

ઉપાય—આ દરદમાં જેવું લંગડાપણું માલમ પડયું યા આ દરદની જેવી બીજી નીશાનીઓ જણાઈ કે તરતજ તેના ચાંપતા ઉપાયો લેવા. પંહેલવહેલાં એલીઆનો એક જોલાબ આપવો. જનાવરને તદન આરામ આપવો. ઊંચી એડી સાથની નાલ મારવી, અને મોતરાની જગ્યાએ ગરમ પાણીના સેક ચાલુ કરવા. જો આ સહેલ એલાજોથી દરદ નહીં જાય તો પછી બ્લીસ્તર મારવું અથવા ડહામ દેવા અથવા સોજો પેદા કરે એવી દવાઈથી ભરેલી પટી મોતરાવાલા ભાગની અંદર ખોસવી.

આ દરદમાં અણીઆલાં લોખંડથી ડહામ દેવામાં ઘણો ફાએદો છે. આ કામને માટે ચોરસબાજી રમવાનાં સોટકાં જેવું જે લોખંડ આવે છે તે લોખંડ વાપડવું. આ જાતનાં લોખંડથી મોતરાની ઉપર જુદી જુદી જગ્યાએ ત્રણ ચાર ડહામ દેવા. આવી રીતે ડહામ દેવાથી, ડહામ સુકાયા પછી ચામડીમાં કાંઈ પણ ખાંપણ જણાવાની નથી. સીધી લીટીઓના ડહામ દેવામાં કાંઈ ખોટું નથી, પણ એ રીતે ડહામ દેવાથી બહારની ચાંમડી ઉપર એબ રહી જાય છે. જો એ રીતે ડહામ દેવાજ પડે તો તે જનાવરને જમીન ઉપર નાખીને નહીં પણ ઉભુંજ રાખીને ડહામ દેવા, તથા ઘુંટીના આગલા ભાગ ઉપર ડહામ દેવા નહીં, કારણ કે જ્યારે તે જનાવર પાછું કામ કરવા માંડશે ત્યારે તે ઘુંટીનો સાંધો વલતાં ડહામ દીધેલી ચામડીમાં ઘણાજ એબલગામણા ચીરા પડશે.

જોખમાએલું–છુંદાએલું ઘુંટણ—(Broken Knees.)

નીશાની—આ દરદ ઘણું કરીને અકસ્માતથી બનતું હોવાથી અકસ્માતની ખાસીએત ઉપર તેની નીશાનીઓનો મોટો આધાર રહે છે. કોઇ વેલા અકસ્માત એટલો તો નીરજીવ હોય છે કે ઘુંટણ ઉપરના થોડાક બાલ ખરીનેજ રહી જાય છે. કેટલીક વેલા તેથી સહેજ વધારે હોયછે તો બહારની ચામડીજ ઓખવાઈને રહેછે. જો અકસ્માત વધારે જોરમાં થાય છે તો ચામડી છોલાઈ જવા ઉપરાંત તેની નીચે આવેલો પગ લંબાવનારો માંસનો તંતુ પણ છુંદાય છે અને તેથી પણ વધારે જોરમાં થતા અકસ્માતથી એ તંતુની અને તેની પાછલ આવેલાં હાડકાંની વચે ગોઠવાએલી ચીકાશવાલી ગાદી ફાટી સાંધો ઊંધાડો પડે છે. કેટલીક વેલા ઘુંટણનો સાંધો બનાવનારાં હાડકાંઓ પણ ચુરાઇ જાય છે. કોઈ કોઈ વખત પડવા પછી તે જનાવુર થોડેક દુર સુધી ઘસડાવાને લીધે ઘુંટણની ચામડી ઘણે દુર સુધી ઉખડી જઈ તે કોઠલી માફક ઝુલાઈ પડેછે, અને તે કોઠલીમાં ધુલ વગેરે કચરો ભરાઈ બેસે છે.

કારણ—અલબત્તે આ દરદ અકસ્માતનુંજ પરીણામ છે, અને ઘણીક વેલા તો આ અકસ્માત હાંકનારની બેદરકારીનુંજ પરીણામ હોય છે.

ઉપાય—ભાગેલાં ઘુંટણના ઉપાયો કરતી વખતે એક બાબદ હંમેશાં મજબુત ધ્યાનમાં રાખવી અને તે એ કે, જેમ બને તેમ પાછલથી ખોડ યા ખાંપણ નહીં જણાય તેની સાવચેતી રાખવી અને ઘુંટણનો સાંધો ઊંધાડો નહીં પડે તેની સંભાલ લેવી. જો ઘુંટણ સહેજ છોલાએલું હોય તો તેની ઉપર લાગેલી ધુલ વગેરે પાણીથી ધોઈ નાખી તે સુકાઈ જાય એટલે ઉપર કારબોલીક તેલનો એક હાથ લગાડવા શીવાય બીજું વધારે કાંઈ પણ કરવું નહી. જો ચામડી વધારે છોલાઈ હોય અને તે ઘા જલદી રૂઝ નહીં આવશે એવું લાગતું હોય, તો તંકણખારના મેદા જેવા ભુકાને મધ સાથે યાં ગ્લાસરીન સાથે મેલવી દઈ તે મેલવણી દહાડામાં બે વખત તે ભાગ ઉપર લગાડવીં. જો ઘુંટણ વાલવાથી તે જખમાએલાં ઘુંટણને વધારે નુકસાન થશે એવું માલમ પડે, તો તે જનાવરને કાંઈ પણ જાતની હીલચાલ કરતાં અટકાવવું અને તેને ઝોલીમાં ટાંગવું. જો એવી રીતે જખમ ઘણો જોખમ ભરેલો માલમ પડે તો ઘુંટણ ઉપર એક બ્લીસ્તર મારવાથી ઘણા ફાએદા થશે. એક તો બ્લીસ્તરથી કરીને છુંદાએલા ભાગમાંનો દુખારો દુર થશે. બીજું તો તે સાંધાની હીલચાલ થતી અટકી પડશે, ત્રીજું તો જખમની નીચેથી રૂઝ લાવનારા દાણાઓ જલદીથી ફુટી નીકલશે અને બ્લીસ્તરને લીધે તે જોખમાએલા ભાગની આસપાસ સોજો ચહડવાથી જખમી થએલી ચામડીના સામસામા છેડાઓ અકેકની વધારે અડોઅડ આવ્યાથી જલદી રૂઝ આવીં જવાનો ઘણો સંભવ રહેશે. એક જનાવરના સાંધાઓમાં હીલચાલ થતી અટકાવવાને બ્લીસ્તરના જેવો અકસીર એલાજ બીજો કોઈજ નથી અને ભાંગેલાં ઘુંટણમાં તેની ખુબી તરતજ માલમ પડી આવે છે. આ બ્લીસ્તર

જખમની નીચે તથા જખમની બંન્ને બાજુઓએ લગાડવું અને ધુંટણના પાછલા ભાગમાં લગાડવું. જખમને બ્લીસ્તરવાલી મેલવણી મુદલ લાગે નહીં તેની ખુબ સાવચેતી રાખવી અને જખમના ઉપલા ભાગ ઉપર તે મેલવણી મુદલ લગાડવી નહીં, કારણ કે તેમ કરતાં કદાચ તે ઝરીને જખમવાલા ભાગ ઉપર લાગશે. આટલી સંભાલ રાખી મારેલું બ્લીસ્તર ઘણો ફાએદો કરશે એમાં કાંઈ પણ શક નથી. એક બ્લીસ્તરની અસર નરમ પડી કે તરત બીજું બ્લીસ્તર મારવું.

જો છુંદાએલા ભાગમાં કાંઈ સફેદ માંસ જેવું દેખાય તો તેટલો ભાગ કાતરે કાપી કહાડવો અને જો તે ભાગમાં પાક ચહડશે એવું જણાય તો એક આઊંસ પાણીમાં ચાલીશ ગ્રેન કલોરાઈડ આવ ઝીનક પીગલાવી તે પાણીથી જખમને દહાડામાં માત્ર એકવાર ઘોવો, અને ત્યાર પછી અરધો કલાક રહી તેની ઉપર કારબોલીક તેલ લગાડવું. જો જખમમાંથી રસી ઝરફે તો તેનો પોપડો બંધાવા દેવો, કે જેથી તે જખમને જલદી રૂઝાવવાને ફાવે.

છુંદાએલાં ધુંટણમાં શું નહીં કરવું તે હંમેશાં યાદ રાખવું. કોઈ પણ મજબુત કારણ વગર પાણી લગાડવું નહીં, સેક કરવા નહીં, પોલતીસ કરવી નહીં, ફોકટમાં જખમને ચુંથવો નહીં, પાતલી સલી વગેરે જખમમાં ખોસવું નહીં અને જો ખોસવાની જરૂર પડે તો બહુજ સંભાલથી તેમ કરવું અને તે સલીને વધારે ઊંડાણમાં જોરથી પેવસ કરવી નહીં, પાટાઓ બાંધવા નહીં, જખમવાલો ભાગ સુજીને રાતો થાય તો કાસ્તીક લગાડવી નહીં, ધુંટણનો સાંધો વાલવા દેવો નહીં, જનાવરને જમીન ઉપર સુવા દેવું નહીં, જખમી થએલી ચામડીના સામસામા છેડાઓને તારથી સીવી લેવા નહીં.

ઊપલી સઘલી વાત ધ્યાનમાં રાખી કામ લેવાથી કદી પણ સહેજ જોખમાએલાં ધુંટણમાં એબ રહેશે નહીં.

જો ધુંટણના આગલા ભાગમાંનો માસતંતુ છુંદાયો હશે તો કદાચ સાંધો ઊઘાડો પડશે અને જનાવરનો જીવ જોખમમાં આવશે. જો સાંધો નહીં ઊઘાડો પડશે તો પણ તે તંતુનો છુંદાયલો ભાગ કોહીને નીકલી જવાથી ધુંટણનો સાંધો જડ થઈ જશે. જો ધુંટણનું એક હાડકું ભાંગી ગયું હશે તો પછી સુધારાની આશા ઘણીજ થોડી રાખવી. જો ધુંટણની ચામડી છોલાઈ જઈ કોઠલી બની રહી હોય, તો તે કોઠલી છેક નીચલા ભાગમાંથી ફાડી ધુલ વગેરે કચરાને કહાડી નાખવો. જો જખમવાલા ભાગનાં માંસમાં સોજો ચહડી તે લાલ થયું હોય તો સોજો તદન નરમ પડયા પછી તે બેસી જશે અને ત્યાર પછી જો જખમ જલદી નહીં રૂઝ આવે તો નાઈટ્રેત આવ સીલવરની લાકડી લગાડવી. જો અકસ્માત જોરમાં થયો હોય તો પેહેલાં એક જોલાબ આપવો અને પછી ઝાડો ખુલ્લો રહે એવો હલકોજ ખોરાક આપવો. જ્યાં સુધી જખમ તદન રૂઝાય નહીં ત્યાં સુધી સઘલી હીલચાલ બંધ રાખવી અને ત્યાર પછી બાલ વધારવાને માટે કેરોસીન તેલ લગાડવું:

જખમથી ઊઘાડો પડેલો સાંધો—(Open Joint.)

જો કોઈ પણ જાતના અકસ્માતથી ઘુંટણનો યા મોટી ઘુંટીનો સાંધો ઊઘાડો પડે છે તો તે જનાવરનો જીવ જોખમમાં આવી પડે છે અને જો તે જીવવા પામ્યું તો તે દરદની અસરથી તે સાંધાઓ એવા તો જડ બની જાય છે કે તેવા સાંધાઓ સાથે તે જનાવર કાંઈ પણ હીલચાલ કરી શકતું નથી.

નીશાની—જખમાએલા ભાગમાંથી ચીકાશવાલી રસી ઝરફે છે. આ રસી કદાચ ખુદ સાંધામાંથી નહીં તો સાંધાની આસપાસ આવેલી ચીકાશવાલી એકુ ગાદીમાંથી નીકલતી હોય છે. આ રસી રફતે રફતે વધુ ને વધુ દરદી બનતી જાય છે અને આખરે તે રસી, પરૂ અને લોહીથી ભરેલી તથા દુર્ગંધીથી ભરેલી નીકલવા માંડે છે. જો રૂપાંની સલી તે રસીને લાગતાં તે સલી કાલી થતી હોય તો જાણવું કે સડેલાં હાડકાંમાંથી તે રસી નીકલતી હોવી જોઈએ: બે ત્રણ દીવસ ગયા પછી જોરમાં તાવ ચહડી આવે છે અને તે તાવ જોડે સાંધામાં ભારે સોજો ચહડી અતીશય દુખારો થઈ આવે છે; આવી રીતે સોજો ચહડયા પછી તે જનાવર ઘણુંજ રીબે છે.અને આખરે રીબી રીબીને તે મહોતને આધીન થાય છે. જો આ પ્રમાણે રીબ્યા પછી તે જનાવર જીવવા પામે છે તો પછી સોજાનાં પરીણામ તરીકે ઝરફેલી રસી સાંધાઓની વચે બંધાઈ જઈ હાડકાંનું રૂપ પકડે છે અને તેથી હાડકાંઓ એકેક સાથે જોડાઈ જઈ સાંધો જડ થઈ જાય છે.

કારણ—લાત વાગયાથી, પડી જવાથી અને બીજા અકસ્માતોથી આ પ્રમાણે સાંધો ઊઘાડો પડે છે. સાંધાની સખત ઈજાઓમાં જો બેદરકારીથી તે સાંધામાં સલી વગેરે હથીઆર ફેરવવામાં આવે છે તો તેથી પણ સાંધો વધારે જખમી થઈ ઊઘાડો પડે છે. આ દરદ ઘણુંજ ગંભીર રૂપ પકડે છે તેનું કારણ એ કે, બહારની હવા અંદર દાખલ થઈ પોતાની સંગાતે દરદથી ભરેલાં ઝેરી બીઆંઓ અંદર દાખલ કરે છે.

ઉપાય—પહેલવહેલાં નીચલી મેલવણીની પીચકારી જખમમાં મારી તે ધોઈ કાહડવો.

કારબોલીક એસીડ	૧	ભાગ.
ગલીસરીન	૪	,,
પાણી	૪૦	,,

આ મેલવણીને જખમમાં મારવા પછી કારબોલીક એસીડનાં પાણીમાં બોલેલું ધાનું કપડું તે જખમ ઉપર મેલી તેનાં ત્રણ ચાર પડ કરવાં અને પછી કારબોલીક તેલમાં બોલેલું ખાદીનું કપડું બાંધી લેવું. જો પરૂથી કરીને તે જખમ ઉપર બાંધેલા પાટા ભીંજાઈ જાય તો તરતજ તે પાટા બદલી નાખી નવા પાટા બાંધવા. આ પ્રમાણે તે જખમ ઉપર મલમપટો કીધા પછી એક જોલાબ આપી કોઠો ખુલ્લો કરવો. અને પછી સોજો નરમ પડે ત્યાં સુધી તે જનાવરને હલકા ખોરાક ઉપરજ રાખવું. જો દુખારો ઘણો હોય

તો બે બ્રાઉંસ લોદેનમ અરધી પેંટ પાણી સાથે મેલવીને પાવું, અને જો તેમ છતાં તે જનાવરને કરાર નહીં થાય તો ચાર કલાક પછી તેજ મેલ્લવણીનો બીજો ભાગ આપવો. જો તાવ ઘણીજ જોરમાં ચહડી હોય તો ફ્લેમીંગનું તીંકચર આવ એકોનાઈત અરધી પેંટ પાણી સાથે મેલવી આપવું અને જો તાવ નહીં નરમ પડે તો ચાર કલાક પછી તે-જ મેલવણી પાછી આપવી. જો બની શકે તો તે જનાવરને ઝોલીમાં ટાંગવું, કે જેથી તેના પગને કરાર મલે. જો દરદની શહરૂઆતમાં દરદના સબબે તે જનાવરનો જીવ ધ્રુજતો હોય અને તેનું બદન પાણી પાણી થઈ જતું હોય તો નીચલી મેલવણી આપવી.

એરેમેતીક સ્પીરીતસ આવ એમોનીઆ...........	૧ આઉંસ.
સ્વીત સ્પીરીતસ આવ નાઈતર....................	૧ ,,
પાણી..	૧ પેંટ.

આ મેલવણી જો જરૂર પડે તો ચાર ચાર કલાકે આપ્યા કરવી.

પાંચ ફુક્કા—(Wind-Galls.)

મોટાં પાંયખડના સાંધાની આગલ અથવા નહાની ઘુંટી આગલ પાણીથી ભરેલા પોપચાઓ નજરે આવે છે, જે પોપચાઓને પાંચ ફુક્કાનાં નામથી ઓલખવામાં આવે છે; જે ચીકાશવાલી ગાદીઓ પાંયખડના સાંધાની આસપાસ ગોઠવાએલી છે તે ગાદીઓ ઘણાં કામને સબબે વધારે ચીકાશથી ભરાઈ જાય છે, જે ભરાએલા દેખાવને લીધે નહાની ઘુંટીની આસપાસ ફુક્કાઓ ભરાએલા હોય એવો દેખાવ લાગે છે.

નીશાની—મોટા પાંયખડનો સાંધો અથવા નહાની ઘુંટીનો સાંધો નહાના યા મોટા એક, બે યા વધારે ફુક્કા જેવા સોજાથી ભરેલો જણાય છે. આ ફુક્કાઓ ઉપર હાથ મેલતાં જો તેઓ તદન નરમ જણાય અને ઠંડા લાગે તો તેઓ કોઈ પણ રીતે જનાવરની હીલચાલને નુકસાન કરશે નહીં, પણ જો તે ફુક્કાઓ દાબતાં કઠણ જણાય અને હાથને ગરમ લાગે તો જાણવું કે તેઓમાં સોજો ચહડયો હશે, જે સોજો લંગડાપણું પેદા કરશે. જો આવી રીતે સોજો ચહડયા પછી તે જનાવરને આરામ આપ્યો હોય છે તો તે આરામના સબબે લંગડાપણું થોડો વખત નાબુદ થાય છે ખરૂં, પણ તે જનાવરને પાછું કામે લગાડતાં તે નક્કી લંગડાવાનું.

કારણ—જનાવરનાં બદનમાં કોઈ બીજા સબબોથી નબલાઈ દાખલ થવા પછી જો તેની સોડે તેની શક્તિ ઉપરાંત કામ લીધું હોય ત્યારે અથવા તો જનાવર પુરતું શક્તીવાલું હોવા છતાં તેની સોડે હદબહારનું કામ લીધું હોય, ત્યારે આ દરદ લાગુ પડયા વીના રહેતું નથી.

ઉપાય—અગરજો ફુક્કા ગરમ અને કઠણ હોય તો ગરમ પાણીના સેક કરવા. જનાવરને પુરતો આરામ આપવો. પહેલાં એક હલકો જેવો જોલાબ આપી પછી ઝાડો ખુલ્લો રહે એવા ખોરાક ઉપરજ તે જનાવરને રાખવું. જો તે જનાવર પોતાના પગની એડી ઊંચી રાખવાની કોશેશ કરતું હોય તો તેના પગને ઊંચી એડીની નાલ મારવી. સોજો ઉતરી ગયા પછી પાટા અને રૂની ગાદીઓથી તે ભાગ ઉપર ચાલુ દબાણ કરવું. જો ફુક્કા પહેલાંથીજ ઠંડા માલમ પડે તો ગાદીઓ અને પાટાનાં દબાણથીજ શરૂઆત કરવી. જો ફુક્કા ઠંડા છતાં ઘણા કઠણ માલમ પડે તો તેવી વેલા ટીંકચર આયોદીન થોડાક દીવસ સુધી લગાડવાથી તેઓમાં બંધાઈ ગયલી રસી ચુસાઈ જશે અને પગ પાછો અસલ જેવો દેખાવ આપશે. આ દરદમાં બ્લીસ્તર મારવાથી કાંઈ પણ ફાયદો થતો નથી, કારણ કે જનાવર પાછું કામ કરતું થયું કે બ્લીસ્તરને લીધે બેસી ગયલા ફુક્કા પાછા ભરાયા વીના રહેવાના નથી.

જલ મોતરા—(Bog-Spavin.)

મોટી ઘુંટીનો સાંધો બનાવવામાં દાખલ થતાં ટેટાંનાં હાડકાં અને કપ્પીરોકાં હાડકાંની વચ્ચે જે ચીકાશવાલી ગાદી ગોઠવાએલી છે તે ગાદીના ફુલવાથી જે દરદ જનમ પામે છે તેને જલ મોતરાનાં નામથી ઓલખવામાં આવે છે.

નીશાની—હાડ મોતરાની જગ્યાની સહેજ ઉપરથી ફુક્કાના આકારમાં કાંઈક સોજો દેખાવ દે છે, જે હાથે તપાસતાં કઠણ અને ગરમ લાગે છે, યા તો નરમ અને ઠંડો માલમ પડેછે. પહેલી હાલતમાં તે ગંભીર રૂપ પકડે છે, જ્યારે બીજી હાલતમાં તેની હાજરી કાંઈ જીવ જેવી જણાતી નથી.

કારણ—સાંધાનાં બાંધામાં કાંઈ ખામી હોવાને લીધે યા તો નહાની વયમાંથી તે જનાવર સોડે તેની શકતી ઉપરાંતનું કામ લેવાથી, યા નબલાઈમાં હદ બહારનું કામ કરાવવાથી, આ દરદ લાગુ પડે છે. કોઈ વેલા આ દરદ સંધીવાનાં દરદમાંથી જનમ પામે છે, અને કોઈ વેલા તે માત પીતાથીજ બોધે ઉતરે છે.

ઉપાય—પાંચફુક્કાને માટે આપેલા એલાજો આ દરદમાં પણ અજમાવવા.

આરપાર ફુક્કા—(Thorough-pin.)

પાછલા પગની મોટી ઘુંટી અથવા 'હોક'ના સાંધાની ઉપર અને પછવાડેથી જે મજબુત દોરડું જણાય છે તે દોરડું ઘુંટીની ઉપરથી પસાર થાય છે. આ દોરડું બે માંસતંતુઓનું બનેલું છે, જેમાંનો એક તંતફાટેલ તંતુનો છે અને બીજો તંતુ ટેટાંના સળથી પાછલના માંસના મોટા લોચાનો તંતુ છે. આ બંન્ને તંતુઓની પાસેથી તંતફોડક તંતુ ઘુંટીનાં હાડકાંની બાજુમાંથી પસાર થાય છે, જેમ પસાર થતાં તે ઘુંટીનાં હાડકાંની બાજુએ આવેલી એક ગઢેરમાં સસરતો હોવાથી ત્યાં કુદરતના કાયદા પ્રમાણે તે તંતુની આસપાસ ચીકાશવાલી નલી મુકેલી છે. આ નલી જ્યારે ચીકાશથી વધારે ભરાઈ ફુલી જાય છે, ત્યારે પેલાં ઘુંટીની ઊપરનાં દોરડાંની અને તંતફોડક તંતુની વચ્ચે ઘુસી જાય છે, અને તે દોરડાંની બાજુએ ફુક્કાનોં દેખાવ આપે છે. આ ફુક્કાને જ્યારે જમણી બાજુએથી દાબવામાં આવે છે ત્યારે તે પેલાં દોરડાંની ડાબી બાજુએ ઉપસી નીકલે છે અને ડાબી બાજુએથી દાબતાં જમણી બાજુએ ઉપસી નીકલે છે. આ પ્રમાણે તે વારાફરતી બંન્ને બાજુએ આરપાર ફુટી નીકલવાની ખુબી ધરાવતો હોવાથી આ ફુક્કાને આરપાર 'ફુક્કાનાં નામથી ઓલખવામાં આવેછે.

નીશાની—પાછલા પગની મોટી ઘુંટીની ઉપરથી પસાર થતાં દોરડાંની બાજુએ ફુક્કા જણાય છે, જે ફુક્કાને એક બાજુએથી દાબતાં તે બીજી બાજુએ ફુટી નીકલે છે.

કારણ—બીજા ફુક્કાઓ જે કારણથી જનમ પામે છે તેજ કારણથી આ ફુક્કા પણ જનમ પામે છે.

ઉપાય—પાંચ ફુક્કાનેમાટે આપેલા એલાજો ત્યાં પણ અજમાવવા.

તોપાલી કોણી—(Capped Elbow.)

નીશાની—કોણીની અણી આગલ ફુક્કા જેવો સોજો માલમ પડેછે અને કોણીની અણી ઉપર ગોયા તોપી પહેરાવી હોય એવો દેખાવ થતો હોવાથી એ દરદને તોપાલી કોણીનાં નામથી ઓલખવામાં આવે છે. આ દરદથી કવચીતજ લંગડાપણું લાગુ પડે છે.

કારણ—જનાવર જ્યારે જમીન ઉપર આલોટેલું હોય છે ત્યારે નાલની એડી કોણીની અણીપર દબાણ કરતી હોવાથી આ દરદ જનમ પામે છે.

ઉપાય—જેવું દરદ દેખાવ દે કે નાલ કહાડી નાખી એવી ટુંકી નાલ મારો કે જે એડીથી ઘણે દુર રહે. જો આ પ્રમાણે ટુંકી નાલ મારશો તો નાલને નરમ પાટાઓમાં

વીંટાળવાની યા તો જનાવરને સુવા નહીં દેવાની મતલબથી, તેનું માથું ઊંચે બાંધી રાખવાની કઢંગી ફરજ પડશે નહીં. પછી થોડાક દીવસો સુધી ગરમ પાણીના સેક ચાલુ રાખો, અને સેક કરવા પછી દરરોજ લીનીમેનત આવ એમોનીઆ તે ફુક્કા ઉપર રગડી રગડીને લગાડવો. આ પ્રમાણે તે તેલ રગડવા પછવાડે રોજ લાંબો વખત લેવો. ચાલુ દબાણથી કરીને અને ઘસારાથી કરીને આ તેલની અસર એવી ઉમદા થશે કે તે ફુક્કો વખરાઈ જશે. જો આ સહેલ એલાજોથી દરદ સારૂં નહીં થાય તો પછી બ્લીસ્તરની ભુકી ભભરાવેલી કપડાંની પટી તે ફુક્કામાં પેવસ કરી દશ દીવસ સુધી રાખવી. અગરજો તે તોપી કઠણ અને માંસના લોંદા જેવી જણાય તો તે તોપી કાપી કહાડવામાં કાંઈ અડચણ નડવાની નથી. જો આ પ્રમાણે તોપી કાપી કહાડવી હોય તો એક ધારદાર નહાની વહાડકાપની છરીથી તેની ઉપર ઊભો કાપ મેલવો અને પછી માંસનો લોંદો અંદરથી કાપી કહાડવો. આ પ્રમાણે કાપી કહાડી, પછી કારબોલીક એસીડ ભેલેલાં પાણીથી તે ખાલી પડેલી ચામડીની કોઠલી અંદરથી ધોઈને સાફ કરવી અને પછી કારબોલીક તેલમાં પચપચાવેલો સણનો કુચો તેમાં ખોસવો. જ્યાં સુધી ઘા રૂજ આવે ત્યાં સુધી રોજ એ પ્રમાણે સાફ કરી સણ ખોસયા કરવો.

તોપાલી ઘુંટી—(Capped Hock.)

નીશાની—પાછલા પગની મોટી ઘુંટી અથવા 'હોક'ની અણી ઉપર ફુક્કા જેવો સોજો માલમ પડે છે, જે ફુક્કો ઘુંટી ઉપર તોપી પહેડાવી હોય તેવો દેખાવ આપતો હોવાથી આ દરદને તોપાલી ઘુંટીનાં નામથી ઓલખવામાં આવે છે. આ તોપી તંતફાટેલના તંતુ અને ચામડીની વચે હોય છે.

કારણ—તટી કુદાવતાં યા ગાડીની અંદર તોફાન કરતાં જો પાછલા પગો કોઈ સખત ચીજો સાથે અઠડયા હોય તો ઘણું કરીને તેમ કરતાં ઘુંટી ઉપરજ ફટકા લાગ્યા કરતા હોવાથી આ દરદ જનમ પામે છે.

ઉપાય—તોપાલી કોણીનાં દરદ માટે ફરમાવેલા સેક, તેલ, અને બ્લીસ્તરની પટી એટલા ઉપાયો આ દરદમાં પણ અજમાવવા.

ચામડીનાં દરદો.

ફાટેલી એડી—(Cracked Heels.

આપણે આગલ જોઈ ગયા છઈએ કે ચામડીને સુંવાલી રાખવાને કાજે ચામડીની હેઠલ, બહુજ સુક્ષ્મીક ચીકાશ પેદા કરનારી ગાંઠો મુકેલી છે, જે ગાંઠોની અક્કી જોડી દરેક બાલનાં મુલ આગલ ગોઠવાએલી છે. એ ઉપરાંત જ્યાં બાલ નથી હોતા ત્યાં પણ આ ગાંઠો મોટા જથામાં ગોઠવાએલી છે અને ખસુસ કરીને જ્યાં વલતા સાંધાઓ હોય છે ત્યાં આ ગાંઠો પોતાનો ચાલુ ચીકાશ કહાડયા કરી ચામડીને નરમ અને સુંવાલી રાખ્યાજ કરે છે. આ કારણને લીધે તેવી જગ્યાઓમાં આ ગાંઠો બીજા ભાગો કરતાં વધારે મોટી સંખ્યામાં ગોઠવાએલી હોય છે. જો કોઈ પણ કારણથી આ ગાંઠોનો ચીકાશ નીકલતો બંધ પડે છે, તો ચામડી સુકી થઈ જઈ પોતાનું નરમ કુમાશ અને સુંવાલાપણું ખોહી દે છે અને તેનાં પરીણામ તરીકે, જેટલી વખત ચામડી વલે છે તેટલો વખત તે સુકી હોવાથી તતરીને ફાટયા કરે છે. તતરતી ચામડીથી કેવું દુખ થતું હશે તેનો અનુભવ જેમના હોઠની અને હાથની ચામડી વારંવાર ફાટતી હશે તેમને સારીપઠે હોવો જોઈએ. આવી રીતે જુદી જુદી જગ્યા જ્યારે ચામડી ફાટે છે ત્યારે તે જુદો જુદો દેખાવ આપે છે, પણ ખરૂં જોતાં દરદની જાત અને દરદનું મુલ તેમજ દરદના ઉપાયો ઘણા ખરા એકજ છે. આપણે છેલાં સઘલાં દરદો પગને લગતાં વરણવેલાં હોવાથી આપણે આવી રીતે ફાટતી ચામડી વીશે પણ પગની ચામડીથીજ શરૂ કરીશું અને તેમાં ફાટેલી એડીઓનું દરદ ઘણું સાધારણ હોવાથી તે દરદ વીશે આપણે પહેલાં વીચાર કરીશું.

નીશાની—પાંચખડના ખાડામાં પછવાડેથી ચામડી સુકી અને તતરતી માલમ પડે છે. જો દરદ તરતનું થયલું હોય છે તો હાથ લગાડતાં તે ચામડી ગરમ માલમ પડે છે. જો દરદ થોડાક દીવસોનું હોય છે તો ફાટેલી ચામડીમાંથી રસીનાં તીપાં નીકલતા જણાય છે અને કોઈ કોઈ ગમથી તો લોહી વટીક નીકલે છે. જો દરદ ઘણું જોરમાં હોય છે તો જનાવર લંગડાતું માલમ પડેછે.

કારણ—બહાર ફરી આવ્યા પછી ઘોડાના પગ પાણીથી ધોઈને જો લુછી નહીં નાખ્યા હોય તો પાણી પગ ઉપરજ સુકાઈને જે ઠંડક પેદા કરે છે તે ઠંડકને લીધે ચામડીની બારીક નેસો સંકોચાઈ જાય છે, જેથી ચામડી તરફ આવતું લોહી અટકી પડે છે. આવી રીતે ચામડી તરફ આવતું લોહી અટકી પડવાથી ચામડીની હેઠલની ગાંઠોને પોતાનું તેલ પેદા કરવાને જોઈતું લોહી નહીં મલવાથી તે ગાંઠોમાંથી જોઈએ એટલું તેલ નીકલતું નથી. ગાંઠોમાંથી જોઈએ એટલું તેલ નહીં નીકલવાથી ચામડી જોઈએ એટલી નરમ અને સુંવાલી થતી નથી અને તેનાં પરીણામ તરીકે ચામડી સુકી બની જઈને તતરવા માંડે છે. શરતના ઘોડા વગેરે જે જનાવરોને થોડા વખતમાં ઘણી કસરત કરવી પ-

ડેછે તેમની એડીની ચામડી પરસેવાથી ભીંગાઈને સુકાઈ જાય છે, જેથી એજ પ્રમાણે તેમની ચામડી પણ સુકાઈને તતરે છે.

આપણે આગલ જોઈ ગયા છઈએ કે આંતરડાં અને હોજરીનાં પડ સાથે મહોડાંની અંદરનું પડ સીધો સંબંધ રાખે છે અને મહોડાંનું પડ હોઠ આગલ આવી બહારની ચામડી સાથે સીધો સંબંધ રાખેછે. આ રીતે જોતાં ચામડીને અને હોજરી આંતરડાંનાં પડને આડકતરો સંબંધ છે અને તેજ કારણને લીધે જ્યારે અજીરણ થાય છે ત્યારે ચામડીનું દરદ પણ પેદા થાય છે. એડી ફાટવાનું દરદ પણ એ રીતે ચોકસ ખોરાકને લીધે થતાં અજીરણ ઊપર આધાર રાખતું માલમ પડયું છે, અને તે ખોરાક અટકાવતાંજ એ દરદ પણ નાબુદ થતું જણાયું છે.

ઉપાય—જો દરદવાલો ભાગ રાતો, અને ગરમીવાલો હોય તો તે જનાવરને આરામ આપી એક જોલાબ આપવો, અને તેના પગ ઉપર પોલતીસ કરવી. જ્યારે દરદવાલા ભાગમાંથી રેતાશ નાબુદ થાય અને સોજાની તીક્ષણ નીશાનીઓ નાબુદ થઈ તે ભાગ ઠંડો જણાય ત્યારે નીચે જણાવેલું તેલ લગાડવાનું શહેરૂ કરવું.

કોપરેલનું તેલ	૪ આઉંસ.
મીણ	૪ ,,
કપુર	૧ ,,
કારબોલીક એસીડ	૪ ડ્રામ.

આ તેલથી પગની ચામડી નરમ ને નરમ રાખવી. યા તો નીચલી મેલવણી વાપડવી.

શુગરલેડ	૧ આઉંસ.
ગલીસરીન	૮ ,,
રેકતીફાઈડ સ્પીરીટ	૪ ,,
પાણી	૧ બાટલી.

અથવા તો નીચલી મેલવણી લગાડવી.

વાસીલીન	૮ આઉંસ.
કપુર	૪ ડ્રામ.
કલાઈ સપેતો	૪ ,,

આ મેલવણીઓ, જો બનાવવાની કડાકુટમાં નહીં જવું હોય તો "ઓક્ષાઈદ આવ ઝીનક ઓઈનટમેનટ" સહેજ મીઠાં તેલ સાથે નરમ કરીને તે લગાડવો. જો ચામડીમાંથી ઘણી ખોલ નીકલતી હોય તો જાણવું કે ચામડી ઘણીજ નીરજીવ થઈ ગઈ હશે અને તે તરફ લોહીનો જોશ વધારવાની જરૂર છે. આ કારણને માટે નીચલી મેલવણી ઘણી અકસીર છે.

વાસીલીન	....	૮ આઉંસ.
કારબોલીક એસીડ	....	૪ ડ્રામ.
કપુર	....	૪ ,,

આ મેલવણીથી કરીને ચામડી સુંવાલી પણ થશે અને તે તરફ લોહીનો જોશ પણ વધશે, તથા ચામડીની ફાટો રૂઝાઈ જશે.

જો કોઈ જનાવરના પગ વારંવાર એ પ્રમાણે ફાટયાજ કરતા હોય તો જલદ કારબોલીક એસીડ પીછીથી કરીને તે ભાગ ઉપર લગાડવી. આ પ્રમાણે જલદ એસીડ લગાડવાથી તે ચામડીની તરફ લોહી ખેંચી લાવી ચામડીને ઘણીજ સહેલાઈથી પાછી તનદરોસ્ત હાલતમાં લાવી મેલશે. આ પ્રમાણે ચામડી સાફ થાય એટલે પછી ખાલી વાસીલીન લગાડવાનેજ ચાલુ રાખવું.

આ દરદ થતું અટકે એટલા માટે જે સંભાલ રાખવાની જરૂર છે તે એ છે કે, પગ પાણીથી કરીને ધોવાને બદલે પગ ઉપર ઠરેલો કાદવ કચરો સુકાવા દઈ પછી એક નરમ બ્રશથી સાફ કરી નાખો. જો પાણી વાપડવાની જરૂરજ પડે તો પાણીથી પગ ધોયા પછી તરતજ કપડાંથી લુછી તે કોરડા કરી નાખવા અને ખડી ઉપર મીઠાં તેલનો એક હાથ ફેરવવો. ઘોડાને તબેલામાંથી કામને અરથે બહાર કહાડતાં ખડી ઉપર તેલનો હાથ લગાડવાથી ખડી નરમની નરમ રહેશે. એડીની નીચેના બાલ કાપવામાં કાંઈ પણ ફાએદો નથી. તે બાલ એક કુદરતી રક્ષણ કરતા છે અને તેમની હાજરીથી કાદવ કચરો પગ ઉપર ઠરવાને બદલે પાછો જમીન ઉપર ઝટકાઈ પડે છે, માટે તેમને કહાડી નાખવામાં કાંઈ પણ ડહાપણ નથી. તબેલાની જમીન બનતાં સુધી સુક્કી અને સાફ રાખવી.

એડીનું ઝરતું ખરપસું—(Grease.)

નીશાની—ફાટેલી એડીની સઘલી નીશાનીઓ આ દરદમાં માલમ પડેછે, કારણ કે આ દરદ બીજું કાંઈજ નથી, પણ ફાટેલી એડીની દરકાર નહીં કરતાં તે દરદ સારવાર વગર ચાલવા દીધાથી તે આગલ વધીને આવું રૂપ પકડે છે. આ દરદમાં ફાટેલી એડીની નીશાનીઓ ઉપરાંત સોજો, ચાઠાંઓ, અને રસીથી ભરેલા દાણાઓ તેમજ રસીથી ઝરફતા ચીરાઓ માલમ પડેછે. પાંચખડના ખાડામાં ભારે સોજો ચહડેલો માલમ પડે છે અને તે ભાગ લાલ તેમજ ગરમ જણાય છે. ભારે દુખારાને લીધે અને દરદને લીધે લંગડાપણું પણ લાગુ પડે છે. આગલ ચાલતાં સોજાની સઘલી તીક્ષણ નીશાનીઓ નરમ પડી જાય છે, પણ સહુજાત તેમજ રસીનું ઝરફવું ચાલુજ રહે છે. આ રસી ઘણીજ

વાસ મારતી અને ચીકાશવાલી હોવાથી તે બાલોને એકેક સંગાતે ચીટકાવી મેલે છે. જ્યારે દરદ વધારે ખરાબ રૂપ પકડે છે ત્યારે તે ખરપસાંવાલા ભાગ ઉપર રાતા દાણાઓ ફુટી નીકલે છે.

કારણ—ફાટેલી એડીનાં દરદને બેદરકારપણે ચાલવા દીધાથી આ દરદ જનમ પામે છે. બેદરકાર શેઠ અને આલસુ તથા ફુવડ ઘોડાવાલાની બેવકુફાઈનું આ પરીણામ છે.

ઉપાય—ફાટેલી એડીમાં જણાવેલાજ ઉપાયો અજમાવો. એ બહારની દવાઈઓ ઉપરાંત તે જનાવરનો કોઠો હંમેશાં ખુલ્લો રાખવાની કોશેશ કરવી અને તેનું લોહી સુધારવાને માટે એક આઊંસ લાઈકર આરસેનીકેલીસને અરધી પેંટ પાણી સાથે મેલવી પંદર દીવસ સુધી રોજ આપવું. પછી વચમાં એક અઠવાડીઆનો ખાંચો નાખી પાછું ચાલુ કરવું.

કાદવ કીચલથી આવતી તાવ—(Mud-fever.)

ફાટેલી એડીનાં દરદના જેવુંજ દરદ જ્યારે આખા પગની ચામડી ઉપર થાયછે અને કોઈ કોઈ વખત પેટ ઉપર લંબાય છે ત્યારે તેને કાદવ કીચલથી આવતી તાવને નામે ઓલખવામાં આવે છે, કારણ કે એ દરદ કાદવ કીચલ બદનને લાગવાથી અને તે સાફ કરવાને માટે તે જનાવરનું આંગ ઠંડાં યા ગરમ પાણીએ ધોવાથી થાય છે. આ દરદમાં થોડી યા ઘણી તાવ હંમેશાં હાજર હોય છે. આ દરદની નીશાની, તેનાં કારણ, અને તેના ઉપાયો એ સઘલાં ફાટેલી ખડીમાં વરણવ્યા બરોબરજ છે, અને તેટલા માટે તે સઘલી બાબદ હ્યાં પાછી લંબાણથી વરણવવાની કાંઈજ જરૂર નથી.

સુકું ખરપસું—(Psoriasis.)

ઘોડાને સુકું ખરપસું ઘણું કરીને ઘુંટણના સાંધામાં અને પાછલા પગની મોટી ઘુંટીના સાંધામાં લાગુ પડે છે.

નીશાની—ઘુંટણના સાંધામાંની અથવા પાછલા પગની મોટી ઘુંટીના સાંધામાંની ચામડી તતરીને ફાટવા માંડે છે અને પછી ત્યાંથી બારીક ભીંગડાં નીકલવા માંડે છે. આસપાસની ચામડીમાં સોજો ચહડેલો માલમ પડે છે અને તે ભાગની ચામડી કઠણ થએલી હોય છે. જ્યારે ખરપસું આ રીતે પગ ઉપર થાય છે ત્યારે ઘુંટણનાં સુક્કાં ખરપસાં-

ને અંગ્રેજી ભાશામાં મેલેનડર્સ (Mallenders) અને મોટી ઘુંટીનાં ખરપસાંને સેલેનડરસ (Sallenders) નાં નામથી ઓલખવામાં આવે છે. પણ આ દરદ એ બે ભાગો ઉપરાંત ગરદન ઉપર, યાલની પછવાડે, પુછડીનાં થડમાં અને બદનના બીજા જુદા જુદા ભાગોમાં પણ માલમ પડે છે.

કારણ—સફાઈની ખામી એ આ દરદનું મુખ્ય કારણ છે, કારણ કે આ સાંધાઓમાં જે સંખ્યાબંધ પરસેવાની ગાંઠો છે અને જે ગાંઠોમાંથી એ સાંધાઓની ચામડી સુંવાલી તેમજ નરમ રાખવાને પરસેવાનો જે મોટો જથો નીકલ્યા કરે છે તે પરસેવા ઉપર ધુલની રજકણો ચીટકી પાતલી ચીકાશદાર મેલવણી બનાવે છે. આ ચીકણી મેલવણી ચામડીની ઊપરજ સુકાઈ જઈ પરસેવાનાં છીદ્રો પુરી નાખે છે અને એ રીતે તે ભાગમાંની ચામડીની તનદરોસ્ત હાલતમાં ખલલ થઈ તેમાં સોજો ચહડે છે. આ સોજો ધીમે ધીમે સુકાં ખરપસાંનું રૂપ પકડે છે.

ઉપાય—ફાટેલી એડીનાજ ઉપાયો આ દરદમાં પણ અજમાવવાં અને જનાવરની સાધારણ તનદરોસ્તી ઉપર મુખ્ય ધ્યાન આપવું. કોઠો હંમેશાં ખુલ્લોજ રાખવો અને લોહી સુધારવાને માટે એક આંઊસ લાઈકર આરસેનીકેલીસ દરરોજ આપવું. એ પ્રમાણે પંદર દીવસ ચલાવી વચમાં એક અઠવાડીઆંનો ખાંચો નાખવો અને પછી તેજ દવાઈ પાછી ચાલુ કરવી. વચમાં જે અઠવાડીઆંનો ખાંચો પડે તેમાં એક ડ્રામ તારતાર એમેતીક આપવામાં ફાએદો છે.

કીડ—ખુજલી—ખસ—(Mange.)

કીડ, ખુજલી, અથવા ખસ એ એક ચામડીનું દરદ છે, કે જે દરદ ચોકસ ઝીણા જીવડાઓની હાજરીથી પેદા પડે છે, પણ ચામડીનાં બીજાં પણ એવાં કેટલાંક દરદો છે, જેમાં જીવડાઓની હાજરી નહીં હોવા છતાં એવીજ જાતનું દરદ નજરે આવે છે, અને તે સઘલાં દરદોને કીડ, ખુજલી અથવા ખસને નામેજ ઓલખવામાં આવે છે. આ સઘલાં દરદો એક સાધારણ માણસની નજરે એકજ દરદ તરીકે દીસતાં હોવાથી અને તેમના ઉપાયો પણ ઘણાખરા એકજ હોવાથી આપણે તે સઘલાંને કીડ, ખુજલી અથવા ખસનાં સાધારણ નામથીજ વરણવીશું.

નીશાની—ચામડીનું કુમાશ ખરબચડું બની જાય છે અને બદન ઉપરના બાલ પોતાની સફાઈ ખોહી દે છે. જનાવર પોતે સારી તનદરોસ્તીમાં દીસતું નથી અને ઝુંક્યા કરતું જણાય છે. થોડે થોડે વારે તે પોતાની સુસ્તીમાંથી પાછું તતાર થઈ બદનને થાણ-

ના કટેરા સાથે, ભીંત સાથે કે એવીજ બીજી કઠણ વસ્તુ સાથે ઘસવા માંડે છે. ભારે ખુજવાત થતો હોવાથી તે ખુજવાતો ભાગ ઘસી નાખવાને તહરેવાર રીતે અછાડા પછાડા મારે છે, બાલને હાથ લગાડતાં તેમાંના કેટલાક હાથ લાગતાંજ ખરી પડે છે અને કેટલાક હાથ ફેરવતાંજ નીકલી આવે છે. બાલનાં મુલને તપાસી જોતાં તે તનદરોસ્ત બાલનાં મુલ જેવું નહીં પણ ખવાઈ ગયલું માલમ પડે છે. ચામડી તપાસતાં એવા બાલો આગલની ચામડીમાં બારીક બારીક દાણાઓ ઉપસી આવેલા જણાય છે, જે દાણાઓને હાથ લગાડતાં બારીક બાજરીના દાણા હોય તેવા માલમ પડેછે. આ દાણાઓ આગલની સપાટી વધારે બારીકીથી તપાસતાં તેમાંના કેટલાક દાણાઓ સાથે જોડાઈ ગયલા જણાય છે અને તેમની વચે રસીનો પોપડો બંધાએલો દેખાય છે, જે પોપડાની રસીમાં કેટલાક બાલો ચીટકી ગયલા હોય છે. આ પોપડા સુકાયા પછી ખરી પડેછે અને તેમની નીચેની ચામડી બોડી, ચીમરાએલી, સુકાઈ ગયલી અને ત્યાં ત્યાં રસીનાં ટીપાંઓથી ભીણાએલી માલમ પડે છે. આ રસી સુકાઈ હોય છે ત્યારે બદનપર હાથ ફેરવતાં તે સુકી રસી વહેરની માફક ખરવા માંડે છે, જેને આપણે સાધારણે રસીનો ખોરો એવાં નામથી ઓલખીએ છઈએ. ચામડી સુકી થએલી હોવાથી તે તતરે છે અને પોપડાવાલી જગ્યાઓ ઉપર તે અજાગરી થએલી હોવાથી ત્યાંની ચામડી તતરતાંજ તેમાંથી લોહી નીકલે છે. આવી રીતે બદનના જુદા જુદા ભાગોમાંની ચામડી તતરી લાલ લોહી જેવો દેખાવ આપે છે.

કારણ—ઘોડાવાલાની આલસાઈ અને બેદરકારી એ આ દરદનું મુખ્ય કારણ છે. ચામડી ઉપર પરસેવો પડયા પછી તે ચામડીને સાફ નહીં કરવાથી તે ચીકણા પરસેવા ઉપર ધુલ ચોંટી બેસે છે. ચીકણા પરસેવા સંગાતે આ ધુલ મલી જઈ ચાંમડીમાંનાં પરસેવાનાં છીદ્રો બંધ કરી નાખે છે. આવી રીતે તે છીદ્રો બંધ થઈ જવાથી ચામડી કામ કરતી અટકે છે. ચીકાશવાલા પરસેવા સાથે ધુલના મલવાથી બનેલા માવામાં કેટલાંક ઝીણાં જીવડાંઓને પોતાને મનપતીજનું મકાન મલે છે અને તેઓ એ રીતે ચામડીમાં વાસો કરે છે. જેમ જેમ વખત જતો જાય છે, તેમ તેમ તેઓ ચામડીમાં વધારે ને વધારે ઊંડાં પેસતાં જાય છે અને જ્યારે બાલોનાં મુલીઆં સુધી તેઓ જઈ પુગેછે ત્યારે તે મુલીઆંઓ ખવાઈ જવાથી બાલ ખરી પડવા માંડે છે. આ દરદ ઉડતું હોવાથી તે બીજાં જનાવરને લાગુ પડવાની હંમેશાં ધાસ્તી રહે છે અને કેટલાંક જનાવરોને આ દરદ એજ રીતે લાગુ પડેલું હોય છે.

ઉપાય—સફાઈ એ આ દરદના ઉપાય તરીકે ઘણીજ અગત્યની છે. આ કારણને માટે તે જનાવરનાં બદનની સફાઈ ઉપર ધ્યાન આપવા ઉપરાંત તેના તબેલાના સામાનની સફાઈ ઉપર તેમજ તબેલામાંની આસપાસની વસ્તુઓની સફાઈ ઉપર ધ્યાન આપવાની ઘણીજ જરૂર છે. તે જનાવરનાં બદન ઉપરનાં સઘલાં કપડાંઓને ખુપલતાં પાણીમાં ઝબકોરી કહાડવાં. તેના સઘલા સામાનને તરપીનતાઈનનું તેલ લગાડવું. થાણમાંની સઘલી

જગ્યા, કટેરા, ભીંત વગેરેને ગરમ પાણી અને સાબુથી સારી પઠે ધોઈ તે સઘળી જગ્યાઓ ઉપર ફેનાઈલનું પાણી છાંટવું. તેમજ તે જનાવરને બીજાં જનાવરોથી તદન એલાહેદું રાખવું.

આ પ્રમાણે કીધા પછી તે જનાવરની સાધારણ તનદરોસ્તી સુધારવાની ઉપર ધ્યાન આપવું. પહેલાં તેને એક હલકો જોલાબ આપવો અને પછી કોઠો ચાલુજ ખુલ્લો રહે એવો ખોરાક આપ્યા કરવો. પહેલાં એક અઠવાડીઆં સુધી એક આઊંસ લાઈકર આરસેનીકેલીસ આપવું અને પછી બીજાં અઠવાડીઆં સુધી એક દ્રામ તારતાર એમેતીક આપવું અને એ રીતે જ્યાં સુધી તે જનાવરની તનદરોસ્તી સુધરે ત્યાં સુધી અવાર નવાર આપતાં જવું.

ચામડીમાં પેવસ થએલા જીવડાઓને મારી નાખવાની મતલબથી ગરમ પાણી અને સોફ્ત સોપથી આખાં બદનને સારી પઠે ધોઈ જે પોપડા બંધાયા હોય તે કહાડી નાખવા, કારણ કે આ પોપડાઓની હેઠલજ તે જીવડાઓએ પોતાનું રહેઠાણ કીધેલું હોય છે. આવી રીતે બદન ધોયા પછી કેરોસીન તેલ (ઘાસલાઈટનું તેલ) ખુજલીવાલી ભાગોમાં સારી પઠે લગાડી તે જનાવરને સુરજનાં તડકાંમાં ઉભું રાખી તે તેલ સુકવી નાખવું. કેરોસીન તેલ એ દરદમાં ઘણું સારૂં છે. જો વધારે સફાઈદાર મેલવણી લગાડવાની મરજી હોય તો નીચલી મેલવણી લગાડવી.

રસ કપુર..	૧ દ્રામ.
પરૂસીક એસીડ..	૨ ,,
પાણી..	૧ પેંટ.

આ મેલવણી લગાડવાથી ખુજલીવાલા ભાગ ઉપરથી જીવડા પણ મરી જશે અને કોડ પણ મટી જશે.

આ દરદ જડ મુલથી કહાડવાને માટે ઉપલા ઉપાયો ઓછામાં ઓછા એક મહીનો સુધી અજમાવવા.

દરાજ—દાધર—ગજકરણ—(Ringworm.)

નીશાની—ચામડીની ઉપર રૂપીઆના જેટલા મોટા યા તેથી પણ મોટા ચકરડાંરૂપી સોજા માલમ પડે છે. આ ચકરડાંની કીનારીઓ તપાસતાં ત્યાં બહુજ બારીક ફોલ્લીઆ ઉઠેલા માલમ પડેછે અને તે કીનારી ઊપરના બાલો ખરી જાય છે. જનાવરને આ ચકરડાં ખવડવા વીના ચાલતું નથી અને તેથી થાણમાંના કટેરા, ભીત, વગેરે સાથે પો-

ત્માનાં બદનને તે ઘસડવાની કોશેશ કરેછે અને તે ઘસાડાથી તે ચકરડાંઓની કીનારી ઊપરની ચામડી સુજીને લાલ થઈ આવે છે તથા પછી તે ચીમરાઈને પોપડા બંધાએ છે.

કારણ—કીડનું જે કારણ તેજ કારણ ત્યાં પણ લાગુ પડે છે, ફરક માત્ર એટલોજ છે કે આ દરદમાં સુક્ષ્મીક વનસ્પતીનાં બીયાં ત્યાં પોતાની જગ્યા કરે છે. આ દરદ પણ ઉડતું છે અને ઘણીક વેલા એ દરદ માણસ, બીલાડી, કુતરાં વગેરે જનાવરો તરફથી પણ ઘોડાને ઉડે છે.

ઉપાય—કીડનાં મથાલાં હેઠલ ફરમાવેલા સઘલા ઉપાયો ત્યાં અજમાવવા. લગાડવાની દવાઈ તરીકે કીડમાં ફરમાવેલી દવાઈઓ ઉપરાંત ટીંકચર આયોદીન પણ વાપડી શકાશે. નીચલો મલમ પણ આ દરદમાં ફાએદો કરે છે.

કરીઆસોત....................................	૪ દ્રામ.
એસેતીક એસીડ (જલ્લદ).........................	૪ ,,
સાદો મલમ....................................	૮ આઉંસ.

આ મલમ ઘણીજ ટુંક મુદતમાં ફાયદો કરેછે, અને તેથી ખુજવાત પણ નરમ પડેછે.

આગીઆ કીડ—(Eczema—Prurigo—Lichen.)

ચામડી ઉપર થતાં દરદોમાં આગીઆ કીડ સાધારણ માણસોને મનસે એકજ આકારમાં દેખાવ દે છે, પણ વઈદક શાસ્ત્ર આગીઆ કીડને જુદા જુદા ત્રણ આકારમાં પીછાણે છે. આ ચોપડી સાધારણ માણસોને માટે લખાએલી હોવાથી ત્યાં આપણે આગીઆ કીડની એ ત્રણ જાતોને એક તરીકેજ વરણવીશું.

નીશાની—પહેલી ચામડી ઉપર અરાઈ જેવા બારીક દાણા ફુટી નીકલે છે, જે દાણા આસ્તે આસ્તે પાણી જેવી રસીથી ભરાઈને અંતે ફુટી જાય છે, અને દાણાઓની જગ્યાએ પોપડા રહી જાય છે. કેટલીક વેલા આ અરાઈઓ પાણી જેવી રસીથી ભરાવાને બદલે બારીક ફુલ્લીઓનો આકાર પકડે છે, જે ફુલ્લીઓમાં ભારે ખુજવાત થવાથી જનાવર બહુજ કંટાલી જાય છે. આવી ફુલ્લીઓ ઘણું કરીને પુછડીના થડમાં વધારે સાધારણ છે. ગરદન, ખભાં, પેટના ખાડા, જાંગનો અંદરનો ભાગ અને પુછડીનું થડ એ આ દરદને પસંદ પડતી જગ્યાઓ છે.

કારણ—ઘણું કરીને આ દરદ ગરમીનીજ મોસમમાં થાય છે. ચામડીમાંથી નીકલેલો પરસેવો તેની ઉપરજ સુકાઈ જઈ ચામડીનાં છીદ્રો બંધ કરી નાખતો હોવાથી, અ-

જીરણ થવાથી, ઊનનાં યા એવાંજ બીજાં ગરમ અથવા તો મેલાં કપડાંથી, ચામડી ઊપરનો મેલ રોજ બરોબર સાફ નહીં કરવાથી અને એવાં બીજાં ચામડીનાં કામમાં ખલલ કરનારાં કારણોથી આ દરદ જનમ પામે છે.

ઉપાય—કીડનાં મથાલાં હેઠલ ફરમાવેલા ઉપાયો ત્યાં પણ લાગુ પાડવા.

ચાંમડીનો ગંઠીઓ સોજો—(Urticaria—Nettlerash.)

નીશાની—ગરદન, કમર, જાંગ વગેરે ભાગો ઉપર છુટક છવાયાં ગાંઠ ગાંઠ જેવાં ચપકાંઓ એકદમ દેખાવ દઈ પાંચ છ દીવસમાં પાછાં નાબુદ થઈ જાય છે. કોઈ કોઈ વેલા આ ચપકાંઓમાં સોજો માલમ પડે છે અને તેઓ દેખાવે કરાતાં તથા હાથ લગાડતાં ગરમ જણાય છે. ચપકાંવાલી ચામડીમાં થોડો યા ઘણો ખુજવાત પણ રહેછે. કોઈ કોઈ ચપકાં ઉપરના બાલ ખરી જાય છે અને પછી તે જગ્યા ઉપર જે નવા બાલ ઉગે છે તે નવા બાલ પોતાનો અસલ રંગ ખોહી દઈ સફેદ રંગનાજ નીકલે છે. અને તે ચપકાંની અસલ જગ્યા પરના બાલ પછી હંમેશ સુધી સફેદ રંગનાજ રહે છે.

કારણ—આ દરદનું મુખ્ય કારણ અજીરણ છે. આપણે આગલ જોઈ ગયા છઈએ કે બદન ઉપરની ચામડી હોજરી, આંતરડાંનાં અંદરનાં પડ સાથે સીધો સંબંધ રાખતી હોવાથી હોજરી આંતરડાંમાં કાંઈ પણ ખલલ થતાંજ તેમની સાથે સંબંધ રાખનારી ચામડી પણ દરદી બને છે.

ઉપાય—દરદનું મુલ કહાડવાને અરથે હોજરી આંતરડાંની હાલત ઉપર પહેલા ધ્યાન દોડાવવું. પહેલાં એક હલકો જોલાબ આપી પછી થોડાક દીવસ સુધી સહવાર સહાંજના ખોરાક સાથે એક આઊંસ બાઈકારબોનેટ આવ સોડા આપવો. એ ઉપરાંત કોઠો ખોલ્લો રાખવાને રોજ અરધી પેંટ અલસીનું તેલ આપવું. જો દરદ હઠીલું હોય તો કીડનાં મથાલાં હેઠલ જણાવ્યા પ્રમાણે અવારનવાર લાઈકર આરસેનીકેલીસ અને તારતાર એમેતીક આપયા કરવું.

બરસાતી—(Bursatee.)

બરસાતીનાં નામથી જણાયલું દરદ હીંદુસ્તાનમાંજ જણાએલું છે, અને તેનાં નામ ઉપરથી જણાય છે કે તેને વરસાદ સાથે કાંઈ પણ સંબંધ હશે. જો કે કેટલાક દરદી-

ઓમાં આ દરદ બારે મહીના ચાલુ રહે છે, તો પણ ઘણાખરાં દરદીઓમાં આ દરદ ગરમીની મોસમ આખર થતાં દેખાવ દઈ વરસાદની મોસમમાં પોતાના પુર બહારમાં ખીલી નીકલે છે અને ઠંડીની મોસમ આવી પુગતાં તે પાછું નાબુદ થાય છે. આ ઉપરથી જણાય છે કે આ દરદનું નામ તેના દેખાવ પ્રમાણે વરસાદ સાથે કાંઈ પણ સંબંધ રાખે છે ખરૂં. બરસાતીને માટે ખાસ ગ્રંથો રચાએલા છે અને જુદા જુદા ડાકટરોએ તેને માટે વીચીત્ર વીચારો જાહેર કીધા છે. પણ તેમના સઘલા વીચારોને અને કલ્પનાઓને ત્યાં દરશાવ્યા વીના અગત્યજોગા ટીકાઓજ ત્યાં કરીશું.

નીશાની—ચહેરા, હોઠ, જીભ, મહોડું, આંખનાં ટોપચાં, છાતી, ખભાં, અને પાંયખડના સાંધાઓ ઉપર કઠણ ચાંદાંના રૂપમાં આ દરદ દેખાવ દે છે. પહેલાં ચામડીની હેઠલ એક કઠણ ગુમડું હાથને લાગે છે, જે ગુમડું દાબતાં દુખાય છે અને હાથને ગરમ લાગે છે. થોડા દીવસ રહી આ ગુમડું કઠણ ચાંદાંનું રૂપ પકડે છે. આ ચાંદું ઘણું કરીને ગોળાકાર હોય છે અને અરધા ઈંચના વ્યાસથી તે એક ફુટ સુધીના વ્યાસની તે જગ્યા ઘેરે છે. પહેલાં તેનો રંગ ઘેરો રાતો હોય છે અને જો માંસવાલા ભાગ ઉપર હોય છે તો ફરંના જેવો ફીક્કો પીલો રંગ તે પકડે છે. તેમાંથી ચાલુ રસી ઝરયા કરે છે, પણ તે રસી એટલા તો થોડા જથામાં હોય છે કે તે ચાંદુંજ માત્ર ભીણું ને ભીણું રહે છે, અને તેની આસપાસ કાંઈ રસી ઝરતી નથી. આ ચાંદાંની વચે ઊંડાણમાં પીલી અથવા સહેજ રતાશવાલી બારીક બારીક રજકણો આંગલીને લાગે છે, જે રજકણો કહાડીને તપાસી જોતાં કઠણ રેતીના દાણા હોય તેવી માલમ પડે છે. આ રજકણો કેટલીક વેલા અકેકની સાથે ચીટકી જઈ કઠણ કાંકડાઓનું રૂપ પકડે છે અને જ્યારે બરસાતી બહુ મોટા પાયા ઉપર દેખાવ દે છે ત્યારે આ કાંકડાઓ એકજ ચાંદાંમાંથી ખોભલા ભરાય એટલા નીકલે છે. આ વરસ જે ભાગ ઉપર બરસાતી થયો હોય છે તેજ ભાગ ઉપર ઘણું કરીને આવતે વરસે પણ તે ફુટી નીકલે છે અને તેમ બીજી વખતે દેખાવ દેતાં તેનું કદ આઠથી દશઘણું વધી જાય છે. બરસાતીનું ચાંદું સુકાઈ ગયા પછી તેની કઠણ કીનારી, તેનાં કઠણ થડ, તેની જગ્યા અને તેના ચોકસ દેખાવ ઉપરથી તે તરત ઓલખાઈ આવે છે.

કારણ—હવામાં થતા ચોકસ ફેરફારો બરસાતીનાં દરદનું મુખ્ય કારણ છે એમાં તો કાંઈ પણ શક નથી, કારણ કે હીંદુસ્તાનની ચોકસ હવાથીજ આ દરદ દેખાવ દે છે અને ચોમાસાંની મોસમમાંજ તે વધારે જોર પકડે છે, એ બાબદ પણ આ કારણની કલ્પનાને ટેકો આપે છે. વલી દરીઆની સપાટીથી ચોકસ ઊંચાઈએ એ દરદ કદી પણ દેખાવ દેતું નથી, એ ઉપરથી પણ જણાય છે કે હવાના ચોકસ ફેરફારો એ આ દરદનું મુખ્ય કારણ છે. આ ફેરફારો બદન ઉપર કઈ રીતે અસર કરે છે તે હજી સુધી કાંઈ પુરવાર થયું નથી, પણ એવું માલમ પડે છે કે ચોમાસાંની મોસમ અગાઊ જો કાંઈ જખમ યા ઘસારા થયા હોય તો તે જખમમાં ચોકસ વનસ્પતીનાં સુક્ષ્મીક બીયાંઓની

હાજરીથી આ ચાંદું રૂજાયા વગર એમનું એમ રહી જાય છે. સફાઈથી કપાએલા જખમોમાં આ દરદ લાગુ પડતું નથી, પણ ચુંથાઈ ગયલા જખમોમાંજ તે પેવસ થાય છે. સુઘડાઈની ગેરહાજરીમાં આ દરદ પોતાનું જોર ઘણુંજ દેખાડે છે. કેટલાક ડાકટરો કહે છે કે આ દરદ વંશપરંપરા ઉતરતું આવે છે.

ઉપાય—પહેલવહેલાં બરસાતીનાં ચાંદાંને એક તનદરોસ્ત ચાંદાંનું રૂપ આપવાની કોશેશ કરવી. આ મતલબ પાર પાડવાને માટે પહેલવહેલાં જલદ કારબોલીક એસીડ તે ચાંદાં ઉપર લગાડવી અને પછી એક ભાગ કારબોલીક આસીડ સાથે ત્રણ ભાગ કપુર ભેલીને તે મેલવણી તે ચાંદાં ઉપર લગાડયા કરવી. જ્યારે ચાંદું તનદરોસ્ત દેખાવ પકડે ત્યારે તેની ઉપર નીચલી મેલવણી લગાડવી.

રાલ અથવા ચીપડા લાખ........................	૧	આઉંસ.
કપુર..	૫	,,
સ્પીરીત આવ વાઈન..........................	૧૫	,,
કારબોલીક એસીડ..........................	૧	,,

આ મેલવણી ઘણીજ ફાયદાકારક છે. તે લગાડવા પછી સુકાતાં ચાંદાંની ઉપર એક ઘણીજ પાતલી ચામડી બંધાઈ જાય છે, જે પોપડીને લીધે તે ચાંદાંની ઉપર બહારની હવામાં ઊડતાં ઝેરી દરદોનાં બીયાં ચીટકી શકતાં નથી. વલી એ મેલવણીમાં આવતા કપુર અને એસીડના વાસને લીધે તે ચાંદાં ઉપર માખો બેસીને તે ચાંદાં વધારે ચુંઠતી નથી. જો ઉપલી મેલવણીથી ફાએદો નહીં થાય તો ચાર ભાગ ગંધકનો ભુકો, ચાર ભાગ તાનીક એસીડ અને એક ભાગ આયોદોફોરમની મેલવણી તે ચાંદાં ઉપર લગાડવી. આ મેલવણીથી તે ચાંદાં જલદીથી રૂઝાઈ જાય છે.

એ પ્રમાણે બહારની દવાઈ ઉપરાંત અંદરખાને પીવાની દવાઈ તરીકે અલસીનું તેલ પાવું અને લોહી સુધારવાને માટે એક આઉંસ લાઈકર આરસેનીકેલીસ દરરોજ પાવું. એ પ્રમાણે એક અઠવાડીઆં સુધી પાયા પછી બીજું આખું અઠવાડયું એક ડ્રામ તારતાર એમેતીક આપવું અને એ પ્રમાણે દર અઠવાડીએ અવારનવાર આરસેનીક ને તારતાર એમેતીક પાયા કરવું.

ગુમડાં—(Abscess.)

ગુમડાં ઘણું કરીને ચામડીની ઉપર ફુટી નીકલતાં હોવાથી જો કે તેઓ બદનના ઊંડા ભાગોમાંથી નીકલતાં પણ હોય છે, તો પણ આપણે તેમનું વરણન ત્યાંજ કરવાને વાજબી વીચારીશું.

નીશાની—બદનના કોઈ પણ ભાગમાં પહેલવહેલાં દેખાતો ગરમ, કઠણ અને દુખારો કરતો સુજી આવેલો ભાગ ગુમડાંનો આકાર પકડશે એવી વકી દેખાય છે અને પછી તે વકી મુજબ તે સુજી આવેલો ભાગ નરમ થવા માંડે છે અને ધીરે ધીરે તે સોજા ઉપરની ચામડી ઘણીજ પતલી બની જઈ અંદર કાંઈ પ્રવાહી ભરાએલો હોય એવું માલમ પડે છે. આ પ્રમાણેની નીશાનીઓ દેખાવા પછી જો તે નરમ બની ગયલા સોજાને એમનો એમજ રહેવા દીધો હોય તો આખરે ઉપરની ચામડી ઘણીજ પાતલી પાપડી જેવી બની પોતાની મેલેજ ફુટી જાય છે, અને તેમાંથી પાતલી મલાહી જેવું, યા સહેજ પીલાશપરતું, યા તદન પાણી જેવું લીલા રંગનું અને ગંધ મારતું, યા સહેજ રતાશવાલું પરૂ બહાર નીકલે છે.

કારણ—સોજાનાં મથાલાં હેઠલ ગુમડું થવાનાં કારણો લંબાણથી સમજાવવામાં આવ્યાં છે, માટે હ્યાં પાછાં સમજાવવાની કાંઈ પણ જરૂર નથી.

ઉપાય—જેવી સોજાની નીશાનીઓ માલમ પડે કે તરતજ પોલટીસ ચાલુ કરવી. આ કારણ માટે થુલાંની પોલટીસ ઘણી સગવડ ભરેલી છે. જેવું માલમ પડે કે ગુમડું હવે ફોડવાને લાયક તદન નરમ થયું છે કે તરતજ નસતરથી યા નહાની છરીથી તે ફોડી અંદરનું રગત વગેરે કહાડી નાખવું. ગુમડું ફોડતી વેલા ધ્યાન રાખવું કે પરૂ પોતાની મેલે બહાર તપકાય એવી રીતનો કાપ મેલવો જોઈએ. પરૂ નીકલી ગયા પછી ફેનાઈલનાં પાણીથી તે ખાલી થએલી ગુંમડાંની કોઠલી ધોઈ નાખી તેમાં રૂજ આવે ત્યાં સુધી દરરોજ કારબોલીક તેલમાં બોલેલો સણ ખોસવો.

ચાંદાં—નાસુર—ભગંદર—(Ulcer—Fistula—Sinus.)

ચામડીનાં દરદોના સંબંધમાં બોલતાં ચાઠાં અથવા ચાંદાં વીશે હ્યાં બોલવાની સહેજ અગત્ય જણાય છે, કારણ કે ચાઠાં અને ચાંદાં જો કે બદનના અંદરના ભાગોમાં પણ લાગુ પડે છે, તો પણ જ્યારે તેઓ બદનના બહારના ભાગ ઉપર એટલે ચામડી ઉપર હોય છે, ત્યારે તેમનો મલમપટા સાથનો એલાજ થઈ શકે છે અને જો બરોબર સંભાલ લીધી હોય છે તો ઘણીજ સહેલાઈથી તેમને રૂઝાવી શકાય છે.

નીશાની—આપણે આગલ સોજાનાં મથાલાં હેઠલ જોઈ ગયા છઈએ કે સોજો ચડયા પછી તેનાં જે જુદાં જુદાં પરીણામો આવે છે તેમાં એક પરીણામ ચાઠાં અથવા ચાંદાં હોય છે એટલે કે તે સોજો વધરાઈ જવાને બદલે ત્યાંની ચામડી, માંસ, હાડ વગેરે ધીમે ધીમે રજકણે રજકણ ખવાતાં ચાલે છે અને તેનું પરીણામ જે આવે છે તેને ચાં-

દું કરીને કહે છે. જો આવી રીતે પડેલું ચાંદું ઘણું ઊંડાણમાં ઉતરે છે તો તેને નાસુર-ના નામથી ઓલખવામાં આવે છે અને જો તે નાસુર એક બાજુએથી બદનમાં પોતાનો રસ્તો કરી બીજી બાજુએ ઊઘડે છે તો તેને ભગંદરનાં નામથી ઓલખવામાં આવે છે. ચાંદું પોતે ઘણી જાતનું હોય છે, જેમાં તનદરોસ્ત ચાંદું તેને કહેછે કે જેનો દેખાવ તરતનાં કાપેલાં તનદરોસ્ત માંસને મલતો આવે છે. ઝરતું ચાંદું તે કહેવાય છે કે જેની સપાટી બદન લાલ લોહી જેવી જણાય છે અને જેની ઊપર રસીનાં બારીક બુંદ ફુટી નીકલી ચલકતું કાચ જેવું પડ કરે છે. કોહોતું નાસુર તે છે કે જેની ભોંય કોહોતાં માંસના જેવીજ રહે છે અને તેની આસપાસની દેવાલો પણ કોહીને પરૂ એકઠું થયા કરે છે. એ ઉપરાંત ચાંદાંની બીજી ઘણીક જાતો છે કે જે જાતોનું અહીં લંબાણ વરણન કરવાની કાંઈ પણ જરૂર નથી.

કારણ—સોજાનાં કારણો તેજ ચાંદાંનાં કારણો છે, કારણ કે ચાંદું તે સોજાનું એક પરીણામજ છે.

ઉપાય—સોજાના ઉપાય તેજ ચાંદાંના પણ ઉપાયો છે, પણ તે ઉપરાંત ચાંદાં માટે ચોકસ લગાડવાની દવાઈઓ છે તથા બીજા એલાજો છે. જો ચાંદું તનદરોસ્ત હોય તો તેની ઉપર કારબોલીક તેલ લગાડવા સીવાય બીજું કાંઈ પણ લગાડવાની કાંઈજ જરૂર નથી. જો ચાંદું લાલ દેખાવતું અને ઝરતું જણાય અથવા તો તેની કીનારીઓ ઉપરનું માંસ કઠણ થઈ બહાર ઉપસી આવેલું માલમ પડે તો તે ચાંદાંના તેવા કઠણ ઊપસી આવેલા અને ઝરતા ભાગો ઉપર નાઈત્રેટ આવ સીલવરની લાકડી લગાડવાની જરૂર છે. જો ચાંદું કોહોતું હોય તો તેને સહેજ જલદ કલોરાઈડ આવ ઝીનકનાં પાણીથી ધોયા કરવું અને પછી કારબોલીક તેલમાં બોલેલો સણ તેની ઉપર બાંધી લેવો. જો નાસુર પડયું હોય તો કલોરાઈડ આવ ઝીનકનાં પાણીની પીચકારી મારી નાસુરમાં જાય એવી એક પાતલી સલી વડે કારબોલીક મેલમાં બોલેલો સણ તે નાસુરનાં છેક તલીયાં સુધી ખોસી નાસુરની આખી નલી તેવા સણથી ભરવી. જો ભગંદર થયું હોય તો બનતાં સુધી તેની દેવાલ ફાડી નાખી એક સાદા જખમને માટે જેવી સારવાર કરીએ તેવી સારવાર કરવી. જો ચાંદાં પડવા પછી તે ભાગમાંનું હાડકું પણ કોહોતું જણાય તો એ કોહોતાં હાડકાંને જેમ અને તેમ ચીપીઆથી કહાડી નાખવાની કોશેશ કરવી અને હાડકાંનો સડેલો ભાગ જો પહોંચી વલાતો હોય તો તેની ઉપર જલદ હાઈદરોકલોરીક એસીડ લગાડવી. અંદર સડેલું હાડકું છે તે જાણવાની નીશાની એ છે કે તેમાંથી નીકલતું પરૂ સહેજ લીલા રંગનું, પાણી જેવું, અને વાસ મારતું હોય છે, તથા તેમાં રૂપાંની સલી ખોસી જોતાં તે સલીને છેડે કાંઈ ખરબચડી ચીજ અઠડે છે.

ચાંદાંપર બહારથી લગાડવાને દીકામાલીનો મલમ, ફટકીનો મલમ, ઓક્ષાઈદ આવ ઝીનકનો મલમ, તીંકચર આયોદીન, તીંકચર મર, આયોદોફોરમ વગેરે દવાઈઓનો ઉપયોગ થાય છે. જો ચાંદું જલદી સુકાઈ જાય એવું હોય તો ફટકીનો અથવા ઓક્ષાઈદ આ-

વ ઝીનકનો મલમ ઘણો અકસીર છે. જો ચાંદાંની આસપાસ બહુજ કઠણ કાચુર ઘાલેલી માલમ પડે તો તીંકચર આયોડીન તે ચાંદાં ઉપર તેમજ તે કાચર ઉપર લગાડવું. જો ચાંદું લાલ લોહી જેવું હોય અને તેની ઉપર માંસની કઠણ કીનારી થતી હોય તો તીંકચર મર તેવી વેલા ઘણું ફાએદાકારક છે. જો ચાંદાંમાંથી પરૂ જેવી રસી નીકલયા કરતી હોય તો તેની ઉપર આયોડોફોરમની ભુકી ભભરાવી પછી તેની ઉપર કારબોલીક તેલનો સણ બાંધી લેવો.

જો નાસુર રૂઝાતાં લાંબો વખત લેતું હોય તો તેને ઉશકેરવાને અરથે તીંકચર મરનો કાકડો તેમાં ખોસવો. આ કાકડો ખોસતી વખતે એક બાબદ ઉપર હંમેશાં ધ્યાન આપવું અને તે એ કે, નાસુર તલીએથી રૂઝાતું આવવું જોઈએ અને તેટલા માટે કાકડો છેક તલીઆંમાં ખોસવો એ જરૂરતું છે.

પાંકેલી અથવા સુહજેલી પીઠ.

(Sore Back and Harness Galls.)

પાકેલી પીઠનું દરદ સવારીમાં વપડાતા ઘોડાઓને તથા ગાડીમાં જોડાતાં જનાવરને થાય છે અને નજીવી જેવી બેદરકારીથી ગમે એવાં તનદરોસ્ત અને તેજી જનાવરને એ કઢંગાં દરદથી કેટલાક મહીનાઓ સુધી ઉપયોગમાં લેવાઈ શકાતું નથી.

નીશાની—પીઠની પછવાડેના ભાગમાં ઘણું કરીને આ દરદ દેખાવ દે છે, કારણ કે ઘણું કરીને તે જીનના પછવાડેના ભાગની અથવા હારનીસના ચોબલાની બનાવટની ખામીથીજ લાગુ પડેછે. પહેલાં એક ટેકડો ત્યાં નજરે પડે છે. આ ટેકડો કઠણ, ગરમ, અને દાબતાં દુખાય તેવો હોય છે. થોડા દહાડા રહી આ ટેકડો નરમ થાય છે અને તેમાં પરૂ ભરાએલું જણાય છે. જો આ હાલતમાં આવ્યા પછી તે ગુમડાંને ફોડયું નહી હોય તો તે પોતાનીજ મેલેજ ફુટી ઘણુંજ કુદરૂપું ચાંદું બને છે. આ દરદ જ્યાં હારનીસનો સામાન લાગતો હોય ત્યાં બીજી જગ્યાઓ પર પણ દેખાવ દે છે.

કારણ—જીનની બનાવટમાં થતી ખામી આ દરદનું મુખ્ય કારણ અને તેની સાથે સવારી કરનારની બેસવાની કઢંગી રીત એ આ દરદનું બીજું મુખ્ય કારણ છે.

ઉપાય—સાધારણ ગુમડાંને માટે ફરમાવેલા ઉપાયો આ દરદમાં પણ લાગુ પાડવા. જો ગુમડું જલદી પાકપર નહીં ચહડે તો બીનઆયોદાઈદ આવ મરકયુરીનો મલમ તેની આસપાસ લગાડવો. દરદની સઘલી નીશાનીઓ નાબુદ થયા પછી ગીમકનું પાણી અથવા

ફટકીનું પ્રાણી તે જગ્યા ઉપર લગાડયા કરવું. જ્યારે તે અજાગરી જગ્યા તદન તનદરોસ્ત થએલી જણાય ત્યારેજ તે જનાવરને પાછું વપડાશમાં લેવું અને વપડાશમાં લેવા અગાઊ જીન જે જગ્યાએ દંખતું હોય તે જગ્યા ઉપર નરમ ગાદીઓ જડી લેવી. સવારી પરથી આવ્યા પછી જો તરત જીન ઉતારવું હોય તો જીન ઉંચકીને તે જનાવરની પીઠ લુછી નાખવી; પણ જો પીઠ લુછી નાખવાની ચાકરી કરવામાં ઢીલ થાય એવું હોય તો જીન પીઠ ઉપરજ રહેવા દઈ અરધા કલાક પછી જીન ઉતારવું.

પટાઓ બાંધતી વખતે હંમેશાં પટાઓની નીચે હાથ ફેરવી કરચલીઓ કહાડી નાખવી. આ કરચલીઓ દરદ પેદા કરવામાં મુખ્ય છે. પટાઓની આસપાસ નરમ ઉન સાથનાં ચામડાં જડવાથી નાજુક ચામડીનાં જનાવરને તે પટા દંખશે નહીં. હારનીસ જ્યાં જ્યાં દંખતું હોય ત્યાં ત્યાં નરમ ગાદીઓ જડવી.

પીઠનું નાસુર—(Fistulous Withers.)

બરડાની કરોડનો યાલની પાછલનો ભાગ જો ઘણોજ ઉંચો હોય તો જીનનો આગલો ભાગ તે ઉંચા ભાગને વારંવાર અઠડવાથી તે ભાગમાં સોજો ચહડે છે અને તે સોજાનાં પરીણામ તરીકે ત્યાં ગુમડું થાય છે, જે ગુમડું પાકતાં જો તે પાક અંદર ઉતરે છે તો તેથી નાસુર પેદા થાય છે.

નીશાની—પહેલાં જીનના આગલા ભાગ તરફ આવેલો બરડાની કરોડનો ઉંચો ભાગ સુજી આવે છે. આ સોજો ત્યાર પછી ગુમડાંનો આકાર પકડે છે, જે ગુમડાંનો પાક ધીમે ધીમે ઊંડાણમાં ઉતરી નાસુરને જનમ આપે છે. આ નાસુર કેટલીક વેલા એટલી તો ઉંડી જડ ઘાલે છે કે તે છેક ખભાંની અણી સુધી પહોંચી વલે છે.

કારણ—જીનનો આગલી તરફનો ભાગ બરડાની કરોડના ઊંચા ભાગને વારંવાર અઠડવાથી આ દરદ પેદા પડે છે.

ઉપાય—ગુમડાં, ચાંદાં, અને નાસુર એ ત્રણ દરદોનાં મથાલાં હેઠલ જણાવેલી નીશાનીઓમાંની જે નીશાનીઓ જણાય તે નીશાનીઓને એજ દરદોનાં મથાલાં હેઠલ જણાવ્યા પ્રમાણેના ઉપાયો લાગુ પાડવા. જો નાસુરની દેવાલો જલદી રૂઝાતી નહીં હોય તો નીચલી મેલવણીમાં બોલેલો કાકડો તેમાં ખોસવો.

રસકપુર..	૨ ડ્રામ.
મ્યુરીએતીક એસીડ (જલ્લદ)........................	૫ ટીપાં.
રેકટીફાઇડ સ્પીરીટ................................	૨ આઉન્સ.

આ મેલવણીમાં બોલેલો કાકડો નાસુરમાં જણાવ્યા પ્રમાણે ખોસવો.

જીનના આગલા ભાગને નરમ ગાદીઓથી દંખે નહી એવો બનાવવો અને જનાવર પોતાની પીઠ થાણુમાંના કટેરા વગેરે ચીજો સાથે ઘસે નહીં તેની સંભાલ રાખવી.

માથાંના તાલકાંનું પાકવું—(Poll-Evil.)

આ દરદ પણ પાકેલી પીઠ યા પીઠનાં નાસુરને મલતુંજ છે.

નીશાની—કાનોની વચે માથાંના તાલકનો જે ભાગ આવેલો છે અને જ્યાં એક ટેકડા જેવું જણાય છે ત્યાં એક યા એકથી વધુ ગુમડાં દેખાવ દે છે, જે ગુમડાં પાકપર ચહડી ફુટી જાયછે યા તેમનો પાક વધુ ઊંડાણુમાં ઊતરી નાસુરને જનમ આપે છે. તાલકની એ જગ્યાં દાબી જોતાં તે જનાવર દુખથી ચમકે છે.

કારણ—ચાબકાના હાથા વગેરે સખત ચીજના ફટકા પડવાથી, યા ઘણીજ ખેંચાણ કરનારી લગામ વાપડવાથી, યા માથાંપર પહેડાવેલા કઢંગા પટાઓનાં દબાણથી પેદા થતી કીડ મટાડવાને અરથે માથાંને સખત ચીજો સાથે ઘસવાથી, અથવા તો ચારો ચરતાં માથું ચાલુ વાંકું વાલી રાખવાથી આ દરદ જનમ પામે છે. તબેલાના દરવાજા જો ઘણા નીચા હોય છે તો તેની બારસાખ વારંવાર ઘોડાનાં માથાં સાથે અઠડતાં પણ આ દરદ સાધારણે લાગુ પડે છે.

ઉપાય—ગુમડાં, નાસુર વગેરે મથાલાં હેઠલ જણાવેલા ઊપાયો કરવા. જો ગુમડું જલદી નહીં પાકે તો બીનઆયોદાઈદ આવ મરકયુરીનો મલમ લગાડવાથી તે જલદીથી પાકી જશે. વધુ ઉપાયો તરીકે તે જનાવરને જમીન ઉપરથી નહીં પણ માથું ઊંચું રાખીને ખાવાને બની આવે એમ કરવું, અને તેને ચારો ચરવા મોકલવું નહીં. ટુંકમાં કોઈ પણ રીતે માથું નીચે રહેવાથી તે તરફ લોહી ધાઈ આવે એવું કરવું નહીં.

જખમ—(Wounds.)

જખમો ચાર જાતના થાય છે, અને તે જુદી જુદી જાત પ્રમાણે તેની ગંભીરતામાં વધારો યા ઘટાડો થાય છે.

૧—સાફ કપાએલો જખમ.
૨—અણીઆલાં હથીઆર યા અણીઆલી વસ્તુ ભોંકાયાથી થએલો ઊંડો જખમ.
૩—છુંછો થએલો જખમ.
૪—છુંદાયલો, દબાયલો, યા ઘસાયલો જખમ.

આ પ્રમાણે જખમો જુદી જુદી ચાર જાતના થાય છે. એક ચાલતી છરી જેવાં ધારદાર હથીઆરથી થએલો જખમ તે પહેલી જાતનો સાફ કપાએલો જખમ કહેવાય છે. સુઈઓ, શીંગડું, યા દાંત પેસી જવાથી થએલો જખમ તે બીજી જાતનો છે. ગાડીનાં પઈડાં તલે પગ આવી જવાથી જો તેનાં માંસ, હાડકાં વગેરેનો છુંછો થઈ ગયો હોય છે તો તે ત્રીજી જાતના જખમનો દાખલો છે; જ્યારે પડી જવાથી યા કાંઈ બુઠું હથીઆર વાગવાથી થતો જખમ ચોથા વરગમાં મેલી શકાય છે. ઘણીક વેલા આ ચારે જાતના જખમોમાંના જખમની એકથી વધારે જાત કોઈ કોઈ અકસ્માતોમાં સામટી હાજર હોય છે.

જે પ્રમાણે એ જખમના ચાર વરગ છે તેમ તેમની રૂઝાવવાની રીત પણ ચાર છે.

૧—તરતજ થતાં જોડાણથી.
૨—ઝરેલી રસીના ચીટકવાથી.
૩—દાણાઓ ફુટવાથી.
૪—પોપડાની નીચે રૂઝ આવવાથી.

ધારદાર છરીથી હાથ કપાયા પછી જો જખમના છેડા થોડોક વખત સુધી ચાપટ સંબંધમાં રાખ્યા હોય તો કાપના બંન્ને ભાગ સાથે જોડાઈ જાય છે અને જાણે જખમ પડયોજ નહીં હોય એવો દેખાવ આપે છે. જ્યારે આવી રીતે જખમ જોડાઈ જાય છે ત્યારે તે પહેલી રીત પ્રમાણે જોડાયલો કહેવાય છે.

જ્યારે જખમના બંન્ને છેડા એ રીતે સાથે નહીં જોડાતાં તે છેડાઓ સુજી આવી તે સુજેલા ભાગમાંથી રસી ઝરે છે અને તે રસી એ રીતે બંન્ને છેડાઓની વચ્ચે સુકાઈ જઈને તે છેડાઓને જોડી નાખે છે, ત્યારે તે જખમ બીજી રીત પ્રમાણે રૂઝાએલો ગણાય છે.

જ્યારે જખમ ઘણો ઊંડો હોય અને જખમના છેડા એટલા બધા દુર હોય કે તેઓ અકેકની પાસે નહીં આવી શકે અને તેમનામાં સોજો ચહડી નીકલતી રસી તેમની વચ્ચેનો અંતર નહીં પુરી શકે ત્યારે જખમનાં તલીઆંમાંથી અને જખમની આખી સપાટી ઉપરથી બારીક બારીક લોહી જેવા રંગના દાણાઓ ફુટવા માંડેછે અને ત્યાર પછી તે દાણાઓ જ્યારે ચામડીની સપાટી બરોબર આવી પુગે છે ત્યારે જખમની કીનારી ઉપરની ચાગડીમાંથી નવી ચામડી ફુટવા માંડે છે અને તે ચામડી રફતે રફતે જખમના મધ્ય ભાગ સુધી પહોંચી વલી જખમને રૂઝ લાવે છે. આવી રીતે રૂઝાતો જખમ ત્રીજી રીતથી રૂઝાતો લેખાય છે.

જ્યારે જખમની અંદરથી ઝરતી રસી જખમની આખી સપાટી ઉપર માફકસરનો કઠણ તનદરોસ્ત પોપડો બાંધી લઈ જખમના અંદરના ભાગને બહારની હવાથી બંચાવે અને પછી તે પોપડાનાં રક્ષણ તલે જખમ અંદરખાનેથી રૂઝાઈ જાય ત્યારે તે જખમ ચોથી રીતીથી રૂઝાએલો કહેવાય છે.

જખમ રૂઝાતી વેલા આ ચાર રીતોમાંની એકથી વધારે રીતોથી તે રૂઝાય એ બનવા જોગ છે અને કેટલાક વઈદો તે મીશ્ર રીતીઓને પણ જુદા વર્ગોમાં મેલે છે, પણ આપણને તે રીતે વર્ગોની સંખ્યામાં વધારો કરીને ગુચવાડો કરવાની કાંઈ જરૂર નથી.

પહેલી, બીજી અને ચોથી રીતે રૂઝાતા જખમ ઘણો કંટાલો આપતા નથી, પણ ત્રીજી રીતે રૂઝાતા જખમ ઘણીજ આતુરતા રખાવી લાંબી મુદત સુધી બહુ કંટાલો આપેછે.

ઉપાય—જખમના ઉપાઓ કરતી વખતે ચાર જાતમાંથી તે કઈ જાતનો છે તે પહેલાં તપાસવું, પછી ચાર રીતમાંથી તે કઈ રીતે રૂઝાઈ શકશે તે ઉપર ધ્યાન દોડાવવું, અને પછી નીચલા ચારે ઉપાંયો લાગુ કરવા.

૧—લોહી વહેતું હોય તો તે બંધ કરવું.

૨—બંધાયલાં લોહીના કટકા, ધુલ, કચરો, અને બીજી જે કાંઈ બહારની વસ્તુ અંદર પેઠી હોય તે વસ્તુ કહાડીને જખમ બરોબર સાફ કરવો.

૩—દરેક જખમને બહારની હવાની ઝેરી અસરથી બંચાવવાને માટે તથા તેમને જલદી રૂઝાવવામાં મદદ કરવાને માટે ચોકસ દવાઈની મેલવણીઓનો ઉપયોગ કરવો.

૪—જો બની શકતું હોય તો જખમના છેડા સાથે લાવવાની કોશેશ કરવી, અને તેમ જો તેઓ આવી શકતા હોય તો તેમને જોડાએલા રાખી મેલવાને તાંકા મારવા.

જો કાલી નેસમાંથી લોહી નીકલતું હશે તો આઈસથી, ઠંડાં પાણીથી, સહેજ દબાણથી યા તો તીંકચર સ્તીલ લગાડવાથી તે તરતજ બંધ થઈ શકશે. જો લોહીની ધાર ફુટતી જણાય તો જાણવું કે એકુ ધોરી નેસ ફુટી છે. આવી વખતે લોહી સહેલાઈથી બંધ કરવાના ઊપલા એલાજો લાગુ પડશે નહીં. એવી વેલા એક નહાના ચીપીઆથી જે નેસમાંથી ધાર ફુટતી હોય તે નેસનો છેડો પકડી તે છેડાને મજબુત દોરીથી બાંધી લેવો યા તો ચીપીઆથી કરીને તે છેડાને સારી પડે વલ દેવો. જો તેમ નહીં તો લાલ ચોલ તપાવેલાં લોખંડથી નેસના છેડાને ડામવો. જો નેસના બંન્ને છેડા છુટા પડયા નહીં હોય પણ અરધી નેસ કપાઈને રહી ગઈ હોય તો તે નેસને પુરેપુરીજ કાપી નાખવી એટલે તેનો કપાએલો છેડો અંદર ખેંચાઈ જઈ લોહી બંધ થશે. જ્યારે એકુ પગમાંની ધોરી નેસ ફુટી હોય ત્યારે તેની ઉપર દબાણ કરવાથી લોહી બંધ થઈ શકશે. આ કામ માટે

એક પથર લઈ તે એક રૂમાલની વચમાં વીંટાલી તે પથર જખમની ઉપરના ભાગમાં ધોરી નેસની ઉપર દબાણ કરે એવી રીતે ગોઠવવો અને રૂમાલના બંન્ને છેડાઓને ગાંઠ વાલી લેવો. હવે એક લાકડી તે બાંધેલા રૂમાલના આંટામાં દાખલ કરી પછી રૂમાલને વલ આપવા અને જ્યાં સુધી પેલો પથર નેસવાલા ભાગ ઉપર ચપટ દબાણ કરતો જણાય ત્યાં સુધી એ પ્રમાણે આંટા પાડવા.

જખમમાંથી વહેતું લોહી એ પ્રમાણે બંધ કીધા પછી તે જખમને પાણીથી ધોઈ સાફ કરવો અને તેમ કરતી વખતે કાંઈ પણ કચરાની રજકણ માંહે રહી નહીં જાય તેની સંભાલ રાખવી, કારણ કે કાંઈ પણ કચરો, ધુલ યા બીજી બહારની ચીજ અથવા લોહીનો બંધાએલો ફેટકો કે મરી ગયલી ચામડી, માંસ યા હાડકું એવી એવી ચીજો જખમમાં રહેવાથી જ્યાં સુધી તે જખમમાં તેઓ રહેશે ત્યાં સુધી તે જખમને પાક ઉપર ચહડાવ્યાજ કરશે. આ બાબદને લગતો લંબાણ ખોલાસો સોજાનાં મથાલાં હેઠલ આપેલી બાબદમાં માલમ પડશે. જખમ ધોવાને માટે જખમ ઉપર આપણે હાથ લગાડવાની કાંઈ પણ જરૂર નથી, પણ એક હાથમાં સમાઈ શકે એવા વાદલાંના ટુકડામાં પાણી લઈ તે ટુકડો જખમ ઉપર એવી રીતે નીચોવવો કે પાણીનો રેલો જખમને બરોબર સાફ કરી શકે. અગરજો જખમ ઘણો ઊંડો નહીં હોય અને માત્ર ઘસારોજ થએલો જણાય તો તેને આ પ્રમાણે ધોવાની કાંઈ જરૂર નથી, કારણ કે તેની ઉપર ઠરેલાં લોહીનાં પોપડાની છાંયા હેઠલ તે જખમ ઘણીજ સહેલાઈથી રૂઝાઈ જશે.

એ રીતે જખમને ધોઈ સાફ કરવા પછી બહારની ઝેરી હવાની અસરથી તેને બંચાવવાને કાજે તેની ઉપર એવી મેલવણીઓ લગાડવી કે જે મેલવણીઓ હવામાં ઉડતાં ઝેરી બીઆંઓને મારી શકે. આ કારણને માટે ઘણું કરીને જુદી જુદી છ વસ્તુઓનો સાધારણે ઉપયોગ થાય છે, જેમાં કારબોલીક એસીડ સઉથી વધારે વપડાય છે. કારબોલીક એસીડ ઉપરાંત બોરાસીક એસીડ, કલોરાઈડ આવ ઝીનક, આયોદોફોરમ, મરકયુરીક કલોરાઈડ (રસ કપુર) અને કપુર એ ચીજો પણ હવામાંનું ઝેર મારવાને વપડાય છે. આગલના વખતમાં જ્યારે આ પ્રમાણે જખમોની સપાટી ઉપર હવાનું ઝેર મારનારી આવી મેલવણીઓ નહીં લગાડવામાં આવતી હતી ત્યારે ગમે એવો નહાનામાં નહાનો જખમ પણ પાકતો હતો અને તેને રૂઝ આવતાં ઘણા દીવસો લાગતા હતા. જ્યારે આજના જમાનામાં આવી મેલવણીઓથી જખમને સંભાલવાની રીત લાગુ પાડવાથી ગમે એવા મોટા જખમ કાંઈ પણ પાક ઉપર ચહડવાને બદલે પાકવા વીના ઘણીજ થોડી મુદ્દતમાં રૂઝાઈ જાય છે. બદનનો ચોકસ ભાગ જેમ વધારે પાકપર ચહડે તેમ તે ભાગનું માંસ, ચાંમડું વગેરે વધારે નાશ પામે અને તે નાશનાં પ્રમાણમાંજ તે જખમ રૂઝાતી વેલા બદનનો તેટલો ભાગ ખામીથી ભરેલો રહી જાય. તેમજ જો બદનનો ચોકસ ભાગ ઘણા મોટા પાયા ઉપર પાકવા માંડયો હોય તો તે પાકની પેદાશ બદનમાં ચુસાઈ જઈ લોહી સાથે મલી બદનનાં જુદા જુદા ભાગોમાં ફરી વલે છે અને તેથી ઘણાંજ ધાસ્તી ભરેલાં

પરીણામો નીપજવાનો સંભવ રહેછે. એટલા માટે દરેક જખમની સારવાર કરતાં આ ત્રીજી રીત ઉપર ઘણુંજ ધ્યાન આપવાની જરૂર છે. આ જરૂર કેટલી બધી હશે તેનો એટલાજ ઉપરથી ખ્યાલ આવશે કે તે જખમની સાથે સંબંધમાં આવતી દરેક વસ્તુને હવાનાં ઝેર મારનારી દવાઈઓથી ચોખી કરવાની સખત તાકીદ કરવામાં આવે છે. આવી મેલવણીમાં કારબોલીક એસીડ ઘણીજ સાધારણે વપડાતી હોવાથી આપણે ત્યાં કારબોલીક એસીડનેજ ધ્યાનમાં લઈશું. જખમને ધોવા માટેનું પાણી કારબોલીક એસીડથી ચોખું કરેલું હોવું જોઈએ, જે કારણ માટે એક બાલદી ભરીને લીધેલાં પાણીમાં એક આઊંસ જલદ કારબોલીક એસીડ નાખેલી હોવી જોઈએ. કોઈ એ કરતાં નરમ મેલવણીનું પાણી વાપડે છે. એ પ્રમાણે તઇઆર કીધેલાં પાણીમાં જખમને લગાડવામાં આવતી દરેક વસ્તુ છરી, કાતર, સલી, ચીપીઓ, વાદલાં વગેરે બોલીનેજ તેમનો ઉપયોગ કરવો. સારવાર કરનારે પોતાના હાથ પણ તેજ પાણીમાં બોલીને પછી જખમપર લગાડવા. જખમ ધોવા પછી કારબોલીક તેલમાં બોલેલો સણ તેની ઉપર મેલવો અને જો પાટા બાંધવા પડે તો તે પણ કારબોલીકનાં પાણીમાં પહેલાં બોલીને સુકવી રાખેલા પાટા હોય તો વધારે સારા. જો જખમમાં ઘણો દુખારો હોય તો બે ભાગ કપુર સાથે એક ભાગ કારબોલીક એસીડ મેલવીને તે મેલવણી લગાડવી. જો જખમ ઘણો પાકતો હોય તો કારબોલીક તેલમાં બોલેલો સણ મેલવા પહેલાં સહેજ આયોડોફોરમ જખમની સપાટી ઉપર ભભરાવવું. જો જખમ ઘણો ઊંડો નહીં હોય અને જલદી રૂઝ આવે એવો માલમ પડે તો કારબોલીક એસીડની કોઈ મેલવણીને બદલે બોરીક એસીડ વાપડવી. જો કલોરાઈડ આવ ઝીનક મોઘું નહીં પડતું હોય તો કારબોલીક એસીડને બદલે એક ભાગ કલોરાઈડ આવ ઝીનક સાથે બાર ભાગ પાણીના મેલવી તે મેલવણથી જખમને ભીંજેલો રાખવો.

હવાની ઝેરી અસરની સામે એ રીતે જખમનો બચાવ કીધા પછી તેની કીનારીઓ જો સાથે જોડી શકાય તો તે કીનારીઓને અકેકની પાસે લાવવાની કોશેશ કરવી. જો જખમ ઘણો ઊંડો હશે યા તો છુંદાઈ ગયલો હશે તો કીનારીઓ આ પ્રમાણે સાથે મલનાર નથી. જો જખમ સાફ કપાએલો હશે, પણ ઘા બહુ ઊંડો હશે તો આ પ્રમાણે કીનારીઓ અકેક સાથે જોડાઈ શકશે ખરી, પણ તેવા સંજોગમાં તે કીનારીઓ નહીં જોડવામાં ફાએદો છે, કારણ કે પાછલથી ચહડતા સોજાને અને માંહે રહી જતા લોહીના ફોટકા, પરૂ વગેરેને આપણે ધ્યાનમાં રાખવાં જોઈએ અને તેઓ સહેલાઈથી બહાર નીકલે માટે તેમનો માર્ગ તદન મોકલો રાખવો જોઈએ. જખમ જો ઘણો ઊંડો નહીં હશે તો કીનારીઓ પાસે લાવ્યા પછી તેમને ચીકણા મલમની પટીઓથી સાથે ચીટકેલી રાખી શકાશે. ચામડી ઉપરના બાલ સાથે પટી ચીટકી નહીં જાય માટે કીનારી ઉપરના બાલો બોડી નાખવા પછીજ એવી પટીઓ લગાડવી. જો જખમ ઊંડો હશે તો એ પટીઓને તે મચક આપશે નહીં, માટે એવી વેલા કીનારીઓને તાંતના દોરાથી, યા રેશમના દોરાથી, તાંકા મારી લેવા. જનાવરોના સંબંધમાં હીલચાલ કરી શકે એવા જખમાએલા ભાગો ઉપર તાંકા નહીં મારવામાંજ ડહાપણ છે.

નેવર વગેરે જખમો.

નેવર મારતાં વગેરે બીજી રીતે હીલચાલ કરતાં ઘોડાના આગલા યા પાછલા પગો ઉપર જે જખમો થાય છે તે જખમોનો એજ પ્રમાણે એલાજ કરવો. એટલા માટેજ એ જખમોનું ત્યાં જુદું વરણન કરવામાં આવ્યું નથી. એવી રીતે આગલા પાછલા પગો અકેક સાથે અહડવાથી થતા જખમો નહીં થાય એટલા માટે નાલબંધી ઉપર વધારે ધ્યાન આપવું અને જખમી થતા ભાગોની ઉપર રબરનાં કડાં, યા નરમ ગાદી સાથના ચામડાંના પટા વાપડવા.

હાડકાંઓનું ભાંગવું—(Fractures.)

હાડકાં ભાંગવાના અકસ્માતો જનાવરોમાં જેટલા સાધારણ છે એટલા માણસોમાં નથી અને કમ ભાયગે જનાવરોના સંબંધમાં એ સાધારણ અકસ્માતોના ઉપાયો કરવાનું કામ પણ બહુજ મુશકેલ છે, કારણ કે ભાંગેલાં હાડકાંના કટકાઓને અકેક સાથે ગોઠવ્યા પછી તેમને તેવી ગોઠવેલીજ હાલતમાં રાખવાનું કામ બહુજ અશકય છે. એટલા માટે એ અકસ્માતોનું વરણન ટુંકમાંજ કરવાનું વાજબી છે.

હાડકાં ઘણું કરીને ત્રણ રીતે ભાંગે છે.

૧—પહોલાઈએ સીધાં આરપાર.

૨—તીરકસ એક બાજુથી બીજી બાજુ ઉપરથી હેઠે.

૩—લંબાઈએ સીધાં ઉપરથી નીચે.

હાડકાંઓ એ રીતે ભાંગતાં કોઈ વેલા ચામડી આખીજ રહી જાય છે, કોઈ વેલા તેઓ ચામડીમાંથી બહાર ફુટી નીકલે છે, અને કોઈ વેલા તે હાડકાંના બેજ ટુકડા થવાને બદલે ત્રણ ચાર અને તેથી કદાચ વધારે પણ ટુકડા થાય છે.

પહેલી રીતે ભાંગતાં હાડકાંને સાદી રીતે ભાંગેલું હાડકું કહેછે, કારણ કે એ રીતે ભાંગેલું હાડકું ચામડી ફોડીને બહાર નીકલતું નથી અને તેથી બહારની હવા સાથે તે ભાંગેલાં હાડકાંને કાંઈ પણ સંબંધ રહેતો નથી. પણ બીજી રીતે ભાંગેલું હાડકું ચામડી ફોડીને બહાર નીકલતું હોવાથી તે બહારની હવા સાથે સંબંધ રાખે છે અને તેવા સંજોગમાં બહારની હવામાં ઉડતાં ઝેરી બીયાંઓ તે જખમમાં દાખલ થઈ તેની ગંભીરતામાં વધારો કરે છે. ત્રીજી રીતે ભાંગેલું હાડકું સઉથી ખરાબ છે, કારણ કે હાડકાંનો ચુરેચુરો થવાથી એકતો તેને સંધાઈ જતાં બહુ વખત લાગે છે અને બીજું તો એ કે તે હાડકાંની સઘલી બારીક કરચો જ્યાં સુધી બદનની બહાર નીકલી જતી નથી ત્યાં સુધી તે જ-

ખમમાં પાક ચહડયાજ કરે છે, જેથી બહુજ કંટાલો આવે છે. આ ત્રણ રીતે ભાગતાં હાડકાંઓમાં જ્યારે બીજી અને ત્રીજી રીત સાથે થઈ જાય છે એટલે કે હાડકું ચુરેચુરા પણ થાય છે અને ચામડી ફાડી બહારની હવા સાથે સંબંધ પણ રાખે છે, ત્યારે તે અકસ્માત બહુજ ધાસ્તી ભરેલો થઈ પડે છે, કારણ કે તેમાં એકગમથી હાડકાંની બારીક કરચો અંદરખાનેથી સોજો ઉશકેરે છે અને બીજી ગમથી હવામાંનાં ઝેરી બીયાંઓ બહારથી પાક ચહડાવે છે.

ભાગેલાં હાડકાં જો કદી પણ સાથે જોડાય છે તો તેઓ ઘણું કરીને ત્રણ રીતે જોડાય છેઃ—

૧—ભાગેલા છેડાઓમાંથી લોહીની નેસો મારફતે બંન્ને છેડા સાંધી દેનારી વસ્તુ નીકલી તે છેડાઓને સાંધી નાખે છે.

૨—જ્યારે આ પ્રમાણે ભાંગેલા છેડાઓમાંથી વસ્તુ નીકલીને બંન્ને છેડા સાથે નથી સાંધી શકતી ત્યારે તે છેડાઓની બહારની બાજુ ઉપર હાડકાંરૂપી વસ્તુ એકઠી થઈ બંન્ને છેડાઓની આસપાસ જાણે દેવાલ ભરી લે છે, અને જો હાડકું વચમાંથી પોકલ હોય તો ગુડ જે નલીમાં સમાએલી હોય છે તે નલીના ઘેરાવામાંથી પણ હાડકાંરૂપી પદાર્થ બહાર નીકલી તે હાડકાંઓને જોડી નાખે છે. આવી રીતે હવે બહારથી દેવાલનો ટેકો મલવાથી અને વચમાંથી ગોયા થાંબાનો ટેકો મલવાથી તે ભાંગેલા છેડાઓની નીચલી સપાટીમાંથી હવે સાંધી દેનારી વસ્તુ નીકલવા માંડે છે અને પહેલી રીત પ્રમાણે તે હાડકું સંધાઈ જાય છે. ગોયા કુદરત પોતેજ એ પ્રમાણે તે હાડકાંની આસપાસ કામઠાં ભરી લઈ તે હાડકાંને સંધાવાની તક આપે છે. જ્યારે તે હાડકું સંધાઈ રહે છે ત્યારે પેલી દેવાલ અને થાંબાનું વધુ વખત કામ નહીં હોવાથી તેઓ લોહીમાં પાછાં ચુસાઈ જાય છે.

૩—કેટલીક વેલા હાડકાં સંધાતી વખતે તેમની વચે જે સાંધનારી વસ્તુ પુરાય છે તે વસ્તુ હાડકાં જેવી મજબુતી ધરવાને બદલે તે નરમ હાડકાં જેવીજ રહી જાય છે અને કદી પણ સખત થતીજ નથી. આવી રીતે બનવાથી તે હાડકાંના છેડાઓ સહેલાંઈથી વલી શકે છે અને ગોયા ત્યાં નવો સાંધો પેદા પડયો હોય એવો દેખાવ આપે છે.

નીશાની—હાડકું ભાંગું છે કે નહીં તે નક્કી કરવાને માટે ચોકસ નીશાનીઓ છે, જે સઘલી નીશાનીઓમાંની એકથી વધુ નીશાનીઓ યા તો સઘલી નીશાનીઓ હાજર હોય છે. ભાગેલાં હાડકાંવાલા ભાગમાં દાબતાં યા હીલચાલ પેદા કરતાં દરદ થાય છે. તે ભાગ સુજી આવેલો અને ગરમ હોય છે. જો હાડકું એવી જગ્યાએ ભાંગું હોય કે જ્યાં

જુદા જુદા માંસના લોચાઓ તે હાડકાંની ઉપર પોતાનું બલ વાપડી શકતા હોય તો ત્યાં તે ભાગનો અસલ આકાર બદલાઈ ગયલો લાગે છે. જો હાડકાંના છેડા બરોબર છુટા પડયા હોય છે તો તેઓ એકેકની સાથે ઘસાતાં હાડકાંની સપાટીઓ ઘસાવાનો ખરબચડો અવાજ આવશે. આ અવાજ પેદા કરવાને માટે તે ભાગને જુદી જુદી રીતે હીલવી જોવાની યા દાબી જોવાની જરૂર છે. ઘણીક વેલા હાડકું ભાંગે છે ખરૂં, પણ તેના છેડાઓ એક બાજુથી તદન વલગેલા રહેછે, યા તો છેડા જો કે તદન આરપાર તુટેલા હોય છે, તો પણ હાડકાંની આસપાસનું પડ ઘણુંજ મજબુત હોવાથી તે પડ તુટયા વીનાનું રહી જાય છે અને તેથી હાડકાંના તુટેલા છેડા જેમના તેમ મજબુત રહે છે તેથી હાડકાં ઘસાવાનો ખરબચડો અવાજ આવતો નથી. આવી વેલા તે ભાગમાં દબાણથી થતું દુખ વગેરે બીજી નીશાનીઓ ઉપરથીજ દરદ પારખવું પડે છે. જો ચારે પગની હીલચાલ સાથે સંબંધ રાખનારૂં કોઈ હાડકું ભાગું હોય છે તો લંગડાપણું પણ હાજર હોય છે.

ઉપાય—જો ભાગેલાં હાડકાંનો એક છેડો માંસના લોચાઓથી ખેંચાઈને બીજા છેડાથી દુર જતો રહયો હોય, તો બંન્ને છેડા એકેક સાથે પાછા મેલવી દેવાની કોશેશ કરવી અને તેમને તેવી રીતે તેઓ જોડાય ત્યાં સુધી રાખવાને માટે કામરીઓ બાંધવી. આ કામરીઓ મજબુત ચામડાંની, પાટીયાં જેવાં જાડાં કાગજની, પાતલાં લાકડાંની યા ગટાપરચાની હોય છે. કામરીઓ લગાડવા અગાઊ તે ભાગમાં જે ઊંચાણ નીચાણ હોય તે કુરી નાખી સઘલી સપાટી સરખી કરવી જોઈએ. આ મતલબથી રૂ અથવા સણની ગાદીઓ વાપડવી. વલી કામરીઓ લગાડતી વખતે તે ભાગની ઉપસી આવતી અણીઓ ઉપર દબાણ નહીં થાય એટલા માટે તે અણીઓને મલતા કામરીના ભાગો કાપી કહાડવા અને તેજ પ્રમાણે જો તે ભાગ ઉપર કાંઈ જખમ થયા હોય તો તે જખમોની પણ સારવાર કરી શકાય એ મતલબથી તે જખમવાલા ભાગો આગલની કામરી પણ કાપી કહાડી તે ભાગો ઊઘાડા રાખવા.

કામરીઓને મજબુત રાખવાને માટે જે પાટા વાપડવામાં આવે છે તે પાટાઓ હીલચાલ કરતાં ઢીલા થઈ જવાનો સંભવ રહે છે, માટે જો કામરીઓ મેલ્યા પછી તેમની ઉપર બાંધવામાં આવતા પાટાઓને કાંઈ એવી મેલવણીમાં બોલ્યા હોય કે જે મેલવણી તરતજ સુકાઈ કઠણ થઈ જાય, તો તે પાટાઓ કદી પણ ખીસનાર નથી. સાધારણ દામર, કાંજીનું પાણી, પ્લાસતર આવ પેરીસ વગેરે વસ્તુઓ આ ઉપયોગ માટે ઘણીજ સરસ છે. પ્લાસ્તર આવ પેરીસ ઘણો સફાઈદાલો અને વધારે સલામત હોવાથી તે એ કામ માટે વારંવાર વપડાય છે. ભાગેલાં હાડકાંઓની ઉપર ગાદીઓ ગોઠવી તેની ઉપર કામરીઓ મેલ્યા પછી તેની ઉપર એક પાટો મજબુત બાંધી લેવો. આવી રીતે બાંધેલા પાટા ઉપર તરતનો પલાલેલો પ્લાસ્તર આવ પેરીસ લગાડી દેવો. આવી રીતે એક પાટો બાંધવા પછી હવે તેની ઉપર બીજો પાટો બાંધવાની તઈઆરી કરવી. આ પાટાને પહેલાં એકદમ બાંધી દેવો નહીં, પણ તેના દરેક વલ લેવા સાથે તે પાટાને ઘટ પ્લાસ-

તરનાં પાણીથી ભીંજવતા જવું અને પાટા બાંધતા જવું, એ પ્રમાણે પાટા પુરો થાય ત્યાં સુધી કરવું. પ્લાસ્તર આવ પેરીસમાં એવો ગુણ છે કે પાણી સાથ મેલવ્યા પછી તે જ્યારે સુકાઈ જાય છે ત્યારે તે તદ્દન પથર જેવોજ થઈ જાય છે.

પાટા બાંધતી વખતે ધ્યાન રાખવું કે તે ભાગમાં ફરતું લોહી તેથી અટકી નહીં પડે યા બીજી રીતે તે ભાગમાં તે કઢંગું દબાણ નહીં કરે. એ રીતે કામરીઓ બાંધવા પછી જરૂર વગર બે મહીના સુધી તે છોડવી નહીં, અને કામરીઓ છોડવા પછી બીજા બે મહીના સુધી તે જનાવર સોડે કાંઈ પણ કામ લેવું નહીં.

આ રીતે સારવાર કરવા ઉપરાંત તે જનાવરની સાધારણ તનદરોસ્તી ઉપર પણ ધ્યાન આપવું. તેને પહેલાં એક જોલાબ આપવો અને પછી ઝાડો ખુલ્લો રહે એવોજ ખોરાક ઉપર રાખવું. બનતાં સુધી તે જનાવરને લીલો ઘાંસ ચારો આપવો. જો જનાવરને ઘણું દુખ થતું હોય તો દર ચાર કલાકે એક આઊંસ લોદેનમ અરધી પેંટ પાણી સાથે મેલવીને પાવું. જો હાડકું સંધાયા પછી તેની આસપાસ કઠણ વસ્તુ ઠરી રહેલી જણાય તો બીનઆયોદાઈડ આવ મરકયુરીનું બ્લીસ્તર બે ત્રણ વખત મારવું.

તુટેલી કમર—(Broken Back.)

જો કે કમરનાં હાડકાંઓ તુટે ત્યારેજ તે અકસ્માતને તુટેલી કમરનાં નામથી ઓલખવો જોઈએ, તો પણ આપણા લોકો કમરની આગલના ભાગમાંનું પીઠનું પણ હાડકું ભાંગું હોય તો તે અકસ્માતને તુટેલી કમરનાં નામથીજ ઓલખે છે. જો પીઠનું હાડકું ભાંગું હોય તો પાંસલીનાં હાડકાંઓ બંન્ને બાજુથી તેને ટેકો દેતાં હોવાથી તે ભાગેલાં હાડકાંનો ટુકડો પોતાની જગ્યાએથી ખસી જઈ બરૂડાની કરોડમાંની ગદુદ ઉપર દબાણ ચલાવી શકતો નથી, પણ જો કમરનું હાડકું ભાગું હોય છે તો ભાગેલાં હાડકાંનો ટુકડો ગદુદ ઉપર દબાણ ચલાવી ભારે સોજો પેદા કરેછે અને લકવો વગેરે દરદ પેદા કરી ધાસ્તી ભરેલાં પરીણામો નીપજાવે છે.

નીશાની—પાછલા પગોમાં થોડો યા ઘણો લકવો માલમ પડેછે. દરદીથી હીલચાલ થઈ શકતી નથી યા ઉભું પણ રહેવાતું નથી. જો દરદી ઉભું રહેલું હોય છે તો તે કમરને મહેરાબના આકારમાં વાલી નાખે છે. આવીજ નીશાની કાલી પીશાબનાં દરદમાં પણ હાજર હોય છે, પણ તેની સંગાતે પીશાબનો રંગ ધ્યાનમાં લેતાં તે દરદ ખુલ્લી રીતે પરખાઈ આવે છે. કમરનાં હાડકાંઓની અંદરની બાજુએ જે માંસના લોચાંઓ આવેલા છે તે લોચાઓમાં આવતી લચકનું દરદ પણ પારખતી વેલા આ દરદ સાથે ભેલી નાખ

વાનો સંભવ રહેછે અને માઠ્ઠું ભાયગે એક સાધારણ માણસથી આ બંન્ને દરદો વચેનો ફરક સહેલાઈથી પરખાઈ શકાતો નથી.

કારણ—ઘણું કરીને આ દરદ અકસ્માતથી જનમ પામે છે.

ઉપાય—અગરજો અકસ્માત થવા પછી તે જનાવર પડી રહ્યું હોય તો તેને જમીન ઉપરજ પડી રહેવા દેવું અને જો પડવા પછી ઊંભુ થયું હોય તો તેને પાછું બેસી જતાં અટકાવવું. એમ કરવાનું કારણ એ કે, આવા અકસ્માતમાં ભાગેલાં હાડકાંઓના ટુકડાની હીલચાલ બનતાં સુધી અટકાવવી જોઈએ. જો અકસ્માત થવા પછી લકવો લાગુ પડી ચુકયો હોય તો આ સંભાલ લેવાથી કાંઈ પણ ફાએદો થવાનો નથી, કારણ કે તે બનાવ ખુલ્લે ખુલ્લું દેખાડે છે કે ભાગેલું હાડકું ગદ્દુદ ઉપર દબાણ કરેછે. જનાવરને પાછું બેસી જતું અટકાવવાને માટે તેનું માંથું ઊંચે બાંધી રાખવું. જોખમાએલો ભાગ હીલતો અટકાવવાની મતલબથી ત્યાં બ્લીસ્તર મારવું. કેટલાકો આ કારણને માટે લેપ મારેછે, પણ આવી જગ્યાએ મારેલો લેપ તેની મતલબ પાર પાડે એ અશકય છે. નીચલી મેલવણી લેપ માટે ઘણી સરસ છે.

બરગનદ્દી પીચ અથબા દામર	૪ આઉંસ.
મીન..	૪ ,,

આ બંન્નેને સાથે પીગલાવી તે મેલવણી જોખમાએલા ભાગ ઉપર અને તેની આસપાસ લગાડવી.

કુલ્લાંની અણીનું ભાગવું—(Fracture of the Point of the Hip.)

જાંગનાં કુલાંનાં હાડકાંનો અણીઆલો ભાગ જે પેટના ખાડાની પછવાડે નીકલી આવતો માલમ પડે છે તે અણી વારંવાર ભાગી જાય છે. તબેલાના સાંકડા દરવાજામાંથી પસાર થતાં, યા ગલીને નાકે વલી જતાં કોઈ ઘરની દેવાલ યા એવીજ બીજી સખત વસ્તુ સાથે અઢડતાં, યા જમીનપર પડી જતાં આ કુલાંની અણી સઊથી બહાર નીકલી આવેલી હોવાથી ઘણીજ સહેલાઈથી જોખમાય છે. આ અણી એવી રીતે ભાંગવા પછી તે એકજ જગ્યાએ ઠરીને રહી શકતી નથી, કારણ કે પેટના ચોકસ માંસના લોચાઓ તેની સાથે ચીટકેલા હોવાથી તે જનાવરના દરેક દમ સાથે તે અણી આગલ પાછલ ખીસયાજ કરે છે. આ કારણને લીધે એ ભાગેલો ટુકડો બીજાં હાડકાંઓની માફક સંધાઈ શકતો નથી, પણ જો સંધાય છે તો તે ત્રીજી રીતેજ સંધાઈ શકે છે. અગરજો આ પ્રમાણે પણ તે હાડકું નહીંજ સંધાય તો પછી તે ટુકડો કાપી કહાડવો, નહીં તો તે ત્યાં રહીને સોજો પેદા કરશે.

નીચેનાં જડબાંનું ભાગવું—(Fracture of the Lower Jaw.)

જેરકરડીની લગામના કઢંગા ઉપયોગથી કરીને નીચેનાં જડબાંનું હાડકું કોઈ વખતે તુટી જાય છે. આવી વેલા ભાગેલાં હાડકાંની છુટી પડેલી કરચોને બહાર કહાડી નાખવી અને દરદી ભાગ જેટલો કોહી ગયલો જણાય એટલો ઓખવી કહાડી તેની ઉપર જલદ હાઇદ્રોક્લોરીક એસીડ લગાડવી. હવામા ઉડતાં ઝેરી બીયાં દાખલ નહીં થાય માટે કારબોલીક એસીડ વગેરે દવાઈઓનો "જખમ"નાં મથાલાં હેઠલ ફરમાવ્યા પ્રમાણેનો ઉપયોગ કરવો. જ્યાં સુધી તે જનાવર સારૂં થાય નહીં ત્યાં સુધી ચાવવો નહીં પડે એવો ખોરાક આપવો.

પાંયખડનાં હાડકાંઓનું ભાંગવું—(Split Pastern.)

શરતના ઘોડાઓનાં મોટાં પાંયખડનાં હાડકાં ઉપર ભારે ધબકારાઓ થવાથી તે હાડકું ફાટવાના બનાવ વારંવાર બને છે.

નીશાની—જનાવર ભારે જોશમાં દોડતું દોડતું અચબુચ ઉભું રહી જાય છે અને ખડીનો અંગુઠોજ જમીન ઉપર ટેકવીને ઉભું રહે છે. આ હાડકાંની આસપાસ ચીકાશવાલા પટાઓ અને હારડીપડ ઘણાં મજબુત હોવાથી ફાટેલાં હાડકાંના ટુકડાઓ છુટા પડવાને બદલે જોડાયલાજ રહે છે. પાંયખડના ખાડામાં દબાણ કરવાથી દુખ થતું માલમ પડે છે અને થોડો વખત ગયા પછી પાંયખડના ખાડા આગલ સોજો દેખાવ દે છે. ત્રણ ચાર દીવસ પછી જોખમાએલું હાડકું હાથે તપાસી જોતાં કાંઈ કઠણ ચીજથી તે ઘેરાએલું હોય એવું લાગે છે. આ કઠણ ચીજ તે ભાગેલાં હાડકાંને સાંધી દેવા માટે પેદા પડેલી સાંધનારી વસ્તુ હોય છે. આ સાંધનારી વસ્તુથી પાંયખડમો ખાડો પુરાઈ ગયલો હોવાથી તનદરોસ્ત પાંયખડની ઉપર જે ઊંચ નીચ ખરબચડી સપાટી માલમ પડે છે તેને બદલે ત્યાં સઘલી સરખી સપાટી જણાય છે અને તનદરોસ્ત પગનાં પાંયખડ સાથે એ રીતે જોખમાએલાં પાંયખડનો દેખાવ સરખાવતાં જોખમાએલું પાંયખડ વધારે ફુલેલું જણાય છે. એ ઉપરાંત નહાની ઘુંટી આગલ પણ પહેલાં સોજો લંબાય છે, પણ પાછલથી તે સોજો ઉતરી જાય છે.

કારણ—હાડકું કડક થઈ જવાથી અથવા તેમાં કાંઈ બીજું નબલાઈ કરનારૂં દરદ થવાથી અથવા હાડકાંથી ખમી શકાય તે ઉપરાંત વધારે જોશબંધ ધબકારાઓ લાગવાથી આ પ્રમાણે એ હાડકું ફાટે છે.

ઉપાય—જો હાડકાંના ટુકડા ખસી નહીં ગયા હશે તો લાંબો વખત આસાએશ આપવા પછી ધીમાં કામને માટે તે જનાવર વાપડી શકાશે, પણ એક વખત આ અક-

સ્માત થવા પછી તે જનાવર કદી પણ પોતાની અસલ ઝડપ મેળવી શકવાનું નથી. જો કે પાટાઓ બાંધ્યા વગર પણ હાડકું જોડાઈ શકે છે, તો પણ પાટા, ગાદી વગેરે બાંધવામાં ફાએદો છે. આ કારણ માટે પાંચખડના ખાડામાં પ્લાસ્તર આવ પેરીસથી ભીંજવેલો એક પાટો પહેલાં વીંટાલી લઈ પછી તેજ પ્લાસ્તરમાં બોળેલી સણુંની ગાદી તે ખાડો તદન પુરી નાખે એટલી બધી મુકવી અને તેની ઉપર પ્લાસ્તરમાં બોળેલો બીજો મજબુત પાટો બાંધી લેવો. આ પાટા ઘણા જોરમાં તાણીને બાંધવા નહીં. અકસમાત થયા પછી એક મહીનો રહીને એક યા બે વખત બ્લીસ્તર મારવું.

કુલ્લાંનાં હાડકાંનું ભાગવું—(Fracture of the Pelvis.)

પાછલા ભાગની બરડાની કરોડનાં હાડકાંઓને તેમજ જાંગનાં હાડકાંઓને કુલ્લાંનાં હાડકાંઓ ટેકો આપે છે. આ હાડકાંઓ અકસ્માતથી વારંવાર ભાગે છે. કુલ્લાંની અણી ભાગવાની બાબત આપણે આગળ તપાસી ગયા. હવે અહીંઆં તેના જુદા જુદા ભાગો જોખમાવાની બાબદ સામટી તપાસી લઈશું. કુલ્લાંના ભાગમાં જે સઉથી પાછલો ભાગ છે અને જે ભાગ સક્રાની બંને બાજુએ ગોળ ટેકરાઓ માફક નીકળી આવે છે, તે ભાગ વારંવાર ભાગે છે. આવી વેળાએ એક બાજુએથી જોતાં તે જોખમાએલો ભાગ સપાટ થઈ ગયલો જણાય છે. ત્યાં સોજો માલમ પડે છે અને હાથ લગાડતાં દુખ થતું જણાય છે તથા તે નીશાનીઓ સંગાતે લંગડાપણું પણ હાજર હોય છે. લાંબો વખત આશાએશ આપવાથી દરદને ઘણો ફાયદો થશે. કુલ્લાંના બીજા ભાગોના ભાગવાની નીશાની તે બાજુનો કુલ્લાંનો દેખાવ વધારે સપાટ થવા ઉપરથી જણાઈ આવે છે. તે જનાવરમાં લંગડાપણું માલમ પડે છે અને તે લંગડાપણાની તપાસ કરતાં પાછલો પગ જડ થઈ ગયલો અને ગોળ કુંડાળાના આકારમાં આગળ આવતો માલમ પડે છે. જો જનાવર બેસી ગયલું હોય છે તો જાણે તેની કમર ભાગી ગઈ હોય તેમ ઉઠતાં તે બહુ દુખી થતું માલમ પડે છે અને સક્રામાં હાથ દાખલ કરીને તપાસ કરતાં ત્યાં કંઈક કઢંગી રીતે નીકલી આવેલો યા બેસી ગયલો ભાગ માલમ પડે છે. અગરજો જાંગનું હાડકું જ્યાં કુલ્લાંના હાડકાં સાથે મળી જઈ કુલ્લાંનો સાંધો બનાવે છે ત્યાં હાડકું ભાગ્યું હોય છે તો તેવી વેળા ફાયદાની આશા રાખવી ખોટી છે. કેટલીક વેળા અકસ્માત એવી જગ્યાએ બને છે કે પાછલા પગોમાં જતા જ્ઞાનતંતુઓની ઉપર તે અકસ્માતની અસરો થાય છે અને તે અસરને લીધે દરદી કદી પણ અસલના જેવી તનદરોસ્તી મેળવી શકતો નથી. આવી વેળાએ સઉથી સરસ ઉપાય જે બની શકે છે તે એજ છે કે, દરદીને ઝોલીમાં ટાંગવું; જોખમાયલા ભાગ ઉપર ડામર અને મીણનો લેપ મારવો અને લીલા ઘાસ ચારા ઉપરજ દરદીને રાખવું.

પાંસલીઓનું ભાગવું—(Fracture of the Ribs.)

એક જનાવરને બીજાં જનાવરની લાત લાગવાથી અથવા તો કોઈ સાંમેથી આવતી ગાડી સાથે અઠડવાથી પાંસળીઓ ભાગવાનો અકસ્માત વારંવાર બને છે. આવા અકસ્માતની વેળાએ ભાગેલી પાંસળીનો ટુકડો ફેફ્સાંમાં અથવા ફેફ્સાંનાં પડમાં ભોકાઈ જાય છે તો તેનું પરીણામ બહુ માઠું નીપજે છે. જો ફેફ્સાંમાં હાડકાંનો ટુકડો ગયો હોય છે તો આસપાસની ચામડીમાં હવા ભરાઈને તે ચામડી ફુલાવી મેલે છે. આવી રીતે ફુલેલી ચામડીપર જો દબાણ કીધું હોય છે તો હવાના પરપોટા માંહે ફુટતા હોય તેવો અવાજ થાય છે. આવા અકસ્માતમાં દરદ બદન સારૂં થવાની આશા રાખવી એ ખોટું છે. આવી વેલા બહાર થયલા જખમને વધારે મોટો કરી અંદર શું છે તેની તપાસ કરવા જવું એ કામ ડહાપણથી ઉલટું છે. જો એવો જખમ થયો હોય તો તરતજ તે બંધ કરી નાંખવાની કોશેશ કરવી અને તેની ઉપર તારનું પડ કરવું. પાંસલીઓ ભાગી હોય તો ભાગેલા ટુકડાઓને એકેક સંગાથે જોડી રાખવાની મતલબથી ત્યાં પાટા બાંધવામાં કંઈ પણ ફાયદો નથી. કોઈ કોઈ વેળા પાંસલી ભાગી છે કે નહી તે બહારથી માલમ પડતું નથી, પણ જ્યારે જીન નાખતાં યા પીઠ પરનો બીજો સામાન નાંખતાં પટાઓ ખેંચવામાં આવે છે ત્યારે તે જોખમાયલા ભાગમાં દરદ થવાથીજ એ અકસ્માતની હાજરી માલમ પડે છે.

જાંગનાં હાડકાંનું ભાગવું—(Fracture of the Thigh-bone.)

જાંગનાં હાડકાંની બહારની બાજુએ અને ઉપલા છેડા ઉપર જે મોટો હાડકાંનો ટેકડો છે તે ટેકડો અકસ્માતથી જોખમાય છે, અને તેથી કરીને તે જનાવરની હીલચાલમાં ઘણીજ અડચણ પડે છે; તેનું કારણ એ કે, પગને લંબાવનારો જે મોટો માંસનો લોચો છે તે એ ટેકડા ઉપરથી પસાર થાય છે. લાંબો વખત સંપુરણ આસાએશ આપવી એ-જ આ અકસ્માતનો ઈલાજ છે. એ પ્રમાણે પુરતી આસાએશ આપ્યા પછી ધીરાં કામોને માટે તે જનાવર લાયક થાય છે; પણ ઝડપવાળું કામ તેનાથી કદી પણ થઈ શકવાનું નથી. જો જલદીથી ફાયદો થતો નહીં જણાય તો એક યા બે વખત બ્લીસ્તર મારવાથી ફાયદો થશે. જાંગનું હાડકું કોઈ કોઈ વખતે આડકતરી રીતે ફૂટે છે ખરૂં, પણ તે અકસ્માત ક્યાં થયો છે તે પારખવું બહુજ મુશકેલ કામ છે.

ખભાનાં હાડકાંનું ભાગવું—(Fracture of the Shoulder-Blade.)

ખભાંનાં હાડકાંની બહારની બાજુએ મધ્યમાંથી જે લાંબી પાટલી ટેકડા જેવી કોર પસાર થાય છે તે કોર અથવા તો ખભાંનું હાડકું બાજુનાં હાડકાં સાથે જ્યાં મળે છે ત્યાં જે સાંકડો ભાગ છે તે સાંકડો ભાગ અથવા ગરદન વારંવાર જોખમાય છે. પેલી કોર ભાંગવાથી કાંઈ જાણવા જોગ દરદ પેદા થતું નથી, પણ ગરદન ભાંગવાથી લંગડાપણું લાગુ પડે છે. આવી વેલાએ તે જનાવરની ચાલમાં ફરક પડે છે અને જોખમાયલો પગ બહાર રાખી તે આસતે રહીને આગલ લાવતો જણાય છે. અગરજો ગરદનનો ટુકડો ભાગ્યો હોય તો પગને આગલ ખેંચી મુશ્કીથી કરીને ભાગેલો ટુકડો તેની અસલ જગ્યાએ પાછો બેસાડવો અને ત્યાં લેપ મારી લેવો. જો હાડકાંના ટુકડા ખસી નહીં ગયા હોય તો જનાવરને ઝોળીમાં ટાંગી આસાએશ આપવાથી ભાગેલા ટુકડા પાછા જોડાઈ જશે.

પુછડીનાં હાડકાંઓનું ભાગવું—(Fracture of the Tail.)

પડી જવાથી કરીને પુછડીનાં હાડકાંઓ વારંવાર ભાગી જાય છે. જો ભાગેલા ટુકડા સોજો ચહડાવી પાક પેદા કરતા હોય તો તે ટુકડાઓ કાઢી નાખવાની કોશેશ કરવી અને જખમનાં મથાળાં હેઠલ જણાવેલા ઈલાજો લાગુ પાડવા. જો હાડકાં માત્ર ખસી ગયાં હોય તો રૂની ગાદીઓ વગેરે સામાન વાપરી તે હાડકાંઓને પોતાની અસલ જગ્યાએ બેસાડેલાં રાખવાં.

ટેટાંનાં હાડકાંનું ભાગવું—(Fracture of the Tibia.)

ટેટાંનું હાડકું ઉપરના ભાગમાંથી ઘણુંજ પહોલું છે, પણ મધ્ય ભાગ તરફ આવતાં તે સાંકડું બનતું જાય છે અને તે સાંકડો ભાગ બીજાં જનાવરની લાત વાગ્યાથી અથવા કંઇ બીજાં કારણથી જોખમાઈને ભાગે છે. આ હાડકું તેની આસપાસનાં ચીવટ પડને લીધે ભાગવા છતાં પણ તેના ભાગેલા ટુકડા ખસી જતા નથી અને તેથી તે ભાગેલું હાડકું પાછું સંધાવામાં બહુ સેહેલાઈ થાય છે. આ હાડકું ભાગતાં તેના ટુકડા ખસી નહીં જતા હોવાથી તેમજ તે હાડકાંની આસપાસના માંસના લોચાઓને લીધે હાડકું ભા-

ગવાની નીશાનીઓ બહારથી માલમ પડતી નથી. એટલા માટે ઘોડા વાપરનારાઓએ હમેશાં યાદ રાખવું કે તેમનાં જનાવરને બીજાં જનાવર તરફથી ટેટાં ઉપર જો એકુ લાત વાગી હોય અથવા તો બીજી રીતે ટેટું જોખમાયું હોય તો થોડા દીવસ સુધી તે જનાવરને આસાએશ આપવી. જો હાડકું ભાગું હશે તો ઈજા થયલા ભાગ ઉપર હાડકાંનો ઠરો થોડા દહાડામાં માલમ પડશે. આ હાડકું ભાગું છે કે નહીં તે તપાસવાને માટે પગને આમથી તેમ હીલવવો નહીં, તથા હાડકું ભાગું હશે એવો સહેજ પણ શક જાય તો તે જનાવરને જમીન ઉપર બેસવા નહીં દેવું; કારણ કે બેસવા પછી પાછું ઉઠવા જતાં, ભાગેલું હાડકું જો ખસી નહીં ગયું હશે તો તે પણ ખસી જશે. એટલા માટે તે જનાવરનું માંથું ઊંચે બાંધી રાખવું અથવા તો સઉથી સરસ રીત એ છે કે તેને ઝોલીમાં ટાંગવું. નાની ઘુંટીથી તે પગના છેક ઉપલા ભાગ સુધી પ્લાસ્ટર આવ પેરીસના પાટા બાંધવા. જો હાડકું ખસી ગયેલું હોય તો પાટા બાંધવાની અગાઉ ભાગેલા ટુકડાઓને પાછા તેમની અસલ જગ્યાએ બેસાડવાની કોશેશ કરવી.

ઘુંટણની ટોપીનું ખસી જવું—(Dislocation of the Patella.)

માણસના પગમાં ઘુંટણની ઉપર જે નાનું ગોળ હાડકું આમથી તેમ હાલતું જણાય છે તેવુંજ હાડકું ઘોડાના પગમાં જાંગનાં હાડકાંના નીચલા ભાગ સાથે અને ટેટાંનાં હાડકાંના ઉપલા ભાગ સાથે સંબંધ રાખે છે. આ હાડકું વારંવાર પોતાની જગ્યાએથી ખસી જાય છે. પાછલા પગને આગલ લાવનારા કેટલાક માંસના લોચાઓ આ હાડકાંની ઉપર ચીટકીને આગલ પસાર થાય છે. આ માંસના લોચાઓ હાડકાંને હમેશાં હીલાવ્યા કરે છે અને તેવી હીલચાલથી તે ખસી નહીં જાય એટલા માટે ત્રણ ચીકાસવાળા પટાઓ તેને ટેટાંનાં હાડકાં સાથે તેમજ બે ચીકાસવાળા પટાઓ તેને જાંગનાં હાડકાંની સાથે જોડેળું રાખે છે. આ પટાઓ હોવા છતાં તે હાડકું વારંવાર પોતાની જગ્યાએથી ખસી જાય છે. કેટલીક વેળા આ હાડકું પોતાની જગ્યાએથી થોડુંજ ખસી જાય છે અને કેટલીક વેળા તે તદનજ બહાર નીકળી આવે છે. જ્યારે તે થોડુંજ ખસી જાય છે ત્યારે જાંગનાં હાડકાંને નીચલે છેડે જે બે કપ્પી જેવી ગોળ કીનારીઓ છે તે કીનારીઓમાંની એકજ એટલે અંદુરનીજ કીનારી ઉઘાડી પડી આપણા હાથને લાગે છે, પણ જ્યારે હાડકું તદનજ બહાર નીકલી આવે છે ત્યારે એ કપ્પીની અંદરની તેમજ બહારની બંને કીનારીઓ બહાર નીકલી આવેલી માલમ પડે છે.

જ્યારે હાડકું તદનજ ખસી ગયલું હોય છે ત્યારે તે જોખમાયલો પગ પાછલ હઠાવી દીધેલો, સીધો કરી નાંખેલો અને જડ બની ગયલો જણાય છે, તેમજ ખડીનો આગલો ભાગ અથવા તો પાંયખડનો આગલો ભાગ જમીન ઉપર ટેકવેલો માલમ પડે છે.

એવાં હાલતમાં જો દરદીને ચલાવ્યું હોય છે તો તેનો તે પગ જેમનો તેમજ રહે છે અને બાકીના ત્રણ પગ ઉપર તે બહુજ મુસ્કેલીએ ચાલે છે. જો હાડકું થોડું ખસી ગયું હોય તો કપ્પીની એક કીનારી ઉપર તે ગોઠવાયલું હોવાથી અને પાસેજ કપ્પીનો ખાડો હોવાથી તે કીનારી ઉપરથી ખાડામાં ઉતરે છે અને ખાડામાંથી પાછું કીનારી ઉપર ચઢે છે અને દરેક હીલચાલમાં એ પ્રમાણે તે હાડકાંની ચહડ ઊતર થયા કરવાથી ખટક ખટક અવાજ આવ્યા કરે છે.

જ્યારે હાડકું થોડુંજ ખસેલું હોય છે ત્યારે જો ચાબકની ચીમકી ફોડી તે જનાવરને અચ્યમુચ ચોંકાવ્યું હોય છે તો ધાસ્તીના ઉછાળા સાથે તે હાડકું પાછું પોતાની મેળે પોતાની જગ્યાએ બેસી જાય છે, અથવા તો જ્યારે તે જનાવરને ચલાવતાં તે જોખમાયલો પગ આગલ લાવવા જાય છે, તેવામાં અગરજો હાથથી તે હાડકાં ઉપર અંદરની બાજુએ દબાણ કીધું હોય છે તો તે હાડકું પાછું જગ્યાએ બેસી જાય છે. જો એ પ્રમાણે હાડકું નહી બેસે તો પાંયખડમાં દોરડું બાંધી દોરડું થોડાંક માણસો પાસે તે જનાવરના મોંઢાં તરફ ખેંચાવવું અને તેનીજ સાથે એક બીજાં માણસ પાસે તે જનાવરને પાછળ હઠાવવું. એમ હઠાવતાં જો ખસી ગયલાં હાડકાંને અંદર દાબવાની કોશેશ કરવામાં આવશે તો ઘણું ખરૂં સહેલાઈથી તે પોતાની જગ્યાએ બેસી જશે. એ પ્રમાણે હાડકાંને તેની જગ્યાએ બેસાડવા પછી પેલું પાંયખડમાંનું દોરડું ગળામાં નાંખેલી એક હાંસલી સાથે મજબુત બાંધી લેવું કે જેથી તે પગ લંબાયલોજ રહે. આવી રીતે તે પગને લંબાવી રાખ્યા પછી એક યા બે વાર બ્લીસ્તર મારવાથી હાડકું જોડાવાનું કામ ઘણુંજ સહેલાઈથી પાર પડશે. આ હાડકું ખસી જવા પછી તેને તેની જગ્યાએ પાછું બેસાડવાના ઈલાજો કરવામાં ઢીલ નાંખવી નહીં.

હવામાં ઊડતાં ચોકસ ઝેરી બીયાંઓના સબબથી તેમજ બદનમાં બીજી રીતે દાખલ થતાં રોગોનાં બીયાંથી પેદા થતાં બદનના જુદા જુદા ભાગોમાં લાગુ પડતાં દરદો.

(Specific Diseases.)

હવામાં ઊડતાં ચોકસ ઝેરી બીયાંઓ જનાવરનાં બદનમાં દાખલ થવાથી તથા બીજી હરકોઈ રીતે રોગોનાં બીયાં બદનમાં દાખલ થવાથી જે દરદો લાગુ પડે છે અને જેમની મુખ્ય નીશાની બદનની ગરમીમાં વધારો થવાની હોય છે, તે દરદોને આપણે સામ-

ટી રીતે આ મથાળાં હેઠલ તપાસી જઈશું. એક જનાવરને જો એવાં બીયાંઓથી પેદા થયું દરદ લાગુ પડયું હોય છે, તો તે દરદ બીજાં તેની સાથે સંબંધમાં આવનારાં જનાવરોને પણ લાગુ પડે છે. આ સંબંધ સીધ્ધો અથવા તો આડકતરો હોય છે, તો પણ તે દરદ ઉડયા વીના રહેતું નથી. એ માંહેલાં કેટલાંક દરદો તો એટલાં બધાં ઉડતાં છે કે એક ગામમાં તેઓ લાગુ પડતાં તેની પડોશના ગામમાં વસતાં જનાવરો પણ તે દરદથી પીડાવાની ધાસ્તીમાં આવી પડે છે. કેટલીક વેળા પાણીની મારફતે તો કેટલીક વેળા ખોરાકીની મારફતે તો કેટલીક વેળા સરસામનની મારફતે તો કેટલીક વેળા બીજાં નાનાં જનાવરોની મારફતે તો કેટલીક વેળા માવજત કરનારા નોકરોની મારફતે અને કેટલીક વેળા માંખ વગેરે જીવજંતુઓની મારફતે અને એ રીતે તરેહવાર સંજોગોથી આવાં ઉડતાં દરદો એક જનાવર ઉપરથી બીજાં જનાવરને લાગુ પડવાની ધાસ્તી રહે છે અને તે ધાસ્તીમાં સાધારણ હવા પણ ઉમેરો કરી દરદનાં ઝેરી બીયાંઓ એક જનાવર તરફથી બીજાં જનાવર તરફ લઈ જવાનું નાશકારક કામ બજાવે છે. એ રોગોના આવા ઉડતા ગુણને લીધે જ્યારે તે રોગ એક જનાવરને લાગુ પડે છે ત્યારે તે રોગને એકદમ અટકાવવાના તેમજ તે રોગ બીજાં જનાવરોને લાગુ પડતો અટકાવવા માટે એકદમ ચાંપતા ઉપાયો લેવાની જરૂર છે અને જો તે ઉપાયો લેવામાં સંભાલ નહીં રાખી હોય તો તે દરદ જનાવરોની બહુ મોટી સંખ્યાને લાગુ પડી ભારે નુકશાની નીપજાવે છે. એટલા માટે એટલું અગત્યનું છે કે નીચલી ટુંક સુચનાઓ ઉપર તરતજ ધ્યાન આપી તેમાં જણાવ્યા પ્રમાણે કામ લેવું.

૧—જે જનાવરને દરદ લાગુ પડયું હોય અથવા તો લાગુ પડેલું છે એવો સહેજ શક પણ હોય તો વખત ખોહયા વગર તરતજ તે જનાવરને બીજાં જનાવરો આગળથી દુર કરી નાંખવું.

૨—તે જનાવરને જે થાનમાં બાંધેલું હોય તે થાનની દીવાલ, કટેરા, ભોંય, વગેરેને ફેનાઈલના પાણીથી ધોઈને સફાઈ કરવી.

૩—તે જનાવરને માટે વપરાયલો સામાન જેવો કે પાણી પીવાની બાલદી, ચણાનો તોબરો, પટા, જીન, લગામ, દોરડાં, જુલો, વગેરે સઘળો સામાન ફેનાઈલના પાણીથી ધોઈને સુકવવો. જો બની શકે તો તોબરા, દોરડાં વગેરે નજીવી ચીજોને ખરચની દરકાર કરયા વગર બાલીજ નાંખવામાં ડહાપણ છે. જો એવી ચીજો બાલી નાખવાને નહીં બને તો તેઓમાંથી પાણીમાં જે ઉકાળી શકાય તેવી હોય તેમને ખખળતાં પાણીમાં સારીપુઠે ઉકાળી કાઢવી.

૪—એ પ્રમાણે તે જનાવરનું થાન તથા તેનો સરસામાન સાફ કીધા પછી આખા તબેલાને ગંધકનો ધુંવો આપી સાફ કરવાની જરૂર છે. એક બે કલાક સુધી આખો તબેલો ભરાઈ જાય એટલો ગંધકનો ધુંવો ફેલાવ્યાથી દરદનાં સઘળાં બીયાંઓ પોતાની ઝેરી અસર ખોહી દેશે. કહેવાની કાંઈ જરૂર નથી કે તબેલાનાં સઘળાં જનાવરો અને માણસોને આવો ધુંવો કરતી વખતે બહાર કાઢવાં અને તબેલાનાં સઘળાં બારી બારણાં બંધ કરવાં.

૫—દરદી જનાવરને પાણી પાવા માટે, ચણા ખવાડવા માટે, વગેરે બીજાં કામો માટે જે જે સામાન વાપરવાનો હોય તે સઘળો સામાન તદ્દન હેલાયદોજ રાખવો. એટલુંજ નહીં પણ તે જનાવરની માવજત કરવાને માટે જે માણસને રાખ્યું હોય તે માણુસને પણ બીજાં જનાવરો આગલ જવા દેવું નહીં, તેમજ બીજાં માણસો સંગાથે પણ તેને સંબંધમાં આવવા દેવું નહીં.

૬—દરદી જનાવરને એવી જગ્યાએ બાંધવું કે જ્યાં સાજાં જનાવરોનો મુદલ આવજાવ હોય નહીં, તેમજ તે જનાવરને એવી દીશાએ બાંધવું કે સાજાં જનાવર તરફનો પવન્ તેની તરફ આવે, પણ તેની તરફનો પવન સાજાં જનાવર તરફ જાય નહીં. એટલુંજ નહીં પણ તે જનાવરને સાજાં જનાવરોથી એવી દીશાએ ઓછામાં ઓછું વીસ વારને છેટે બાંધવું.

૭—એ પ્રમાણે દરદી જનાવરને છુટું પાડયા પછી તેની પડોશમાં બાંધેલાં જનાવરોને પણ એક હેલાયદી જગ્યાએ છુટાં બાંધવાં. તેનું કારણ એ કે, તેમને દરદ લાગુ પડેલું હોવાનો ઘણો સંભવ રહે છે. એવી રીતે છુટાં પાડવાનાં જનાવરોમાં પાંચ એક બાજુનાં અને પાંચ બીજી બાજુનાં લેવાં અને તે સઘલાંને વળી જુદીજ જગ્યાએ બાંધવાં. આ જનાવરોની માવજત પણ એક જુદાંજ માણસ પાસે કરાવવી અને તે માણસના સંબંધમાં તેમજ તે જનાવરોને વાસ્તે વપરાતા સરસામનના સંબંધમાં પણ ઉપર જણાવ્યા પ્રમાણેનીજ સંભાળ લેવી. ફરક માત્ર એટલોજ રાખવો કે એવાં શકભર્યાં જનાવરોને દરદી અને સાજાં જનાવરોની અધવચ જગ્યાએ બાંધવાં.

૮—જો શકભર્યાં જનાવરોમાં કોઈ જનાવર ઊપર દરદ લાગુ પડયું છે, એવી ખાત્રી થાય તો તરતજ તે જનાવરને ત્યાંથી બહાર કાઢી દરદી જનાવરના છાપડાંમાં લઈ જવું અને તેનાં થાનને તેમજ તેના સરસામાનને તેમજ તે આખાં છાપડાંને ઉપર જણાવ્યા પ્રમાણે ફેનાઈલ, ખખળતું પાણી, ગંધક, વગેરેથી સાફ કરવાં.

૯—જ્યારે ગામમાં કાંઈ ઉડતો રોગ ફેલાયલો હોય અથવા તો બીજા ધણીઓનાં જનાવરોમાં રોગ લાગુ પડેલાની ખબર સંભલાય ત્યારે આપણાં જનાવરો તરફ ઘણીજ ચોકસ નજરથી ધ્યાન પુગાડતા રહેવું. તેની તનદરોસ્તીની સારી સંભાલ રાખવી, અને જનાવરની રૂચીમાં સહેજ પણ ફેરફાર માલમ્ પડતાંજ તે ફેરફારનું કારણ ચોકસાઈથી સોધી કાઢવું અને તરતજ ઘટતા ઉપાયો લેવા.

૧૦—જો જનાવરને લાગુ પડેલો રોગ એવો હોય કે જેમાંથી તેનાં સાજાં થવાની મુદલ આશા નહીં હોય તો તેવાં જનાવરને મારી નાંખવુ એ પુણ્યનું તેમજ પરોપકારનું કામ છે, કારણ કે એવાં જનાવરના જીવવાથી તેને પોતાને તો કાંઈ ફાયદો થનારજ નથી પણ ઉલટું તે બીજાં સંખ્યાબંધ જનાવરોનો ભોગ લેશે.

ઉપલી સુચનાઓ ઉપર જો બરોબર ધ્યાન આપવામાં આવશે તો તેથી ઘણાં કીમતી જનાવરોનો જીવ બંચાવી શકાશે.

ઊડતાં દરદોમાંનાં ઘણાંક દરદો બહુજ સુક્ષ્મીક જીવજંતુઓને લીધે પેદા પડતાં જણાવવામાં આવે છે અને એવું કહે છે કે આ સુક્ષ્મીક જીવજંતુઓ એક પળમાં હજારોની સંખ્યામાં પેદા પડી શકે છે, તથા તેઓ એટલી તો ચીવટ જીવનશક્તી ધરાવે છે કે, હવાના, રૂતુના, વખતના, રહેઠાણુના, અને બીજા તરેહવાર વીચીત્ર ફેરફારો થવા છતાં એ સુક્ષ્મીક જંતુઓ મરતાં નથી અને તક મલતાંજ તેઓ પોતાના પુર બહારમાં પાછાં ખીલી નીકલે છે. આ કારણુને લીધે તેઓ ઘણાંજ ધાસ્તી ભરેલાં પરીણામો નીપજાવે છે અને માનવીની સાધારણુ નજરે નહીં દેખાય એવી રીતે અને એવા સંજોગોમાં તેઓ પોતાનો દેખાવ દે છે. દાખલા તરીકે કેટલાંક ઝેરી દરદનાં બીયાંઓ વરસોનાં વરસ સુધી શાંત હાલતમાં પડી રહ્યા પછી જ્યારે તેમને તક મળે છે ત્યારે પાછાં સજીવન થઈ પોતાનું પુર જોર દેખાડે છે. આવી રીતે એ ઝેરી બીયાં ઉડતાં હોવાને લીધે તે દરદનો ભોગ થઈ પડેલાં જનાવરને મારી નાંખીને દાટવામાં પણુ સલામતી જળવાતી નથી, કારણુ કે તે દાટેલાં જનાવરનાં બદનમાંથી ઝેરી બીઆંઓ નીકલીને આસપાસની જમીનમાં પેવસ થાય છે અને નાનાં નાનાં અંરાસીઆં વગેરે જમીનમાં પેદા પડતા કીડાઓ તે રોગનાં બીયાંથી ભરાયલી માટીને નીચેથી જમીનની સપાટી ઉપર ખેંચી લાવે છે અને તે જમીન પર ઉગેલો ઘાસ ચારો જ્યારે બીજાં હજારો જનાવરો ખાય છે ત્યારે કંઈક વરસોની મુદ્દત ઉપર મરી ગયલા એક દરદી ઘોડાને લીધે તે હજારો જનાવરોનાં બદનમાં તે ઘાસ ચારાની મારફતે દરદ લાગુ પડે છે અને એ રીતે એક દાટેલું દરદી જનાવર કંઈક વરસોની મુદત પછી પણુ હજારો જનાવરોનો નાશ કરવાને શક્તીવાન થાય છે. આ કારણુને લીધે એક દરદી જનાવરને દાટવાને બદલે બાળી નાખવાનું કામ વધારે સલામતી ભરેલું છે. એવાં જનાવરોને કદી પણુ નદીમાં યા બીજી જગ્યાએ પાણીમાં નાખવાં નહીં, કારણુ કે તે પાણી તદન બગડી જઈ બીજાં જનાવરોને નહવાડતાં, પાતાં, યા એવીજ બીજી રીતે તેમના સંબંધમાં આવતાં તે જનાવરોને દરદ લાગુ પડશે.

લુધીઆનાની તાપ અથવા એનથ્રાક્સ.

(Anthrax or Loodiana Fever.)

આ દરદ હીંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં જુદે જુદે નામે ઓલખાય છે, એટલુંજ નહીં પણુ જુદાં જુદાં જનાવરોમાં પણુ તે લાગુ પડે છે અને તે જનાવરોમાં પણુ તે જુદે જુદે નામે ઓલખાય છે. માણુસોમાં પણુ તે લાગુ પડે છે અને તે વેળા તેને ઝેરી ગુમડાંનાં નામથી ઓળખવામાં આવે છે. આ દરદ એક જાતનો ઝેરી તાવ છે, કે જે ઝેરી તાવ એટલી તો ઝડપથી પોતાની નાશકારક અસર નીપજાવે છે કે દરદ લાગુ પડયા પછી

તે બે, ત્રણ કલાકમાં પોતાના ભોગને ઘસડી જાય છે. કોઈ કોઈ વેલાજ આ જાલમ દરદનો ભોગ થઈ પડેલું જનાવર ચારથી પાંચ દહાડા કાઢી શકે છે.

નીશાની—પહેલવેહલાં જનાવર સુસ્ત બની જાય છે, તેની ભુખ ઓછી થઈ જાય છે અને નબલાઈથી તે ધ્રુજવા માંડે છે. કેટલીક વેળા એ નીશાનીઓ દેખાવાની અગાઉ તે જનાવર ઘણીજ સારી હાલતમાં અને ખીલતું દેખાય છે. નાડી બહુ ઝડપવાળી પણ નબળી હોય છે અને કેટલીક વેળા એક પલમાં ૯૦ થી ૧૦૦ ધબકારા મારે છે. નસકોરામાંનું અને આંખમાંનું પડ ગદલા રાતા રંગનું હોય છે. દમ બહુજ ઝડપથી અને મહા મુશકેલીએ ચાલતો જણાય છે અને નાકનાં ફીફરાં દમ લેવાને માટે પહોલાં ફાંપેલાં માલમ પડે છે. આ નીશાનીઓથી કેટલીક વેલા ફેફસાંમાં લોહી ધાઈ આવવાનાં દરદ વીશે ભુલથાપ ખવાય છે, પણ તે દરદમાં દમ લેવાને માટે તે જનાવર જે વ્યર્થ કોશેશ કરે છે, તેવી કોશેશ આ દરદમાં તે કરતું નથી અને સુસ્ત હાલતમાં ઉભું રહે છે, તે ઉપરથી આ દરદ ઝટ પરખાઈ આવે છે. રફતે રફતે પાંસળીઓ દમ લેવાની હીલચાલમાં મદદ કરવાને બદલે સ્થીર થઈ જાય છે અને તેવી વેળા પેટના ખાડાઓ ઉપસાઈ જતા અને જોસમાં સંકોચાતા માલમ પડે છે. આખરે તે જનાવરને તાણ થઈ આવે છે અને દમ ગુંગલાઈ જવાથી કરીને જનાવર મરણ પામે છે. કેટલીક વેળા પેટમાં ચુંકો પણ થઈ આવે છે. મરણ પામવાની થોડો વખત અગાઉ નાકને રસ્તે ગદલા રાતા રંગનું પાણી બહાર નીકળે છે અને મોઢાંમાંથી લોહી જેવું ફીણ બહાર પડે છે.

આ સઘલી નીશાનીઓ ઉપરાંત કેટલીક વેળા બીજી નીશાનીઓ બદનની બહાર પણ માલમ પડે છે, જેમાં મુખ્ય નીશાનીઓ ગરદન, જીભ, અને મોઢાંમાં માલમ પડેછે. નીચલાં જડબાંની બંને શાખાઓ વચ્ચેની જગ્યા સોજાથી તદન પુરાઈ જાય છે, અને તે સોજો છેક છાતી સુધી આખી ગરદન ઉપર લંબાઈને એવો દેખાવ આપે છે કે જાણે ગરદન અને માથું એ બંને એકજ લાકડાંના ટુકડામાંથી કાપી કાઢયાં હોય. કેટલીક વેળા એ રીતે ગરદન સુઝવાને બદલે જીભ સુઝી આવે છે અને તેની ઉપર છાગરાઓ ઉઠેલા અને ચાંદાં પડેલાં માલમ પડે છે. જીભનો રંગ પણ કાળો થઈ જાય છે અને મોઢાંમાંથી જાડી, ચીકણી, તાર બાઝે એવી હોજ ગલવા માંડેછે. કેટલીક વેલા બદનના જુદા જુદા ભાગોમાં ચામડીની હેઠળ નાના નાના ગાંઠ માલમ પડેછે, જે ગાંઠ દાબતાં બહુ દુઃખાય છે અને હાથને બહુ ગરમ લાગે છે તથા આંગળીઓની વચ્ચે દબાતાં તેઓ ધ્રુજતા જણાય છે.

કારણ—હવામાં ઉડતાં સુક્ષ્મીક જીવજંતુઓની ચોક્કસ જાત આ દરદ પેદા કરે છે. સફાઈ વગરના તબેલાએ આ દરદ પેદા કરવામાં મુખ્ય ભાગ બજાવે છે. ગંધીલાં પાણીથી સીપાતાં ખેતરોમાં ઉગેલો ઘાસ ચારો ચરવાથી તેમજ જે જગ્યાએ એ દરદથી મરણ પામેલાં જનાવરોને દાટવામાં આવ્યાં હોય તે જગ્યા ઉપર ઉગેલો ઘાસ ચારો ચરવાથી પણ આ દરદ નીપજે છે. કોઈ કોઈ વેળા આ દરદનાં ઝેરી બીયાંઓ નદી નાળાંના પાણીમાં દાખલ થયા પછી જો તે પાણી તનદરોસ્ત જનાવરના પીવામાં આવે છે તો

તેથી પણ આ દરદ લાગુ પડે છે. મધરાસ તરફથી થયલા ઘોડેસ્વાર રીજમીટના રીપોર્ટ ઉપરથી માલમ પડે છે કે આ દરદ ઉપર ઉપરથી કાપી કાઢેલાં ઘાસ ખાનારાં જનાવરોને કવચીતજ થાય છે, જ્યારે લગભગ જમીનની સપાટી સુધી હેઠાણમાંથી કાપી કાઢેલું ઘાસ કે જેની સંગાતે થોડું ઘણું મટોડું પણ વલગેલું હોય છે, તેવું ઘાસ ખાનારાં જનાવરોમાં આ દરદ વધારે ફેલાતું માલમ પડે છે. આ દરદથી પીડાતાં જનાવરોનું લોહી તેમજ છાણ મુત્ર જ્યાં પડયું હોય તે જગ્યા ઘણો લાંબો વખત સુધી ઝેરી બીયાંઓથી ભરેલી રહેછે અને જ્યારે તે જગ્યાએ કોઈ તનદરોસ્ત જનાવરને બાંધવામાં આવે છે ત્યારે તેને આ દરદ લાગુ પડે છે. નરમ, ભીનાશવાળી અને સફાઈ વગરની જમીનમાં આ દરદનાં બીઆંઓ સહેલાઈથી પેવશ થાય છે, મોટી સંખ્યામાં વધી જાય છે, લાંબો વખત સુધી પોતાની જીવન શકતી ટકાવી શકે છે અને પોતાના લાયકનું રહેઠાણ કોઈ જનાવરના બદનમાં મળતાંજ તેઓ મોટા પાયા ઉપર ત્યાં ઉછરવા મંડી જાય છે. જે જનાવરોનાં મોઢાંમાં ચાંદાં પડયાં હોય અથવા જેમનાં બદન ઉપરની ચામડી હરકોઈ રીતે ઉખડી જઈ તે જગ્યા અંજાગરી થઈ હોય તે જનાવરોને આ દરદી બીયાં જલદીથી પકડી પાડે છે. દવથી ભીજાએલાં તાજાં ઘાસને બદલે સુકાએલું ઘાસ ખવાડતાં આ દરદ ઘણાં ઓછાં પ્રમાણમાં લાગુ પડે છે.

ઉપાય—પહેલવહેલાં એક બાટલી ભરીને પાણીમાં એક આઊંસ કારબોલીક એસીડ ઉમેરી તે પાણી પાઈ દેવું અને ત્યાર પછી દર કલાકે અરધી પેંટ પાણી સાથે એક ગ્રામ કારબોલીક એસીડ ઉમેરીને પાયા કરવી. ચામડીની નીચે જે જે જગ્યાઓ ઉપર સોજા જણાતા હોય તે તે જગ્યાઓ ઉપર ચોકડી રોકા ચીરા પાડી તે જખમોમાં જલદ કારબોલીક એસીડ લગાડવી, અથવા તો ચાલીસ ભાગ પાણી સાથે એક ભાગ કારબોલીક એસીડ મેળવી તે મેલવણીને સુજેલા ભાગોમાં એક નાની પીચકારીથી દાખલ કરવી.

મરણ પછી જોવામાં આવતી નીશાનીઓ—ધોરી નસોમાંનું લોહી ઘટ અને કાળા રંગનું તથા કાળી નસોમાંનું લોહી પાતલા ડામર જેવું માલમ પડેછે. એ બંન્ને નસોમાંનું લોહી બંધાતાં ઘણો વખત લાગે છે. ફેફસાંઓનો રંગ ઘેરો રાતો અથવા તો કાળો હોય છે તથા બદનની અંદરના જુદા જુદા અવ્યવોમાં કાળા રંગનું લોહી ધાઈ આવેલું માલમ પડે છે. ગરદન ઉપરનો સોજો કાપી જોતાં તે ભાગમાં ઘટ પીળા રંગનો પ્રવાહી મોટા જથામાં એકઠો થયલો માલમ પડે છે અને છાતીના અંદરના ભાગોમાં તેમજ પેટમાં પણ એવીજ જાતનો પ્રવાહી મોટા જથામાં એકઠો થયલો માલમ પડે છે. ગળાંની ઘાંટી અને ફેફસાંમાંની નળીઓ લોહી જેવાં ફીણથી ભરાઈ ગયલી માલમ પડે છે. સુક્ષ્મદર્શક યંત્ર વડે લોહી તપાસતાં તેમાં ચોક્કસ જાતનાં બારીક સલી જેવાં જીવજંતુઓ માલમ પડે છે અને તે લોહીને સસલાંનાં, ઊંદરનાં અથવા એવાં બીજાં જનાવરનાં બદનમાં દાખલ કરતાં તે જનાવરોને એ દરદ લાગુ પડે છે. લોહીને લગતી આ તપાસ જનાવર જીવતું હોય ત્યારે પણ થઈ શકે છે.

ગલાંનડર્સ અને ફારસી—(Glanders and Farcy.)

ગલાંનડર્સ અને ફારસી એ બંને નામો જો કે જુદાં છે, તોપણ એ દરદમાં એકજ ફરક માત્ર એટલોજ છે કે ચોક્કસ નીશાનીઓ દેખાતાં એ દરદને ગલાંનડર્સના દરદ તરીકે ઓળખવામાં આવે છે, જ્યારે બીજી જાતની ચોકસ નીશાનીઓ દેખાતાં એ દરદને ફારસીના નામથી ઓલખવામાં આવે છે.

આ દરદ જે જનાવરને થયું હોય છે તે કદી પણ જીવવા પામતું નથી અને એ એવું તો ખરાબ ઊડતું દરદ છે કે એક જનાવરને તે લાગુ પડયા પછી તેની આસપાસનાં સંખ્યાબંધ જનાવરોને તે સપાટામાં પોતાના શીકાર તરીકે સપડાવી મેલે છે. ઘોડાઓના સંબંધમાં આ દરદ ખરેખરૂં જીવલેણ ગણાય છે. ઘોડાઓની જાતનાં જનાવર જેવાં કે ગધેડાં, ખચ્ચર, વગેરેને એજ પ્રમાણે એ દરદ લાગુ પડેછે અને તે પણ વળી વધારે જોરમાં લાગુ પડે છે. માણસ, કુતરાં, મેંઢાં, બકરાં, બીલાડાં, ઊંદર અને સસલાં, એ સઘલાં પણ એ દરદનાં ભોગ થઈ શકે છે, જ્યારે ગાય, ભેંસ, ડુકર, મરઘાં, બટકાં, વગેરે જનાવરોની ઉપર આ દરદ કદી પણ હુમલો કરી શકતું નથી. કેટલાક ઘોડાઓ એવા આવે છે કે ગમે એટલું કર્યા છતાં પણ આ દરદની અસર તેમની ઉપર જરા પણ થતી નથી. જે જનાવરોની ઉપર આ દરદ હુમલો કરી શકે છે તે જનાવરોમાંનાં એકની ઉપરથી તે દરદ બીજાની ઊપર સહેલાઈથી ઊડી શકે છે. દાખલા તરીકે ગલાંનડર્સ અથવા ફારસીના દરદી ઘોડા આગલ જો એક કુતરો ગયો હોય છે તો તેને આ દરદ લાગુ પડે છે અને તે કુતરાના સંબંધમાં આવતાં માણસોને તે દરદ લાગુ પડવાનો સંભવ રહે છે. આ દરદનું ઝેર લાંબો વખત સુધી એટલે કે કેટલાંક વરસો સુધી પોતાનો ઝેરી ગુણ જાળવી રાખે છે. ઘણું કરીને આ દરદનાં બીયાં બદનમાં લાગુ પડવા પછી એથી સાત દીવસમાં તેની નીશાનીઓ માલમ પડે છે. ઘણીક વેળા એમ બને છે કે ફેફસાં વગેરે અંદરના અવયવોમાં આ દરદનાં બીયાં દાખલ થઈ ત્યાં પોતાનું કામ ગુપચુપ ચલાવ્યાં જાય છે અને તેથી ઉપલી મુદતમાં એ દરદની નીશાનીઓ બહાર દેખાવાને બદલે મહીનાના મહીનાઓ સુધી અને વરસોનાં વરસો સુધી છુપાઈ રહેછે. આવી રીતે છુપાઈ રહીને પોતાનું નાશકારક કામ આગલ ચલાવતું દરદ દેખઈતાં દરદ કરતાં વધારે ધાસ્તી ભરેલું છે, કારણ કે એક જનાવર એવાં દરદથી રીબતું હોવા છતાં તેની એવી દરદી હાલત ઉપર આપણને કાંઈ પણ શક નહીં જવાથી તેના સંબંધમાં આપણે કંઈ પણ સંભાલ ભરેલાં પગલાં લેતા નથી અને તેને બીજાં તનદરોસ્ત જનાવરોની સાથે રહેવા દઈએ છીએ, જેનાં બહુજ ધાસ્તી ભરેલાં પરીણામો નીપજે છે. તે જનાવરને પોતાને તો કંઈ પણ દરદ થતું જણાતું નથી, પણ તેની સાથે સંબંધમાં આવતાં સઘળાં જનાવરોનો તે ઘાણ કાઢી નાંખે છે.

નીશાની—પહેલાં જનાવર ધ્રુજવા માંડે છે. બદનપરની ચામડી સુકી થઈ ગયલી તથા રૂવાંટી ઉભી થયલી માલમ પડે છે. નાડી ઝડપમાં ચાલે છે, પણ નબળી હોય છે;

દમ જોસમાં ચાલે છે અને તે જનાવરની તનદરોસ્તી લથડતી જણાય છે. નસકોરું ઊંઘાડીને જોતાં બંને નાકની વચ્ચે આવેલા કુમળાં હાડકાંના પરદાની ઉપર નાની નાની ગોળીઓ જેવા ગાંઠ માલમ પડે છે કે જે ગાંઠની મધ્યમાં સફેદ કુંડાળું જણાય છે અને તે ગાંઠનું થડ રાતા રંગનું માલમ પડે છે, જ્યારે તે હાડકાંનો પરદો સેજ કાળા રંગનો જણાય છે. થોડાક દીવસો વીત્યા કેડે આ ગાંઠ નરમ થાય છે, પછી પાકીને ફુટી જાય છે, અને ત્યાં કઠણ કીનારીવાળું ચીકાસવાલી રસીથી ભીજાયલું ચાંદું નજર આવે છે. આવાં થોડાંક ચાંદાંઓ અકેક સાથે મળી જઈ એક મોટું ખવાઈ ગયલું ચાંદું પેદા કરે છે, જે એક ગમથી લંબાઈ પહોલાઇમાં અને બીજી ગમથી ઊંડાઈમાં વધારો કરયું જાય છે. આવીજ જાતની ગાંઠો ફેફસાંમાં, માથાંમાં અને અંદરના બીજા અવ્યવોમાં પણ સંખ્યાબંધ પેદા થયલી હોય છે અને તેથી કરીને બીજી ચોક્કસ નીશાનીઓ બહારથી જણાય છે, જે નીશાનીઓમાં દમ લેવાની નલીઓમાં ચઢતા સોજાની તેમજ ફેફસાંમાં ચઢતા સોજાની નીશાનીઓ એ દરદ ફેફસાંમાં લાગુ પડેલું દેખાડે છે. એ દરદ માથાંમાં લાગુ પડે છે તેથી સરકમના જેવી નીશાનીઓ દેખાય છે, જેમાં જુના સરકમમાંથી વહેતાં પરના જેવી નીશાની મુખ્ય હોય છે. નાકની અંદરનું પડ ગદલું રાતું થઈ આવેલું અને તેમાં સોજો ચઢેલો માલમ પડે છે. આ રાતો રંગ ધીમે ધીમે જાંબુરો બનતો જાય છે. માથાંની બારીક રસ લઈ જનારી ગાંઠો સુજીને મોટી થાય છે અને તેમ થતાં હેઠલાં જડબાંની બંને શાખાઓની વચ્ચે પાછલા ભાગમાં આવેલી ગાંઠો તપાસતાં તે ગાંઠો સુજીને મોટી થયલી તેમજ ચીટકી ગયલી જણાય છે. ઘણું કરીને આ જડબાંની ગાંઠમાંની એકજ બાજુની ગાંઠ આવી રીતે સુજેલી હોય છે, અને એવી રીતે સુજેલી ગાંઠ મુખ્ય કરીને ડાબી બાજુનીજ હોય છે. કોઈ વખત જમણી બાજુની ગાંઠ પણ એકલી સુજેલી જણાય છે અને કોઈક વેળા બંન્ને બાજુની ગાંઠ સુજેલી માલમ પડે છે. આવી રીતે બહારની નીશાનીઓ દેખાડતું દરદ ગલાંનડર્સના નામથી ઓલખાય છે, જેમાં મુખ્ય નીશાનીઓ સરકમ, નાકનું ગલવું, જડબાંની ગાંઠ, અને નાકમાંનાં ચાંદાં, એ હોય છે. કેટલીક વેલા આ સઘલી નીશાનીઓમાંની કોઈકજ હાજર હોય છે, જે વેલા દરદ પારખવાનું કામ બહુ મુશ્કેલ થઈ પડેછે; જ્યારે સઘળી નીશાનીઓ હાજર હોય છે ત્યારે એ દરદને તીક્ષણ ગલાંનડર્સના નામથી ઓલખવામાં આવે છે અને જ્યારે સઘળી નીશાનીઓ નથી હાજર હોતી, ત્યારે એ દરદને "જુના ગલાંનડર્સ" ના નામથા ઓલખવામાં આવે છે. નાકમાંનાં ચાંદાં, તાવ વગેરે નીશાનીઓ આ જુના ગલાંનડર્સમાં ઘણું કરીને ગેરહાજર હોય છે અને કોઈ કોઈ વેલા તો ગલતાં નાકની નીશાની પણ હાજર હોતી નથી. આવી વેલા જડબાંની ગાંઠનું ચીટકી જવું, રૂવાંટીનું ખરબચડું થઈ જવું, જનાવરની તનદરોસ્તીનું લથડી પડવું, સહેજ કામ કરતાં પરસેવાથી ભીંગાઈ જવું અને દમ ઘુંટાએલો ચાલવો, એ નીશાનીઓ ઉપરજ આપણને આધાર રાખવો પડે છે. આવી વેલાએ નાક ગલતું હોય છે તો તેમાંથી નીકલતો પ્રવાહી ચીકાસવાલો, નાકની સાથે લટકી રહેતો, અને નસકોરાંની કીનારીઓની ઉપર સુકાઈ જતો માલમ પડે છે. તેમજ જો

નાકની અંદરનાં પડમાં ચાંદાં હોય તો એ પ્રવાહીમાં સહેજ પરૂ અને લોહી પણ મીશ્ર થયલાં માલમ પડે છે.

ઉપર લખેલી સઘલી નીશાનીઓ ગલાંનડર્સની છે. એ સઘલી નીશાનીઓ ફારસીમ પણ થોડી યા ઘણી હાજર હોય છે, પણ તે ઉપરાંત ફારસીમાં પણ બીજી કેટલીક અગત્યની નીશાનીઓ માલમ પડે છે, જેમાં ફારસીની ગાંઠો મુખ્ય છે. આ ગાંઠોને ફારસીના ચીચોડાના નામથી આપણે ઓળખીશું. પહેલવહેલાં ગલાંનડર્સની થોડી યા ઘણી નીશાનીઓ માલમ પડવા સાથે એક પાછલો પગ સુઝી આવે છે, અથવા તો બદનના બીજા ભાગમાં સોજો દેખાવ દે છે. ત્યાર પછી એક યા બે દહાડામાં આ સોજો ઉતરી જાય છે અથવા જેમનો તેમ રહે છે અને તે સોજાવાલા ભાગમાં ગાંઠ ગાંઠ વાળેલાં દોરડાં ખેંચાઈ આવ્યાં હોય એવો દેખાવ લાગે છે. ઘણું કરીને આવા ગાંઠો જાંગની અંદરના ભાગમાં આગલા પગની અંદરના ભાગમાં, ગરદનની ઉપર, છાતીની ઉપર અને પાંસળીઓની વચમાં નજર આવે છે. આ ગાંઠોને દાબતાં તેઓ કઠણ લાગે છે અને દબાણ થયાથી દુઃખાવો પેદા કરે છે. તેઓ ઘણા જલદીથી નરમ બની જાય છે અને ફુટી જઈ ઘણુંંજ એબીયલ ચાંદાંનો આકાર પડે છે. આ એબીયલ ચાંદાં અકેકની સાથે ભેલાઈ જઈ એ મોટું ચાંદુ બનાવે છે; એ ચાંદાંઓમાંથી ખરાબ પીળા રંગની રસી વહેવા માંડે છે, ને ચાંદાંની કીનારીઓ ઉપર સુકાઈ જાય છે યા તો નીચલા ભાગો ઉપર વેહેતી થાય છે સોજો અને ગાંઠ બદનના એક ભાગમાં દેખાયા પછી તેનું જોસ સહેજ નરમ પડે છે અને પછી તરતજ બીજા ભાગમાં તેઓ દેખાવ દે છે. એ બીજા ભાગમાં પણ એજ પ્રમાણે તેઓ જોસ પર ચઢી નરમ પડે છે અને વળી પાછાં પહેલા ભાગમાં પોતાનું જોર ચલાવે છે અથવા તો બદનના કોઈ ત્રીજા ભાગમાં દેખાવ દે છે અને એ પ્રમાણે વારા ફરતી બદનના જુદા જુદા ભાગોમાં હુમલા થતા માલમ પડે છે. કેટલીક વેલા ગલાંનડર્સની માફક આ ફારસીનું દરદ પણ તીક્ષણ હોવાને બદલે ધીમું ધીમું લાગુ પડે છે અને તેવે વેલાએ દરદની ઘણીજ થોડી નીશાનીઓ હાજર હોય છે. ઘણું કરીને તાવ અને સોજો તદન ગેરહાજર હોય છે અને માત્ર ગાંઠોજ પોતાનો દેખાવ દે છે. આ ગાંઠો તીક્ષણ ફારસીની ગાંઠો માફક પાકવાને બદલે સુસ્ત ઠરી રહે છે.

ગલાંનડર્સને બીજા દરદોથી પારખવાની રીત—ઘણાંક દરદો એવાં છે કે જેની અંદર નાક ગળતું હોય છે અને તે છતાં તે ઘોડાને ગલાંનડર્સનું દરદ હોતું નથી આ ગલાંનડર્સના દરદને એવી રીતે ગળતાં નાકની નીશાની સાથનાં બીજા દરદોથી ચોક્કસ રીતે પારખી કાઢવાને બહુ સંભાલ રાખવી. ઝેરી અથવા ઉડતા સરકમના દરદમાં પણ નાક ગળતું હોય છે, એટલુંજ નહી પણ તે સંગાતે જડબાંની ગાંઠો પણ સુઝેલી હોય છે એ દરદમાં એટલે ઝેરી સરકમમાં નાકની અંદરનું પડ કાળું હોતું નથી, તેમજ તેની ઉપર ચાંદાં હોતાં નથી, તેમજ જડબાંની ગાંઠો જડબાં સાથે ચીટકી ગયલી હોતી નથી. સાધારણ સરકમમાં પણ નાક ગળતું હોય છે, પણ તે વેલા તે નીશાનીની જોડેજોડ ઠાંસો પા

હાજર હોય છે અને ગળાંનો સોજો ચઢેલો હોય છે. જુના સરકમમાં નાકમાંથી પીળાશ વાલો ઘટ પ્રવાહી ઝરે છે ખરો, પણ તે પ્રવાહીમાં અને ગલાનડર્સનાં દરદમાં વહેતા પ્રવાહીમાં મુખ્ય ફરક એ છે કે સરકમનો પ્રવાહી લોહી યા પરૂ ભેગો મીશ્ર થયલો હોતો નથી, ગલાંનડર્સના પ્રવાહી જેટલો ચીકાસવાલો હોતો નથી અને નસકોરાંની કીનારીઓ ઉપર તે ચીટકી રહેતો નથી.

જો ગલાંનડર્સ વીશે સંપુરણ ખાત્રી કરવીજ હોય તો, તે જનાવરને એક જલદ એદીયાંનો જુલાબ આપવો; આવી રીતે જુલાબ આપવાથી જો ગલાંનડર્સનું દરદ હશે તો તેની નીશાનીઓ પુર જોસમાં ટુક વખતની અંદર ખીલી નીકલશે. બે ત્રણ દીવસ સુધી તે જનાવરના ખોરાક સંગાથે ૧૫ ગ્રેન બાઇક્રોમેટ આફ પોટાશ આપવાથી પણ ગલાંનડર્સનું દરદ જો હશે તો ઝડપથી ઉભરી નીકળશે; એથી પણ વધુ ખાત્રી કરવી હોય તો શક ભરેલાં જનાવરનાં નાકમાંની રસી કોંઈ હલકી કીંમતનાં પ્રાણીનાં બદનમાં દાખલ કરવાથી તે પ્રાણીને ગલાંનડર્સ લાગુ પડશે. જો એ પ્રમાણે રસી દાખલ કીધાથી થોડા દીવસમાં તે જનાવરનાં બદનમાં ગલાંનડર્સની નીશાનીઓ નહી ઉભરી નીકલે તો જાણવું કે આ દરદ ગલાંનડર્સ નહી હશે. જયાં સુધી સંપુરણ ખાત્રી બીજી રીતે થઈ શકતી હોય ત્યાંસુધી આ પ્રમાણે બીજાં જનાવરનો જીવ લેવાની બનતાં સુધી કોશેશ કરવી નહી. ગધેડાંઓને તથા ખચ્ચરને આ દરદ ઘણુંજ જલદીથી પકડી પાડે છે, માટે આ દરદની રસી દાખલ કરવાને એકુ ગધેડાંને અથવા ખચ્ચરને પસંદ કરવામાં આવે છે.

ફારસીને બીજાં દરદોથી પારખવાની રીત—કેટલાંક દરદો એવાં છે કે જેમાં ફારસીની ગાંઠો જેવી નીશાનીઓ માલમ પડે છે. દાખલા તરીકે ગાંઠોનો સોજો, સેવટ અને અશ્વશીતલા એમાં ફારસીનીજ માફક સોજા તથા ગાંઠો માલમ પડે છે. સાધારણ ગાંઠોના સોજામાં એટલી કઠણાઈ અને એટલું દુઃખ માલમ પડતું નથી તથા ગાંઠ ગાંઠનાં દોરડાંઓ ખેંચાયલાં હોય તેવો દેખાવ માલમ પડતો નથી. સેવટના દરદમાં સોજા ઘણું કરીને સાંધાઓ આગલ માલમ પડે છે, પણ ફારસીના દરદમાં સાંધાઓ આગલથી સોજા ઘણું કરીને દુર રહે છે. ફારસીના દરદમાં પણ એક જલદ જુલાબ આપવાથી દરદ વધારે જોરમાં ઉભરી નીકલે છે.

કારણ—હવામાં ઉડતાં ચોકસ ઝેરી જાતનાં બીયાં આ દરદનું મુળ કારણ છે. ગલીચી, અંધારી જગ્યા, સંકડાસ અને એવાંજ બીજાં કારણો કે જેથી એક સાધારણ જનાવરની તંદરોસ્તી લથડી પડે તે કારણો ગલાંનડર્સ પેદા કરવાને પુરતાં છે. એક મુલકમાંથી બીજા દુરના મુલકમાં ઘોડાઓને જયારે વહાણોમાં ખીચોખીચ ભરી લઈ જવામાં આવે છે ત્યારે તે જનાવરોને કસરત વગર, પુરતી હવા વગર, પુરતા ખોરાક વગર, પુરતી સફાઈ વગર, પુરતી સંભાળ વગર અને એવાંજ બીજાં કારણોથી ગલાંનડર્સનો રોગ લાગુ પડવાનો વધારે સંભવ રહે છે. જે તબેલાઓમાં ઘોડાઓની પુરતી માવજત થાય છે, પુરતી હવા મળે છે, પુરતો ખોરાક મલે છે, તથા જે ઘોડાઓની કસરત ઉપર, તથા બદનની સફાઈ

ઉપર તેમજ આસપાસની આબો હવા ઉપર પુરતું ધ્યાન આપવામાં આવે છે, તે તબેલામાંનાં જનાવરો ઉપર આ ગલાંનડર્સનું જીવલેણ દરદ કદી પણ હુમલો કરતું નથી. ગલાંનડર્સવાલું જનાવર ઉડતા ઝેરી રોગોનાં મથાળાં હેઠળ જણાવેલી તરેહવાર રીતોથી બીજાં તંદરોસ્ત જનાવરને બગાડે છે અને તે સઘળી રીતો આ દરદને પેદા થવાનું મુળ કારણ થઈ પડે છે. મુંબઈ શેહેર જેવાં મોટાં વેપારી શેહેરમાં જનાવરોને પાણી પાવાને માટે જે ધરમી શખસોએ મોટી મોટી હોજો તથા ટાંકીઓ બાંધી છે તે હોજો અને ટાંકીઓ ઉપર પાણી પીવા જતું ગલાંનડર્સના રોગવાલું એકજ જનાવર સેંકડો જનાવરોને કેવી સહેલાઈથી પોતાનો ઉડતો રોગ ભેટ કરી શકે તેનો વીચાર કરવાનું કામ વાંચનારનીજ અક્કલ ઉપર સોંપીએ છીએ. તે સંગાતે મુંબઈ શેહેર જેવાં એક મોટાં વેપારી મથકમાં એક ગલાનડર્સના ઘોડાના સંબંધમાં બીજા ઘોડાઓને આવવાનો કેટલો સંભવ રહે છે તેની પણ ગણત્રી કરવાનું કામ વાંચનારને સોંપીએ છીએ. ગલાંનડર્સનું ઝેર દમમાં જવાથી પણ ગલાનડર્સ લાગુ પડે છે, માટે ઘોડાનાં થાનની ઉપર બાંધેલી ઘોડાવાળાને સુવાની જગ્યા પણ બહુ ધાસ્તી ભરેલી ગણાય છે. ગલાંનડર્સના દરદીઓની સારવાર કરતાં, અથવા તો ગલાંનડર્સનાં દરદની પરીક્ષા કરતાં જો જનાવર છીંકે છે અને તેનાં નાકમાંથી નીકલતી રસી જો આપણી આંખમાં યા હોઠપર યા નાકમાં યા બદનના કોઈ જખમી ભાગ ઉપર પડેછે તો આપણને પણ એ કઢંગું દરદ લાગુ પડેછે, માટે એવાં દરદીઓની આગલ જતાં તથા તેમનાં નસકોરાં વગેરેની તપાસ કરતાં બહુજ સંભાલ રાખવી, નહીં તો તેનાં પરીણામ બહુજ દુઃખ ભરેલાં નીપજશે.

ઉપાય—આ દરદના ઊપાય કરવાની કંઈ પણ કોશેશ કરવી એ તદન બેવકુફી ભરેલું છે, કદી પણ એવું ઊછાછર્લાપણું રાખવાની કોશેશ કરવી નહીં. આ દરદ એવું નથી કે જેની ઉપર તરેહવાર દવાઈઓ અજમાવાનાં કામમાં આપણે કદી પણ વાજબી ગણાઈએ. જો અખ્તરા તરીકે કાંઈ ઉપાગો લાગુ પાડવાનાં ફોકટ ફાંફાં મારવાનો શોખ થઈજ આવે તો બહેતર એજ છે કે વસતીવાળી જગ્યાથી બહુ દુર જઈ ત્યાં પોતાનાં મનના કોડ પુરા પાડવા. વસ્તીવાલી જગ્યાએ રહીને આ દરદના ઉપાયો માટે અખ્તરા કરવા એ બેવકુફીજ નહીં પણ એક જાતનું ઘેલાપણું છે અને તે ઘેલાપણું વાજબી રીતે જોતાં શીક્ષાને પાત્ર છે, કારણ કે એક જનાવરના જીવને બંચાવવાને ખાતર અખ્તરા કરતાં એકથી વધુ જનાવરોના જીવને જોખમમાં નાખવા એ કામને માટે સખત શીક્ષા થવીજ જોઈએ છે.

અશ્વ શીતલા—(Veriola.)

માણસને જે પ્રમાણે સહીઅડ આવે છે તેજ પ્રમાણે ઘોડાને પણ શીતલા આવે છે, અને તે શીતલા માણસના શીતલાને એટલા તો મલતા છે કે ઘોડાના શીતલાની રસી કાઢીને માણસને મેલતાં માણસને શીતલા ફુટી નીકલે છે. અસલના વખતમાં જ્યારે ગૌ

શીતલા નહીં મુકવામાં આવતા હતા ત્યારે માણસોને સહીઅડથી બંચાવવાની મતલબથી અશ્વ શીતલાનોજ ચેપ મુકવામાં આવતો હતો.

નીશાની—પહેલવહેલાં જનાવરનાં આંગમાં તાપ ભરાઈ આવે છે. કેટલીક વેલા આ તાવ એટલો તો ધીમો હોય છે કે તેની નીશાની આપણને બરોબર માલમ પડતી નથી; ત્યાર પછી આગલા અને પાછલા બંને પગો ઉપર ઘુંટણની નીચે અને મોટી ઘુંટીની નીચેથી બારીક દાણાઓ ફુટી નીકલે છે. ઘણું કરીને એટલાજ ભાગ ઉપર તે દાણાઓ ઠરી રહે છે, પણ કોઈ કોઈ વેલા તેઓ મોઢાંમાં, નસકોરાંમાં, ખભાં ઉપર, પીઠ ઉપર, અને બદનના બીજા ભાગો ઉપર પણ માલમ પડે છે. પગ ઉપરના દાણા અકેકની સંગાથે ભેલાઈ જઈ એઢીનાં ઝરતાં ખરપસાંનો આકાર પકડે છે, પણ આ દરદમાં ઉપર પોપડા બંધાય છે, જે ખરપસાંનાં દરદમાં બંધાતા નથી, તેમજ આ દરદ એકાએક દેખાવ દઈ પાછું જલદીથી સાજું થઈ જાય છે, જ્યારે ખરપસું તો ધીમે ધીમે આવી પુગે છે અને સાજું થતાં બહુ લાંબો વખત લે છે. શીતલાના દાણાઓ ફુટવા સાથે જે ભાગમાં તેઓ ફુટયા હોય છે તે ભાગોમાં સોજો પણ ચઢે છે અને જો મોઢાંની અંદરના ભાગમાં તેઓએ દેખાવ દીધો હોય છે તો મોઢાંનાં અંદરનાં પડમાં ભારે સોજો ચહડેલો જણાય છે. શીતલાના દાણાઓના મધ્ય ભાગમાં ખાડા પડેલા હોય છે અને તેમની આસપાસ રાતું કુંડાળું નજર આવે છે.

કારણ—ચોકસ જાતનાં ઝેરી બીયાં એ આ દરદનું મુલ કારણ છે.

ઉપાય—ઘણું કરીને આ દરદના ઉપાગો કરવાની કાંઈ પણ જરૂર નથી. પહેલાં એક હલકો જુલાબ આપી પછી તે જનાવરને લીલા ઘાસ ચારા ઊપર રાખવું. જો તાવ ઘણી હોય તો સવાર સાંજ બે ડ્રામ સુરોખાર પાણી સાથે મેલવીને આપવો. જો મોઢાંમાં ઘણો સોજો ચઢયો હોય તો ફટકીનાં પાણીથી અથવા ટંકણખારનાં પાણીથી મોઢાંનો અંદરનો ભાગ ધોવો.

સ્ટ્રેંનગલ્સ—(Strangles.)

સ્ટ્રેંનગલ્સનું દરદ ઘણું કરીને છ વરસની અંદરના જુવાન ઘોડાઓને થાય છે. માણસોમાં દાંત ફુટતી વખતે જેમ તાવ આવે છે અથવા તો ખાંસી થાય છે અથવા તો ઝાડો છુટી જાય છે, તેમજ ઘોડાઓને પણ દાંત ફુટતી વખતેજ સ્ટ્રેંનગલ્સનું દરદ લાગુ પડે છે, અને એ સ્ટ્રેંનગલ્સનાં દરદમાં પણ તાવ, જુદા જુદા ભાગોમાંની ગાંઠોનું સુજવું, ખાંસી, અને આંતરડાંની ગાંઠોનું સુજવું થાય છે. એ રીતે માણસની દાંત ફુટવાની મોસમનાં ઘણાંખરાં દરદો ઘોડામાં પણ સ્ટ્રેંનગલ્સ રૂપે જાહેર થાય છે. એ દરદ એક

વેલા એક જનાવરને થયા પછી ઘણું કરીને ફરીથી તેને થતું નથી. કેટલાકો આ ઉપરથી એ દરદને માણસ જાતને લાગુ પડતાં ગોવરાંના રોગ સાથે સરખાવે છે. કેટલાકો કહે છે કે આ દરદ એક જનાવર ઉપરથી બીજાં જનાવર ઉપર લાગુ પડતું નથી. બરોબર ચોકસાઈથી તપાસ કરતાં એવું માલમ પડે છે કે જ્યારે આ દરદ નરમ રૂપમાં લાગુ પડે છે ત્યારે તે બીજાં જનાવરને ઉડતું નથી, પણ જ્યારે તે જોરમાં ઉભરી નીકળે છે ત્યારે તે ચેપી બને છે એમાં કાંઈ પણ શક નથી. ઘણું કરીને જ્યારે ઘણાં જનાવરો નાની જગ્યામાં એકઠાં કરવામાં આવેલાં હોય છે, ત્યારે આ દરદ એક જનાવર ઉપરથી બીજાં જનાવરને લાગુ પડવાનો સંભવ રહે છે. જો એક ઘોડાને તદન એકલોજ ઊછેરવામાં આવ્યો હોય અથવા તો એક ખોહોલી જગ્યામાં નાની સંખ્યામાં ઘોડાઓને ઉછેરવામાં આવ્યા હોય તો તે ઘોડાઓને સ્ટ્રેંનગલ્સનું દરદ લાગુ પડતું નથી. એજ પ્રમાણે ખુલ્લી હવામાં ઊછરતાં જનાવરોને સ્ટ્રેંનગેલ્સ લાગુ પડવાનો. ઘણોજ થોડો સંભવ રહે છે. કેટલાકો કહે છે કે સ્ટ્રેંનગલ્સ થયલા ઘોડાઓનો ચેપ બીજા તનદરોસ્ત ઘોડાઓને મુકતાં તેમને પણ સ્ટ્રેંનગલ્સ લાગુ પડે છે.

નીશાની—પહેલાં તે જનાવર સુસ્ત થઈ જાય છે, તેની ભુખ ઓછી થઈ ગયલી માલમ પડે છે અને ધીમી તાવ ચઢેલી જણાય છે; ત્યાર પછી સહેજ ખાંસી થાય છે અને નાક ગલવા માંડે છે. નાકમાંથી નીકલતો પ્રવાહી પહેલાં પાણી જેવો પતલો હોય છે, પણ દીવસ જતાં ઘાડો થાય છે. નીચલાં જડબાંની બંને શાખાઓની વચ્ચે ગાંઠ સુજી આવેલી માલમ પડે છે, પણ તે ગાંઠ જડબાં સાથે ચીટકી ગયલી હોતી નથી. આસરે દશ દીવસ પછી તે ગાંઠ પાકીને તઈયાર થાય છે અને જો નસ્તર વડે તે ફોડી નહીં હોય તો પોતાની મેલેજ તે ફુટી જાય છે. ગલાંમાં ચહડેલા સોજાને લીધે દમ લેવાનાં કામમાં હરકત થાય છે, અને કેટલીક વેલા દમ એટલો તો ઘુંટાઈ જાય છે કે દરદીની ઘાંટી હથીયાર વડે ખોલવાની જરૂર પડે છે. કેટલીક વેલા સ્ટ્રેંનગલ્સની નીશાનીઓ બહારથી માલમ પડે તેની કદાચ મહીનો દહાડો અગાઉથી તે જનાવર સુસ્ત બની જાય છે, ખાવા પીવાનું છોડી દે છે, તેની તનદરોસ્તી લથડી પડે છે, આંગ કંતાઈ જાય છે, બદન ઉપરની રૂવાંટી ઉભી થાય છે, છાતી ઊપરની ચામડી પાંસલીઓ સાથે ચીટકી ગઈ હોય એવી નજર આવે છે અને સહેજ સાજ ખાંસી પણ હાજર હોય છે. સ્ટ્રેંનગલ્સની જ્યારે આવી નીશાનીઓ માલમ પડે છે, ત્યારે તેને સાદી જાતનું સ્ટ્રેંનગલ્સ કહેવામાં આવે છે.

જ્યારે સ્ટ્રેંનગલ્સની અસર એ પ્રમાણે બહારનાજ ભાગોમાં રહેવાને બદલે બદનની અંદરના અવ્યવોમાં ઉતરે છે ત્યારે સ્ટ્રેંનગલ્સનું તે રૂપ ઘણું ધાસ્તી ભરેલું ગણવામાં આવે છે. એવી વેલાએ જેમ સાદાં સ્ટ્રેંનગલ્સમાં જડબાંની ગાંઠો પાકપર ચઢીને ગુંમડાંનો આકાર પકડે છે, તેમ જડબાંની ગાંઠો ઉપરાંત ગરદનની ગાંઠોની લાંબી હાર, તેમજ છાતીની ગાંઠો, ખંભાં આગલની ગાંઠો, પેટપરની ગાંઠો, તથા બંને ફેફસાંની વચમાં ખા-

લી પડેલી જગ્યામાં આવેલી ગાંઠો તેમજ આંતરડાંઓની વીંટને વીટાલનારાં પડની ગાંઠો વગેરે બદનના જુદા જુદા ભાગોમાંની ગાંઠો પાકપર ચઢે છે. આવી વેલાએ સ્ટ્રેંનગલ્સનું દરદ બહુજ ધાસ્તી ભરયું ગણાય છે, અને તેમાંથી દરદીને બચાવવાની ઘણીજ થોડી આશા રહેછે. જ્યારે સ્ટ્રેંનગલ્સ ફેફસાંની ઉપર કહેલી ગાંઠોમાં લાગુ પડયું હોય છે, ત્યારે થાંસો, તાવ, દમની મુશકેલી, છાતીનો જલંદર જેવો સોજો વગેરે નીશાનીઓ હાજર હોય છે. જો આંતરડાંને વીટાલનારાં પડમાં ગુમડાં થયાં હોય છે તો તેવી વેલા અજીરણ, ભુખનું મરી જવું, ચુંકો, ઝાડાની કબજીયાત, યા તો એકદમ ઝાડાનું છુટી જવું, તાવ, વગેરે દરદોની નીશાનીઓ હાજર હોય છે.

કેટલીક વેલા સ્ટ્રેંનગલ્સનું દર્દ ભેજાંમાં લાગુ પડે છે અને તેવી વેલાએ ભેજાંના માવાની અંદર ગુંમડાં થાય છે અને ભેજાંનાં માવામાં ગુમડાં થવાથી જે નીશાનીઓ પેદા પડે છે તે સઘલી નીશાનીઓ તેવી વેલાએ હાજર હોય છે, અને તેમાં અરધી બેસુદ્ધી, જોરાવર તાવ, આંખનું મીંચાઈ જવું, આંખનું ગલવું, વીગરે નીશાનીઓ મુખ્ય દેખાવ દે છે.

કારણ—દાંત ફુટતી વખતે બદનમાં ચઢતો અને મુખ્ય કરીને મોહડાં તરફ તેમજ માથાં તરફ વધતો લોહીનો જોસ એ આ દરદનું મુલ કારણ છે. એ લોહીનો જોસ ચઢવા સાથે જો તેનાં બદનના ચોકસ ભાગોમાંનાં નબલાં પડેલાં તત્વો સહેજસાજ પણ દરદ પકડી લેવાની ખુબી ધરાવતાં હોય છે તો તેવી વેલાએ તે જુદા જુદા ભાગોમાં દરદ પુર જોસથી ઉભરી નીકલી શકે છે. તે સાથે આસપાસની હવામાં ઉડતી દુરગંધી તેમજ તે જનાવરની માવજતની બેદરકારી તથા તેના ખોરાક પાણીમાં થતી કસુર વગેરે કારણો સામટાં મલી આ દરદને જન્મ આપવામાં મુખ્ય ભાગ બજાવે છે.

ઉપાય—પહેલવેહલાં જનાવરની સાધારણ તનદરોસ્તી ઉપર ધ્યાન આપવું. પુરતી તથા ચોખી હવા, સાદો તથા હલકો ખોરાક અને સંભાલ ભરેલી માવજત આ દરદના મુખ્ય ઉપાયો છે. પહેલવહેલાં એક હલકો જોલાબ આપવો અને પછી કેટલાક દીવસો સુધી ભુસાં, કાંજી વગેરે હલકા ખોરાક ઉપર તેને રાખવું. જો ઝાડો ઘણો કબજ હોય તો સફરાને રસ્તે પીચકારી મારવી. રોજ સવાર સાંહજનાં પાણી સાથે બે ડ્રામ સુરોખાર મેલવીને આપવો. જડબાંની નીચેની ગાંઠને પોલટીસથી અથવા તો ગરમ પાણીના વારંવારના સેકથી અથવા ખજુરની પોલટીસ કરી જેમ બને તેમ જલદી પાકપર ચઢાવવી. તે ગાંઠો જેવી પુરેપુરી પાકપર ચઢેલી જણાય ત્યારે નસ્તર વડે ફોડીને પછી ગુંમડાંનાં મથાલાં હેઠલ જણાવેલા ઉપાયો કરવા. જો ગુમડું પાકપર જલદી નહીં ચઢે તો ગુમડાંનાં મથાલાં હેઠલ જણાવ્યા પ્રમાણે બ્લીસ્તર મારવું. જો તાવ ઘણી જોરમાં હોય અને ખરચની દરકાર નહીં હોય તો સહવાર સાંહજ બે ડ્રામ કવીનીન આપવું. જો દમ લેવાનું કામ ઘણું મુશકેલીએ ચાલતું હોય તો ગરમ પાણીના બાફ સરકમનાં મથાલાં હેઠલ જણાવ્યા પ્રમાણે આપવા, અને તે બાફ માટે વાપડવામાં આવતાં પાણી સાથે ચાર પાંચ આઉંસ તરપેનતાઈનનું

તેલ ભેલદું. જો દમ ગુંગલાઈ જતો માલમ પડતો હોય તો ઘાંટી ઊંઘાડવાનું વાઢકાપ કરવું. જો ગલાંમાં સોજો ચઢયો હોય તો તે દરદનાં મથાલાં હેઠલ જણાવેલા ઉપાયો કરવા. જ્યારે સઘલી દરદની અસરો નાબુદ થયલી જણાય ત્યારે તેને શકતીની દવાઈઓ આપવી.

આ દરદ ઘણું કરીને એક જનાવરને તેની આખી ઊમરમાં એકજ વખત થાય છે, તેટલા માટે એવાં દરદમાંથી સાહજાં થયલાં જનાવરની કીંમતમાં વધારો થાય છે.

રકત સેપત—(Purpura Hæmorrhagica.)

બદનની અંદર ચોકસ દરદનાં ઝેરી બીયાંઓ દાખલ થવાથી લોહીમાં તેઓ કાંઈ એવા ફેરફાર કરી મેલે છે, કે જેથી આ દરદ લાગુ પડે છે. આ દરદ ઘણું કરીને નબલાઈ પેદા કરનારાં દરદોએ બદનને નબલું કરી નાખ્યું હોય છે ત્યાર પછી દેખાવ દે છે, અને સ્ત્રેંનગલ્સ તથા ઝેરી સેરકમ વગેરે દરદોની પાછલ આવતું તે જણાય છે. આ દરદ ઉડતું યા તો ચેપી નથી.

નીશાની—જાંગની અંદર, પેટની હેઠલ, પીશાબની નલીની કોથલી તથા છાતીની ઉપર અને મોઢાં તથા નસકોરાંની અંદર એકાએક મોહટાં મોહટાં સોજાનાં ચપકાંઓ ચઢી આવે છે. આ ચપકાં દાબતાં તેઓ કઠણ લાગે છે અને હાથને ગરમ માલમ પડે છે. કોઈ કોઈ વખત એવી રીતે દાબતાં ત્યાં દુખારો થતો જણાય છે. કોઈ કોઈ વેલા તાવ ચઢેલી જણાય છે, નાડી ઘણી નબલી માલમ પડે છે, અને જનાવરને નબલાઈને લીધે સુસ્તી લાગુ પડે છે. કોઠો ઘણું કરીને કબજ હોય છે. લીડની ઉપર આમ અને ગદલું લોહી માલમ પડે છે, નસકોરાંની અંદરનું પડ તપાસતાં તે હમેશ કરતાં વધારે રતાસવાલું જણાય છે, તથા તેની આખી સપાટી ઉપર ગોયા ચાંચડોએ ચટકા મારયા હોય તેવો દેખાવ લાગે છે. કેટલીક વેલા આ ચટકાઓવાલી સપાટીના ચોકસ ભાગમાં વધારે સોજો ચઢેલો હોવાથી ત્યાં ચટકાની તીપકી તીપકીઓ જણાવાને બદલે રાતાં ધાભાંઓ માલમ પડે છે કે જે ધાભાં દીવસ જતાં રંગે બદલાઈને કાલાં પડતાં જાય છે. જો જનાવર સફેદ ચામડીવાલું હોય તો ત્યાં પણ આવાંજ ધાભાંઓ નજર આવે છે. આંખનાં તોપચાં સુજી આવેલાં જણાય છે, અને ગલાંની આસપાસ તથા મોઢાંની ઉપર પણ સોજા ચઢેછે. જ્યારે સોજો ગલાંની અંદરના ભાગમાં હોય છે, ત્યારે દમ લેવાની ઘણી મુશકેલી પડે છે તથા ખાંસી પણ હાજર હોય છે. આ દરદના સોજામાં એક ચોકસ ખુબી એ છે કે તે ચોકસ જગ્યાએ આવી પુગવા પછી જાણે કે ત્યાં એક તંગ દોરી બાંધી લીધી હોય તેમ તે એકદમ આખર થાય છે.

આવી રીતે તેઓ આખર થાયછે, એટલુંજ નહીં પણ વલી બીજી ખુબી એ છે કે બદનના જુદા જુદા ભાગોના સોજા એકસરખી સપાટીએ ઉતરીને અટકેલા માલમ પડે છે. સોજા ચઢેલા ભાગની ચામડી ફાટીને તેમાંથી એવી રસી ઝરે છે કે તે જે ભાગોની ઉપર થઈને વહે છે તે ભાગોને ખાઈ જાય છે અને એ પ્રમાણે ત્યાં ચીરા પડે છે. આ રસીનો રંગ ગદલાં કાલાં લોહી જેવો હોય છે, અને ઘુંટણની તથા પાંયખડની પછવાડે તેમજ મોટી ઘુંટીના સાંધાની આગલ એ રસીના વહેવાથી ચીરા પડેલા જણાય છે.

આ દરદમાં પીસાબનો રંગ ઘણો ઘેરો અને કાલાશપર હોય છે તથા તે ઘણી ગદલી પણ હોય છે.

આ દરદમાં સઘલી નીશાનીઓ દેખાયા પછી એકદમ પાછી ગુમ થઈ જવાની ખુબી ધરાવે છે, તેમજ તેમાં ચઢતા સોજા પણ એક જગ્યાએથી એકદમ નરમ પડી જઈ પાછા બીજી જગ્યાએ અથવા તો તેની તેજ જગ્યાએ દેખાવ દે છે. કેટલીક વેલા આ દરદની ધાસ્તી ભરેલી નીશાનીઓ એકદમ જોસમાં પાછી ઉભરી નીકલે છે અને તે પ્રાણી અચ્યુચ, મરણ પાંમે છે. જ્યારે બદનના ઘણાખરા ભાગોમાં સોજા ચઢ્યા હોય છે ત્યારે તે જનાવર બેસુદ્ધીમાં પડવા માંડે છે અને આખરે ફેફસાં વગેરે અંદરના અવ્યવોમાં સોજાની રસી ઉતરીને તથા લોહી ઘણુંજ બગડી ગએલું હોવાથી પોતાનું કામ કરતું અટકીને અથવા તો દરદી ભાગોમાંથી ઝેરી રસી લોહીમાં ચુસાઈને અથવા તો નબલાઈથી મોહત આવે છે. જો એ પ્રમાણે મોહત નથી આવતું તો દોઢએક મહીના સુધી દરદ ચાલુ રહેછે અને તેટલા વખતમાં તેનું જોર ચઢે છે અને ઉતરે છે, એ પ્રમાણે થયા કરેછે.

ઉપાય—આ દરદમાં સઉથી પેહલો ઉપાય હવાની ચોખાઈ, આસપાસની સફાઈ, તથા તે જનાવરની સાધારણ તનદરોસ્તી ઉપર ધ્યાન આપવામાં સમાયલો છે. તેના ખોરાક અને પાણી ઉપર પુરતી સંભાલ લેવાની અગત્ય છે. લોહીમાં થતો બીગાડો અટકાવવાને તથા બદનના જુદા જુદા ભાગોમાં ચઢેલા સોજાને નરમ પાડવાને તથા ગુરદાની મારફતે બદનમાંની ઝેરી વસ્તુઓ બહાર કાઢવાને નીચલી મેળવણી આપવી.

તરપીનટાઈનનું તેલ................................	૪ ડ્રામ.
અલસીનું તેલ..	૧ પેંટ.

એ પ્રમાણે પેહલાં એક ભાગ આપ્યા પછી ઉપલીજ મેલવણીનો અરધો ભાગ સવાર સાંજ આપ્યા કરવો, અને જ્યાં સુધી જરૂર પડે ત્યાં સુધી ચાલુ રાખવો. લોહી ચોખું કરવાને સહવાર સાંજનાં પાણી સાથે ચાર ડ્રામ કલોરેત આવ પોતાશ આપવો. લોહી ઘટ કરવાને કાંજી સાથે ઈડાં આપવાં. આ દરદમાં એમોનીયાની કાંઈ પણ મેલવણી આપવી નહીં, તેમજ સુરોખાર પણ આપવો નહીં. જો દમ ગુંગલાઈ જતો જણાય તો છેલ્લા ઈલાજ તરીકે ઘાંટી ઊંઘાડવાનું વાહડકાપ કરવું. બનતાં સુધી સોજાઓમાં કાંઈ પણ જખમ થવા દેવો નહીં, કારણ કે આ દરદમાં સોજાઓ ઉપરની ચામડી એટલી તો મરી જાય છે કે દર પલે કોહી જવાની અને ઘણુંજ કઢંગાં ચાંદાંઓ પેદા પડવાની ધાસ્તી રહેછે.

સ્કાર્લેતીના—(Scarlatina.)

રક્ત સેવટને મલતુંજ આ દરદ છે. તેનાં કારણુ, તેની નીશાનીઓ અને તેના ઊપાય ઘણું કરીને એકસરખાંજ છે. ફરક માત્ર એટલોજ છે કે આગલાં દરદ કરતાં આ દરદ સ્હેજ ઉતરતું જોર ધરાવે છે, અને તેના હુમલામાં સપડાયલું જનાવર ઘણી ધાસ્તીમાં આવી પડતું નથી. નાકમાંનાં રાતાં ધાભાંઓ આ દરદમાં વધારે રતાશવાલાં હોય છે, તથા નાકમાંથી નીકલતો પ્રવાહી કાલા રંગનો હોતો નથી. આ દરદમાં ઘણું કરીને ગલાંનો સોજો હમેશાં હાજર હોય છે અને ખાંસી પણ વધારે જોરાવર હોય છે. ઘણું કરીને આ દરદ ઝેરી સરકમ થવા પછી લાગુ પડે છે. એ દરદના ઉપાયો રકત સેવટનાં મથાલાં હેઠલ જણાવ્યા પ્રમાણે કરવા.

સરરા—(Surra.)

આ દરદની શોધ થોડાંજ વરસ થયાં થઈછે અને તપાસ કરતાં માલમ પડે છે કે, આ દરદ ધારવા કરતાં પણ સાધારણ છે અને જો બરાબર ચોકસાઈથી જુદી જુદી તાવના દરદીઓની તપાસ રાખવામાં આવે તો આ દરદને લીધે ઘણાં મરણો નીપજતાં માલમ પડે. માહાંભાયગે આ દરદની જે ખાત્રીપુર્વક મુખ્ય નીશાની છે તે નીશાની પારખી કાઢવાનું કામ બધાથી બની શકતું નથી, કારણ કે તેમાં સુક્ષ્મદર્શક યંત્રથી બારીક અને વેલાસરની તપાસ કરવી પડે છે.

નીશાની—પહેલવહેલાં તે જનાવરને જોરમાં તાવ ચઢી આવે છે અને તે તાવનો જોસ જો બરોબર વખતે વખંત કેટલાક દીવસો સુધી માપ્યો હોય તો તે માપના કોઠા ઉપરથી માલમ પડે છે કે તે તાવ પહેલવહેલાં ચોકસ જોસ ધરાવે છે, જે જોસ રફ્તે રફ્તે ચઢતાં ચઢતાં ચોકસ સપાટી ઊપર આવીને અટકે છે અને રફ્તે રફ્તે પાછો ઉતરવા માંડે છે. એ પ્રમાણે તે જોસ ઉતરયા પછી વચમાં થોડા દીવસ તાવ વગરના જાય છે અને વલી પાછો તાવનો જોસ એજ પ્રમાણે ચઢવા માંડે છે. જ્યારે તાવનો જોસ સઉથી વધારે હોય છે ત્યારે તે જનાવરનાં બદનમાંથી કાઢેલું તાજું લોહી સુક્ષ્મદર્શક યંત્ર વડે તપાસતાં તેમાં સંખ્યાબંધ બારીક સરપ જેવા જીવડાઓ ઉભાઈ ગયલા માલમ પડે છે. આ જીવડાઓ લોહીમાંના રાતા દાણાઓ ઉપર ઉધરતા માલમ પડે છે. આ કારણને લીધે રાતા દાણા ભાગી જાય છે તથા તેનો પાણી વાલો તત્વ વધી પડી આંખનાં, નાકનાં અને મોઢાંનાં પડોમાં પીલાં ધાભાંઓ દેખાય છે, કે જે ધાભાંઓની ઉપર છુટાં છવાયાં તાંચણીનાં માથાં જેટલાં તીપકાં નજર આવે છે. લોહી પોતાની ઘટ શકતી ઓછી હોવાથી

છાતીપર તથા પેટની નીચે જલંદર જેવા સોજા ચઢે છે. કેટલીક વેલા જડબાંની ગાંઠો સુજી આવી પાકપર ચઢે છે.

આ દરદમાં દરદી ગમે એટલા પુષ્ટીકારક ખોરાક છતાં દહાડે દહાડે વધારે ને વધારે ગલતું જાય છે અને તાવના એકેક પછીના દરેક હુમલા તે જનાવરને વધારે ને વધારે નબલું કરી નાખતા જાય છે અને આખરે બે ત્રણ મહીના પછી તે જનાવર તદ્દન ગલાઈ જઇને મરણને શરણ થાય છે.

આ દરદમાં આંખની અંદર જે રાતાં ટીપકાં જણાય છે તે રાતાં ટીપકાં એનથ્રાક્સમાં જણાતાં એવાંજ ટીપકાંઓથી ઝટ પરખાઈ આવે છે, કારણ કે આ દરદમાં તે ટીપકાં બહુ નાનાં હોય છે અને તાવના ચઢવા સાથે તેઓ પણ મોટી સંખ્યામાં દેખાવ દઈ તાવના ઉતરવા સાથે તેઓ પણ નાબુદ થાય છે, અને એ પ્રમાણે થયાજ કરેછે.

આ દરદવાલાં જનાવરનું તાજું લોહી બીજાં જનાવરનાં બદનમાં દાખલ કરવાથી તેને પણ એ દરદ લાગુ પડે છે. આ દરદ ઘોડાને, ખચ્ચરને અને ઊંટનેજ લાગુ પડેછે, જ્યારે ગધેડાં, ગાય, મેંઢાં વગેરે જનાવરોને તે લાગુ પડતું નથી.

કારણ—આ દરદ ઘણું કરીને ભીણાશવાલી અને ગંધીલી તથા લાંબો વખત સુધી માણસની વસ્તીથી દુર પડેલી જગ્યાઓમાં ઉગતું ઘાસ ખાવાથી લાગુ પડે છે. ચોકસ જીવજંતુઓને લીધે આ દરદ જન્મ પામે છે અને તે જીવજંતુઓ ઘણું કરીને ગંધીલી જગ્યાનાં પાણીમાંથી યા તો તેવાં પાણીથી સીપાયલી જમીન ઉપરના ઘાસ ચારામાંથી આ જીવડાઓ લાગુ પડે છે. એક આવાં દરદથી રીબતાં દરદી જનાવરનાં બદન ઉપર બેઠેલી માંખ તેનું લોહી ચુસી જો બીજાં તનદુરોસ્ત જનાવરનાં બદનમાં ચટકો મારે છે તો તે જનાવરને પણ એ દરદ લાગુ પડે છે.

ઉપાય—આ દરદના ઉપાય કાંઈજ નથી, કારણ કે ગમે એટલા ઉપાયો કરવા છતાં પણ એ દરદ પોતાની ઝેરી ખાસીયતને લીધે આખરે દરદીનો જાન લેવા વીના રહેતું નથી.

રસવાલો પગ—(Lymphangitis.)

ચાર પગોમાંથી કોઈ પણ પગની ગાંઠોમાં ચઢતો સોજો ઘણું કરીને પગનો મોટો ભાગ સુજાવી મેલે છે, અને તેવી રીતે સોજો ચઢવા પછી તે સોજાનાં પરીણામ તરીકે ત્યાં રસ ઉતરે છે, જે ઉપરથી આ દરદને રસવાલો પગ એવાં નામથી ઓલખવામાં આવે છે. બદનમાં લોહીની કાલી તથા ધોલી નેસો છે તે ઉપરાંત ચોકસ જાતની બીજી બારીક નલીઓ પણ છે, કે જે નલીઓનું કામ બદનના જુદા જુદા ભાગોમાંથી પ્રવાહી

રૂપી પદાર્થો ચુસી લઈને તે પદાર્થોને લોહીની મોહટી કાલી નેસોમાં દાખલ કરવાનું છે. એ પ્રમાણે બદનના જુદા જુદા ભાગોમાંથી રદ થયલો પ્રવાહી તેમજ આંતરડાંમાંથી પુષ્ટીકારક પ્રવાહી ચુસી લઈને મોહટી કાલી નેસોમાં તેઓ દાખલ કરેછે, જે તે નેસોમાંનાં લોહી સંગાતે ભેલાઈ જઈ યા તો બદનમાંજ પાછો દાખલ થાય છે, યા તો બદનની બહાર ફેંકાઈ જાય છે. આવો પ્રવાહી અથવા રસ લઈ જનારી નલીઓને માર્ગમાં થોડે થોડે છેટે ચોકસ ગાંઠોમાંથી પસાર થવું પડે છે, કે જે ગાંઠો એવા રસને ચોખ્ખી કરનારી ચારણીઓ જેવી ગણાય છે. આ ગાંઠોને રસની ગાંઠોના નામથી ઓલખવામાં આવેછે. માણસ જાતમાં કંઠમાલાનું દરદ, જાંગના કાતરામાં થઈ આવતા ચીચોડા તથા હાથની કોણી આગલ દેખાતા ગાંઠ વગેરે દરદોમાં જે ગાંઠો સુજી આવેલી જણાય છે તે આ રસ વાલી ગાંઠો છે. ઘોડાના પગની અંદરની બાજુએથી અને ઘણું કરીને જાંગની અંદરની બાજુએ આવી ગાંઠો ઘણી પાસે પાસે આવેલી છે અને ત્યાં તેમની હારની હાર લંબાય છે. આ ગાંઠોમાં ચઢતો સોજો ઉપર જણાવ્યા પ્રમાણે રસવાલા પગનું દરદ પેદા કરે છે.

નીશાની—ઘણું કરીને પાછલો ડાબો પગ અથવા તો પાછલો જમણો પગ તથા કદાચ આગલા પગ પણ સુજી આવેલા માલમ પડે છે. મુખ્ય કરીને આ દરદમાં પાછલો ડાબો પગ પહેલો સપડાય છે. પહેલવહેલાં થંડી લાગીને સેજ તાવ ચઢી આવે છે, જે તાવ રફતે રફતે વધારે જોસ પકડે છે. નાડી ઘણી જોસમાં ચાલે છે. નાડી દાબી જોતાં તેના ધપકારા આંગલીને ઉછાલી મેલતા જણાય છે તથા તે દર પલે હેંસીથી નેવું (૮૦–૯૦) ધપકારા મારે છે. લંગડા પગની ઉપર હાથ મેલતાં તે ઘણો ગરમ જણાય છે અને સેજ પણ દબાણ કરતાં બહુ દુખારો થતો માલમ પડે છે. જાંગના કાતરામાંની તથા જાંગની અંદરની બાજુની ગાંઠો સુજી આવેલી માલમ પડે છે, અને તે ગાંઠો સુજી આવવાને બદલે છેક નીચે સુધીનો પગ સોજાથી ખેંચાઈ આવેલો માલમ પડે છે. તાવ ઉતરયા પછી આખું બદન પરસેવાથી ભીંજાઈ ગયલું માલમ પડે છે. એક બે દીવસમાં પગનો સોજો અને ખેંચાવો ઉતરી જાય છે અને તે વેલાએ સુજી આવેલી રસની નલીઓ તથા બારીક વટાણા જેવી ગાંઠો ખુલ્લે ખુલ્લી બાહર નીકલી આવેલી દેખાય છે. કેટલીક વેલા પીસાબની નલીની કોઠલીમાં તથા પેટની નીચેના ભાગમાં પણ આ રસ ઉતરેલો નજર આવે છે. બે ચાર દીવસોમાં સઘલાં સોજાની નીશાની નરમ પડી જાય છે, પણ આગલ કરતાં સેજ વધારે પોખાયલો દેખાવ આપે છે. આવી રીતે પોખાયલા દેખાવના પગમાં જો બીજી વખત પાછો સોજો ચઢી પાછો રસ ઉતરે છે તો તે વધારે મોહટો થાય છે અને આખરે તે એટલો બધો તો વૃધી જાય છે કે તે નરમ પાડવાના કાંઈ પણ એલાજો લાગુ પડતા નથી.

કારણ—ઘણું કરીને પુષ્ટીકારક ખોરાક ખવાડયા પછી કોઈ જનાવરને જો લાંબો વખત આલસુ બેસાડી રાખ્યું હોય તો તેવી વેલાએ લોહી ઘટ થઈ જઈને તેના ફરવા-

નાં કામમાં બહુ ખલલ થાય છે અને જ્યારે લોહીની આવી ઘટ હાલતમાં કસરતથી રસની નલીઓમાં જે હીલચાલ પેદા થવી જોઈએ તે પેદા થતી અટકે છે, ત્યારે રસવાલી નલીઓમાંથી ઘટ રસને પસાર થવાનું કામ બહુ મુશકેલ થઈ પડયાથી તે નલીઓ અને તેમની સાથે જોડાયલી રસની ગાંઠો ચીકાર ભરાઈ જાય છે, જેનાં પરીણામ તરીકે તે રસની નલીઓમાં, તથા રસની ગાંઠોમાં સોજો ચઢી આવે છે. આ સોજાનાં પરીણામ તરીકે આખાં બદનમાં તાવ લાગુ પડેછે અને પછી તે રસની નલીઓમાંથી રસ બહાર નીકલી આસપાસની જગ્યામાં વેહતો થાય છે, જેનાં પરીણામ તરીકે તે આસપાસના ભાગો મોહટા થયલા માલમ પડે છે.

ઉપાય—પહેલવહેલાં એલીઆનો એક સખત જોલાબ આપવો અને પછી દરદીને હલકા ખોરાક ઉપર રાખવો; સોજાવાલા ભાગને ગરમ પાણીના કટકાઓથી શેકવો. જ્યાં સુધી નાડીનું જોર તનદરોસ્ત હાલત ઉપર આવે ત્યાં સુધી દર ત્રણ કલાકને આંતરે ફ્લેમીંગના તીંકચર ઓફ એકોનાઈટનાં દસ ટીપાં અરધી પેંટ પાણી સાથે આપવાં. પગને શેક કરવા પછી ગુંદરનાં પાણી સાથે મેલવેલો એકસત્રેકત આવ બેલાડોના સોજાવાલા ભાગ ઉપર ચોપડવો અને પાછો બીજી વેલા શેક કરવાથી તે નીકલી જશે, માટે શેક કરવા પછી દર વેલાએ તે લગાડયા કરવો. નાડીનું જોર તીંકચર આવ એકોનાઈટથી નરમ પડવા પછી સહવાર સાંજનાં પાણી સાથે બે ડ્રામ સુરોખાર મેલવીને આપવો. જો પીસાબની નલીની કોઠલીમાં રસ ઉતરવાથી પીસાબ બરોબર નહીં છુટતી હોય તો છરીના કાપ મેલી તેમાંથી રસ કાઢી નાંખવો. આવા રસવાલા પગની ઉપર કદી પણ ડહામ દેવો નહીં અથવા બ્લીસ્તર મારવું નહીં. જો તાવ વગેરેની નીશાનીઓ નરમ પડવા પછી પગ મોહટો રહી ગયલો જણાય તો તેવી વેલાએ હાથનાં ઘસારાથી પગને ચંપી કરવી અથવા તો ફ્લાનલના પાટા બાંધવા. જો એ ઈલાજોથી પગનો સોજો નહીં ઉતરે તે આયોદીનની મેળવણીઓ લગાડવી. આ કામ માટે આયોદીનનો મલમ સારો છે. ડીકામાલી અને આયોદીનનો ભેલ કીધેલો મલમ ઘણી વેલા ફાયદો કરેછે. જો રસવાલી ગાંઠો પાકપર ચઢે તો નસ્તર વડે તે ફોડી નાખવી. લોહી કાઢવાથી આ દરદમાં પેહલાં દેખઈતો ફાયદો થાયછે ખરો, પણ પાછલથી તે ઘણોજ નુકસાનકારક પરીણામ નીપજાવે છે, અને તે રસવાલો પગ હમેશ સુધી મોહટોજ રહી જાય છે. આવી રીતે વારંવાર રસના હુમલાઓ થયા પછી મોહટા થઈ ગયલા પગને નાહનો કરવાની કોશેશ મીથ્યા છે. આ દરદ એક વાર થયા પછી બીજી વાર પાછું થવાની ધાસ્તી રહે છે, માટે આ દરદવાલાં જનાવરને સાજું થવા પછી ઘણી સંભાલથી વાપડવું જોઈએ છે. આવા દરદીના સાજા થવા પછી બનતાં સુધી તેને ગરમી પેદા કરે એવો પુષ્ટીકારક ખોરાક આપવો નહીં, તથા તેની પાસે દરરોજ ઘટતું કામકાજ લેવાને ચુકવું નહીં.

બ્લીસ્તર મારવાની રીત—(Blistering.)

જે ભાગ ઉપર બ્લીસ્તર મારવું હોય તે ભાગ ઉપરના બાલો કાતરી કાઢવા અથવા તો બેહતર કે અસતરા વડે બોડી કાઢવા. બ્લીસ્તરને માટે ઘણું કરીને પારાનો મલમ અથવા કેનથેરીડીસનો મલમ વાપડવામાં આવે છે. આવો મલમ ચામડીમાં સારી પેઠે દસ મીનીટ અથવા પા કલાક સુધી રગડવો. જેમ વધારે વખત સુધી મલમ લગાડવામાં આવશે તેમ તેની વધારે અસર થશે. અગરજો બ્લીસ્તર વાલી જગ્યા ઉપર ઘોડો કોઈ પણ રીતે કાંઈ ઘસારો કરશે તો તેનાં પરીણામ ઘણાં કઢંગાં નીપજશે; માટે તે તેમ નહીં કરે તેની પુરતી સંભાલ રાખવી. જો બ્લીસ્તર વાલી જગ્યાએ પુછડી અથવા માથું પુગી શકે તેવું હોય તો તેમને એક બાજુએ બાંધી રાખવાં, અને જો પગ ઉપર બ્લીસ્તર મારયું હોય તો ઘણના કટેરાઓ સાથે તે પગ ઘસે નહીં એટલા માટે તે પગને દોરડાં વટી દુર બાંધી રાખવો. એવી રીતે તે પગને દોરડું બાંધતાં સંભાલ રાખવી કે, બ્લીસ્તર વાલી જગ્યા ઉપર એ દોરડું પોતેજ લાગીને ઘસારો નહીં કરે. અગરજો બ્લીસ્તર બીજે દહાડે નહીં ઉઠે એટલે કે તે જગ્યાએ જો ફોફડીયાં ઉઠેલા નહીં જણાયં તો તેની ઉપર ખાલી તેલના હાથથી સારી પેઠે ઘસારો કરવો, અને જો તે ઘસારાની પણ અસર થતી નહીં જણાય તો બીજે દીવસે સેજ વધારે બ્લીસ્તરની મેલવણી લગાડવી. બે દીવસ પછી બ્લીસ્તરવાલા ભાગને ગરમ પાણીથી ધોઈ તેની ઉપર મીઠું તેલ લગાડવું. નબલા બાંધાવાલા ઘોડાઓને તથા જલંદર જલદીથી થાય એવા ઘોડાઓને તથા જે ઘોડાઓની રૂવાંટી તરતની ખરવા માંડેલી હોય તે ઘોડાઓને તથા જે ઘોડીઓ પોતાની યુવત્તી રૂતુમાં હોય તેઓને કદી પણ બ્લીસ્તર મારવું નહીં, કારણ કે એવાં જનાવરો ઉપર બ્લીસ્તરની અસર ઘણીજ જોરમાં થાય છે, તે ભાગ ઘણો સુજી આવે છે અને ચામડી પાકપર ચઢીને કોહી જાય છે. આવી વેળાએ તે ભાગ ઉપર મુરદાસીંગના પાણી સાથે મીઠું તેલ ભેલીને તે મેળવણી લગાડવી. જો જનાવર મજબુત બાંધાનું હોય તો એક હલકો જોલાબ આપવો, અને જો તે જોલાબની અસર નહીં ખમી શકે તેવું હોય તો જોલાબ આપવાનો માંડી વાલીને તેના પીવાના પાણી સાથે સવાર સાંજ બે ડ્રામ સુરોખાર મેલવવો. બનતાં સુધી ચોમાસાંની મોસમમાં બ્લીતર મારવું નહીં.

ડામ દેવાની રીત—(Firing.)

પગનાં હાડકાંઓમાં ચઢતો સોજો નરમ પાડવાને માટે જનાવરોના સંબંધમાં ડામ દેવાની રીત ઘણીજ સાધારણ છે અને જેમ તે સાધારણ છે તેમજ જો અક્કલથી વાપડી હોય તો તે ફાયદાકારક પણ છે. ઘણું કરીને નરમ ખવાસના ઘોડાઓને ઉભા રાખીનેજ

ડામ દેવામાં ફાયદો છે. જનાવરને એવી વેળા આપણા તાબામાં રાખવાને માટે એક માણુસ સોડે તેનો એક આગલો પગ ઊંચકાવી ઉપલા હોઠને એક મુંગો લગાડવો; માત્ર આ ઉપાયોથી તે જનાવર તાબામાં રહી શકશે. ઉભા રાખીને ડામ દેવામાં ફાયદો સમાયલો છે. જનાવરને જમીન ઉપર નાખતાં જે કડાકુટ પડે છે અને જે અકસ્માતો થવાની ધાસ્તી રહેછે તે કડાકુટ તથા ધાસ્તી ઉભાં રાખીને ડામ દેતાં મટી જાય છે. વળી જમીન ઉપર નાખીને ડામ દેતાં ડામની લીટીઓ ચામડી સંગાતે સીધી આવવાને બદલે આડકતરી આવે છે અને તેથી તે જનાવરને ઉભું કરવા પછી તે લીટીઓ એબીઅલ દેખાય છે. બ્લીસ્તર મારતાં જે સંભાલ રાખવા કહી છે તેવીજ સંભાલ ડામ દેવામાં પણ રાખવી. ડામ બે જાતના દેવાય છે. એક લીટીઓરૂપી અને બીજો અણીદાર. લીટીઓ વાલા ડામ દેવાને માટે પતરાંના દાબડા બનાવનારા ધંધાદારીઓ કલાઈની રેવન દેવાને જે ગરમ લોખંડ તાતે છે તેનેજ બરોબર મલતાં આવતાં લોખંડના હથીઆરો વાપરવામાં આવે છે. અણીરૂપી દાહમ દેવાને માટે ચોરસ રમવાના સોટકાંઓના આકારનાં લોખંડનાં હથીઆરો વાપડવામાં આવે છે, જેમાં તે સોટકાંની અણી ડામ દેવાને માટે વાપડવામાં આવે છે. ડામ દેતી વેળા હમેશાં જોડ હથીઆરો વાપડવાં કે જેથી એક હથીઆર ગરમ થાય અને બીજું કામ કરે. ડામ દેવાનાં હથીઆરો બીરના લોખંડના બનાવેલાં હોવાં જોઈએ કે જેથી તે લોખંડોની ઉપરનું પડ ભીંગડાંના આકારમાં ખરી પડે નહીં. લોખંડ તપાવ્યા પછી ડામ દેવાની અગાઉ તેને એક કપડાંની ઉપર લુછીને સાફ કરવું જોઈએ.

જે ભાગ ઉપર ડામ દેવો હોય તે ભાગના બાલો કાતરથી કાપી કાઢવા. લોખંડ તપીને તદન લાલ થાય ત્યાં સુધી તે વાપડવું નહીં. પગની ઉપર જો ડામ દેવા હોય તો પીંછના આકારમાં ડામ દેવા એ સારૂં છે. આ કારણને માટે વચમાંથી એક ઉભી લીટી તાતવેલાં લોખંડથી દાબીને દોરવી અને પછી બંન્ને બાજુઓ ઉપર વાંકી લીટીઓ પીંછના આકારમાં દોરવી. આ લીટીઓ એકેકથી અરધા ઇંચને તફાવતે દોરવી. જ્યાં પણ સાંધાઓ વલતા હોય ત્યાં ઊંડાણમાં ડામ દેવા નહીં, તેમજ એવી રીતે લીટીઓ દોરવી નહીં કે જેથી તનદરોસ્ત ચામડીથી ડામ દીધેલી ચામડી છુટી પડી જઈ મરી જવાનો સંભવ રહે.

બ્લીસ્તરની દોરીઓ—(Setons.)

કેટલીક વેળા દરદી ભાગની અંદર સોજો ચઢાવવાનું જરૂર પડે છે, અને તેવી વેળા બહારથી બ્લીસ્તર મારીને સોજો ચઢાવવાનું વાજબી લાગતું નથી. આવી વેળા અંદરથીજ સોજો ચઢાવવાની મતલબથી એક ચપતી સોયે કરીને જે ભાગમાં સોજો ચઢાવવો

હોય તે ભાગમાં એક કપડાંની પટી અથવા દોરી જેની ઉપર બ્લીસ્તર ઉઠાડે એવી દવાઈ લગાડેલી હોય છે તે પટી અથવા દોરી દાખલ કરવામાં આવે છે. એવી રીતે દરદી ભાગમાં તે દોરીને દાખલ કીધા પછી તેને સેજ ઢીલી રાખી તેના બંને છેડાઓને એકેકની સાથે મેલવી તે બંને છેડા એકેકની સાથે બાંધી દેવામાં આવેછે. આવી રીતની પટી અથવા દોરી વાપડવાથી બદનની અંદરના ભાગમાંજ સોજો અટી બાહરના ભાગને કોઈ કટમાં ખરાબ કરતો નથી અને દરદ દફે કરવાની આપણી મુળ નેમને તે ઘણીજ સફાઈથી અને સલામતીથી પાર પાડે છે. આ કારણને માટે વપરાતી પટી ઘણું કરીને ચીવત મલમલની અથવા જગન્નાથીની વપડાય છે, અને તે પટી દરરોજ ફેરવ ફેરવ કરવી. કેટલીક વેળા આ પટીની ઉપર બ્લીસ્તરની મેલવણી લગાડવાને બદલે કોરીજ પટી અંદર મુકવામાં આવે છે. જો કોઈ સાંધા આગલ એવી પટી દાખલ કરવી હોય તો તે દાખલ કરવાને માટે બુઠી અણીવાળી સોય વાપડવી કે જેથી કરીને ત્યાંના ચીકાસવાલા પટાઓ યા બીજા અગત્યના ભાગો જોખમાય નહીં. સોય દાખલ કરવાની આગમચ ચામડી કાપવાને માટે એક ખાસ કાતર આવે છે, જેને અંગ્રેજીમાં રાવેલીંગ સીઝરસ (Rowelling Scissors) કહે છે તે કાતર વાપડવી. આવી રીતે પટી દાખલ કીધા પછી પાંચ છ દીવસે અંદર પાક ચઢેલો માલમ પડે છે. આ પટી દસ દીવસ પછી છોડી નાંખવી.

ફસ ખોલવાની રીત—(Bleeding.)

કેટલાંક દરદોમાં બદનના ચોકસ ભાગોમાં ચઢતો સોજો અટકાવવાને માટે બદનની કોઈ કાલી નેસમાંથી લોહીનો મોટો ભાગ બહાર ખેંચી કાઢવાની જરૂર પડે છે. આવી રીતે લોહી ખેંચી કાઢવાનાં કામને ફસ ખોલવી એમ કહે છે. ફસ ખોલવાને માટે એક ચોકસ નસતર વાપડવામાં આવે છે, જેને અંગ્રેજીમાં ફલીમ (Fleam) કરીને કહે છે. જો આખાં બદનમાંનું લોહી ઓછું કરવું હોય તો જે નેસ પસંદ કરવામાં આવે છે તે ગરદનની મોટી કાલી નેસ છે. ગરદનના સઉથી નીચલા ભાગમાં ઘાંટીની બંને બાજુએ જે લાંબી ગઢેર જણાય છે તે ગઢેરમાં આ મોટી કાલી નેસ આવેલી છે. એ ગઢેરમાં અંગુઠાથી દબાણ કરી જડબાં તરફ. તે અંગુઠો જો સેરવ્યો હોય તો એ નેસ ભરાઈને ઉપસી આવશે, કે જે દેખાવ ઉપરથી તેની ચોકસ જગ્યા વીશેની ખાતરી થશે. ઘણું કરીને જડબાંથી નીચે એક ફુટ દુરની જગ્યા આ ફસ ખોલવાને માટે પસંદ કરવામાં આવેછે. કોઈ વેળા બદનમાંથી સાધારણ લોહી ઓછું કરવાને બદલે બદનના ચોકસ ભાગમાંનુંજ લોહી ઓછું કરવાની અગત્ય જણાય છે. એવી વેલા તેજ ભાગમાંની એક મોટી કાલી નેસ પસંદ કરવામાં આવે છે. દાખલા તરીકે સુમની તાપમાં પગમાંની નેસ પસંદ કરવી વાજબી ગણાય છે.

એક બીજાં માણુસ સોડે માથું ઊંચે ધરાવી નેસ ઉપરની ચામડી એ રીતે ખેંચાયલી રાખવી. ફ્સ ખોલવાની અગાઉ ઘોડાની આંખે પાટા બાંધવાની સંભાલ રાખવી. બનતાં સુધી ડાબી બાજુની નેસ પસંદ કરવી; પણ જો જનાવર કીમતી હોય તો જમણી બાજુની નેસ પસંદ કરવી. ફ્સ ખોલવાને માટે જે જગ્યા પસંદ કીધી હોય તે જગ્યાને પાણીથી ભીંજવવી. આગલ કહ્યું તેમ ગઢેરમાં અંગુઠો દાબી નેસ ફુલવવી અને પછી ફ્લીમની મદદથી તે નેસને લંબાઈએ કાપવી. ખુબ યાદ રાખવું કે નેસ પોહલાઈએ કદી પણ કાપવી નહીં, કારણ કે જો તેમ કાપ મુકવામાં આવશે તો તે નેસ આરપાર તુટી જશે. નસતર બહાર કાહડતાંજ જો બરોબર નેસમાં તે લાગું હશે તો તેનીજ પુષ્કલ લોહી વેહવા માંડશે.. નસતર નેસમાં બરોબર ભોકાય તેટલા માટે નસતરની ઉપર એક ટુકી લાકડીથી કરીને સફાઈબંધ ઠોકો મારવો. ઠોકો મારતી વખતે સંભાલ રાખવી કે નસતરની અણી બીજી ગમ ખસી નહીં જાય અથવા તો તે ઠોકો એટલો હલકો નહીં હોય કે જેથી નેસ કપાયા વીના રહી જાય. જ્યારે લોહી વહેવા માંડે ત્યારે જખમની નીચેવાલો નેસનો ભાગ આંગલીઓથી દાબી રાખવો કે જેથી ચામડીની નીચે આવેલો ઢીલો ભાગ લોહીથી ભરાઈ નહીં જાય. લોહી વહેતું હોય તે વેલા તેનાં માથાંની હીલચાલ અટકાવવાની સંભાલ રાખવી. લોહી ઝીલવાને માટે ગરદનની નીચે એક કાચનું વાસણ ધરવું કે જે વાસણની બહાર ચોકસ માપના આંકડા માંડેલા હોય. આવી રીતે આંકેલું વાસણ વાપડવાથી તરતજ માલમ પડશે કે લોહી કેટલું ગયું છે અને કેટલું નહીં. આ વાસણની કોર નેસની ઉપર દબાણ કરી લોહી વહેતું અટકાવે નહીં તેની સંભાલ રાખવી. બેથી ત્રણ બાટલી લોહી હમેશાં પુરતું ગણાય છે. પુરતું લોહી નીકલ્યા પછી ફ્સ ખોલનારે જખમની ઉપર પોતાનો અંગુઠો દાબવો અને પછી ધીરે ધીરે નેસની ઉપર દબાણ કરતી આંગલીઓને ઊંચકવી. જો અંગુઠો દાબવાની અને આંગલીઓ ધીરે ધીરે ઊચકવાની સંભાલ નહીં રાખવામાં આવશે તો નેસમાં થયલા જખમમાંથી બહારની હવા એકદમ બદનમાં દાખલ થશે અને ઘણાંજ ધાસ્તીભર્યાં પરીણામ નીપજાવશે. એવી રીતે ધીરે ધીરે સઘલી આંગલીઓ ખસાડયા પછી પેલા જખમ ઉપર દાબી રાખેલાં અંગુઠાને આંગલીની મદદ આપવી અને અંગુઠા અને આંગલી વચ્ચે જખમની બંને કીનારીઓ પકડી તે જખમને રૂપાંના તારથી સીવી લેવો. એવી રીતે બંધ કીધેલા જખમના ટાંકા એક અઠવાડયું પછી તોડી નાખવા.

ઘાંટી ખોલી કરવાની રીત—(Tracheotomy.)

જ્યારે નાકનાં ફીફરાં, નાકની અંદરનો ઘાંટી સુધીનો રસ્તો અથવા તો ઘાંટીનો ઊપલો ભાગ કાંઈ અડચણ હોવાના સબબથી બહારની હવાને ફેફસાં તરફ જતી તથા ફેફસાંમાંની હવાને બાહર નીકલતી અટકાવે છે, ત્યારે જનાવરનો જીવ ઘણોજ ધાસ્તીમાં

આવી પડે છે અને તેનો દમ ગુંગલાઈ જવા માંડે છે. આવી વેળા જો તરતજ અટકાવની જગ્યાની હેઠલનો ઘાંટીનો ભાગ ઊઘાડયો હોય છે તો તે જનાવરનો જીવ બચવાની આશા રહેછે, જ્યારે ઘાંટી ઊઘાડવાના કામમાં થોડીક પલની પણ ઢીલ થતાં તે જનાવર કમોતે મરણ પાંમે છે. એટલા માટે હથીઆર વડે ઘાંટી ઊઘાડવાનું કામ શીખી રાખવું અગત્યનું છે. આ કામ જો કે દેખઈતું ઘણું ધાસ્તી ભરેલું છે, તો પણ તે સફાઈથી કરતાં ઘણું સેહલું માલમ પડે છે.

જનાવરનું માથું ઊંચું રખાવી અને ઉપલા હોઠ ઉપર એક મુંગો લગાડી ગરદનની નીચેનાં એક તૃતિઆંશ ભાગમાં અને ઘાંટીની બરાબર મધ્ય રેખામાં ઘાંટી ઊઘાડવા માટેની જગ્યા પસંદ કરવી. તીક્ષણ અણીઆલી છરીને જમણા હાથમાં ધરી ડાબા હાથની આંગલીઓથી, પસંદ કીધેલી જગ્યા આગલ ઘાંટીનાં કુમલાં હાડકાંની વીટીઓ તપાસવી, અને બરોબર મધ્ય રેખામાં એક સાબેત કાપથી ચીરો પાડી તે વીટીઓ સુધી જઈ અટકવું; એ રીતે ઉપરની ચાંમડી અને છુટા છવાયા માંસના શાખાઓ કપાઈ જવાથી ઘાંટીની વીટીઓની સપાટી નજર આવશે. એ રીતે ઊઘાડી પડેલી બે વીંટીઓની ઉપરની વીંટીના મધ્ય ભાગમાં તે તીક્ષણ અણીઆલી છરી ખોસવી અને નીચલી વીંટીના મધ્ય ભાગ સુધી તે છરીની મદદથી ઉભો કાપ પાડવો. એ રીતે કાપ પાડવાથી કરીને જ્યારે તે કાપો રૂજ આવશે ત્યારે ત્યાં કાંઈ પણ ખરબચડી જગ્યા રહેશે નહીં અથવા રૂજ આડો અવલો આવી દમ લેવાના કામમાં અડચણ કરશે નહીં. કેટલાકો ઉપરની વીંટીનો તથા નીચેની વીંટીનો અરધો અરધો ભાગ એવી રીતે કાપી કાઢેછે કે તેની અંદર એક પાવલી જાય એટલું કાણું પડે આવી રીતે ઉભો કાપ પાડયા પછી ઘણું કરીને તેમાં રૂપેરી ઘોર ચઢાવેલી એક પતરાંની ભુંગલી ખોસવામાં આવે છે. આ ભુંગલી બે ભાગમાં વેંહચી નાખેલી હોય છે, કે જેથી તેનો અરધો ભાગ પહેલાં અને અરધો ભાગ પછી ખોસાય. કેટલાકો આવી રીતે કાપેલી વીંટીઓના છેડા દોરીથી કરીને ગરદનની આસપાસ બાંધી લે છે, કે જેથી તે કાણું ખુલ્લું રહે. જો દમ સરખો ચાલવા માંડે તો ઘાંટી વધારે વખત ખુલ્લી રાખવાની જરૂર નહીં હોવાથી ભુંગલી કાઢી લેવી અથવા તો દોરી બાંધી હોય તો તે છોડી નાખવી. ત્યાર પછી તે કાપો અથવા કાણું પોતાની મેલે રૂજાઈ જશે અને તેની ઉપર કાંઈ પણ વધારે મલમપટો કરવાની જરૂર રહેતી નથી.

પીસાબ કહાડવાની નલી મુકવાની રીત.

(Passing the Catheter.)

ઘણીક વેળા પીસાબ ફુક્કામાં હોવા છતાં તે બહાર નીકલી શકતી નથી. તેવી પીસાબ બહાર ખેંચી કાઢવાને માટે એક વલી શકે એવી નલી વાપડવામાં આવે છે, કે જે

નલીને પીસાબની નલીમાંના માર્ગ કરતાં વ્યાસમાં સેજ ઓછી રાખેલી હોય છે અને જેને દાખલ કરતાં મરડાઈ નહીં જાય એટલા માટે એક વ્હેલબોનની લાકડી ખોસી કઠણ રાખવામાં આવે છે, કે જે લાકડી તે નલીનાં અંદર ગયા પછી બહાર ખેંચી કાઢવામાં આવે છે. પીસાબ કાઢવાની સલી મુકવાની અગાઊ તે જનાવરના સફરામાં હાથ ઘાલી સઘલી એકઠી થયલી લીદ કાઢી નાખવી. જો જનાવરને ઉભું રાખીનેજ સલી મેલવાની હોય તો પાછલા પગોને હોબલની મદદથી સીકડી આગલો પગ ઊંચો પકડાવવો અને ઉપલા હોઠ ઊપર મુંગો લગાડવો. ત્યાર પછી એક બીજાં માણસને પીસાબની નલી ખેંચી કાઢવાનું કામ સોંપવું. એમ કરવા પેહલાં તે માણસે પીસાબની નલીની કોઠલીમાં હાથ નાખવાની અગાઉ પોતાના હાથ ઉપર તેલ લગાડવું, અને પછી પીસાબની નલીનું મોંહ ધીરજથી ખેંચી કાઢવું. પછી સલી દાખલ કરનારે સલીનાં મોહડાં ઊપર તેલ લગાડી પીસાબની નલીના માર્ગમાં દાખલ કરવી. આવી રીતે તે સલી દાખલ કરતી વેળા પેલી વ્હેલબોનની લાકડી અંદરજ ખોસેલી રહેવી જોઈએ, જ્યારે સફરાની નીચેની મધ્ય રેખામાં તે સલી આવી પુગેલી જણાય ત્યારે પેલી વ્હેલબોનની લાકડી અંદરથી ખેંચી કાઢવી અને સફરાની મધ્ય રેખામાં આંગલાં મેલી સલીના છેડા ઉપર એવી રીતે ચાલુ દબાણ કરવું કે જેથી તે સલી વલી જાય અને હમણા સુધી તેણે જે પછવાડેની દીશાનો મારગ લીધો હતો તેને બદલે હવે આગલી દીશાનો મારગ આગલ લીએ. એવી રીતે એક ગમથી સફરાની મધ્ય રેખામાં દબાણ ચલાવવું અને બીજી ગમથી સલીને માંહે પેવસ કરવાને માટે ધીમું જોર વાપડતા જવું. જ્યારે સલી પીસાબના ફુક્કા સુધી જઈ પોંહચશે ત્યારે પીસાબ છુટવા માંડશે અને જો તેમ નહીં થાય તો સફરામાં હાથ ખોસી તેની નીચલી દેવાલ ઉપર ધીમેથી હાથનું દબાણ ચલાવવું. જ્યારે ફુક્કો ઘણો ભરાઈ ગયો હોય છે અથવા તો જ્યારે તેના માંસનાં લોચાઓમાં લકવો લાગુ પડયો હોય છે ત્યારે આવી રીતનું દબાણ કરયા વગર કદી પણ પીસાબ નીકલતી નથી.

જો માદા જનાવરની પીસાબ ખેંચી કાઢવી હોય તો તેને માટે બહુ નહાની સલી વપડાય છે અને તે સલીમાં વ્હેલબોનની લાકડી ખોસવાની કાંઈ જરૂર પડતી નથી, કારણ કે ઘોડીનો મુત્ર માર્ગ બહુ નહાનો છે અને વલી પહોલો છે. યોનીની નીચલી સપાટી ઉપર ચારથી પાંચ ઈંચને છેટે અંદરથી મુત્ર માર્ગનું કાણું આવેલું છે. આ કાણું હમેશાં એક ચામડીના ઢાંકણથી ઢંકાયલું રહે છે કે જે ઢાકણની એવી ખુબી છે કે અંદરથી નીકલતી વસ્તુના સેહજ પણ જોસથી તે ઊઘડી જાય છે, જ્યારે બહારથી કાંઈ પણ જોસ તેની ઉપર થતાં તે વધારે ચીવટ રીતે મુત્ર માર્ગનું કાણું બંધ કરે છે. એટલા માટે પીસાબ કાઢવાની સલી દાખલ કરવાની અગાઉ જમણા હાથની પેહેલી આંગલીની અણીથી એ ઢાંકણુ ઊઘાડવું અને ત્યાર પછી સારી પેઠે તેલ લગાડીને ચીકણી કીધેલી પીસાબ કાઢવાની સલી માંહે દાખલ કરવી. જ્યારે તે સલી ફુક્કા સુધી જઈ પહોંચશે ત્યારે પીસાબ છુટશે.

પવનથી થતા ચુંકીમાં આંતરડાંમાં સુઈઓ મુકવાની રીત.

(Puncture of the intestine for flatulent colic.)

પવનથી થતો ચુંકો નરમ પાડવાને માટે આંતરડાંમાં સુઈઓ મુકી તેમાં ભરાયલો પવન કાઢી નાખવામાં આવે છે અને તેથી જનાવરને તરતજ કરાર વલી જાય છે, તેમજ કેટલીક વેળા તેનો જીવ જતો બચે છે.

ઘણું કરીને સુઈઓ જમણી બાજુએથી મુકવામાં આવે છે. છેલ્લી પાંસલી અને જાંગનાં કુલ્લાંની બહાર નીકલી આવતી આગલી અણીની વચ્ચે વચમાં તથા કમરનાં હાડકાંઓથી સરખે અંતરે સુઈઓ ભોકવામાં આવે છે. એક ઈંચના પાંચમા ભાગ જેટલા વ્યાસની ધાતુની નલી આ કામ માટે વાપડવામાં આવે છે. આ નલી ઘણું કરીને છ ઈંચની લંબાઈની હોય છે. આ નલીમાં મોચીની આર જેવું તેહલુંજ લાંબું એક અણીઆલું નક્કર હથીઆર ખોસવામાં આવે છે, અને એ અણીઆલાં હથીઆરને સુઈયાનાં નામથી ઓળખવામાં આવે છે. આ સુઈયો નલી કરતાં અરધો ઈંચ વધારે લાંબો હોય છે અને નલીની બહાર રહેતા તેના છેડા ઉપર એક લાકડાંનો હાથો જડેલો હોય છે, કે જેથી નલીમાં ખોસતાં તેમજ તેમાંથી તેને બહાર કાઢતાં સેહલું થઈ પડે.

ઘણું કરીને આ સુઈયો મેલવાની ક્રીયા જમીન ઉપર નાખીને કરવામાં આવે છે. જો જનાવર શાંતીથી ઉભું રહી શકે તેવું હોય તો આગલો એક પગ ઊંચકાવ્યા પછી સુઈયો મેલવામાં કાંઈ અડચણ નથી. ઉપર કહ્યું તેમ જમણી બાજુએ ચોકસ જગ્યા પસંદ કરવા પછી નલીમાં ખોસેલો સુઈઓ તે જગ્યા ઉપર આવે તેવી રીતે પણ ચામડીથી સેહજ દુર ધરવો. જો જનાવર પાતલી ચામડીનું હશે તો ચામડીમાં તે સુઈઓ પોતાની અણીથીજ પેવસ થઈ શકશે, પણ જાડી ચાંમડીવાલાં જનાવરમાં તે સુઈયો સેહલાઈથી પેવસ થઈ શકશે નહીં; માટે તે જગ્યાએ એક છરીથી કરીને કાપ મેલવો. એવી રીતે કાપ મેલવાથી સુઈયો સેહલાઈથી બદનમાં પેવસ થઈ શકશે. ઉપર કહ્યું તેમ સુઈયાને નલી સાથે એવી રીતે પાડેલા કાપ આગલ ધરીને પછી સુઈયાના હાથા ઉપર હથેલીથી એક સાબેત ફટકો મારવો, એટલે તરતજ તે આંતરડાંમાં દાખલ થશે. એ પ્રમાણે નલી સુધાં સુઈઆને આંતરડાંમાં દાખલ કીધા પછી સુઈઆનો હાથો ધરી સુઈઆને બહાર ખેંચી કાઢવો, એટલે આંતરડાંમાં ભરાયલો પવન જોસમાં તેની પાછલ બહાર નીકલી આવશે. જો હવા નીકલતી અટકી પડે તો એક પાતલી રૂપાંની સલી ખોસી તે નલીનું બંધ થઈ ગયલું મોંહ પાછું ઊઘાડવું. જો એમ કરતાં તે નલી પાછી ખુલ્લી નહીં થાય તો નલી કાઢી લઈ તેને સાફ કરી અસલ જગ્યાએથી થોડે દુર ઉપર માફકજ સુઈઆ સાથે તેને પાછી દાખલ કરવી. જ્યારે આંતરડાંમાંની સઘળી હવા ખલાસ થયલી માલમ પડે ત્યારે તે નલી ઘણીજ સફાઈથી બહાર કાઢવી. દસ મીનીટથી વધારે

વખત આંતરડાંમાં નળી કદી પણ રહેવા દેવી નહીં. નળીબહાર કાઢવા પછી ત્યાં થયલા જખમને કાંઈ મલમપટો કરવાની જરૂર નથી. જખમનાં મથાલાં હેઠલ ફરમાવ્યા મુજબ હવામાં ઉડતાં ઝેરી બીયાંઓ તેમજ સુઈયાને તથા નળીને વલગેલાં ઝેરી બીયાંઓની અસર નાબુદ કરવાને ઉપાયો લેવાની સંભાલ રાખવી.

બાલભમરાની નીશાનીઓ—(Lucky and unlucky marks.)

ઘોડો ખરીદતી વેલા હીંદુસ્તાનનાં તેમજ બીજા મુલકોનાં લોકો ઘોડાનાં બદન ઉપરના બાલોની ચોક્સ કુંડાલાં રોકી ગોઠવણ તપાસે છે, જે કુંડાલાંઓને બાલભમરાના નામથી ઓલખવામાં આવે છે. આ બાલભમરા જો ચોકસ જગ્યાએ ચોકસ આકારમાં ગોઠવાયલા હોય છે તો તેઓ યાતો ધણીનાં ઘરમાં સુખ લાવે છે યાતો દુખ લાવે છે એવું માનવામાં આવે છે. આવા વહેમને લીધે ઘોડો ખરીદતી વેલા આ બાલભમરાઓની ગોઠવણ ઉપર મુખ્ય ધ્યાંન આપવામાં આવે છે અને ગમે એવા સારા બાંધાના અને ખુબસુરત ઘોડાને એવી એક પણ ખરાબ નીશાનીને લીધે રદ કરવામાં આવે છે તથા ઉતરતા બાંધાના અને થોડી ખુબસુરતીવાલા પણ સારી નીશાનીવાલા ઘોડાને ભાગ્યવંત ગણીને પસંદ કરવામાં આવે છે. તે ખરૂં પુછતાં તદન નકામી રીત દાખલ થઈ છે, પણ હમણુના સુધરેલા વખતમાં ઘણાએક અકલમંદો તથા કેલવાયલા ગ્રહસ્થો તે વેહેમ રાખતા નથી.

આ પુસ્તકમાં એ કારણને લીધે બાલભમરા તપાસવાની સમજણ ટુંકમાં આપવાને વાજબી વીચારવામાં આવ્યું છે, કારણ કે એક એવા ભમરા જોનાર કહેશે કે આ ભમરો સારો છે ને બીજો કહેશે કે સારો નથી, પણ જે સાધારણ જોવાની રીતો છે તેજ ફકત અહીયાં દરશાવવામાં આવી છે.

કપાલપરના બાલભમરા—(Forehead marks.)

કપાલ ઉપર વચમાં જો એકજ ભમરો હોય તો તે **સારી નીશાની** કહેવાય છે.

જો કપાલ ઉપર વચમાં બે ભમરા સરખા હોય તો તેને તોરણ કરીને કહે છે. એને કેટલાક લોકો **સારી નીશાની** ગણે છે અને તે લોકો એમ કહે છે કે એવો ઘોડો ધણીનાં ઘરમાં તોરણ બંધાવે છે એટલે સારા સગન કરાવે છે, પણ કેટલાક લોકો એને **ખરાબ નીશાની** ગણે છે અને તેઓ એમ કહે છે કે એવો ઘોડો ધણીનાં ઘરની બાંધેલી તોરણ છોડાવે છે, એટલે કે ઘણાજ ખરાબ સગન કરાવે છે.

કપાલ ઉપર બે ભમરા જો ઉપર નીચે હોય તો તેને બેહેડાંફોર કરીને કહે છે. એને **ઘણીજ ખરાબ નીશાની** ગણવામાં આવે છે, કારણ કે એ ઘેરનું બહેડું ભંજાવે છે.

કપાલ ઉપર એકજ ભમરો હોય અને તેની નોક જો છેક આંખની નીચે ઉતરી હોય તો તેને આંસુધારના નામથી ઓલખવામાં આવે છે. એને ઘણીજ **ખરાબ નીશાની** ગણવામાં આવે છે, કારણ કે એ ધણીનાં ઘરમાં રડાપીટ કરાવે છે.

કપાલ ઉપર ત્રીકોણાકારના જો ત્રણ ભમરા હોય તો તે ત્રીશુલનાં નામથી ઓલખવામાં આવે છે. આ નીશાનીને કેટલાકો સારી ગણે છે, પણ ઘણાઓનાં મત પ્રમાણે એ **ખરાબ નીશાની** છે.

ગરદન ઉપરના બાલભમરા—(Neck marks.)

ગરદન ઉપર બંન્ને બાજુએ બે ભમરા સરખા હોય તો તે **સારી નીશાની** ગણાય છે.

ગરદન ઉપર બંન્ને બાજુએ બે ભમરા હોય પણ તે લાંબા ટુંકા હોય તોપણ તે **સારીજ નીશાની** ગણાય છે.

ગરદન ઉપર એકજ બાજુએ ભમરો હોય તો તેને સરપણ અથવા સાંપણ કરીને કહે છે. આ **નીશાની ઘણીજ ખરાબ** ગણાય છે, કારણ કે તે ધણીને સરપ અથવા સાંપની માફક ડંખ્યા વીના રહેતી નથી.

ગરદન ઉપર બંન્ને બાજુએ જો ચહડતા ઉતરતા સરખા ભમરા હોય તો તે **સારી નીશાની** ગણાય છે.

ગલાં ઉપરના બાલભમરા—(Throat marks.)

ગલાંની આગલ જે લાંબી ભમરી થાય છે તેને દેવમન કરી કહે છે. તે સઘલી એબોને ધાંકે છે, માટે એને **સારી નીશાની** તરીકે લેખવામાં આવે છે.

ગલાં આગલ જડબાંની બંન્ને બાજુએ બે ભમરા આવે છે જેને કીરાશલ કરીને કહે છે. એ **સારી નીશાની** કહેવાય છે.

છાતી ઉપરના બાલભમરા—(Chest marks.)

છાતીની બંન્ને બાજુએ જો એક અથવા બે ભમરા હોય અને ઘોડો પાણી પીતાં જો પાણી તે ભમરાની વેંચમાંથી ઉતરે તો તેને હરદાલ કહે છે. આ હરદાલ **ઘણીજ ખરાબ નીશાની** છે અને ખસુસ કરીને હીંદુસ્તાનનાં લોકો તેને મોટી એબ ગણે છે.

જો છાતીની એક અથવા બંન્ને બાજુએ, ગલાં આગલથી એક અથવા બે ભમરા હોય તો તેને હીરાશલ કરીને કહે છે. એ ઘણી **સારી નીશાની** છે.

પીઠ તથા કમર ઉપરના બાલભમરા.

(Marks on the Back and the Loins.)

જયાં ગરદનની યાલના બાલ પીઠ આગલ પુરા થાય છે ત્યાં જો એક ભમરો હોય તો તે ભમરાને જનાજો અથવા છત્તરભંગ કરીને કહે છે. આ **નીશાની ઘણીજ ખરાબ** છે કારણ કે આવો ઘોડો ધણીનાં ઘરમાં જાનની હાણી કરાવ્યા વીના રહેતો નથી.

કમર ઉપર એકજ ભમરો આવે છે તેને છત્તરજોત અથવા છત્તરપતી કરીને કહે છે. આ **નીશાની ઘણી સારી** કહેવાય છે, કારણ કે એ ધણીનાં ઘરમાં સુખ લાવે છે.

આગલા પગના બાવરા આંગલ તથા પાછલા પગની જાંગ આગલ જો બે ભમરા હોય તો તેને તંગરીજોર કહે છે. એ **ઘણી સારી નીશાની છે**, કારણ કે એવી નીશાનીવાલો ઘોડો ઘણી ઝડપી ચાલનો ગણાય છે.

આગલા પગના બાવરા આગલ તથા પાછલા પગની જાંગ આગલ જો એકજ ભમરો હોય તો તેને તંગરીતોર કરીને કહે છે. એ **નીશાની ઘણીજ ખરાબ** છે, કારણ કે એવી નીશાનીવાલો ઘોડો સારી ચાલ ધરાવતો નથી.

પેટની હેઠલના બાલભમરા—(Abdominal marks.)

પેટની હેઠલ બેથી તે ત્રણ આંગલ લાંબી એક ભમરી થાય છે. આ ભમરી જો તંગની (Girth) હેઠલ હોય તો તેને ગોમ કરીને કહે છે. આ **નીશાની ઘણીજ ખરાબ** છે.

પેટની હેઠલ એક બીજી ભમરી થાય જે તંગની (Girth) બહાર હોય છે. આ ભમરીને શાપલો કહે છે. એ **ઘણી ખરાબ નીશાની** ગણાય છે.

પેટની હેઠલથી તે છેક ગોલી સુધી લાંબી ભમરી હોય છે તેને ગંગાપાત કરીને કહે છે. આ **નીશાની સારી નથી.**

આગલા પગનાં ઘુંટણ તથા પાછલા પગની મોટી ઘુંટી ઉપરના બાલભમરા—(Knee and hock marks.)

આગલા તથા પાછલા બંને યા એક પગની અંદરની બાજુએ ઘુંટણ અથવા મોટી ઘુંટીની નીચેથી એક અથવા બંને બાજુએ ભમરો રહે છે. જો આ ભમરાનું માથું ઉપર હોય તો તેને ખીલા ઉપાડ કરીને કહે છે. આ **નીશાની ઘણીજ ખરાબ** છે.

જો ઉપલી જાતના ભમરાનું માથું નીચે હોય તો તેને ખીલાગાર કરીને કહે છે. આ નીશાની કેટલાક લોકો સારી નીશાની ગણે છે અને કેટલાંક લોકો તેને ખરાબ નીશાની તરીકે લેખે છે, પણ ઘણું કરીને એ એબ ગણાતી નથી.

આગલા પગની બગલ ઉપર જો એક ભમરી હોય તો તેને બગલએક કરીને કહે છે. આ **નીશાની ખરાબ** ગણાય છે.

આગલા પગની બગલ ઉપર જો બંન્ને બાજુએ ભમરી હોય તો તેને બગલબાગ કરીને કહે છે. આ **નીશાની ઘણીજ સારી** ગણાય છે, કારણ કે તેવી નીશાનીવાલા ઘોડાના સ્વારને હમેશાં ફત્તેહ મલે છે.

ઘોડાના પગ ઉપર જો કાલી તીલી હોય તો તેને પદ્દમ કરીને કહે છે. આ **નીશાની ઘણીજ સારી** ગણાય છે.

ઘોડાના છુપા ભાગ આગલ બે આંચલ જેવી નીશાન હોય છે, જેને તણી કરીને કહે છે; એ **નીશાની ખરાબ** છે.

બીજી સારી નરસી નીશાનીઓ.

(Various other lucky and unlucky marks.)

જો આંખની અંદર સફેદ ગોલ કોડી હોય તો તેને જેહમંગલ કરીને કહે છે. જો બંન્ને આંખમાં જેહમંગલ હોય તો તે **સારી નીશાની** કહેવાય છે અને જો એક [illegible] માં હોય તો તે **ખરાબ નીશાની** ગણાય છે.

પુછડીની અંદર ગાંઠ થાય છે, જેને બામણી કરીને કહે છે. આ બામણી **ઘણી ખરાબ નીશાની** ગણાય છે.

જે ઘોડાના કપાલ ઉપર સફેદ રંગની નહાની યા મોટી નીશાન હોય અને જેના ચારો પગ ઉપર નહાની યા મોટી સફેદ રંગની નીશાની હોય તે ઘોડાને **પંચકલીઆણ** ઘોડો કરીને કહે છે. આવી જાતનો ઘોડો **ઘણોજ ભાગ્યવંત** ગણાય છે અને આગલ જણાવેલી એબોમાંની ગમે એવી એબ તેનામાં હોય તોપણ તે ઘોડો ભાગ્યવંતજ ગણાય છે. માટે આવા ઘોડાને ખરીદ કરતાં બીજી કોઈ પણ જાતની બાલભમરીની નીશાનીઓ તપાસવાની જરૂર નથી. પણ વેહેમીઓ એવાં પણ જાનવરોની એબ જોય છે.

ઘોડાની ઉમર પારખવાની રીત.

(How to ascertain the age of a horse.)

ઘોડાની ઉમર હમેશાં તેના દાંત ઉપરથી પરખાય છે, તેનું કારણ એ કે તેના ચોકસ દાંતો હમેશાં ચોકસ વખતેજ ઉગે છે અને ચોકસ વખતમાં તેઓ ચોકસ ઉંડાઈએજ ઘસાઈ જાય છે. આવી રીતે દાંતોનું ફુટવું, તેમનું પુખ્ત થવું અને તેમનું ઘસાઈ જવું બરોબર નીઅમસરનુંજ હોવાથી ઘોડાની ઉમર ઘણીજ ચોકસાઈથી કહેવાઈ શકાય છે. આ કારણને લીધે ઘોડાના જુદા જુદા દાંતો ફુટવાની, પુખ્ત થવાની, અને ઘસાઈ જવાની મુદતનો અભયાસ કરવાની ઘણી જરૂર છે અને એ અભયાસ હ્યાં ઘણીજ સહેલાઈથી સમજાવવામાં આવ્યો છે.

ઘોડાના દાંતનો બાંધો, અને તેમનું પુખત થવું.

(Structure and developement of the teeth.)

દાંતના બાંધામાં ત્રણ જાતની જુદી જુદી કઠણાઈની અને જુદા જુદા રંગની વસ્તુઓ દાખલ થાય છે જેમને દંતગર, દંતમીનો, અને દંતબંધનાં નામોથી આપણે ઓળખીશું.

દાંતનો જે ભાગ પારાની ઊપર દેખાય છે તેને દંતતાજ કરીને કહીશું, જયારે પારાની અંદર ખાડામાં ગયલી ઊંડી દાંતની જડને દંતજડનાં નામથી આપણે ઓલખીશું. આ દંતજડ અને દંતતાજની વચે જે ભાગ છે તેને દંતગરદનનાં નામથી આપણે ઓલખીશું. નીચલા દાંતોનો સઉથી ઉપરનો તથા ઉપલા દાંતોનો સઉથી નીચેનો પહોલો ચપટો ભાગ જે ખોરાક ચાવતાં એકેક સાથે ઘસાય છે એ ભાગને દાંતની ચપટી સપાટી તરીકે આપણે ઓલખીશું. આ ચપટી સપાટીની વચમાં હમેશાં એક ખાડો હોય છે, જે ખાડો કાલી વસ્તુથી પુરાઈ ગયલો હોય છે, જેથી શુદ્ધ સફેદ કોડીની સપાટીની વચમાં કાલી નીશાની કીધી હોય તેવો દેખાવ લાગે છે. આ કાલી નીશાનીને આપણે દંતનીશાનનાં નામથી ઓલખીશું.

દાંતની સઉથી બહાર જે કોડીસમાન ચલકતી ચીજ છે તેને દંતમીનો કહેવામાં આવે છે. આ દંતમીનો સુધ સુફેદ, ઘંણોજ સફાઈવાલો અને બહુજ કઠણ છે. આ દંતમીનો પારાની બહાર દાંતનો જે ભાગ નીકલી આવેલો દેખાય છે અને જેને દંતતાજ કરીને કહે છે તે ભાગની ઉપરજ હોય છે, તેમજ દાંતની વચમાં જે ખાડો હોય છે અને જે કાલી વસ્તુથી પુરાઈ ગયલો જણાય છે તે ખાડાની અંદર પણ એ દંતમીનો ઉતરે છે.

દંતબંધ હમેશાં દંતજડની આસપાસ હોય છે, તે ઘણું નરમ અને પીલા ભુરા રંગનું હોય છે.

દંતગર જે છે તે દાંતના બાંધામાં દાખલ થનારી મુખ્ય વસ્તુ છે, એટલે કે દાંતનો ખરેખરો બાંધો એ વસ્તુથી બનેલો છે; એ વસ્તુ પણ ઘણી કઠણ છે.

ઘોડાને બે જાતના દાંત ફુટે છે, જેમાંના એક જાતનાં દાંતો ફુટયા પછી થોડીક મુદ્દતે ખરી પડે છે, જયારે બીજી જાતના દાંતો ફુટયા પછી હમેશ સુધી કાયમ રહે છે. પહેલી જાતના દાંતોને **દુધીઆ દાંત** અને બીજી જાતના દાંતોને જાથુકના દાંત કરીને કહે છે.

આગલા દુધીઆ દાંત જાથુકના દાંત કરતાં વધારે સફેદ, વધારે કાંચડ જેવા, અને આગલી સપાટી ઉપર તદન લીસા માલમ પડે છે.

આગલા જાથુકના દાંત દુધીઆ દાંત કરતાં સુફેદાઈમાં ઓછા, એક સરખી પહોળાઈના અને પોતાની આગલી સપાટી ઉપર એક અથવા બે ઉભા ખાંચા ધરાવનારા હોય છે

ઉપલાં અને નીચલાં જડબાંમાંના દાંતો હમેશાં એકજ વખતે ફુટે છે અને જડબાંઓની ડાબી તેમજ જમણી બાજુએ તેઓ એક સરખી રીતે ફુટતા હોવાથી જો આપણે જડબાંને વચમાંથી સરખું વહેંચી નાખી નીચલાંજ જડબાંની માત્ર એકજ બાજુના દાંતોની ગણત્રી આપીશું તો તે ઉપરથી બંન્ને જડબાંની બંન્ને બાજુના દાંતોની ગણત્રી થઈ શકશે. ઘણું કરીને દાંતો જોવા માટે એકજ એટલે નીચુંજ જડબું તપાસવામાં આવે છે, અને જડબાંના પણ માત્ર આગલા દાંતોજ તપાસવામાં આવે છે.

ઘોડાના દાંતોમાં દાંત અને દાઢની વચ્ચે ચોકસ ખાંચો રહે છે, જે ખાંચાને આપણે **અંતર દંતસ્થાનનાં** નામથી ઓલખીશું. આ અંતર દંતસ્થાનમાં નર ઘોડાને એકેકો દાંત ફુટે છે, જેને **શુલા દાંત** કરીને કહે છે. આ શુલા દાંત માદામાં હોતા નથી, અને જો કદાચ તેઓ દેખાવ દે છે તો તેઓ બહુજ બારીક હોય છે.

☞ નીચે જે આંકડાઓ આપ્યા છે તેમાં **મોટા આંકડાઓ** જાથુકના દાંત માટે અને નહાના આંકડાઓ દુધીઆ દાંત માટે વાપરવામાં આવ્યા છે, માટે જયાં જયાં નહાના આંકડા ઉપલા એક કોઠામાં આવ્યા પછી નીચલા કોઠામાં ગુમ થતા જાય ત્યાં ત્યાં દુધીઆ દાંત ખરી જઈ જાથુકના દાંત ફુટતા સમજવા. વલી નીચલા કોઠાઓમાં દાંતને વાસ્તે વાપરેલો એકનો આંકડો તે એક દાંત નહી પણ જડબાંની વચમાંનો દાંત દેખાડે છે, બેનો આંક તે તેની પાસેનો દાંત દેખાડે છે અને ત્રણનો આંકડો તે જડબાંનાં ખુણાંમાંનો દાંત દેખાડે છે. તેમજ દાઢને વાસ્તે વાપરેલા આંકડામાં એકનો આંક સઉથી આગલી અને બાકીના આંકડા તેની પાછલની અનુક્રમની દાઢો દેખાડે છે.

જનમ્યા પછી તરતજ.

દાંત ૧
દાઢ ....૧, ૨, ૩.

૪ થી તે ૬ અઠવાડયાંની ઉમરમાં.

દાંત ....૧, ૨.

દાઢ ....૧, ૨, ૩.

૬ થી ૯ મહીનાની ઉમરમાં.

દાંત ....૧, ૨, ૩.

દાઢ ....૧, ૨, ૩.

૧૦ થી ૧૨ મહીનાની ઉમરમાં.

દાંત ....૧, ૨, ૩.

દાઢ ....૧, ૨, ૩, ૪.

આ એક વરસની ઉમરે ઘોડાનાં મોઢાંમાં જે દાંતો હોય છે તેજ બે વરસની ઉમર સુધી રહેતા હોવાથી એક વરસની ઉમર અને પુખ્ત બે વરસની ઉમર વચે ફરક પારખવાને દાંતોની સંખ્યા નહીં પણ દાંતોની હાલત તપાસવાની જરૂર છે. એક વરસે ખુણામાંના આગલા દાંતો માત્ર પોપડી જેવાજ હોય છે, સઘલા દાંતો એકેકની સોડે ચીપટ બેઠેલા હોય છે અને દાંતો તરતનાજ ફુટેલા હોવાથી તેમનામાં થોડોજ ઘસારો થયલો માલમ પડે છે.

બે વરસની ઉમર થતાં ખુણાંમાંના દાંતો બીજા દાંતોના જેવા મજબુત બાંધાના બને છે, સઘલા દાંતો એક એકથી છુટા પડેલા હોય છે અને દાંતો લાંબો વખત વપરાસમાં આવેલા હોવાથી તેઓ ઘસાયલા અને ટુકા થયલા માલમ પડે છે.

બેથી અઢી વરસની ઉમરે.

દાંત ....૧, ૨, ૩.

દાઢ ....૧, ૨, ૩, ૪, ૫.

અઢી વરસની ઉમરે.

દાંત ....૧, ૨, ૩.

દાઢ ....૧, ૨, ૩, ૪, ૫.

સાડાત્રણ વરસની ઉમરે.

દાંત ....૧, ૨, ૩.

દાઢ ....૧, ૨, ૩, ૪, ૫.

સાડાચાર વરસની ઉમરે.

દાંત ૧, ૨, ૩,

શુલાદાંત..................૧.

દાઢ ....૧, ૨, ૩, ૪, ૫, ૬.

આ ઉમરે ઘોડાનું મોઢું તદન પુખ્ત થયલું ગણાય છે. ખુણાંમાંના દાંતો આ ઉમરે ઘણાજ ટુકા અને પોપડી જેવા હોય છે.

પાંચ વરસની ઉમરે.

આ ઉમરે ખુણાંમાંના દાંતો બરોબર બહાર નીકલી રહે છે અને વચમાંના દાંત ઘસાતા જાય છે.

છ વરસની ઉમરે.

આ ઉમરે વચમાંના દાંતોની દંતનીશાન ઘસાઈ જઈને ગુમ થતી જણાય છે. આ ઉમરે શુલાદાંત બહુ અણીઆલા હોય છે, તેમની પાછલી બાજુ બહુ ધારવાલી અને આગલી બાજુ ગોળ હોય છે.

સાત વરસની ઉમરે.

આ ઉમરે નીચલાં જડબાંમાંના વચલા દાંતની દંતનીશાન તદન ઘસાઈ ગયલી હોય છે અને તેમની પાસેના દાંતોમાં તે સહેજસાજ રહેલી જણાય છે. શુલાદાંતની અણી અને પાછલી ધાર હવે બુઠી થઈ જાય છે.

આંઠ વરસની ઉમરે.

આ ઉમરે ખુણાંમાંના દાંતોની દંતનીશાન ઘસાઈ જાય છે. શુલાદાંત ગોળ બની તેમની અણી તદન બુઠી બની ગયલી જણાય છે.

આ ઉમર પછી ઘોડાની ઉમર પારખવાનું કામ બહુ મુશકેલ થઈ પડે છે અને તે પણ ચોકસાઈથી બની શકતું નથી. ઘણીક વેલા એમ બને છે કે નરમ ખોરાકને લીધે યા એવાંજ કોઈ બીજા કારણને લીધે દંતનીશાન લાંબો વખત કાયમ રહે છે અને તેથીજ ઉલટું કઠણ ખોરાકને લીધે યા કઠણ ચીજો કરડવાની ટેવને લીધે ઘણીક વેલા દંતનીશાન જલદીથી ઘસાઈ જાય છે. આવી વખતે પણ ઉમર ચોકસાઈથી પારખવાનું કામ બહુજ મુશકેલ થઈ પડે છે.

આ ઉમર પછી જે આધાર પકડવામાં આવે છે તે દાંતોની લંબાઈ અને દાંતોની વલાણ ઉપર છે. જેમ જેમ ઉમર વધતી જાય છે તેમ તેમ દાંતો વધારે ને વધારે લાંબા થતા જાય છે, તેમની સુફેદાઈ ઓછી થતી જાય છે, અને ઉપલા તથા નીચલા દાંતોની હાર જે નહાની ઉમરે એક એકને સીધી મલે છે તે બંન્ને હારો હવે એક એકને આડી મલતી જાય છે અને ઉપલા તથા નીચલા દાંતો અકેક સાથે સાંકડું ખુણું કરતા જાય છે.

ઘણાક ઘોડાઓને પહેલી દાઢની આગલ એક બીજો દાંત ફુટે છે, જેને વરૂ-દંત કરીને કહે છે.

નાલબંદી—(Shoeing.)

નાલબંદીનાં કામની લંબાણથી આંહાં સમજ આપવાની કાંઈ પણ જરૂર નથી, કારણ કે નાલબંદી ઉપર લખાયલી એક ખાસ ચોપડીનેજ તે લંબાઈ છાજે છે, પણ આંહાં તો આપણે નાલબંદીની ટુકમાંજ સમજ આપીશું અને તે સમજ આપવાની મતલબ એટલીજ કે નાલબંદ પોતાનું કામ ચોકસાઈથી કરે છે કે નહી, તે વીશે ઘટતું મત બાંધવાને ઘોડાના ધણીને બની આવે.

નાલબંદીનાં કામમાં જે મોટી ચીજ ધ્યાનમાં રાખવાની છે તે એ કે, ઘોડાના પગના બાંધા પ્રમાણે તેને બંધબેસ્તી નાલ જડવી જોઈએ અને નાલને બંધબેસ્તો આવે એવો પગ બનાવવાની કદી પણ કોશેશ નહી કરવી જોઈએ.

નાલ મારવાને લાયકનું એક તંદરોસ્ત ખડીનું તલીયું નીચલી ખુબીઓ ધરાવતું હોવું જોઈયે.

૧—ખડીનાં તલીયાંનું બેટકું સારી પડે પુષ્ટ થયલું અને જમીન સાથે અડકતું હોવું જોઈએ, કે જેથી કરીને એક દોડતાં જનાવરનો પગ જમીન સાથે અડકતાંજ બેટકું એક નરમ સ્થીતીસ્થાપક ગાદી તરીકે કામ કરી ધપકારાનો સઘલો જોશ નરમ પાડી નાખે અને જનાવરનો પગ જમીન ઉપર લપસી જતો અટકાવે.

૨—ખડીનાં તલીયાંની સપાટી જાડી, મજબુત, અને મહેરાબદાર હોવી જોઈએ.

૩—સપાટ જમીનની ઉપર પગ મેલાવતાં ખડીની દેવાલ, તલીયાંનો બહારનો ભાગ, અને બેટકું તેમજ તેની બંને બાજુની ગદેર એ સઘલા ભાગો ઉપર તે જનાવરનાં બદનનો વજન પડવો જોઈએ.

૪—એક બાજુથી જોતાં આગલા પગની ખડીનો આગલો ભાગ જમીન સાથે મલતાં આ પ્રમાણેનું ∠ ખુણું થવું જોઈએ, અને પાછલા પગની ખડીનો આગલો ભાગ જમીન સાથે મલતાં સહેજ વધારે સીધું એટલે આ પ્રમાણેનું ∠ ખુણું થવું જોઈએ; આ પ્રમાણેનું L તદન સીધું ખુણું યા તો ત્રીકોન આકારતું આડું ખુણું થતું હોય તો તે તનદરોસ્ત પગ નહી હોવો જોઈએ. પાછલા પગનું ખુણું સહેજ વધારે ઉભું રહે છે તેનું કારણ એ કે તે પગનો અંગુઠો ઘણોજ થોડો ઘસાય છે. જો ખુણું કુદરતી કરતાં વધારે ઉભું હશે તો તેથી ધબકારા ખમીને ખડીનો શીંગડાંવાલો ભાગ નુકસાન પામશે, અને જો ખુણું કુદરતી કરતાં વધારે આડું હશે તો પગની પાછલના તંતુઓને અને લટકાવનારા પટાને જોખમ પુગશે.

હવે, જયારે નાલ મારવી હોય ત્યારે બનતાં સુધી ખડીનાં તલીયાંમાં ઉપલી ચારે ખુબીઓ સાચવવાની કોશેશ કરવી જોઈએ. એ પ્રમાણેની ખુબીઓ ધરાવનારી ખડીની ઉપર નાલ મારતી વેલા એક વાત હમેશાં ધ્યાનમાં રાખવી અને તે એ કે, નાલ મારવા પછી તે ખડીની ખુબીમાં કાંઈ ખલલ થાય નહી. આ કારણને મારે નાલ બરોબર બેસે એવો ખાડો ખડીના ઘેરાવામાં કરવાની જરૂર છે.

જો કે કુદરતી હાલતમાં તો ખડીનું શીંગડું સઘલી બાજુએ એક સરખું ઉગ્યું જાય છે, તોપણ જયારે નાલ મારેલી હોય છે ત્યારે ખડીના અંગુઠા આગલ નાલ તદ્દન ચપટ બેસતી હોવાથી અને ખડીની એડી આગલ ધબકારો અને ઘસારો ચાલુ રહેવાથી હમેશાં ખડીની એડીઓ વધારે ઘસાયા કરે છે અને અંગુઠા આગલનું શીંગડું વધારે ને વધારે ઉગતુંજ જાય છે. આ કારણને લીધે જુની નાલ કહાડવા પછી નવી નાલ મુકવાની અગાઉ અંગુઠા આગલનું શીંગડું વધારે ઘસી નાખવાની જરૂર પડે છે, પણ એ ઘસારો કાણુસ શીવાય બીજાં હથીઆરથી કરવાની કાંઈ પણ જરૂર નથી. જો કાણુસે કરીને સફાઈથી અંગુઠો ઘસી કહાડીને ઘોડાનો પગ જમીન ઉપર પાછો મેલવામાં આવશે તો માલમ પડશે કે તે આગલ જણાવ્યા પ્રમાણેનું કુદરતી ખુણું જમીન સાથે મલીને કરશે. જો ઘણીજ જરૂર જણાય તોજ એડી આગલનું શીંગડું ઘસવું, નહી તો તેમ કરવાની કાંઈ પણ અગત્ય નથી. ઘણાક બેવકુફ નાલબંદો ખડીનું તલીયું ઘસીને તદ્દન પાતલું કરી નાખે છે, યા તો ખડીનું બેટકું કાપી નાખે છે, યા તો બેટકાંની ગુઢેર કોતરી કહાડે છે, યા તો ખડીની ફાટ પહોલી કરે છે, પણ એ સઘલી રીત ઘણીજ ખરાબ છે અને જનાવરના પગ સાથે એવા બેવકુફ નાલબંદો જે ચેડાં કહાડે છે તે ચેડાં પાછલથી ઘોડાના ધણીને ઘણાં ખરચાલાં થઈ પડે છે. માટે, ઘોડાના માલેકોએ બનતાં સુધી ચોકાસી રાખવી કે તેમનાં જનાવર સંગાતે કોઈ બેવકુફ નાલબંદ એવાં ચેડાં કહાડે નહી.

જો ખડીની એડીઓ ઘણી નીચી હોય તો ઊંચી એડીવાલી નાલ વાપડવી. જો નાલની અંદરની કોર કોતરી કહાડી હશે તો સારૂં. હમેશાં આટલી વાત ધ્યાનમાં રાખવી કે નાલનું જરૂર ઉપરાંતનું સહેજ પણ વધુ વજન ઘોડાની હીલચાલ ધ્યાનમાં લેતાં ઘણુંજ વધારે ગણાય છે. દાખલા તરીકે જો દરેક નાલ જોઈએ તે કરતાં માત્ર બે ડ્રામ વધારે વજનદાર હોય તો ચારે પગની નાલ એક આઊંસનો વધારે વજન ધરાવશે અને જો ઘોડો એક સેકન્ડમાં બે વખત દરેક પગ ઊંચકતો હશે તો દર મીનીટે બધો મલીને ૧૨૦ આઊંસનો વધુ વજન તેને ઊંચકવો પડશે અને દર કલાકે ૭૨૦૦ આઊંસ એટલે લગભગ ૪૫૦ રતલનો વગર ફાયદાનો વધુ બોજો તેને ઊંચકવો પડશે અને તે બોજો પણ વલી પગને તલીએ હોવાથી પાંયતંતુઓ ઉપર તે એટલું વધારે ખેંચાણ કરશે. જો મસા, છલાં, અથવા આંટણનું દરદ હોય તો તેવી વેલા પોણીઆ નાલ વાપડવી કે જે નાલ અંદરની એડી આગલથી બહારની એડી કરતાં બે ઇંચ જેટલી ટુકી હોય છે. જો આગલા પગને માટે પાછલથી બંધ કીધેલી એવી નાલ વાપડવાની જરૂર પડે તો તે એવી રીતે બનાવવી કે જેથી તેનો પાછલથી બંધ કીધેલો ભાગ અંગુઠા તરફ મહેરાબ કરતો હોય.

નાલની અંદર આગલથી કાણાં નહી પાડેલાં હોય તો ઠીક, કારણ કે એવી રીતે કાણાં વગરની નાલમાં જેમ નાલબંદને ફાવે તેમ કાણાં પાડવાને બની આવે છે, એટલે કે જો આગલ મારેલી નાલની ખીલીઓથી ચોકસ જગ્યાએ ખડીની દેવાલ ફાટી ગઈ હશે તો નાલબંદને બીજી બાજુએ ખીલી મારવાની જરૂર પડશે અને જો નાલમાં તે

બીજી બાજુએ કાણું નહી પાડેલું હશે તો પછી નાલબંદને અસલ જગ્યાએજ ખીલી મારવાની ફરજ પડશે. એવી રીતે ફાટેલી જગ્યાએ ખીલી મારવાથી બનશે એમ કે, ખડીની દેવાલમાં ખીલીને મજબુત રહેવાની જગ્યા નહી મલવાથી થોડા વખતમાં નાલ ઢીલી પડીને નીકલી જશે.

બનતાં સુધી નાલ પગ ઉપર ગરમ ગરમ હાલતમાંજ મારવી જોઈએ, કારણકે એમ કરવાના ઘણા ફાયદા છેઃ—

૧—જેવા જોઈએ એવા આકારમાં નાલને મરડી શકાય છે.

૨—લોખંડ અને શીંગડાં વચ્ચે લગોલગ સંબંધ થવાથી નાલ ઘણીજ ચપટ બેસી પગને પુરતી સલામતી આપે છે.

૩—તલીયાં અને દેવાલનો ભાગ જે જમીનને લાગે છે તે ભાગોમાં ભીણાશ દાખલ થઈ શકતો નથી.

૪—જયારે નાલની ખીલીઓ ઠોકવામાં આવે છે ત્યારે ગરમીને લીધે નાલ નરમ થવાથી તે ફુટી જતી અટકે છે.

નાલ મારતી વખતે બીજી એ સંભાલ લેવી જોઈએ કે, એડીનાં શીંગડાં અને નાલની વચ્ચે કાંઈ પણ જગ્યા ખાલી રહે નહી, કારણકે એડી અને નાલની વચ્ચે ગાલો રહેશે તો પગની દરેક હીલચાલ સાથે નાલ આવીને એડીને અઠડશે અને દર મીનીટે એ પ્રમાણે એડીની ઉપર જાણે ૧૨૦ હથોડાઓ ઠોકાશે, જેથી અલબતે દરદ પેદા થયા વીના રહેશે નહી.

ખડીનાં તલીયાંમાં નાલને માટે ગાલો કીધા પછી નાલ જડવાની અગાઉ કાણુસે કરીને તલીયાંના ઘેરાવાની ધાર ઠીક સફાઈદાર કરવી.

ખડીની દેવાલની ઉપર જે ચલકાટવાલું પડ છે તે પડને બનતાં સુધી જેમનું તેમ સાચવી રાખવું.

ઊંચી જાતના ઘોડાની ખુબીઓ.

એક સારી જાતના ઘોડાનો ચહેરો ઘણોજ ખુબસુરત અને રોણકદાર હોય છે. તેનું કપાલ પહોલું, ઊંચું અને ભરેલું હોય છે. તેની આંખો મોટી અને મનહરણ ચમકારાઓથી ચમકતી દેખાય છે. તેના નાકનાં ફીફરાં ઘણાં મોટાં, સારી પઠે ખુલેલાં, પુશકલ હીલચાલ કરી શકે એવાં અને પાતલી ચામડીવાલાં હોય છે. તેના કાન ટુકા, ઉપરથી અણીદાર, બાજુએથી ઝીણા ચપકાવાલા અને સહેજ પણ અવાજ થતાંજ તે અવાજની દીશા તરફ ફરનારા હોવા જોઈએ. ટુકમાં, તેના કાન ઊભા અને ચાલુ કાંમ કરતા હોવા

જોઈએ. તેનાં જડબાંની વચ્ચેનો અંતર ઘણો પહોલો અને સારી પઠે ખીલેલો રહેવો જોઈએ. તેની ગરદન મરોરદાર, પાતલી, લાંબી અને સુંદર ચાલથી દીપતી હોવી જોઈએ તે ગરદન એક ગમથી માથાં સાથે અને બીજી ગમથી છાતી સાથે એવી સફાઈથી મલી જતી હોવી જોઈએ કે ગરદન શરૂ કયાંથી થઈ અને આખેર કયાં થઈ તે શોધી કહાડવું મુશકેલ જણાય. છાતીનો આગલો ભાગ સારી રીતે પુષ્ટ ભરાયલો અને પહોલો હોવો જોઈએ. છાતીનો મહેરાબ ગોળાકાર અને સારી પઠે ખીલેલો હોવો જોઈએ. પેટ બેસી ગયલું નહી પણ છાતી સંગાતે સફાઈથી મલતું અને કુલ્લાં આગલથી ખાડા વગરનું હોવું જોઈએ. ચાલ જ્યાં પુરી થવા આવે છે ત્યાં બરડાની કરોડનાં હાડકાંઓનો ટેકડો જીનને આગલી તરફથી ટેકાવી શકે એવો હોવો જોઈએ અને પીઠ એવી સેહેજ વાંકવાલી હોવી જોઈએ કે જાણે જીન નાખવાને માટેજ તે બનાવી હોય. જાંગના થાપા પહોલા, ભરેલા, અને સારી ઊંચાઈ ધરાવતા હોવા જોઈએ, તથા તેઓ કમર આગલ પણ એટલા ભરેલા હોવા જોઈએ કે જેથી કમર ઘણીજ ટુકી માલમ પડે. આવી રીતે ટુકી કમરવાલા અને ભરેલા થાપાવાલા ઘોડાના પાછલા પગોમાં ઘણુંજ ચહડતું જોર રહે છે. ખભાં માંસના લોચાઓથી સારી પઠે ભરાયલાં હોવાં જોઈએ. આગલા પગનો બાજુનાં હાડકાંવાલો ભાગ ટુકો, સારી પઠે પુષ્ટ થયલો અને બટ હોવો જોઈએ. પાંછલા પગોની જાંગ પણ ભરેલી અને પુષ્ટ હોવી જોઈએ. નલાવાલાં હાડકાંનો ભાગ ઘણો સફાઈદાર અને પોહોલો હોવો જોઈએ અને તે ભાગમાંના પાંયતંતુઓ આ ચોપડીના આગલા ભાગમાં જણાવ્યું છે તે પ્રમાણે ખુલ્લાં ખેંચાયલાં દોરડાંઓની માફક દેખાવા જોઇએ. પાંયખડ અથવા મુહાંનાં હાડકાં ટુકાં અને સહેજ ઢલાવદાર હોવાં જોઈએ. સુમ અથવા ખડી સાફ, સુંવાલી, ચલકતી, એકસરખી, અને કાલા રંગની હોવી જોઈએ. પગ ઊંચકીને જોતાં ખડીનું તલીયું સાફ સફાઈદાર, ઠીક મહેરાબવાલું, ખીલેલાં બેટકાં સાથનું અને કઠણ હોવું જોઈએ, તથા ખડીની પછવાડે એડી આગલનાં કુમલાં હાડકાં સ્થીતીસ્થાપક ગુણ ધરાવતાં હોવાં જોઈએ. એ ઉપરાંત શરતના, હંતરના, ચારજરના તેમજ બીજા વપરાતા ઘોડાઓને દરેકને જુદી જુદી ચીજો જોઈએ છે, કોઈમાં ગરદન ઘણીજ લાંબી જોઈએ છે તો કોઈ સરખી રીતે લાંબો જોઈએ છે. એવી દરેક જાતના ઘોડા વાપડવાની દરેક જુદી રીતો જોઈએ છે.

સમાપ્ત.

COPIES OF TESTIMONIALS.

SORABJEE DADDY SANTOOK'S is, I believe, the oldest Firm. DADDY is a capital judge of a horse. Kind, obliging, and thoroughly honest and upright in his dealings, he appears well-known to Gentlemen in all three Presidencies, who have such great confidence in him, that during each season (say from November to January) they make remittances in advance, and leave the selection of horses entirely to him; and I must say, from what I saw, that he studied their interests most faithfully, by procuring for them their money's worth.—*The Griffin's aid-de-Camp, by Blunt Spurs.*

MR. SUNTOOKJI SORABJI DADY SUNTOOK was in my service as Superintendent for my stud of horses and cattle at Palitana for two years; during that time he gave every satisfaction and was in all respects a very useful man especially regarding the treatment of the animals under his charge, giving them Medicines &c.

He is a very pains-taking man and bears an excellent character.

30th January 1876. (Sd.) SOORSINGJEE,

Thakor Saheb of Palitana.

I have much pleasure in stating MR. SUNTOOKJI SORABJI Vet. Surgeon treated my grey horse for a "Tumour" on his tail, which appeared incurable. But with the patience of his profession he eventually effected a cure. I can highly recommend his services.

23rd July, 1879. (Sd.) JAMES FINSLEY.

I have a high opinion of MR. SUNTOOK as a Veterinary Surgeon.

1878. (Sd.) DOSSABHOY FRAMJI.

THE BOMBAY SOCIETY FOR THE PREVENTION OF CRUELTY TO ANIMALS.

Bombay, 31*st December* 1883.

This is to certify that MR. SUNTOOKJI SORABJI SUNTOOK treated my grey horse that was suffering from a certain disease in the fore legs which was pronounced to be incurable. He kept the animal in his charge for about three weeks; and his treatment, which I watched from time to time, resulted in giving great relief to the beast. I have really great pleasure in bearing testimony to MR. SUNTOOKJI'S skill. His urbanity always pleased me.

(Sd.) K. M. SHROFF,

Hon. Secretary,

B. S. P. C. to Animals.

Eldon Road, 2nd February 1884.

I have known Mr. Suntookji Sorabji Suntook for upwards of four years. My chestnut horse was so severely injured on the right fore leg by my Ghorrawalla that persons competent to judge pronounced him incurable. I sent the animal to Mr. Suntook and he cured him. In the year 1881 the horse suffered from Bursati from which I understand very few horses recover and I was advised to get rid of the animal as when once a horse suffers from "Bursati" he suffers from it always, but under Mr. Suntookji's treatment my horse was not only completely cured, but during the following monsoons he never suffered from it again. Mr. Suntook's diagnosis of diseases to which horses are subject is remarkable. His remedies are simple, and cure speedy. He is always obliging and ready to please his customers. I have great pleasure in testifying to his skill and ability.

(Sd.) G. S. MANKAR,

Barrister-at-Law.

I have very great pleasure in testifying that Mr. Suntookji Sorabji Suntook possesses considerable knowledge as a Veterinary doctor. My horse, a valuable Waler, was suffering from what I am told is known as "Corn" in horse flesh and went lame with one of his fore legs. I placed him under the treatment of Veterinary Surgeons but they informed me that the disease was incurable and that they could do no good. Mr. Suntook afterwards at my request took the horse in his charge and in the space of about six weeks he put him all right. I have now driven the horse for over six months without any appearance of malady recurring.

Mr. Suntook has been a dealer in horses all his life and has much better knowledge of and experience in horse flesh than some of the best so called Veterinary Surgeons here.


27th January 1884. (Sd.) EDULJI SORABJI DAVER.

Mr. Suntookji is a well known horse dealer in Bombay and has a thorough practical knowledge of horses and their treatment.

(Sd.) W. LeGEYT.

જાહેર ખબર.

ઘોડાના સોખીનોને ખબર.



ઘોડા ગાડી ખરીદવા અથવા વેચવા ચાહાનારા સાહેબોને અમો એલતેમાસ કરીએ છીયે કે જેમ અમારા સરહુંમ પીતાજી શેઠ સનતોકજી પોતાના મીત્તરો તથા ઘરાકોને ઘોડા ગાડી ખરીદવામાં અથવા વેચી આપવામાં પોતાના ધંધાની રૂહે કામે લાગતા હતા અને વખતે વખત સહલા આપતા હતા તેજ પ્રમાણે અમો પણ અમારી ફુરસદને વખતે અમારા પીતાજીના દોસ્તો અને ઘરાકોની સેવા મનમાંનતી રીતે બજા લાવીશું.

લા૦ બરજોરજી સનતોકજી સનતોક,

તે આ પુસ્તક રચનાર તથા પ્રસીધ્ધ કરનાર.

ઠેકાણું:—ધોબીતલાવ,

અથવા

મુંબઈ ફોર્ટ—કોટ.

જાહેર ખબર.

નૂરે ચશમ.

"નૂરે ચશમ" ફુલ ફુલમાંથી બનાવેલું **અંજન છે, જે આંખની રોશની જાલવી રાખે છે,** અને તહરેવાર સબબોથી બીગડેલી અને કમી થયલી **આંખની રોશની** પાછી **સુધારે છે અને વધારે છે.**

ઘણીક કુમારીકાઓ સીવવા, ભરવા અને ગુંહવામાં એક બીજીથી સરસ ગણાવાની હરીફાઈમાં અતેરૂં કરતાં પોતાની આંખ બીગાડી નાખે છે. એમાં કેટલીકની આંખ એટલા બધી બીગડી ગયલી હોય છે કે સાધારણ ડાકટરોનીજ નહીં પણ જાણીતા આંખના ડાકટરોની દવાથી વટીક તે સાજી થતી નથી. એવી હાલતથી ઉપજતી ચીંતા અને નાસીપાસીમાંથી આ 'નૂરે ચશમ'એ કેટલીક નાજુક પંથનીને બચાવી છે! વિદ્યાદેવી પર ફીદા થઈ તેની સોધમાં પોતાનું તન મન અને જાંન અરપન કરવા તઈયાર થયલા વિદ્યારથીઓ રાતોદીન અભયાસમાં ને અભયાસુમાંજ મશગુલ રહેતાં આંખ તદન થાકી જાય તોબી તેને વાંચવા લખવામાં રોકેલી રાખતાં જ્યારે તેને છેકજ બીગડી ગયલી અને તેવા અભયાસમાં વધુ વાર કામે લાગવાને અશકત થયલી જોય છે ત્યારે તેઓની નાસીપાસી ખરેજ દયા ઉપજાવા જોગ થઈ પડે છે. એવે બારીક સમે આ 'નૂરે ચશમ' દવા તેઓની સઉથી સરસ સેવા બજાવશે.

આંખને અતીશય મેહેનત આપી તદન થાકવી અને નાતવાન કરી નાખનારાં તહરેવાર કીસમનાં બારીક કામોથી, અથવા તહરેવાર દવા અને રંગોમાં કામ કરવાથી, અથવા રૂ, ઉન વગેરે ગરમ અને બારીક સાખાદાર ચીજોનાં કારખાનાંઓમાં કામ કરતાં આંખોમાં તેમનાં બારીક પુમરાં વખતે વખત જતાં રહેવાથી, આંખની કીકી બીગરી તેની રોશની કમી થઈ હોય છે ત્યારે આ "નૂરે ચશમ" આંજતાં રહેવાથી તે સાફ થાય છે, તેને કરાર વલે છે, અને રફતે રફતે તે સુધરતી અને પાછી અસલ ખુદરતી હાલતમાં આવતી જાય છે.

ગરમી, ઉજાગરો અને ધુમારાથી દોવાઇ આવેલી અને લોહીની જરી બંધાઈ લાલ થયલી **આંખો** એ દવા આંજતાં રહેવાથી સાફ અને **દીપતી થાય છે.**

આંખને લગતા ઘણુંક પીડાકારક રોગો અને **નજલો** વટીક, ડાકટરોના ઉપાય નહી ચાલવા પછી, એજ દવાથી સારા થયા છે. **ફુલું, મોત્યો** અને **ખીલ** એજ દવા લાંબો વખત આંજતાં રહેવાથી રફતે રફતે બેમાલમ રીતે **નાબુદ થાય છે.** આંખનાં કોઈબી જાતનાં દરદથી હેરાંન થયલાંઓ માટે આ એજમતી અંજન "નૂરે ચશમ" એક ખરો આસીરવાદ છે.

જાહેર ખબર.

આંખનાં દરદ જડ મુલથી સાફ કરતાં આ "નૂરે ચશમ" દવાથી ઘણીકે વેલા બે ચાર દહાડા વેર આંખ તણાઈ આવે છે, અને વધારે દુખી આવે છે, પણ તેથી બીહીવું નહી અને એ દવા આંજતાંજ રહેવું અને ખાતરી રાખવી કે તેવો દુખાવો બેચાર દીવસમાંજ નરમ પડશે અને પછી આંખનું દરદ આસાંનીથી સારૂં થતું જશે.

એ દવાનો છેલો ચમતકાર, આંખના દરદથી હેરાંન થતા બે ઘોડા અને ત્રણ કુતરાંઓની આંખ એ દવા અજમાવવાથી સારી થવાથી હમોને જણાયો છે, જે ઉપરથી બીજાં જાનવરોની આંખનાં દરદબી એજ દવાથી સારાં થવાની હમોને આશા મલે છે.

એ દવા વાપરતાં એટલી સંભાલ રાખવી કે કંઈ પણ ખરાબ ચીજનો હાથ એને લાગે નહી, અથવા બીન જરૂરે એ ઘણો વાર ઊંઘાડી પડી નહી રહે.

બહાર ગામથી દવા મંગાવનારાઓએ પોતાનું નામ અને પોસ્ટનું એદરેસ બરોબર લખી વાલવાની મેહેરબાની કરવી, કે જેથી "વેલ્યુ પેએબલ" પારસલ તરીકે એ પોસ્ટની મારફતે તેઓને બરોબર પોહોંચતી કરવામાં આવશે.

હમારી દવાને નામે બીજાં કોઈની બનાવતથી તમો ઠગાઓ નહી તેની સાવચેતી રાખજો.

એ દવા અશલ અરબસ્તાંનમાં સોધી કહાડવામાં આવી હોય એવું જણાય છે. કેટલાંક વરસોની વાતપર હમારી પોતાની આંખ ઘણીજ ખરાબ થઈ હતી અને ઘણાક કાબેલ અને અનુભવી યુરોપ્યન તેમજ દેશી આંખના ડાકટરોની દવા કરવા છતાં હમારી આંખ જયારે સુધરી નહી અને દન પર દન વધારે ખરાબ થતી ગઇ, ત્યારે હમારા મુરબીઓના તબેલામાં આવતા એક આરબે ઘણીજ બોહોસ કરીને હમારી આંખની દવા કરવાનું માંથે લીધું અને આ **"નૂરેચશમ" નામની એકજ જાતની ચમતકારીક દવાથી તેણે હમારી આંખ સારી કીધી.** તે આરબ બુઢ્ઢો હોવાથી ગામ જવા નીકલયો ત્યારે તે હવે પાછો મુંબઈ આવી નહી શકશે એવું જોઈ, તેને ઘણીક રીતે સમજાવી, મોટી ભેટ સોગાદ આપી, એ દવાની બનાવત હમોએ તેની પાસે, કોઈને નહી બતાવવાની કબુલાત આપી, શીખી લીધી હતી. ત્યાર પછી લગભગ પચીસ વરસ વેર જેબી માંગે તેને એ દવા હમો મફત આપતાં હતાં. તે અરસામાં ઘણાઓની આંખને એ અંજન આંજવાથી ફાયદો થવાથી એનો ખપ વધતો ગયો, જેથી પાછલથી એ દવાની શીશી દીઠ ચોકસ કીંમત ઠરાવવાનું હમોએ દરૂસ્ત વીચારયું છે. "નૂરે ચશમ" અંજનની ખુબીઓ માટે હમારી પાસે સારી સરટીફીકેટો છે, જેમાંની બે હાલ તરત હમો આ કાગલની પછવાડે જાહેરમાં મેલયે છીયે.

બનાવનાર—**મેહેરબાઈ દાદાભાઈ સંતોક,**

ઠેકાંણું:—શેઠ જમશેદજી નાયગામવાલાનાં ઘેરમાં, (પાંચમે માલે.)

કરેલવાડી, મુંબઈ.

જાહેર ખબર.

સરટીફીકેટસ.

આંખનાં દરદોથી હેરાન થતા ભાઈબંધોને જાહેર કરતાં મને સંતોશ ઉપજે છે કે **બાઈ મેહેરબાઈજી તે શેઠ દાદાભાઈ શોરાબજી સંતોકનાં ધણીઆંણીની બનાવેલી આંખની દવા "નૂરે ચશમ" આંજવાથી** મારી આંખનો **નજલો સારો થયો છે.** મારી આંખે નજલો ઉતરવાથી મેં હાસપીટાલની દવા ઘણો વખત વેર કીધી, પણ તેથી કંઈ ફાયદો નહી જણાવાથી બીજા આંખના ડાકટરોની અને છેલે છેલે કંટાલીને દેશી હકીમોની વટીક દવા કીધી, પણ ફોકત. મારી ગરીબ ગુંજાસ મુજબ આઠ આઠ વરસો વેર ઘણા પૈસા ખરચવા છતાં મહને કંઈજ ગુણ થયો નહી અને મારી આંખ તદન રદ જેવી થવાથી હું નાચાર થઈ બેઠો. એ રીતે છતી આંખે અંધાપો ભોગવતાં નાસીપાસ થવા પછી, બાઈ મેહેરબાઈ સંતોકનાની દવા વાપરીને ખાતરી કરી ચુકેલા એક મેહેરબાન ભાઇએ બજીદ થઇને તેનાંઓની દવા આંજવાની મને ભલામણ કીધી. મે તે દવા મેલવીને તેવણના કહેવા મુજબ થોડા મહીના ધીરજથી અજમાવી, તેટલાંમાં મને સેજ સેજ ફાયદો થતો જણાવાથી મેં તે ચાલુજ રાખી અને એક વરસે મારી આંખનો નજલો લગભગ સારો થયલો મને જણાયો. એટલું છતાંબી નજલાની સેજબી કશર રહે નહી એવી ખાહેશથી મેં તે દવા પુર ઉલટ અને વીશવાસથી ચાલુ રાખી અને બાઈ મેહેરબાઈજીના ફરમાવવા મુજબજ વખતે વખત આંજીઆ કીધી, જેથી બીજા થોડાજ મહીનામાં મારી **આંખ તદન સારી થઈ,** અને હવે હું અસલની માફક જોઈ શકું છું, અને આંખની રોશનીનું સુખ નવેસરથી ભોગવતાં બાઈ મેહેરબાઇજીને દુવા દેઊં છું.

લી० ગરીબ દુવાગીર સેવક,

શોરાબજી ડોશાભાઈ ભાઠેના.

મુંબઈ તા० ૨૮ મી મારચ ૧૮૮૭.

બાઈ મેહેરબાઈ દાદાભાઈ સંતોક,

તે નૂરે ચશમનાં બનાવનાર—જોગ.

હમારો બુચો જે જનમથીજ આંખમાં મોત્યો જેહેવું હોવાથી અંધ આંખે જનમ્યો તો તેહને તમારી ઉપલી દવા આંજવાથી વીશ દીવસમાં આંખ ઉઘારીને તે દવા આજ સુધી આંજતાં મોત્યો નજદીક સારો થવા આયો છે.

આંખના કોઈબી જાતનાં દરદ ઉપર એ દવા ઘણીજ ફાયદાકારક છે એમ મારી લાંબા વરસોની અજમાએશ ઉપરથી હું દરેક આંખના દરદીને એ દવા લગારવા મજબુત ભલામણ કરૂં છું.

લી० કાવશા દાદાભાઈ પોંહચા.

જાહેર ખબર.

ડાકટર ખરશેદજી શનતોકજી શનતોક એલ. એમ. એન્ડ એસ. જેવણનું દવાખાનું કરાંચીમાં એલફીનસ્ટન સ્ત્રીટમાં છે તેવણનો મેલાપ એજ જગાએ દીવસમાં તથા રાતના કોઈબી વખતે થશે. બીજું, કોઈબી દરદીની આંખ બરાબર તપાસીને વણાજ સારા પથ્થરના ચશમાં તેમજ તડકાંના ચશમાં ખુદ લોરેન્સ અને મેઓનાં બનાવેલા (જેની એજનસી એવણ ધરાવે છે) અથવા બીજા સારા ચશમાંના કારીગરોના બનાવેલા કીફાએત ભાવથી મલી શકશે.